વડોદરા સમાચાર (દૈનિક) દ્વારા પ્રકાશિત...

વડોદરા

ગઇકાલ અને આજ

સંદર્ભગ્રંથનો....
વિમોચન અને અર્પણવિધિ

A.D. 1989

ઉદ્ઘાટક : શ્રી અમરસિંહ ચૌધરી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

અર્પણ : રાજમાતા શાંતાદેવી ગાયકવાડ
અને
મહારાજા રણજીતસિંહ ગાયકવાડ
(સંસદ સભ્ય) ને સાદર

પ્રમુખસ્થાન : શ્રી નાનાલાલ ચોકસી
(પ્રથમ મેયર, વડોદરા મ્યુ. કોર્પોરેશન)

અતિથિવિશેષ : શ્રી ભીખાભાઇ રબારી
(ઉદ્યોગ, ઉર્જા, ખાણ. રાજ્યમંત્રી. ગુ.રા)

" શ્રી હલસુખભાઇ પ્રજાપતિ
(મેયર, વડોદરા, મ્યુ. કોર્પોરેશન)

તારીખ : ૪-૯-૧૯૮૯, સોમવાર
સમય : બપોરે ૩-૦ કલાકે.
સ્થળ : ફેડરેશન હૉલ.
આર.સી. દત્ત રોડ,
અલકાપુરી, વડોદરા.

નિમંત્રકો: જયંતિભાઇ શાહ • હરિશ શાહ • કુમાર શાહ • રાજ શાહ

Vadodara samachar.
PURCHASED
Date 17-11-89
Initial S.C.S.
G.37556
Rs. 60=00

DS
486
.V27
.V2

માનનીય શ્રી અમરસિંહ ચૌધરીનો સંદેશ*

વડોદરા શહેર હંમેશાંથી એટલું સધ્ધર રહ્યું છે કે એના ભૂતકાળના ઉલ્લેખ વગર વર્તમાનનો સમગ્ર વૈભવ અધુરોજ લાગે. અથવા એમ કહી શકાયકે આજનું વડોદરા ભૂતકાળના સંદર્ભે જ રૂડું લાગે છે. જેના વિદ્યાર્થીઓએ દેશભરમાંજ નહિં સમગ્ર વિશ્વના દેશોમાં આદર પ્રાપ્ત કર્યો છે, એ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ને બાદ કરીને વડોદરાનો વર્તમાન વર્ણવી શકાય ખરો?

શહેરના ચાર દરવાજા અને વચ્ચે આવેલ રમણીય માંડવી ટાવર પણ આજના વર્તમાનને શોભાવે છે. ન્યાયમંદિર ની ઇમારત - એની પડખે આવેલ સુરસાગર વિગેરે ભૂતકાળની જ અસ્કયામત છે. અને એ પ્રાચીન અસ્કયામતો આજના આધુનિક વૈભવને વધુ સુંદર બનાવે છે. શ્રીમંત સયાજીરાવ મહારાજ જેવા રાજવી જેને પ્રાપ્ત થયા હોય એવા રાજનગરનાં ગુણગાન તો જેટલાં ગવાય એટલાં ઓછાં છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ના શાસનકાળમાં વડોદરા શહેરે સમગ્ર ગુજરાત અને સમગ્ર રાષ્ટ્રને અનેક પ્રકારની પ્રેરણા આપી છે. રાજકીતિ, સમાજનીતિ અને શૈક્ષણિકનીતિ વિગેરે ની વડોદરાએ સમગ્ર રાષ્ટ્રને પ્રેરણા પુરી પાડી છે. વિદ્યા વિષયક ક્ષેત્રે પણ એની વ્યાપકતાએ સીમાડા સર કર્યા છે.

સંગીત, નાટ્ય, ચિત્ર, શિલ્પ, નર્તન અને ગાયન કલામાં વડોદરા એ વિશ્વમાં નામના મેળવી છે. અકબરના નવરત્નો ની માફક કવિઓ, પંડીતો, સંગીતજ્ઞો, સાહિત્યકારો, શિલ્પીઓ, રમતવીરો અને સાહસિકો સ્વ. સયાજીરાવના દરબા ની શોભા ગણાતા. અને જ્યા તમામ કલાધરો ને રાજ્ય તરફથી વર્ષાસન આપવામાં આવતું હતું. આજે જેને માટે લોકસભ ખરડો પસાર કરી રહીછે એ 'પંચાયતી રાજ'નો અમલ તો વડોદરા ના વિરલ રાજવીએ આઝાદી પૂર્વે કરી બતાવ્યો છે. આમ પંચાયતી રાજનાં મૂળ પણ વડોદરામાંથી જ મળી આવેછે. નાણાંના અભાવે મુંઝાતા તેજસ્વી ગરીબ વિદ્યાર્થીઓને વધુ ભણવા માટે નાણાંકીય સહાય અને શિષ્યવૃત્તિ આપવાનું આપણને વડોદરાએ જ શીખવ્યું છે. ગામ ત્યાં શાળા અને શાળા ત્યાં પુસ્તકાલય ની હેતુલક્ષી પરંપરા નાં મૂળ પણ અહિંથી જ મળી આવે છે. ગરીબો ને મફત તબીબી સારવાર આપવામાં અગ્રેસર રહેતાં સયાજીરાવ હૉસ્પિટલ, જમનાબાઇ હૉસ્પિટલ, મહારાણી ચિમનાબાઇ ગ્રંથાલય, શાંતાદેવી નર્સિંગ હોમ વગેરે સર્વોત્તમ સેવાકેન્દ્રો મુધડ આયોજન નાં ભૂતકાલિન સર્જનો છે. આમ ભૂતકાળ ની ભવ્યતાને ભૂલીએ તો વર્તમાન આલેખવો મુશ્કેલ છે.

વડોદરાનો વર્તમાન પણ એટલો જ માતબર પુરવાર થયો છે. પેટ્રોકેમીકલ્સ, જી.એસ.એફ.સી., ઓ.એન.જી. શક્તિય ઔદ્યોગિક સંકુલો સહિત એના ઝડપી ઔદ્યોગિક વિકાસે પણ ભરપુર સિધ્ધિ પ્રાપ્ત કરી છે. શહેરની સુંદરતામાં ગઇકાલ અ આજનું રૂપાળું સમન્વય કેળવાયું છે અને એ સમન્વય એટલેજ સંસ્કારનગરી. ભવ્ય ભૂતકાળ અને માતબર વર્તમાન ની એકસાથે ઝાંખી કરાવતો વિશિષ્ટ સંદર્ભગ્રંથ 'વડોદરા-ગઇકાલ અને આજ' ના પ્રકાશન માટે હું 'વડોદરા સમાચાર' ના સંચાલકોને હાર્દિક ધન્યવાદ પાઠવુ છું. આ ગ્રંથ પ્રસિધ્ધ કરીને તેઓએ મહાનકાર્ય સિધ્ધ કર્યું છે. આ ગ્રંથ ભાવિ પેઢીને ઉપયોગી નીવડે એ જ પ્રાર્થના. અભિનંદ

શ્રી અમરસિંહ ચૌધરી
(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)

શુભેચ્છા સંદેશ

શિલ્પ, સ્થાપત્ય, બાગ, બગીચા થી શોભતું વડોદરા શહેર ભારતદેશનું 'રાસાયણિક' અને ગુજરાત રાજ્યનું 'સાંસ્કૃતિક' પાટનગર છે. પ્રજા વત્સલ ગાયકવાડી રાજવીઓએ જૂના વડોદરા રાજ્યને સમગ્ર ભારતવર્ષમાં જેનમૂન અને આદર્શ કલ્યાણરાજ્ય તરીકે પ્રસ્થાપિત કર્યું હતું. આજે પણ જૂના વડોદરા રાજ્ય ની પ્રજા ગાયકવાડની રાજ્યશાસન અને પ્રજાવત્સલતા ને ગદ્ ગદ્ ભાવે યાદ કરે છે. અને જૂનો રાજ્ય વહીવટ આજે પણ અનુકરણીય છે એવું માને છે. વર્તમાન સમયનું વડોદરા શહેર ભારે રાસાયણિક અને પેટ્રો રાસાયણિક સંકુલો અને તે ઉપર આધારિત આનુષાંગિક ઉદ્યોગોની વિશાળ શૃંખલાને લીધે રસાયણશાસ્ત્રના અભ્યાસીઓ અને વૈજ્ઞાનકો માટે યાત્રાધામ સમાન છે. વિવિધ પ્રકારની વિદ્યાશાખાના જ્ઞાનપિપાસુઓ અને લલિતકલાના રસિકો માટે આજે પણ વડોદરાની મહારાજા યુનિવર્સિટી નાલંદા અને તક્ષશિલાની માફક વિશ્વભરમાંથી ફાકિયાનો અને હ્યુ-એન-ત્સાંગો ને આકર્ષે છે. વડોદરાની 'ગઇકાલ' વિષે ઘણું લખાયું છે. અને 'આજ' વિશે પણ ઘણુંબધું લખાઇ રહ્યું છે. પરંતુ વડોદરાની "ગઇકાલ અને આજ" ને એકજ સંદર્ભગ્રંથમાં સમાવીને આ નગરીથી આકર્ષાઇ અત્રે પડાવ નાખનાર ઇતિહાસકારો, રાજ્ય શાસ્ત્રીઓ, લલિતકલાના ચાહકો, સ્થપતિઓ, સમાજશાસ્ત્રીઓ અને પુરાતત્ત્વવિદો તેમને જોઇતી માહિતી એકજ ગ્રંથમાંથી મેળવી તેને માટે 'વડોદરા સમાચારે આ જ્ઞાનકડા ગ્રંથ દ્વારા "ગાગર સાગર સમાવવાનું જે બીડું ઝડપ્યું છે તેને હું અભ્યાસીઓ માટે આશીર્વાદ રૂપ સંમજુ, આ કાર્યને સર્વરીતે સફળત કરવા સાથે સુચિત ગ્રંથ વડોદરા વાસીઓ માટે પણ એક અણમોલ નજરાણું બની રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવુ છું.

શ્રી ભીખાભાઇ રબારી
(ઉદ્યોગ, ખાણ, ઉર્જા રાજ્યમંત્રી. ગુજરાતરાજ્ય

HB HARISH BROTHERS

Outdoor Publicity

★ HOARDING ★ GLOW SIGN ★ SIGN BOARD
★ BANNER ★ NEONS ★ CABIN AT
ROPE WAY - PAVAGADH.

IPB HOUSE,
KOTHI POLE, RAOPURA
BARODA - 390 001.
PHONE: 554323, 555389.

વડોદરા

ગઇકાલ અને આજ

અર્પણ

વડોદરાની અસ્મિતાના આધારસ્તંભ

રાજમાતા

શાન્તાદેવી ગાયકવાડ

અને

મહારાજા

રણજિતસિંહ ગાયકવાડને

જયંતિભાઇ શાહ

વડોદરા ગઈકાલ અને આજ
(વિશેષ પૂર્તિ)

C- કેયુર શાહ ૫૦, કુંજ સોસાયટી, અલકાપુરી વડોદરા ૩૯૦ ૦૦૫

નિપાવાંજલિ
સ્વ. હસિત બૂચને

વડોદરા ગઈ કાલ અને આજ પુસ્તક પ્રાગટય ટાણે હૃદયમાં એક વ્યથા ઘૂંટાય છે. ખોટ વરતાય છે ગુજરાતી સાહિત્યના તેજસ્વી તારક સમા સ્વ. હસિત બૂચની. જેઓએ વડોદરાની પૂર્તિ તૈયાર કરવાની અમારી ઈચ્છાને પુસ્તક તૈયાર કરવા ઉત્તેજીત કરી. સ્વ. હસિત બૂચે અમને આ પુસ્ક તૈયાર કરવા પ્રેરણા આપી. સાહિત્ય આપ્યું, માર્ગદર્શન આપ્યું અને અમે જયારે આ પુસ્તકના પરામર્શના તરીકેની જવાબદારી સોંપી ત્યારે એમણે હર્ષથી વધાવી લીધી. અસ્વસ્થ તબિયત હોવા છતાં અમારા લખાણોનું ખૂબ જતન કર્યું. પરંતુ આ પુસ્તક જોવા એ ન રહ્યા અને હૃદયમાં વસવસાની લાગણી-રહી જેની તીરાડ હજીયે પુરાતી નથી. આ પ્રસંગે અમો હૃદયથી એમને નિપાવાંજલિ અર્પીએ છીએ. અત્યારે તો તેમના નિધનથી ઉમાશંકર જોષીની કાવ્ય પંકિતનું સ્મરણ થાય છે કે

કાળને તો કહીએ શું
જરીયે નવ ચૂકિયો
પાંચ આંગળીઓમાંથી
અંગૂઠે વાઢ મૂકિયો.

સંપાદન

પદ્માબેન શાહ
મીનાક્ષીબેન ત્રિવેદી
કુ. મિત્રા ભટ્ટ

પરામર્શક

સ્વ. હસિત બૂચ

ડિઝાઈન — હરીશ શાહ

મુદ્રણ સંસ્કાર — રાજ શાહ

ફોટોગ્રાફી — કુમાર શાહ

પ્રકાશક — જયંતિભાઈ શાહ, તંત્રી 'વડોદરા સમાચાર', સરસિયા તળાવ, વડોદરા

પ્રથમ આવૃત્તિ - ઓગષ્ટ - ૧૯૯૯

૬૦- રૂ.

પ્રાપ્તિસ્થાન — આઈ. પી.બી. હાઉસ, કોઠીપોળ, રાવપુરા, વડોદરા

આભાર દર્શન

'વડોદરા ગઈકાલ અને આજ' પુસ્તકને સાકાર સ્વરૂપ અર્પવામાં ડૉ. આર. એન. મહેતા, નો હું અંતઃકરણ પૂર્વક આભારી છું જેમણે તમામ હસ્તપ્રતો વાંચી અને અમને યોગ્ય માર્ગદર્શન આપ્યું. સ્વ. હસિત બૂચની પ્રેરણા ચિર સ્મરણીય રહેશે. શ્રીમતી જયોત્સનાબેન બૂચને કેમ વિસરાય ? જેમણે આ પુસ્તક માટે અનન્ય સહયોગ આપ્યો છે. શ્રી જયોતિષ વોરા પણ અભિનંદનના અધિકારી છે. ભિન્ન ભિન્ન ક્ષેત્રોને આવરી લેનારા લેખકો અને અનુવાદક મિત્રો તો આ પુસ્તકના પ્રાણ સમાન ગણાય અમે સૌ લેખક મિત્રોના આભારી છીએ.

ઉપરાંત મધ્યવર્થી પુસ્તકાલય, ગુજરાત પુસ્તકાલય, સેન્ટ્રલ રેકોર્ડઝ, પુરાતત્ત્વ વિભાગ, મહારાજાની ખાનગી કચેરી, બરોડા યુનિ.નો ઈતિહાસ વિભાગ, લક્ષ્મી વિલાસ પેલેસના કર્મચારીઓનો હું આભાર માનું છું.

વિશાળ ઔદ્યોગિક એકમો અને સંસ્થાઓએ વિજ્ઞાપન દ્વારા આ યજ્ઞમાં સુંદર આહુતિ આપી છે તેઓ અને અન્ય વિજ્ઞાપનકારોનો પણ હું આભારી છું.

છેલ્લે નવા પડકારના તંત્રી શ્રી દીપકભાઈ પટેલ તથા વડોદરા સમાચાર દૈનિકના કર્મચારીઓનો પણ આભાર માનવો ઘટે.

જયંતિભાઈ શાહ
તંત્રી
વડોદરા સમાચાર

'વડોદરા ગઈકાલ અને આજ'
ગ્રંથ વિશે કિંચિત....

– સી.કે. ગાયકવાડ

'વડોદરા સમાચાર' દૈનિક 'વડોદરાની ગઈકાલ અને આજ' પર ગ્રંથ તૈયાર કરે છે એ જાણી મનમાં આનંદની લાગણી પ્રગટી. મહારાજા સમાજીરાવ ત્રીજાના સમયનો ચિતાર અને એમનું જીવન કવન પૃષ્ઠ પર અંકિત કરવાનો પ્રયાસ એ સૌના સ્મૃતિપટ પર ચિરંજીવ રહેશે.

વડોદરાના ઈતિહાસની તવારીખનો પ્રારંભ મહાન સેનાની છત્રપતિ શિવાજી મહારાજના સમયના મરાઠા સામ્રાજયથી થાય છે. વડોદરા રાજયના સંસ્થાપક દામાજીરાવ એ પહેલા ગાયકવાડ હતા. બાલાપુરાના યુદ્ધમાં એમને સાંપડેલા વિજયને કારણે સતારાના રાજય તરફથી 'સમશેર બહાદૂર'નો ખિતાબ એનાયત કરવામાં આવેલો. એમના ભત્રીજાએ ૧૭૨૧ ની સાલમાં સતારાના રાજા પાસેથી 'સેના ખાસખેલ'નો ખિતાબ મેળવ્યો. ઈ.સ. ૧૭૨૩ની સાલમાં તેઓ સોનગઢ ખાતે પ્રસ્થાપિત થયા. ઈ.સ. ૧૭૩૯માં તેમના પુત્ર દામાજીરાવ બીજાએ વડોદરા જીતી લીધું અને ભારતને સ્વતંત્રતા મળી ત્યાં લગી એ રાજય ગાયકવાડના તાબા હેઠળ રહ્યું.

ઈ.સ. ૧૮૭૫ માં નાસિક જિલ્લામાં આવેલ કવળાણા ગામમાં ગોપાલરાવની વાતનો ઉલ્લેખ જોવા મળે છે. દાવોજર મહારાણી જમનાબાઈએ ગોપાલરાવને દત્તકપુત્ર તરીકે લીધા અને વડોદરાની ગાદી પર સમાજીરાવ ત્રીજા તરીકે જાણીતા થયા. બાર વર્ષની નાની વયે ગાદીનશીન થયેલ આ બાળારાજાએ રાજય વહિવટમાં સક્રિય રસ લીધો અને પાછળથી તેઓ 'બહુમુખી પ્રતિભા ધરાવતાં' સમાજીરાવ તરીકે જાણીતા થયા. આધુનિક વડોદરાના મુખ્ય સ્થાપક તરીકે તેમની ગણના થવા લાગી. એમણે જયારે વડોદરાનું સુકાન સંભાળ્યું ત્યારે વડોદરાનું ભાવિ ધુંધળું હતું. સમાજીરાવે સારી અને સબળ સરકાર રચવા શ્રમણું સેવ્યું. એ માટે શિક્ષણ, અર્થવ્યવસ્થા અને નૈતિકતાને અગ્રિમતા આપી. સ્વતંત્રતા પૂર્વે પ્રગતિશીલ રાજય માટે તેમણે મુરોપનાં ઘણાં શહેરોનો પ્રવાસ કર્યો. જહેમત ઉઠાવી સુધારાવાદીઓનો સંદેશો વહેતો કર્યો. જિંદગીના અંતિમ શ્વાસ સુધી જીવન દેશ માટે સમર્પિત કર્યું. અલગ વિચારો અને પ્રતિભા તથા સ્વસ્થતાથી તેમણે વડોદરાને સુંદર બનાવવા પ્રયાસ કર્યો.

૧૮મી સદીના પૂર્વાધમાં ઈસ્ટઈન્ડિયા કંપનીના સર્વોચ્ચ અમલદાર અને લોકપ્રિય ઓરી એન્ટાલીસ્ટ જેમ્સ ફોર્બસે પોતાની સ્મૃતિને વાગોળતાં આ પ્રમાણે લખ્યું હતું.

'મારે જો હિન્દુસ્તાનના કોઈ રમણીય સ્થળ તરફ અંગુલી નિર્દેશ કરવાનો હોય તો હું નિઃશંક ગુજરાત તરફ અંગુલીનિર્દેશ કરીશ. અને મારે જો એ રમણીય રાજયના કોઈ ભાગની વાત કરવાની હશે તો હું ગમે ત્યારે, કોઈ પણ પ્રકારના વાંધાવચકા વગર વડોદરા રાજય વિશે વાત કરીશ જ ! શહેરના એ સરિયામ રસ્તા, ગ્રામ્ય વિસ્તારની આસપાસ આંબાના ફળોથી લચી પડેલાં એ વૃક્ષો જે શહેરની અલૌકિક રમણીયતા અને સુંદરતાની શાખ સમાન છે. વિશ્વના કોઈ અન્ય સ્થળે આવી પ્રાકૃતિક રમ્યતા કયાંય નિહાળી નથી. જયારે મેં સરોવરને વિવિધ કમળોથી છલકાતું જોયું અને એ કમળોના પડછાયાને વૃક્ષો પર અંકિત થતા જોયા ત્યારે આ સુંદરતા નિહાળી હું નમી પડયો હતો. લાલચુલાબની પથરાયેલી મનોરમ ચાદર, શ્વેત અને ભૂખરા રંગોમાં કમળો અને એકાદ કમળની લહેરખીએ મારા શરીરમાં અનેરો રોમાંચ ખડો કરી દીધો'.

જેમ્સ ફોર્બસની જેમ બ્રિટીશ અમલદારો અને ફોજી અફસરોએ ભારતની મુલાકાત લીધી હતી તે સૌએ વડોદરાનાં એ સ્થાપત્યોને પૃષ્ઠો પર ચિત્રાંકિત કરી પોતાની સાથે પાછાં લઈ ગયા હતા. થોમ્પ્સ પોસ્ટમ્સ, કેપ્ટન રોબર્ટ, મેલવોઈસ ગ્રીન્ડલે અને જહોન બ્રેમરેગ, બેલેસ્ટસ જેવાં નામો ઉલ્લેખનીય ગણાય જેમણે વડોદરાને પોતાની અનોખી ચિત્રકળામાં અંકિત કર્યું છે.

૧૯મી સદીમાં જયારે સમાજીરાવનું શાશન ચાલુ હતું ત્યારે પુરાણાં શિલ્પોનો એક અમૂલ્ય વારસો સાંપડયો હતો જે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિમાં ઈન્ડો સરેકેનિક અથવા ઈન્ડો આર્યન સ્ટાઈલ તરીકે ઓળખાય છે.

ગઈકાલની પેઢીના એ પ્રતિનિધિ સમા વર્ય માટે આ ગ્રંથ એમના જીવંત ભૂતકાળ તરફ દોરી જશે અને આ ચિરંજીવ સ્મૃતિઓને ગ્રંથમાં સાથે વાગોળવાનો અવસર પ્રાપ્ત થશે. અલગારી રાજવીના રાજયની યાદ તાજી થશે. દશેરાની સવારી, ગણેશ ચતુર્થી, ભરતનાટયમ, ગરબાઓ, સંગીત સંધ્યા જે કીર્તિમંદિર ખાતે યોજાતી જયાં સદાબહાર કલાકાર ઉસ્તાદ ફૈયાઝખાન સાથે એજ કક્ષાના બીજા ગાયક કલાકારો સ્વરની રસલ્હાણ પીરસતા- આ બધું ગ્રંથ દ્વારા તાજું થશે.

જેઓને વડોદરા વિશે સીમિત જ્ઞાન છે તેઓ માટે આ ગ્રંથ એક નજરાણું બની રહેશે. આજે પણ વડોદરા શહેર પૂર્ણ રીતે વિકસ્યું છે ઔદ્યોગિક સંકુલો, ઔદ્યોગિકરણને લીધે થતો વસતિ વધારો, ઝુંપડપટ્ટીનો વધતો વિસ્તાર, પ્રદૂષણની વધતી માત્રા,

જરા સરખો વિચાર ન કરતાં, વધતી બાંધકામ પ્રવૃત્તિઓ આ સુંદર શહેરનું એક બિહામણું ચિત્ર સર્જે છે. ઔદ્યોગિક ક્રાંતિ માટે હજી આ શહેર તૈયાર નથી બન્યું. સમાજીરાવ ત્રીજા એવું કયારે પણ ન ઈચ્છતા કે વડોદરા શહેરની આસપાસ કોઈ ઔદ્યોગિક સંકુલોના વિસ્તારનો વ્યાપકપણે પ્રસાર થાય ! આના કારણમાં તેમની પાસે સ્પષ્ટ કારણ હતું કે વડોદરા શહેર સમગ્ર દેશમાં સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રે એક આદર્શ બને ! શિક્ષણ એ તેમનો પ્રિય વિષય હતો. શહેરને સાંપડેલું એક પ્રાકૃતિક સૌંદર્ય, વૃક્ષો અને પક્ષીઓ, સુંદર બગીચાઓ, બાળકો માટે રમતના વિશાળ મેદાનો, સુંદર સરોવરો, જે વડોદરા શહેરને નમણું અને રૂપાળું બનાવશે પણ કમનસીબે, આ શહેરમાં હવે કયારે પણ આવું જોવા નહીં મળે - કારણ વડોદરા શહેરમાંથી પ્રાકૃતિક સુંદરતા જર્જરિત બની વિનાશને આરે બેઠી છે.

પ્રાસ્તાવિક

વડોદરા શહેર વિષે એક એવી છાપ છે કે આ નગરી સંસ્કારી છે. અહીંની માટીમાંથી કલાની સોડમ સતત મહેંકયા કરતી હોય છે. ઈતિહાસમાં તો એક વાત એવી પણ છે કે વડોદરા શહેર અનેક વડલાઓથી ઘેરાયેલું હતું. એ બહોળા વ્યાપક ઘેરાવાના કારણે જ કદાચ આ શહેરને ઉપનામ "વડોદરા" એવું અપાયું હશે.

આવી અને આનાથી પણ કૈંક વધુ રસિક માહિતી આ શહેર અંગે આમ જનતાને મળે અને વડોદરાની પશ્ચાદભૂમિકા વાંચકના મનમાં પથરાય એવા પ્રકારની પ્રારંભિક તબક્કાની માહિતી, વિવિધ લેખો અને સંબંધિત લેખોની આકર્ષક તસવીર દ્વારા આપવાનો એક વિનમ્ર પ્રયાસ આ ગ્રંથમાં કરાયો છે.

વડોદરા શહેરમાં રહેતા અમારા જેવા સૌને કદાચ આ એક પ્રશ્ન ગ્રંથ જ્યારે હાથમાં આવશે ત્યારે ઉદભવશે કે વડોદરા શહેર પર જ આ ગ્રંથ શા માટે ? અને શા માટે કોઈ અન્ય વિષયની પસંદગી પર અવગણના કરવામાં આવી ? તો આ પ્રશ્નમાં ખુલાસો આપતાં જણાવવાનું કે વડોદરા શહેર એ તો સંસ્કારનો માંડવો છે, જ્યાં સંસ્કૃતિના આસોપાલવનાં તોરણ ઝૂલી રહ્યા છે. અહીં સર્જકને પોતાના સર્જનના આનંદનો અહેસાસ પ્રત્યેક પળે થાય છે.

અહીં રાજવી પરિવારે સંસ્કૃતિને વિકસાવવા અનેક તકો આપી, અનેક સગવડો આપી. તેમણે કલા પ્રતિભાને આવકારી, પ્રોત્સાહિત કરી હિન્દુસ્તાનનાં માત્ર ગણ્યાંગાંઠયા જ સ્થળે નૃત્ય, સંગીત, શિલ્પ-સ્થાપત્ય, ચિત્રકામ અને નાટકની તાલીમ આપતી શાળા છે. જો એવાં કેટલાંક કેન્દ્રોનાં નામો જીભ પરથી ઉચ્ચારાય તો એક નામ વધુ ઉચ્ચારજો - "વડોદરા".

અહીં સૂરસાગર તળાવની સામે કોલેજ છે. જ્યાં આવતીકાલના ઉજ્જવળ કલાકારોને જન્મ અપાય છે. થનગનતો તરવરિયો વિદ્યાર્થી નૃત્ય, સંગીત અને નાટકના પાઠો શીખવા આવે છે, તો સ્ટેશન પાસે યુનિવર્સિટી વિસ્તારમાં ફાઈન આર્ટસનું સંકુલ છે જ્યાં ફાઈન આર્ટસ શીખવાય છે. અસંખ્ય વડલાઓની વચ્ચે પેલેસ છે. જેની ભવ્યતા શહેરને કઈક અનેરો ઓપ આપે છે.

એક સમય હતો જ્યારે વડોદરા માત્ર મુઠ્ઠીમાં સમાઈ જતું હતું, પણ આજે એ સમય આવ્યો છે કે વડોદરાએ પોતાની મુઠ્ઠીમાં સૌને સમાવ્યાં છે. વડોદરા શહેરમાં તો આજે ઉપનગરો ચારે તરફ વસ્યાં છે. પાણીગેટની બહાર આજવા રોડ પર એક નાનું વડોદરા શહેર વસ્યું છે, જે ગેંડી ગેઈટની બહાર છેક મકરપુરા સુધી વિસ્તર્યું છે - તો ચાંપાનેર દરવાજાથી હરણી રોડ એરપોર્ટ સુધીના વિસ્તારમાં વસતા લોકો પોતાને વડોદરાવાસી કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તો માંડવી અને ન્યાયમંદિરની પેલે પાર, રાજમહેલને અડીને વડોદરા શહેરની બહાર જતો, અને વડોદરા શહેરમાં પ્રવેશતો રાષ્ટ્રીય ધોરી માર્ગ પણ છે. એ જ ન્યાયમંદિર અને માંડવીથી નીકળેલો રસ્તો શહેરના અમદાવાદી પોળ, રાવપુરાને ચીરતો સયાજીગંજ, સ્ટેશન, ફત્તેહગંજ કે છાણી સુધી જઈ પહોંચે છે. જેમ સિક્કાને બે બાજુ હોય તેમ વડોદરા શહેરને પણ બે બાજુ છે. રેલ્વે સ્ટેશનની એક દિશાએ શહેર ભણી જવાનો રસ્તો - તો બીજી બાજુ અટલાદરા, આકોટા, અલકાપુરી, રેસકોર્સ, જૂના પાદરા રોડ, ઈલોરા પાર્ક, ગોત્રી રોડ, ગોરવા રોડ સુધી પહોંચનારો માર્ગ.

વડોદરા શહેરની સંસ્કારિતા વધારનાર ઉદ્યોગો પણ છે. જો ઉદ્યોગજ ન ખીલ્યા હોય તો શહેરનું મૂલ્યાંકન શું ? રસાયણો દવાઓ, કાપડની મિલો, ફર્ટીલાઈઝરના રાક્ષસીકાય પ્લાન્ટો, રિફાઈનરી, પેટ્રોકેમીકલ્સ, વિ. જેવાં સંકુલો તો શહેરનું ગૌરવ છે. શહેરનો વિકાસ જેમ સાંસ્કૃતિક ધોરણે થયો તેમજ ઔદ્યોગિકરણે પણ થયો જેના ફલસ્વરૂપે નાનકડા વડોદરામાં માત્ર ગુજરાતીઓ ન વસ્યા, ગુજરાતી સિવાયના સૌ પણ વસવા લાગ્યા.

નાનું ગામ મોટું ઉદ્યોગ - શહેર બન્યું. મહેલોની અટારી સાથે ચીમનીઓ ભળી. અટારીની જ્યોત સાથે ચીમનીના ભડકા ભળ્યા. પરિણામ સ્વરૂપે રેલ્વે સ્ટેશન પર વ્યવહાર વધ્યો. અને સતત ૨૪ કલાક સુધી આ સ્ટેશન ગાડીઓથી ધમધમતું રહ્યું, - તો એની સાથે સાથે જ બસ - વ્યવહાર પણ વધ્યો અને સ્ટેશનથી માત્ર પાંચ જ મિનિટના અંતરે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમે એસ.ટી. બસ ડેપો શરૂ કર્યો. તો એની સાથે સાથે જ હરણી રોડ પર એરપોર્ટ બંધાયું અને વાયુ માર્ગે દૂર લાગતા વડોદરાને ભૌગોલિક સ્તરે સૌથી નજીક લાવ્યાં.

આ રાક્ષસીકાય ઉદ્યોગો સાથે સાથે જ કેટલાક નાના નાના ઉદ્યોગોનો પણ વિકાસ થયો અને સામાન્ય લોજમાંથી ટુ સ્ટાર, થ્રી સ્ટાર, ફોર સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલની પ્રવૃત્તિ ધમધમવા માંડી. હવે વડોદરામાં માત્ર ગુજરાતી જ વસતો નથી, ગુજરાતી સિવાય પણ અન્ય સૌ વસે છે. એટલે બંગાળ, પંજાબ, હરિયાણા, આંધ્રપ્રદેશ, કેરાલા, તામિલનાડુ, રાજસ્થાન, મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશમાંથી આવતો નગરજન વડોદરાવાસી બન્યો.

જેટ યુગમાં પ્રવેશી ચૂકેલા સમયના વહેણમાં સાંસ્કૃતિક વારસાનું મૂલ્યાંકન કરવા આ ગ્રંથનું નિર્માણ કરાયું છે. સંસ્કૃતિને આવકારવા આ ગ્રંથ આપને આવકારે છે.

આ ગ્રંથના સર્જનને સફળ બનાવવા એક ટીમની જરૂર હોય છે. કલમની કલ્પનાથી માંડીને કેમેરાના લેન્સ સુધી કાગળનાં થોથાંથી મશીનોના ખડખડાટ સુધી તમામ સ્તરની વ્યકિતઓ જાણ્યે-અજાણ્યે કે સીધી કે આડકતરી રીતે આ ગ્રંથ સાથે સંકળાઈ છે; અને સૌ કોઈએ યથાશકિત પ્રમાણે પોતાની પ્રતિભાનું પ્રદાન આપ્યું છે. તેમનું એ પ્રદાન એટલે જ તો આ ગ્રંથ !

સફળતાને સ્પર્શવી છે જો આપનો સાથ મળે તો - સ્પર્શનો આનંદ માણવો છે જો આપ વાંચો તો - અને સ્પર્શસુખ માણવું છે જો એને આપ ફરી ફરી વાંચો તો ! પણ શું આવું બનશે ખરું ? આ એક પ્રશ્ન છે - પણ અમારા આ પ્રશ્નનો ઉત્તર તો આપની પાસે છે. એટલે વધુ શું લખું ? વધુ શું કહું ? પ્રયત્ન અમારો છે - પરિણામ પણ આપણું છે.

અને પેનમાંથી આ લખાય છે ત્યારે શાહીનાં કેટલાંક છેલ્લાં ટીપાં રહી ગયાં છે - અને શક્ય છે કદાચ વાત પૂરી થાય તે પહેલાં જ પેન લખવું બંધ કરી દે - અને મનની વાત મનમાં રહી જાય તો માત્ર એફસોસ જ ! એટલે આવું કાંઈ પણ બને તે પહેલાં આટલું કહી દઉં કે, આ સમગ્ર ગ્રંથમાં જે ક્યાંય ત્રુટિ રહી જવા પામી હોય તો તે અમારી છે - અને જો આ ગ્રંથ આપને ગમ્યો હોય તો એ સફળતા આપ સૌની છે.

અસ્તુ !

- જયંતિલાલ શાહ
તંત્રી-પ્રકાશક

BHOLABHAI PATEL

WITH
BEST COMPLIMENTS
FROM

OFFICE
PHONE: 66133 / 558404

2 DARSHAN PARK SOCIETY
BLOCK NO.3
V.I.P. ROAD, KARELI BAUG
BARODA 390018

RESIDENCE
PHONE 66133/66

'VISHRANTI'
2 DARSHAN PARK SOCIETY
V.I.P.ROAD, KARELI BAUG
BARODA 390018

JPB

શાન્તાદેવી ગાયકવાડ
લક્ષ્મીવિલાસ પેલેસ
વડોદરા-૩૯૦ ૦૦૧
તા.-૨૦-૪-'૯૯

એક આગવી સંસ્કૃતિ અને કલાના કેન્દ્ર તરીકે વડોદરાએ જે કંઈ પ્રસિદ્ધિ મેળવી છે તેમાં વડોદરા શહેર કોઈક ચોકકસ પ્રકારની લાગણી સાથે સંકળાયેલાં અનેક ક્ષેત્રોના અગ્રગણ્ય નાગરિકોનો ઉમદા ફાળો રહ્યો છે. આ લાગણી, પ્રેમ અને સૌજન્ય લગભગ દરેક નાગરિક, તેની જન્મભૂમિ અને માતૃભૂમિ પ્રત્યે દાખવતો હોય છે.

વડોદરાના વખતો વખતના અને સમય સમયના ચઢાવ ઉતારમાં જે કાંઈ પરિબળોએ ભાગ ભજવ્યો હોય તેની આલોચના થાય તે ભવિષ્યના નાગરિકોને ચોકકસ દિશા ચીંધવા માટે જરૂરી છે. વડોદરાના ગૌરવ અને કીર્તિ માટે જવાબદાર એવાં જે કોઈ પરિબળોનો વર્તમાન સામાજિક. રાજકીય વ્યવસ્થામાં વિઘ્વાસ થયો હોય અને તેથી વર્તમાન વ્યવસ્થામાં કોઈ સ્પષ્ટ ખામી વર્તાતી હોય તો તેને બદલવાની અને આ વ્યવસ્થાને ઉચિત બનાવે તેવું વાતાવરણ સર્જવાની દૃષ્ટિ આવી આલોચનામાંથી મળે છે.

વડોદરાના સાંસ્કૃતિક વારસાને, એના ભૂતકાળના સામાજિક - રાજકીય નૈતિક પાસાને, વર્તમાન સંદર્ભમાં સમજવાનો અને વડોદરાના આજના નાગરિકોને આવતી કાળનું વડોદરા તૈયાર કરવાની ચોકકસ દૃષ્ટિ લાધે તેવો પ્રયાસ પ્રસંશનીય છે.

વડોદરા સાથે આવી જ અદમ્ય લાગણીના તંતુથી બંધાયેલું 'વડોદરા સમાચાર' વડોદરા-ગઈ કાલ અને આજ' નો સંદર્ભગ્રંથ બહાર પાડી રહ્યો છે ત્યારે આયોજકો અને તંત્રી મંડળની ખાસ જવાબદારી હોય તો તે એટલી જ કે ગ્રંથમાં સારા અને નબળા દરેક પાસાનું સમ્યક દૃષ્ટિથી નિરૂપણ થાય તે ખાસ જોવાવું જોઈએ. મને આશા છે 'વડોદરા સમાચાર' પરિવાર આ ગ્રંથ થકી વડોદરાની વર્તમાન સમસ્યાઓ ગઈકાલના સંદર્ભમાં યોગ્ય રીતે મુલવવામાં સિંહ ફાળો આપશે સુદર્ભ ગ્રંથ બહાર પાડવા માટે 'વડોદરા સમાચાર' પરિવારને મારા અભિનંદન આપતાં તે થકી ચોકકસ ધ્યેય સિદ્ધિ માટે શુભાશીષ પાઠવું છું.

માતૃશ્રી શાંતાદેવી ગાયકવાડ

શુભેચ્છા

રણજીતસિંહ પી. ગાયકવાડ
લક્ષ્મી વિલાસ પેલેસ
વડોદરા ૩૯૦ ૦૦૧
તા. ૧૮.૪.૯૯

લગભગ એક દાયકા કરતાં વધારે વર્ષો સુધી વડોદરા શહેર અને જિલ્લાના ચૌજિંદા પ્રવાહોને નિયમિત રીતે જિલ્લાનાં ગામે ગામ અને શહેરની ગલી ગલીમાં સૂર્યોદય પહેલાં પહોંચાડતુ વડોદરા સમાચાર, "વડોદરા ગઈકાલ અને આજ" સંદર્ભ ગ્રંથ પ્રગટ કરી રહ્યું છે તે એક આનંદદાયક બાબત છે.

વડોદરાના છેલ્લા ચાર દાયકાના વિકાસે અનેક પ્રશ્નોનું સર્જન કર્યું છે અને ભવિષ્ય ધુંધળું ભાસે છે, શહેરમાં રોજગારીની તીવ્ર અછત અને 'રહેઠાણની અભૂતપૂર્વ મુશ્કેલીઓ વચ્ચે, ગ્રામ્ય વિસ્તારમાંથી ઉત્તરોત્તર જનપ્રવાહનું સ્થળાંતર શહેરની ગીચતામાં વધારો કરે છે. ગઈકાલના વડોદરાના વાતાવરણ ઉપર રાસાયણિક કારખાનામાંથી છોડાતા પ્રદૂષિત વાયુનું દબાણ અકલ્પ્ય હદે રહ્યું છે, અને વટવૃક્ષોના સંદર્ભ સાથે જોડાયેલ વડોદરામાંથી છુટી છવાઇ ઝાડી પણ નામશેષ થઈ ચુકી છે.

ભારે રાસાયણિક અને પેટ્રોરાસાયણિક સંકુલો તેમજ તે ઉપર આધારિત અનુસાંગીક ઉદ્યોગોની એક વિશાળ શૃંખલા રચાઇ હોવા છતાં ભૌતિક સમૃધ્ધિની બીજી બાજુએ આવશ્યક ચીજો, પ્રાથમિક વૈદક, શિક્ષણ સુવિધાઓ અને મૂળભૂત જરૂરિયાતોથી વંચિત એક વિશાળ સમુદાય અન્ન, વસ્ત્ર અને રહેઠાણ માટે સંઘર્ષ કરી રહ્યો છે. શહેરની સ્થાનિક સ્વરાજની સંસ્થા ટાંચા સાધનોથી પાંગળી બની છે અને તે સાથે અસામાજીક તત્વો શહેરને ભરડામાં લઈ, કોમી એખ્લાસના સદીઓ પર્યંત સાંસ્કૃતિક વારસાને કલંકિત કરી રહ્યાં છે.

ગઈકાલના વડોદરાની સાંસ્કૃતિક અસ્મિતા, ઉત્તરોત્તર વધી રહેલા ભયનો સામનો કરી રહી છે ત્યારે આજના વડોદરાની આલોચના કરી આવતીકાલનું વડોદરા સામાન્ય નાગરિકને જીવનની સલામતી બક્ષે તે માટે સહિયારા પુરુષાર્થની આવશ્યકતા છે. હું માનું છું 'વડોદરા - ગઈકાલ અને આજ' નો વડોદરા સમાચાર ટ્રાય પ્રસિધ્ધ થનારો સંદર્ભ ગ્રંથ આ અંગે ચોકકસ દિશાસૂચન કરશે.

સંદર્ભગ્રંથની સફળતા માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

રણજીતસિંહગાયકવાડ

શુભાંગિનીદેવી ગાયકવાડ
લક્ષ્મીવિલાસ પેલેસ,
વડોદરા ૩૯૦ ૦૦૧
તા.૧૯-૪-૯૯

વર્ષો પર્યંત વડોદરાની દૈનિક પ્રવૃત્તિને અગ્રતા આપતું "વડોદરા સમાચાર" વડોદરાની ગઈકાલ અને આજને આવરી લઈ સંદર્ભ ગ્રંથ પ્રગટ કરી રહ્યું છે. એ જાણી હું ખુશી અનુભવું છું.

ભવ્ય ભૂતકાળ અને સમૃધ્ધ વારસો, એ વડોદરાની જનતાનું મોટું અહોભાગ્ય છે. રમત-ગમત અથવા શિક્ષણથી લઈ, સામાજીક બાબતો અને ગ્રામ વિકાસનાં દરેક ક્ષેત્રોમાં વડોદરા સમય કરતાં ઘણું આગળ હતું. સમર્થ રાજવીનાં અસરકારક તેમજ કુશળ વહીવટ હેઠળ તે દિવસોમાં શાંતિ અને સમૃધ્ધિ માટે વડોદરા ખ્યાતનામ હતું.

આપણા પૂર્વજોની દિર્ઘ દૃષ્ટિ અને આયોજનનાં કારણે વડોદરા આજે પણ એક ઉમદા શહેર છે, જોકે, ભારે શહેરીકરણ અને આસપાસમાં મોટા ઔદ્યોગિક સંકુલોથી ઘેરાયેલા વડોદરાના અનેક પ્રશ્નો છે. જેનાંથી આપણે પૂરના જાણકાર છીએ. લગભગ દરેક નાગરિક અને સામાજીક સુવિધાઓ. ચોકકસ આયોજનનાં અભાવે એક પ્રકારનાં દબાણ હેઠળ છે.

આ માટે વધુ મોડું થાય તે અગાઉ ક્ષતિઓને સુધારવી પડશે. એ અગત્યની બાબત છે કે, વર્તમાન ઉપર ભૂતકાળની અસર પડતી હોય છે અને ભવિષ્ય માટે વર્તમાન જવાબદાર હોય છે. અને તેથી ભૂતકાળનો વર્તમાનનાં સંદર્ભમાં સચોટ અભ્યાસ હાથ ધરાય તે આવશ્યક છે.

વડોદરા સમાચાર ટ્રાય 'સંદર્ભ ગ્રંથ' થકી અગત્યનું સોપાન હાથ ધરાઈ રહ્યું છે અને હું આશા રાખું છું કે. વિષમનો ગહન અભ્યાસ ખાસ કરીને શહેરનું સર્વોચ્ચ હિત જેમનાં હૈયે છે, તેમનાં માટે અર્થપૂર્ણ બની રહેશે. તેમનાં આ પ્રયાસની સફળતા માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

શુભાંગિની દેવી ગાયકવાડ.

'STANFLEX'
MULTIPLY BELLOWS — EXPANSION JOINTS

A RESULT OF YEARS OF RESEARCH, DEVELOPMENT AND DEDICATION TOWARDS SELF-RELIANCE.

A TOTALLY INDIGENOUS TECHNOLOGY AT PAR WITH WORLD'S VERY BEST.



'STANFLEX' BELLOWS - EXPANSION JOINTS - CAN BE DESIGNED IN ALL SHAPES (CIRCULAR, RECTANGULAR, OBLONG) AND SIZES (10 MM TO 5000 MM) TO SUIT MOST CRITICAL APPLICATIONS. 'STANFLEX' BELLOWS ARE ALREADY IN USE IN INDIA'S MAJOR INDUSTRIES VIZ. CEMENT, HEAVY CHEMICAL AND PETROCHEMICAL, STEEL, POWER-GENERATION, DIESEL ENGINE EXHAUST, INSTRUMENTATION, AUTOMOBILE, PIPING, ETC. AND ARE APPROVED BY ALL MAJOR CONSULTANTS LIKE DAVY POWERGAS, UHDE INDIA LTD. TATA CONSULTING ENGINEERS, M.N. DASTUR LURGI INDIA, ETC.

FOR YOUR REQUIREMENTS
DO CONTACT US OR OUR ASSOCIATE OFFICES :

STANDARD PRECISION BELLOWS
2/12, BIDC ESTATE, GORWA, BARODA-390 016
TEL. : 320943 GRAMS : STANFLEX
TLX : 0175-669 STPB IN FAX : 0265-325980 668

Associate Offices :
1. 1/16, 6TH FLOOR, NAVJIVAN SOCIETY, LAMINGTON ROAD, **BOMBAY**-400 008
Tel. : 378959/898269/392591
Tlx. : 011-76358 KMTK IN GRAM : TECHNOPIPE

2. 6, ELGIN ROAD, **CALCUTTA**-700 020
TEL. : 43-1164/44-0929 TLX. : 21-7223 ISMC IN
GRAM : JETHWA

અનુક્રમણિકા

ક્ર.	લેખ	લેખક	પાન નં.
૧.	અતીતને ઓવારેથી	કુ. મિત્રા ભટ્ટ	૯
૨.	સયાજીરાવનો શૈશવકાળ	શ્રી હસિત બૂચ	૧૨
૩.	સયાજીરાવ એક વ્યક્તિત્વ	શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી	૧૩
૪.	રાજર્ષી સયાજીરાવ	શ્રી હસિત બૂચ	૧૫
૫.	પ્રાચીન ગુજરાતી ગરબો	'અજ્ઞાત'	૧૭
૬.	શિક્ષણક્ષેત્રે વડોદરાની વિશેષતા	ડૉ. પ્રભાકર ડૉંગરે	૧૯
૭.	વડોદરા નગરી (કાવ્ય)	શ્રી બાલમુકુંદ દવે	૨૦
૮.	મહારાણી શાન્તાદેવી	શ્રીમતી પદ્મબેન શાહ	૨૧
૯.	સમર્થ રાજમાતા જમનાબાઇ	શ્રીમતી જ્યોત્સ્ના બૂચ	૨૨
૧૦.	મહારાણી ચીમનાબાઇ બીજા	શ્રીમતી કલ્પના મોહન બારોટ	૨૩
૧૧.	વડોદરા શિલ્પ સ્થાપત્ય	શ્રી જ્યોતિષ વોરા	૨૪
૧૨.	સયાજીરાવ અને ધર્મભાવના	શ્રીમતી ગાયત્રીદેવી	૨૮
૧૩.	ક્રાંતિકારી સયાજીરાવ	ડૉ. ડી. વી. નેને	૨૯
૧૪.	'વડોદરામાં અમે' (કાવ્ય)	પ્રા. હસિત બૂચ	૩૧
૧૫.	વડોદરાની પુરાતત્વ પ્રવૃત્તિ	પ્રા. આર. એન. મહેતા	૩૨
૧૬.	ગુજરાતી સાહિત્યકારો વટપુર ક્ષેત્રે	ડૉ. લવકુમાર દેસાઇ	૩૩
૧૭.	વડોદરાના પ્રાચીન જૈન સાહિત્યકારો	પ્રા. જયંત ઠાકર	૩૬
૧૮.	પુણ્ય શ્લોક સયાજીરાવ મહારાજ અને અંગ્રેજ સરકાર	શ્રી ભાલચંદ્ર પરાંજપે	૩૭
૧૯.	મ. સ. વિશ્વવિદ્યાલય અને સયાજીરાવ ત્રીજા	પ્રા. હસિત બૂચ	૩૮
૨૦.	ત્રણ દાયકાની સ્ત્રી પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન	અનસૂયા ધોળકિયા	૪૦
૨૧.	વડોદરાની પુસ્તકાલય પ્રવૃત્તિ	શ્રી મોહનભાઇ બારોટ	૪૧
૨૨.	મહારાજા ફતેસિંહરાવ સંગ્રહાલય	શ્રી સી. કે. ગાયકવાડ	૪૨
૨૩.	પ્રાચીન અને અર્વાચીન ઉર્દૂ સાહિત્યકારો	શ્રી ખલીલ ધનતેજવી	૪૩
૨૪.	વડોદરાના સામાજિક સુધારા	શ્રી હીતેન્દ્ર પંડિત	૪૪
૨૫.	રામાયણ સાહિત્ય અને વડોદરા	ડૉ. દેવદત્ત જોષી	૪૫
૨૬.	મધ્યવર્તી પુસ્તકાલય	શ્રી બકુલેશ ભૂતા	૪૬
૨૭.	પ્રાચ્યવિદ્યા અને મહારાજા સયાજીરાવ	પ્રા. જયંત પાઠક	૪૭
૨૮.	'વડોદરાને વડલે' (કાવ્ય)	કવિ શ્રી 'લલિત'	૪૮
૨૯.	વડોદરા અને ભગવાન સ્વામીનારાયણ	સાધુ અક્ષરજીવનદાસ	૪૯
૩૦.	વડોદરા અને સંગીત કલા	પ્રા. નૃસિંહપ્રસાદ ઝીકાણી	૫૨
૩૧.	મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડ	શ્રી અમૃતલાલ ચૌહાણ	૫૩
૩૨.	વડોદરાના મરાઠીભાષી સાહિત્યકારો	શ્રી ખલીલ ધનતેજવી	૫૩
૩૩.	વડોદરાનું પત્રકારત્વ	શ્રી જયંતિભાઇ શાહ	૫૫

ક્રમ.	લેખ	લેખક	પાન નં.
૩૪.	સ્વાતંત્ર્ય પૂર્વે વડોદરાનો વહિવટ	શ્રી ભાલચંદ્ર પરાંજપે	૫૬
૩૫.	વિલિનીકરણ પછીનું વડોદરા	ડૉ. રાજેન્દ્રસિંહ ગાયકવાડ	૫૭
૩૬.	સંસ્કૃત સાહિત્ય અને વડોદરા	ડૉ. અરૂણોદય જાની	૫૮
૩૭.	સયાજી સમયની સ્ત્રી જાગૃતિ	શ્રીમતી રમા ગ. ઠાકોર	૬૧
૩૮.	ભાષા અને સાહિત્ય સંદર્ભમાં મહારાજાના વિચારો	પ્રા. બંસીધર શર્મા	૬૩
૩૯.	વડોદરા અને શેઠશ્રી હરિભક્તિ	શ્રી રાજાબાબુ હરિભક્તિ	૬૪
૪૦.	વડોદરાની વ્યાયામ પ્રવૃત્તિ	ડૉ. સુમંતભાઇ પટેલ	૬૫
૪૧.	રાષ્ટ્રીય અધિવેશનો અને વડોદરા	શ્રી શશીકાંત ત્રિવેદી	૬૬
૪૨.	વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલયની ઝલક	ડૉ. એસ. કે. ભૌમિક	૬૭
૪૩.	સયાજીરાવ અને ગ્રામ વિકાસ	શ્રી મનહર શાહ	૬૮
૪૪.	રાષ્ટ્રવીર છેલભાઇ અને વડોદરા	શ્રી ભંવર કેલ્લા	૭૦
૪૫.	વડોદરા રાજ્યમાં સ્ત્રી શિક્ષણ	કુ. કુસુમ પુરૂષોત્તમ આચાર્ય	૭૧
૪૬.	વડોદરા અને સિંધી સમાજ	શ્રી હીરો લાલવાણી	૭૧
૪૭.	આર્યકન્યા મહાવિદ્યાલય	રૂક્મિબેન જગડ	૭૨
૪૮.	શિલ્પ સ્થાપત્યનો બેનમૂન નમૂનો લક્ષ્મીવિલાસ પેલેસ	શ્રી તેજલ પરીખ	૭૩
૪૯.	વડોદરાને જોઇએ ગલીઓ પોળો	શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી	૭૯
૫૦.	વડોદરાનો સાંસ્કૃતિક વારસો	શ્રી હસમુખ શાહ	૮૧
૫૧.	વડોદરા અને સ્થાપત્ય	શ્રી હીતેન્દ્ર પંડિત	૮૩
૫૨.	સંકલન	....	૮૪
૫૩.	આકાશવાણી	ડૉ. મુકુન્દ	૮૫
૫૪.	વડોદરા અને હુન્નર ઉદ્યોગ	શ્રી મુકુન્દ કામદાર	૮૬
૫૫.	હું જોઉ છું આજનું વડોદરા	કુ. શ્વેતા જોષી	૮૭
૫૬.	વડોદરા અને ઔદ્યોગિક વિકાસ	....	૮૭
૫૭.	સંકલન	....	૧૧૮
૫૮.	મુગટ પર જાઉ વારી	નાનજીભાઇ દે. મકવાણા	૧૧૯
૫૯.	ક્રિકેટ ક્ષેત્રે ફતેસિંહરાવનું પ્રદાન	શ્રી ઉમેશ જોબનપુત્રા	૧૨૧
૬૦.	આજવા સરોવર	શ્રી મોહનભાઇ પટેલ	૧૨૨
૬૧.	કેટલીક વર્ષનોંધ	....	૧૨૩
૬૨.	સયાજી યશોવાવની	સ્વ. રામસિંહ ગઢવી	૧૨૫
૬૩.	તસ્વીરની નજરે	....	૧૩૪

A House Is Built
By Hands
BUT
A Home Is Built
By Hearts...

S.S.ANAND

(BUILDERS)

A Trusted Name In
Building Construction &
Devlopers



Some Of The
Projects Built In
BARODA

SITE

"ANAND HOUSE"

E.M.E.Station Road,Opp.Kamdar Soc.
Near Rosary Flats,Fatehganj,
BARODA 390002



Anand Homes -Nizampura
Anand Mahal -Pratapganj
Anand House Phase I -Fatehganj
Anand Vihar -Sama
Anand Nivas -Nizampura
Anand House Phase II -Fatehganj
Anand Janta -Nizampura
Anand House Phase III -Fatehganj
Anand Industrial Complex -
Pratapnagar.

IPB

(૫૦૦૦ વર્ષ પૂર્વથી ત્રીજા સયાજીરાવ સુધી.)

- કુ. મિત્રા ભટ્ટ

અતીતને ઓવારેથી વડોદરા

યુગે યુગે માનવે ધરતી ઉપર જન્મ ધારણ કર્યો છે. અને પોતાના અસ્તિત્વની સાક્ષી રૂપે તેણે કંઈકને કંઈક છાપ મૂકેલી છે. માનવસંસ્કૃતિના ઈતિહાસ તરફ દૃષ્ટિપાત કરો... ! સંસ્કૃતિના અનેક પડછાયા તેની ઉપર પડયા.

વડોદરા ૨૨.૧૭ ઉત્તર અક્ષાંશે અને ૭૩.૧૫ પૂર્વ રેખાંશ પર આવેલું એક સમૃદ્ધ જિલ્લાનું મુખ્ય મથક છે. વડોદરાનો આ લાંબો ઈતિહાસ છેલ્લા આશરે અડધી સદીની પ્રવૃત્તિઓથી જાણવા મળ્યો છે, તે અનુસાર વિશ્વામિત્રી નદી કિનારે સમૃદ્ધ નગર અને તેના જુદાં જુદાં પરાંઓ એક થઈને વાકળ પ્રદેશમાં આજનો વિસ્તાર વિકસ્યો છે.

અશ્મયુગ :-

વડોદરા વિસ્તારની પ્રાચીનતા માનવ વસાહતની જરે અશ્મયુગ અર્થાત માણસો મુખ્યત્વે પથ્થરના ઓજારો વાપરતા હતા તેટલી જૂની છે. અશ્મયુગના છેલ્લા વિભાગ અંત્યાશ્મયુગ એટલે કે નાના નાના પથ્થરના ઓજારો વાપરનાર લોકો વિશ્વામિત્રી નદીના પશ્ચિમ કિનારા પર ધનટેંકરી વિસ્તારમાં રહેતા હોવાના પુરાવાઓ, મળતાં વડોદરા વિસ્તારની માનવ ઈતિહાસની ક્રિનિજો આશરે ચારપાંચ હજાર વર્ષ પર વિસ્તરતી દેખાય છે.

આ યુગમાં વડોદરાની આજુબાજુનો પ્રદેશ જંગલ આચ્છાદિત અને ઘાસના મેદાનોવાળો હોવાનું લાગે છે. આ પ્રદેશમાં પથ્થરના નાના ઓજારો વાપરનાર માણસ રહેવા આવ્યો ત્યારે તેણે માત્ર શિકારી જીવન જીવવાને બદલે પશુપાલન પણ વિકસાવ્યું હતું. એવાં પ્રમાણ બીજી જગ્યાએથી મળેલાં હાડકાંઓના અધ્યયનથી ખબર પડે છે. ગુજરાતમાં આ યુગ ઘણો સમૃદ્ધ હતો. આ વખતના લોકો ઘણા મોટા વિસ્તારો ઉપર ફરતા રહેતા અને તેથી તેમના ઓજારો માટે વાપરવાના પથ્થરો પણ ૫૦ થી ૧૦૦ કિ. મી. જેટલા દૂરના પ્રદેશથી લાવતા અને સ્થાનિક પથ્થરો મળે તો તેનો પણ ઉપયોગ કરતા. સમુદ્રમાંથી મળતી ડેન્ટેનિયમ જેવી વસ્તુઓ આ યુગના લોકો આશરે ૨૦૦ કિ. મી. દૂર લઈ ગયાના એધાણ છે.

આ યુગના લોકો પોતાની ભૌતિક સંસ્કૃતિની અસર ગુજરાતમાં સિંધુનદીની સંસ્કૃતિના લોકો ઉપર પણ પાડી શક્યા છે. અને તેમની સાથેના સંપર્કમાં પણ તેઓ આવતા હતા.

આ પથ્થરના ઓજારો વાપરનાર પશુપાલકો અને ક્વચિત શિકાર કરનાર લોકોની સંસ્કૃતિનો અસ્ત કેવી રીતે થયો ? તે બાબત વધુ તપાસ માંગે છે.

વડોદરાનો આ લોકોએ ત્યાગ કર્યો ત્યાર બાદ કેટલાક વર્ષો અહીંની વસતિ બાબત કોઈ એંધાણ મળતા નથી. તેથી વડોદરા વિસ્તારની વસતિનો બીજો તબક્કો લોખંડના ઓજારો વાપરનાર પ્રજા શરૂ કરે છે.

લોહયુગ :-

વડોદરાની લોહયુગની આ વસાહત આશરે ૨૨૦૦ વર્ષ જેટલી અર્થાત ઈ. સ. પૂર્વે પહેલી-બીજી સદી કરતાં વધુ જૂની લાગતી નથી. સદ્‌ભાગ્યે આ અવશેષો ધનટેકરી વિસ્તારમાંથી મળેલા હોય તે વિસ્તારનું જૂનું નામ "અંકોટક" હાલનું અકોટા સચવાયેલું છે. આ નામનો અર્થ અંકોલ નામનું ઝાડ થાય. તે ઉપરથી તે પડયું છે. તે પરથી અકોટા વિસ્તારમાં અંકોલ વૃક્ષની ઝાડીવાળો પ્રદેશ સાફ કરીને વસાવેલું ગામ એ ઘણું ઝડપથી નગરનું સ્વરૂપ ધારણ કરે છે. આ નગરમાં સારા ઈંટેરી મકાનો બાંધવામાં આવ્યા હતા. આ નગરના મંદિરો ભીમનાથ મહાદેવ તથા અકોટાની હાઉસીંગ કોલોની વિસ્તાર સુધી દેખાતાં હતાં. તેની એ સરહદોની વચ્ચે આશરે અડધો કિલોમીટર લાંબુ અને આશરે ૨૦૦ મીટર પહોળાઈનું આ નાનું નગર હતું.

આજની નજરે આ નગર બહુ નાનું ગણાય. પણ ગુજરાતના આ જમાનાના જૂના નગરોમાં તે બહુ નાનું ગણાય તેવું નથી.

આ નગરનું સ્થાન વ્યાપારમાર્ગ ઉપર હતું. તેથી ભરૂચ બંદરથી નીકળતો રસ્તો કારવણ-અકોટાથી ઉત્તરભારત તરફ આગળ વધતો હતો. તેની એક શાખા સાવલી પાસેના અજબપુરા થઈને મહી નદીને કિનારે આગળ વધી ઉજ્જૈન તરફ જતી આ શાખા ઉપર અકોટાના મહત્ત્વના સુંદર પ્રમાણો અહિંથી મળેલા રોમન સામ્રાજ્યમાં બનેલા પદાર્થો પરથી મળે છે. અકોટામાંથી રોમન સામ્રાજ્યની બનાવટોમાં કાંસાનો લોટો અને તેનો હાથો હતા. કમભાગ્યે લોટાના અવશેષો તદ્દન જિર્ણ હોઈ નાશ પામ્યા છે. પરંતુ કાંસાનો હાથો સચવાયેલો છે. આ હાથા પર હોડી પર બેઠેલા કામદેવની આકૃતિ છે. આ ઉપરાંત ઉછળતા ઘોડાઓવાળી માટીની ચકિતઓ અને લાલરંગના માટીના વાસણો પણ આ વ્યાપાર દર્શાવે છે. અકોટાની આ પરંપરા આજ સુધી ચાલુ છે.

અકોટાના સ્થાનિક માટીના સુશોભિત વાસણો, તેની પથ્થરની વસ્તુઓ આદિ વિવિધ પદાર્થોને લીધે અકોટાની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

પરંતુ અકોટા અને તેની સાથે વડોદરાને વિશ્વવિખ્યાત બનાવતા રોમન અવશેષો કરતાં વધારે આકર્ષક અકોટાના જૈન તામ્ર શિલ્પો છે.

અકોટાના તામ્ર શિલ્પો :-

અકોટા વિસ્તારમાંથી સુંદર શિલ્પો મળ્યાં છે. ધાતુના આ શિલ્પોમાં "આદિનાથ", "જીવંત સ્વામી", "પંચતીર્થીઓ". "ધૂપિયાં", આદિ મનોહરનાં છે. તે પૈકી અકોટાની ચામરધારિણીએ વડોદરાના લોકો પર તેમજ કલાના જાણકારો ઉપર જાદુઈ અસર કરી છે. અને તેનો ઘણો પ્રચાર થયો છે.

અકોટાના આ શિલ્પો મળવાથી પશ્ચિમભારતની વિશિષ્ટ કલાબાબત સારી જાણકારી મળી છે. તેથી આ તામ્રનીધિને લીધે કલાના ઈતિહાસમાં વડોદરા વિશ્વવિખ્યાત બન્યું છે.

વડોદરાના ભીમનાથના જૂનામંદિરના પથ્થરના શિલ્પો પણ આજ પ્રમાણે ઘણાં જાણીતાં છે. અકોટા નગરનો વિસ્તાર વધ્યો તેમ તેની આજુબાજુ પરાઓ વિકસવા માંડયાં. આમાંનું એક પરું આજના કોઠી વિસ્તારમાં તૈયાર થયું. આ વિસ્તારમાં વડના ઝાડ પાસે વિકસેલા આ "પરા"ને "વડપદ્રક" કહેવાતું આ "વકપદ્રક" ઉપરથી આજનો "વડોદરા" શબ્દ તૈયાર થયો. અને "વડોદરા" પરથી મરાઠીમાં "બડોદે" ફારસીમાં "બડોદહ" હિંદીમા "બડૌદા" અને અંગ્રેજીમાં "બરોડા" (BARODA) શબ્દ તૈયાર થયો.

આ વડોદરાના સૌથી જૂના અવશેષો આશરે ૧૬૦૦ વર્ષ કરતાં વધુ જૂના નથી. તેથી "ત્રૈકૂટક" જમાનામાં ગુજરાતમાં જુદા જુદા નગરોમાં જેવો વિકાસ દેખાય છે તેવો વિકાસ વડોદરામાં પણ દેખાય છે. વડોદરા નાનું ગામ હતું. તેથી તેનો બલિ - ચરૂ - નૈવેદ્ય અને ધાર્મિક કામો માટે બ્રાહ્મણને દાનમાં આપવામાં ઉપયોગ થયો હતો. એમ શક સંવત ૭૩૪ એટલે કે ઈ. સ. ૮૧૨ના સલાટવાડામાંથી મળેલા કર્કસુવર્ણ વર્ષના તામ્રપત્ર ઉપરથી આપણને સમજાય છે. આ તામ્રપત્રમાં વડોદરાની ચતુ:સીમા આપેલી છે. તેમાં પુર્વમાં - "જમ્બુવાપિકા"

દક્ષિણમાં - "મહાસેનકતળાવ"

પશ્ચિમમાં - "અંકોટ્ટક ચતુરશીતી" "અંકોટક ચોર્યાશી"

ઉત્તરે - "વધ્યારછક"

એ રીતે આપેલી છે. આ સીમાની સમજણ હવે સ્પષ્ટ થઈ છે. તેથી આ બધા વિસ્તારો આજના વડોદરામાં છે તેવું કહી શકાય. વડોદરા કોઠી વિસ્તારમાં હતું અને તેની પૂર્વ તરફનો આજનો "જંબુબેટ" દાંડિયા બજારનો વિસ્તાર "જમ્બુવાપિક"નો છે. દક્ષિણમાં "મહાસેનક તળાવ" આજનું "પ્રતાપ

ઈશુ પહેલાંની બીજી સદીની
અકોટામાંથી મળેલી મૂર્તિઓ

લક્ષ્મીવિલાસ પેલેસની નવલખી
વાવનો એક શીલાલેખ

સિંહ કોરોનેશન જીમખાના ગ્રાઉન્ડ" છે. એ જગ્યાએ જુનું "ભેંસાણાં" નામનું તળાવ હતું. ભેંસાણાએ "મહાસેનક" શબ્દનો અપભ્રંશ છે. પશ્ચિમના "અંકોટ્ટક" યા અકોટાની માહિતી ઉપર આપી છે અને ઉત્તરનું "વધ્યાચ્છક" મળ્યું નથી. પણ તે કામનાથ મહાદેવ અને આર્યકન્યા મહાવિદ્યાલય વચ્ચેના વિસ્તારમાં હોવાનું અનુમાન થાય તેવા પુરાવા છે.

આમ વડોદરાની મર્યાદામાં આઠમી સદીના એક નગર અને ચાર ગામોનો સમાવેશ થઈ ગયો હતો.

વડોદરાના લોકો વિશ્વામિત્રી નદીની રેલથી સુપરિચિત છે. એના પાણીથી થતા નુકશાન બાબત દાંડિયા બજારના લોકોને કંઈ કહેવું પડે તેમ નથી. આવી એક રેલથી અકોટામાં પણ પુષ્કળ નુકશાન થયું હતું. વડોદરા વિસ્તારની ભૂગોળમાં કોઠી પર રેલમાં પાણી આવતું નથી તે જ પ્રમાણે વડોદરાના કિલ્લેબંધ વિસ્તારમાં રેલની અસર થતી નથી. તેથી રેલના ભય સામે "અકોટા" કરતાં "વડોદરા" વધુ સલામત હતું. માટે વખત જતાં "અકોટા"ની વસતિ તૂટતી ચાલી, અને વડોદરાની વસતિ વધતી ચાલી. વસ્તિની ફેરબદલીની અસર થતાં "અકોટા"ને બદલે "વડોદરા" જિલ્લાનું વડું મથક બન્યું. પણ અકોટાને ચોર્યાશી કહેવામાં આવતું હતું તેથી આજનો "વડોદરા"નો વિસ્તાર સ્થાનિક પરંપરામાં "ચોર્યાશી" કહેવાય છે. આ રાજકિય ફેરફાર પણ હજારેક વર્ષ જેટલો જૂનો છે. આ વિકાસ થયા પછી આપણા પૌરાણિકોએ વડોદરાની પૌરાણિક કથા તૈયાર કરી હોય એમ લાગે છે.

આ કથા અનુસાર વિશ્વામિત્રે અહીં કૌશિકી (વિશ્વામિત્રી) નદીને કિનારે તપશ્ચર્યા કરી અને જે વડ નીચે તેમણે સાધના કરી હતી તેની ઉપર વિશ્વામિત્ર પ્રસન્ન થયા, અને આશીર્વાદ આપ્યો કે, "વડ સોનાનો થઈ જશે." આથી વડે વિશ્વામિત્રને કહ્યું, તમારો આશીર્વાદ મને શાપરૂપ નીવડશે. કારણ કે લોકો મારાં ડાળાં-પાંખડાં કાપી જશે. તેથી વિશ્વામિત્રએ અનુગ્રહ કરતાં કહ્યું, "તારા સોનાના દેહની લોકોને ખબર પડશે નહિં અને તારી પાસે તારું સોનું સાચવવું મોટું નગર થશે. તે નગર એ આપણું "વડોદરા".

આ વડોદરા વિશ્વામિત્રી નદીને કિનારે વિમળેશ્વર મહાદેવ પાસે હતું. આ વિમળેશ્વર મહાદેવ તે "વડોદરા કોલેજ" અથવા આર્ટસ ફેકલ્ટીની પાછળનું ગુબજબંદી "મહાદેવ". આ વિમળેશ્વર માટે પણ પુરાણોમાં સરસ કથા આપેલી છે. તે કથા અનુસાર "શામળ નામનો રાજા શિકાર કરતાં થાકયો. તેણે અહીં આશ્રય લીધો. અને શંકરની કૃપાથી એના પાપો નાશ પામ્યા". અને એ રીતે "વિમલેશ્વર" અને "જૂનું વડોદરા" એકબીજાની નજીક છે. તે વાત પૌરાણિક પરંપરાને પુષ્ટ કરે છે.

આ પરંપરામાં કેટલીક ગેરસમજ ઉભી થતાં વડોદરા એક જમાનામાં હરણી પાસે હતું. ત્યાંથી બદલાઈને બીજી જગ્યાએ વાડી વિસ્તારમાં બંધાયું અને છેલ્લે કિલ્લેબંધ વિસ્તારમાં આવ્યું. તેવી વાતો વહેતી થઈ. તેનો ૧૯મી સદીના લેખકોએ ઘણો પ્રચાર કર્યો છે. ઈ. સ. ૧૮૨૨થી શરૂ થયેલા આ પ્રચારને લીધે વડોદરાના ઈતિહાસ માટે પ્રવર્તેલી માન્યતાઓનું ખંડન કરવા માટે ચાળીએક વર્ષનો પ્રયત્ન થયો છે. અને તેથી મળેલી માહિતી અત્રે આપી છે.

૧૯મી સદીની માન્યતાઓમાં પૌરાણિક કથાઓ બરાબર આપી છે. પણ તેના સ્થળ - નિર્ણયમાં રહેલી ઉણપો દૂર કરવાથી તે વાત, ઈતિહાસ અને પુરાવસ્તુનો બરાબર મેળ ખાય છે. આ જ રીતે "ચંદન મલયાગીરી" ની વાત ઉપરથી "ચંદનરાજાએ વડોદરાનો કિલ્લો બંધાવ્યો. અને તેનું "ચંદનાવતી" નામ પાડ્યું. તથા તેણે ચંદન તળાવ બંધાવ્યું. આ બધી વાતો પણ પાયા વગરની છે. કારણ કે વડોદરાનો કિલ્લો મુઝફ્ફર બીજાએ ઈ. સ. ૧૫૧૧-૧૨માં બંધાવ્યાના સ્પષ્ટ ઉલ્લેખો છે. અને ચંદન તળાવ એ ગામનું ખરાબ પાણી ભરાઈ રહે તેવા તળાવ માટે વપરાય છે. એમ વડોદરા - અમદાવાદના ચંદન તળાવો ઉપરથી લાગે છે. માટે "ચંદન મલયાગીરી"ની વાત ઉપર થી વડોદરાનો ઈતિહાસ બનાવવાની જરૂર રહેતી નથી.

પ્રાચીન વડોદરા વિશ્વામિત્રીને કિનારે કોઠી વિસ્તારમાં હતું. તેનો વિકાસ ધીમે ધીમે થતો હતો. એમ "ઉદયનારાયણ"ના કમ્પાઉન્ડમાં થયેલા ઉત્ખનન ઉપરથી ખબર પડે છે. આ વિશ્વામિત્રીવાળા વડોદરાના ઉલ્લેખો જૈન સાહિત્યમાં સચવાયેલા છે. આ વડોદરામાં "વીરગણિ"એ સિદ્ધરાજ જયસિંહના શાસન દરમ્યાન "પિંડ નિર્યુક્તિ" પર "શિષ્ય હિતાવૃત્તિ" રચી છે. તેમણે વડોદરાને "શ્રી લાટદેશ તિલક" "શ્રી વટપદ્રક" તરીકે ઓળખાવ્યું છે. અહિંના જૈન સંઘનો લાંબો ઈતિહાસ છે. તેમાં સંતુકે "ભદ્રેશ્વર સુરિ" નામના આચાર્યના ઉપદેશથી રથયાત્રા કાઢી હતી. તેના સંસ્મરણો વિક્રમ સંવત ૧૨૧૫ = ઈ. સ. ૧૧૫૯માં વિજય સિંહ સૂરિએ "જંબુદ્વિપ સમાસ"ની પ્રશસ્તિમાં સાચવ્યા છે. સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં જૈન પરંપરા મજબૂત હતી. અને તેમની સાહિત્ય પ્રવૃત્તિ આજ સુધી ચાલુ છે.

તત્કાલીન વડોદરામાં સૂર્યના ઉપાસકો વૈષ્ણવો વગેરે વિવિધ સંપ્રદાયના લોકો પણ રહેતા હતા. એમ મળેલા પુરાવાઓ ઉપરથી જણાય છે.

વડોદરા અણહીલપુર-પાટણથી દૂર હતું. બારપ્પ અને તેના વંશજોનું આ પ્રદેશ પર શાસન હતું. અને તેમણે વડોદરા વિસ્તારમાં સિદ્ધરાજના પિતા કર્ણદેવને હાર આપી હતી. આ રાજકિય પરિસ્થિતિને લીધે જ્યારે સિદ્ધરાજ કુમારપાળને પકડવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે કુમારપાળને ગુજરાતના સાબરમતીની દક્ષિણના પ્રદેશમાં સારો આશ્રય મળ્યો હતો. આ આશ્રયમાં નિર્ધન કુમારપાળને વિશ્વામિત્રી પાસેના વડોદરામાં કટુક નામના વાણિયાએ ચણા આપ્યા હતા એ વાત નોંધાયેલી છે. સોલંકીની વાઘેલા શાખાના રાજવીઓની સત્તા વખતે ધારના પરમારો · તેમજ દેવીગીરીના યાદવો અને વાઘેલાઓ વચ્ચે સત્તાની સાઠમારીમાં આ પ્રદેશના જુદા જુદા સમયે જુદા જુદા લોકોની સત્તા ચાલુ રહેતી દેખાય છે.

રાજકિય અશાંતિના આ કાળમાં લોકોએ ઘણીવાર પોતાનું રક્ષણ પોતે કરવું પડતું અને આવા રક્ષણના સંગ્રામમાં પોતાની આબરૂ આપનાર વીરપુરુષોની સ્મૃતિ સાચવના - "પાળિયાઓ" લોકો બનાવતા. આવા પાળિયાઓ પણ વડોદરાના નર્મદાભવન વિસ્તારમાં છે.

પરંતુ વાઘેલા વંશનો અંત ક્યારે આવ્યો ? એ બાબત વિવાદાસ્પદ છે. તેમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના "સાંપલ" ગામથી મળેલો આરસપહાણનો શિલાલેખ મહત્વની માહિતી આપે છે. તે મુજબ મહારાજાધિરાજ કર્ણનું રાજય સંવત ૧૩૬૦ = ઈ. સ. ૧૩૦૪ સુધી ગુજરાતમાં હોવાનું સમજાય છે.

કર્ણ વાઘેલાવંશનો છેલ્લો રાજવી હતો. એના રાજયનો અંત ઈ. સ. ૧૩૪૦ પછી દિલ્હીના ખીલજી સુલતાન અલાઉદ્દીનની સત્તા દરમ્યાન આવ્યો અને ગુજરાતના ઘણા ભાગોની માફક વડોદરા ઉપર દિલ્હીનું શાસન સ્થપાયું.

આ શાસનમાં કેટલાક ફેરફારો થઈને મંદિરોને બદલે મસ્જિદો, મકબરાઓ વિગેરે બંધાવા લાગ્યા. આ પ્રવૃત્તિ પણ કોઠી વિસ્તારના વડોદરા તરફ દેખાય છે. ૧૪મી સદીના પ્રારંભથી શરૂ થતી આ પ્રવૃત્તિની સથે વડોદરા શહેરમાં



અકોટામાંથી મળેલ બ્રોન્ઝનું ભગવાન આદિનાથનું મસ્તક

ખોદકામ દરમ્યાન જુના વાસણોના પ્રાપ્ત થયેલા અવશેષો

માટીનાં વાસણો મળવા માંડે છે. તેમાં સ્થાનિક બનાવટના વાસણો ઉપરાંત "સમરકંદ", "બુખારા", "ઈસ્પહાન" આદિ મધ્ય એશિયા અને ઈરાન તરફ જાણીતા વાસણોની શૈલી સાથે ચીનાઈ વાસણો પણ સારા પ્રમાણમાં મળે છે. તેથી ચીનના મીંગ વંશ દરમ્યાન બનતા વાસણો ચીનથી આયાત થતા. દરિયા માર્ગે ખંભાત, ભરૂચ જેવા સ્થળો એથી અને જમીનમાર્ગે પણ તે થોડા આવતા હશે, અને તેથી જેમ એકોટા રોમન સામ્રાજય સાથે આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંકળાયેલું હતું તેમ આ વર્ષોમાં પણ આંતરરાષ્ટ્રીય વેપારમાં વડોદરાનો હિસ્સો હતો.

વ્યાપારમાં જમીન માર્ગે "પોઠ" ચાલતી અને "વણઝારાઓ" કે "સાર્થવાહો" માલની હેરફેરી કરતા. તેમના મુખ્ય માર્ગો પર તેમની સગવડ માટે વાવ બાંધવામાં આવતી. આવી એક વાવ "નવલખી" વડોદરાના રાજમહેલ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવે છે. મુઝફ્ફરના સમયમાં બંધાયેલી આ વાવ વડોદરાથી દક્ષિણ તરફ જતો માર્ગ રાજમહેલ કમ્પાઉન્ડમાંથી નીકળતો હતો એમ સૂચવે છે. ને જ પ્રમાણે રાજમહેલ કમ્પાઉન્ડની પીર ઘોડાની કબર તથા માંજલપુરની નાનકડી મસ્જિદ પણ આ જ માર્ગ પર આવેલી આ સદીઓની ઈમારતો છે. વડોદરાનું અસ્તિત્વ ધરાવતી આ સૌથી જૂની ઈમારતો છે.

આ વિસ્તારમાં ભેંસાણા તળાવ આવેલું છે. આ તળાવને કાંઠે થયેલા સંગ્રામમાં શહીદ થયેલા લોકોની કબરો કલાભવન પાછળ છે. આ વિસ્તારમાં વડોદરાના મુસલમાન સંતો પણ રહેતા. તે પૈકી ખલીલખાનના ગુરુ પણ હતા. તેમની કૃપાથી ખલીલખાને તેના પિતા પાસે કુરાને શરીફની "નિલાવન" કરી હતી. તેથી રાજી થઈને તેના પિતા "મહેમુદ બેગડા"એ વડોદરા ખલીલખાનને જાગીર તરીકે આપ્યું હતુ. આ વડોદરા પણ કોઠી વિસ્તારનું વડોદરા હતું.

ખલીલખાન તેના પિતાના મૃત્યુ પછી ગાદીનશીન થયો ત્યારે અમદાવાદથી ચાંપાનેર જતાં તેણે વડોદરાનો કિલ્લો બંધાવવાની શરૂ આત કરી અને એ રીતે વડોદરા પાસે "કિલાએ દોલતાબાદ" તૈયાર થયો. પણ અહીંનું પ્રાચીન નામ "વડોદરા" વધુ બળવાન રહ્યું અને તે ચાલુ રહ્યું. તેની સરખામણીમાં "આશાવળ" પાસે અહમદશાહે પોતાનો કિલ્લો બાંધીને તેનું અમદાવાદ નામ આપ્યું તે નામ વધુ બળવાન થયું અને "આશાવળ" ભુલાઈ ગયું.

સામાન્ય રીતે રાજધાની કે લશ્કરી સ્થળોને "વીરક્ષેત્ર" કહેવાની પરંપરા ઘણી જૂની છે. વડોદરામાં જ્યારે આ કિલ્લો બંધાતો હતો ત્યારે "દિશાવળ" વાણિયો "નાકર" આખ્યોનો રચતો. તેણે પોતાના ગામને "વીરક્ષેત્ર" કહ્યું છે. અને એ વિશેષણ મહાકવિ પ્રેમાનંદે "વીરક્ષેત્ર વડોદરા" તરીકે ચાલુ રાખ્યું છે.

આ કિલ્લો તૈયાર થયા પછી આશરે ૬૦ વર્ષ બાદ ગુજરાતની રાજકીય પરિસ્થિતિ પલટાય છે. અંધાધુંધીના આશરે ઈ..સ. ૧૫૩૫ પછીના સમયમાં વડોદરાના કિલ્લાનું રક્ષણ મળવાને લીધે તે આપણા દેશનું મુખ્ય કેન્દ્ર બને છે. અને કોઠી વિસ્તારનું વડોદરાના થોડું ભૂલાઈ જાય છે. વડોદરા પાસે ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફર ત્રીજાને અકબરના સૈન્ય સાથે કેટલાક મહિનાઓ સુધી યુદ્ધ થાય છે. આ સમયે કુતબુદ્દીન મરાય છે. એ કુતબુદ્દીનનો મકબરો (હજીરો) પ્રતાપનગર સ્ટેશનની દક્ષિણે આવેલો છે. આ મકબરો ગુજરાતભરમાં દિલ્હીના બાદશાહ અકબરથી શરૂ થતાં રાજયની મહત્વની ઈમારત છે. અને અમદાવાદના બહારના કિલ્લાની લગભગ સમકાલીન છે.

વડોદરામાં અકબરમાં વંશજોના રાજય દરમ્યાન ઘણા પરદેશી મુસાફરો આવતા હતા તેમણે વડોદરાની નોંધ લીધી છે. વડોદરામાં કાપડનો ઉદ્યોગ સારો હતો તેથી અહિં એક કરતાં વધુ ખત્રીવાડ અને છીપવાડો છે. અને તેમની ઈષ્ટદેવી હિંગળાજ માતાનું સ્થાનક પણ વડોદરામાં છે.

વડોદરામાં પુષ્ટીમાર્ગીય વૈષ્ણવો પણ સારા પ્રમાણમાં છે. અને તેથી તેમની યાદ રૂપે "વડોદરૂ વૈષ્ણવે ભર્યું, ગોપી ચંદન મોંઘુ કર્યું" જેવી કહેવત દેખાય છે. વડોદરા શહેરના

વિસ્તારમાં આ વૈષ્ણવો રહે છે.

આ વડોદરા શહેરની વચ્ચે આવેલી માંડવીના ઘણા ઉલ્લેખો થયા છે. અને ને ઉમારતના વખાણ કરવામાં આવે છે. ઔરંગઝેબના મૃત્યુ પછી વડોદરાની રાજકીય પરિસ્થિતિ બદલાઈ રહે છે. આ વડોદરાનો પાણીનો પુરવઠો પૂર્વ દિશામાં આવેલા "અજબડી તળાવ", "રાજે તળાવ" જેવા વિસ્તારોમાંથી મળતો. તેથી વડોદરાના પૂર્વના દરવાજાને પાણી દરવાજો કહેવામાં આવે છે. આ યુગમાં વડોદરામાં "પ્રેમાનંદ"ની પ્રવૃત્તિ થઈ પણ આ મહાકવિને ઉદરકાજે સુરત અને નંદરબારમાં રહેવું પડનું એમ સમજાય છે. લગભગ તેમના જમાનામાં મહમદવાડીમાં જે સંત રહેતા હતા તેનું નામ આ સ્થળ સાચવે છે.

ઔરંગઝેબનું મૃત્યુ ઈ. સ. ૧૭૦૭માં થયું તે જ વર્ષે ધનાજી જાધવે વડોદરા ઉપર હુમલો કર્યો અને ત્યારથી શરૂ થયેલા રાજકીય સંઘર્ષમાં વડોદરાએ ભાગ લેવાનું શરૂ કર્યું. આ વર્ષોમાં દલાપટેલ, "સૂરેશ્વર દાભાઈ પંડયા" જે પાછળથી "હવેલીએ પરગણે બડોદા"ની દેસાઈગીરી મેળવીને દેસાઈ થયા. તેમની "ધંટિયાડા" ની હવેલી પૈકી એકનો તો નાશ થયો છે. અને બીજી વડોદરાના ઈતિહાસ માટે સચવાય તો સારૂ. વડોદરા જીતનાર પિલાજીરાવનું ડાકોર મુકામે ખૂન થયું. અને વડોદરા પરથી મરાઠાઓને ડબોઈ તથા જંબુસર તરફ પાછા હઠી જવું પડ્યું. પરંતુ બે વર્ષમાં વડોદરા પર તેમણે પોતાનો કબજો જમાવ્યો અને ત્યાર બાદ વડોદરા ગાયકવાડ સત્તા નીચે રહ્યું હતું. (૧૯૪૯ સુધી).

વડોદરામાં આ વર્ષો દરમ્યાન "લાહારીપુરા" દરવાજાની પશ્ચિમે સુરેશ્વર દેસાઈએ નાના ચંદન તળાવની કાયાપલટ કરીને વિશાળ "સુરસાગર તળાવ" બાંધ્યું, તેની વચ્ચે અત્યારના સરસિયા તળાવમાં દેખાય છે તેવો ચોતરો હોવાનો સંભવ છે.

વડોદરા અને ઉત્તર ગુજરાતના પાટણ સુધીની પોતાની સત્તા જમાવનાર દામાજીરાવ બીજાના સ્વર્ગવાસ પછી તેમના રાજકુટુંબમાં ગાદી માટે ઝઘડો થયો. તેના એક ફળ સ્વરૂપ વડોદરા ગાયકવાડોની રાજધાની થયું. તેથી ઈ. સ. ૧૭૭૨ના મરાઠા વિગ્રહ વખતે વડોદરાની આજુબાજુ લશ્કરી પ્રવૃત્તિ થઈ અને તેની એક અસર વડોદરા ઉપર પણ પડી. વડોદરામાં ઈ. સ. ૧૭૯૦માં ગોવિંદરાવના વખતમાં વડોદરામાં બીજા રાજકિય ફેરફારો થાય છે. આ ફેરફારોમાં મુખ્ય ફેરફાર વડોદરા રાજ્યના અરબ અને દેશી લશ્કરને સ્થાને ઈસ્ટ ઈંડિયા કંપનીનું લશ્કર રાખવું અને તે રીતે આંશિક રાજકિય પરાધીનતા સ્વીકારી એ મહત્વનો ફેરફાર છે. તેને માટે વડોદરામાં ઈ. સ. ૧૮૦૨ માં ૧૯મી ડિસેમ્બરથી ૨૫મી ડિસેમ્બર સુધી લડાઈ થઈ. તેમાં લહેરીપુરા દરવાજા બહાર ઈસ્ટ ઈંડિયા કંપનીના ઘણા સૈનિકો માર્યા ગયા. વડોદરાનો કિલ્લો સર થયો નહિ અને અરબોને તેમના ચઢેલા પગારની રકમ ચૂકતે કરી આપવાની શરતે લડાઈનો અંત આવ્યો. આ વર્ષોમાં વડોદરામાં ઘણા શાહુકારો હતા. તેમાં વાઘોડિયા પાસેના "માડોધર" ગામના હરિભાઈ અને ભકિતભાઈ વડોદરામાં પેઢી ચલાવતા હતા. તેમની શાખ ઉત્તમ પુણ્યકર્તા તરીકેની હતી. દેશના વિવિધ ભાગોમાં શાખાઓ ધરાવતા હતા. મરાઠા રાજદરબારોમાં તેમની શાખ સૌ કોઈ સ્વીકારતા અને તેથી નાના ફડનવીસના ચોકિયાતોએ પણ તેમની શાખ રાખીને નાના ફડનવીસનો અગ્નિસંસ્કાર વગર તકલીફે થવા દીધો હતો. એવી પરંપરા છે. હરિભકિતની શાખ વડોદરાનું વિલિનીકરણ થયું ત્યાં સુધી ઘણી હતી. અને દયારામ જેવા કવિ પણ એમને ત્યાં જતા - આવતા હતા. વડોદરામાં તેમની પેઢીએ ઘણા કાર્યો કર્યા છે. આવા શાહુકારોમાં "શામળ બહેચર", "રતનજી કહાનદાસ", "લલ્લુ બાપર", "ભાઉમૈરાળ" આદિની ગણના થઈ શકે કહેવાય છે કે

"જ્યાં મહારાજાનું પતરાળુ
ત્યાં સૂરેશ્વરનો પડીયો
અને લોટો-પવાલું હરિભકિતનું"

આ વર્ષોમાં વડોદરામાં "ભદ્ર" "સરકારવાડા" જેવા મહેલો તૈયાર થઈ ચૂકયા હતા. વડોદરામાં "દાંડિયાબજાર", "બરાનપુરા" આદિ વિસ્તારો પણ વિકસ્યા હતા. તે ઉપરાંત વડોદરાના ઘણા મંદિરો બંધાયા અને ઘણા સરદારોના વાડાઓ આદિ તૈયાર થયા. સરદારોના વાડાઓ તેમની પાયગા ઓ આદિની પ્રવૃત્તિને લીધે વડોદરા એક લશ્કરી છાવણી જેવું લાગતું.

આ વડોદરાની પશ્ચિમે કોઠી વિસ્તારમાં અંગ્રેજોએ પોતાની રેસિડન્સી રાખી અને તેમાં ફેરફારો થઈને હાલના ફત્તેગંજ વિસ્તારમાં ખસેડવામાં આવી. રેસિડન્ટનો બંગલો યુનિવર્સિટીની મુખ્ય ઓફિસની દક્ષિણે છે, અને શરૂ આતમાં તે યુનિવર્સિટીનું મુખ્ય કાર્યાલય હતો.

વડોદરામાં અંગ્રેજોની સત્તા વધારવાનું કામ "રાવજી આપાજી" જેમના નામ ઉપરથી રાવપુરા વિસ્તાર જાણીતો છે, તેમણે કર્યું. આ વિસ્તારમાં "ગંગાધર શાસ્ત્રી" વગેરે અંગ્રેજોના પક્ષકારો રહેતા હતા. પરંતુ વડોદરામાં તેમની વિરૂદ્ધનો પક્ષ પણ હતો. તેમાં રાણી ગહીનાબાઈ, દિવાન સીતારામ વગેરે આગળ પડતા હતા. તેથી તેમની વિરૂદ્ધ અંગ્રેજી ભાષામાં ઘણા લખાણો દેખાય છે.

વડોદરામાં આનંદરાવ, સયાજીરાવ બીજા, ગણપતરાવ, ખંડેરાવ, મલ્હારરાવ અને સયાજીરાવ ત્રીજા જેવા રાજવીઓ ૧૯મી સદીમાં થયા. તે પૈકી સયાજીરાવ બીજાએ વડોદરામાં કેટલાંક બાંધકામો કર્યા છે. ગણપતરાવે "મોતીબાગ" બાંધ્યો અને તેમના વખતમાં બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વે માટે વડોદરા રાજ્યમાંથી જવાનો માર્ગ આપવાની શરતો થઈ. તેમાં વડોદરાની આવકને નુકશાન થાય તે ભરપાઈ કરી આપવાની પણ એક શરત હતી.

ખંડેરાવના વખતમાં મકરપુરામાં મહેલ તૈયાર થયો. આ શિકારખાનાનો મહેલ હતો અને તેની આજબાજુ મોટું શિકારખાનું હતું. તેમાં જવા માટે જામ્બવા નદી પર પુલ બાંધવામાં આવ્યો હતો, જે આજે વિદ્યમાન છે. ખંડેરાવે ઈ. સ. ૧૮૫૭માં અંગ્રેજોનો પક્ષ લીધો હતો તેથી ગુજરાતમાં પ્રમાણમાં શાંતિ રહી હતી. ખંડેરાવ પછી ગાદી ઉપર આવનાર મલ્હારરાવ અંગ્રેજોની ખાસ તરફદારી કરતા નહિ. તેમણે વડોદરામાં નજરબાગનો મહેલ બંધાવ્યો. ચાણોદના ઘાટ બંધાવ્યા. વેદની પાઠશાળા વડોદરામાં ચાલુ કરી અને આધુનિક શિક્ષણ પદ્ધતિની શરૂઆત કરી. મલ્હારરાવને અંગ્રેજોએ પદભ્રષ્ટ કર્યા અને ગાયકવાડ કુટુંબમા યોગ્ય વારસની શોધ કરતાં ખાનદેશના કવઠાણામાં રહેતા કાશીરાવ ગાયકવાડના પુત્ર ગોપાળરાવ ઉપર પસંદગી ઉતરી. આ ગોપાળરાવ સયાજીરાવ તરીકે સુપ્રસિદ્ધ છે.

મહારાજાનાં સંસ્મરણો

સી. કે. ગાયકવાડ
સ્ટાફ-ઓફિસર
ટુ. લેફ્. કર્નલ એફ્. પી. ગાયકવાડ

૦ કે. મહારાજા વડોદરામાં કે વડોદરાની બહાર એક એવી વ્યકિત હતા કે જેઓ પોતાની સાથે નાનામાં નાની વિગત પણ પોતાની દેખરેખ હેઠળ પોતાની રીતે લાવવાનું ચૂકતા નહિં. મહેમાન એ એમનો મહેમાન રહેતો. ભલે પછી એ પોતાનો નોકર હોય કે બીજા કોઈનો. એમની પાસે એવી દૃષ્ટિ હતી કે પૂર્વથી પશ્ચિમ સુધી તેઓ સાફ જ જોઈ શકે.

* * *

૦ તેઓશ્રીનું જીવન સાદગીપૂર્ણ. વહેલી સવારે ઉઠવું, નાસ્તો લીધા પછી દૂર સુધી ચાલવું. જ્યાં સુધી બપોરે જમવાનો વખત ન થાય ત્યાં સુધી હળવું ઓફિસનું કામ કરવું. બપોરે થોડો આરામ કરવો. કોઈપણ ડોકટરની મુલાકાત લેવી. સાંજે ફરીથી દૂર સુધી ચાલવું. રાત્રે જમવાનું બરાબર ૮-૦૦ વાગે. હળવું પીણું કે માદકપીણું કયારેય લેતા નહિં. (યુરોપની યાત્રા દરમિયાન પણ નહિં.)

Huzur Order

1. Department.
2. Number and date of tippan.
3. Subject matter of tippan or order.

Sir V.T. Krishnamachari's leave account.

On the 16th Feb, Sir V.T. Krishnamachari had to his credit 24 months' leave on full pay. He could not take this leave from time to time owing to the exigencies of the State and has been permitted to accumulate all his leave and take it when convenient.

I now direct that 16 months' leave pay should be given to him as bonus. The amount will be paid to his credit in a provident fund account in his name.

On the 16th Feb, he will thus have eight months' leave to his credit. He can accumulate all leave due to him and take it when the State interests permit.

V.T. Krishnamachari
28.7.43

(મહારાજા પ્રતાપસિંહે કરેલા હુકમની એક નકલ)

1257 24th Dec. 1946
Bombay.

My dear Shankerrao,

I have gone through the papers concerning Miss Rashid. I think it will be better if she goes. We do not want anybody to stay by force. I shall let you know his successor as soon as possible.

Yours sincerely,
[signature]

(મહારાજા પ્રતાપસિંહ રાવે શંકરલાલ ગાયકવાડને લખેલો એક પત્ર)

સયાજીરાવનો શૈશવકાળ

.હસિત હ.બૂચ

જે મહાન રાજકર્તા, રાષ્ટ્રીય શિલ્પ અને વડોદરાના અર્વાચીન વિધાયક તરીકે પ્રખ્યાત છે એ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા ત્યારે તો ખરા, પણ આજે પણ એમના બાળપણ માટે દંતકથાઓનો જ વિષય બન્યા છે. એમાં જે નક્કર હકીકતો છે તે મહત્ત્વને મુદ્દે એટલી કે એમના પિતા કાશીરાવ અને માતા ઉમાબાઈને ઘેર નાસિક વિસ્તારના કવઠાણા ગામમાં એમનો જન્મ. કવઠાણા સાવ નાનું ગામડું કાશીરાવ ગાયકવાડ અને એમના કુટુંબમાં ગામનું પટેલપદ. તેથી એક રીતે ખાધે પીધે સુખી કહો એવું એ ખેડૂત ઘર. એ નાને ગામડે કાશીરાવના ત્રણ દીકરા તે આનંદરાવ, ગોપાળરાવ, અને સંપતરાવ. આ વચેટ દીકરો ગોપાળ, એનો જન્મ ઈ. સ. ૧૮૬૩ના માર્ચની ૧૧મી તારીખે. એ ગોપાળ જ વડોદરે ખંડેરાવ ગાયકવાડ મહારાજાનાં વિધવા રાણી જમનાબાઈ દ્વારા ૧૮૭૫ની ૨૭મી મેએ દત્તક લેવાયો. સયાજીરાવ ત્રીજાનું નામાભિધાન પામ્યો અને ચાર પ્રાંતોના બનેલ વડોદરા રાજ્યના મહારાજાપદે આરૂઢ થયો.

એ ૧૨ વર્ષનો થયો તે કવઠાણાના ગામડે. મરાઠી વાંચી - લખી જાણે નહીં એ હદે અભણ. ઘર આગળ ગામડાની ધૂળમાં, પાદરે વોંકળો રમે, ઘરના કામકાજ કરે, ખેતરનાં પણ કામ પતાવે. એક પ્રસંગ એમના

મહારાજાના શિક્ષક એફ. એ.એચ. ઈલિયટ

નાનાભાઈ સંપતરાવે લખ્યો છે. ખંડુ નામનો છોકરો ઉંધે માથે વોંકળામાં કૂદ્યો ને માથે પથ્થર વાગતાં બેભાન થયો. બધા દોસ્તદારો શિયાવિયા ને બ્હાવરા. ત્યારે ધીરજ રાખી બધાને હિંમત આપી બધાની મદદે ગોપાળે એ છોકરાને ઘેર પહોંચાડ્યો. આવી નાના ગોપાળની હિંમત અને ધીરજ, આવી એની કામ કરવાની રીત. બીજો પ્રસંગ લોકશ્રુતિથી લખાયો લાગે છે. તે એ કે, પાંચેક વર્ષનો આ ગોપાળ બીજા છોકરાઓ ભેગો રમતો હતો. ત્યાં ઓચિંતો એક આખલો ધસી આવ્યો. એણે શીંગડે ભરાવ્યો આ ગોવાળને. ફળિયે રાડારાડ અને દોડાદોડ મચી ગઈ. સૌના જીવ અધ્ધર. ગોવાળને છોડાવવા શું કરવું એની ફિકર. ત્યાં ખેતરેથી કદાવર - મજબૂત ખેડૂત કાશીરાવ ઘેર આવતા જુએ છે કે ટોળાની રાડારાડ મચી છે. જુએ છે કે કોઈ છોકરાને શીંગડે અધ્ધર ચડાવી આખલો નિરંકુશ થયો છે. તરત કાશીરાવ ધસે છે. આખલાનાં શીંગડાં મજબૂત હાથે પકડી લે છે. જબ્બર તાકાત વાપરી આખલાને એવો મ્હાત કરે છે કે પેલો બાળક તરત છૂટો થઈ જાય છે. પછી જ કાશીરાવને ખબર પડે છે કે, "આ તો, મારો ગોપાળ !"

વડોદરાના ખંડેરાવને સંતાન નહીં. કવઠાણામાં કાશીરાવ ગાયકવાડના નાના ભાઈ ઉકાજી અને સખારામને મોટા સંયુકત કુટુમ્બના નિર્વાહની વાતે સૂઝ્યું કે પોતાનું કુટુંબ ગુજરાતના રાજકુટુમ્બના વેલાનું જ. વડોદરે જઈ કંઈક રાજમદદ કેમ ન માગવી ?- ઉકાજી ખંડેરાવને મળ્યા. પછી એ ગુજરી જતાં મલ્હારરાવ (ભાઈ) મહારાજા થયા. આ બેઉની મુલાકાતે રાજપોશાક અપાયો તે ઉકાજીએ મોટા ભાઈ - કાશીરાવને નામે કરાવ્યો. મલ્હારરાવે તો ઉકાજીએ બતાવેલા પુરાણા કાગળો વગેરે તપાસાવી નકકી પણ કર્યું કે મોટા પુત્ર આનંદરાવને દત્તક લેવા કોઈને વડોદરેથી મોકલવા. દરમિયાન મલ્હારરાવને વિવાદાસ્પદ લગ્નથી પુત્ર જન્મતાં મોકલાએલ માણસોને પાછા બોલાવાયા. અંગ્રેજ સરકારે મલ્હારરાવને, ખરાબ રાજકાજ અને વર્તનને કારણ તરીકે જાહેર કરી, પદભ્રષ્ટ કર્યા. જાહેર કરાયું કે કોઈ ગાયકવાડ ઉમેદવારને જ અંગ્રેજ સરકાર મહારાજાપદે મૂકશે. આ બધું કવઠાણામાં યે સંભળાતું આવે. ખંડેરાવનાં વિધવા રાણી જમનાબાઈ મલ્હારરાવ - દીયરની ખટપટે ત્રાસીને પૂણે રહે, સરકારને પોતાના દત્તક લેવાના માન્ય હકકની યાદ આપતા પત્રો લખે. એમને ઈંદોર-ગ્વાલીઅર નરેશોનો ટેકો. અંગ્રેજોનેય માન. કવઠાણાથી કાશીરાવ ગાયકવાડ ત્રણે છોકરાને લઈને પૂણે પણ ગયા. જમનાબાઈને એ કુટુમ્બસંબંધે વાજબીપણું દેખાયું. એમણે કહ્યું, "સારો વખત આવે, જોઈશ !"

નવા દીવાન સર ટી. માધવરાવ, રાજમાતા જમનાબાઈ અને વડોદરાના રેસિડેન્ટ સર રિચર્ડ મીડ પસંદગી માટે બેઠાં. ગોપાળરાવ, સંપતરાવ અને કાકા-ઉકાજીના દીકરા દાદાસાહેબમાંથી ગોપાળ "મહારાજા"પદે પસંદ કરાયો. આ કવઠાણાના ગાયકવાડો વડોદરાના રાજવી ગાયકવાડો સાથે મૂળ દયાજીરાવ-બીજા સમયથી રાજહક્ક માટે માન્ય, એના પુરાવાઓ તેમજ રાજગોરો-પુરોહિતોના દેશમાંના બીજા ચોપડાઓમાં પણ આ સંબંધ માન્ય, એવું ઘણું આધારભૂત સાધન અંગ્રેજોએ ચોકસાઈથી તપાસ્યું હતું જ. એમાં ક્યાંયે કશું જ કાચું ન હોય. ન નીકળે એની ચીવટ પૂરેપૂરી રખાઈ. ખોટો દાવો છતાં અસંતુષ્ટો તરીકે બહાર આવ્યા એવાને બીજી મદદો કરી, કે જરૂર પડી ત્યાં ગુજરાતથી દૂર કાઢી, કવઠાણાશાખાને એમણે સ્વીકારી.

આમ દૂરદૂરના કવઠાણા - ગામડાનો એક અભણ ગોપાળ નામે ખેડુ છોકરો ૧૨ વર્ષની વયે વડોદરાનો મહારાજા બને, એ ઘટના અદ્‌ભૂત દૈવયોગ મનાય જ. દેશમાં બધે આવી ઘટનાની જાણ કર્ણોપકર્ણ પણ પહોંચે જ. એ ચમત્કારથી કંઈ જ ઓછું નહીં, એમ ભલભલાને માનવું પડે. સયાજી-ત્રીજાના જાણીતા ચરિત્રકાર સ્ટેન્લિરાઈસે લખ્યું છે, આ બનાવ બાદ અર્ધી સદી વીતી ગયા પછીથી કે, "પ્રારબ્ધે આ ઘટના કરતાં વધુ અદ્‌ભૂત - અવનવી કરામત ભાગ્યે જ કરી હોય; આમાં એણે કવઠાણાના નાનકડા છોકરાને પસંદ કર્યો તથા એને રાજસિંહાસને બેસાડી દીધો." હમણાં પ્રગટ થએલા સયાજીરાવ-ત્રીજાના વિવેચનાત્મક ચરિત્રગ્રંથના લેખક-કવિ પ્રા. હસિત હ. બૂચે સયાજીરાવની પછીથી સ્ફોટ પામેલી પ્રતિભા - સયાજીના જાતે ઘડાએલા સર્વાંગી વ્યકિતત્વ - વિકાસને વધુ મોટો, વધુ ચમત્કારિક બનાવ કહ્યો છે. એમણે સયાજીરાવના બાળપણ વિશે વર્ષોથી પ્રચલિત એ દંતકથાયે સંભારી છે કે, ખેતરમાં બપોરે જરા આડે પડેલા ગોપાળ પર નાગ પોતાની ફેણ બિછાવી ગોપાળનો રાજયોગ સૂચવતો હતો.

નવાઈની વાત છે. સયાજીરાવ-ત્રીજા ગોપાળ નામે વડોદરામાં પ્રવેશ્યા ૯મી મે, ૧૮૭૫ના દિવસે. પછી મહારાજા થયા થોડા જ દિવસોમાં. એ પછી એઓ કવઠાણા ગયા ને ઠેઠ ઈ.સ. ૧૯૨૬માં - પૂરાં એકાવન વર્ષો વીત્યે. પોતાની જનમભોમની આમાં ઉપેક્ષા જોવી ? ખરેખર તો એમ લાગે કે રાજકર્તા તરીકે એમની પોતાની કર્મભૂમિ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા એના મૂળમાં છે. એ રાતદિવસ મહારાજા તરીકેનાં પોતાનાં કર્તવ્યો વિચાર્યા કરતા, એના અમલની વિગતેવિગત તપાસ્યા કરતા, એમાં કલાકોના કલાકો કાર્યમગ્ન પણ રહેતાં. એમણે કયાંક કહેલું કે આ ભવે મારે માટે આરામ છે જ નહીં. પોતાની જાતને એ રીતે ઘડવામાં એ અવિશ્રાન્ત પડયા. એ રાજા થયા તે શરૂનાં વર્ષોમાં કવઠાણાનાં કેટલાંયે કુટુમ્બો વડોદરે વસ્યાં. ખાનગી ખાતામાં, ફોજમાં કે બીજે એમને નોકરી મળેલી. મોટા ભાઈ આનંદરાવ લશ્કરમાં, નાના ભાઈ સંપતરાવ તો અનેક હોદ્દા ભોગવી ખૂબ લોકપ્રિય થએલા. મુલકી અમલદાર જ. પછીનાં વર્ષોમાં કવઠાણાથી સગાંઓ મદદ માગ્યે જ જતાં. સયાજીરાવ પ્રજાનાણાં માટે જાગૃત. તેથી કટાક્ષ કરી, ના પણ કહી દેતા. રાજના કાયદાથી મહારાજા, એમનું પોતાનું કુટુમ્બ અને એમનાં સગાંવહાલાં પણ પર નથી - એ વાત સયાજીરાવ-ત્રીજા પ્રથમથી જ અપનાવીને એને ઠેઠ સુધી વળગી રહે છે. એથી થતી ટીકા કે એ કંજૂસ છે, રાજઘરાણાની રીતભાત જ મનાં લોહીમાં નથી, એમને પૈસા વધુ વહાલા છે-સંતાનો કરતાંયે વધુ, એવી બીજી યે ટીકાઓ. એ ઘણીવાર કહે છે કે એ એકલા પડી ગયાનું અનુભવે છે, પોતે સામાન્ય માણસનાં સુખ પણ ભોગવી શકતા નથી, રાજકુટુમ્બને રાજકાજમાં ખલેલ પાડવાનો ન હોય, રાજકુટુમ્બીઓ માટે વૈભવ-શોખ હોય પણ નાણાં છે પ્રજાનાં જ અને તેથી એની મર્યાદા પણ બાંધવાની જ હોય. રાજકર્તા આજે હવે રાજા-મહારાજા - નવાબ - ઠાકોર કહેવાતા નથી. લોકશાહીના એ સેવકો કહેવાય છે. એ વર્તમાન ચિત્ર સ્પષ્ટ જોઈએ ત્યારે સયાજીરાવ કવઠાણા માટે "બધું કરી ન છૂટયાં" કે રાજમહેલમાં કંજૂસ જીવન જ જીવ્યા, કે પોતાનાં આમોને પણ "મહારાજા" છે પોતે - એ ભાન કરાવતા રહ્યા, એમ ટીકા કરવામાં કેટલું વાજબીપણું છે તે ઊંડાણથી જોવું જોઈએ. આજે તો એમનું આ પાસું સ્મરણીય જ.

બાળ-મહારાજા સયાજી-ત્રીજાના શાંત, સરલ અને દઢ પિતા કાશીરાવ ૧૮૭૭માં જ મૃત્યું પામ્યા. મા ઉમાબાઈ તે પછી કવઠાણા રહ્યા અને ત્યાં જ ૧૮૯૪માં મૃત્યુ પામ્યા. એમને ત્યાં રહેવાનું જ ગોઠતું. સયાજીરાવે આનંદરાવ માટે ત્યાં જ મોટો મહેલ ચણાવ્યો એમાં એ રહેતાં. સયાજી પોતાના આ મા-બાપને પછીથી વખતોવખત ખૂબ લાગણીથી સંભારતા એવું નોંધાયું યે છે. પોતે મહારાજા થયા. મા-બાપથી વિખૂટા પડવા જેવું જ થયું, એની વ્યથા ઈ. ૧૯૧૫માં યે એકાંત મળતાં એમણે ઈલિઝાબેથ ટોટેનહામ નામનાં ચરિત્રલેખિકને કહેલી. તાજેતરમાં - ૧૯૮૬માં પ્રકાશિત ચરિત્રગ્રંથમાં નાસિકના શ્રી નિબાજી પવાર - મરાઠી ચરિત્રકર્તાએ કિશોર સયાજીના કવઠાણા જીવનની સાંભળેલી વાતો વર્ણવી છે. એકંદરે ઈ.સ. ૧૯૫૬ સુધીનાં સયાજીચરિત્રોમાં કવઠાણામાંના ગોપાળ (સયાજી) જીવન વિશે મૌન જ છે. આ કવઠાણાનું ગ્રામ-કૃષિજીવન વચ્ચેનું ગોપાળનું બાળપણ સયાજીરાવ-ત્રીજા મહારાજાપદના સુદીર્ઘ સમય વચ્ચે પણ ગૂઢ રીતે ધબકયા કર્યું છે એ પ્રા. હસિત બૂચનું દર્શન નવું અને સધ્ધર છે.

મહારાજા સયાજીરાવ૧૨ વર્ષની ઉંમરે

સયાજીરાવ, ખાસ રાજપ્રસંગો સિવાય, ખૂબ સાદો પોશાક પહેરતા. એમની સાદાઈ વિશે ઘણા લેખકોએ લખ્યું છે. એમના રોજિંદા ખોરાકમાં પણ એમને બાજરાનો રોટલો અને એવી સાદી ચીજો જોઈતી. રાજસૂત્ર હાથમાં આવતાં જ એમણે વડોદરા રાજ્યના ચારે પ્રાંતોનાં ગામડામાં બળદગાડામાં, ઘોડા પર બેસી ખેડૂતો તેમજ બીજા લોકોની સ્થિતિ ફરી ફરીને જોઈ. એ કાર્ય ચાર વર્ષ નિયમિત કર્યું. એ ક્રમ પછી પણ એ રાખતા. એમની સુધારા હિલચાલમાં ગામડાં, પછાતો, આદિવાસીઓ, ખેડૂતો પર એમનું મુખ્ય ધ્યાન રહ્યું. લઘુ ગૃહઉદ્યોગોનું આ દેશમાં

મહારાજા ખંડેરાવ ગાયકવાડ

વાસ્તવિક મોટું મૂલ્ય હોવાનું એમણે સતત સમજાવ્યું. ગ્રામ પંચાયતોએ જૂનું હિંદ સ્વાવલંબી અને સુખી હતું એ યાદ રાખી ગ્રામપંચાયતો સ્થાપીને એને મજબૂત કર્યા કરી. હવે નિરક્ષરતા પ્રગતિની આડે આવશે એમ કહી રાજ્યભરમાં દરેક જન પ્રાથમિક શિક્ષણ પામે જ, એવું શિક્ષણ ફરજિયાત હોય અને મફત અપાય એ એમણે પોતાનું પહેલું કર્તવ્ય માન્યું. મોટો ખર્ચ, તોયે એમાંથી એમણે પારોઠનાં પગલાં ના ભર્યા. જાતે નિયમિત કસરત - વ્યાયામ કરતા રહ્યા અને સાઈઠની વયેય દસ-પંદર માઈલ ઘોડેસ્વારી એમને માટે રમત હતી. આવું થોડુંકે જોતાં એમનું ગ્રામીણ બાળપણ

(ચાલુ પાન ૧૬ પર)

સયાજીરાવ - એક વ્યક્તિત્વ

-શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી

કવળાણાના કાશીરાવ ગાયકવાડના અને ઉમાબાઈ ગાંયકવાડના વચેટ પુત્ર ચોપાળરાવ વડોદરાની ગાદીએ સયાજીરાવ ત્રીજાને નામે મહારાજા તરીકે બેઠા. તે પછી એમણે ચોસઠ વર્ષો સુધી મહારાજા તરીકે વડોદરા રાજ્યનું અત્યંત યશસ્વી રીતે સંચાલન કર્યું. એમાં મોટો યશ તો એ કે પોતાની પ્રજાને એમણે વિવિધ ક્ષેત્રોમાં આગળ વધારી અને એને દેશ અને દુનિયાના પ્રગતિશીલ આંદોલનોમાં એકરૂપ કરી.

સયાજીરાવનાં માતુશ્રી ઉમાબાઈ

એ યશસ્વી થયા તે માત્ર ગુજરાત પુરતા નહીં પણ દેશભરમાં અને દુનિયામાં પણ એમનું નામ અને કામ વ્યાપક રીતે સુવાસ ફેલાવી ગયું.

આમાં જેમ કવળાણાનું વાતાવરણ કે મહારાજા તરીકે સગીર વયમાં એમને અપાયેલું ખાસ શિક્ષણ કારણ બન્યું છે. તેમ અને કદાચ તેથી પણ વધુ મોટું કારણ બન્યું છે તેમની કુદરતી સુઝ, એમનો વ્યાપક અને ઊંડો અનુભવ અને પોતાની જાતને સતત ઘડવાની તૈયારી. આમાંથી એમનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ બહાર આવ્યું અને તે પૂરેપૂરુ વિકાસ પામ્યું. કદે કંઈક ઠિંગણા, રંગે પ્રમાણમાં શ્યામ દૂરથી જોનારાને સ્વભાવે ઓછાબોલા કે મીઠા પણ લાગતા સયાજીરાવના વ્યક્તિત્વમાં જે ખાસ રોનક હતી તે એમની તેજસ્વી સમજ અને ઉદાર વલણની હતી.

એ મુળથી જ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ પરંપરાના ચાહક હતા. વડીલો માટે માન અને રોજંદી રીતરહેણીમાં કે રાજવહીવટમાં લોકભાષા-ગુજરાતીનો અમલ અને ગામડાં કે પછાત ગરીબો વર્ગો કે ખેડૂતોના કલ્યાણ માટે એમની ખર્ચાયેલી શક્તિ વગેરે જોતાં હિંદને અને એના સંસ્કારને એ કેવી સમજપૂર્વક ચાહતા હતા ને સમજી શકાય છે. તે સાથે લગભગ સતત કહેવાય તેવા એમના વિદેશ પ્રવાસોએ અને ત્યાંની એમની રહેણીકરણીએમને આખી દુનિયાની પ્રજાઓ તેમજ એમની પ્રવૃત્તિઓના પરિચયમાં મૂકી દીધા. એમનામાં સારાસાર વિચારશક્તિ ભરપૂર હોવાથી આવા પરિચયમાંથી શું સ્વીકારવું ? શું ફેરવવું ? અને શું છોડી દેવું ? તે બાબત તેઓ ચોકસાઈથી સમજી લેતા. શરૂઆતમાં ઘણાને એવી ચિંતા કે સયાજીરાવ યુરોપીયન - હિંદી થઈ જશે એવી પણ કેટલાકને લાગણી કે એમને આ દેશ કરતાં યુરોપમાં વધુ ફાવે છે. વસ્તુત: એમને સાચા અર્થમાં આજના ભારતીય પ્રતિભાવશાળી નર તરીકે જોઈ શકાય છે. એમના ભાષણો, એમના પત્રો, એમના ઘડેલા કાયદાઓ ઉપરાંત એમના ઊંચાં શોખ અથવા એમનું રોજીંદુ જીવન એ બધામાં એ હકીકત સાફ દેખાઈ આવે છે.

આ રાજવી આપણા શાસ્ત્રીય સંગીતને કે આપણા લોકસંગીતને સક્રિય રીતે વિકસિત કરવા પગલાં ઓ ભરે છે. તે સાથે આપણાં સંગીતકારો યુરોપના સંગીત વિષે, તેના શાસ્ત્ર વિષે વધુ જાણે તેવી વ્યવસ્થા પણ એ કરતા. વડોદરામાં જેમ પાશ્ચાત્ય પદ્ધતિનું વાદ્યવૃંદ ઊંચી કોટિએ હતું તેમ ભારતીય સંગીત અને વાદ્યવૃંદની પણ ઊંચી કક્ષા સન્માનીત હતી. ખૂલ્લા સાર્વજનિક બગીચામાં પણ જાહેર જનતા સમક્ષ નિયમીત રીતે પાશ્ચાત્ય અને ભારતીય વાદ્યવૃંદોના કાર્યક્રમો રજુ કરાતા. બીજુ એક દ્રષ્ટાંત એમના દરબારોનું છે. એમ કહેવાય છે કે બ્રિટિશ સરકારના દરબારો કરતાં પણ સયાજીરાવના સમયમાં અને પછી પણ વડોદરાના દરબારો વધુ નિયમિત, વધુ સાદા છતાં કલાત્મક અને વધુ વ્યવસ્થિત હતા એની નોંધ લેખક શ્રી સરદેસાઈએ ખાસ લીધી છે. ત્રીજા વાત સયાજીરાવના રાજય પ્રવાસોની યાદ કરી શકાય. પ્રાંતના સુબા રાષ્ટ્રીય છાત્રાલય જેવી સંસ્થાની મુલાકાત સયાજીરાવના કાર્યક્રમમાં ન ગોઠવે અને આશ્રમવાળા સયાજીરાવને સીધો પત્ર લખે તો સયાજીરાવ સમય કાઢીને પણ એવા આશ્રમમાં જતા, એના કાર્યક્રમને જોતા. રસોડું, કોઠાર, શૌચાલય વિગેરેની વ્યવસ્થા જાતે તપાસતા અને નક્કર કદર પણ કરતા. એ ખેતરમાં જઈને ખેડુતો સાથે વાતો કરતા. ઓચિંતા ઝંપડાઓમાં જઈને સ્ત્રી-બાળકો વગેરેને અમલદારો અને રાજય વિષે પૂછપચ્છ કરી સ્વચ્છતા અને આરોગ્યની વાતો સમજાવતા.

મહારાષ્ટ્રના એક સંમેલનમાં એ પ્રમુખ હતા. ફાટક બંધ હશે તેથી રસ્તે તેમની કારને રોકાવું પડયું. ત્યાં તાજી મઘમઘતી ભાખરી શેકાતી હતી. એની સુગંધથી એમણે આગ્રહ કર્યો કે આ ઉની ઉની ભાખરી પોતે લે. ખરી રીતે સયાજીરાવ જમવાના શોખીન હતા અને એ પ્રમાણ પણ એવું વધુ લેતાં કે બાજુમાં હમેશા એમને ડૉકટરે રોકવા પડતા. આ ગામઠી ભાખરીઓ એમણે ખાધી અને મોઢામાં તમતમાટ વધુ લાગ્યો તેથી એક છોકરો નાળીયેરી ઉપર ચઢી ગયો અને એણે તેમને તેનું પાણી પાયું આ પ્રસંગ બતાવે છે કે ગ્રામ - જીવનમાં સામાન્ય માણસ તરીકે રહેવું અને વર્તવુ એ તેમને કેટલું પ્રિય હતું ? આ દેશ ગામડા ઓનો બનેલો છે અને તેની રીત - રહેણી તરફ સયાજીરાવનું સ્વાભાવિક આકર્ષણ હતું. એનાથી જુદો લાગતો પ્રસંગ જોઈએ. ઈગ્લેન્ડમાં એ સાંજે ડૉ. સુમનમહેતા સાથે ફરવા નીકળે છે. ઓચિંતા એ કહે છે મારે બજારમાંથી કંઈક ખરીદવું છે. નજીકની દુકાનમાં જઈ એ એકલા રહીને ચોકલેટ ખરીદે છે. તરત ડૉ. મહેતા પાસે જઈ એ બાળકની માફક ખુશખુશાલ થાય છે કે મેં ચોકલેટ ખરીદી !! ત્યાં તો દુકાનદાર તરત દોડતો આવે છે અને ડૉ. મહેતાને કહે છે કે આ તમારા મિત્ર તો જુઓ ! એમણે લેવાના પૈસા પણ લેવાનું ભૂલી ગયા. અહીં પણ એક સામાન્ય માણસ તરીકે જીવવાની એમની કદી ન ગયેલી ઈચ્છા દેખાશે. એ ઈગ્લેન્ડમાં હતા ત્યારે પોતાના અમલદાર માને પાટીલ, તેમના ઓરડામાં મળવા ગયા અને વડોદરેથી આવેલું ભાખરવડીનું પારસલ બતાવ્યું. મહારાજાએ કહ્યું કે તમે કેવા નસીબદાર છો ! આવું સુખ તો મને મળતું જ નથી. લોકો એમ જ સમજે છે કે મહારાજાને સાધારણ માણસ જેવા સુખ કે દુ:ખ હોય જ નહીં. આ પ્રસંગમાં પણ આ અસાધારણ મહાન રાજવીની એક ઈચ્છા પણ તેવા સ્ત્રી - પુરુષોને મળી વિચારચર્ચા કરતા અને પરદેશોમાં પણ એવી વ્યકિતઓ અને સંસ્થા ઓને મળીને પોતાના વિચારો અને કાર્યોને ઘાટ આપતા હતા. આ હતી એમની સારગ્રાહીતા. તેથી જ એ હતા બહુશ્રુત વિચારક અને બાહોશ વહીવટ કર્તા. એમની ઈચ્છા એ કહેતા કે એમને ઑકસફર્ડ યુનિવર્સિટીમાં ભણવાનું મળ્યું હોત તો ! પરંતુ યોગ્ય કહેવાયું છે કે તેઓ વિશ્વજીવનની યુનિવર્સિટીના મહેનતુ અને બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા. તેથી જ પરદેશમાં કે આપણા દેશમાં એમને ડૉકટરેટ જેવી ઉંચી માનવંત પદવીઓ અપાઈ હતી. એ પદવીઓ એમના બૌદ્ધિક વ્યકિતત્વ, એમના કુશળ આયોજન અને સુવ્યવસ્થિત તેમજ પ્રગતિશીલ વ્યવસ્થાકાર્યને કારણે સાર્થક પણ નીવડી એમ કહી શકાશે.

મહારાજા સાહેબના વ્યકિતત્વમાં એક તેજસ્વી લક્ષણ તે એમની અકૂર નિર્ણયશકિત અને હિંમતપૂર્ણ કાર્યશકિત. એ પોતાના સ્વમાન કે સત્યને ભોગે બ્રિટિશ સામ્રાજય સામે પણ કદી ઝૂકયા નહીં મે એમાં એમને વર્ષો સુધી વેઠવાનું આવ્યું. પરંતુ દેશ માટે ગૌરવ અનુભવવામાં,

સયાજીરાવના પિતા શ્રી કાશીરાવ ગાયકવાડ

પોકારાતી દેખાય છે કે એમને સાધારણ માણસની માફક કેમ જીવવા દેવામાં ન આવે ? એ ફરિયાદ કરે છે કે હુ રાજા થયો ત્યારે મને મહારાજા તરીકે જીવવાનું જ શીખવવામાં આવ્યું. સાધારણ લોકોથી મને દૂર રખાયો. મને શિક્ષણ પણ એવું જ અપાયુ. રાજા થઈને હુ ગામડાઓમા ગયો ત્યારે મેં જોયું કે લોકો અને કાયદાઓ વચ્ચે અંતર છે. આ બધું યાદ કરીએ ત્યારે લાગે કે આવી ઝખનામાં જ એમની મહત્તા હતી. ગમે ત્યાં તેઓ હોય ત્યારે હરહમેશ એ સાધારણ માણસ માફક જીવવાની તક ઝડપી લેતા.

પોતાના જીવનમાં એ બે વાતે ચોક્કસ હતા કે નિયમીત કસરત - અભ્યાસ વિગેરે કરવાં અને લોકોના હિતમાં નવા જમાનાની પ્રગતિ પ્રમાણે કામ કરતાં કદી થાકવું નહી. આ બંને બાબતો એમણે ઠેઠ સુધી ૭૬ વર્ષની વય સુધી અખંડપણે જીવનમાં ઉતારી. એમને શ્રધ્ધા હતી વિદ્વાનોમાં અને તેથી પણ વધુ શાણા અનુભવીઓમાં. પોતાના રાજયમાં તેથી જ તેઓ જેવી પસંદગી કરીને ઉચ્ચ અમલદારો નીમતા. લોકોમાંથી એ ગૌરવની રક્ષા કરવામાં કે એ પોતાના રાજયમાં અંગ્રેજોને ખૂંચતી હતી એવી સુધારક પ્રગતિશીલ રાજનીતિનો અમલ કરવામાં એ કદી એકના બે થયા નહીં. એ ઉદવેગ અનુભવે છે મુંઝાઈ જાય છે. સાવધ રહે છે. પરંતુ પોતે જે સાચું અને પ્રજા માટે પ્રગતિના હિતમાં યોગ્ય માને છે તેમાં પૂરેપા અડગ રહે છે. રાજાની સત્તા જેમ પ્રજાની સંમતિથી શોભે છે તેમ રાજકુટુંબનો ખર્ચ પણ મૂળ તો પ્રજાના નાણાંમાંથી હોય છે એ બાબતમાં તેઓ હંમેશા જાગૃત છે અને એનું પાલન કરવામાં મક્કમ છે. પરિણામે એમને કંજૂસ કે રાજવી કુળના લક્ષણથી દૂર પણ કેટલીક વાર ગણવામાં આવતા. એકહથ્થુ હોવાની ટીકા ખમી લઈને પણ એ સાચા રાજકર્તા આ વાતે નિશ્ચયપૂર્વક વર્તતા હતા.

૧૯૧૧ના દિલ્હી દરબાર પછી અંગ્રેજ હકૂમત એમને સમજીને કે પછી ભારતમાં વધતા રાષ્ટ્રીય જુવાળને ધ્યાનમાં રાખીને સયાજીરાવ તરફ ઉગ્ર રીતે વર્તી નથી. છતાં એ હીટલરને મળે મુસોલીનીને મળે એ

બ્રિટનને પસંદ નહીં. પોતાના રાજ્યમાં લશ્કરમાં સેનાધિપતિ યુરોપીયન હોય એ પણ મહારાજાને કબુલ ન હતું. એ વાતની અંગ્રેજોને નફરત હતી. મહારાજા રશિયા જવા માંગતા હતા એમાં પણ ઈંગ્લેન્ડની વડી સત્તાએ મંજૂરી આપી ન હતી. આમ સયાજી રાવને અંગ્રેજ હકુમત સાથે ઠેઠ સુધી ઓછુ બનતું હતું આ દેશભક્તને મહારાજા તરીકે આ પરિસ્થિતિ કેવી મુશ્કેલીમાં મૂકે તે સ્પષ્ટ છે. મહત્ત્વનું એ છે કે ઠેઠ સુધી પોતાના અને પોતાની પ્રજાના સ્વમાન અને હક્ક માટે એ નિર્ભય પણે વિદેશી હકુમત સામે ઝઝુમે છે. તેમજ ઘણી બાબતોમાં ફાવે છે. વધુમાં ઠેઠ આયુષ્યના છેલ્લા ભાગમાં પણ ઈંગ્લેન્ડમાં જ એઓ એકથી વધુ વખત ભાષણમાં સ્પષ્ટ કરે છે કે હવે હિંદને વહેલામાં વહેલું સ્વાતંત્ર આપવું અનિવાર્ય છે. ડહાપણપૂર્વક તે અપાવું જોઈએ.

સયાજીરાવ પહેલા

વિદ્વાન અમલદાર ગોવિંદ સખારામ સરદેસાઈ વયને કારણે રાજસેવામાંથી મુક્તિ માગે છે. સયાજીરાવ એમ ન કરવા એમને સમજાવે છે અને કહે છે કે વડોદરા જ તમારૂ વતન છે. છેવટે પરદેશ જવા વડોદરાથી ઉપડતાં પહેલાં મોડી રાત્રે તેઓ સરદેસાઈને બોલાવે છે. નજીકમાં રાજસંતાનો બેઠાં હોય છે. સરદેસાઈ પોતાની વાતને વળગી રહે છે ત્યારે આ મહારાજનું પિતૃહૃદય નરમ થઈને સમજાવે છે કે "સરદેસાઈ, તમે અહી જ રહો. ન જશો. કંઈ કામ ન કરશો. આ મારાં સંતાનો સામે જુઓ. તમારા વીના એમની કોણ સંભાળ લેશે ? સરદેસાઈ માનતા નથી. પોતાને વતન નિવૃત્ત જીવન ગાળવા ચાલ્યા જાય છે. ઠેઠ ૧૯૫૬ માં સર દેસાઈ લખે છે કે "આવો મોટો માણસ મને આમ આર્દ્ર થઈને વિનંતી કરી એ કેવું ? અને છતાં હુ ન માન્યો"

હંમેશા કોશીષ કરતા અને ફાવતા. તેઓને એમ છતાં દુઃખ હતું કે તે ઓને યોગ્ય રીતે સમજવામાં આવતા નથી અને નજીકના પણ એમને અલિમ - અતડા માને છે. વિનોદ-કટાક્ષ કે મજાક એમના ભાષણોમાં છે. નજીકના અમલદારો આગળ પણ એ ખૂલ્લા દિલથી સાધારણ વાતો કે અંગત વાતો કરે છે. વધુમાં ગામડાંઓમાં જાય ત્યારે લોકો સાથે એમની રીતે વાતચીત અને વર્તન કરે છે. છીછરાપણું રેઢિયાળ પણ કે દેખાડો અથવા ખોટી ખુશામત એ તરત પારખી લેતા અને અકળાઈને કહેતા કે પોતાની બુદ્ધિથી સરકારી નોકરીયાતોએ નિર્ણય લેવા જોઈએ. મહારાજા પર દરેક વાતે આધાર ન રાખવો જોઈએ. એ કહેતા કે જ્યાં જાઉ છું ત્યાં મને સલામો જ સલામો મળે છે. પણ મને કોઈ સમજવા પ્રયત્ન કરતું નથી. તરત દેખાય છે કે આ માણસ અમુક અંતર રાખવા માગે છે તે માત્ર પોતાના મહારાજા તરીકેના કર્તવ્યોને બને એટલાં સારી રીતે મૂર્ત કરવા માટે જ બાકી એ વ્યકિત જોઈને કે નાની મંડળી વચ્ચે કે મોટી સભા ઓમાં પણ ખૂબ નિખાલસ થઈને વાતો કરે છે. પોતાના અંગત અનુભવો વિનાસંકોચ વર્ણવે છે અને જેમ ન ગમે ત્યાં નાખૂશી કહી દે છે તેમ સારૂં લાગ્યું તેની પ્રશંસા કરીને પ્રોત્સાહન પણ આપે છે. સયાજીરાવના વ્યકિતત્વને આ રીતે જરાક ઉંડેથી જોવાનો સ્પષ્ટ યત્ન લાંબા સમય સુધી ચરિત્રકારો દ્વારા પણ ન થયો તે નવાઈની વાત છે.

આ વ્યકિતત્વની એક વિશેષતા તરફ પણ સ્પષ્ટ ધ્યાન જવું જોઈએ અને તે છે એની આસ્તિકતા અને ગુણજ્ઞતા. મલ્હારરાવ પદ ભ્રષ્ટ થતાં સયાજીરાવ ગાદીએ આવ્યા પરંતુ મલ્હારરાવ મદ્રાસમાં નજરકેદી તરીકે મૃત્યુ પામ્યા ત્યારે ડભોઈમાં સયાજીરાવે તેનું શ્રાદ્ધ કર્યું વધુમાં તેમની વિધવા રાણીઓને વડોદરા રાજ્યમાં વસવા આગ્રહ કર્યો અને તેમ થયું. આવી જાતનું ઔદાર્ય કહો કે ગુણજ્ઞપણું એમનામાં હંમેશ દેખાયું છે. દિવાન મનુભાઈનું કામ એમને ગમતાં તેઓ ચાંદીનો ટીસેટ

સયાજીરાવ બીજા

પણ તરત જ એમને ભેટ મોકલી સ્વીકારવા વિનંતી લખે છે. ધાર્મિક ક્રિયાકાંડ વગેરેમાં એમને ખાસ રસ નહીં. પણ બીજાઓને રોકવામાં પણ એ માનતા નહીં. એમને મન ધર્મ એટલે માનવધર્મ. માણસ માણસની સાથે માણસની માફક વર્તે એ જ એમનો આગ્રહ. વિશ્વધર્મ પરિષદો અમેરિકા અને બ્રિટનમાં મળી ત્યારે એ અધ્યક્ષ હતા. એમણે એક ખાસ વાત સમજાવી કે અમારા દેશમાં પ્રાચીન કાળથી ગાંધીજી સુધી ધર્મની મોટી ચર્ચાઓ વાતો મહાપુરુષોએ સાદી ભાષામાં લોકોને સમજાવી છે. એને તેઓએ મહત્વ આપ્યું. છૂતાછૂતના સ તેઓ ઉગ્ર રીતે પણ વાત કરતા અને જુદા જુદા ધર્મોમાં સારૂ તે બતાવી તેની મર્યાદા દેખાડતા નીતિશાસ્ત્ર અને ધર્મ ગ્રંથોનું એમનું વાંચન ઘણું હ

આમ મહારાજા હોવા છતાં સાદા અને કર્તવ્યનિષ્ઠા કે લોકકલ્યાણ અથવા બીજા માટે નિયમ તે રાજ માટે પણ નિયમ. એવું એ એમનામાં જે પ્રત્યક્ષ થયું તે એમની ધાર્મિકતા કે આસ્તિકતા સૂચવે છે આવા મહારાજા પાકટ વયે વડોદરામાં ધર્મ વિષે ખાસ જાહેર વ્યાખ્યાનો આપે એમાં કોઈ આશ્ચર્ય નથી. એમના વ્યકિતત્વમાં વડોદર માટેનો પ્રેમ એટલો ઉંડો હતો કે એમના છેલ્લા ૬૦ વર્ષો તો વડોદરાની રટણા અને સેવાથી ભર્યા ભર્યા હતા.

એમ થશે તો જ ભારત પશ્ચિમ અને પૂર્વ વચ્ચે યથાયોગ્ય કડીનું કામ કરી શકશે. આ બધુ બતાવે છે કે આ માણસ કેવા અડગ, બહાદુર અને વિચારશીલ હતા. એમનું દેશભકત તરીકેનું વ્યકિત્વ તેથી જ ગુજરાતમાં, ભારતમાં અને દુનિયામાં અમર થઈ ગયું છે.

એમને માટે એક ભ્રમણા એ હતી કે સયાજીરાવ ત્રીજા ચોવીસે કલાક મહારાજા તરીકે જીવતા હતા. વધુમાં એમ પણ કહેવાનું કે એમનામાં કુટુંબવાત્સલ્ય ભાગ્યે જ હોય. આ બંને વિગતે સાચી હકીકત સાવ જુદી જ. મોટી વયે પણ એ પોતાના માબાપને ખૂબ લાગણીપૂર્વક યાદ કર્યા કરે છે. દત્તક પુત્ર તરીકે રાજમાતા જમનાબાઈ પ્રત્યે તેઓ કર્તવ્યનિષ્ઠ સુપુત્ર તરીકે વર્તે છે. કવળાણાના સગા - વહાલાને પણ માનથી જુએ છે. પોતાના સંતાનોને સારામાં સારૂં ભણતર મળે એ માટે એ વ્યવસ્થા કર્યે જ જાય છે. ફત્તેસિંહરાવ કે એમના પહેલાં રાણીથી થયેલી પુત્ર એટલે કે યુવરાજ એમની માંદગી વખતે એ વારે - ઘડીએ એમના ખાટલા પાસે આવે છે અને એ મૃત્યુ પામતાં પલંગનો કઠેડો પકડી સુનમૂન ઉભા રહે છે. પોતાના વિશ્વાસુ અને રાજમહેલમાં બાળકોના શિક્ષક ઉપરાંત સલાહકાર જેવા સયાજીરાવનું કુટુંબવત્સલ અંદરનું પોતનુ પૂરેપૂરૂ સ્પષ્ટ કરી દે છે. કુટુંબજીવનમાં એ નિયમિતતા અને શિસ્તના આગ્રહી છે. રાજખટપટમાં કુટુંબીઓ ન પડે એ માટે

પણ તેઓ ચોક્કસ છે. સંતાનો ઉંચા ગુણ કેળવે, સારૂં ભણે અને તંદુરસ્ત રહે એ માટે સતત ધ્યાન રાખતા અને વ્યવસ્થા પણ કરતા. કેટલીક વાર શિક્ષકો રાજસંતાનોને ભણાવે ત્યારે એ વર્ગમાં પણ જઈને બેસતા. સંતાનો નાના હોય ત્યારે એ એમની સાથે આટયા - પાટ્યા વિ. રમતો પણ રમતા. યુવરાજ ફત્તેસિંહરાવની ઘોડેસ્વારી એ ખૂલ્લે દિલે વખાણતા. જાહેરસભામાં પણ એ ઉમંગથી કહેતા કે મહારાણીના સહકાર વગર તેઓ સુધારામાં કે પ્રગતિના કાર્યો પાર પાડી ન શકત આવું તો ઘણું છે અને બતાવે છે કે સયાજીરાવ પતિ-પિતા કે દાદા તરીકે સતત પોતાની લાગણીઓ પ્રમાણે જીવી જાણતા હતા.

એ ખરૂં કે સામાન્ય રીતે એમને શિષ્ટાચાર ગમતો અને અમૂક અંતરથી જીવવું ગમતું. જો એને અતડાપણું કહીએ તો એ પોતે એને જાણે છે અને કહે છે કે એમને સગીરવયથી વડોદરા આવ્યા પછી આ રીતે જ કેળવવામાં આવ્યા હતા. મહત્વ એ વાતનું છે કે એઓ આ મર્યાદાને પાર કરવા

સૌજન્યથી....

* * *

મે. પટેલ બીલ્ડર્સ

(એન્જીનિયર્સ એન્ડ બિલ્ડીંગ કોન્ટ્રાકટર્સ)

પ્રતાપ સિનેમા સામે
ટોપીવાળા લાઈન
વડોદરા
ટે.ન. ૫૫૧૮૩૯

રાજકર્તા સયાજીરાવ

હસિત હ. બૂચ

રાજકર્તા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ-ત્રીજાનું દીર્ઘાયુ (૧૮૬૩ - ૧૯૩૯) - છોંતેર વર્ષોનું. એમાં એમનું મહારાજાપદ (૧૮૭૫ - ૧૯૩૯) ચોસઠ વર્ષનું એશિયામાં સૌથી લાંબું રાજશાસન અનન્ય છે. રાણી વિક્ટોરીઆનું શાસન (ઈંગ્લેન્ડ) ૬૪ વર્ષોનું. એથી વધુ યૂરોપમાં બીજું શાસન બે કિસ્સામાં સયાજીરાવનું પોતાને હસ્તકનું શાસન, પુખ્તવયથી થતાં મળેલ શાસનહક્ક (૧૮૮૧ - ૧૯૩૯) બાવન વર્ષોનું કહેવાય. આ લાંબો સમય હિંદના નવા યુગપરિવર્તનનો સમય છે. સયાજીરાવ - ત્રીજા એમાં અગ્રેસર જ નહીં , એક પ્રથમ કક્ષાના સફળ જ્યોતિર્ધર છે. એમની દીર્ઘદૃષ્ટિ, પ્રગતિશીલ વિચારણા, કાયદા અને એના અમલમાં એઓની ચોકસાઈ તેમજ મહેનત, પોતાની જાતે સહન કરીને પણ કાયદાનું જાતે પણ પાલન કરવાની એમની સતત કાળજીને કારણે એઓ દેશના મહાન વીર, રાષ્ટ્રીય મશાલચી તથા મોટી ગજાવાળા પ્રજાનેતા પણ પુરવાર થયા. દેશના અને જગતનાં અનેક મહાન સ્ત્રી-પુરુષોએ એમને બે રીતે મૂલ્યા છે. આજે પણ ફરી ફરી માન દોરતો વિદ્વાનોનો અભિપ્રાય એવા મળે છે કે રાજકર્તા તરીકે, રાષ્ટ્રોધ્ધારક પ્રજાશિલ્પી તરીકે સયાજીરાવની પ્રતિભા તથા કાર્ય-કામગીરી ઊંડો અભ્યાસ માગે છે. એમ કહેવાયું છે કે, એ પરાધીન હિંદમાં એમણે એવાં પ્રગતિશીલ સમાજ ઘડતરનાં પગલાં ભર્યાં કે જે બધાં અપૂર્વ હતાં, એમાં ચોકસાઈ હતી વળી, આ દેશ સ્વતંત્ર થયા પછીયે એમણે સફળ કરી બતાવેલાં કેટલાંક નવયુગી પ્રસ્થાનો હજી આપણે મૂર્ત કરવાની જરૂર છે. ઈતિહાસકારો સરદેસાઈ - કમદાર કે ફડકો ચં. ચી. મહેતા ભા. વિ. રાજપૂરોહિત - હસિત બૂચ વગેરેની દૃષ્ટિએ આ રીતે યાદ આવે એમ છે. એ મહારાજા ખરા. એથી એમ કહી કે આવો મહાન યશ મેળવવો એમને માટે તો સહેલો જ હોય ને ! આપણે દેશ પર રાજ અંગ્રેજોનું, એ કેવી મોટું વિઘ્ન હતું. દેશાભિમાની અને સુધારક સયાજીરાવને દાબમાં રાખવા, એમનું અપમાન કરવા, એમને દાઢે રાખી સકંજામાં લેવા, એમના પર સખત ચોકી બેસાડવા અને ૧૮૭૭ના દિલ્હી - દરબાર વખતે તો પદભ્રષ્ટ કરવા છૂપી કોશિશ પણ કરવા અંગ્રેજ અમલદાર વર્તુળે પૂરા પ્રયત્નો કર્યા હતા.

ઈંગ્લેન્ડમાં અને આ દેશનાંયે અંગ્રેજ પરસ્ત છાપાંનો હોબાળો તો ઈ. ૧૯૦૫ થી ૧૯૧૫ વચ્ચે સખત ટ્રેપવાળો અને સાધારણ સભ્યતા વગરનોયે હતો. આ દેશમાં જ નહીં પરંતુ જગતભરનાં ન્યાયપ્રિય, સુજ્ઞ, પ્રગતિશીલ અને રાષ્ટ્રીય છાપાં કે

સયાજીરાવના દરબારનું એક દૃશ્ય

નેતા - પ્રજા સયાજીરાવ - ત્રીજાની પડખે જ. અંગ્રેજ ધોંચપરોણાની સામે સયાજીરાવ હમેશાં માથું ઊંચકનાર. પોતાના રાજ્ય અને પોતાના હક્ક ઉપરાંત સ્વમાનની રક્ષા એમણે ખૂબ ગૌરવ અને ડહાપણ પૂર્વક છતાં અસાધારણ હિંમતથી કરી. ઈંગ્લેન્ડમાં સામ્રાજ્ઞી, સમ્રાટસ્થાને જે હોય આવે તે બધાં એમને માન આપે. ત્યાંની પાર્લામેંટના પ્રગતિપ્રેમી સભ્યો ખુલ્લી રીતે એમને બિરદાવે. જાપાન કે અમેરિકા, ફ્રાન્સ, કે જર્મની ઈટલી કે બીજા દેશોમાં સત્તાધીશો પણ એમને પીઢ, અનુભવી, દ્રષ્ટિમંત, બહાદુર સજકર્તા તેમજ રાજનીતિજ્ઞ તરીકે પ્રગટ સન્માન આપતા. આ દેશમાં તો સર્વત્ર એ પ્રજાવત્સલ દેશભક્ત રાજવી તરીકે રાષ્ટ્રના ગરવા સપૂત રૂપે લોકોમાં કે નેતાઓમાં ખૂબ જ પ્રિય હતા.

એમના અંગત જીવનમાં જોઈએ તો પણ એ વ્યથિત હતા. એક પછી એક પુત્રોનાં મરણ, જમણા હાથ જેવા ભાઈઓ કે સાથીદારોનું એમની હયાતીમાં નિધન, સંતાનોની કેટલીક બૂરી આદતો કે જે જીવલેણ થઈ, સયાજીરાવે છેલ્લાં ચાલીસેક વર્ષોમાં તો આવી આકરી વેદના, મુંગે મોંએ છતાં ઊંડે ઘા છુપાવી તેમજ યાદ કરી કરી, સતત સહી છે. એ વલોવાતા જ રહ્યા. આવી વિપત્તિ વચ્ચે. એક બાજુ અંગ્રેજ માલિકોની પારાવાર કનડગત, બીજી બાજુ કુટુંબજીવનની વિદારક ઘટનાઓ સાથે પોતે અટુલા છે. કોઈ પોતાને માણસ, સાધારણ માણસ તરીકે સમજતું નથી - સગાવહાલાં પણ પ્રજાનાં નાણાં "મહારાજા" તરીકે પોતે એ માગે એમ આપે એમ ઈચ્છે એની વ્યથા, તો વધુમાં તંત્ર કેટલીક વાર પૂરું કામગરું થાય નહિં અને લોકો માત્ર ટુંક લાભો માગે અને ઉત્કર્ષના મોટા પુરુષાર્થ તરફ ઉદાસ રહે એની વેદના, આમ જુદી જુદી રીતે એ ખિન્ન રહેતા, નિરાશ થઈ એઓ એક-બે વાર લખે પણ છે કે, અંગ્રેજોને અને લોકોને પણ લાગે કે આ કરતાં મોજવિલાસમાં પડયા રહેતા રાજાઓ શું ખોટા કે, ઉપાધિ તો નહિં !

છતાં એ ખોટું લાગ્યું ત્યાં ઝુકયા નહીં જ. વિચાર, વર્તન, ભાવના અને વ્યકિત કે રાજવી તરીકેના આચરણ અમલમાં એ મક્કમ રહ્યા. એમની એક ટીકા કે, એ લાંબા લાંબા ગાળા સુધી લગભગ વર્ષોવર્ષ વિદેશોમાં જ ફરતા અને રહેતા. તબીયત એમાં કારણ હતું જ. પરંતુ ગમે ત્યાં હોય પોતાના રાજનું નાનું મોટું કામ એ કોઈ પ્રમાદ વગર કરતા જ રહ્યા. નાની વાતે પણ પૂરું ધ્યાન. વડોદરે તંત્ર સાબદુ હતું કે મહારાજાની નજરબહાર કંઈ જ રહેતું નથી. રાજયમાં લોકવિશ્વાસ કે છેવટે મહારાજા તો સાંભળવાના જ, પડખે છે જ. દેશ જાણે કે રાષ્ટ્રગૌરવની રક્ષાએ બધે જ ધ્યાનથી સાચવે છે. વિદેશોમાંથી જ્ઞાન, કળા, અનુભવ, સમાજ, વિજ્ઞાન, સ્વાતંત્ર્ય, રાજતંત્ર, એમ અનેક પાસાંની ઊજળી અને નબળી વિગતો એમણે જોઈ અને તેને મૂલવી. રાજયમાં એમાંનું પ્રજાહિતકારક તે આણ્યું અને સારી રીતે યોજયું. દેશભરમાં જયાં એ ગયા ત્યાં પશ્ચિમની પ્રગતિ અને એની મર્યાદાઓ સ્પષ્ટ કર્યા કરી. એમનો મૂળ વિશ્વાસ આ દેશની સંસ્કૃતિમાં અને એના જીવનની સધ્ધર બાજુઓમાં કદી ન ડગે એવો ઊંડો હતો. તેથી એમને એ જરૂરનું જણાયું કે વચ્ચેની સદીઓમાં આપણે જે દૈવત ગુમાવ્યું તે પાછું મેળવીએ. અંગ્રેજો આવ્યા. આપણો પશ્ચિમના અને જગતના દેશોનો પરિચય સહેલો થયો. તેમાંથી જે નવા યુગમાં મજબૂત પ્રગતિ કરવા માટે અપનાવવું જ જોઈએ તે વિચારપૂર્વક યોજ્યું. આ એમની દ્રષ્ટિ. એમના વિદેશ પ્રવાસોએ રાજયપ્રજાને દેશભરમાં ધ્યાન દોરે એમ અર્વાચીન સારાં લક્ષણો એ દીપાવી. એથી દીપ્તિનું કારણ એ કે તેમાં ભારતીય વિવેકબુદ્ધિ સતત રહી.

એને નવાઈ ગણો. એને એમની મહેનત અને બુદ્ધિપૂર્વકથી જાગૃત રહેલી પ્રતિભા કહો. વધુમાં એમાં દેશકાળ પોષક થયાં ગણો. એથી જ રાજા થયા ત્યારે ગામડાનો અભણ છોકરો, રાજા થયા પછી મળ્યું ખાસ શિક્ષણ - તે પણ ઘણી મર્યાદીત કક્ષાનું, રાજય મળ્યું તે છૂટાછવાયા પ્રાંતોનું બનેલું, શરૂમાં તો તંત્ર સારી પેઠે પ્રમાદી અને રૂઢિચૂસ્ત, લોકોમાંયે નવાં વિચારવલણો માટે ઉદાસીનતા અને વિરોધ, એવું એવું એમને આગળ વધવામાં હરકત જ હતું. એમાંથી એ ઝડપથી તંત્રને , પ્રજાસમૂહોને નવા માર્ગે દેશભરમાં આગળ લઈ જાય છે. જરૂર પડે જ ત્યાં ઉતાવળ, ત્યાં સખ્તાઈ, ત્યાં સજા પણ ખરી, પરંતુ એકંદરે એમનો વહીવટ એમની દ્રષ્ટિએ કે સહુને સમજાવ્યે જ જવું, ધીમે ક્રમે સુધારો દાખલ કર્યા પછી લોકનાડ જોઈ આગળ વધવું, લોકમતનો સાથ લઈને જ કામ કરવું. એમને બે જાતની લાગણી રહેતી. એક એ કે, વહીવટી તંત્ર તથા લોકો એમના વિચારો, એમના નિર્ણયો, એમના સમસ્ત કાર્યના ટેકામાં છે અને તેથી વડોદરા નૂતન હિંદનો નમૂનો થઈ શકયું છે. બીજી લાગણી જુદા પ્રકારની હતી કે પોતાની મેળે સુધારા - પ્રામિના કાનૂનો ઘડવામાં અને પોતાની સત્તા પ્રમાણે જે-તે કક્ષાએ જાતે જ નિર્ણયો લેવામાં વહીવટ સંભાળતા અમલદારો - કર્મચારીઓ નિષ્ક્રીય રહે છે. પોતાના વિષયનું જ્ઞાન મેળવવામાં બેદરકાર રહે છે અને અક્ષરને

...ગરબાની નોંધ

હાલમાં થોડાં વર્ષોથી એમાં કલ્યાણરાયજીનું સ્વરૂપ પધારવાથી, બહુધા એ કલ્યાણરાયજીનું મંદિર કહેવાય છે.

૧૫. પ્રેમાનંદ કવિ પોતાનાં આખ્યાનોમાં હમેશાં "વીરક્ષેત્ર વડોદરું" એમ પરિચય

આપે છે. જૂના સમયમાં બાવન વીરોના ઉલ્લેખો મળે છે. હનુમાન, વૈનાલ, કાલભૈરવ વગેરે સાધનાના દેવો, "વીર" કહેવાય છે. તેમના પુરાણાં સ્થાનક આ શહેરમાં હોય અને આવું અપરનામ પડયું હોય તો અસંભવિત નથી. વીરક્ષેત્ર એ વડોદરા ઈ. સ. ૧૫૧૧માં કિલ્લેબંધ થયું ત્યાર પછી લશ્કરી સ્થાન સૂચકનામ છે.

૧૬. વડોદરાના પ્રશંસક આ કવિએ વડોદરાની સ્ત્રીઓ માટે આ વિશેષણ, છેક-ચતુર, વકોકિત-કુશલ, અંગ-મરોડ, અભિનયજ્ઞ, વક્ર ક્રેશ-કલાપવાળી, કટાક્ષ આદિમાં કુશલ એવા સારા અર્થમાં વાપર્યું જણાય છે. એમ એનું બીજું ચરણ અને ઉત્તરાર્ધ તથા ૧૭મી કડીમાં વર્ણવેલ "વાંકડિયા અસવાર" વિચારતાં જણાય કેટલાક તેને વાંકા અર્થમાં લેતા હોય તો તે યોગ્ય જણાતું નથી. "સૂરત અને મુંબાઈની ગરબી"માં સૂરતની ગુજરાતણને વખાણવા માટે, તે ગરબી લખનારે બીજાં શહેરોની સ્ત્રીઓને વગોવી જણાય છે :

"અમદાવાદી હરામજાદી, ખંભાતી ગોઝારી રે,
વડોદરાની વાંકી નારી, સૂરતની બલિહારી - મુંબાઈ અલબેલી",

કવિ ન્હાનાલાલ, "ન્હાના ન્હાના રાસ"ના "આમંત્રણ"ના ગરબામાં-

"છબી છટાભરી સોહાગ, તપે મુખ, મુગ્ધ ઉરા :
શુભ વડોદરાની વેલ સરિખી, ઓ ચતુરા !"

એમ "શુભ વેલ સરિખી" વાંકી ફૂલ-ફૂલથી લચેલી કિંવા નાજુક નમ્ર ઓળખાવતા જણાય છે.

૧૭. ગાયકવાડના ગુજરાતી શરાફો-હરિભકિત, લલ્લુ બહાદર, અને શામળ બહેચર-એ શાહુકારો ગાયકવાડને નાણાં ધીરતા, "હરિભકિત"ની પેઢીવાળા હરિદાસ અને ભકિતદાસ બે ભાઈઓ હતા, ગાયકવાડે તેમને મદ્રાસથી બોલાવેલા. આ શાહુકારો પુણ્ય-દાન ખૂબ કરતા.

લલ્લુ બહાદરને સારા સારા ઘોડા રાખવાનો ભારે શોખ હતો. રતનજી કહાનદાસ મકાનો, ધર્મશાળાઓ વગેરે બાંધવામાં નાણાં વાપરતા; આ ત્રણે શરાફો માટે એક કહેવત પડેલી હતી કે "લલ્લુ બહાદરનું ઘોડુ, રતનજી કહાનદાસનું રોડુ અને હરિભકિનું પુણ્ય."

૧૮. વડોદરું "ગરબા"નું રસિયું હતું : અને લહાણી વહેંચવાના કદરભર્યા કાર્યમાં સારો ઉત્સાહ ધરાવતું - એમ આ કડી સાખ પૂરે છે.

૧૯ નવરાત્રિમાં ગવાતા ગરબા ભેગો પોતાનો "વડોદરાનો ગરબો" પણ ગવાય, એ હેતુથી આ અજ્ઞાત (ભગવદ-ભક્ત-દાસ, ભગવાન ? ભગવત્પ્રસાદ ? ભગવતીદાસ ?) કવિએ નવરાત્રિના દિવસમાં જ ગરબો રચ્યો છે : અને તેનો ઢાળ લોકપ્રિય પસંદ કર્યો છે.

વળગી રહીને નિયમોનું હાર્દ અવગણે છે. લોકો મર્યાદિત ભણેલા શહેરી લોકો ગામડાં ને ઉશ્કેરે છે અને જવાબદાર સ્વશાસનને નામે સુરાજ્યની હકીકત જોતા નથી.

પ્રાથમિક મફત ફરજિયાત કેળવણી કે બાળલગ્ન નિષેધ, કે છૂતા છૂતની સમાનદ્રોહી જડતા સામેનાં પગલાં, કે ધાર્મિક માન્યતા-રિવાજમાંની અશાસ્ત્રીયતા કે અંધશ્રધ્ધા યા જોહુકમી સામેનાં પગલાં, એમ જુદી જુદી બાબતોમાં લોકસહકાર બહુ મંદ છે. ઉપરાંત લોકો નડતર પણ બને છે. આગેવાનો પ્રજાજીવનના આવાં નૂતન સંસ્કરણ કાર્યો બાબતે નિષ્ક્રીય અને બેતમા રહે છે. એમને ચૂંટણીની બેઠકો મેળવવાની અને તેમ એક કે બીજે સ્થળે સત્તા મળે તેની જ ઉપાધિ વળગેલી રહે છે. શાસન કલ્યાણકારક અને પ્રગતિશીલ

મહારાજા સયાજીરાવના આર્મી અફસરો

છે કે કેમ એ જોવાને બદલે જેને હિલચાલો ઉપાડાય છે તે શાસનની પધ્ધતિ એનું સ્વરૂપ અમુક જ સારું, એ હઠ પર ઈતિહાસની યે એમાં કોઈને જાણે પડી જ નથી. ટુંકામાં સયાજીને આવી બીજા પ્રકારની લાગણી યે થયે જતી હતી. એમની રાજકર્તા તરીકેની કારકિર્દી એ સળંગ ઉડિથી તપાસ્યે જતા હતા. જાહેરમાં એ મંથન સૌ સામે મૂકતા હતા. પોતાના દોષો યે એમાં સ્પષ્ટ કહેતા, ભુલો કબુલ કરતા હતા. એક માણસ પોતાના જીવનમાં બધું જ પાર પાડી ના શકે, એમ એઓ સ્પષ્ટ કરતા હતા. છતાં એમના ભાષણો, એમના પત્રો, એમની ઠેઠ સુધીની નવાનવાં કર્તવ્યો પાર પાડવાની ઉત્સાહી સક્રિયતા, એમનો પૂર્ણ આત્મવિશ્વાસ અને ઊંડો સંતોષ જોઈએ તો લાગે છે કે, એમની મોટી લાગણી જે સતત ટકી તે સૌના સહકારનું સદ્‌ભાગ્ય પોતાને મળ્યું છે તેથી એ બરાબર જાણતા હતા કે પોતાના રાજ્યમાં જો સુખ અને પ્રગતિ, તો પોતાનું યે સુખ અને પોતાની યે પ્રગતિ, અને તો જ દેશ અને દુનિયાને વડોદરા ગમવાનું.

સયાજીરાવ-ત્રીજાના શાસનનો ઈ. ૧૮૭૫ થી ૧૯૧૨નો ત્રીસીકાળ શિક્ષણ, ગ્રામસુધાર, પ્રજાહકકવાળી સંસ્થા રચનાઓ, વહીવટી ખાતાંઓની નવી વ્યવસ્થા કે તેની સુસજ્જ કાર્યપધ્ધતિ, ન્યાય અને કારોબારીની પરસ્પરથી સ્વાયત્તતા અને સામાજિક નવપ્રસ્થાનનાં વિવિધ કાર્ય વગેરે બાબતોમાં નવપ્રયાણનો અને તેને સ્થિર કરવાનો સમય લાગે છે. એ પછીનાં સત્તાવીસેક વર્ષોમાં આ બધાંમાં દૃઢતાની, વિકાસનું યશોદાયી ચિત્ર દેખાય છે. તે સાથે એમાં રાષ્ટ્રભાષા, રાજ્યની વિવિધ પ્રજાકીય જાગૃતિ દર્શાવતી સંસ્થાઓની શરૂઆત અને જમાવટ, વ્યાયામ શિક્ષણ, વિદ્યા, સંશોધનની સમૃદ્ધિ, આર્થિક સમૃદ્ધિમાં આગળ એવી પ્રજાસ્થિતિ, એમ નવાં પાસાંઓ પણ જોઈ શકાય છે. આગળ વધવું, ત્યાં સ્થિર થવું એમાં ભુલો હોય તે દુર કરવી જે થાય તેમાં દેશોન્કર્ષ ન ભૂલવો, એ આ સયાજીકારકિર્દીની વિશેષતા થઈ.

રાજકર્તા તરીકે શરૂઆતના વર્ષોથી જ એમણે સરકારી ખાતાનાં લિખિત કમકજમાં જ પધ્ધતિ દાખલ કરી તે ટિપ્પણ. એને આજે ફાઈલ-નુમાર પધ્ધતિને નામે ઓળખીએ છીએ. અંગ્રેજોએ વડોદરા રાજ્યમાં સયાજી ત્રીજાએ ઘડેલું આ ટિપ્પણપ્રથાનું સ્વરૂપ અપનાવેલું એમ ઈતિહાસકાર સરદેસાઈએ નોંધ્યું છે. એ સંપૂર્ણ રીતે વિકાસ પામે છે. ઈ. ૧૮૮૯ની આજુબાજુના સમયે. મહારાજા વડા અધિકારીની નોંધ ટુંકી છતાં મુદ્દાને સ્પષ્ટ કરની હોય એવું જોતા વડોદરામાં સયાજી શાસન સંપૂર્ણ બંધારણીય સ્વરૂપનું નીવડયું અને નિયમો કામદાઓના વર્ષ સમજી વ્યવહાર કરનારું થયું એમ પણ જાણકારોની નોંધ છે. એમના લાંબા રાજઅમલમાં એકાદલાખ રાજહુકમો થયા હશે. મહારાજા કાયદાનો રાજાજ્ઞાનો વિષય સૂચવે, જાતે એના હેતુ વિચારને સ્પષ્ટ કરતી ભૂમિકા લખે અને હુકમની લખાવટ સુધારે એવું બનતું જ. આ આજ્ઞાઓનું રહસ્ય એ ખાનાંઓની સભામાં કે પ્રસંગ જોઈને જાહેર સભાઓમાં યે પુરું સમજાવતા, ચોકસાઈ મુળહેતુ વગેરે માટે એ પૂરું ધ્યાન દેતા. આ હુકમોને રાષ્ટ્રીય વાડમયનું નામ અપાયું છે. કચેરીઓની રાજભરમાં એ નિયમિત કે ઓચિંતી મુલાકાત લેતા, ફરિયાદ મળે ત્યાં તપાસ કરતા. લોકોમાં ગામડાંઓમાં તો ખાસ એઓ અજ્ઞાત રહી સુખદુખ જાણવા ફરતા ને ખેતર-ઝુપડામાં ફરી વળતા. આશ્રયો છાત્રાલયો શાળાઓ વગેરેમાં જાને કાર્યક્રમમાં ના હોય તોયે એ જતા. રસોડા, શૌચાલય, વર્ગશિક્ષણ, વગેરેમાં પૂછપરછ અને પ્રત્યક્ષ જોઈ વીગતો મેળવી લેતા. છપાતા હુકમોવાળી આજ્ઞા પત્રિકા પરદેશમાંયે ઝીણવટથી વાંચી, પત્રો લખી અથવા કદમ અથવા શિક્ષા કરી તંત્રને સાબદુ કર્યે જતા એ થાકના જ નહીં. આ બધી વાતે ૭૫ની વય લગીયે એજ તમન્ના અને એજ શ્રમ. પરિણામે રાજકર્તા તરીકે એમની છાપ બધે જ ખૂબ ઊંચી હતી. એનું વાચન ઘણું અને જુદા જુદા વિદ્વાનો-નિષ્ણાતો સાથે મિલનો ચર્ચાઓ એમને ખૂબ પસંદ એથી અને કુદરતી બુધ્ધિબળે એ મોટા વિદ્વાન - બહુશ્રુત રાજવી ગણાયા

અમલદાર કે અભ્યાસી માણસની કાચી સમજ એમની પાસે ન ચાલતી, એમની સાથે વાતમાં કે વિષય મુદ્દાની રજુઆતમાં ભલભલા ડરતા કે મહારાજા પાસે અધ્ધર વાતો, ડોળઘાલું હોશિયારી ટકાવાની નથી. મોટા અમલદારો વિદ્વાન હોય અને વ્યવહારદક્ષ તો હોય પણ કોઈપણ ખાતું જાળવી શકે એવા હોય એવી એમની દ્રષ્ટિએ વારંવાર કહેતા. વડોદરાના વહીવટમાં તેથી જ ગુજરાતના, દેશ અને દુનિયાભરના પ્રતિભાળંત વિદ્વાનો કે નિષ્ણાતોની સંખ્યા મોટી હતી. એ સૌ મહારાજાની સજ્જતા જાણે, તેથી હમેશાં જાગૃત રહે.

બંધારણીય રીતે જ રાજા ખુદ વર્તે વહીવટ ચાલે, પ્રજાજીવન કે બીજી વ્યવસ્થાઓ કાર્ય કરે એ વડોદરામાં શકય સર્વ હદે સચવાતું. મહારાજા સયાજી ત્રીજાની એ માટે ચોકસાઈથી અમલદારોમાં એવી અણભણ એ કારણે થતી કે અહીં તો બધું "પધ્ધતસર" અને યાંત્રિક જ છે ! રેઢિયાળપણું બેદરકારી, નિયમની જડ સમજ કે દેખાડો એ સાવે સયાજીરાવને ધણી ચીડ. એ ય કહેતા ઊઠાંતાં બેસતા કાયદા કરવાથી પ્રજા ઉંચે ન આવે અને વહીવટ ના ફાવે. પોતે ટિપ્પણમાં "પ્રિન્સ ફીચર" છે એવા કટાક્ષને વેઠી લઈનેય પૂરી સમજુતી લખતા, લોકોને એ જ રીતે સમજાવતા અને કહેતા કે પોતાની મોટાઈ બતાવવા એ આમ નથી કરતા પણ હાર્દ બધા સમજે માટે પોતાની દ્રષ્ટિ રજૂ કરે છે. ભુલની ખાતરી થયેએ તરત હુકમ કે વ્યવસ્થા કાઢી નાખતા અથવા ફેરફારો કરી લેતા હતા-એ માત્ર સુરાજકર્તા થવા જ રાત-દિવસ વિચારતા, વર્તતા, વિચારને આચારમાં મૂકતા. એની જ એમને ચિંતા અને લગની હતી. એમની સાદાઈ, એમનો પરિશ્રમ એમની જ્ઞાનપિપાસા, બધું જ "સાદુ જીવન તથા સમૃધ્ધ વિચારશકિત"ની ઉકિતને મૂર્તિ કરનારાં લક્ષણો હતાં. "મહારાજા"ના શબ્દે જે છાપ અંગ્રેજો પહેલાં અને પછી તો વધુ ઊભી કરી તે હજીયે લોકોમાં ખાસ ગઈ નથી. જો કે, પ્રત્યાઘાત તરીકે, તોયે એ બધા ઠીક હતા ! એવું યે જૂનાં માણસો છાપાં જોઈ બોલી ઊઠે. તેમાં નિયમિત રોજિંદી કસરત નિયમિત વિદ્યાર્થી જેવું વાચન અને ઉત્તમ જ્ઞાન ઝખનું મન, ખાસ આજપ્રસંગે રાજવીવેશે પણ સંયમ અને બાકી રોજ તો નવાઈ પમાડે એવી સાદાઈ, કાયદો પોતા અને પોતાના ઘર માટે પણ બંધનકર્તા જ એ વલણ, એવું કે વ્યસનો નહીં એવું સળંગ જીવન, એવું બધું સયાજીરાવના "મહારાજા"પણા ને પ્રાચીન ભારતીય કે નવો કહો એવો અર્થ આપે છે. રાજકાજને ધર્મ ગણી એ માટે પળેપળ ચિંતામાં કે કાર્યમાં મગ્ન સયાજીરાવ માટે પણ ડૉ. જયોતીન્દ્ર મહેતાએ મતલબે લખ્યું છે કે વડોદરાનું રાજતંત્ર સયાજી વ્યકિતત્વ અને સયાજીકાર્યોથી છવાએલું છે. એમાં એઓની રાજકર્તા રૂપે કારકિર્દીનો સાર છે.

ઈ.સ. ૧૯૦૮માં એમણે ભા હતું કે, ધાર્યાથી સ્વરાજય વ આવશે. એ ચિરવિદાય લે ૧૯૩૯ના ફેબ્રુઆરીમાં એટલે સ્વરાજય આવ્યું એ પહેલાં મ આઠ વર્ષ અગાઉ. ઠેઠ આ સદી આરંભના દસકાથી લોકો છાપામાં માન્યતા કે, સ્વરાજય પહેલાં પ્રમુખ સમાજીરાવ ત્યારે શ્રી અરવિંદે નિકટનાને કહે કે, આ રાજા તો કોઈ મો સામ્રાજયનું સંચાલન કરે એ પ્રતિભા ધરાવે છે. પરદેશોમાં યે

રાજનીતિજ્ઞ અને રાજકર્તા તરી દીર્ઘદ્રષ્ટિ યોજકબુધ્ધિ, પ્રજાહિતભાવના અને કાર્યદક્ષ એમણે એવી જ મૂર્તિ કરી હ તેથી જ એમનું શાસન લોક હ હજી વંદે છે.

વડોદરાના સયાજી ત્રીજાનું યશસ્વી દીવાનમંડળ

(૧) રાજા સર તાંજોરકર માધવરાવ (૧૮૭૫ - ૧૮૮૨)
(૨) ખાનબહાદુર શાહબુદ્દીન કાઝી (૧૮૮૨ - ૧૮૮૬)
(૩) દીવાન બહાદુર લક્ષ્મણ જ. વૈધ (૧૮૮૬ - ૧૮૯૦)
(૪) દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ (૧૮૯૦ - ૧૮૯૫)
(૫) શ્રી જયસિંઘરાવ આંગ્રે (વચગાળામાં હવાલો સંભાળનારા)
(૬) દીવાન બહાદુર શ્રી નિવાસ રા-આયંગર (૧૮૯૬ - ૧૯૦૧)
(૭) દીવાન બહાદુર રામચન્દ્ર વિ. ધામણસકર (૧૯૦૧ - ૧૯૦૪)
(૮) મિ. કેરશાસ્પજી રૂ. દાદાચાનજી (૧૯૦૪ - ૧૯૦૯)

(૯) મિ. રમેશચન્દ્ર દત્ત (૧૯૦૯ જુન - નવેમ્બર) - વડોદરામાં નિધન.
(૧૦) મિ. સી. એન. સેડન આઈ. સી. એસ. (૧૯૦૯ - ૧૯૧૨)
(૧૧) મિ. બિહારીલાલ ગુપ્તા (૧૯૧૨ - ૧૯૧૪)
(૧૨) મિ. વી. પી. માધવરાવ (૧૯૧૪ - ૧૯૧૬)
(૧૩) સર મનુભાઈ નં. મહેતા (૧૯૧૬ - ૧૯૨૬)
(૧૪) દીવાન બહાદુર ગણપતરાવ ગાયકવાડ (વચગાળામાં હવાલો સંભાળનારા)
(૧૫) સર વી. ટી. કૃષ્ણમાચારી (૧૯૨૭ ફેબ્રુઆરી - ૧૯૪૩)
(સયાજી ત્રીજાની ચિરવિદાય ફેબ્રુઆરી ૧૯૩૯માં)
બી. એ. ગાયકવાડ ૧૯૪૩ (એકટીંગ દિવાન)
(૧૬) બી. એલ. મિત્તર ૧૯૪૪-૪૭
(૧૭) અ. સ. સુધાલકર ૧૯૪૭ - ૪૮
(૧૮) ડૉ. જીવરાજ મહેતા ૧૯૪૮ - ૪૯
પછી મિત્તર + અ. સ. સુધાળકર + ડૉ. જીવરાજ મહેતા.

હાર્દિક શુભેચ્છાઓ સાથે- - -

ટ્રાયોમેન્યુફેકચરર્સ

સી/૧-૧૨૮, જી.આઈ.ડી.સી. એસ્ટેટ
મકરપુરા,
વડોદરા-૩૯૦૦૧૦

વડોદરા સમાચાર

વડોદરા જિલ્લાના વિવિધ વિસ્તારોના ખાતેદારોના ખાતાવિષયક વ્યવહારો ચલાવવા માટે બેન્કની શાખાઓ

માધવીકાલા સાકરલાલ કેસાણી	૧૯-૨-૧૯૦૪	૩૧-૧-૧૯૦૬	(૧૨) શ્રી મંગેશ કમળાકર નાડકર્ણી	૨૬-૧૦-૧૯૨૩ થી ૧૦-૧૧-૧૯૨૩
માર્કંડરાય કેશવરાય ખાંડેકર	૧૦-૨-૧૯૦૬	૩૦-૩-૧૯૦૬	(૧૩) શ્રી રામચંદ્ર વૃંદો ગોખલે	૧૬-૧-૧૯૨૪ થી ૧૮-૧૧-૧૯૨૫
ગોપાળજી નિંબાળકર	૧૨-૫-૧૯૦૬	૮-૮-૧૯૦૯	(૧૪) શ્રી ઇલાબાઈ ખંડેરાવ નલાડી	૨૫-૧૨-૧૯૨૫ થી ૬-૧૨-૧૯૨૮
વિનાયકરાવ ખાંડેકર વાણિકર	૧૯-૧૦-૧૯૦૯	૧૫-૧૨-૧૯૦૯	(૧૫) શ્રી રમેશરાવ અન્નપૂર્ણા સુબેદકર	૨૪-૧૨-૧૯૨૮ થી ૧૫-૧૦-૧૯૩૪
મનુબાઈ નંદશંકર મહેતા	૬-૧-૧૯૧૦	૧૦-૯-૧૯૧૧	(૧૬) શ્રી મોતીલાલ છોટાલાલ ઠેસાઈ	૨૬-૧૧-૧૯૩૪ થી ૨૨-૧૨-૧૯૩૮
કૃષ્ણમય્યા રનમય્યા કોકાલ્યાળ	૧૯-૯-૧૯૧૧	૩-૩-૧૯૧૩		૨૨-૧૨-૧૯૩૮ થી
મણિબા નૂનન સંત્રા	૧-૯-૧૯૧૩	૩૧-૧૨-૧૯૧૩		મધ્ય વોડસા મધ્યુ
સંપતરાવ પ્રાપ્યસ્વામી	૧-૧-૧૯૧૪	૧૪-૮-૧૯૧૪	(૧૯) શ્રી મગનભાઈ કાંકરભાઈ પટેલ	૫-૮-૧૯૩૬ થી ૧૫-૮-૧૯૩૨
કૃષ્ણમય્યા રનમય્યા કોકાલ્યાળ	૧૫-૮-૧૯૧૪	૨૮-૧૧-૧૯૨૧	(૧૮) શ્રી વિનાયકરાવ રાજેન્દ્રરાવ પ્રભોત	૨૯-૮-૧૯૩૨ થી ૯-૮-૧૯૩૬
મહમ્મદ હ. કાંટાવાળા	૧૬-૧૨-૧૯૨૧	૩-૫-૧૯૨૨	(૧૯) શ્રી ચંપાલાલ નરસિંહલાલ મોદી	૮-૮-૧૯૩૬ થી ૧૫-૮-૧૯૩૮
મહમ્મદ હ. કાંટાવાળા	૩૦-૧૨-૧૯૨૨	૧-૧૧-૧૯૨૩	(૨૦) કુ. વર્ષાદરાય સાકરલાલ ઠાકોર	૧૬-૮-૧૯૩૮ થી ૧૯-૮-૧૯૩૮
મહમ્મદ હ. કાંટાવાળા	૧૪-૧૨-૧૯૨૩	૨૪-૧૨-૧૯૨૩	(૨૧) કુ. રસિકલાલ મહિલાલ શેઠ	૧૮-૮-૧૯૩૮ થી ૨૦-૮-૧૯૩૮
ઇબ્રાહીમ મોઢીવાલા	૧૬-૧-૧૯૨૨	૨૪-૬-૧૯૨૩	(૨૨) કુ. ગંભીરાલાલ બાપાલાલ કોઠારી	૨૫-૮-૧૯૩૦ થી ૩૦-૮-૧૯૩૧
			(૨૩) નાનાભાઇ ચોકસી	૧-૫-૧૯૩૧





પ્રાચીન ગુજરાતી ગરબો

-રમજાત'

પ્રાચીન ગરબો

(આ સાથેનો મધ્યકાલીન ગુજરાતી ગરબો ઈ. સ. ૧૮૯૪માં લખાયો મનાય છે. તે વખતે વડોદરાના રાજાપદે સયાજીરાવ બીજાના પુત્ર અને ખંડેરાવ મહારાજાના મોટાભાઈ ગણપતરાવ ગાયકવાડ (ગાદી પર ઈ. સ. ૧૮૪૭ થી ૧૮૫૬) હતા. આ ગરબો લખનાર કવિ આમ તો અજ્ઞાત છે પણ પંડિત લાલચંદ્ર ભ. ગાંધી અને પ્રાધ્યાપક મંજુલાલ ર. મજમુદાર જણાવે છે કે કવિનું નામ કદાચ "ભગવત-દાસ" હોય. આ પહેલાં સોળમી સદીના પૂર્વાર્ધમાંના કોઈક જૈન કવિએ પોતાના ગુરુના સ્તવનમાં "વટપદ્રનગરશૃંગાર" એમ વર્ણન કર્યું છે. વળી કવિ વિનય વિજયે ૧૩૧ મંદાક્રાંતા શ્લોકોમાં વડોદરાનું પણ "લાટદેશનું તિલક" એમ વર્ણન કર્યું છે અને વડોદરા - વટપદ્ર નગરીને રમણીય તેમ અત્યંત અનુપમ કહી છે. એના શ્લોકમાં માંડવીનું વર્ણન કલ્પનાશીલ રીતે કરાયું છે અને તેને પવિત્ર ક્રાંતિવાળા ચાર દ્વાર સાથેના ચૈત્ય જેવું કહ્યું છે. આ વર્ણન ઈ. સ. ૧૬૪૯માં કરાયું હતું. તે પછી નેવું-એક વર્ષે પણ એક શિલાલેખમાં માંડવીનો શ્લોકબધ્ધ ઉલ્લેખ છે. ઈ. સ. ૧૭૩૬માં પણ એવું વર્ણન મળે છે.

પ્રસ્તુત ગરબો વડોદરાનું રસિક વર્ણન કરે છે અને તેમાં એ સમયના વડોદરાની ઘણી વિગતો વણી લેવામાં આવી છે. આપણે એ ગરબાનો આસ્વાદ કરીએ. આ ગરબો હસ્તપ્રત પરથી ઉપર્યુક્ત બેઉ સદ્‌ગત વિદ્વાનોએ બહાર મૂક્યો હતો અને તે ઈ. સ. ૧૯૪૧માં "વડોદરા સાહિત્ય સભા"ના રજત અંકમાં પ્રસિધ્ધ થયો છે. આ સંસ્થાનો આભાર.)

("સારું સારું રે સુરત શહેર, મુંબાઈ અલબેલી" એ ગરબાનો ઢાળ)

ધન્ય ધન્ય રે વડોદરું શહેર, રૂપે રંગીલું - ટેક૦
રૂપે રંગે છેલ-છબીલું, અલબેલું અપાર રે;
વડોદરાનું વર્ણન કરિયે, સુણજો નર ને નાર-
રૂપે રંગીલું : ૧

બાર પરાંની વસ્તી ભારે, શોભાનો નહીં પાર રે;
વર્ણવતામાં વર્ષ જ વીતે, પરાં બહાર બજાર-
રૂપે રંગીલું : ૨

યાકુતપુર અડાણિયું ને, કાલુપુરામાં ગૌખાનું રે;
ફોગટિયા બહુ [1]ફત્તેહપુરામાં, દેવાળિયાનું ઠેકાણું-
રૂપે રંગીલું : ૩

સરસિયાની પાળ ઉપર, [2]જેઠીનો અખાડો રે;
અષ્ટભુજા અલબેલી ઉભાં, પાછળ ગોસાંઈવાડો-
રૂપે રંગીલું : ૪

સરસનાથ છે સાહામી પાળે, વાયડાવાડી ત્યાંય રે;
અજબ તલાવની પાળે થઈને, ચાલ્યા અગડમાં જાય-
રૂપે રંગીલું : ૫

લાલ દરવાજે બંબાખાનું, [3]વાંદરિયો બુરજ રે;
મિયાં મહમદની વાડી જાણે, ઝળકી રહ્યો સૂરજ-
રૂપે રંગીલું : ૬

હાથિયા ખાડને દરવાજે, કાં હઠીલો હનુમાન રે;
રામ તલાવની પાળ ઉપર, રામેશ્વર ભગવાન-
રૂપે રંગીલું : ૭

[4]ઘોઈયાને દરવાજે થઈને, સિધવાઈએ જવાય રે;
અજા રાજાના દરવાજા સામે, ચોખંડી કહેવાય-
રૂપે રંગીલું : ૮

[5]મડધા-બારીએ થઈને ચાલ્યા, શહેર જોવા કાજ રે;
લક્કડપીઠ, મદનઝાંપો, ગોસાંઈજી મહારાજ-
રૂપે રંગીલું : ૯

સિદ્ધનાથનાં દર્શન કીધાં, આવી ઊંચી પોળ રે;
ચોરને બેઠા ગરદન મારે, ભેસાણા ભાગોળ-
રૂપે રંગીલું : ૧૦

વડુ પરું છે [6]બાબાજીનું, [7]ડાંડિયું બજાર રે;
સક્કરકુઈને ઝાંપે રૂડો, લાલ નામ સરદાર-
રૂપે રંગીલું : ૧૧

[8]આનંદપુરામાં આવિયા ને, રાવપુરાને ઝાંપે રે;
દાન દક્ષિણા રૂડી થાયે, ગણપતરાવ ત્યાં આપે-
રૂપે રંગીલું : ૧૨

ઊભી બજારની શોભા સારી, આવી ખારી વાવ રે;
સત્ય રૂપ ને રંગે રૂડુ, સુરસાગર તળાવ-
રૂપે રંગીલું : ૧૩

વડા વાડી છે ધીને કાંટે, નાગરવાડો વિખ્યાત રે;
આદિત્યવારે દર્શન કીજે, બેઠી બહુચર મા-
રૂપે રંગીલું : ૧૪

ઊભે ચોકે લીમડી બજારે, રૂડી શોભા થાય રે;
મૃદંગ વાગે, નારી નાચે, ઝીણે કંઠે ગાય-
રૂપે રંગીલું : ૧૫

નિઝામપરું ભૂતડીને ઝાંપે, રોકડિયા હનુમાન રે;
સુરસાગર ગૌઘાટને દરવાજે, ત્રણ જ છે કમાન-
રૂપે રંગીલું : ૧૬

શહેરની ત્યારે રચના દીઠી, શોભાનો નહીં પાર રે;
હાથી, ઘોડા, પાલખીઓ ને, વાંકડિયા અસવાર-
રૂપે રંગીલું : ૧૭

ચારે દિશાનાં ચારે ચૌટાં, વચ્ચે [9]માંડવી-ચોક રે;
ઊંચા મહેલ, મેડી ને અટારી, છજાં ઝરૂખા, ગોખ-
રૂપે રંગીલું : ૧૮

માંડવીને કમાન ચોપાસે, ચતુર કરે વહેપાર રે;
કાછિયા દુકાનો માંડે, ઊભી હાથી-હાર
રૂપે રંગીલું : ૧૯

[10]ચોપટ જેવા ચારે રસ્તા, સરખાસરખી ઓળ રે;
[11]પાણીને દરવાજે બેઠા, વાધ કરે કલ્લોલ-
રૂપે રંગીલું : ૨૦

રાજે તળાવની સુંદર શોભા, જોતામાં મન મોહે રે;
નારી સહુ જળ ભરવા જાયે, નોતમ રચના હોયે-
રૂપે રંગીલું : ૨૧

રામપુરા દરવાજો કહિયે, જોયું છે રામસુખ રે;
પરમેશ્વરનાં દર્શન કરતાં, જાય જનમનાં દુઃખ-
રૂપે રંગીલું : ૨૨

[12]લહેરીપુરાની લહેર સહુથી, શોભા છે ભરપૂર રે;
સુરસાગર રતનાગર જેવું, વાગે બહુ રણતૂર-
રૂપે રંગીલું : ૨૩

ચોથો દરવાજો ચાંપાનેરી, સરસિયાની વાટે રે;
વિસ્તારીને વર્ણન કીધું, ચોક પોળને હાટે-
રૂપે રંગીલું : ૨૪

નગર નિરખ્યું, મનડું હરખ્યું, પ્રભુ થાય પ્રસન્ન રે;
નરસિંહજીની પોળમહીં છે, નરહરિનાં દર્શન-
રૂપે રંગીલું : ૨૫

[૧૩]રાજરાજેશ્વર રણછોડજી, મહાલક્ષ્મી મુજ માત રે;
ગોવર્ધનનાથ ને [૧૪]બલદેવજી, ચાલો [૧૫]પુંડરીનાથ-
રૂપે રંગીલું : ૨૬

હમામખાનું જનાનખાનું, દિવાનખાનું પાસ રે;
ધરમતણી તો ધજા ફરે છે, ઊંચા મહેલ આવાસ-
રૂપે રંગીલું : ૨૭

ઘણી કારીગીરી કચેરીમાં, છે જાતજાતના રંગ રે;
નૌતમ નારી નાચ કરે છે, કોમળ તેનાં અંગ-
રૂપે રંગીલું : ૨૮

તરેહવારનું ટકોરખાનું, ગોવિંદરાવનો મહેલ રે;
ગાયકવાડના મહેલ આગળ, શોભા સઘળી સહેલ-
રૂપે રંગીલું : ૨૯

દાદાસાહેબ ને નાનાસાહેબ, બાપા સાહેબ મહારાજ રે;
ગણપતરાવ ઘણું જીવજો, ને અખંડ રહેજો રાજ-
રૂપે રંગીલું : ૩૦

લાડ, મોઢ, શ્રીગોડ, નાગર, દશા વીશા વણિક રે;
સોની, સાળવી, સૂતાર, છીપા, દરજી ઠીકાઠીક-
રૂપે રંગીલું : ૩૧

પૂના સતારા મુંબાઈ જોયું, પૂરવ પશ્ચિમ દેશ રે;
ઉત્તરમાં ઉદેપુર જોયું, પૃથ્વીના નરેશ-
રૂપે રંગીલું : ૩૨

બુન્દી કોટા, દીઠુ દિલ્હી, ને જોયો ગઢ ગિરનાર રે;
સૂરત ને અમદાવાદ જોયું, કઠિણ કિલ્લા ધાર-
રૂપે રંગીલું : ૩૩

બલિહારી તો વડોદરાની, ધન ધન નર ને નાર રે;
[૧૬]વીરક્ષેત્ર જેણે જોયું નહિ, તેનો એળે ગયો અવતાર-
રૂપે રંગીલું : ૩૪

[૧૭]વાંકી નારી વડોદરાની, મહારાજા પણ વાંક રે;
મૃગનયનીની વરણાગીથી, વળિયો આડો આંક-
રૂપે રંગેલું : ૩૫

શાહુકારોની દુકાનો ભારે, ધર્મતણો અવતાર રે;
[૧૭]ખુશાલચંદ, શામળ બહેચર ને, લલ્લુ બહાધર
શાહુકાર-રૂપે રંગીલું : ૩૬

રતનજી કહાનદાસ કહિયે, બાંધી પુણ્યની પાળ રે;
હરિભક્તિનો મહિમા મોટો, બીજા ભાઉ મૈરાળ-
રૂપે રંગીલું : ૩૭

રંગીલો જે ગરબો ગાશે, રંગીલાં નર નાર રે;
[૧૮]રંગીલા તો લહાણી લાવે, રંગભેર શ્રીકાર-
રૂપે રંગીલું : ૩૮

મિજબાની મનગમતી કરવા, જાયે શૉખીજન રે;
મસ્તુબાગનો બંગલો જાણે, ઈન્દ્રનું ઈન્દ્રાસન-
રૂપે રંગીલું : ૩૯

સંવત ઓગણીસ પાંચમાં, શકે સત્તરસેં સત્તર રે :
[૧૯]નવરાત્રિમાં વર્ણન કીધું, વડોદરું જે શહર-
રૂપે રંગીલું : ૪૦

પૂર્વ સહુ કવિને કરું વિનંતિ, કોઈ મ દેશો ખોડ રે;
વડોદરાની રક્ષા કરજો, રેવા ને રણછોડ-
રૂપે રંગીલું : ૪૧

ભગવદવાણી સાચી જાણી, મનમાં આણી ભાવ રે;
વડોદરાનો ગરબો ગાતાં, સહુ જન સુખિયાં થાવ !
રૂપે રંગીલું : ૪૨

ગરબાની નોંધ..

(અહીં આપેલી નોંધોનો આધાર, શ્રીજગજીવનદાસ મોદીનું "વડોદરાનો વૈભવ" નામનું પુસ્તક તથા "બરોડા ગેઝેટિયર" ઉપર મુખ્યત્વે રાખ્યો છે.)

૧. આ પરામાં વસ્તી વધારવા માટે એવો ધારો કરવામાં આવ્યો હતો કે પરામાં જે જઈને વસે તેના ઉપર લહેણદારોનો દાવો ચાલે નહિ. આથી ઘણા દેવાદારો ત્યાં જઈને વસ્યા હતા - એમ કહેવાય છે.

૨. જેઠી - એ ગુજરાતના મોઢ બ્રાહ્મણો છે; અને મલ્લવિદ્યા દ્વારા આજીવિકા મેળવે છે.

૩. ખરું નામ "બહાદુર બુરજ" જોઈએ કિલ્લેબંધીવાળાં ઘણાં શહેરમાં આવો એક બુરજ હોય છે. દાખલા તરીકે ભરુચમાં તે "વાંદરા ભરુચ" અથવા "વાંદરા બુરજ"ના નામે ઓળખાય છે. સંખેડાનો સં. ૧૮૦૦નો શિલાલેખ મળ્યો છે, તેમાં પણ મ્હાલુજી ગાયકવાડે બહાદુર બુરજ બંધાવ્યો : અને કામ ઘણું મુસ્તકીમ કીધું છે એમ લખ્યું છે. વિધિની વિચિત્રતા છે કે એવું મુસ્તકીમ કામ પણ આજે ખંડેર બની ગયું છે : અને એનો શિલાલેખ લખનારની કરડાગીમાં હસતો રઝળે છે !

વડોદરાનો કિલ્લો કયારે બંધાયો એ પ્રશ્ન અહીં ઊભો થાય છે, અમદાવાદના

સુલતાન મહમદ બેગડાએ વડોદરાનું નામ "દૌલતાબાદ" પાડયું હતું (?) તે પછી બાબી સરકારનું રાજય થયું. એ બાબી વંશના છેલ્લા શેરખાન બાબી પાસેથી સને ૧૭૩૪માં વડોદરા ગાયકવાડના કબજામાં આવ્યું હતું. બાબી અમલમાં ભટ્ટનો કિલ્લો તથા માંડવી બંધાયાં એમ મનાય છે. મોટા સયાજીરાવે (રાજયકાળ ઈ. સ. ૧૭૬૮-૧૭૭૮) ચાર દરવાજા અને શહેરને ફરતો કોટ, તથા "સરકાર હવેલી" બંધાવ્યાં હતાં.

૪. નાનાં તળાવને ગોયું કહેવામાં આવે છે. તેવાં તળાવ પાસેનો દરવાજો

૫. સં. મુકુટ જેવો પ્રાકૃતમાં મઉડ, અને મુકુટબદ્ધ શબ્દ માટે પ્રાચીન ગુજરાતીમાં મઉડઉધા શબ્દ વાપરેલો જોવામાં આવે છે.

મુડધા શબ્દ જૂની ગુજરાતીમાં જોરાવર મલ્લ જેવા જબરા માણસ માટે વપરાયો છે, જુઓ "કાન્હડદે પ્રબંધ", ખંડ ૨, ૬૯ : (સં. ૧૫૧૨) નડિયાદમાં જ્યાં પૂર્વે હોળીની લડાઈ વગેરે થતું તે જગા "મડધાબારી" કહેવાની. "પ્રતાપ મડધાની પોળ" બાજવાડામાં છે, ત્યાં પ્રતાપ નામના યોદ્ધા ઉપરથી એ નામ પડયું જણાય છે. મીરદહ અથવા મિર્ધા કે મડધા એ એક નાની લશ્કરી ટુકડીનો નેતા છે.

૬. બાબાજીપુરા અને રાવપુરા-ગુજરાતના મંત્રીબંધુઓ વસ્તુપાળ અને તેજપાળનું સ્મરણ કરાવનાર વડોદરાના પ્રસિધ્ધ દીવાનભાઈઓ બાબાજી આપાજી તથા રાવજી આપાજી (ગોવિંદરાવ ગાયકવાડ (૧૭૪૩-૧૮૦૦) તથા આનંદરાવ ગાયકવાડ (૧૮૦૦-૧૮૧૯)ના સમયમાં વિદ્યમાન)નાં નામ ઉપરથી એ બે પરાં વસેલાં છે. "બાબા ! તારી બકરી, કોઈ ન પકડે કાન" - એવી, કાઠિયાવાડ સર કરનાર બાબાજી આપાજીનો દાબ બતાવતી કહેવત પ્રચલિત છે. "બાબાશાહી" નામ, તે જ નામની પાઘડી તથા તે નામના ચાંદી અને તાંબાના સિક્કાઓમાં સચવાઈ રહ્યું છે.

૭. દાંડે બજાર-મુખ્ય રાજમાર્ગનું બજાર - એવો અર્થ હશે ? જયાં જયાં મરાઠાઓનો સંપર્ક કે પગદંડો હતો ત્યાં ત્યાં એ નામનાં મુખ્ય રાજમાર્ગ પરનાં બજાર ઓળખાવાય છે. સિંધિયા સરકારના હાથમાં એક વાર હતું એવા ભરુચમાં તથા ગ્વાલિયરમાં "દાંડે બાઝાર" શહેરના મુખ્ય રાજમાર્ગ ઉપર છે. વડોદરાનું દાંડિયા બજાર, જૂના લીલાબંગલાના રાજમાર્ગ પર કહી શકાય.

૮. કિલ્લાની બહાર વસ્તી થતી ગઈ અને પરાં વસતાં ગયાં. એ પરામાંનાં ફત્તેહપુરા, આનંદપુરા, અને શિયાપુરા - એ વડોદરાના રાજયકર્તા ફત્તેહસિંહરાવ (૧૭૭૧-૧૭૮૧), આનંદરાવ (૧૮૦૦-૧૮૧૯) અને સિયાજીરાવ બીજા (૧૮૧૯-૪૭) - એમના નામ પરથી વસેલાં છે.

૯. સંસ્કૃત મન્ડપિકા, પ્રાકૃત મંડવી, મંડવિયાને મળતું માંડવી એમ નામ

પડયું જણાય છે. ઉત્તર હિંદમાં મંડી એટલે બજાર - એવો શબ્દ પ્રચલિત છે : ત્યાં પણ, મંડવી ઉપરથી શબ્દ બન્યો હશે. જકાતના નાકાને આજે પણ "માંડવી" કહે છે : દીપમાળાને પણ "માંડવી" કહે છે.

૧૦. ઈન્દુદૂતમાં ચાર બાજુ કમાન-દ્વારવાળા મંડપ-માંડવીને ચારે તરફ દ્વારવાળા જૈનમંદિર સાથે સરખાવી છે. ગરબાનો કવિ ચૉપટની રમત સંભારે છે : અને ચાર દરવાજાના રસ્તાને મધ્યમાં સાંધનાર માંડવીની સ્થિતિ ઉપરથી સોગઠાંબાજીની ઉપમા આપે છે તે તેટલી જ સુંદર છે.

૧૧. વડોદરામાં નળ (સને ૧૮૯૨ના માર્ચની ૨૯મીએ) આવતાં પહેલાં, લોકો રાજે તળાવનું પાણી પીવામાં વાપરતા હશે તેથી એ નામ પડયું સંભવે છે. "વડોદરાનું નાક" આ દરવાજાના પ્રવેશદ્વાર ઉપર જ છે.

૧૨. મોજશોખના સ્થાન તરીકે શહેરનો આ ભાગ પ્રસિધ્ધ હશે-એમ લાગે છે. લીમડી બજાર (કડી ૧૫)નું ગાનતાન અને નાચરંગ, તથા સુરસાગર તળાવની હવા ખાવાની અને લહેર મારવાની જગા અહીં જ હોવાથી "લહેરીપુરા" નામ પડયું સંભવે છે.

૧૩. રાજરાજેશ્વરનું શિવાલય તથા પુંડરી (પંઢરી) નાથનું મંદિર મોટા સયાજીરાવનાં માતુશ્રી ગહિનાબાઈએ બંધાવેલાં છે.

૧૪. પુષ્ટિસંપ્રદાયનું આ મંદિર (બલ)દાઉજીનું મંદિર કહેવાય છે :

(બાકી. નં. ૧૫ પર)



શિક્ષણ ક્ષેત્રે સયાજીરાવની વિશેષતા

પ્રા.શ્રી પ્રભાકર ડોંગરે

સ્વ. શ્રી મહારાજા સયાજીરાવનું ૧૨૫મું જન્મવર્ષ જ્યારે ઉજવાય છે. ત્યારે એમને પોતાના રાજ્યમાં શિક્ષણ વિષયક વિચારો અને નીતિ અમલમાં મૂકી તેનો ટુંકમાં જનતાને પરિચય થાય અને શિક્ષણ વિદો, તેના આયોજકો અને સરકાર સારી એવી પ્રેરણા મેળવશે. આ હેતુ પ્રસ્તુત લેખમાં રખાયો છે. કે. શ્રી સયાજીરાવ ખરેખર પ્રજા માટે રાજાભોજની માફક એક દાનેશ્વરી, જ્ઞાન અને વિજ્ઞાનની વિવિધ વિદ્યાશાખાઓ માટે રૂચિ ધરાવનાર એવા એક રાજકારણ કુશલ વહીવટદાર હતા.

"બહુજન કલ્યાણાય હિતાય સુખાયચ" આ સુત્રને પોતાની હેયાતીમાં અમલમાં મૂકી પ્રાચીન રાજાઓની માફક એઓ એક પુણ્યશ્લોક રાજા થઈ ગયા. એ જબરજસ્ત રાષ્ટ્રાભિમાની હતા. દેશની સમૃધ્ધિ અને કીર્તિ માટે સમગ્ર જનતામાં શિક્ષણ આ એક બુનિયાદી તેમજ ખૂબજ આવશ્યક વિષય છે., એવું એ માનતા હતા. તેથી જ તે ઓએ પોતાના જીવનમાં શિક્ષણને ખૂબજ મહત્ત્વ આપ્યું. અને તે માટે વિવિધ લક્ષી પ્રયત્નો કર્યા.

શિક્ષણ વડે પ્રજાની સર્વાંગી ઉન્નતિ થાય એ ધ્યેય હાંસલ કરવા માટે શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષા જ હોવી જોઈએ. તેઓ શ્રી આ વિશે ખાસ આગ્રહ સેવતા હતા. ભારતમાં પોતાનું રાજ્ય ખૂબ જ નમૂનેદાર થાય એ આશયથી પોતાની કારકીર્દિમાં પ્રાથમિક કક્ષાનું શિક્ષણ એમણે ફરજિયાત અને મફત બનાવ્યું તે માટે તેમણે પોતાના રાજ્યમાં ગ્રામીણ વસતિ થી શહેરની વસતિ સુધી ઘણા જ પ્રયોગો આગ્રહથી અમલમાં મૂકયા. કેટલાક પ્રયોગોનાં પરિણામો ઉત્તેજનાત્મક ન આવવાથી તે છોડી દીધા એ વાસ્તવતાવાદી હતા પણ દુરાગ્રહી ન હતા. તે વખતે ભારતમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત સ્વરૂપ દાખલ કરનાર બે રાજ્યો. વડોદરા અને ત્રાવણકોર હતા. એમાં પહેલ વડોદરાની કોઈપણ શિક્ષણનો પ્રયોગ અમલમાં મૂકવામાં આવે ત્યારે શિક્ષકો, શિક્ષણકારો, વાલીઓ અને સામાન્ય લોકો વડે માનસિક શકિતનો વિકાસ થાય અને બાળકોના આચાર અને વિચારમાં ફેરફાર થાય. એના પરિણામે તે વિદ્યાર્થી આગળ જતાં એક સુંદર નાગરિક બને.

શિક્ષણના પ્રસાર માટે ભાષા, સાહિત્ય, ઈતિહાસ, તત્વજ્ઞાન ગણિત, વગેરે જ્ઞાનના વિષયો પ્રત્યે ધ્યાન આપ્યું. એવી જ રીતે વિજ્ઞાનના ક્ષેત્રમાં ભૌતિકશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર, જીવવિજ્ઞાન ગૃહવિજ્ઞાન જેવા વિષયો દાખલ કર્યા. કળાક્ષેત્રે, સંગીત અને વ્યાયામ જેવા વિષયો પણ આવરી લીધા.

શિક્ષણનો ઉદ્દેશ હાંસલ કરવા માટે તેઓએ જુદી જુદી શિક્ષણ સંસ્થાઓ શરૂ કરી. તેમાં અધ્યયન અને અધ્યાપન, સંશોધનનો તાલિમ અને શિક્ષણસેવા વિસ્તરણ જેવા વિભાગો રાખ્યા. આવી શિક્ષણસંસ્થા સમાજોભિમુખ બને અને લોકશિક્ષણનું કાર્ય થાય, અને તેથી સમાજમાં જાગૃતિ આવે. લોકો યોગ્ય અને અયોગ્ય રિવાજોનો વિચાર કરી શકે. ધર્મનો ખરો અર્થ સમજીને આચરણમાં મૂકી શકે તે માટે એમણે પોતાના રાજ્યમાં અનેક શિક્ષણ સંસ્થાઓ ઊભી કરી. શિક્ષણ સંસ્થાઓ સતત કાર્યશીલ રહે અને ઉન્નતિ કરે તે માટે શિક્ષણ સંચાલન માટે એક વહીવટી તંત્ર ગોઠવ્યું. આ વહીવટી તંત્રનું કાર્ય અપાતાં શિક્ષણનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવું તેમજ શિક્ષણ સંસ્થાઓને માર્ગદર્શન પૂરૂ પાડવું તે આશય હતો.

ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓમાં જ્ઞાનની ભૂખ સંતોષાય અને તે ઓની અભિરુચિ પ્રમાણે બૌધ્ધિક ઉન્નતિ અને સમૃધ્ધિ થાય તે માટે બરોડા કોલેજ સંગીતશાળા, સંસ્કૃત મહવિદ્યાલય કલાભવન, પ્રાચ્યવિદ્યામંદિર, પુરૂષઅધ્યાપનશાળા સ્ત્રીઅધ્યાપનશાળા મહિલા ઉદ્યોગાલય જેવી અનેક સંસ્થા ઓની સ્થાપના કરીને પોતાની

(અનુસંધાન ૨૨માં પાને)

સ્વૈચ્છિક કાળ

એમણે, વિવિધ વિકાસ વચ્ચેય, કેવું એના સારા અંશોમાં જીવંત રાખ્યું હતું એ સમજાય છે.

સગીર સયાજીરાવનું ખાસ શિક્ષણ તરત જ, ૧૮૭૫થી જ શરૂ કરાયું. એમાં ભાવનાશીલ બાહોશ બ્રિ. એલિયેટનો ફાળો ઘણો. કક્કોબારાખડી અને એકડેએકથી એમાં ગણેશ માંડવાના હતા. ૧૮૮૧ના પાછલા ભાગ સુધી એ શિક્ષણ અપાયું. એમાં કસરત, ઘરકામ વગેરે પણ એવાં ચૂસ્ત ગોઠવાયેલાં - સવારથી રાત કિશોર સયાજીએ સખત મહેનત કરવાની હતી. એલિયટે બે બાબતો પર ખૂબ ધ્યાન આપ્યું : એક કે હિંદના ઈતિહાસની ભવ્યતા સમજાવી એમણે એના ઉત્કર્ષનું કર્તવ્ય ચીંધ્યું અને બીજું એ કે દરેક કાલે વ્યવસ્થિત રીતે આગળ વધવું. રાજવી તરીકે પસંદગી અને પછી આવું પ્રશિક્ષણ એ અપૂર્વ યોજના હતી. રાજસત્તા સયાજીરાવને પૂરેપૂરી આપવા નક્કી થયું અને તરત વિદ્વાન દિવાન વગેરેનાં સુરાજવહીવટ અંગે વ્યાખ્યાનો અપાયાં. એ આજે પણ ઊંચા મૂલ્યનાં ઠરે એવાં હતાં, ભલે આ બધું સયાજીરાવની મૂળ અભણતા અને ઉમરની દૃષ્ટિથી ભારે હતું, પણ એણે સયાજીરાવને રાજકર્તાધર્મ, શ્રમ અને જ્ઞાનની કીમત ઊંડેથી સમજાવી. એમની કુદરતી ગૂઢ શકિત એવી કે, ખાસ શિક્ષણ પૂરું થયા પછી એમાંથી પ્રેરણા મેળવી એમણે પોતામાંના બળને વધુ સંગીન કર્યા જ કર્યું.

હાર્દિક શુભેચ્છાઓ

મે. પૌષક લિ.

એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩

હૃદયપૂર્વકની શુભેચ્છાઓ સાથ

ઉમરાવ બેકરી

વિરાટ એપાર્ટમેન્ટ, સુરત. શાખા: અઠવા લાઈન્સ, નાનપૂરા, સુરત -
શાખા : અઠવા લાઈન્સ, નાનપુરા----

શુભેચ્છા સહ.....

મઢીની ખમણી

દત્તાત્રય રેસ્ટોરન્ટ
રૂપમ ટોકીઝની બાજુમાં
સલાબતપુરા મેઈનરોડ
સુરત

મનહરલાલ એન્ડ સન્સ
રતન ટોકીઝની સામે,
ગોપાલ ચેમ્બર્સમાં, માલીની વાડી,
સુરત ફોન: ૪૧૭૧૦

શ્રી દત્તાત્રય ફરસાણ માર્ટ
૫ દિવ્ય કાંતિ એપાર્ટમેન્ટ,
ડુમસ રોડ, પાર્લે પોઈન્ટ
સુરત

WITH BEST COMPLIMENTS FROM

AGE TECHNOLOGIES PVT LTD

Regd Off: 712, GIDC, Makarpura, Baroda-390010.

MANUFACTURERS OF
DAIRY EQUIPMENTS
CATTLE FEED EQUIPMENTS
POWDER SIFTERS
Specialised Equipments for
Pharmaccuticals, Chemicals,
Textiles, Food & Other industries

વડોદરા શેર સાથે પુરાણી છે પ્રીત મારે,
સાત વર્ષ લગી મારો અહીં વસવાટ છે;
આજવાનાં પાણી હજી ઉછળે છે અંગઅંગ,
માંડવીની ધજાનો આ ઉરે ફરકાટ છે.

પાણી દરવાજો, ગેંડી, ચાંપાનેર, લેંરીપુરા,
એટલો આ શહેરનો અસલ વિસ્તાર છે;
અલકાપુરી ને બીજાં એવાં એવાં ઝુમખાંઓ
પાછળથી વસેલાં તે બાવનની બા'ર છે.

માંડવીથી ડાબે હાથ ચોકસીની ઓળ પછી
ઘડિયાળી પોળ - નાકે અંબાજી હજુર છે;
નાકની દાંડીની સામે સીધેસીધા ચાલ્યા જાઓ,
સયાજી ઈસ્કુલ ત્યાંથી જરાયે ના દૂર છે.

સયાજી ઈસ્કુલ ભાઈ, સંભારું છું સકારણ,
ભણ્યો છું હું એમાં, એનું ઋણ તો અપાર છે;
કુંભકાર જેમ જેણે ટીપણાથી ટીપી ટીપી
ઘડ્યો મારો ઘાટ, એને વંદન હજાર છે.

ભૂલું શેં શુક્કરવારી ? દશેરાની ભવ્ય સ્વારી ?
અગ્ગડ, અખાડા અને સંગીતની ગુંજને ?
બળતા બપોર સમી ભવરણવાટ વિષે
સદાય હરિત રાખે હૈયા કેરી કુંજને.

નગર પિયારા ! તારે પ્રાણ હજી સ્ફૂરી રહ્યા
પ્રેમાનંદી માણ તણા રમ્ય રણકાર છે;
દયારામ-નગરી ડભોઈ નથી દૂર, એની
ગરબીના સૂર ઉર પૂરે ઝણકાર છે.

શરદની રાતે અહીં પોળતણા ચોકઠામાં
સરખી સાહેલીઓએ કંઠ જ્યારે ખોલ્યો છે,
કાયાના કરંડિયામાં પોઢેલો આ પ્રાણ મારો
મોરલીના નાદે ત્યારે નાગ જેમ ડોલ્યો છે.

નાગરવેલીના જેવી નાજુકડી નાર વાંકી
વાંકો એનો અંબોડો ને વાંકાં એનાં વેણ છે;
સભાની અદબ રાખી વાણીને લગામ કરું,
કેંતો નથી એટલું કે કેવાં એનાં નેણ છે.

લલિત લાજાળુ નારતણાં શાં કરું વખાણ ?
રસોઈની વાનીમાંયે એવી હોશિયાર છે,
અરધીક પોળ લગી મચી જાય છીંકાછીંક
એવો એનો ટેસદાર દાળનો વઘાર છે !

દાળતણી વાત જ્યારે નીકળી તો ભેગાભેગી
એક આડવાત યાદ આવે સેંજ સેંજમાં;
દિવસો મસ્તાન હતા જિંદગીના જ્યારે અમે
સૂઈ રેંતા ઓટલે ને ખાઈ લેતા લોંજમાં.

એક દી સંજોગ એવો ભૂંડો બન્યો ભાઈ મારા !
કોનું મોઢું જોયું હશે ઊઠતાં પ્રભાતમાં ?
લોંજ વિષે દાળતણો સબડકો લેવા જતાં
બીડી તણું ઠુઠ્ઠ ભેગું આવી ચડ્યું હાથમાં !

અહીંની અનેક પોળ મહીં ઘર ભાડે રાખી.
ખટ માસે બદલતા, રસિક એ વાત છે;
મંડળી અમારી ઘર ગોતવાને ઘૂમે ત્યારે
ગુસપુસ બોલે લોક : 'જુદી આ જમાત છે !'

'ખાલી ઘર છે કે અહી ?' પૂછતાંની વાર, જોઈ
દીદાર અમારા સામો સવાલ પુછાય છે :
'કુવારા કે પરણેલા ?' ઠેર ઠેર એની એ જ
શંકાભરી નજરોની મોકાણ મંડાય છે !

નાયક ટોળીનો થઈ ઠાવકો ભજાવે વેશ :
'ઘરવાળા પિયરમાં, થોડા દી'ની વાર છે.'
લખ્ખણ અમારાં જોઈ, ગાજી ઊઠે લોકનાદ :
'પોળમાંથી કાઢો, આ તો વાંઢાની લંગાર છે !

રાજમહેલ જોવા જતાં પાવલી ખટાવી અમે
પલંગમાં પોઢવાની કરી લેતા પેરવી;
મ્યુઝિયમ જોવા જતાં નજર ચુકાવી અમે
આરસની સુંદરીને હાથ લેતા ફેરવી.

કાચના પિયાલા અમે રોશનીમાં ચોરી લીધા,
ગ્રંથાલયે ઘૂસી જઈ ફોટા ફાડી લીધા છે;
થાંભલે ચડીને ગોળા વીજળીના ગેપ કીધા,
એવાં એવાં કામ અમે બાહોશીનાં કીધાં છે.

કોને યાદ કરું ? કોને વિસારું ? કિતાબ થાય
એકથી સવાયા એક એટલા પ્રસંગ છે;
અધ્યયનકાળ મારો વીત્યો જે લાખેણો અહીં,
નમૂનાનાં બતાવ્યાં મેં એક-બે આ નંગ છે.

મહારાણી શાન્તાદેવી

- શ્રીમતી પદ્મબેન શાહ

વડોદરાવાસીઓમાં મા સાહેબ અને માતાના તરીકે સામાન્ય પ્રજામાં જાણીતાં શ્રી શાંતાદેવી ગાયકવાડનું આજે પણ જૂના વડોદરા રાજ્યની રાજધાની અને આજના વડોદરામાં રાજમાતાનું નામ રહ્યું છે. એમનું પ્રસન્ન-શાંત અને વત્સલ વ્યક્તિત્વ નાના જ સૌ ઉપર છાપ પાડે છે. આજની એમની વયોવૃદ્ધ વયે પણ વડોદરાના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં તેઓ સક્રિય છે અને સભામાં એમની ઉપસ્થિતિ વડોદરા માટે ગૌરવરૂપ ગણાય છે.

એઓશ્રી કોલ્હાપુરના માનસિંહ રાવ ઘોરપડે કુટુંબનાં સુપુત્રી તરીકે વડોદરાના ભાવિ મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડ સાથે તા. ૪ જાન્યુઆરી ૧૯૨૯ના દિવસે લગ્નગ્રંથીથી જોડાયાં. એ પ્રસંગનો વડોદરાનો ઉમંગ અને વૈભવ જોનાર લોકો હજી પણ સંભારે છે. શ્રી સયાજીરાવનું ઈ. સ. ૧૯૩૯ના ફેબ્રુઆરીમાં અવસાન થતાં યુવરાજ પ્રતાપસિંહરાવ વડોદરા રાજ્યના મહારાજા પદે આરૂઢ થયા. તા. ૨૬ એપ્રિલ ૧૯૩૯ના દિવસે પ્રતાપસિંહરાવ અને મહારાણી શાંતાદેવીને લક્ષ્મીવિલાસ મહેલમાં સુવર્ણછત્ર નીચે ચાંદીના સિંહાસન પર બેસાડી રાજ્યાભિષેક ઉજવાયો. ત્યારથી વડોદરા રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિલીકરણ થયું ત્યાં સુધી મહારાણી શાંતાદેવી લોકોમાં હંમેશાં પ્રેમ અને સન્માન પામતાં રહ્યાં તે પછી પણ વડોદરાભરમાં એમને માટેના આ ભાવો સાથે પૂજ્યભાવ કદી પણ ઓસર્યો નથી બલ્કે વધતો રહ્યો છે.

વડોદરા રાજ્યનું મુંબઈ રાજ્યમાં જોડાણ ૧૯૪૯માં થયું અને ભારત સરકાર અને વડોદરા રાજ્યના વ્યવહારમાં કેટલીક મુશ્કેલીઓ સર્જાઈ ત્યારે લોકોમાં એક પ્રબળ માન્યતા પ્રચલિત થઈ કે, સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય સરકાર અને આ કાર્યમાં સુકાની ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલને મહારાણી શ્રી શાંતાદેવીએ મહાન દેશભક્તિની લાગણીથી સંપૂર્ણ સહકાર આપ્યો હતો. આ એમની સમર્પણભાવના માટે દેશભરમાં પણ ઊંચી છાપ પડી હતી. તે સંજોગોમાં ભારત સરકારે પ્રતાપસિંહરાવને બદલે તેમના જ્યેષ્ઠ પુત્રને (સ્વ. ફત્તેસિંહરાવને) મહારાજાપદનું ગૌરવ આપ્યું.

વડોદરા રાજ્યમાં યુવરાજ તરીકે અને મહારાજા તરીકે પ્રતાપસિંહરાવ મિલનસાર, કાર્યતત્પર અને ઉદાર વલણના હોવાથી ઘણા લોકપ્રિય હતા. વડોદરાની પ્રજાને જવાબદાર રાજતંત્રની દિશામાં ઉદારપણે વધુ અધિકાર એમણે સોંપ્યા. જો કે એનો ખરડો સયાજીરાવના સમયમાં થઈ ચૂક્યો હતો. આમ છતાં મહારાજ તરીકે એમના એક અંગત પત્રલાને કારણે વસતિમાં અને રાજતંત્રમાં ભારે અસંતોષ પ્રગટ્યો. વડોદરામાં એક પર બીજી પત્ની-નિધનો કમદો હતો તેને અવગણીને પ્રતાપસિંહરાવે સીતાદેવી સાથે લગ્ન કરેલાં. આ બનાવે ત્યારના દિવાન મિત્તરના રાજીનામાથી માંડીને સર્વત્ર નારાજી જગાડી હતી. આ ઘટના બની ત્યારથી મહારાણી શાંતાદેવીએ જે ધીરજ અને શાણપણથી કુટુંબ-વ્યવહાર અને પ્રજા વ્યવહાર સાચવ્યો તે હમેશાં પ્રજાહૃદયને પૂજ્ય લાગ્યો છે. પોતાના સંતાનોની યોગ્ય કેળવણી તથા પ્રગતિનું એમણે ધ્યાન રાખ્યું અને ગૌરવ સાચવ્યું. બીજી બાજુ સ્વતંત્ર રાષ્ટ્રના વાતાવરણમાં જ્યારે વડોદરા રાજ્યને મુંબઈ રાજ્ય સાથે ભેળવી દેવાની જરૂરત ઊભી થઈ ત્યારે પણ એમણે અંગત હિતોને ભોગે પણ રાષ્ટ્રને ચરણે વડોદરા રાજ્યને ધર્યું. મૂળ આ કાર્ય મહારાજા પ્રતાપસિંહરાવને હાથે થયું હતું, અને દેશભરમાં આ રીતે વિલીનીકરણ સ્વીકારવામાં વડોદરા રાજ્ય જ પ્રથમ હતું. પરંતુ ખોટી સલાહ અને સંકુચિત હિતોના દબાણ વચ્ચે મહારાજા આ મહાન કાર્યમાં અડગ રહ્યા નહિ, અને મહારાણી શાંતાદેવી દૃઢ મનોબળથી આ કાર્યને પૂર્ણ કરવામાં સાથીદાર થયાં.

આ વાતને આજે લગભગ ચારેક દાયકાનો સમય થયો છે વડોદરાના સદભાગ્યે આવાં દેશભક્ત, સંસ્કારી અને ગૌરવપૂર્ણ સન્નારી શાંતાદેવી રાજમાતા પ્રજા વચ્ચે હયાત છે. પ્રજા એમને પોતાનાં વડીલ ગણે છે. સૌમ્ય સ્વભાવ અને કુલિન વર્તનથી બધા સમુદાયોમાં તેઓ આદર મેળવે છે. ભવિષ્યનાં મહારાણી તરીકે પોતાનાં આ પૌત્રવધૂને સયાજીરાવે પ્રસંગોપાત પત્રો લખ્યા છે અને વિવિધ પ્રકારનું વાંચન કરી વ્યક્તિત્વ વિકસાવવાની પ્રેરણા આપી છે. આવા મહાન ભારતીય વીર પુરુષ અને જ્ઞાની મહારાજા સયાજીરાવ ત્રીજાનો આવો પ્રેમ એ પામ્યાં અને એ માટેની પાત્રતા એમણે યુવાનવયથી આજ સુધી અખંડિત ઉજવળ રાખી એ માટે માત્ર રાજકુટુંબ નહીં પણ વડોદરાનું ઘરઘર ગૌરવ અનુભવે એમાં કોઈ આશ્ચર્ય નથી.

મહારાણી શાન્તાદેવી ગાયકવાડ
યુવાન વયે



Baroda. 2-3-30.

My dear Dewan.

I am writing without adequate information — I hope the Prant executive Engineers & their superiors are held responsible to see that the Prant Panchayat works are well conceived & executed. Of course this has to be done without discouraging the right enthusiasm of Prant Local Board & similar institutions. If the P.W. officers haven't this power they shd be given it.

Yours sincerely
Sayajirao Gaekwad

Rep 8.3.30.
H.Es instructions
Ask Dr. Jivanlal
Navavati to talk to
H.E. about this immediately
RBL

મહારાજા સયાજીરાવના હસ્તાક્ષરમાં એક પત્ર

સમર્થ રાજમાતા જમનાબાઈ

- શ્રીમતી જ્યોત્સના હ. બૂચ

મહારાણી જમનાબાઈ એક કુશળ અને સફળ રાજમાતા પણ હતાં. પરંતુ એમને રાજમાતા થયાં તે પહેલાં અનેક પ્રકારની મૂંઝવણો અને મુશ્કેલી ઓમાંથી પોતાના જીવનના પ્રશ્નોના ઉકેલ શોધવાના સખ્ત પ્રયત્નો કરવા પડયા હતા.

તેમનો જન્મ સતારા જિલ્લાના રહેમતપુરમાં ઈ. સ. ૧૮૫૩માં થયો હતો. મૂળ નામ તાન્હીબાઈ માને શ્રી ખંડેરાવ ગાયકવાડ સાથે એમનાં લગ્ન ઈ. સ. ૧૮૬૬માં થયાં. તેઓ ખંડેરાવનાં ત્રીજાં રાણી હતાં. શ્વસુરપક્ષ તરફથી તેમનું નામ જમનાબાઈ રાખવામાં આવ્યું.

ઈ. સ. ૧૮૭૦માં ખંડેરાવ ગાયકવાડનું અવસાન થયું ત્યારે તેમને કોઈ સંતાન ન હતું. ખંડેરાવ મહારાજા વિરુદ્ધ મોટાભાઈની પાદરા કાવતરાના આરોપમાંથી નાનાભાઈ મલ્હારરાવ પણ જેલમાં હતાં. એ મલ્હારરાવને મુકત કરીને વડોદરા રાજયની ગાદી સોંપવામાં આવી. પરંતુ એ સમયે વિધવા મહારાણી જમનાબાઈ સગર્ભા હતાં. તેથી એમને જો પુત્ર અવતરે તો મલ્હારરાવને ગાદી છોડવી પડે. એ માટે કબૂલ થયા પછી મલ્હારરાવ ખૂબ જ ખટપટો કરવા લાગ્યા. જમનાબાઈ સગર્ભા છે જ નહીં એવી તદ્દન અસત્ય વાતો વહેતી કરી. પરંતુ ડૉકટરી તપાસને અંતે મહારાણી સગર્ભા છે જ એમ સાબિત થયું. યોગ્ય સમયે મહારાણી જમનાબાઈએ પુત્રીને જન્મ આપ્યો. એનું નામ તારાબાઈ પાડવામાં આવ્યું. જમનાબાઈને - ભાભીને - પુત્રી જન્મી તેથી મલ્હારરાવનો રાજગાદીનો હકક ચાલુ રહ્યો. તેનો જાણે એમને નશો ચડી ગયો હોય એ રીતે તેઓ વર્તવા લાગ્યા, અને મહારાણી જમનાબાઈને ભોજનમાં ઝેર આપવા સુધીની પણ અનેક તકલીફો આપી ત્રાસ પણ આપતા રહ્યા. તેથી જમનાબાઈએ મુંબઈના ગવર્નરને પત્રો લખી રક્ષણ માંગ્યું. તેઓ ઈ. સ. ૧૮૭૨ની શરૂ આતમાં વડોદરા છોડી પુનાના ગરેવાડામાં રહેવા ગયા, ત્યારે તે ઓ પોતાનું સ્ત્રીધન ન લેતાં માત્ર પહેરેલાં ઘરેણાં જ સાથે લઈને ગયેલાં. એટલે વાર્ષિક રૂપિયા ૩૬ આપવા ઠરાવ્યું.

વડોદરામાં મલ્હારરાવનું વિલાસી સ્વચ્છંદી જીવન- ઉડાઉ ખર્ચાળ અને ત્રાસદાયક રાજવહીવટથી એ સંતાપ પામતાં. પોતાના કાકાને એમણે લખ્યું કે, વડોદરે મુગલાઈ જ ચાલે છે.

મહારાજા મલ્હારાવ વિરુદ્ધ અંગ્રેજ સરકારે તલાસ શરૂ કરી, તે વાતો મહારાષ્ટ્રમાં ફેલાઈ હતી. જમનાબાઈ જ્યારે પુનામાં હતાં ત્યારે કવળાણાના ગાયકવાડ કુટુંબના કાશીરાવ (સયાજીરાવના પિતા) પોતાના ત્રણે પુત્રોને લઈને જમનાબાઈને મળે છે. ગુજરાતના ગાદીપતિ ગાયકવાડવંશના એ હકદાર એવા સંબંધી છે એના પુરાવા પણ બનાવે છે. જમનાબાઈ વડોદરાની ખટપટો જાણતાં હતાં. તેમને પણ ત્યાં રાજ ઘરાણાંના માણસો પારકાં માનતાં હતાં તે અપમાન એમને કઠતું હતું. એમને કવળાણા-ખાનદેશનું આ ગાયકવાડ કુટુંબ મનમાં વસ્યું. કહ્યું- 'સારો વખત આવશે તો ધ્યાન રાખીશ.'

મલ્હારરાવ ગાયકવાડ એમની અસભ્ય અને ઉડાઉ વર્તણૂંકને કારણે અને ગેરવહીવટને લીધે છેવટે પદભ્રષ્ટ થયા. એમને મદ્રાસમાં નજરકેદ કરાયા. મહારાણી જમનાબાઈ બીજી મે ૧૮૭૫ના રોજ વડોદરે સરકરી માન સાથે આવ્યાં. ત્યારે તેમની વય માત્ર બાવીસની (૨૨)ની હતી. તેઓ પકવ બુદ્ધિનાં બાહોશ અને ન્યાય મેળવવા ખંતથી લડનારાં હતાં. વડોદરાની પ્રજામાં તેઓ ઘણાં માનીનાં થયાં અને યોગ્ય સલાહકારો પણ મેળવી શકયાં.

મહારાણી જમનાબાઈ પુનામાં હતાં ત્યારથી જ અંગ્રેજ સરકારને પત્રો લખી સ્વ. પતિ ખંડેરાવ ગાયકવાડને અપાયેલી દત્તકપુત્ર લેવાની ઈ. સ. ૧૮૫૮ની અદની યાદ આપે છે અને એમાં ઈંદોર ને ગ્વાલીયરના નરેશોની યે એમને મદદ હતી. દત્તક પુત્ર માટે પોતાનો હક જાહેર કરાવે છે.

વડોદરા આવ્યા બાદ રાણી જમનાબાઈ તેમને દત્તકપુત્ર માટેનો હકક મળતાં જ કવળાણાથી કાશીરાવ ગાયકવાડના પુત્રો ગોપાળરાવ અને સંપતરાવને ઉપરાંત કાશીરાવના ભત્રીજા દાદાસાહેબને બોલાવે છે. એઓ એમાંથી કાશીરામના વચેટ પુત્ર ગોપાળરાવને તા. ૨૭મી મે ૧૮૭૫ના રોજ દત્તક પુત્ર તરીકે સ્વીકારે છે. તે જ દિવસે વડોદરા રાજયના મહારાજા પદે સ્થાપે છે. એમાં મુળ એમની જ આ નિર્ણય શકિત હતી. નવા દિવાન સર તાંજોરકર માધવરાવ, રેસિડન્ટ કર્નલ મિડ અને અંગ્રેજ સરકાર એ પસંદગી વધાવી લે છે. ગોપાળરાવની રીતભાત, આત્મશ્રધ્ધા, અને ગંભીરતા આટલી નાની વયમાં પણ જોઈ એનામાં રહેલાં રાજલક્ષણો જમનાબાઈ-રાજમાતા-પારખી લે છે. આ નિર્ણયે વડોદરાને હિંદનો ઉત્તમ મહારાજા અને સુધારક દેશભકત આપ્યો.

જમનાબાઈ, ગોપાળમાંથી સયાજીરાવ થયેલા પોતાના દત્તકપુત્રનાં સાચા અર્થમાં વત્સલ માતા બને છે. સયાજીરાવ ઉત્તમ મહારાજા થાય એ માટે નવી પધ્ધતિનું ખાસ શિક્ષણ માટે એ યોજનાને તેઓ સહર્ષ ટેકો આપે છે. કસરત, અભ્યાસ, રીતરહેણીમાં એ નિયમિત રહે તે જુએ છે. માતા તરીકે લાડ કરે છે અને એમાં ખૂબ સંયમ પણ રાખે છે. એમની એક જ ભાવના કે કવળાણાનો આ નાનો છોકરો ગોપાળ, સમય જતાં મોટો અને સાચો રાજા બને. તેથી જ કવળાણાનાં એનાં કુટુમ્બીજનો, મા-બાપ વગેરેની જુની માયાથી જમનાબાઈ સયાજીરાવને દુર પણ રાખે છે. ખેડૂત, ગામડાનું ઘર, ત્યાંની રીતભાત, કે બોલીથી ઊંચે લઈ જઈને વડોદરાના મહારાજા થવા માટે , સયાજી ત્રીજા સતત તૈયાર થાય એ જ વાત એઓ નજરમાં રાખતાં હતાં.

સયાજીરાવની સગીર વયે રાજકુટુંબના પ્રનમુખ જન રાજમાતા જમનાબાઈ જ હતાં. તિજોરી અને રાજકારભારની વાતો દિવાને એમની આગળ મુકવાની રહેતી. ખાનગી ખાતુ , ઝવેરાતખાતું, કલાવંત ખાતું, બગીખાતુ આમ ઘણુખરુ બધું

જમનાબાઈને જ હસ્તક હતું. સયાજીરાવના ચારિત્રયઘડતરમાં જમનાબાઈનો ફાળો મોટો છે. એ પુખ્ત વયના થયા ત્યારે રાજહક્કોની એને પૂરી સોંપણી થાય એ માટે એ પ્રયત્નશીલ રહ્યાં અને ફાવ્યાં. માનું હૃદય એમ જ કરે. સયાજીરાવનાં પ્રથમ લગ્ન ઈ. સ. ૧૮૮૦ અને બીજાં લગ્ન ૧૮૮૫માં થયાં. એ બંને પ્રસંગો જમનાબાઈએ હોંસથી અને વ્યવહાર દિપાવીને પાર પાડયા.

રાજસૂત્રો હાથમાં લીધા બાદ પુખ્યવયે સયાજીરાવ માંડવીના સરકારવાડાને છોડી મકરપુરા મહેલમાં રહેવા જાય છે. ૧૮૮૭માં મહારાજા સયાજીરાવ અને મહારાણી ચિમનાબાઈ (બીજાં) વિદેશ પ્રવાસે જાય છે. ત્યારેય જમનાબાઈ તેનો વિરોધ ન કરતાં ટેકો આપે છે.

ધાર્મિક, સામાજિક વ્યવહારો, કે દાન-દક્ષિણામાં થતા ખોટા ખર્ચા પર અંકુશ મુકવા યુવાન સયાજીરાવ એમને સૂચન કરે છે. એક એ એમને પસંદ નથી પડતું. ૧૮૮૧ના અંતથી સયાજીરાવ સત્તા ધારણ કરે છે.

પછીથી જમનાબાઈ રાજવહીવટની બાબતોમાં તેઓ તટસ્થ થતાં જાય છે. મહારાજાના અંગત અને કુટુંબજીવન પર એમની નૈતિક છાપ રહેતી. એમના વાત્સલ્યનો મહારાજાને અખૂટ અનુભવ થતો.

એક વાત અત્રે નોંધવી જોઈએ કે મહારાજાએ મલ્હારરાવનું શ્રાધ્ધ ડભોઈમાં કર્યું અને એનાં કુટુંબીજનોને માન સહ વડોદરા રાજયમાં રાખ્યાં. એમાં જમનાબાઈએ સહેજ પણ વિરોધ કર્યો નહોતો.

જમનાબાઈ હોસ્પિટલ-૧૮૮૪માં બંધાઈ છે. તારકેશ્વર મંદિર પણ જમનાબાઈએ જ બંધાવ્યું . તેઓ દેખાવે પાતળાં, ઊંચા, તથા ગોરાં અને પ્રભાવશાળી હતાં. બુધ્ધિમંત અને સમજુ હતાં. ઈ. સ. ૧૮૭૮માં એમને સરકારે ક્રાઉન ઓફ ઈન્ડિયા'નો ઈલ્કાબ આપેલો. ત્યારે સયાજીરાવનું પહેલું જાહેર ભાષણ થયેલું. મહારાજાએ કહેલું કે ભારતમાં રાજમાતાનું હમેશાં ગૌરવ હોય છે

ઈ. સ. ૧૮૯૮માં રાજમાતા

ખંડેરાવ ગાયકવાડના પત્ની રાજમાતા જમનાબાઈ

જમનાબાઈનું મૃત્યુ થયું. ત્યારે માત્ર રાજકુટુંબમાં જ નહીં. પરંતુ સમગ્ર વડોદરાની જનતામાં વાત્સલ્યપૂર્ણ કુશળ અને સફળ રાજમાતા ગુમાવ્યાનો ઘેરો શોક છવાઈ હતો. સયાજીરાવે એમની ય ગ્રંથમાળાની યોજના કરી.

શિક્ષણ ક્ષેત્રે (પાન ૧૯ નું ચાલું)

હયાતીમાં અગર ત્યાર પછી વડોદરા રાજય માટે એક સ્વતંત્ર વિશ્વવિદ્યાલય સ્થાપિત થાય એ સ્વપ્ન સેવ્યું હતું.

ભારત સરકારે જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિની યોજના અમલમાં મૂકી છે. એનો વિચાર કરવામાં આવે તો એમ જણાય કે વર્ષો પહેલાં આ શિક્ષણનીતિમાં પ્રતિબિંબિત થયા હતા.

શિક્ષણના મુખ્યત્વે બે માર્ગ છે : વૈદ્યશિક્ષણ પધ્ધતિ (Formal System) અને અવૈદ્ય શિક્ષણ પધ્ધતિ (Non formal System) વૈદ્યશિક્ષની માફક અવૈદ્ય માટે કેટલાક પ્રયોગો વડોદરામાં શરૂ કર્યા. જેમકે,

૧. કલા, સાહિત્ય, વિજ્ઞાનના પ્રસાર માટે પ્રાદેશિક ભાષાને મહત્ત્વ આપ્યું. તે માટે વિવિધ વિદ્યાશાખાઓ ધરાવતી સંસ્થાઓની સ્થાપના કરી.

૨. જુદી જુદી વિદ્યાશાખાઓ વડે જ્ઞાન વિજ્ઞાનનો પ્રસાર થાય તે માટે વિશિષ્ટ વિદ્વાન અને તજજ્ઞોની સમિતિ રચી સતત તેઓ પાસેથી માર્ગદર્શન સલાહ સૂચન મેળવી. અભ્યાસક્રમમાં સુધારા વધારા કરવાની યોજના કરી.

૩. આમ જનતા માટે સાક્ષરતાનો પ્રસાર થાય તે હેતુથી રાજયમાં ઘણેક ઠેકાણે સાર્વજનિક વાચનાલયની વિનામૂલ્યે સંસ્થાઓ શરૂ કરી.

૪. શિક્ષણનાં વિકાસ સમૃધ્ધિ માટે શિક્ષક આધાર સ્થજભ હોય છે. તેથી શિક્ષક જ્ઞાનોપાસના કરે તે માટે શિક્ષણની અલગ અલગ પધ્ધતિઓની ખાસ જરૂર હોવાથી શિક્ષકોને તાલીમ આપવા માટે કેટલીક સંસ્થાઓ ઊભી કરી. આ સંસ્થાઓ તાલીમ આપવાનું કાર્ય કરે અને શૈક્ષણિક વિષયોમાં પોતાનું જ્ઞાન તેજસ્વી એ ધ્યેય પુરું કરવા માટે સંશોધ પણ ખૂબ મહત્ત્વ આપ્યું.

૫. લેખન પ્રવૃત્તિનો સારો વિકાસ થાય તે માટે વિવિધ વિ પસંદ કરી વિદ્વાનો પાસેથી લખાવી પ્રકાશન રૂપે પ્ર કરવાના પ્રયોગ શરૂ કર્યા.

૬. વિચારોના આદાન પ્રદાન તેમજ ઉચ્ચ શિક્ષણના વિષ જ્ઞાન મેળવવા માટે તેજસ્વી યુવકોને પરદેશ મોકલીને બહુશ્રુત થાય એ માટે પ્રયત્નો

૭. પોતપોતાના વિષયોમાં રા સ્તર પર કીર્તિમાન બ સારસ્વતોનું નિત્ય સ્મરણ થાય માટે કીર્તિમંદિરની સ્થાપના પ્રતિવર્ષે જ્ઞાનવિજ્ઞાનના ક્ષે લોકોને સારી એવી સમજ થાય માટે પ્રયત્નો કર્યા.

૮. જ્યારે જ્યારે પરદેશમાં તેઓને મોકો મળતો ત્યારે પોતા રાજયમાં શિક્ષણમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવો. એને વિચાર કરી, ભારતમાંથી જુદા વિદ્વાનોને પોતાના રાજયમાં નિમંત્ર કાયમરૂપે તેમની સેવાનો લાભ તે માટે એમણે ઘણા પ્રયત્નો ક

૯. લોકશિક્ષણનું એક અંગ એવું કે આમ જનતામાં જ્ઞાન વ્યવસાયની જાણકારી સતત વધે માટે પ્રદર્શનો સંગ્રહદર્શ સદ્વિચારની સંસ્થાઓ, ઉદ્યોગાલ વધે તે માટે યોજના કરી વિ પ્રકારની જુદી જુદી વિદ્યાશાખા વડે જ્ઞાન વિજ્ઞાનમાં વિષયોનો પ્રસ થાય તે માટે વિદ્વાન અને તજજ્ઞો સમિતિ ઓની સ્થાપના કરી. સ તેઓ પાસેથી માર્ગદર્શન સલ સૂચન મેળવી અભ્યાસક્રમમાં સુધ કરવાની યોજના કરી.

મહારાણી ચીમનાબાઇ બીજા

- શ્રીમતી કલ્પના મોહન બારોટ

મહારાણી ચીમનાબાઇ બીજા

પોતાનાં સંનિષ્ઠ વ્યક્તિત્વના જોરથી હંમેશ ઝળાંહળાં મહારાણી ચિમનાબાઈ બીજાં વડોદરાના મહારાણાનાં નારીરત્નોમાં એક અમૂલ્ય રત્ન હતાં. ઈંદોર નજીકના બાસના રાજકુટુંબી બાજીરાવ ડગેનાં પુત્રી ગજરાબાઈ તે જ મહારાણી ચિમનાબાઈ બીજાં તેઓનો જન્મ ઈ.સ. ૧૮૭૧માં થયો. એમની ૭ વર્ષની વયે વડોદરાના મહારાજા સયાજીરાવ - ત્રીજા સાથે તેઓ ગ્રંથિથી જોડાયાં. મહારાજાનાં બીજીવારના જીવનસંગિની તેથી પછી એમનું ચિમનાબાઈ બીજાં પડ્યું. તેઓને જીવનના વિવિધ પાંઓનો અભ્યાસ કરતાં એક ચ્ચું સ્પષ્ટ જણાઈ આવે છે કે, સાચા અર્થમાં મહારાજા જીરાવનાં સહધર્મચારિણી હતાં. મે - ૧૮૮૫માં લગ્ન થયાં, ારી ૨ જી ફેબ્રુઆરી ૧૯૩૯ની મહારાજા સયાજીરાવે છેલ્લો લીધો ત્યાં સુધીનું એટલે કે વર્ષનું સુદીર્ઘ તેઓનું જીવન તે સમયના સમગ્ર નની ચેતનામાં ધબકતું રહ્યું. જા સયાજીરાવની સમગ્ર કિર્દીના દરેક તબક્કે મહારાણી બાઈ બીજાં તેમની સાથે જ તેથી જ મહારાજા સયાજીરાવે ૧૯૦૪માં કલકત્તાની સભામાં પ્રજાના કલ્યાણમાં જેમણે મને મદદ કરી છે તે સાહેબા" એમ જાહેરમાં એ વાત ખરેખર આ અને "રાજમાતા" સ્વરૂપને અંજલિ છે.

તેઓ શરીરે મજબૂત અને સશક્ત તેઓનું જાજરમાન રૂપ તથા સ્વતંત્ર અને તેજ સ્વભાવ પરિચયમાં આવનાર દરેકને આકર્ષતાં. તેઓ કુશળતાથી ઘોડેસ્વારી કરતાં તથા બંદૂક નિશાનીમાં પણ કુશળ હતાં. તેઓને રસોઈ કરવાનો શોખ હતો. તેઓ હમેશા પોતાના ઉંચા કૂળથી સભાન અને દેશાભિમાની હતાં. તેઓ બાહોશ હતા, નીડર હતાં, કાબેલ હતાં અને સાચી સંભળાવી દેવાની તેઓની ખૂાસિયત હતી. તેથી જ કદાચ હિંદી વજીર માલ્કમ તો પોતાની ડાયરીમાં એમને તેજ - સ્વતંત્ર - ઉદ્દામ અને ચેતવા જેવાં સન્નારી કહ્યાં છે. તો બીજી બાજુ કુ. એલિઝાબેથ ટોટનહામે તેઓમાં અચંબો પમાડે તેવી નિખાલસતા જોઈ છે. પોતાના સમયની રાજકીય ઘટનાઓમાંની મુત્સદ્દીગીરીની પક્વ સમજણ, દરેક વિષયમાં પોતાનું આગવું મક્કમ વિચારદર્શન તથા ચર્ચા-વિચારણાઓમાં તેમની રજૂ આતનું વિશદપણું અને માર્મિકતાને કારણે જ ડૉ. સુમંત મહેતાએ "સમાજદર્પણ"માં તેઓને પ્રજાકીય - રાજકીય પ્રવૃત્તિની પોતાના જેવાને પ્રેરણા આપનારાં ગુરુ સમાં વર્ણવ્યાં છે. પ્રગતિશીલ વિચારના મહારાજા સાથે રહીને તેઓએ મરાઠી, ગુજરાતી, અંગ્રેજી સંસ્કૃત તથા ઈતિહાસ-ભૂગોળનું સારૂ એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું. મોટી ઉમરેય તેઓ નવું - નવું જાણવા - શીખવા આતુર રહેતાં. સેંકડો ઉત્તમ વિચારકો અને દેશનેતાઓને મળેલાં, વિશ્વના અનેક દેશોના પ્રવાસે જઈ આવેલાં મહારાણી ચિમનાબાઈ બીજા જાનમહેનત અને પોતાની આગવી સૂઝથી બહુશ્રુત થયાં.

તેઓ એમ દૃઢપણે માનતાં કે જો ભારત દેશને ગુલામીમાંથી મુક્ત કરવો હોય તો સંગઠન જમાવી બળજબરીથી યે અંગ્રજોને વહેલામાં વહેલી તકે હાંકી કાઢવા જોઈએ. તેઓની આવી ઉદ્દામ વિચારસરણીથી ભારતીયો ખુશ હતા. તેથી જ જ્યારે તેઓ અમેરિકાના પ્રવાસે ગયાં ત્યારે સાનફ્રાંસિસ્કોના શીખોએ તેઓને "ઝાંસીની રાણી" રૂપે સન્માન્યાં. નીડર તો એવાં કે વીર સાવરકરનું જે પુસ્તક બ્રિટીશ સરકારે હિંદમાં આયાત થતું અટકાવ્યું હતું તેની ચાર નકલો એઓ વિદેશથી ગુપ્ત રીતે લેતાં આવ્યાં. જેની એક નકલ પરથી બીજી પ્રતો છપાઈ અને આખાયે દેશમાં ફેલાઈ ગઈ. પ્રગતીશીલ દૃષ્ટિવાળાં મહારાણી પડદાપ્રથાને ન માને. પરંતુ સ્વમાની એ એવાં કે બે બદામની ગોરી મેડમો માટે પડદા છોડવા, ન સ્વીકારે એ જ મહારાણી ઈ.સ. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે જર્મનીમાં બ્રિટીશ પ્રજાજન તરીકે અટકાયતમાં મુક્યા પછી જ્યારે છૂટીને સ્વદેશ પધાર્યા ત્યારે પ્રજાજનોએ તેઓનું ઉમળકાભેર સ્વાગત કર્યું. તે દિવસથી તેઓએ પડદો પૂરેપૂરો છોડ્યો અને પ્રજામાં કામ કરવા માંડયું. સ્ત્રી-જીવન અંગે તેઓના પોતાના ચોકકસ ખ્યાલ હતા. અમેરિકન સ્ત્રીઓ માટે તેઓ માનતાં કે, કપડાં સિવાય સ્ત્રીભાવદર્શી કોઈ ચિહ્ન એમનામાં નથી.,

હિંદી પ્રજાની મુક્તિ તથા ઉન્નતિની સતત ચિંતા રાખનારાં મહારાણી આખી પ્રજાને જાગૃત કરવા, સ્ત્રી ઓની સ્થિતિ સુધારવા તથા પ્રજાની શારિરીક-માનસિક તાકાત વધારવા હમેશા કાર્યરત રહેતાં. સામાજિક સુધારણા, પછાતવર્ગ - કલ્યાણ, રાજકીય સૂઝ કે રાજરીત રહેણીમાં સાદાઈ જેવી બાબતોમાં તેઓ મહારાજા સયાજીરાવ સાથે રહીને વિચારનાર સાચાં સંગિની હતાં. તે જમાનામાં એક મહારાણી માટે આવી વિચારસરણી ધ્યાન ખેંચે તેવી વાત હતી. તેથી જ કદાચ એલિઝાબેથ ટોટનહામે તેઓને, ભારતીય સ્ત્રી ઓમાં પોતાને સૌથી વધુ રસપ્રેરક લાગેલ નારી (ઈન્ટરેસ્ટિંગ) લેખે વર્ણવ્યાં છે. મહારાણીપદ ઉપરાંત તેમના આવા તેજદાર વ્યકિતત્વને લીધે તેઓ પ્રથમ, અખિલ હિંદ મહિલા પરિષદ (પૂણે),નાં પ્રમુખપદે વરાયાં હતાં. તેઓએ વડોદરામાં "સ્ત્રી-ઉદ્યોગાલય" તથા "મહારાણી ચિમનાબાઈ સ્ત્રી-સમાજ"ની સ્થાપના કરી. વડોદરામાં મહિલા વિદ્યાપીઠ સ્થાપવામાં મદદરૂપ થવા એમણે પ્રસ્તાવ મુક્યો. કોલેજોમાં અભ્યાસ કરતી કન્યાઓને શિષ્યવૃત્તિ આપવા માટે એક ટ્રસ્ટ કર્યું. એ વખતે સંજોગ એવો કે વડોદરામાં મહિલા-વિદ્યાપીઠ ન થઈ શકી.

મહારાણી ચિમનાબાઈ બીજાનું જીવન "જીવનને સમગ્રપણે જીવીને સાર્થ કરી જનાર એક મહારાણી ઉપરાંત એક ગૃહણી તારીકે પણ જોવા જેવું છે. તેઓ પોતાનાં સંતાનોનાં ઉછેર, અભ્યાસ અને ચારિત્રય-ઘડતર અંગે હમેશાં સચિત રહેતાં. એમ કહી શકાય કે, તેઓ પોતાનાં સંતાનો પાસેથી અપેક્ષા કરતાં ઓછું પામ્યાં છે. તેઓ પોતે ભારતીય હોવાનું ગૌરવ અનુભવતાં હોવાથી સંતાનોને પાશ્ચાત્ય રંગે રંગાયેલાં જોઈ ન શકતાં તેઓ પોતાનાં સંતાનોના વ્યસન, વિલાસ, એશ-આરામ આદિથી હમેશા ચિંતાતર રહેતાં. પુત્રો તેઓની આશાના કરૂણાન્ત થયા. પુત્રી ઈન્દિરા તેઓના સંતાનોમાં સૌથી વિશિષ્ટ પ્રતિભાશીલ સંતાન હતા. આ મહાન દંપતીના કેટલાક ઉદાત્ત ગુણો પુત્રી ઈન્દિરામાં મૂર્ત થયા. પત્ની તરીકે ક્યારેક વાંક કરી લેતાં મહારાણી પતિ સયાજીરાવની સલામતી અંગે ચિંતાતુર રહેતાં, કારણ કે મહારાજા જાનસલામતી માટે બેપરવા હતા. પુત્રીના પ્રેમલગ્નના નિર્ણય વખતે પોતાની ગ્રંથિ છોડવા જરાય તૈયાર ન થનાર મહારાણી પુત્રી-ઈન્દિરા વિદાય થતાં જ ઢગલો થઈને ડૂસકે ચડે છે. તે પ્રસંગે તેમની સ્વભાવગત મક્કમતા દર્શાવવા ઉપરાંત એક માનારૂપે તે ઓને રજૂ કરે છે. રાજમહેલમાં બાળકોને પ્રેમ આપનાર આ વિશાળદિલ "રાજમાતા" આગલાં રાણીના ગાદીવારસ પૌત્ર પ્રતાપસિહરાવને-પણ લાડ-દુલારથી ઉછેરતાં. વડદાદી તરીકે તેઓએ પ્રતાપસિંહ શાન્તાદેવીનાં સંતાનોને પણ મોટા થતાં જોયાં.

વડોદરાએ નવયુગ સર્જન ભણી ડગભર્યા એમાં મહારાણી ચિમનાબાઈ બીજાં સયાજીરાવ મહારાજના પડખે સતત જે ઉત્સાહથી રહ્યા. એ હકિકત તેઓના દામ્પત્યજીવનની એક યશરેખા છે. ઉપરાંત એક સ્ત્રી તરીકે મહારાણી ચિમનાબાઈ-બીજાંની નિજી તેજની એ સૂચક છે. આવું ભર્યું-ભર્યું જીવન જીવનાર મહારાણી ૧૯૩૯માં મહારાજાના અવસાન બાદ એકલાં પડી ગયાં. ૧૯૬૩માં પૂણેમાં મૃત્યુ પામ્યાં. આજે પણ તેઓનું જીવન ભારતની સ્ત્રીઓ માટે પ્રકાશમય દીપ સમાન છે.

(આભારસંદર્ભ: "મહારાજા સયાજીરાવ ત્રીજા" લે, હસિત હ. બૂચ.)

મહારાજા ઉવાચ

શ્રી સી. કે. ગાયકવાડ

આપણા જંગલોના રક્ષણ માટે ધરતીના પેટાળમાં જે સંગ્રહ થયેલ છે તેની કૃષિસંશોધન દ્વારા શોધખોળ કરીને હુ પ્રયત્ન કરૂં છું. ઈ. સ. ૧૮૯૨.

*

બીજો મુદ્દો એ છે કે ઘાસના ઉંડા મૂળીયાનો વિકાસ દૂકાળને રોકવાના અને પશુઓની દુ:ખદ સ્થિતિ અને ભયંકર સ્થિતિ રોકવાને સમર્થ છે. આપણે ખાસ કરીને ઓસ્ટ્રેલિયાના દાખલાને જોઈને ચાલવું જોઈએ અને ઉંડા મૂળીયાવાળા દેશી છોડવાઓ પદ્ધતિસર પડનર જમીનમાં રોપવા. ઈ. સ. ૧૯૦૨.

*

કૃષિ અને ઔદ્યોગિક શિક્ષણ એક પાસેથી બીજા પાસે ફરતું રહેવું જોઈએ. ઈ. સ. ૧૯૦૪.

*

કૃષિ એ આપણો સૌથી અગત્યનો ઉદ્યોગ છે. સહકારી ધોરણે શરૂ થયેલી ચળવળ અને તેનું ભારત માટે મહત્ત્વ હોય. ઈ. સ. ૧૯૧૪.

*

સોજન્યથી **********

નારાયણ પ્રોસેસર

પાંડેસરા, જી.આઈ.ડી.સી. સુરત

વડોદરાનું નજરાણું
શિલ્પ-સ્થાપત્ય, બાગ-કુવારા

- શ્રી જ્યોતિષ પોરા

દરેક શહેરને પોતાની એક આગવી વિશિષ્ટતા હોય છે, એક મોભો હોય છે. એ શહેરની પશ્ચાદભૂમિથી તો એ પોતાનો પરિચય આપે છે. આવું એક શહેર ગુજરાતમાં પણ છે - જેને "વડોદરા"ના નામથી સૌ કોઈ



કલાભવનની ભવ્ય ઈમારત

ઓળખે છે. વડોદરા નામ એ તો અપભ્રંશ થયેલું નામ છે. મૂળ નામ તો "વડપદ્રક" - સમયની ગતિએ વડપદ્રકમાંથી વડોદરા કર્યું અને કેટલાકે તો પાછળથી સુધારીને વડોદરા કર્યું. આ નામનું અપભ્રંશ ફારસીમાં બડોદ. મરાઠીમાં બડોદે અને અંગ્રેજીમાં બરોડા કરી નાખ્યું. પણ સમયે તો આગળ જતાં એ બરોડાને વડોદરામાં ફેરવી નાખ્યું. આવા શહેરની સંસ્કારિતા, એની ગર્વિતા તદ્દન નિરાળી છે. જ્યાં રાજા લલિતકળા. સાહિત્ય અને સંગીત પ્રત્યે આદરની ભાવના રાખતો હોય ત્યાં તો સંસ્કારિતામાં મ્હોર આવે અને કલાકારોના ટહુકા સાંભળ્યા કરે. જ્યારે આંબે મ્હોર આવે, અને કોયલના ટહુકાનો આસ્વાદ જેમ એક અનેરી લાગણીની પ્રતિતિ કરાવે તેમ આ વડોદરા શહેરનું છે. આ શહેરની કલા -પ્રતિષ્ઠા ભૂતકાળથી જ અંકાયેલી હતી. અને માટે જ તો, આજે પણ વડોદરા નગરી સંસ્કારનગરી તરીકે જ ઓળખાય છે. આ સંસ્કારનગરીનો સાચો જ પરિચય મેળવવો હોય તો એના અમૂલ્ય વારસાનું વિહંગાવલોકન તો અવશ્ય કરવું જ પડે. તો ચાલો, આપણે વટદ્રક -ના- વડોદરામાં ખોવાઈ જઈએ.

વડોદરા શહેરની ભૌગોલિક રચના પર એક ઊડતી નજર નાખીએ. સમય ને ઘણો જ પાછળ ચાલી ગયો છે. મહારાજા સયાજીરાવથી પણ પહેલાં - એટલે કે સત્તરમી સદીના પૂર્વાર્ધમાં આવી ગયા છીએ. ચોમેર કોટવાળું કિલ્લેબંધી શહેર છે. રેતાળ જમીનનો પથારો, ઝાડોની ઘેઘૂર ઘટાઓથી આકાર પામેલાં નાનાં નાનાં - વનો નજર પડે ત્યાં ઊંચી-નીચી ટેકરિયાળો વિસ્તાર આંખો સામે મીટ માંડતો. આવા ભૌગોલિક વાતાવરણમાં મહારાજા સયાજીરાવે એક સંસ્કારી નગરીની કલ્પના કરવા માંડી, જેમાં સામાન્ય માણસની મૂળભૂત સગવડોને પણ ધ્યાનમાં રખાઈ, તદુપરાંત સ્થાપત્યશાસ્ત્રમાં રસ લેવા માંડયો. અને મૂર્ત તથા ખંડિયેર જેવા નિર્જીવ સ્થાપત્યના પુનરુધ્ધારનો વિચાર સ્ફૂર્યો અને એને યોગ્ય આકાર આપવા પ્રયાસનો પ્રારંભ કર્યો.

મહારાજાએ ખૂબ જ નાની વયે, કિશોરાવસ્થામાં જ રાજ્યના સુકાનનો દોર સંભાળ્યો. અને એમણે એવાં ઘણાં પ્રોત્સાહક કૃત્યો કર્યા - જેનાં ફળો આપણે આજે ભોગવીએ છીએ. એ સમયે તો તેમણે આંબાનું બીજ રોપ્યું - વૃક્ષ ફૂલ્યુંફાલ્યું અને એ વૃક્ષોના ફળોનો રસાસ્વાદ આપણે માણીએ છઅે. એ રસાસ્વાદનો ઓડકાર કેવો એની પ્રતિતિ તો જ્યારે આપણે એને પળે પળે યાદ કરીને અને સ્મૃતિમાં વાગોળ્યા કરીએ ત્યારે જ થાય.

એક અંગ્રેજ પ્રવાસી અને અમલદાર ફાર્બસે જ્યારે પોતાના આ શહેરના પ્રવાસ દરમ્યાન એક પ્રવાસનોંધ લખી હતી- જેનું તારણ આપવાનો અહીં એક નમ્ર પ્રયાસ છે.

"આશરે દોઢ સદી એટલે કે ૧૫૦ વર્ષ પહેલાંની આ વાત છે. વડોદરાનો ભૌગોલિક વિસ્તાર વધ્યો - અને તેને પણ નાનાં નાનાં ઉપનગરો મળ્યાં ત્યારે પણ તે તો સાવ સાધારણ અને માટીમાં રગદોળાયેલું જ લાગતું હતું. પાકા રસ્તા તો સમ ખાવા પૂરતા પણ નહોતા. ઠેર ઠેર રેતીનો ખડકલો જ પથરાયેલો દેખાતો હતો. વર્ષના બાર મહિનામાંથી આઠ મહિના સુધી કાચા ખાડા- ટેકરાવાળા રસ્તા પર રેતીના થર જામી ગયા હોય અને ચોમાસાના ચાર માસ દરમ્યાન તો મૂશળધાર વર્ષાને કારણે એ રસ્તા પાણીમાં ગરકાવ બની ગયા હોય - જેના કારણે ત્યાં કાદવ-કીચડ અને ગંદકી જ વ્યાપેલાં રહેતાં. - આવા સમયે ૧૮૮૭માં ગુજરાતી સાહિત્યના કવિ નર્મદે એક પુસ્તક લખ્યું - અને એ પુસ્તકમાં તેમણે વડોદરા શહેર વિષે જે લખ્યું છે તે તો ખાસ જાણવા જેવું છે "આ શહેરની ભૌગોલિક મર્યાદા પાંચ ચોરસ માઈલની છે. લાખેક જેટલાં માણસો અહીં વસે છે. વિશ્વામિત્રી નદીના પૂર્વકાંઠે વસ્તીએ વસવાટ કર્યો - નદી પર એક મોટા પુલની રચના કરવામાં આવી, જે માર્ગે શહેર વિસ્તારમાં પ્રવેશાય છે. પૂલની આસપાસના વિસ્તારોમાં દેવાલયો બંધાયાં છે. વિશ્વામિત્રી અને ચિમણ બાગ વચ્ચે વેલ પણ છે અને મોતીબાગની પાછળ, સ્ટેશન પાસે લક્ષ્મીવિલાસ નામનો રાજમહેલ છે, જે વિશ્વામિત્રી નદીથી દોઢેક માઈલ દૂર છે.

વર્તમાન વડોદરાના વિધાતા શ્રી સયાજીરાવ ગાયકવાડની નગરરચના, શિલ્પકલા પ્રત્યે પ્રેમ અને આદર અને સુંદર મહાલયોની મૂક પથ્થરમાંથી જે પ્રતિભા ઊપસે છે તેના પરથી એક પ્રતિતિ થાય છે. વડોદરામાં જીર્ણ થઈ ગયેલી ઈમારતોની વાત કરવા બેસાય તો ચોક્કસ ધર્મશાળાઓનો ઉલ્લેખ કરવો જરૂરી છે. કેટલીક ધર્મશાળા ઓને નવતર સ્વરૂપ પણ અપાયું છે. જ્યારે કેટલીક તો બિસ્માર થઈ ગયેલી પણ છે. વડોદરામાં મોગલ અસ્તિત્વના સંભારણા રૂપે કુતુબુદ્દીનનો હજીરો એકાકી બની આજે પણ અડીખમ ઊભો છે. વડોદરામાં સ્થાપત્યનો વિકાસ થયો છે પણ બીજા જ સ્તરે થયો છે. વડોદરા વસ્યું છે પોળોમાં, નિવાસોમાં અને પરંપરાગત સમી હવેલીઓમાં.

સમાજનો અમુક પ્રકારનો જ વર્ગ પોળમાં રહેતો. હવેલીઓમાં તો પોતાની ખાસ એક આગવી વિશિષ્ટતા હતી. કાળક્રમે એ હવેલીઓને શણગારાઈ અને સુશોભિત બનાવાઈ. સમયના ચક્કરે અંગ્રેજો વડોદરામાં આવ્યા - અને હવેલીમાંથી જાણે પ્રાણ જતો રહ્યો હોય તેમ એ અદ્રશ્ય થતી ચાલી અને ત્યાં ભવ્ય બંગલાઓના પગરણ થયાં.



માંડવી ગાસેનો નજરબાગ પેલેસ

તો ગાયકવાડ સરકારે ભવ્ય રજવાડ આવાસોની રચના કરી જાહેર ઈમારતોના બાંધકામની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું. આ રચનાઓમાં ગોથિક ભવ્યતાનાં તત્ત્વોનો આભાસ થતો તદુપરાંત પૌર્વાત્ય દેશોની વિશિષ્ટ ચમત્કૃતિની અસર વરતાય છે. વડોદરાનું સંગ્રહાલય, ન્યાયમંદિર, પ્રતાપવિલાસ પેલેસ વિ. સ્થાપત્યો જાણે વીકટોરિયન તેમજ એડવર્ડિયન યુગની સ્મૃતિ તાજી કરી દે છે. સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમય પહેલાંનાં સ્થાપત્યોને તો યાદ કરવાં અતિ જરૂરી છે.

મકરપૂરા પેલેસ : આ ઈમારત ખંડેરાવ મહારાજાએ બંધાવી. પાછળથી મલ્હારરાવે આ ઈમારતના કેટલાક ભાગનો નાશ કર્યો. ઈ.સ. ૧૮૯૦ની સાલમાં સયાજીરાવે આ ભાગને પુનઃ સજર્યો. સર્જન થયેલો નવો ભાગ તો એક મહેલની આભા ઉત્પન્ન કરે એવો બન્યો છે. જુના મહેલના ઊંચેરા ભાગમાં સરકારશ્રીનો ધ્વજ ફરકતો - આ મહેલના બાંધકામમાં ઈંટોનો વપરાશ



નગરની શોભા માંડવી દરવાજો

કરાતો અને તેની બાંધણી ઈટાલિયન પધ્ધતિએ કરવામાં આવી. બાગ, સંગ્મરમરના કુવારા, ગ્રીષ્મગૃહ, ક કલાનકશીના નમૂનાકામ બાવલાં ધરતી પર લીલી વનરા હરિયાળો પ્રાકૃતિક ગાલી વૈવિધ્યપૂર્ણ અને રંગબેરંગી ફૂલો કયારીઓ, ઈલેકટ્રીકથી વપર કુવારાઓ વગેરે જ્યારે જ મહારાજા એ માર્ગેથી પસાર થ ત્યારે ત્યારે આ કુવારાનો ઉપયો કરવામાં આવતો. જ્યારે બી બાજુએ હંસોનું તળાવ, જાપા પદ્ધતિનો સ્વીમીંગ પૂલ - આ વિશાળ બગીચો ૧૩૦ એકર જેટ જમીનમાં પથરાયેલો હતો.

નજર બાગ પેલેસ : ૧૮૭૧ સમયમાં મલ્હારરાવ મહારાજાએ આ મહેલને બંધાવ્યો. રાજકુટુંબ જ્યારે જ્યારે પણ લગ્ન જે અવસરો ઉજવાતા ત્યારે આ મહેલના પાછળના ભાગમ મહેમાનોને ઉતારવામાં આવતા હત ત્યારે ગ્રામજનોને રાજાશાહી વિવા જોવા, જાણવા અને માણવાનો લાભ મળતો. એ મહેલના નીચેન ભાગમાં જમાદારખાનાને પણ રાખવામાં આવ્યું છે. આ સ્થળે સરકારી ઝવેરાત, પુરાણું ફર્નિચર અને અમૂલ્ય વસ્તુઓને સાચવવામ આવતી.

પ્રતાપ વિલાસ પેલેસ :આ મહેલ એમના પૌત્ર પ્રતાપસિંહરાવ રહેત હતા. આ સ્થળનો નકશો મુંબઈન શિલ્પશાસ્ત્રી શ્રી સ્ટીવન્સે બનાવ્યો હતો. આ રાજમહેલ લાલબાગના હુલામણા નામે ઓળખાતો સ્પેઈનમાં "અલહમરા" એટલે લાલ

રાજમહેલ નવમા સૈકામાં તુર્કોએ બાંધેલો હોઈ ઘણો પ્રચલિત છે. આ મહેલમાં "અલમહરા" જેવું સામ્ય લાગે છે. અને માટે જ તો એ લાલબાગ તરીકે ઓળખાય છે.

મોતીબાગ પેલેસ : સયાજીરા મહારાજની કારકિર્દીના પ્રારંભ સમે

ખ્યાતિપ્રાપ્ત દિવસના સર ટી માધવરાવ સાહેબનું એ નિવાસસ્થા

ઈ.સ. ૧૮૫૦ના સમયમાં શ્રીમંત ગણપતરાવે આ મહેલની બાંધણી કરી હતી. વિશાળ રાજમહેલ જેવો આ મહેલ યુરોપિયન સાહેબો માટે વિશ્રામસ્થાન જેવો લાગતો. દરવાજે ગણપતરાવની તસ્વીર, જ્યારે તેની બાજુએ ખંડેરાવ મહારાજ કિંચન સાથે ઘોડા પર બેસી લશ્કરી સલામી મેળવી રહ્યા છે, એવા એક દશ્યની છબી છે. જ્યારે જમણી બાજુએ શ્રીમંત સયાજીરાવની છબી જોનાં જ એવો જ ભાસ થાય કે આ મહેલ તો પાણીમાં પણ અડીખમ ઉભો છે. દિવાલો પર મોંઘી કિંમતના કીમતી આયનાઓ ગોઠવેલા છે. આ સાથે સાથે ઈંગ્લેન્ડની ખ્યાતિપ્રાપ્ત પ્રતિભાશાળી વ્યકિતઓ અને પ્રાકૃતિક દશ્યોની મોટી છબીઓ ગોઠવેલી છે.

ઈન્દુમતી મહેલ : પ્રતાપસિંહનાં મોટાંબેન - અને કોલ્હાપૂરના છત્રપાલના મહારાણી સાહેબાના નામ પરથી "ઈન્દુમતી પેલેસ" નામ પડયું જેની ગણના રાજકુટુંબમાં દેવસ્થાન જેવી ગણાતી. રાજકુટુંબની કન્યાઓનાં લગ્નો પણ ત્યાં જ થતાં પાછળથી આ સ્થળને લક્ષ્મી વિલાસ પેલેસની ખાનગી ઓફિસમાં રૂપાંતરિત કરાયું.

ધૈર્યપ્રાસાદ : ધૈર્યપ્રાસાદ એ મહારાજાના સૌથી નાના પુત્ર ધૈર્યશીલના નામ પરથી આ મહેલ બંધાયો. ધૈર્યપ્રાસાદમાં પણ સુંદરતાને પ્રકાશવાનો અવકાશ છે. તેનું બાંધકામ પર્શિયન ડિઝાઈનમાં કરવામાં આવ્યું. અત્યારે આ મહેલમાં ધૈર્યશીલના પુત્ર અશોક રાજે અને પત્ની દેવયાની રાજે નિવાસ કરે છે.

૧૮૦૦ના સમય પછી તો આ મહેલમાં અવારનવાર સંગીતના જલસાઓ પણ યોજાતા. આ મહેલની આસપાસમાં ફળબાગ, વેલ-બાગ, ચીમકી બાગ વિ. જેવા નાનાં મહેલો પણ બંધાયા છે. ૧૦મી જાન્યુઆરી ૧૮૦૦ના સમયમાં આ મહેલનો એજન્ટ મેલવિલના હાથે ધામધૂમથી પાયો નંખાયો. આ શુભ અવસરે સર રિચાર્ડ ટેમ્પેલ અને હિન્દુસ્તાનના કમાન્ડર - ઈન - ચીફ જનરલ બ્રાર પણ વડોદરા આવ્યા.

લક્ષ્મી વિલાસ પેલેસ : આ મહેલનું બાંધકામ ૧૮૮૦માં થયું. એ સમયે શ્રીમંત તારાબાઈ સાહેબ તથા શ્રમંત મહારાજા સાહેબનો લગ્નપ્રસંગ હતો. આ મહેલ બંધાતાં ૧૨ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. મહારાજા સાહેબ સૌ પ્રથમ વાર ૧૮૯૧માં રાજમહેલમાં ગયા હતા. આ રાજમહેલની લંબાઈ ઉત્તર અને દક્ષિણ દિશાએ લગભગ ૧૭૬.૭૦ મીટરની છે, જ્યારે પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ દિશાએ લગભગ ૬૬ મીટરની છે. આના મુખ્ય ચાર ભાગ છે. પહેલો ભાગ રાજદરબારમાં જવા માટેનું. દરબારમાં જવા માટેનું પ્રવેશદ્વાર ઉત્તર તરફ છે. દરબારનું મુખ્ય દીવાનખાનું ૯૪ ફીટ લાંબું છે અને ૫૪ ફીટ પહોળું છે. ત્રણે દિશામાંથી ગ્રામજનો દરબારને જોઈ શકે માટે પહેલે માળે સુંદર ઝરૂખો બંધાયેલો છે. પશ્ચિમે હાથી - મહેલ છે. પૂર્વ દિશાએ સિંહાસનનું સ્થાન છે. દરબાર હોલમાં યશોદા-કૃષ્ણની બે વિશાળકાય તસ્વીરો છે, તદુપરાંત રામ પંચાયત, કૃષ્ણ પંચામત એમ મળી કુલ ચાર તસ્વીરોને ગોઠવવામાં આવી છે.

દરબારના દીવાનખાનાની દીવાલો પર સંગેમરમરનું પ્લાસ્ટર કામ, રજવાડી ઠાઠમાં રચે એવું મોઝેઈક કામ, રંગીન છત, છત ઉપરની રંગીન ચોકડીઓમાં સોનેરી વરખ વગેરે જે આ દરબારનું આકર્ષણ હતું અને છે. મોઝેઈકના કામ માટે ઈટાલીથી કારીગરોને નિમંત્રવામાં આવ્યા હતા. આ જ રાજમહેલની દક્ષિણ દિશાએ મહારાણી નિવાસ કરતાં. જે ભાગમાં મહારાજા રહેતા. મહેલના કેન્દ્રસ્થાને કુવારીવાળો ચોક છે. લક્ષ્મી વિલાસ પેલેસમાં બીજા મુખ્ય ભાગમાં દવાખાનું, જમાદારખાનું અને બાલિયર્ડ રૂમ, આયના મહેલ, ગાદીમહેલ વગેરે આ રાજમહેલની બાંધણી ઉત્તર હિન્દુસ્તાનનાં શિલ્પશાસ્ત્રો અનુસાર કરાયેલી છે.

લક્ષ્મી વિલાસ પેલેસનું બાંધકામ ૧૮૯૦માં પુરૂ થયું. આ રાજમહેલ માટે લગભગ રૂા. પચીસ લાખ ખર્ચાયા. આ મહેલના બાંધકામ માટે પેરિસ વિ. જેવાં સ્થળેથી ઉત્તમ શિલ્પશાસ્ત્રીઓને નિમંત્રયા હતા. બાંધકામ બાદ તરત જ મહારાજા સાહેબના વિવાહ થયા. પત્નીના પિયરનું નામ "લક્ષ્મી અમ્મા" હોવાને કારણે "લક્ષ્મી વિલાસ પેલેસ" રાખવામાં આવ્યું.



રેસીડેન્સીનો બંગલો જ્યાં હાલ યુનિ.ની ઓફિસ છે.

મહારાજાએ ૧૮૯૩ના વર્ષમાં "ફેલસી" નામના અપ્રતિત મૂર્તિકારને, વડોદરા આમંત્રયા. તેમણે તેમને ૧૮૯૭ સુધી પોતાને ત્યાં નોકરીએ રાખ્યા અને એ સમય દરમ્યાન તેમણે આરસપહાણ અને કાંસાનાં પૂતળાં તૈયાર કરાવ્યાં જે રાજમહેલમાં આજે પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. તેમના પિતાશ્રી કાશીરાવ ગાયકવાડની પૂર્ણ કાંસાની ધાતુની બનાવેલી મૂર્તિ જોવા જેવી લોભામણી છે.

૧૯૨૪ના વર્ષમાં મહારાજાએ કૃણીનાથ બોઝ નામના એક બંગાળી કારીગરને
દેશના સ્થાનિક કારીગરોને ઉત્તેજન આપવાના હેતુથી બોઝને નિમંત્રયા.

રાજમહેલો: શહેરના કેન્દ્રસ્થાને આવેલા જુના સરકારવાડાના નામથી ઓળખાતાં રાજમહેલ આજે પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. ૧૮૭૫ના રીજન્સીના અમલ દરમ્યાન રાજકુટુંબ ત્યાં જ રહેતું. આ રાજમહેલ અગ્રવડિયો હતો. આ સમયે નગરવિસ્તાર પશ્ચિમ તરફ હોઈ ઈ.સ. ૧૮૭૫ની સાલમાં તૈયાર કરેલ નગરરચના પરથી માહિતી મળે છે કે શાહુકારો, અમીરો, ધનાઢયો આ તરફ જ પોતાનાં નિવાસસ્થાનો, બાગ-બગીચા બનાવતાં.



કીર્તિમંદિર જેનો પાયો ૧૯૨૬માં નખાયો

આજવા વોટર વર્કસ: સયાજીરાવે તા. ૨૯મી માર્ચ ૧૮૯૨ના રોજ આજવા તળાવ પાણીના બાંધકામ માટે ખુલ્લું મૂકતાં એ સમયના દીવાન મણિભાઈ જશભાઈએ શહેરીજનોની લાગણીને માન આપીને એ તળાવનું નામ "સયાજી સરોવર" રાખવું એવો વિનંતીભર્યો પ્રસ્તાવ મૂક્યો. પછીથી આ પ્રસ્તાવનો સયાજીરાવે સ્વીકાર કર્યો. અને "સયાજી સરોવર" એવું નામ પડયું.

સર સયાજીરાવે ૧૮૮૧ થી ૧૮૯૨ સુધીના તબક્કામાં કરેલા સુધારા જગ્યા ઘણી વિશાળ હોવા છતાં હવા અને પ્રકાશનો સંપૂર્ણ અભાવ વર્તાતો હતો. દાદરો પણ સાકડાં હતા. ઓરડાઓ વિશાળ હતા, પરંતુ પૂરતી સગવડતાઓ નહોતી. આમ



ખંડેરાવ માર્કેટની ઈમારત જ્યાં હાલ નગરપાલિકાની કચેરી છે.

અને પ્રગતિને અવલોક્યા પછી તે ઓ આને આરોગ્યપ્રદ બનાવવા માંગતા હતા. આ વાતને ધ્યાનમાં રાખીને આજવા વોટર વર્કસની



ન્યાય મંદિરની ભવ્ય ઈમારત

સ્થાપના કરાઈ. વડોદરા શહેરથી ૧૩ માઈલના અંતરે સૂર્યા નદીનો બંધ બાંધી આ તળાવ બાંધવાની યોજના ૧૮૮૫માં તૈયાર કરાઈ. અંદાજે રૂા. ૧ લાખના ખર્ચે બંધાયેલ આ સરોવર "સયાજી સરોવર"ના નામથી પણ પ્રચલિત છે. વડોદરાના જ વતની જગન્નાથ સદાશીવ નામના એક સ્થાનિક ઈજનેરે યોજના મુજબનું સરોવર બાંધવાના કામનો પ્રારંભ કર્યો.

સર સયાજીરાવ રહેલા પ્રાકૃતિક સૌંદર્ય પ્રત્યેના અભિગમને કારણે આ જ સરોવરથી થોડેક અંતરે દૂર એક વિશાળ રમણીય બગીચો બનાવ્યો, જેને લોકો નિમેશ ગાર્ડન તરીકે ઓળખે છે.

સૂરસાગર તળાવ: મુઝફ્ફરકર બીજાએ ૧૬મી સદીના પ્રારંભમાં બાંધેલા "કિલાએ દોલતાબાદ" અથવા હાલના કિલ્લેબંધ વડોદરાની પશ્ચિમે ચંદન તળાવ નામની નાનકડી તળાવડી હતી. તે વિસ્તારમાં ૧૭૫૭ની આજુબાજુમાં અથવા ૧૮મી સદીના મધ્ય ભાગમાં વડોદરાના તત્કાલીન આગેવાનો પૈકી સુરેશ્વર દેસાઈ અહીં તળાવ બંધાવ્યું અને તે તેમના નામ પરથી સૂરસાગર તરીકે પ્રસિદ્ધ થયું. આ તળાવની પશ્ચિમે અને દક્ષિણે કબ્રસ્તાનો હતાં અને ઉત્તરે વડોદરાનાં ઉપનગરો હતાં. એ સૂરસાગરને ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મલ્હારરાવે ઘાટ વગેરે બંધાવીને રમણીય બનાવ્યું.

મહારાજાએ પગથિયાં અને ચારે બાજુ કોટ બંધાવી અંદાજે રૂપિયા એક લાખનો ખર્ચ કર્યો. એવી પણ એક માન્યતા છે કે આ તળાવમાં એક ભગત ભુવાની વાવ હતી, જે પાછળથી પૂરાવી દેવામાં આવી. કેટલાક એવું દૃઢપણે માને છે કે સુરસાગર તળાવ નીચે મંદિરો પણ હશે. આ તળાવ ઉપરાંત સરસિયાં તળાવ, માલો તળાવ, વિ. તળાવો પણ જોવા મળે છે.

ન્યાયમંદિર: આ ઈમારતના બાંધકામ પાછળ રૂા. સાત લાખ ખર્ચવામાં આવ્યા હતા. આ ઈમારત બંધાતા પહેલાં અહીં શાક-માર્કેટ બાંધવાનું વિચારાઈ રહ્યું હતું. પણ પાછળથી ન્યાયમંદિર બાંધવાની યોજનાને સાકાર કરાઈ. શહેરના કેન્દ્રસ્થ વિસ્તારમાં આવેલું આ ન્યાયમંદિર સુંદર નકશીકલાની પ્રતિતિ કરાવે છે. એ સ્થળનું નામ સ્વ. ચિમણાબાઈના નામ પરથી ચિમણાબાઈ ન્યાયમંદિર રાખવામાં આવ્યું. નીચે હોલમાં સભાઓ ભરાતી. હોલમાં સ્વ. મહારાણી ચિમણાબાઈ સાહેબની સંગે-મરમરની મૂર્તિ છે. અત્યારના સમયમાં આ ઈમારત શહેરીજનો અને વકીલોની ઉપસ્થિતિથી ભર્યું ભર્યું લાગે છે.

કીર્તિ મંદિર: આ ઈમારત વિશે વાત કરતાં કરતાં લોંગફેલો નામના કવિની એક પંક્તિ યાદ આવે છે:
"Lives of great men all rqnind us Ewe have make ;ives dubline."

સયાજીરાવ મહારાજાએ તૈયાર કરાવેલ આ સ્થાપત્ય ઈ.સ. ૧૯૨૬માં સુવર્ણ મહોત્સવ પ્રસંગે ખાતમુહુર્ત કર્યું હતું. તેની ઉદઘાટનવિધિ હીરક મહોત્સવ પ્રસંગે તા. ૨૪મી જાન્યુ આરી ૧૯૩૬ના રોજ મહારાજાના વરદ હસ્તે કરાઈ હતી.

રાજ્યની સર્વસાધારણ ઉન્નતિ અર્થે જે જે પૂર્વજોએ પરિશ્રમ કર્યા છે તેમનું સતત સ્મરણ રાખવું એ પછીની પેઢીની સૌ પ્રથમ જવાબદારી છે. આવું સ્મરણ ચીરકાળ દ્રષ્ટિ સન્મુખ રહે તે માટે આ કીર્તિમંદિરની સ્થાપના કરાઈ. ફ્રાન્સમાં પેન્થીઓન અને ઈંગ્લેન્ડમાં વેસ્ટમિન્સટર એબે. યુરોપમાં "હોલ ઓફ ફેઈમ" હોય છે. આવી સંસ્થાઓ જ કદાચ મહારાજાને મન પ્રેરણારૂપ બની હશે.

આવા પ્રકારના સ્થાપત્યની રચના કરવાનો સૌ પ્રથમ વિચાર ૧૯૨૪ની સાલમાં આવ્યો. મંદિરનું સંપૂર્ણ યોજનાબદ્ધ ચિત્ર મહારાજા પાસે રજૂ કરાયું. આ યોજનાના સંબંધમાં મહારાજાએ કેટલાંક સૂચનો પણ કર્યા. બીજાં સ્થાપત્યની જેમ ધુમ્મટ રાખવો - નવીનતા દેખાય એટલા માટે ધુમ્મટને સ્થાને શિખર રાખવું એવા પ્રકારનું સૂચન કરાયું અને ત્યાં આસપાસ સમાધિ સ્થળો ખડાં કરવાં એમ નક્કી થયું. આ કિર્તી મંદિર ૧૯૩૬ની સાલમાં ખુલ્લું

કામનાથ મહાદેવનું મંદિર

મૂકાયું.

ખંડારાવ માર્કેટ: ૧૯૦૦ના અરસામાં સયાજીરાવ પેલેસમાં વસતા થયા. ખંડેરાવ માર્કેટની સ્થાપના કાટખૂણાના રસ્તે આવેલી છે. શહેરની નાગરિક સુવિધાની રક્ષક-પોષક મહાનગરપાલિકા અહીં એની વહીવટી "રાજયભરની વહીવટી" અને ધારાસભાકીય કામગીરી ચાલતી તે કોઠીની ઈમારત એટલે ખંડેરાવ માર્કેટ. આ ખંડેરાવ માર્કેટમાં શાકભાજી પાંચ શેરના ભાવે મળે. શેર ગયાં, ગ્રામ આવ્યાં - કિલો પધાર્યા તો યે પાંચ શેરિયાં નામ હજીયે આ માર્કેટમાં ચાલે છે. આ જ એની વિશિષ્ટતા.

પ્લેનેટોરિયમ: અંગ્રેજીમાં જેને પ્લેનેટોરિયમ કહેવાય છે તેને ગુજરાતમાં "આકાશ ભવન" એવું કહેવાય છે. કમાટીબાગમાં પ્રવેશતાં જ સ્થાપત્ય પ્રારંભે આવે. બહાર મોટા અક્ષરે એક અંગ્રેજી ભાષામાં પાટિયાંને ટાંગાડેલું હતું. ગુજરાત રાજયની સ્થાપના થયા પછી મહાનગરપાલિકાએ આનું સર્જન કર્યું. આમાં સ્વયં-સંચાલિત યંત્ર વીજાણું કોમ્પ્યુટરથી ચાલે છે. દર વર્ષે વડોદરાની કુલ વસ્તીમાંથી આશરે ૧૭ ટકા જેટલી વસ્તી આનો લાભ લે છે. આમ આ વિષયમાં આપણું સ્થાન ત્રીજે નંબરે આવે છે. લંડનમાં ૮ ટકા, ચિકાગોમાં ૪ ટકા, અને મોસ્કોમાં ૧૩ ટકા જેટલો આનો લાભ લેતા હોય છે. અહીં આકાશ દર્શન કરાવતી પ્રવૃત્તિ ચાલે છે. આ સ્થાપત્યના બાંધકામ પાછળ આશરે રૂ. ૩૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

મ્યુઝિયમ: દેશકાળના રક્ષકની જુદાઈ ઓગાળીને ખુશાલી વરસાવે એ જ કલાસર્જનનો કિમીયો. આ મ્યુઝિયમની સ્થાપના અને એની સમૃદ્ધિનો યશ સર સયાજીરાવને ફાળે જાય છે. ગુજરાત રાજયની રચના પછી ૧૯૬૪ પછી વ્યવસ્થિત રીતે સંગ્રહાલય નિયામકના કાર્યાલયનો પ્રારંભ થયો. આ ઈમારતમાં ૩૮ ઓરડા, બે માળ. ગ્રીક દેવળના શિલ્પ વિધાનની હવા જગાવતું ૪૦ હજાર ચોરસ ફીટના વિસ્તારમાં ભૌગોલિક સ્થાન ધરાવતું આ સંગ્રહાલય છે. લગભગ ૯૫ જેટલાં વર્ષોની એમની કારકિર્દી, સદા વિકાસોન્મુખ છતને ૭૩ વર્ષ જેટલો સમય તો થયો જ હશે. પ્રથમ વિશ્વયુધ્ધ ફાટતાં આ સંગ્રહાલયને ચિત્રો મેળવતાં ખૂબ જ તકલીફો પડેલી. એ ચિત્રો મેળવનાર વ્યકિતઓ મિ. સ્પિલમેન. ગુજરાતમાં અંદાજે કુલ ૩૪ જેટલાં સંગ્રહાલયો - જેમાં સૌથી જૂનું સંગ્રહાલય કચ્છનું છે - જે ૧૮૭૭માં સ્થપાયું અને સૌથી મોટું વડોદરાનું છે. આ મ્યુઝિયમના ગ્રંથાલયમાં હજારોની સંખ્યામાં પુસ્તકોની ઉપલબ્ધિ સંગ્રહાલય વિજ્ઞાનના શિક્ષણની પણ સુવિધા. - સંગ્રહાલયની રચના કમાટી બાગની વચ્ચે.

હોલ્થ મ્યુઝિયમ: વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ચલાવે છે. શારીરિક તંદુરસ્તીના વિવિધ ફોટા મુકેલા છે. આયુર્વેદનું મ્યુઝિયમ મેડીકલ કોલેજનું મ્યુઝિયમ છે.

મ. સ. યુનિવર્સિટી: ૧૯૦૮ના અરસામાં એવું દૃઢપણે ઈચ્છતા હશે કે વડોદરાને યુનિવર્સિટી મળે પાછળથી વડોદરા રાજયનું મુંબઈ પ્રદેશે વિલિનીકરણ કર્યું. ડૉ. જીવરાજ મહેતા અને હંસાબેન મહેતાના સહયોગથી ૧૯૪૯ના વર્ષમાં સયાજીરાવનું સ્વપ્ન સાકાર થયું. આ યુનિવર્સિટીનાં પ્રથમ કુલપતિ શ્રીમતી હંસાબેન મહેતા અને ડૉ. જીવરાજ મહેતાએ સહિયારા ધોરણે નિભાવી. વડોદરા રાજયનાં કુલ ત્રીસ લાખનાં ૯ મકાનો, ૪૧ લાખના ૧૨ બંગલા, કુલ ૧૬૩ એકર જમીન યુનિવર્સિટીને સાંપડી. પાછળથી આવી ૧૯માંથી ૬૮ વિભાગો થયા. નવી ૮ વિદ્યાશાખા થઈ. "હોલ" નામે ૧૪ છાત્રાલયો થયાં. લલિતકલાઓના અનુસ્નાતક વર્ગો, પુરાવસ્તુ વિદ્યાર્થી સ્વતંત્ર સંસ્થા, ગૃહ વિજ્ઞાન - સમાજ સેવા વિદ્યા, જનરલ એજ્યુકેશન કેન્દ્ર, મનોવિજ્ઞાનનું ઉચ્ચ અધ્યયન કેન્દ્ર, તબીબી - ઈજનેરી, વિદ્યા કેન્દ્રો - ૧૯૪૯ના એપ્રિલમાં યનિવર્સિટીના શ્રીગણેશ થયા.

ઈન્દીરા એવેન્યુ

વિશ્વામિત્રીની પડખે આવેલ છે. યવનેશ્વરનું મંદિર પણ એની સમીપે જ. બંને બાજુએ હોસ્પીટલની સતત ગમની - અણગમતી વસ્તી. ઈન્દીરા એવન્યુથી સ્ટેશન તરફ જતા માર્ગે વચમાં ફત્તેહસિંહરાવનું ઠાઠદાર પૂતળું. દાંડિયાબજાર તરફ જતાં રસ્તે એક જેલ. ૧૯૪૨માં ગાંધીજીએ આદરેલી અંગ્રેજો સામેની છેલ્લી લડતમાં અહીં પણ કહેલું: "અંગ્રેજો છોડ દો ભારત"! સયાજીરાવના પુત્રી ઈંદિરા રાજેનું નામ સાચવતો બંને બાજુ વડવાળો સુંદર રસ્તો સ્વતંત્રતા પછી નષ્ટ થયો છે અને આજે એનું નામ માત્ર રહ્યું છે.

૧૯૪૨ પહેલાં આ જ ઈંદિરા એવેન્યુમાં ૧૯૩૯ના અરસામાં સરદાર વલ્લભભાઈ પટેલ આવતાં તોફાનો પણ અહીં જ મચ્યાં હતાં. ૧૯૩૯ પહેલાં ૧૯૨૪માં વિશ્વામિત્રીમાં પાણીનાં પૂર ઉમટયાં હતાં, જે કીર્તિ મંદિર સુધી પહોંચ્યાં હતાં. ઈંદીરા એવન્યુ માટે તો એવું કહેવાય છે કે ભલે વડ સદંતર નથી ગયા વડોદરેથી, પણ વડના વૃક્ષ કુલે જાણીતું વડોદરાના ઈંદિરા એવન્યુનું જ છે ને!

કોઠી: આ વિસ્તારમાં કચેરીઓ, સૂર્યનારાયણ મંદિર, કોઠી કચેરીનો, આગળનો ભાગ ૧૯૧૫ પછી સર્જાયો હશે એવું માની શકાય. અગ્રભાગ સાદો, સુઘડ અને પ્રભાવશીલ. એનો શંકુ ટાવર પણ સરસ, ઉપર દિશાદર્શી વાયુમંત્ર, જીલ્લા કલેકટર ને બીજા વડાઓની કચેરી. રાજયના પાટનગરનું એ સચિવાલય એક સમયે. આ કોઠી કચેરીમાં દેશભરમાં યશસ્વી નીવડનો રાજ્યવહીવટ ઘડાતો. પણ આજે જીલ્લા સરકારી - અને કેન્દ્રીય કચેરીનો સમાવેશ.

માંડવી: વડોદરાના જૂના નગરની રચના પ્રમાણે માંડવી મંડળ એ કેન્દ્રસ્થ દરવાજો કહેવાતો. અહીં બાળકની સીસપેનથી માંડીને પાટી-લખોટી મળે - વૃદ્ધોને પંચાંગપોથીથી માંડીને ગમે અને પરવડે એવાં ચશ્માં મળે - અને સમય આવ્યે ભારે લાઠી ને બંદૂક પણ મળે. ઘર માંડનાં નવયુગલનું અહીં જ ઘર પણ વસી જાય. આ માંડવીની સમીપે ઘડિયાળી પોળ, એના નાકે અંબાજીનું મંદિર તો આગળ જતાં એ મંદિર સાથે મસ્જીદો પણ દેખાય.

લહેરીપુરા: આ લહેરીપૂરા દરવાજો ભારે લોકપ્રિય. સમસ્ત વડોદરાનો મિત્ર અને સાથી. એને ત્રણ કમાનો - અને અવર-જવર વચલે દરવાજેથી. ઐતિહાસિક માન્યતા પ્રમાણે ઈ.સ. ૧૬૯૭ના દસ્તાવેજમાં લહેરીપુરાનું નામ "લારીપરા" એવું જાણવા મળે છે. આ પછી ઈ.સ. ૧૭૫૭ના ગાળાનો એક દસ્તાવેજ આ જ નામનું અપભ્રંશ કરે છે અને કહે છે કે "લાહારી પરા". વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે લાહરીનો અર્થ લુહાર થાય અને એમાંથી આ લહેરીપુરા નામ સર્જાયું. લહેરીપુરાની એક પાંખે મંગળ બજાર તો બીજી પાંખે સંખેડાના કાષ્ટ-સામગ્રીની દુકાનો અને આકાશમાં રહી પેલી ન્યાય મંદિરની ઈમારત પોતાના અસ્તિત્વની ચાડી ખાય. લહેરીપુરાને દરવાજે બે મજલાનું શિલ્પવિધાન.

ચાંપાનેરી દરવાજો: ચાંપાનેરી દરવાજો પાવાગઢ તરફ મોં ફેરવીને ઉભો છે. લીલાં લાકડાં, છજાંના મકાનો જોતાં અસલ ગાયકવાડી યાદ આવે. ગાયકવાડો અહીં કેન્દ્રસ્થાન રચીને રહેતા હતા. આ જ વિસ્તારમાં મધ્યસ્થ સંગ્રહાલય. ચાંપાનેર દરવાજાને એક ભાગે નવાપરાનું જાણીતું બજાર - જયાં શુકવારી જે ગુજરી બજાર ભરાતી. ચાંપાનેરી દરવાજા પાસેનો એ રસ્તો - એ બજાર - એ ફતેહપુરા વિસ્તારી રૂપજીવીઓની રહેણાંક. આ ચાંપાનેરી દરવાજો એટલે તો સાધુ-જોગી એ સદાય મૂક જ રહેને! ચાંપાનેરી દરવાજે જ મહેતા પોળ. એક સમયના અઢારમી સદીના છેલ્લા ચરણમાં નિવાસ કરતા વેણીરામ મહેતા પરથી મહેતા પોળ સર્જાઈ. મંડાવિકા એ મૂળ નામ. પછી અપભ્રંશ થતાં એ નામ થયું માંડવી. તો બીજી તરફ છે ગેંડીગેઈટ. આ ગેંડીગેટ ગોધા ગેટ તરીકે પણ ઓળખાય છે. આ ગેંડીગેઈટ પાસે લાકડાની જાળીવાળું ગેલેરી જેવું બનાવેલ છે. દરવાજાની દિવાલો સુંદર ચિત્રોથી ચિતરવામાં આવી છે. રામાયણ-મહાભારતનાં દૃશ્યો ઉપરાંત હિંદુ દેવી-દેવતાઓ યુદ્ધના દૃશ્યમાં ભારતીય અને યુરોપીયન સૈનિકો દેખાય છે. જુદા જુદા અધિકારીઓ, વનસ્પતિઓ, પશુ-પક્ષી બધાંને યુરોપીયન શૈલીમાં ચીતરવામાં આવ્યાં છે. કેટલાંક ચિત્રો યુરોપીયન શૈલીની પ્રતિકૃતિરૂપ છે. બીજા માળે મોટો રૂમ અને ગેલેરી છે. સામેના ઓરડામાં ભાત - ચિત્રો સફેદીથી બનાવેલ છે. સાથેના રૂમમાં મહાભારતનાં જુદાં જુદાં દૃશ્યો, હિંદુ દેવી-દેવતાઓ, "અંગ્રેજ યુદ્ધનાં દૃશ્યો", કૃષ્ણ પ્રતિમા (દ્વારકાથી ડાકોર લાવેલ બોડાણા) ઉપરાંત યુરેપીયન ચિત્રો - પારસી યુગલ આ બધાં ચિત્રો અહિં જોવા મળે છે.

ભારતીય પુરાતત્વ ખાતાએ આ તાંબેકરવાડાને જૂના અવશેષ રૂપે જાળવી રાખ્યું છે.

વડોદરા એ વિવિધ પ્રકારના વડ અને વૃક્ષોથી શણગારેલું શહેર હતું

જયુબીલી બાગમાં સ્થિત
ભગવાન બુદ્ધની પ્રતિમા



સયાજીબાગનો ઝૂલતો પુલ
જેનું હાલ અસ્તિત્વ નથી

બરાનપરૂ. જેના પરથી બારાનપુરી દરવાજો એવું પણ કહેવાય છે. ગેંડીગેઈટમાંથી આંખ સ્થિર થાય છે ચોખંડીનો વિસ્તાર. આ દરવાજે દક્ષિણ ગુજરાને જવાય.

તાંબેકર વાડા:

વડોદરાના દિવાન ભાઉ તાંબેકર (વિઠ્ઠલ ખંડેરાવ (ઈ.સ. ૧૮૪૯ થી ૧૮૫૬)નું નિવાસસ્થાન તાંબેરકર વાડા એક વિશિષ્ટ "મરાઠા ભવન" છે. તેનો ઢાંચો લાકડાનો છે. પાછળના બે ભવનનો એક ચોક જે લાકડાનો છે. પાછળના ભાગમાં બે ભવનનો એક ચોક, જે ચારે બાજુથી બંધાયેલ છે. સામેની બાજુ અથવા પૂર્વ તરફ ત્રણ માળનો ભાગ છે જે પુરાતત્ત્વ સર્વેક્ષણના સંરક્ષણમાં છે. પ્રથમ અને બીજા માળની દિવાલ ઉપર ઉત્તમ પ્રકારનાં ભાત - ચિત્રો છે. તેમાં જવા માટે એક નિસરણીની વ્યવસ્થા છે. નીચે તળિયાના ભાગમાં સભા ભવન છે. દક્ષિણ બાજુ અને છે. સદ્‌ભાગ્યે આ શહેરનો રાજવી પણ એટલો જ પ્રકૃતિપ્રેમી અને કલા-વાંચ્છુ નીકળ્યો, જેના પરિણામે સમસ્ત ગુજરાતમાં વડોદરા શહેરને "સંસ્કારી નગરી"નો ઇલ્કાબ મળ્યો. સમગ્ર શહેર વૃક્ષો અને બાગથી વીકસ્યું. જે પ્રકારના બાગ-બગીચાએ દક્ષિણ ભારતમાં રમણીયતા વધારી હતી એવા પ્રકારની રમણીયતા વડોદરા શહેરના રાજવીએ સમગ્ર શહેરને આવરી લેતાં લગભગ ૪૦ જેટલાં બગીચાઓ, ૨૫ થી ૨૭ જેટલા કુવારાઓ અને ૧૯ જેટલાં શિલ્પોની સ્થાપના કરી શહેરને શણગાર્યું. આ તમામ ખજાનાની સાર-સંભાળ માટે વડોદરા રાજયમાં પાર્કસ એન્ડ ગાર્ડનની શાખાની સ્થાપના કરવામાં આવી. આ શાખા એ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જૂનામાં જૂની શાખા છે. આ શાખાનું અસ્તિત્વ જ્યારે વડોદરા રાજય હતું

ત્યારે પણ હતું પણ ત્યારે આ શાખા પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટ એટલે કે પી.ડબલ્યુ.ડી.ની હેઠળ કામ કરતી હતી વડોદરા સ્ટેટ બહારના બધા જ બગીચાઓ મહારાજાના હતા. અને આ તમામ બગીચાઓ સારા એવા વિસ્તારમાં પથરાયેલા હતા.

હવે આપણે એ બગીચાઓ પર એના વિસ્તાર સાથે એક દ્રષ્ટિ નાખીએ : (૧) લક્ષ્મી વિલાસ પેલેસ ગાર્ડનનું ક્ષેત્રફળ ૬૫૭.૫૨ જેમાં ૧૮ માઈલના રસ્તાઓનો ઘેરાવો છે. (૨) હર હાઈનેસ ગાર્ડન - જેનું ક્ષેત્રફળ ૫૪.૧૮નું છે અને ૩ માઈલના રસ્તાઓ છે. (૩) નજરબાગ ગાર્ડનનો વિસ્તાર ૪.૪૮ અને ૩ ફર્લાંગનો રોડ સંકળાયેલો છે. (૪) લાલબાગનો વિસ્તાર ૫૪.૦૦નો છે. (૫) ઈન્દુમતી મહેલ ગાર્ડન એ. અને બી. વિલાઝ સાથે ૩.૩૫ અને ૪ ફર્લાંગનો રોડ છે. (૬) આજવા ગાર્ડન ૧૧.૩માં પથરાયેલું છે. અને ૨ ફર્લાંગનો રસ્તો છે. (૭) મકરપુરા ગાર્ડન ૭૫.૦૦ ૬ માઈલના રસ્તા સાથે છે. (૮) હીરાબાગનો વિસ્તાર ૩૯.૪૦નો છે. (૯) સરદાર સ્કુલ બાગનો ઘેરાવો ૧.૯૫નો છે. જ્યારે અમૃત ગાર્ડન ૩૫૨.૧૦માં છે. (૧૦) બોરસી ગાર્ડન ૯.૯૭માં છે. (૧૧) મરોલી ગાર્ડનનો ઘેરાવો ૫.૩૯નો છે. (૧૨) પાટણ ગાર્ડનનો વિસ્તાર ૨૦.૧૫નો છે. (૧૩) મહેસાણા ગાર્ડન ૭૩.૫૦ (૧૪) મુલાઈ ગાર્ડન ૬.૮૫, (૧૫) પબ્લીક પાર્ક ગાર્ડન ૧૧૨.૮૩ (૧૬) સી. ડી. હોસ્પીટલ ગાર્ડન મીલીટ્રી હોસ્પીટલ સાથે ૧૮.૯૩ (૧૭) કોલેજ ગાર્ડન ૨૪.૮૮ અને (૧૮) ગેસ્ટહાઉસ ગાર્ડન ૬.૯૬ ચોરસ ક્ષેત્રફળમાં આવેલું છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમયમાં વડોદરા રાજ્યનો દીર્ઘદ્રષ્ટિપૂર્વક સુઆયોજિત ઝડપી વિકાસ અને ખૂબ જ લોકોપયોગી કામો થયાં છે. એ સમયે પી.ડબલ્યુ.ડી. ખાતું જ બગીચાઓની સંભાળ રાખતું હતું. ૧૯૪૯ના વર્ષમાં વડોદરા રાજ્યનું વિલિનીકરણ થયું અને એ પછી વડોદરા શહેરની મ્યુનિસિપાલિટી પાસે શહેરના તમામ બગીચાઓની કામગીરી અને સારસંભાળની જવાબદારી આવી પડી. ૮મી જાન્યુઆરી ૧૮૭૯ના રોજ મહારાજાએ કામાઠી બાગને વડોદરાની જાહેર જનતાને અપર્ણ કર્યો. એ સમયે સુધરાઈ પાસે જે બાગ-બગીચાઓ હતા તેની સવિસ્તાર વિગત આ પ્રમાણે છે :

૧. જ્યુબીલી બાગને બાગ ખાતાને સોંપવામાં આવેયું. અને આ બાગમાં લોન, બાંકડાઓ, રમતગમતના સાધનો, સ્લાઈડીંગ સ્પૂન મૂકવામાં આવ્યું. તો અની સાથે સાથે જાહેર જનતાના મનોરંજન માટે રેડિયો લાઉડસ્પીકર સાથે મૂકવામાં આવ્યો.

૨. સૂર્યનારાયણ બાગને વડોદરા શહેર સુધરાઈને સોંપવામાં આવ્યો, એ બાગમાં પણ લોન, બાંકડાઓ, રમતગમતના સાધનો, ફૂલઝાડના ક્યારાઓ, મનોરંજન માટે રેડિયો, લાઉડસ્પીકર સાથે ગોઠવવામાં આવ્યો અને પગીરૂમમાં લોકોને ઉપયોગ માટે સ્ટ્રેચર પણ રખાયું.

૩. સયાજીગંજ કોલેજના ઝાંપા પાસેના બગીચા ને પણ વડોદરા શહેર સુધરાઈને સોંપવામાં આવ્યો. આ બાગને પણ લોન અને બાંકડાઓની સગવડ અપાઈ.

૪. સયાજી ટાવર પાસેનો બગીચો આ બગીચાની નિભવણીની જવાબદારી વડોદરા શહેર સુધરાઈને સોંપવામાં આવી. જેમાં લોન, રમતગમતના સાધનો, બાંકડાઓ, ફૂલઝાડના ક્યારાઓ રાખવામાં આવ્યાં.

૫. સ્ટેશન માર્ડ સર્કયુલર ગાર્ડન ને પી.ડબલ્યુ.ડી. ખાતાને સોંપાયું. જેમાં લોન, ફૂલઝાડના ક્યારાઓ, બાંકડાઓ વિ.ને સારી સ્થિતિમાં રાખવામાં આવ્યાં.

૬. સ્ટેશન- ઉત્તર બગીચો : આને પણ પી.ડબલ્યુંડી. ને સોંપાયો. એમાં વાડ કરવામાં આવી.

૭. સ્ટેશન દક્ષિણ બગીચો : આને પણ પી.ડબલ્યું.ડી.ને સોંપાયો. જેમાં લોન અને ફૂલઝાડની ક્યારીઓ રોપવામાં આવી.

૮. ખંડેરાવ માર્કેટ બગીચો : આ બગીચાને સુધરાઈને સોંપવામાં આવ્યો. આ બગીચામા લોન, ફૂલઝાડના ક્યારા - પાછળના ભાગમાં જીવાડો રોપાયાં. પેવીંગ કરી નવી લોન તૈયાર કરાઈ. પૂર્વ અને દક્ષિણ બાજુએ, નવા સ્ટોલ પાછળ અલાયદી લોન તૈયાર કરાઈ. જ્યારે ગાડા છૂટવાની દિશાએ ઝાડોને રોપવામાં આવ્યા - અને જાહેર મનોરંજન માટે રેડિયો લાઉડસ્પીકર સાથે રાખવામાં આવ્યો.

૯. લાલબાગ પ્લોટ : વડોદરા શહેર કોર્પોરેશનની જવાબદારીએ આ બાગની કામગીરી ચાલુ થઈ. જેમાં લોન, બાંકડા તથા ફૂલ ઝાડના ક્યારાઓને રોપવામાં આવ્યાં.

૧૦. લાલબાગ લેડીઝ પ્લોટ એ પણ સુધરાઈને જ સોંપવામાં આવ્યો. જેમાં બાંકડાઓ, રમતગમતના સાધનો અને લોન રખાયા.

૧૧. સરસિયા બગીચો સુધરાઈએ જ સંભાળ્યો. એને રેલીંગ કરી દેવાયો અને ફૂલઝાડના ક્યારાઓને રોપવામાં આવ્યા.

૧૨. રામનાથ સ્મશાન પણ સુધરાઈએ જ સંભાળ્યો. અને બગીચા સાથે નર્સરીની પ્રવૃત્તિને વીકસાવવામાં આવી.

૧૩. મોતીબાગ કોસ કૂવાનો વહીવટ પણ સુધરાઈ હસ્તક જ રહ્યો. જેમાં લોન સાથે સાથે ફૂલઝાડના ક્યારા ઓને રોપવામાં આવ્યા.

૧૪. ખાસવાડી સ્મશાનની કામગીરી પણ સુધરાઈએ જ સંભાળી - જેમાં તટનું કમ્પાઉન્ડ કરવામાં આવ્યું - રસ્તો બનાવવામાં આવ્યો - અને રસ્તા પર ફૂલઝાડના ક્યારાઓ રોપવામાં આવ્યાં.

૧૫. ટાંકા કૂઈ બગીચા ને પી.ડબલ્યુ.ડી. ખાતાએ સંભાળ્યો - જેમાં રેલીંગ કરાઈ. રાસ્તો બનાવાયો, લોન ને પણ તૈયાર કરાઈ, ફૂલઝાડના ક્યારાઓ રોપાયાં અને બાંકડા પ્રસ્થાપિત કરાયાં.

પ્રવાસના પ્રારંભે જ જ્યુબીલી બાગ પહોંચીએ છીએ - ત્યાં ભગવાન બુદ્ધની છાયામાં સ્થિર થઈએ છીએ. શ્રીમંત સરકાર ત્રીજા સયાજીરાવ ગાયકવાડ જેઓ સી. એસ.આઈ. સેનામાં હતા. એવા સમશેર બહાદુર સાથે ૧૯૧૨ની સાલમાં વડોદરાની પ્રજાને સોગાદરૂપે અપાયું. જ્યુબીલી બાગથી આપણે જઈએ છીએ સયાજી બાગના મુખ્ય દ્વાર તરફ. ત્યાં નજર ઠરે છે મહારાજા ત્રીજા સયાજી રાવ



મકરપુરા પેલેસ

ગાયકવાડની પ્રતિમા પર. આ શિલ્પને શ્રીમંતના કૃતજ્ઞ પ્રજા તથા ભારત વર્ષમાં અને સમુદ્રપાર રહેતા ગુણજ્ઞ લોકો તરફથી દિનાંક પાંચમી માર્ચ ૧૯૦૭ને રોજ શ્રીમંતના રૌપ્ય મહોત્સવના સ્મરણાર્થે તથા દર્શક ને શ્રીમંતના ઉત્તરોત્તર ઉત્કર્ષના આપતાં રાજયના અભિનંદનાર્થે પ્રસ્થાપિત થયેલું છે. આ દિશાથી આપણા

કલાત્મક દરવાજો ગોપાગેટ

સયાજી બાગના મ્યુઝિયમ બાગ તરફ સંચાર થાય છે અને ત્યાં નજરે પડે છે છત્રપતિ શિવાજીનું શિલ્પ.

કાનોમાં દુદુભિઓ સંભળાય છે ઘોડેસ્વારોના અવાજો પડઘા પાડે છે. મહારાષ્ટ્રીય સામ્રાજયના સંસ્થાપક છે એ તો ! આ શિલ્પને આઠમી માર્ચ ૧૯૩૪ના રોજ વડોદરાના મહારાજા સયાજીરાવ ત્રીજાના વરદહસ્તે અનાવરણ કરાયું. આ શિલ્પને રાવબહાદુર ગણપતરાવ કાશીનાથ મ્હાત્રે તથા પૂનાના પૂર્વ શામહાએ સને ૧૯૨૮ની સાલમાં સર્જયું. પ્રવાસ પુનઃ ચાલુ થયો. અને બરોડા ઓટોમોબાઈલ્સ પાસે પહોંચ્યો. ત્યાં ફ્રેનેસિહનું શિલ્પ આમંત્રતું હતું. આ શિલ્પના સર્જક એન. કે. કોલ્હટકર આ. ખંડેરાવ માર્કેટ તરફ પગ વળી રહ્યો છે. માર્કેટના કોલાહલ વચ્ચે ખંડેરાવ મહારાજ અડીખમ ઊભાં છે. આ શિલ્પને મુંબઈના શિલ્પકાર વ્હી. પી. કરમરકરે ૧૯૩૪ની સાલમાં કંડાર્યું ફરી ખંડેરાવ માર્કેટથી પ્રવાસ રેલ્વે સ્ટેશન તરફ વધ્યો. હિરકબાગ પાસે અટકયો. ત્યાં તો શ્રી સયાજીરાવ ગાયકવાડ જ ઉપસ્થિત હતાં. તેઓ તો સમસ્વર્થી અને પ્રજાપ્રિય હતાં. આ શિલ્પના સર્જક તો પરદેશી પેરીસના હતાં. તકતી વાંચતાં નામ અને સાલ બંને વંચાયાં બરતૌલા - સાલ ૧૯૩૪ અહીંથી જવું પડે છે. પ્રતાપગંજના બાગમાં - ત્યાં પ્રતાપસિંહ પણ છે. શ્રીમંત [illegible] પ્રતાપસિંહ રાજે પ્રતાપગંજ ઉપનગર નામ વિધિ સ્મરણાર્થે શ્રી [illegible] મથુરભાઈ પટેલે અર્પણ કરેલી પ્રતિમા છે આ તો ! જેથી સ્થાપના ઉપનગર મંડળે કરી. - નિલકસાહેબ ! શરદપૂર્ણિમા સંવત ૧૯૮૪ની સાલમાં પણ વર્તમાનકાળ ભૂતકાળને અને ૧૯૩૨ની સાલમાં શિલ્પકાર કે. હડસેલતો હતો.

વી. ચવ્હાણે શિલ્પ રચ્યું. નવાપૂરાનો કેવડાબાગ કેટલો દૂર ? ઘણે દૂર. પણ ચાલો ત્યાં પણ જઈ આવીએ. ત્યાં તો મહારાણી શાંતાદેવી છે. તે ઓ તો પ્રજાવત્સલ. ત્યાંથી જ્યુબીલી બાગ તરફ પાછા આવ્યા. શહેરના ટાઉન હોલ પાસે - ત્યાં એક દરિદ્રનારાયણ હાથમાં લાકડી લઈ પોતાની મંઝીલે એકલા જ ચાલી નીકળનાર મહાત્મા ગાંધી છે. વડોદરા શહેર તરફથી અને મહાત્મા ગાંધી પ્રતિમા સમિતિ તરફથી વડોદરા શહેર સુધરાઈને અર્પણ કરાઈ છે. જેનું અનાવરણ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે કરી. અહીંથી આપણા પ્રવાસની દિશા ન્યાયમંદિર તરફ જાય છે અને શહીદ ભગતસિંહ આપણને સૌને આઝાદી પૂર્વેના કાળની યાદ અપાવે છે. ભારતની સ્વતંત્રતા માટે જાન દઈ દેનાર આ શહીદને અમારા નમસ્કાર. વીર ભગતસિંહની પ્રતિમાની અનાવરણ વિધિ ૧૦-૨-૭૯ને રોજ એ સમયના ભારત સરકારના ઉદ્યોગમંત્રી શ્રી જયોર્જ ફર્નાન્ડીઝે કરી. ન્યાયમંદીરથી આપણે કોઠી પાસે આવેલાં - સરકારી પ્રેસ પાસે જઈએ. ત્યાં લોકમાન્ય બાળગંગાધર તિલક.

વડોદરાના કુવારા

(૧) હિન્દુસ્તાન બ્રાઉન - બાવરી કુવારો એર ઈન્ડિયા ઓફિસ સામે, ફત્તેહગંજ પર આવ્યો છે.
(૨) શંકન ગાર્ડન કુવારો - શંકન ગાર્ડન - સયાજી બાગ પાસેસ્વાધિન છે.
(૩) હાપી સ્ટેન્ડ કુવારો - સયાજી બાગના લીલી પોન્ડ ખાને આવેલો છે.
(૪) મ્યુઝિયમ પ્લોટ કુવારો - સયાજી બાગના મ્યુઝિયમ પ્લોટમાં પ્રસ્થાપિત છે.
(૫) ચિન્નાથે સ્ટેચ્યુ કુવારો - સયાજી બાગના મ્યુઝિયમ પ્લોટમાં આવેલો છે.
(૬) પ્લેનેટેરિયમ કુવારો - સયાજી બાગના પ્લેનેટેરિયમ પાસે આવેલો છે.
(૭) બેંક ઓફ ઈન્ડિયા કુવારો - સયાજી સર્કલના મુખ્ય દ્વાર પાસે સયાજી બાગમાં છે.
(૮) ફતેહગંજ સ્ટેચ્યુ કુવારો - બરોડા ઓટોમોબાઈલ્સની સામે છે.
(૯) માર્કેટ કુવારો - પૂર્વ દિશા - ખંડેરાવ માર્કેટમાં સ્થાન છે.
(૧૦) માર્કેટ કુવારો પશ્ચિમ દિશા - ખંડેરાવ માર્કેટમાં સ્થાન છે.
(૧૧) ગાંધી નગર ગૃહ કુવારો - મહાત્મા ગાંધી નગર ગૃહ સામે.
(૧૨) સ્વાતંત્રય કુવારો - ન્યાયમંદિર ખાતે છે.
(૧૩) રામચોક કુવારો - વાડી રામચોક - ટાવર ટાપુ પર છે.
(૧૪) મહમદ કુવારો - પ્રેમાનંદ સંસ્કાર કેન્દ્ર પાસે, મહમદ તળાવ.
(૧૫) સુરસાગર તળાવ જેટ કુવારો - સુરસાગરના પાનાળેશ્વર મંદિર પાસે છે.
(૧૬) સુરસાગર કુવારો - સુરસાગરના હનુમાનજીના મંદિર પાસે પ્રસ્થાપિત છે.
(૧૭) સુરસાગર જેટ કુવારો - કોરાન્ને કલાસીસ સામે છે. પણ કુવારાને કાઢી નાંખ્યો છે.
(૧૮) સુર સાગર જેટ કુવારો - બોટીંગ ક્લબ પાસે છે.
(૧૯) સરસિયા તળાવનો કુવારો - સરસિયા તળાવ પાસે આવેલો છે.
(૨૦) લાલબાગ સર્કલ કુવારો - લાલબાગમાં સ્થાપના કરવામાં આવી છે.
(૨૧) લાલબાગ છીપલાં કુવારો - લાલબાગમાં જ સ્થાપના કરાઈ છે.
(૨૨) સૂર્યનારાયણ બાગ કુવારો - સૂર્યનારાયણ બાગમાં જ પ્રસ્થાપિત.
(૨૩) સાવન કુવારો - નિમેટા ઉદ્યાનમાં છે.
(૨૪) સ્ટ્રકટરલ કુવારો - આજવાના સરોવર ઉદ્યાનમાં રાખવામાં આવ્યો છે.
(૨૫) સ્ટેન્ડ કુવારા - ૪ આજવાના સરોવર ઉદ્યાનમાં રાખવામાં આવ્યો છે.
(૨૬) સિધ્ધનાથ તળાવનો કુવારો - સિધ્ધનાથ તળાવ પાસે છે.

સ્વરાજ ઝ્રા જન્મસિધ્ધ હક્ક આહે - તિલકસાહેબ !

સયાજીરાવ અને ધર્મભાવના

-શ્રીમતી ગાયત્રીદેવી

મહારાજાના ધર્મ અંગેના વિચારો અંગે મહારાજાનું બાળપણ યાદ કરીએ કે તેઓ કયા વાતાવરણમાંથી આવેલા હતા ? જે કુટુંબમાંથી તેઓ આવેલા હતા ને વડોદરા રાજયના સ્થાપક પિલાજીરાવના નાના દીકરાનો વંશ હતો. આ કુટુંબના વંશજો નાસિક જિલ્લાના કવલાણા ગામમાં વસતા હતા. સયાજીરાવનું કુટુંબ ખૂબ મોટું હતું. તેમના મોટા કાકા ગબાજીરાવ એ ગામના પટેલ હતા. લગભગ ૨૦ માણસોનું આ કુટુંબ તેઓ ચલાવતા. કવલાણા ગાયકવાડનો વંશ એ શિવપૂજક છે. તેમના ઘરમાં બધી જ ધાર્મિક વિધિ થતી. કવલાણા ગામમાં શંકરનું મંદિર છે. ખંડોળા શંકરનો અવતાર ગણાતા તેમનું પણ અહીંયાં મંદિર છે. કાકા ગામના પટેલ હોવાથી તેમનું વલણ બીજા કરતાં એકદમ અલગ હતું. તેઓ દાનધર્મમાં માનતા હતા. દેવપૂજા પણ ઘરમાં જ થતી હતી. તેઓ ૧૨ વર્ષની ઉંમર સુધી આ વાતાવરણમાં રહ્યા. તેમના માનસ પર ધાર્મિક છાપ પડે એ સ્વાભાવિક જ છે. તેમની દત્તક લીધા પછી રાજયમાં ઘણી ધાર્મિક ક્રિયાઓ થતી, તેથી તેમનો સંપર્ક પંડિત પુરોહિતો તથા ધર્મના બીજા વડાઓ સાથે થતો, તેમણે બધા જ ધર્મનો અભ્યાસ કર્યો હતો. એક રાજા હોવા છતાં ધર્મ અને રાજય ધર્મમાં સુધારણા વગેરે વિષય પર ધ્યાન આપ્યું હતું.

શિકાગો (અમેરિકા)માં વિશ્વધર્મ પરિષદના તેઓ પ્રમુખ હતા. તેમના ધર્મ અંગેના વિચારો ધ્યાનમાં લેવા જેવા છે. કવલાણામાં થતા ઉત્સવો, ગામમાં થતા ધાર્મિક નાટકો કે ભવાઈઓ જેવી કે રામાયણ, ઉપરાંત મદનપુરની જાત્રા અને માથોલાની જાત્રામાં એ વડીલો સાથે જતા. આથી તેમના માનસ પર ધાર્મિક છાપ લઈ તેઓ ૧૨ વર્ષની ઉંમરે વડોદરા આવ્યા. વડોદરા રાજઘરાનાના લોકો શિવપૂજક છે. એમના કુળદેવતા કવલાણાના વંશની જેમ ખંડોળા છે. રાજયમાં થતી મોટા ભાગની ધાર્મિક વિધિઓમાં તેમણે રસ લીધો. ધર્મ શું છે ? ધર્મિગ શું છે ? તે જાણવા માગતા હતા. "Charity begains from home"'' તે મુજબ તેમણે રાજયમાં થતી. વિધિઓ પુરાણોપુકત છે અને વેદોકત નથી એમ માન્યું. વેદોકત પધ્ધતિ તે જમાનામાં ઉચ્ચવર્ગના બ્રાહ્મણોમાં થતી બાકીના વર્ગોમાં પુરાણોકત પધ્ધતિ થતી વેદોની પધ્ધતિમાં વેદોમાં બતાવ્યા મુજબ કામ થતું તેમાં કોઈ ફેરફાર કરી જ શકાય નહિ. પરંતુ વેદોકત પધ્ધતિમાં બ્રાહ્મણો, પંડિતો, પૂજારીઓ, અર્થ બદલી નાખતા તથા વિધિ પણ બદલી નાખતા. પ્રથમ તો તેમણે વેદોકત પધ્ધતિ ઓથી પૂજા ક્રિયા શરૂ કરાવી. તેમાં તે વખતના વિદ્વાનો અને એમનામાં ખાસ મનભેદ થતો હતો. પૂજા ક્રિયા કરવા માટે કોઈ તૈયાર ન હતું. ત્યારે સયાજીરાવે બહારથી પંડિતો બોલાવી વેદોકત પધ્ધતિ ચાલુ કરાવી.

જયારે જયારે તેઓ અથવા તેમના સગાસંબંધી કોઈ પરદેશ જતાં તે પરત આવ્યા પછી શુધ્ધિકરણ પ્રાયશ્ચિત વિધિ કરવાની ફરજ પડતી. પ્રથમ નિદર્શન માત્ર અને પછી રૂ. ૨૫,૦૦૦/- ખર્ચ કરવો પડતો. ધર્મ કે વેદપુરાણમાં આ પ્રકારની વિધિનો કોઈ ઉલ્લેખ નથી. આ વિધિઓમાં પણ તેમણે ફેરફાર કરાવ્યો. માણસના જન્મ કે મૃત્યુ પાછળ થતી ઘણી ધાર્મિક ક્રિયાઓમાં પણ તેમણે સુધારો કરાવ્યો. એક રાજા હોવાના કારણે તેઓ ઘણી વિધિઓ કે પધ્ધતિઓ નાબૂદ કરી શકતા નહિ. આ બધી રૂઢિઓથી તેમના વિચારો અલગ હતા છતાં સ્વજનોને દુઃખ ન થાય તે માટે આ વિધિઓ તેમને ચાલુ રાખવી પડતી. ઉપરાંત અંધશ્રધ્ધાને પણ માન આપવું પડતું.

૨૩ ડિસે. ૧૯૩૫માં સયાજીરાવના શ્રાધ્ધ વિષયના ભાષણમાં કહેલું છે કે પિતૃઓની પાછળ તેમનું શ્રાધ્ધ કરવાની જે પ્રથા છે તેઓ એ વિષયમાં જણાવે છે કે ઋગ્વેદના સમયમાં મૃતપિતૃઓને સદ્‌ગતિ મળે અને પાછળ રહેલાઓને આરોગ્ય સંતતિ, સંપત્તિ મળે, કિર્તી યશ મળે એટલા માટે ઈન્દ્રાદિ દેવોની સ્તુતિ કરવામાં આવતી. સમય જતાં આ વિચારો (કલ્પના)માં ફેરફાર થયા અને હાલનું વિકૃત સ્વરૂપ ધારણ કર્યું.

પ્રેતં પિતૃશ્ચ નિર્દીશ્ય ભોજય થા ત્યયમાત્મન

શ્રધ્ધવા દીયતે યત્ર તત શ્રાધ્ધમ પરિકિર્તિતમમ

એટલે શ્રધ્ધાથી પૂજયગણી બુધ્ધિથી પિતૃઓને આપણે જે ભોજન કે વસ્તુ અર્પણ કરીએ છે તેને આપણે શ્રાધ્ધ કહીએ છીએ. આ વસ્તુઓ મૃત આત્માઓને મળે છે કે નહિ તે કોઈને ખબર નથી. આ બાબત સંશય બનાવે છે. તેઓ કહે છે કે શ્રાધ્ધથી મૃત માણસને તૃપ્તિ મળતી હોય તો પ્રવાસે નીકળેલા માણસ સાથે ખાવાના પદાર્થો (ભાથુ) આપવાની જરૂર શી ? અન્નનું દાન કરવાથી સ્વર્ગમાં બેઠેલ માનવીને તૃપ્તિ મળતી હોય તો પૃથ્વી પર વસતા માનવીનું શું ? વડીલોનું સ્મરણ કરી તેમના પ્રત્યે આદર બતાવવાની પધ્ધતિ ઘણા લોકોમાં જોવા મળે છે. મુસ્લીમોમાં ખાસ, પારસીઓના ડોસલા, રોમન, Catholic Chrishનોમાં મન, જાપાનના લોકોમાં શિન્યે, જૈન લોકોમાં આરાધના આ બધાં પિતૃ સ્મરણના પ્રકારો છે.

પિતૃપૂજાના બે પ્રકારો છે; એક વ્યકત અને બીજો અવ્યકત. અવ્યકત પિતૃપૂજા વધુ સારી ગણાય. પિતૃઓના આત્માઓને ખરી શાંતિ અને સમાધાનનો સૌથી સંભવ હોય તો તે આ જ માર્ગ છે. દેવું કરી, તહેવારો ઉજવી, પિંડ પ્રદાન કરી ફાજલ પૈસાનો ખર્ચ કરી, વિદ્વાનો ડોળ કરી પૂજા થતી નથી. આપણા પિતૃઓના સારા ચરિત્રો અપનાવી લેવા, મૃત્યુ બાદ તેમણે આરંભેલા સુકાર્યો પૂરા કરવા એ જ અતિ ઉત્તમ પિતૃપૂજા છે.

જેમ જેમ ધર્મ અંગેનો તેમનો અભ્યાસ વધતો ગયો તેમ તેમ સુધારા થતાં ગયા, સતી પ્રથા ઉપરાંત બાળલગ્નોમાં તેમણે પ્રતિબંધ મૂકયો. વિધવા પુનઃવિવાહને પણ તેમણે પ્રોત્સાહન આપ્યું, અર્થ, અનર્થ, અંધશ્રધ્ધા, ધર્મ આ બધા વિષયો ઉપર તેમણે વિચારો રજૂ કર્યા મૂર્તિ પૂજા, ધર્માંધતા, વહેમ જ્ઞાતિઓ સામેનો વિરોધ, સૈકાઓના જુલમ સામે થવાના પ્રતિકારરૂપ હોવાથી તે ભીષણ, નીડર હોય એ સ્વાભાવિક છે.

માણસ મુખ્યત્વે ધાર્મિક વ્યકિત છે કે પ્રાણી છે. ધર્મ એ જિંદગીનું એક એવું અંગ છે કે જો તે બરાબર ખરા પાયા પર રચાય તો ઉત્ક્રાંતિમાં મદદરૂપ થઈ પડે એ સ્વાભાવિક છે. સામાજિક બંધનોની પકડમાંથી છુટવાના પ્રયત્નમાં જે ધર્મ અંતરાયરૂપ રહે અને અજ્ઞાન અને વહેમના અંધકારને ન ટાળે તે ખરો ધર્મ નથી પણ હાંસી અથવા ધર્તીંગ જ છે. ધર્મ અપૌરુષેય છે કે સમયનું સર્જન છે. સમાજના જન્મ પહેલા તેના જન્મ છે કે સમાજની રૂઢિઓ અને માનુષી તથા દૈવી વસ્તુઓને લગતા વિચારોથી તે પેદા થયો છે. આ બધા પ્રશ્નો ઘણી વાર પૂછાય છે. માનવ જાતની બૌધ્ધિક જિજ્ઞાસાઓને સંતોષી શકાય તેવા આ પ્રશ્નોના જવાબ આપવા એ બહુ અઘરું કાર્ય છે. છતાં આ બધામાં આપણે એટલું તો જરૂર જાણીએ છે કે ધર્મ બનાવાતો નથી પણ એની જાતે જ જન્મ પામે છે.

આપણા સમાજના કેટલાક મોટા વર્ગોને દલિત સ્થિતિમાં રાખનારી પરિસ્થિતિ જન્મ પામી છે. તે ધર્મના જુદા જુદા અર્થ કરવાથી અને તેના સિધ્ધાંતોને ઉલટી રીતે સમજવાથી જ થવા પામી છે. જોકે વર્ગ ભેદ બધા જ દેશોમાં થોડે ઘણે અંશે છે છતાં હિન્દુ ધર્મમાં ધાર્મિક સંસ્થાન રૂપે તે બનાવવામાં આવે છે. પ્રાચીનકાળમાં દરેક માણસ જરૂર પ્રમાણે લડવૈયો ખેડૂત, ગાનાર કે તત્વજ્ઞાની બની જતો. અત્યારના હિન્દુ ધર્મમાં દલિતવર્ગો પ્રત્યે જે નિરસ્કારની લાગણી જોવામાં આવે છે તેનું મૂળ વૈદિક કાળમાં જંગલી દસ્યુઓ માટેના સુધરેલા આર્ય લોકોના નિરસ્કારમાં જોઈ શકાય છે. પ્રાચીન આર્યોમાં ન હતી મૂર્તિપૂજા કે ન હતા મંદિરો. ઈશ્વર આગળ સર્વની સમાનતાનો ઉપદેશ કરનાર કેટલાક ઉપદેશકો અને ચિંતકોથી ટેકો મેળવનાર શિવાજીની હિન્દુ ધર્મીઓના કલ્યાણ માટેની પ્રબળ ઝુંબેશ આપણામાં રાષ્ટ્રીયતાની જાગૃતિનું ભાન જન્માની શરૂઆત જણાવે છે. સૈકાઓથી ઉતરી આવેલા હિન્દુધર્મનો ઈતિહાસ સંક્ષેપમાં વિચારીએ નો સુધારા પછી નવા સુધારા આવતા ગયા. હિન્દુ ધર્મમાં પુનર્જીવનકાળમાં તથા મુસ્લિમ યુગમાં ભકિતની મહત્તા દ્વારા તો જુદા જુદા પંથો એક અથવા બીજા મુદ્દાઓ પર ભાર મૂકે છે. સાચો ઉધ્ધાર તો પુરુષાર્થમાં સમાયેલો છે.

કેટલાક મનુષ્યને પરમેશ્વરનું સ્વરૂપ તેનું અસ્તિત્વ વગેરે સંબંધી આધ્યાત્મિક ચિંતનોમાં મઝા રહે છે. પણ તે ચિંતનોનો મોટો ભાગ સામાન્ય લોકોની સમજની બહાર છે. તેથી જ તેમના માટે એ નિરર્થક છે. મારા મત પ્રમાણે તો આપણે બધાએ આપણા ઉદય માટે આપણી એકંદર શકિતઓને ઉપયોગમાં લેવાનો સમય આવી પહોંચ્યો છે. સમાજના દુષ્ટ રિવાજો દૂર કરવામાં જરા જેટલી પણ સંગીન મદદ ઉપરના અનેક સમાશ્વાસન કરતા જરૂર વધારે ઉપયોગી થશે. સમય જતા મહારાજાના ધર્મ વિષય પરના વિચારો વધુ સ્પષ્ટ થતા ગયા. ધર્મનો રાજકારણ સાથે સંબંધ તથા તેને લગતા સુધારા વગેરે વિષય પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ધર્મમાં ઉત્ક્રાંતિ થવી જોઈએ. લોકકલ્યાણ પર ભાર મૂકતા તેમના વિચારો ૨૮ ડિસે. ૧૯૩૫ના રોજ હિન્દુ ધર્મ અને તેની ઉત્ક્રાંતિ એ વિષય પર એમણે કહ્યું હતું.

આ જગતમાં જ્ઞાનથી કશું પણ વધુ નથી. જેમના કર્મ સંપૂર્ણ હોય છે તે સમય જતાં જ્ઞાન મેળવી શકે છે. આપણા ધર્મની આ કરૂણ કથની છે. કુદરતના અને મનુષ્યના બળોની સામે નિષ્ફળ નીવડેલા દુખિયા હિન્દુઓ દુઃખમાંથી છટકી જવા ઘણીવાર સન્યાસી બની જાય છે.

હિન્દમાં જે ધાર્મિક સુધારકો થયા તે બુધ્ધથી આરંભી દયાનંદ સરસ્વતી સુધીના બધાએ મહત્ત્વ કયા મુદ્દાને આપવું તેનો જ મોટે ભાગે વિચાર કર્યો છે. સમગ્ર વાતનો વિચાર કર્યો નથી, તેથી આપણે શંકાવાદ અને વહેમ, ધર્માંડબર, અને ઐહિક સુખવાદ. પરલોક સંસાર હાલના જેવો જડ બનેલો ધર્મ, અરાજકતાનું સ્વરૂપ ધારણ કરતો અધર્મ. આ સંસારથી વ્યતિરિકત મહત્ત્વાકાંક્ષાના અર્થમાં વપરાતો માયા શબ્દ આ બધા પરસ્પર વિરૂધ્ધ અને અતિશયતાવાળાની વચ્ચેનો માર્ગ ઉજળે એવા સમર્થ સુધારકની જરૂર છે. ધર્મનું એક પ્રાચીન પુસ્તક કહે છે કે "જે પ્રેમ અને શ્રધ્ધાથી મને વળગે છે તે સ્વર્ગમાં સંચરે છે." ધર્મનો સાચો અર્થ એમની સમજમાં

સ્ટેશન પાસે સયાજીરાવની પ્રતિમા

હતો એટલે તેઓ બિનસાંપ્રદાયિક વિચારના હતા. તેઓ બધા જ ધર્મમાં માનતા હતા તથા બધા જ ધર્મોની આદર કરતા હતા. તેઓ વર્ણભેદમાં માનતા ન હતા. હરિજન ઉધ્ધારનું કાર્ય ઉપાડજનાર હિંદમાં તેઓ પ્રથમ હતા. ઈસ્લામ ધર્મનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો.

૧૯૦૧માં સ્થપાયેલ મોમેડીયન કોલેજમાં તેમણે કહ્યું હતું:

"આપણે તટસ્થ એટલે અતડા રહી શકવાનો વખત હવે રહ્યો નથી. આપણે એકબીજા સાથે હળીમળીને રહેવું જોઈએ. હુ મારી પોતાની વાત તમને કહુ છું કે હુ હિન્દુ, મુસ્લિમ વચ્ચે કશો જ ભેદ રાખતો નથી અને મને એમ લાગે છે કે હુંટઝ જેટલો હિન્દુઓનો સભ્ય છું નેટલો મુસ્લીમોનો પણ છું. હુંટઝ આપ સર્વને વિનંતી કરૂ છું કે જેટલો પ્રેમ તમે તમારી જાત માટે રાખો છો નેટલો જ પ્રેમ બીજા નમારા માણસો માટે પણ રાખજો.

૩-૯-૧૯૦૨ અંજુમન ઈસ્લામ (મદ્રાસ) "જો કે હુ હિન્દુ ધર્મ પાળનારો છું છતાં મને મુસલમાનોમાં ઘણો રસ છે. ઈદ જેવા ધાર્મિક પ્રસંગોની ક્રિયામાં પણ મારે ભાગ લેવાનો હોય છે. આપણા દેશના કલ્યાણ માટે આપણે પરસ્પર પ્રેમ રાખવો જોઈએ. ધર્મ અને તત્વોની બાબતમાં આપણામાં ભલે મતમતાંતર હોય પણ તે છતાં કેટલાંક તત્વો એવા છે કે તેમાં મુસલમાનો, હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પણ સંમત થઈ શકે છે, એ તત્વો તે ન્યાય + પરાયણ અને સત્યપરાયણના થાય.

આ ઉપરથી જોતાં આપણને ખ્યાલ આવે છે કે મહારાજાનું ધર્મ વિષય પરનું જ્ઞાન કેટલું હતું. સાચો ધર્મ શું છે ? ધર્મ સમાજ અને જનકલ્યાણ માટે જ છે. યુગે યુગે સુધારો થવો જોઈએ એમના બિનસાંપ્રદાયિકતા અંગેના વિચારો રાજકારણમાં ધર્મનું સ્થાન, ધર્મ અને સમાજ સુધારણા, વિશ્વ બંધુત્વ, પ્રેમ આવા વિશાળ, ઉદાર અને ધર્મનું ઉંડું જ્ઞાન ધરાવતા આ રાજા ગુજરાતને મળ્યા એ ગુજરાતનું અને હિંદનું અહોભાગ્ય ગણાય.

ક્રાંતિકારી સયાજીરાવ

-ડૉ.ડી.વી. નેને

હવે આ કહી શકાય...
વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની સત્યકથા
(૧) વડોદરાનો છુપાયેલો સાચો જ ઈતિહાસ.
(૨) પંડિત નહેરુના મત અનુસાર ભારતીય ઈતિહાસ એટલે તેમની જ પ્રવૃત્તિઓને પૂરી પાડનો ઈતિહાસ. તેમજ પરિવાર ત્રણ બાબતો પર ખાસ ભાર મૂકે છે.
(૧) સ્વાતંત્ર્ય સંગ્રામમાં ક્રાંતિકારીઓનો અતિમહત્વનો ફાળો
(૨) ભારતની વિદેશ નીતિના વિધાતા
(૩) બિનસાંપ્રદાયિકતા.

અભ્યાસ માટે વિદેશના વિવિધ કેન્દ્રોની મારી હમણાની અભ્યાસને લગતી મુલાકાત દરમ્યાન બ્રિટન અને અમેરિકાની ઐતિહાસિક નોંધો એ ઉપરની બાબતને યથાર્થ કરેલી છે. પરિવારના દરબારી ચમચાઓ કદાચ દેખીતી ખોટના કારણે સંમત થશે નહિ. છતાંપણ હાલના ભારતીય ઈતિહાસને આંતરિક રીતે રજૂ કરવામાં હવે પછીની પેઢી એમ માનવા પણ તૈયાર નહી હોય કે મારો અભ્યાસ મુખ્યત્વે વડોદરા રાજ્યના રાજકર્તા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા અને ભારતીય ક્રાંતિ માટે ઝઝુમતા ક્રાંતિકારીઓ તથા તેમને દોરીસંચાર કરતી વ્યકિતઓ પર જ હતો.

ઘણી બધી વિગતોને પ્રકાશમાં લાવવાની હજુ પણ બાકી છે. આ શોધખોળ પાછળ ઘણો સમય, ધીરજ અને પૈસાની જરૂર છે. આવા સત્યને બહાર લાવવામાં ભારત સરકારને રસ નથી. તેથી આ કામને અંગત રસ લઈને જ કરવી પડે એમ હતું કે જે પ્રતિબંધિત પણ હતું. આવી શોધખોળના અભ્યાસ માટે સારી એવી ગ્રાન્ટ મળે એવા આપણા દેશમાં કોઈ ટ્રસ્ટ કટ ફાઉન્ડેશન નથી શાસન કર્તાઓના મત અનુસાર ઈતિહાસ એક બોગસ વસ્તુ છે. એનો ભુલવોજ જોઈએ. આ બધી વસ્તુઓ રાષ્ટ્રીય દ્રષ્ટિએ વિચારના એક ભંયકર કાવતુ કહી શકાય. કોઈ પણ વ્યકિતના ભૂતકાળની હકીકતો જો જાણતી ના હોયતો તે વર્તમાનમાં કયારેય સારી રીતે વહીવટ યા શાસન કરી શકે નહિ. કોઈ વ્યકિત આજે ભૂલ કરે એનો ભવિષ્યકાળ સારો હોતો નથી. ઈતિહાસ કાળક્રમે પુનરાવર્તન પામે છે. આપણે કરેલી વારંવાર ભૂલોની દ્રષ્ટિએ આ વાકય એટલી જ સત્ય છે.

"વાચનર લિટસ" (નાની સૂચનાઓ)

સયાજીરાવ ત્રીજા એ ખંડેરાવ ગાયકવાડના દત્તક પુત્ર હતા. મરાઠા સરકારોની જેમ તેમના માલિકોને દગો દીધો હતો. ૧૮૫૭ના બળવામાં પેશ્વાની વિરૂધ્ધ ઈસ્ટ ઈન્ડીયા કં.ને મદદ કરી હતી તથા રાજ્યો મેળવ્યા હતા. ખંડેરાવ મહારાજા એ જો છેક ઉદેપુર સુધી તાત્યાટોપે વિગેરેને મદદ કરી હોત તો પેશ્વાઓનું ગુજરાત મહારાષ્ટ્ર, દક્ષિણ તેમજ ઉત્તર ભારતમાં પોતાનું સામ્રાજય સ્થાર્યું હોત. યોજનાઓ તૈયાર હતી પરતું તાત્યાટોપેનું આ સ્વપ્ન સાકાર થયું નહિ. બ્રીટીશરો ફાંસીએ લટકાવી શકયા નહિ. બ્રિટશરો એ હરિવંત ફળકે નામના એક સરદારને ફાંસીએ લટકાવ્યો. જેણે માલિકનો જાન બચાવવા સ્વ. ખુશીથી મૃત્યુ સ્વીકારી લીધું. નાના સાહેબ પેશવા સાથેના સ્વાતંત્યસેનાનીઓ સાધુના વેશમાં સંતાતા ફરતા તે લોકો નિષ્ક્રીય થઈ બેસી રહ્યા નહિ. બ્રિટીશરો સામે એક મોટા બળવાની તૈયારી થઈ ગઈ હતી. જંગલો તથા ટેકરીઓથી છવાયેલો એવો સૌરાષ્ટ્ર એ મંત્રણાઓ માટેનું સ્થળ હતું. તે સમયમાં રેલ્વે જેવું ઝડપી સેવાનું કોઈ સાધન ન હતું. ખંડેરાવ મહારાજાએ મુસ્લીમ અનુયાયી સંતોની આગતાસ્વાગતામાં પોતાનું જીવન ગાળ્યું. ખંડેરાવ મહારાજાને કોઈ સંતાન ન હતું. મુસ્લીમ પીરોએ પુત્ર જન્મ પ્રાપ્તિ માટે ઘણી દુઆ ખદા પાસે માંગી તે જમાનામાં લગભગ એક કરોડ રૂપિયા જેટલી કિમતની મોતીથી આચ્છાદિત એવી ચાદર મક્કાના પવિત્ર કાબાવોમાં ચઢાવવા માટેની માનતા રાખી. મુસ્લીમોની માનતા ફળે એ પહેલાં જ ખંડરાવ મહારાજાનું મૃત્યુ થયું રાષ્ટ્રવાદી દરબારી કાઉન્સીલે મહારાજા સયાજીરાવ ત્રીજાને ગાદી પર બેસાડયા જન્મકુંડળી પરથી લાગતું હતું કે તે રાષ્ટ્રને ઉપયોગી નીવડશે. વડોદરાના સામાજીક તથા રાજનૈતિક વાતાવરણમાંથી ઈસ્લામી અસરને એમણે દુર કરી.

સયાજીરાવ તેમની અપરમાતા જમનાબાઈ, તેમના શિક્ષક શ્રી ઈલીઅટ અને દિવાન સર. ટી. માધવરાવને સતત યાદ કરતા રહેતા હતા. તેઓ તેમના પૂર્વજોએ કરેલી ભૂલોનું પુનરાવર્તન ક્યારેય ઈચ્છતા ન હતા. આ હેતુઓ માટે સર. ટી. માધવરાવ "Mimor Hints" નામનું એક ખાસ પુસ્તક લખ્યું. આજે પણ આ પુસ્તક સરપ્રદ તેમજ વાંચવા જેવું છે. દરેકમા ર્લામેન્ટના સભ્યે તથા પ્રધાને પોતાની કાર્યવાહી શરૂ કરતા પહેલાં આ પુસ્તક વાચવું જોઈએ.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ
અંગ્રેજી પોષાકમાં

અંગ્રેજી રસમોથી દૂર રહેવું

શ્રી ઈલીઓટે તેમના આ શાહી વિદ્યાર્થીને સ્વતંત્રપણે વિચારતાં શીખવ્યું હતું. રેસીડન્ટ કે ગવર્નરની સલાહ-સૂચનાને સીધી જ ગળે ન ઉતારવી એમ પણ શીખવ્યું હતું. તેમને અંગ્રેજી ઈતિહાસ ઉપરાંત અંગ્રેજોની કપટનીતિ પણ શીખવાડવામાં આવી હતી. વાઈસરોય જ્યારે આ ભારતીય રાજકુમારની મુલાકાત લેતા ત્યારે તેમને સાચાં તેમજ સુંદર ઉપનામોથી અને વિશેષણોથી નવાજતા. તેમના માટે તેમજ તેમની અંગ્રેજ સ્ત્રી માટે ઘણી બધી ભેટ-સોગાદો એનાયત કરવામાં આવતી. સામાન્ય રીતે અંગ્રેજી રસમો એવો આગ્રહ રાખે છે કે તમારી વ્યકિતના દોષો અને ક્ષતિઓને છતાં કરવાં જોઈએ નહિ, અને જે કાંઈ સદ્‌ગુણ ફુફ મળ્યાં હોય તેની તમારે પ્રશંસા કરવી જોઈએ તથા ઉદારતાથી અતિથિ સત્કાર કરવો જોઈએ. રેસીડન્ટ તથા ગવર્નર બંને રાજકુમારના કાન ભંભેરવાનું કાર્ય કરતા. બંને એમ જ સલાહ આપતા કે રાજકુમારનો મોભો એટલે પ્રપંચો, કારસ્તાનો તથા માયાજાળ તેમજ વિષયાસકત ભ્રષ્ટાચાર. સ્થાનિક વહીવટ એટલે અત્યાચારનું એન્જીન. ન્યાય જેવી બાબત તો ઘણી જ દૂર. નોકરનો ફકત એક જ ધ્યેય કે રાજાને ખુશ રાખવા અને રાજાનું પણ એક જ ધ્યેય કે રેસીડન્ટ કે ગવર્નરને ખુશ રાખવા. એક વખત ડૉ. જોન્સને સ્ત્રી ઉપદેશકો વિષે કહ્યું હતું કે તેમનાં જે કાર્યો થયાં છે તે સારાં નથી. કામ થતું હતું તે જ એક આશ્ચર્યની વાત હતી.

આ નાનકડા વિદ્યાર્થીએ તેના પાઠ સારી રીતે ભણી લીધા. તે વખતે તેઓ લગભગ ૨૦ વર્ષના હતા. ઈ. સ. ૧૮૮૦માં તેમણે રાજ્યનો કારભાર સંભાળ્યો. તેમણે રેસીડન્ટ અને ગવર્નરને કુશળતાપૂર્વક જણાવ્યું કે અંગ્રેજી રીતરસમો કરતાં ભારતીય રીતરસમો અલગ છે, એનો અર્થ એમ નહીં થાય કે ભારતીય રીતરિવાજો ખરાબ છે. અમુક માણસો જ આ દૃષ્ટિબિન્દુને સાચા અર્થમાં સમજી શકે, બીજા નહીં. આ બીજાઓનું સ્વમાન ઘવાર્યું. બીજા રાજકુમારો કરતાં આ રાજકુમાર કેમ જુદો પડે છે? રાજકીય તથા શાસકીય દખલગીરી શરૂ થઈ ગઈ હતી. મહારાજાને આ બાબત ગુસ્સે કરતી હતી ને લોખંડી મનોબળવાળા, બેજવાબદાર, ટીકાઓની પરવાહ ન કરનારા, પોતાની શાન તેમજ સત્તા સુરક્ષિત રાખતા, ત્યાં તેમણે કોઈપણ જાતની બાંધછોડ કરી નહીં.

ઈ. સ. ૧૮૮૭ પછીની સયાજીરાવની યુરોપની વારંવાર મુલાકાતોને કારણે તેમના અંગ્રેજીના સામાજીક તથા રાજકીય વર્તુળોમાં ઉચ્ચકક્ષાઓની વ્યકિતઓ સાથે તેમના સંપર્ક વધવા માંડયા કે જેના લીધે મુત્સદ્દીગીરીની અંગ્રેજી રીતભાતથી પણ તે માહીતગાર થયા. ઈ. સ. ૧૮૯૩માં એટલે કે સત્તાના સુકાનો સંભાળ્યા પછીના ૧૩ વર્ષો પછી તેમણે નૈતિક રીતે વડોદરા રાજ્યના માજી દિવાન દાદાભાઈ નવરોજીને ઘણી મદદ કરી. દાદાભાઈને કીન્સબરીમાંથી પાર્લામેન્ટ મેમ્બર તરીકે ચૂંટવા માટે મતદારોને લાવવા-લઈ જવા માટે ૨૦ જેટલી ઘોડાગાડીઓ તથા ઘણા ખખડતા પાઉન્ડ પણ આપ્યા. દાદાભાઈ માંડમાંડ પાંચ વોટથી જીત્યા. હવે તેઓ સલામત હતા. બ્રીટીશ સામ્રાજયમાં ઉચ્ચકક્ષાના રાજકીય વર્તુળોમાં તેમની પોતાની બાબતને રજુ કરવા માટે દાદાભાઈ જેવી વ્યકિત તો પહોંચી જ ગઈ હતી. એક વખત અંગ્રેજ શાસનકર્તાઓને તેમણે કરેલા દાવપેચ સમજાઈ ગયા હતા. તેથી દાદાભાઈ જોકે બીજી ટર્મ શરૂ કરી શકયા નહીં. દરમિયાન સયાજીરાવે લંડનમાં બીજી પાર્લામેન્ટ સભ્યો સાથે પૂરની મિત્રાચારી ઉભી કરી લીધી હતી.

શ્રી સયાજીરાવે સારામાં સારું ચારિત્ર પ્રમાણપત્ર (કાયદાશાસ્ત્રી તરીકેનું) કવીન વિકટોરીયાનું મેળવ્યું. તેમણે જાણીજોઈને આ બાબતને પ્રસિધ્ધિ આપી. સ્વાભાવિક રીતે જ રેસીડન્ટ અને ગવર્નરને આ બાબતની જાણ થઈ. બંને બેચેન થઈ ગયા. શ્રી સયાજીરાવે લંડનમાં સારામાં સારા ઉચ્ચકક્ષાની તેજસ્વીતા ધરાવતા ભારતીય યુવાનોને શોધી કાઢયા અને તેમને પોતાના દિવાન અથવા ઓફિસર તરીકે નિમણુંક કરી. આ યાદીમાં અરવિંદ ઘોષ, ડૉ. બી. આર. આંબેડકર, આર. સી. દત્ત, ગુમા, માધવરાવ, મનુભાઈ મહેતા, વી. ટી. કિષ્ણમચાર્ય વગેરેનો સમાવેશ થતો હતો. અંગ્રેજી વાતાવરણમાં તેમના ઉછેરના કારણે આ બધા અંગ્રેજ અધિકારીઓની જેમ ષડયંત્રો તેમજ પ્રપંચોથી સારી રીતે માહિતગાર હતા. જોકે મહારાજા પોતે ઘણા સાવચેત અને સતર્ક હતા.

લોકમાન્ય ટિળક તથા ટિળકપંથીઓ સાથેની મિત્રતા

મારી આ અભ્યાસ દરમિયાન એક વડોદરા, પૂના ધરી જાણવામાં આવી હતી. લોકમાન્ય ટિળકના સહપાઠી એવા જસ્ટીસ આઠલેએ આ બંનેની સાંકળની એક કડીરૂપ હતા. તેઓ મહારાજા, ટિળક અને તેમની આક્રમક (લડાઉ) રાજનૈતિક ફિલોસોફીથી પ્રભાવિત થયા હતા. બંને મક્કમ ટેકેદારો વચ્ચે ચોક્કસ સમજ હોય એમ લાગતું હતું. ઘર આંગણે ટિળકે કેટલાક સામાજીક, શૈક્ષણિક તેમજ શાસકીય સુધારા અને યોજનાઓ માટે સૂચન કર્યાં ભારતમાં મોટાભાગના સુધારા કે જે વડોદરા રાજ્યમાં અમલમાં આવ્યા તે ખાસ કરીને શૈક્ષણિક, સામાજિક, તેમજ આર્થિક ક્ષેત્રે હતા. એટલા માટે વડોદરાને પાયલટ પ્લાન્ટ તરીકે ઓળખવામાં આવતો. એક વખત ભારત આઝાદ થયું ત્યારબાદ એવું નક્કી કરવામાં આવ્યું હતું કે વડોદરામાં સફળ નિવડેલા બધા જ સુધારાઓ તેમજ યોજનાઓ આખાય દેશમાં અમલમાં મૂકવામાં આવશે.

સયાજીરાવ ત્રીજાએ લોકમાન્ય ટિળકના વિદેશપ્રધાન જેવી ભૂમિકા ભજવી. સાથે ઘણી મુસાફરીઓ કરી.

આ રીતે બીજા કોઈ રાજકુમારે વિદેશમાં મુસાફરીઓ કરી ન હતી. આ ફક્ત પ્રવાસ માટેનો જ પ્રેમ હતો. પાછળ એક રાજકીય આશ્રય હતો, એક સંપૂર્ણ સમજ હતી. અંગ્રેજોના સોકટલન યાર્ડને સયાજીરાવની વિદેશ પ્રવૃત્તિની ગંધ આવી ગઈ હતી. ઈ. સ. ૧૮૯૭માં શ્યામજી કૃષ્ણવર્માએ કરેલી ઈન્ડીયા હાઉસની શરૂઆત એમના અગત્યના પ્રોજેક્ટમાંનો એક હતો. ૪૦ વર્ષની ઉમરના શ્યામજી કૃષ્ણવર્મા એક "કવર" અને સલામત વ્યકિતત્વવાળા વ્યકિત હતા. શ્યામજીએ ઘણાં રાજયોમાં દિવાન તરીકે કામગીરી બજાવી હતી અને અંગ્રેજ રેસીડન્ટના રાજકીય હસ્તક્ષેપને કારણે ને બ્રિટિશરોના વિરોધી હતા. બ્રિટનમાં ભારતીય વિદ્યાર્થીઓએ વિચારો પ્રદર્શિત કરવાની તથા મુકત રીતે હરીફરી શકાય તેવી સ્વતંત્રતા ભોગવી હતી. ત્યાં વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓમાં ભારતીય જ હતા. તેમાંના મોટાભાગના ભારતીયોને ભારત પાછા ફરવું પડે એવી સ્થિતિમાં હતા.

શ્યામજીએ રૂા૨૦૦૦ની એક એવી પાંચ જેટલી ટ્રાવેલીંગ ફેલોશીપ શરૂ કરી. સાવરકર તથા બાપટ જેવા હોંશિયાર વિદ્યાર્થીઓને લંડન બોલાવ્યા. તેમણે તેમની નવી ચળવળ માટે ટ્રાન્સિક્ર
પણ શરૂ કર્યું. આ માસ્ટ્રીક માટે એક ધ્યેય હતું જે હર્બર્ટ સ્પેન્સરના શબ્દોમાં આ પ્રમાણે હતું. "કોઈપણ આક્રમણનો પ્રતિકાર કરવો એ આવશ્યક તેમજ અનિવાર્ય પણ છે. આક્રમણને અટકાવવું તે ન્યાયી તો છે જ પરંતુ અસ્તિત્વને તેમજ અહમને નુકસાનકર્તા છે. ત્યારબાદ, શ્યામજીએ આવાજ પ્રકારની પદ્ધતિ પેરિસમાં શરૂકરી. જયારે આ બાબતો ઘણી જ જલદ થઈ ગઈ ત્યારે તેમણે તેમનું મુખ્ય મથક પેરીસમાંથી બદલી નાખ્યું."

મહારાજાને ભારતીયો તેમજ ભારતીયો ન હોય એવા માણસોની બ્રીટીશ ગવર્મેન્ટે એક યાદી આપી. જેમની સાથે વાતચીત કરવા માટે તથા મુલાકાત માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો. તે યાદીમાં ભારતીય તેમજ આયરિશ કાંતિકારીઓ તેમજ યુરોપના ધુરંધર હિટલર જેવા રાજકીય નેતાઓના નામનો સમાવેશ થતો હતો. મારા પિતા વી. પી. નૈને કે જે તેમના અંગત સચિવ હતા. તેમણે મહારાજાને કહ્યું હતું કે આપણે અલબત્ત તદ્દન ખાનગી રીતે સૌપ્રથમ મળવું જોઈએ. તેવી વ્યકિતઓની યાદી બ્રિટિશ ગવર્મેન્ટે આપણને પૂરી પાડી છે. વી. પી. નૈને મહારાજા સયાજીરાવ તેમજ જર્મનીના એડલ્ફ હિટલર વચ્ચેની એક મજબૂત કડીરૂપ હતા.

મહારાજા સયાજીરાવ જયારે મેડમ કામા, બાપટ, તેમજ સાવરકર જેવી વ્યકિતઓને મળતા ત્યારે તેમને આઝાદી માટેની ચળવળ માટે સહાનુભૂતિ હોવા છતાં પણ પોતે સાવધ રહેતા. શંકરવાધ નામનો તેમનો હજામ સાવરકરનો અનુયાયી હતો તેમજ ક્રાંતિકારી જૂથનો સભ્ય હતો. આ ક્રાંતિકારી જૂથ "અભિનવ ભારત" તરીકે ઓળખાતું હતું. શંકરવાધ દરેક સભ્યો વચ્ચે ગમે તે સમયે સંદેશા તેમજ માહિતી આપવા માટે અગત્યની કડીરૂપ હતો. બ્રિટીશ ગવર્મેન્ટેના સી. આઈ. ડી. ખાતાએ વાધનો પીછો કર્યો પરંતુ તે અને તેના માલિક પોતાના ડ્રેસ તથા દેખાવ બદલવાની કલાના પૂરા માહિતગાર હતા. તેમણે બ્રિટીશ સી. આઈ. ડી.ને થાપ ખવડાવી તે છતાં મહારાજા સયાજીરાવ યુ. એસ. એ.માં ૧૯૧૦ના વર્ષમાં બ્રિટીશ ઈન્ટેલીજન્સના હાથે રંગે હાથ પકડાઈ ગયા. ભારતીય ક્રાંતિકારીઓ કેનેડા તેમજ યુ. એસ. એ.માં પણ બહુ જ સક્રિય રીતે કાર્ય કરતા. તેમણે ભારતીયોના હકકનું ત્યાં પણ રક્ષણ કર્યું. કુમાર અને તારકનાથે ભારતીયોને ત્યાં એક જથ્થે ભેગા કર્યા અને વાનકુવરમાં ઈન્ડીયા હાઉસની બાજુમાં જ યુનાઈટેડ ઈન્ડીયા હાઉસની શરૂઆત કરી. એમ મનાય છે કે શ્રી સયાજીરાવ ત્રીજાએ તેમના અમેરિકન પ્રવાસ દરમિયાન તે પ્રોજેક્ટને નાણાંકીય મદદ કરી. બ્રિટીશ કોલંબીયામાં સયાજીરાવ ગાયકવાડે ૨૨ ફેબ્રુ. ૧૯૧૦ના દિવસે ભારતીયો સમક્ષ એક ભાષણ પણ આપ્યું. આવા જ પ્રકારની ચળવળની શરૂઆત સાનફ્રાંસિસકોમાં પણ થઈ.

- તંદુરસ્તીના ધોરણે

આ બધા સમાચાર વાઈસરોય પાસે પહોંચ્યા એટલા માટે કુખ્યાત એવા લોર્ડ કર્ઝનનો સરકયુલર બહાર પાડવામાં આવ્યો. જેમાં એણે રાજકુમારોના વારંવાર પરદેશ પ્રવાસ પર પ્રતિબંધ મૂકયો. લોર્ડ કર્ઝને જાહેરાત કરી દીધી કે તેની રજા વગર કોઈપણ રાજકુમારે ભારત છોડવું નહિ અને ભારત છોડનાર રાજકુમારે તે માટેની સંપૂર્ણ માહિતી આપવી. સયાજીરાવે જોરદાર રીતે હિમાયત કરી કે આ બાબત એક બિનજરૂરી દખલગીરી જેવી છે કે જે તેમની સ્વતંત્રતાને કુંઠે છે તેમજ તેમનો મોભા અને અધિકારને નડતરરૂપ છે.

તેમણે કહ્યું કે અમને બધાને મુખ્ય શાસનકર્તા તરીકે ગણવામાં આવે છે પરંતુ અમારી સાથે પગારદાર નોકરો કરતાં પણ ખરાબ રીતે વર્તન કરવામાં આવે છે. આવો વ્યવહાર દેશી રાજયોને ગણત્રીપૂર્વક રીતે નુકસાન કરવાના હેતુથી કરવામાં આવતો હતો. રાજાની સ્થિતિ (મોભો) જેટલી ઘટાડવામાં આવે તેટલા તે રાજયમાં રસ ઓછો લેશે. તેમની સ્વતંત્રતા પર કાપ મૂકાઈ જશે. રાજયની સાર્વભૌમકતા લુપ્ત થઈ જશે. સયાજીરાવે દાદાભાઈ નવરોજીને આ બાબતમાં સલાહસૂચન માટે કહ્યું. પાછળથી એમ લખવામાં આવ્યું કે મુકાબલો કરવાને બદલે દખલગીરી રોકવી એ ઉત્તમ છે. સૌથી સારો ઉપાય એ છે કે કાયદાઓને સમજે તેમજ ઉત્તમ વહીવટ કરી શકે તેવા પ્રમાણિક તેમજ કાર્યક્ષમ ઓફિસરની નિમણુંક કરવી.

તેમના બીજા મિત્ર શ્રી બી. એમ. મલ્બારી કે જે પહેલા મુંબઈમાં સમાજ સુધારક હતા. તેઓ એમના બચાવ માટે આવ્યા હતા. તેમણે ખૂબ જ જોરદાર રીતે આ બાબતની રજૂઆત કરી કહ્યું-આવું ઉત્તમ રાજય તેમજ આવા સારા રાજયકર્તા આપણને કયાંય મળે એમ નથી. શ્રી મલ્બારીએ આગળ લખ્યું છે કે ઈંગ્લેન્ડની આ છેલ્લી મુલાકાત એક ભૂલ ભરેલી હતી. ત્યાં રહેવાનું વાઈસરોયને આમંત્રણ આપવાનું કામ તદ્દન ભૂલ ભરેલું હતું. ત્યાં કેમ્પમાં ઘણા બધા દુશ્મનો હતા પણ ખરાબમાં ખરાબ દુશ્મન મહારાજા પોતે જ હતા.

મહારાજાએ એક નવી યુકિત શોધી કાઢી. ઘણી વખત શ્રી સયાજીરાવને તેમની તંદુરસ્તી સુધારવા માટે જવું પડતું. તો ઘણીવાર પત્ની તેમજ પુત્ર માટે વિદેશની મુલાકાતે જવું પડતું આ તંદુરસ્તીનો સતત સંદર્ભ બહાનાની અંગ્રેજ વહીવટકર્તાઓને ગંધ આવી ગઈ. તેમણે જોયું કે સયાજીરાવ વહીવટને સંભાળવા માટે પૂરતા તંદુરસ્ત થઈને વડોદરા પાછા ફરતા. તેઓ શ્રી સયાજીરાવને એમ પૂછતા કે શું યુરોપનો પ્રવાસ જ તેમનો ફકત ઉપાય છે ?

રાષ્ટ્રવાદની જવાળા

શ્રી સયાજીરાવે વડોદરામાં બ્રીટીશરોના વિરોધી એવા યુવાનોને ભેગા કર્યા. પરિણામે રાજયમાં બ્રિટીશરોની વિરોધી પ્રવૃત્તિ જોરદાર રીતે શરૂ થઈ ગઈ. પોલીસ કમીશ્નર ખાસેરાવ જાદવ તેટલા જ સ્વતંત્રતા પ્રેમી અને બ્રિટીશ-વિરોધી હતા. અરવિંદ ઘોષ, તેમના ભાઈ બરીન્દ્રા અને બેરીસ્ટર દેશપાંડે વગેરેની આગેવાની હેઠળ તેમના ક્રાંતિકારી મિત્રોને તેમણે રક્ષણ આપ્યું. રેસીડન્ટ ધૂંવાપૂંવા થઈ ગયા. તેમણે ચાણોદ - કરનાળીમાં આવેલી રાષ્ટ્રવાદી શાળા પર મુંબઈથી બોલાવેલી પોલીસ ટુકડીઓ દ્વારા દરોડા પડાવ્યા, જયાં બોંબ બનાવવાની કાર્યવાહી ચાલતી હતી. લોકમાન્ય ટિળક કે જેઓ આ શાળાના ઈન્સ્પેકટર હતા, તેઓ ત્યાંની વારંવાર મુલાકાત લેતા. ખાસેરાવ જાદવને આ દરોડાની માહિતી જાણીબૂઝીને અપાઈ ન હતી.

મારા દાદાજી શ્રી પાંડુરંગ વી. નૈને ત્યાંની શાળાના એકાઉન્ટન્ટ હતા તેઓ સ્વૈચ્છિક ફરજ બજાવતા હતા. તેઓ પોલીસ કમીશ્નરના મિત્ર તેમજ વિશ્વાસુ માણસ હતા. મધ્યરાત્રીએ ખાસેરાવે પોતાના ઘોડા પર તેમને ચાણોદ ક્રાંતિકારીઓને સાવધ કરવા મોકલ્યા. સંદેશો મળી જવાને કારણે ત્યાંથી કોઈપણ પ્રકારની વાંધાજનક ચીજવસ્તુ હાથ લાગી નહીં. આ બાબતમાં રેસીડન્ટને તદ્દન મૂર્ખ બનાવવામાં આવ્યા. તેમણે કહ્યું, "હું કોઈપણ જાતની ભૂલ કરી શકું નહીં. મારી પાસે ભરોસાપાત્ર માહિતી છે." સ્કૂલને બંધ કરી દેવામાં આવી. શાળાના ત્રણ શિક્ષકોને મારા દાદાએ મહારાણી ચીમનાબાઈ હાઈસ્કૂલ વડોદરા ખાતે રૂ. ૭૫ના માસીક પગારથી સમાવી લીધા. પાછળથી તેમણે મોટી જગ્યાઓએ સફળતા મેળવી. આ શિક્ષકોમાંના એક તો સાબરમતી આશ્રમ અમદાવાદના શ્રી કાકાસાહેબ કાલેલકર, ગોધરાના મામાસાહેબ મુકાદમ અને યોગી સ્વામી કુવલ્યાનંદ (લુણાવાળા) (શ્રી મુરારજીભાઈના ગુરુ યોગની અદ્યતન સંસ્થાના સ્થાપક હતા.

શ્રી લોકમાન્ય ટિળકના અનુયાયીઓમાના એક તો શ્રી પાંડુરંગ બાપટ રાજય સરકારની સેવામાં હતા. વાંધાજનક પ્રવૃત્તિઓ માટે તેમના પર તહોમત મૂકવામાં આવ્યું હતું. લોકમાન્ય ટિળક જાતે વડોદરા આવ્યા અને થોડા સમય માટે વડોદરા રહ્યા, અને તેમના મિત્રને કાયદાકીય મદદની વ્યવસ્થા કરી આપી. મહારાજાએ બાપટને મોટા પેન્શનની પણ વ્યવસ્થા કરી આપી. રાજયમાં ક્રાંતિકારીઓના સાહિત્યને છાપવામાં તથા પ્રકાસિત કરવામાં આવતું. મહારાજા એમ કહેતા કે પોતે યુરોપમાં છે તેથી કાંઈપણ જાણતા નથી. સેડોન નામનો તેમનો દિવાન જે પોતે અંગ્રેજ હતો તેણે કહ્યું, "આવા સાહિત્ય માટે સુધારાવધારા કરવા અથવા પ્રતિબંધ મૂકવો એ પૂરતું નથી. રેસીડન્ટે દલીલ કરી કે યુરોપમાં તેમના લાંબા રોકાણને કારણે માંદગીથી ગેરહાજર રહેવું પડતું હતું ને બાબત જ આવા વિષયોની બેદરકારીનું કારણ છે. મહારાજા રેસીડન્ટ સાથે સંમત થતા ન હતા."

ઈ. સ. ૧૯૧૯ના નવેમ્બર માસમાં અમદાવાદમાં વાઈસરોય લોર્ડ મીન્ટોની ગાડીમાં બોમ્બ ધડાકો થયો, જેના કારણે ભારતમાંના બ્રિટીશરો હચમચી ઉઠયા. નસીબજોગ આ ઘટના વડોદરા રાજયની બહાર બની. એવી દલીલ કરવામાં આવી કે વડોદરામાંથી બોમ્બ મેળવવામાં આવ્યો હતો. ઈ.

સ. ૧૯૧૧ના ભવ્ય દિલ્હી દરબારમાં ઈંગ્લેન્ડના રાજકુવરનું અપમાન કરવા બદલ શ્રી સયાજીરાવ પર તહોમતનામું મુકવામાં આવ્યું. આ

બાબતમાં બળતામાં ઘી હોમવા જેવું થયું. ૨૦૦૦ જેટલા યુરોપીયનો અને ૧,૦૦,૦૦૦ જેટલા દેશી રાજવીઓ સમક્ષ આ ઘટના બની. અંગ્રેજ મુલાકાતીઓ આમ પણ તંગ જ આવી ગયા હતા. તે સમયે મહારાજાની વિરૂધ્ધમાં મોટું તોફાન કોલાહલ થઈ ગયો. "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" જેવાં રાજનૈતિક પ્રેસોએ શ્રી સયાજીરાવને પદભ્રષ્ટ કરવા માટે માગણી મૂકી. વાઈસરોયને ખાતરી થાય તે માટેના એક માફીપત્રની શ્રી ગોખલેએ વ્યવસ્થા કરી બ્રિટીશ પ્રેસે તેને એક નામોશીભરી માફી તરીકે વર્ણવી.

અમેરિકન જોડાણ

ભારતીયો માટે ત્રણ કારણોને લીધે અમેરિકા ઘણું આશાસ્પદ છે. અમેરિકા અંગ્રેજ રાજયકર્તાઓની સામે લોહીયાળ યુદ્ધ લડયું અને આઝાદી મેળવી, કારણ કે અમેરિકાને ફ્રાન્સની મદદ મળી. ફ્રાન્સ ઈંગ્લેન્ડનું હરીફ હતું, જેને અંગ્રેજોને આગળ આવવા દેવા ન હતા. ભારતને જર્મની અને અમેરિકા તરફથી મદદ મળી. આ સમયે ઘણા નેતાઓએ જણાવ્યું કે, અમેરિકાએ વિજ્ઞાન અને ટેકનોલોજીના અમલની શરૂઆત કરી હતી. સ્વામી વિવેકાનંદ સાયન્ટીસ્ટ હતા તેથી ત્યાં લોકપ્રિય થયા એમ નથી, પણ સાચો ધર્મ અને અધ્યાત્મના કારણે સવિશેષ લોકપ્રિય બન્યા હતા. ભારત અમેરિકા જર્મની પાસેથી ટેકનોલોજી (તંત્રજ્ઞાન) મેળવે, આપણા આધ્યાત્મના જ્ઞાનની મદદથી, તંત્રજ્ઞાન સર્વને સુખદાયી અને રિદ્ધિથી બને, ભારત એક મહાન તાકાતવાન સમૃધ્ધ રાષ્ટ્ર તરીકે આગળ આવે એવું સ્વપ્ન તે વખતના નેતાઓ સેવતા હતા.

મહારાજા ઘણીવાર અમેરિકા આવજા કરતા, કેટલાક અમેરિકન નિષ્ણાતોની મિત્રતા મેળવી એમનાં રાજયમા પગારે રાખ્યા. રાજયકારભારમાં પણ ઘણા સુધારા વધારા કર્યા. સ્વામી વિવેકાનંદની જેમ તેમણે પણ યોગ તરફ લક્ષ્ય આપ્યું હતું. શિકાગોની ઈ. વિશ્વ ધર્મ પરિષદમાં તેમણે પ્ર સ્થાન મેળવ્યું હતું. તેમના પાઉલ હેરીસ કે જે ઈન્ટરનેશનલ મુવમેન્ટના વિ હતા, તેમની મદદથી ત્યાં તે ઘણા મિત્રો પણ કર્યા અને તે વડોદરામાં લાવ્યા. પરંતુ એક દ સુધી બ્રિટિશ લોકોએ તેમને કાંઈ કરવા દીધું નહીં. સયાજીરાવતેમ પુત્ર જયસીંહરાવને હાવર્ડ યુનિ અભ્યાસ કરાવ્યો જેથી સ્વતંત્રતા છે તે તરફ તેમનું મગજ દો તેમને અંગ્રેજો પ્રત્યે અણગમો થ તેમણે અમેરિકન અંગ્રેજ પર એ બધુ પ્રભુત્વ મેળવ્યું કે તે અમેરિકનની જેમ જ વાતચી કરતા.

સયાજીરાવની અમેરિકાની મુસા વાઈટ લો રીટ લંડનના જે એલ હતા તેમના દ્વારા જ થતી. અમેરિકન એલચી કે જે લંડન હતા તે તેમના મિત્રને વોશિંગ્ટન લખતા. તેઓ લખતા.." કે રા તથા રાણી બંને જણા મુલાકાત મા ઉત્સુક છે અને આપણી રાષ્ટ્રી સંસ્થાઓનો કારભાર કેવી રીતે ચા છે તે જોવા અને અનુભવવા ઉત્સુ છે. વધુમાં તેમણે પ્રેસિડન્ટ હાર્ડવર્ડ તથા ત્યાંના સ્ટેટ સેક્રેટરીને પ લખ્યું કે રાજા - રાણી અભ્યા માટેની શાળાઓ તથા ત્યાંને અભ્યાસ કેવી રીતે ચલાવાય છે જોવાની ઈચ્છા ધરાવે છે. આ બં ઘણાં ઉત્સાહી તથા જ્ઞાની પણ છે આ પ્રવાસ વડોદરાને મોટો ફાયદ "લાયબ્રેરી સાયન્સ"નો થશે. બીજું અમેરિકાથી ૧૨૦ વોલ્ટેજ ઈલેકટ્રીસીટી જનરેટર લાવવામા આવ્યું અને વડોદરા રાજય વિલીન થયું ત્યાં સુધી આ ૧૨૦ વોલ્ટેજના આ જનરેટરનો ઉપયોગ થયો દુનિયામાં માત્ર અંગ્રેજો જ શ્રેષ્ઠ છે એમ નથી એ બાબત ખાત્રી કરવા માટે જ એમણે અમેરિકાની વારંવાર મુલાકાતો લીધી. તેઓ એવા તજજ્ઞની શોધમાં હતા જે આપણા દેશમાં આપણી રહેણીકરણી તથા આબોહવા જોઈને કારખાનાં ઉભાં કરે. એમની આંતરિક ઈચ્છા "સ્વદેશી" ભાવનાની હતી.

તેઓ એક શિક્ષણ ખાતાના તજજ્ઞની શોધમાં હતા જે દરેક વ્યકિતને નાગરિકત્વ, તેની ફરજો, ભણતર વગેરે બાબતો સમજાવે. યુ. એસ. એ. માં આવેલ કોલોરાડોથી એક પત્રવ્યવહારમાં એક પત્રમાં તેમણે જણાવ્યું. (૧) અમેરિકાનો ઔદ્યોગિક વિકાસ તેનો કારોબાર અને વૃધ્ધિ અંગેનું પુસ્તક તથા ધંધાકીય આયાત - નિકાસની સુચના બતાવતું સાહિત્ય (૨) રાજયમાં ભણતર (૩) ખેતી અંગે (૪) બાળકોનો ઉછેર તથા માતા પિતા સાથેનો વ્યવહાર (૫) કામદાર સંઘોને લગતું લખાણ મંગાવ્યું હતું.

મહારાજાના વિચારો તેમણે લખેલ ફિલાડેલ્ફા અને કોલોરાડોના આરથી જે પત્રવ્યવહાર દિવાન પ કર્યા હતા તે ઉપરથી જાણ થાય છે નીચલી કક્ષાના એટલે અસ્પૃશ્ય ગણાના બાળકોના ભણતર પર ખા ધ્યાન અપાય છે કે નહિ. એ વખત તેમને જાણવા મળ્યું રાજમહેલમાં ગણપતિ ઉત્સવ જોવ આવેલ બાળકને બે વર્ષની સજા ક આ બાબત શું સત્ય છે ? કોઈ મં લોટ દળવાની ચક્કી ખોલે અ

વડોદરામાં અમે

– હસિત બૂચ

વડોદરાના રસ્તાઓ પર પથરાતો તો ડામર,
ત્યારે થતું અમોને, જતાં નિશાળે :
ખાટીમીઠી ગોળીઓ મોટીના ઢગલે ઢગલા
પથરાતા જો હોત !
સમીસાંજરે બારે માસે બાગ જ્યુબિલીમાં બે ટોળી
રચી અમે, પડકારા દઈને
દ્વંદ્વ કુસ્તીને ધિંગાણે મચતા'તા,
રાણા પ્રતાપ - વીર શિવાજી જાતે થઈને
લડતા'તા સામી ટોળીના ફટાકડાઓ જોડે;
અગર એ સમે, કોઈ અમારું ફોટું ઝડપી
મલકાતા જો હોત !
સોનાની અંબાડી - હાથી શણગાર્યા પર
ત્રીજા સયાજીરાવ બિરાજી
સવારી જોતી મોટી ઠઠની સલામ ઝીલતા
સઘળું જોતા;
થતું હતું અમને ત્યારે કે,
પાછળના ગજ કોઈ ઉપર બસ, જગ્યા મેળવી
અમે ય થોડુ
લહરાયા જો હોત !
વડોદરાના ઝળહળ - મઘમઘ ગરબોત્સવમાં
કાર્ડ-બોર્ડનો મુગટ સુનેરી શિરે ચડાવી,
ધરી હાથમાં હોઠે બંસી
અમે થતાં'તા કૃષ્ણ;
ગરબાની ગોવાળણ કેં ને મસ્તક
સાફા - ફેંટા અમે બાંધતા હતા - તે પણ,
ચિબુક કૂણી અજાણ થઈને પકડી -
એસો લ્હાવા
તામ્રપટોમાં જો અંકાયા હોત !
"હિંદવિજય જિમખાના"ની મેદાની સ્પર્ધા વચ્ચે
ઝઘડાઓ - કિલ્લોલો કરતા,
લીંબૂ ચૂસતા,
ડૂબતા - તરતા હતા અમે :
ત્યારના કોઈ કવિના અમર ત્રિનેત્રે
અમે,
હા અમે ઝડપાયા જો હોત !
આજે
એ બન્ને નથી જ, થતું ત્યારે કે,
મુકત થયા ભારતને ઘડવા, સજવા
એ બે ખેડૂ :
નક્કર વલ્લભભાઈ
અને સધ્ધર એવા શ્રી રાવ સયાજી
થોડુ યે જો,
સાથે જીવ્યા હોત !

આ એક સરસ યોજના હતી. બ્રિટન જ્યારે ચારેબાજુથી સપડાય ત્યારે દેશમાં લશ્કરી બળવો જ તેમને ભગાવી શકે એમ છે. શ્યામજી કૃષ્ણવર્માએ એક માસિક મેગેઝીન "ધી સોસીયલીસ્ટ"માં બતાવ્યું હતું કે ભારતના પહેલા પ્રમુખ શ્રી સયાજીરાવ થશે. એમાં તેમણે મહારાજાનો જયજયકાર કર્યો. બ્રીટનને ફ્રાન્સ એટલું બધું પ્રજવી રહ્યું હતું કે ભારતીય લશ્કરને બ્રિટનની રક્ષા માટે લાવવામાં આવ્યું. ૧૯૧૪ના સપ્ટેમ્બરમાં મુંબઈ તથા કરાંચી બંદરેથી ભારતીય સેના મોકલી આપવામાં આવી. ત્યારે દેશમાં સેના બહુ જ ઓછી હતી. માત્ર ૧૫૦૦૦ બ્રિટીશ ટ્રુપ્સ જ રહી હતી. એચ. એન. બ્રેઈલ્સ ફોર્ડે ધણી બહાદૂરી બતાવી ભારતીયોની મૂર્ખાઈનો ઉપહાસ કર્યો કે ઓછામાં ઓછી અંગ્રેજ સેના હોવા છતાં પણ તેનો લાભ લઈ શકયા નહીં. બ્રિટીશ રાજયકર્તાઓ ભયજનક સ્થિતીમાં આવી ગયા કારણ કે ૧૫૦૦૦ બ્રિટીશ ટ્રુપ્સો ભાવીભયમાં હતી. આ ક્રાંતિના ભાગમાં એક "જર્મન સબમરીન" બંગાળના અખાતમાં જોવામાં આવી. તે વખતે મદ્રાસ પર બોમ્બમારો થયો. શહેરવાસીઓ ભયભીત થઈ ગયા. રાતમાં દેખાતા તારાઓના બદલે જર્મન વિમાનો જ નજરે ચડતાં મદ્રાસમાં અફવાઓનું સામ્રાજય ફેલાઈ ગયું. બધી વસ્તુ ઓના ભાવો ઘટી ગયા, વેપાર બેસી ગયો, વેપારમાં મંદી આવી ગઈ !

૧૯૧૪ના ઓગષ્ટ મહિનામાં અંગ્રેજોને ડર લાગ્યો કે અંગ્રેજોના દુશ્મન (જર્મનો) ને આશા હતી કે હવે હિન્દુસ્તાનમાં ચોક્કસ અરાજક થશે. દુનિયા છક્ક થઈ ગઈ કે ભારતીયો ગરમપંથી અને નરમપંથી (જર્મની સામે) અંગ્રેજોને મદદ કરવાની શપથ લીધી. તેમને આશા હતી કે અંગ્રેજ સરકાર આપણને સ્વરાજ આપશે. બેલ્જીયમ ઉપર જર્મનીએ સવારી કરી તેનાથી નરમપંથીઓ ડરી ગયા. બ્રિટીશરોએ પ્રચાર કર્યો કે જર્મન આક્રમક અને અન્યાયી છે. આ પ્રચાર લોકોએ આંધળી આંખે અપનાવી લીધો. ભારતના દેશી રાજાઓ બહુ સ્વાર્થી નીકળ્યા. તેમનાં આ દેશી રાજયો જળવાઈ રહેશે એવા ભયથી એમણે અંગ્રેજોને મદદ કરી.

એડવર્ડ થોમસે આશ્ચર્યથી લખ્યું કે "આવું દુનિયાના ઈતિહાસમાં પહેલી જ વાર બન્યું હોય કે હજારો ગુલામવંશના લોકો એક ભયંકર યુદ્ધમાં આપણા માલિકને બહુ જ મોટા પ્રમાણમાં મદદ કરી છે કે જે ઝઘડા સાથે તેમનો કોઈ સંબંધ તેમજ સ્વાર્થ નથી."

યુદ્ધની શરૂઆતમાં એક સમાચારપત્ર "ડરટાગ"માં એક લેખકે લખ્યું છે કે "અમારાં બધાં જ ગણીત ખોટાં પડયાં અમારી અપેક્ષા હતી કે જર્મનીઓની તોપોનો ગડગડાટ ચાલુ થાય તે દિવસથી હિન્દુસ્તાનના સમસ્ત લોકો બળવો પોકારશે પરંતુ લાખો ભારતીયો અમારી સામે બ્રિટીશરો સાથે મળીને લડી રહ્યા છે."

મહારાજા સયાજીરાવ નિરાશાથી ઘેરાઈ ગયા. થોડા વર્ષો બાદ જ્યારે જર્મનીએ બીજા વિશ્વયુદ્ધની તૈયારી કરી ત્યારે મહારાજા ખુશ થઈ ગયા. તેમના અંગત સચિવ મારા પિતાશ્રી વી. પી. નૈનેને ગુપ્ત રીતે હિટલરને મળવા યુરોપ મોકલ્યા. ત્યાં વાટાઘાટો થઈ. બર્લીનમાં ઓલિમ્પિક રમાઈ ત્યારે શ્રી નૈનેએ સયાજીરાવ અને હિટલર વચ્ચે એક ખાનગી બેઠક માટેની યોજના કરી. પહેલા યુદ્ધમાં તો રાજાઓએ બહુ મોટી ભૂલ કરી પણ હું ખાત્રી આપું છું કે આ ભૂલનું હવે પુનરાવર્તન નહીં થાય. તે યોજના મુજબ તેઓ "નરેન્દ્ર મંડળ"ના પ્રમુખ બની ગયા.

બીજા વિશ્વયુદ્ધમાં આપણા દેશી રાજાઓ હિટલરને મદદ કરશે એવી યોજના ઘડાઈ.

ભારતીય ક્રાંતિકારીઓ ભારતની બહાર પૂર્વે દિશાએ લડવા તૈયાર થઈ ગયા. પરંતુ રાસ બિહારી બોઝ અને સુભાષચંદ્ર બોઝ જાપાનમાં જઈ ભારતની આઝાદી માટેની તૈયારી

કરતા હતા. ૧૯૪૨માં દેશભરમાં બ્રિટીશ ભારતના ભારતીયોએ આઝાદી માટેની લડત ઉપાડી. જે. પી. છૂપી રીતે ભાગ્યા ન હતાં તેમનાં કોઈ સારો લીડર રહ્યો નહિ. કમનસીબે, તેમના મુખ્ય લીડર સયાજીરાવ ત્રીજા તા. ૬-૨-૧૯૩૯ના રોજ મૃત્યુ પામ્યા.

બે અક્ષરોનો ટેલીગ્રામ તે વખતે અમારા ઘરે આવ્યો: "ઘણો જ આઘાત". નીચે સહી કરનાર "હેર હીટલર".

શુભેચ્છાઓ સાથે

શ્રીનાથ મેટલ માર્ટ

રાવપુરા, પ્રતાપ રોડ,
વડોદરા
ટેનં. ૫૫૮૬૪૨

શુભેચ્છાઓ સાથે

આર.બી. ગુમા

પોલિસ પરેડ ગ્રાઉન્ડ સામે,
જી.પી.ઓ. પાસે, વડોદરા
ટેનં. ૫૫૨૯૪૦ (રહે): ૫૫૮૫૦૮/૫૫૯૩૩૪

વડોદરાની પુરાવસ્તુ પ્રવૃત્તિ

પ્રા.ર.ના. મહેતા

વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

ગુજરાતી ભાષામાં વપરાતો "પુરાવસ્તુ" શબ્દ અતીતની લિખિત ને પારિતોષિક સામગ્રીનું અધ્યયન સૂચવે છે. એ સમગ્ર શબ્દાર્થ લક્ષમાં લેતાં વડોદરાની પુરાતત્ત્વ પ્રવૃત્તિના બે અંગો સ્પષ્ટ થાય છે. પ્રથમ અંગ તે બહુજન માન્ય મૌખિક કે લિખિત સામગ્રીનાં અધ્યયન દ્વારા ભૂતકાળમાં શું બન્યું હશે તે બાબત આ સામગ્રીનું અર્થઘટન, અને બીજું અંગ વડોદરા નગરના વિસ્તારમાંથી મળતા પારિભોગિક પદાર્થોની મદદથી થતું ભૂતકાળની ઘટનાનું અર્થઘટન છે.

પ્રસ્તુત લેખમાં પ્રથમ અંગ તરફ દૃષ્ટિપાત કરતા વડોદરા ગામનો સૌ પ્રથમ લિખિત લ્લખ રજ્જૂકૂટ રમ કર્કસુવર્ણવર્ષે શક સં ૭૩૪ ઈ. સ. ૮૧૨ વિ. સં. ૮૬૮ નો મળે છે. તે પહેલાં થોડા સિક્કાઓ મળે છે. પણ તેને લક્ષમાં લેવાય નહિ. આ ઉલ્લેખ બાદ વડોદરાના ઉલ્લેખો મળે છે. તેમાં જૈન લખાણોમાં મળતી સામગ્રી પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધીએ ભેગી કરી હતી. અને "વડોદરાનો ગરબો" તેમણે તથા ડૉ. મંજુલાલ મજમુદારે પ્રસિદ્ધ કર્યો હતો.

વડોદરા શહેરના વતની નાકર, પ્રેમાનંદ જેવા કવિઓએ તથા ફારસી તવારિખ નવેશોએ વડોદરાના ઘણા ઉલ્લેખો કર્યા છે. તેમાં વડોદરાની કેટલીક માહિતિ મળે છે. ત્યારબાદ સત્તરમી સદી પછી યુરોપના મુસાફરો વડોદરામાં વિવિધ કારણોસર આવતા તેમનાં લખાણોને મહત્ત્વ આપવાના ઓગણીસમી સદીથી થયેલા પ્રયાસોથી તે માહિતિ પ્રાપ્ત થાય છે. તેની સાથે વિશ્વામિત્રી માહાત્મ્ય નામના પૌરાણિક હસ્તલિખિત ગ્રંથમાંથી વડોદરાની કેટલીક રસપ્રદ માહિતિ મળે છે.

આ સાધનો પરથી આ સદીના મધ્યભાગ સુધીમાં અંગ્રેજી તથા ગુજરાતીમાં લખાણો છપાયા છે. તેમાં શ્રી સયાજીરાવના ગુરુ ઈલિયટે કરેલો ગેઝેટીઅટનો પ્રયત્ન, ત્યારબાદ ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ સંશોધન કરેલો પ્રયત્ન, જગજીવનદાસ દયાળજી મોદી, ડૉ. મંજુલાલ મજમુદાર, પ્રો. કે. મિડાકદાસ જેવા વિદ્વાનોના લખાણો મહત્ત્વનાં છે.

આ સાધનોને બળે વડોદરાના સાહિત્યમાંથી મળતો ઈતિહાસ કેટલીક હકિકતો સ્પષ્ટ રીતે દર્શાવતો, તો કેટલાક ભાગોમાં અસ્પષ્ટતાવાળો હતો. તેથી તેમાં ફેરફાર કરીને અથવા નવા પ્રમાણો મેળવીને વડોદરા અધ્યયનમાં નવું તત્ત્વ ઉમેરવાની જરૂર હતી. શ્રી સમાજીરાવે દીર્ઘદૃષ્ટિ વાપરીને વડોદરામાં દ્રવ્યાશ્રિત જ્ઞાનસાધના માટે ડીપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલોજીની સ્થાપના આ સદીના ચોથા દાયકાના પૂર્વાર્ધમાં કરી. આ વિભાગે પોતાનું લક્ષ પાટણ, અમરેલી, ક્રામરેજ આદિ વડોદરા રાજ્યના બીજા ભાગો પર કેન્દ્રિત કર્યું હતું. તેથી આ મહત્ત્વની પ્રવૃત્તિ વડોદરા નગરમાં ચાલતી હોવા છતાં તેનો લાભ નગરને મળ્યો ન હતો. માત્ર મકરપુરા તરફ આવેલા કુતુબુદ્દીનના મકબરાને રક્ષણ મળ્યું હતું. અને માંડવીનો એક લેખ છપાયો હતો. ભારતીય સ્વાતંત્રય પ્રાપ્તિ પછી આ વિભાગ ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણનો વિભાગ બન્યો અને તેની પ્રવૃત્તિ ઘણી વિસ્તરી

ગેડીકલ કોલેજમાંથી મળી આવેલ નૃત્યાંગના, વિષ્ણુવરૂણ અને દેવમંદિર સંભની પ્રતિમાંઓ

હોવા છતાં વડોદરાના સ્થાનિક ઈતિહાસની તપાસમાં તેનો ફાળો નહિવત હતો.

વડોદરાના સ્થાનિક ઈતિહાસને અહીંથી મળેલા અવશેષોની મદદથી તપાસવાનું શ્રેય વડોદરા રાજ્યના ઇજનેરશ્રી તલવણીકરને ફાળે જાય છે. તેમણે કિર્તિમંદિરના પાયા નાંખતી વખતે મળેલા માટીના વાસણોના ભગ્નાવશેષો એકત્ર કર્યા અને વડોદરા મ્યુઝિયમને આપ્યા. આ ઈજનેરની જાગૃત પ્રતિભાને જોઈને આજે સ્થપતિઓ તથા ઈજનેરોમાં ભારતીય સ્થળો , સ્થાપ્ય આદિ માટે દેખાતી જાગૃતિ તથા ઉત્સાહ સાથે સરખાવીએ તો શ્રી તલવલકર પોતાના જ્ઞાનસાધનામાં જમાના કરતાં અડધી સદી કરતાં વધારે આગળ હતા. એ વિચાર સ્ફૂરે છે.

આ પ્રારંભ પણ શ્રી તલવલકરના ઉત્સાહ સુધી સ્થિર રહ્યો. ત્યારબાદ તેનો વિકાસ વડોદરા મ્યુઝિયમ અને સ્થાનિક કાર્યકર્તાઓએ કર્યો. સદભાગ્યે વડોદરા મ્યુઝિયમના નિયામક વિશ્વ વિખ્યાત કલા વિવેચક હરમાન ગોએત્સ હતા, અને વડોદરા પ્રાચ્યમંદિરના આંતરરાષ્ટ્રીય ખ્યાતી ધરાવનાર નિયામક શ્રી ડૉ. બિનયતોલ ભટ્ટાચાર્ય હતા. ડૉ. ભટ્ટાચાર્ય પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને અભિલેખ વિદ્યા, મૂર્તિશાસ્ત્ર આદિના પ્રોફેસર હતા. તેમની વિદ્યાર્થીઓને સંશોધનમાં પ્રોત્સાહિત કરવાની શક્તિની તેમના શિષ્યો પર સ્વાભાવિક રીતે પડી.

તેમના શિષ્યોમાં ડૉ. ઉમાકાન્ત શાહ, તથા આ લેખના લેખકો હતા.

ડૉ. ભટ્ટાચાર્યની પ્રેરણાને બળે દ્રવ્યાશ્રિત પદાર્થો તપાસવા , તેની મદદથી ભૂતકાળમાં બનેલા બનાવોનું અર્થઘટન કરવું, તેનું આલેખન કરવું આદિ પ્રવૃત્તિઓ હાથ ધરવાની શક્તિ અને ઉત્સાહ વધ્યો હતો. તેમાં આ વર્ષોમાં ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની કાયાપલટ સર રોબર્ટ એરિક મોર્ટીમર વ્હીલરને હાથે થઈ રહી હતી. તેમના હાથ નીચે ચાલતી ક્ષેત્રશાળામાં તાલીમ લેવાને પરિણામે વડોદરાનું દ્રવ્યાશ્રિત અધ્યયન કરવાનું કાર્ય પ્રબળ બન્યું તેથી ૧૯૪૮ પછી આ ક્ષેત્રમાં ઘણું કામ થયું છે.

આ વર્ષોમાં ડૉ. ઉમાકાન્ત શાહ, મગનભાઈ દેવશંકર દેસાઈ તથા આ લેખના લેખકને સ્થાનિક પુરાવસ્તુના અવશેષો તપાસવાથી અન્ય સાધનો કરતાં સારો ઈતિહાસ મળે છે. એ બાબત ખાત્રી થઈ ચૂકી હતી અને તેથી આ સાધનોની પરીક્ષા માટે તપાસ કરતાં આવાં સાધનો કેટલાક દેવસ્થાનો બહાર સચવાયેલા દેખાતા હતાં. તથા નગરના જૂના ભાગોમાં થતા ઉત્ખનનોમાંથી તે બહાર પડતાં પણ નજરે પડતાં હતાં. આ સામગ્રી એકત્રિત કરવાનો પ્રયાસ કર્યો તે પ્રયાસમાં ડૉ. હરમાન ગોએત્સ તરફથી સારું પ્રોત્સાહન મળ્યું.

વડોદરાની અતીતની તપાસમ દ્રવ્યાશ્રિત વસ્તુઓ તપાસતાં તેમાં શિષ્યો અને ત્યારબાદ માટીના વાસણો, મકાનો, મુદ્રાઓ, ઓજારો, ઇત્યાદિના પ્રાપ્તિ સ્થાનોની વ્યવસ્થિત સામગ્રી એકત્રિત થતી ગઈ. આ સામગ્રી કોઠી અને આનંદપુરા વિસ્તારમાં ઘણા પ્રમાણમાં મળતી હતી. તે વખતે મેડીકલ કૉલેજ અને બીજાં મકાનો માટે પાયા ખોદાતા હતા. તેમાંથી મળેલી સામગ્રી વિસ્તાર પુરાવસ્તુની અર્થાત અન્ય કામ માટે થતા ખોદકામમાંથી ભેગી કરેલી હતી.

"નિસ્તાર પુરાવસ્તુ" વિદ્યા એ પુરાવસ્તુ વિદ્યાનું આગવું અંગ છે. અંગ્રેજીમાં તે salvage parehadogy કહેવાય છે. તેનું મુખ્ય ધ્યેય ગમે તે કામ માટે ખોદકામ થતું હોય તેમાંથી વ્યવસ્થિત સામગ્રી મેળવવાનું છે. આ રીતે વડોદરાની મેળવેલી સામગ્રી પરથી વડોદરા નગરના પ્રાચીન અવશેષો કોઠી વિસ્તારમાંથી મળે છે એ વાત સ્પષ્ટ થઈ. તેથી કિલ્લેબંધ વડોદરા સોળમી સદીના પ્રારંભમાં મુઝફ્ફર બીજાના વખતમાં તૈયાર થયું હોવાનું સમજાયું. આમ જૂનું વડોદરા કિલ્લાની બહારના ભાગમાં વિશ્વામિત્રિ નદીના પૂર્વ કિનારા પર હોવાનું સમજાયું.

આ સાથે મળેલી વસ્તુઓની પ્રાચીનતા અને કાલક્રમ નક્કી કરવા માટે વડોદરા મ્યુઝિયમ તરફથી તે વખતમાં જેલના કંપાઉન્ડમાં નાનું ઉત્ખનન કર્યું અને વડોદરામાંથી મળતી પ્રાચીન વસ્તુઓનો કાળક્રમ નક્કી થયો. ત્યારબાદ શ્રી મગનભાઈ દેસાઈએ અકોટા, ધનટેકરી વિસ્તારમાં થતું કામ તપાસ્યું. આ તપાસમાં તેમને તથા ઉમાકાન્ત શાહને રોમથી આયાત થયેલા અવશેષો મળ્યા. મ્યુઝિયમમાં સંગ્રહાયેલા આ અવશેષો આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ જાણીતા છે. વડોદરાની આજુબાજુના જૂનાં સ્થળો અને વસ્તુઓના અધ્યયનની આ કાળની પ્રવૃત્તિને વેગ આપવાનું કામ વડોદરા મ્યુઝિયમમાં સ્વ. રાજગોપાલાચારીના હાથે એક પ્રદર્શન ખુલ્લું મુકીને ૧૯૪૯માં કરવામાં આવ્યું. તેની સારી અસર થઈ હતી. તે વખતે ડૉ. જીવરાજ મહેતાની કારકિર્દીમાં આ પ્રવૃત્તિઓ થઈ, તેનો વધુ વિકાસ મહ સયાજીરાવ યુનિવર્સિટીની સ્થ થયા બાદ થયો.

હસાબહેનની દીર્ઘદૃષ્ટિથી પુરાવસ્તુ વિદ્યાવિભાગ ખોલ આવ્યો. તે અરસામાં અકો ધનટેકરી વિસ્તારમાંથી તામ્રશિ મળ્યાં. આ આકસ્મિક રીતે મ નિધિ આકસ્મિક રીતે જાણ આવ્યો અને સદભાગ્યે તે વિખે જાય તે પહેલાં તેનો મોટો ભેગો થઈ શકયો. અને ત્યાર પણ તેને પ્રયત્નપૂર્વક વડો મ્યુઝિયમમાં સાચવી રાખ આવ્યો. ભારતની કલામાં ગુજરા વિશિષ્ટતા દર્શાવતો આ સંગ્રહ ક્ષેત્રમાં વિશ્વ વિખ્યાત બન્યો છે

ત્યારબાદ વડોદરાના મહ સયાજીરાવ વિશ્વ વિદ્યાલયન પુરાવસ્તુવિદ્યા વિભાગ દ્વારા વડો મેડીકલ કૉલેજ અને અ વિસ્તારમાં ઉત્પન્ન કરીને ત કરવામાં આવી. તેથી તે પ થયેલું કાર્ય વ્યવસ્થિત હો જાણકારી મળી અને કેટલીક સામગ્રી પણ પ્રાપ્ત થઈ છે.

[illegible] જુદે જુદે સ્ થયેલા ખોદકામોની કેટલીક માહિતિ ઉમેરાની રહી છે. પણ વડોદરાના મંદિરો, મસ્જિ આદિના સર્વેક્ષણોએ કેટ મહત્ત્વની સામગ્રી પૂરી પાડી વડોદરાનાં શૈવ, વૈષ્ણવ, શાકત મંદિરોની પ્રારંભિક તપાસ કુ. મં ઓઝાએ કરી છે. તે પ્ર વડોદરાના જૈન મંદિરોની તપ હીનેશ શાહે અને વડોદ મસ્જિદોની તપાસ રફિકા સૈયદે છે.

આ તમામ કામો થયાં છે. પુરાવસ્તુની નજરે વડોદરાનો સ્થા ઈતિહાસ અન્ય શહેરોને મુકા સારો થયો હતો. તેની પરંપર અમદાવાદ, વિસનગર, પા કલોલ, સુરત, ખંભાત, નગરોના અધ્યયનો થયા છે. પશ્ચિમ ભારતના વસવાટો પર મોટું અન્વેષણ ગુજરાત વિદ્યાપી ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ હાથ ધરાયું છે. તેમાં વડોદ અનુભવ પાયાનો છે. વડો નગરના આ અધ્યયનના ફ પ્રદર્શનો અવારનવાર થયા કરે એટલું જ નહિ પણ અહીંની હેરી ટ્રસ્ટ જેવી સંસ્થાઓ તથા વડો મ્યુઝિયમ આદિ ઘણાં જાગૃત છે.

આમ હોવાથી વડોદરામાં ક્ષેત્રમાં ઘણું કામ કરવાનું દેખાય છે. જ્યારે અખિલ ભા કક્ષાએ આપણાં સાંસ્કૃતિક ક્ષેત્ર આપણા મકાનો, નાનામોટાં શિ નગરો, આદિના સંરક્ષણ માટે તે લોકભોગ્ય આનંદના કેન્દ્રો બ

ભવિષ્યની દિશામાં ખેડ કેટલીક મહત્ત્વની ભૂમિકા વડોદ સર્જાઈ છે. તેને વેગ મ માટેના અત્યંત મહત્ત્વનાં સૂચ વડોદરા મ્યુનિસિપાલિટીનું માટેનું મ્યુઝિયમ અને માહિતિ ઊભું કરવાની આવશ્યકતા છે. કેન્દ્ર વિના નગરોને સંસ્કારી વિકસેલા અને વિકસિત ખચકાય છે. એટલું જ નહિ વડોદરાના ઉત્સાહી નાગરિ કામોની થતી પ્રશંસા વ્યક્તિ કહી જાય છે. અને સમ બનતી જાય છે. ૮ ૫ા. ૪૨

૧૮૦૯ માં વડોદરાનો જુનો વિશ્વામિત્રી પુલ નું હસ્તચિત્ર

કેપ્ટન રૉબર્ટ મેલ્વીલ ગ્રીન્લે (ચિત્રકાર)

WITH BEST COMPLIMENTS FROM

ABS PLASTICS LTD.

MANUFACTURERS OF

Absolac ABS Resins

11, KIRTI TOWER
TILAK ROAD
BARODA

ટે: જનરલ: ૫૫૩૨૯૧ ટે. મેનેજર: ૫૫૮૩૫૦

ધી બરોડા સીટી કૉ.ઓ.બેન્ક લિ.

સ્થાપના: તા. ૧૧-૧૦-૧૯૨૭

રજી.ઑફિસ: સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા.

શાખાઓ

• સરદારભવન • વાડીશાખા • ફતેગંજ(કેમ્પ) • કારેલીબાગ

કાન્તીભાઇ ડી.પટેલ * ચંદ્રકાન્તભાઇ ચુ.પટેલ * કીકાભાઇ.પી.પટેલ

• મનેજર • • મંત્રી • • પ્રમુખ •

દૂર અંતર સફર

ગાંધી ટ્રાવેલ્સ એન્ડ ટુર્સ

વડોદરા : રાજમહેલ રોડ, હાથીપોળની પાસે,
ફોન: ૫૫૮૧૯૭ ૫૫૪૦૬૯

અમદાવાદ: રીલીફ રોડ, ગુલાબભાઇ હોસ્પીટલ સામે, મેડાપર
ફોન: ૩૩૫૬૩૭, ૩૮૭૫૧૫

અમદાવાદ: ઝવેરી હોલની સામે, પાલડી મ્યુઝીયમ ફોન : ૭૭૮૧૧.

ગુજરાત સરકારના પર્યટન વિભાગ, એલ.આઇ.સી. તેમજ રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા માન્ય પ્રવાસ આયોજક સંસ્થા.

FIXED DEPOSITS - SHARES - DEBENTURES

CONTACT FOR

• FRESH AND RENEWALS OF FIXED DEPOSITS •
• N. S. C. / UNIT TRUST •
• SALE AND PURCHASE OF SHARES •
• FORMS OF NEW SHARE ISSUES •
• SANKHEDA'S KHARADIKAM FURNITURE & OFFICE FURNITURE •

YOGI FINANCIAL CONSULTANTS
MAHARASHTRA BOARDING LINE,
DANDIA BAZAAR - 01. ☎ 555814

YOGI

PARADISE

PARADISE INVESTMENT & FINANCIAL CONSULTANCY

48, PARTADISE COMPLES, SAYAJIGUNJ - 05 ☎ 327880

HARISH BROTHERS

OUTDOOR PUBLICITY

HOARDING BOARDS
ROPE WAY CABINS
NEON & GLOW SIGNS
BANNERS & SIGN BOARDS

CALL US ANY TIME 554323/555389

IPB HOUSE, KOTHI POLE, RAOPURA, BARODA-390001.

વિડીયો શુટીંગ રૂ.૮૦૦/-

નવાં લગ્નગીતો સાથેનું ડેમોસ્ટ્રેશન જોવા રૂબરૂ મળો.

• વિનય ફોટો સ્ટુડીયો. ટે: ૫૫૪૦૬૩

તાડફળિયા, રાજમહેલ રોડ, લાલકોર્ટ સામે, વડોદરા

• વિજય એસોસીએટસ •

ફોરેન, રશીયન તથા બીજા દેશોનાં પુસ્તકો તેમજ સ્ટેમ્પોનો મેળવવા સંપર્ક સાધો:

૨૩૧, ડૉ. દાદાભાઇ નવરોજજી માર્ગ, ફોર્ટ, મુંબઇ-૪૦૦ ૦૦૧

• વિજય સ્ટોર્સ •

ગોપાલ ટૉકિઝ પાસે, સ્ટેશન રોડ, આણંદ.



આદ્ય પૂર્વજ નંદાજી મત્રે ગાયકવાડ

સમરજીતસિંહ
અંજના રાજે
અલૌકિકા રાજે
રણજીતસિંહ
વસુંધરા રાજે
મરણ રાજે
ધૃતાગી રાજે
મૃણાલિની દેવી
પ્રતાપસિંહરાવ
લલિતા રાજે
ફતેસિંહરાવ
સંગ્રામસિંહ
પ્રતાપસિંહ
લક્ષ્મીદેવી
ઇન્દુમતી
ફતેસિંહરાવ
ચિમણાબાઈ પહેલા (પ્રથમ પત્ની)
જયસિંહરાવ
ઉદેસિંહરાવ
પદ્માવતી
શિવાજીરાવ
નિર્મળાદેવી
ચિમણાબાઈ બીજા (દ્વિતીય પત્ની)
ઇન્દીરા રાજે
ઉષાદેવી
ઉમાદેવી
દિગ્વિજયરાવ
અશોક રાજે
નલ રાજે
વિજયરાજે
સયાજીરાવ
સયાજીરાવ ત્રીજાનું
વંશવૃક્ષ
સૌજન્ય : વડોદરા સમાચાર

SHREEHARIJI

Viren Jewellers

DEALERS IN:
FANCY SILVER
ORNAMENTS

PROP.
PRAVIN D. SONI

KAROLIA POLE, NEAR ZAVERI BAZAR, BARODA - 390 001.

પેન્ટ અને શર્ટ સ્પેશ્યાલીસ્ટ.

શ્રી ટેઈલર્સ

૧૩, હંસરાજ ભુવન,
પહેલા માળે,
શ્રી યુસુફ મેહરઅલી રોડ,
મરજીદબંદર,
મુંબઈ~૪૦૦ ૦૦૩
ટે.નં~૮૬૬૮૭૯

ગુજરાતી સાહિત્યકારો વટપુર ક્ષેત્રે

-શ્રી પ્રા. લવકુમાર દેસાઇ

(શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજા પૂર્વેના, તત્કાલીન અને પછીના સાહિત્યકારો અંગે વિસ્તૃત સમીક્ષાત્મક મૂલ્યાંકન સમૃધ્ધ આલેખન કરવા માટે તો સ્વતંત્ર ગ્રંથાકાય ગ્રંથની આવશ્યકતા ઊભી થાય. આ લઘુલેખમાં તો તેનો પરિચયાત્મક ઉલ્લેખ જ કરી શકાય. વળી, મહારાજા સયાજીરાવ ત્રીજા સત્તારૂઢ થયા (ઇ. સ. ૧૮૭૫) તે પૂર્વેનું અને ત્યારપછીનું વડોદરા રાજ્ય ભૌગોલિક સીમાની દૃષ્ટિએ ઠીક ઠીક ફેલાવો ધરાવતું હતું. આ લેખમાં વડોદરાસ્થિત સાહિત્યકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, વડોદરા રાજ્યના સાહિત્યકારોનો નહીં. અલ્પખ્યાત, મધ્યખ્યાત અને અતિખ્યાત સાહિત્યકારોની ("વિષ્ણુસહસ્રનામાવલિ" જેવી જ સ્તો !) યાદી તૈયાર કરવામાં શકય છે કે સ્થળસંકોચને કારણે કેટલાકનો ઉલ્લેખ ન કરી શકાયો હોય અથવા ક્ષતચૂકને કારણે રહી જવા પામ્યા હોય તો ક્ષમ્ય ગણશો. ગુજરાતી સાહિત્યની ગતિવિધિમાં વળાંકો આપનાર કે સમૃધ્ધ સાહિત્ય દ્વારા સૌનું ધ્યાન ખેંચનારા મોટાગજાના (માઈલસ્ટોન સમા) નોંધપાત્ર સાહિત્યકારો વિશે અત્રે વિગતે વાત કરવામાં આવી છે.)

ઇતિહાસનાં પૃષ્ઠો ઊથલાવતાં વડોદરાનો 'વડપદ્રક' નામનો ઉલ્લેખ વિક્રમ સંવત ૮૬૮માં મળી આવે છે. રાષ્ટ્રકૂટવંશી લાટેશ્વર કર્કરાજે એક ધર્મપ્રેમી વિપ્રને વડપદ્રક ગ્રામ દાનમાં આપ્યું. તે વખતે આ પરા જેવા ગામનો સીમા વિસ્તાર કેટલો હતો ? પશ્ચિમે અંકોટ્ટક (અકોટા), પૂર્વે જાંબૂપાવિકા (જાંબુવા), ઉત્તરે રજ્જાચ્છક (કારેલીબાગ વિસ્તાર) અને દક્ષિણે મહાસેનક તળાવ, (પ્રતાપસિંહ કોરોનેશન જીમખાના) જૈનકવિ બાલમુકુન્દ દવેનું "વડોદરાનગરી" કાવ્ય.

"પાણી દરવાજો, ગેંડી, ચાંપાનેર,
દેવીપુરા,"

એટલો આ શહેરનો અસલ વિસ્તાર છે.

સીમાવિસ્તાર સંદર્ભે આ મુઝફ્ફરે સિક્કાવેલું નગર છે. પરંતુ નવમી સદીનું "વડપદ્રક" ગ્રામ સોલંકી, ચાવડા, મુસલમાન અને ત્યારબાદ મરાઠેલું નગર, સુલતાનો, ગાયકવાડો એમ વિવિધ શાસન તળે પસાર થતું આવ્યું, તેની કાયાપલટ થતી ગઈ, અંતે મહારાજા સયાજીરાવ ત્રીજાના રાજ્ય અમલ દરમ્યાન આ વડોદરાનગરી રાજમહેલો, ઉદ્યાનો, શિક્ષણ સંસ્થાઓ, કલાસંસ્થાઓ, ગ્રંથાલયો, ન્યાયમંદિર, સરોવરો વગેરેથી સુશોભિત, સુઆયોજિત રોડ-રસ્તા કદમાપવાળી રમ્ય સુંદરી સમી જોવે કલાએ ખીલી ઊઠી. આજે તો GIDCનાં નાના - મધ્યમ ઉદ્યોગોથી માંડીને ભારતની - અર્ધસરકારી મહાકાય ઔદ્યોગિક સંકુલોના હરણફાળ આક્રમણને કારણે વડોદરાનગરી ચારે દિશાઓથી, ભોજનના અતિરેકને કારણે ફાટફાટ થતા પેટની જેમ ફૂલવાફાલવા માંડી છે અને બેડોળતા અને બદસૂરતીની સ્પર્ધામાં આગેકૂચ કરી રહી છે !

સોલંકી વંશના પ્રતાપી રાજા સિધ્ધરાજ જયસિંહનો સમય શિલ્પસ્થાપત્ય અને સાહિત્યરચનાની દૃષ્ટિએ તથા પ્રજાકલ્યાણનાં સર્વતોમુખી કાર્યોને લીધે તેજસ્વી સુવર્ણયુગ ગણાય છે. આ ગુણગ્રાહી કલારસિક રાજાએ અનેક વિદ્વાનોનું બહુમાન કરી તેમની પાસેથી ઉત્તમ જ્ઞાનસેવાઓ લીધી છે. પ્રકાંડ પંડિત વિદ્યાવારિધિ (The ocean of knowledge) હેમચંદ્રસૂરિ (ઇ. સ. ૧૧૦૯ - ૧૧૭૩) પણ આવું જ શ્રેષ્ઠ બહુમાન પામનારા સિધ્ધરાજ દરબારના કિંમતી આભૂષણ હતાં. તેમણે "સિધ્ધહેમ શબ્દાનુશાસન" નામના વ્યાકરણગ્રંથમાં ઉદાહરણોમાં તત્કાલીન લોકસાહિત્યમાંથી જે અપભ્રંશ દુહાઓ ટાંક્યા છે તેમાં પ્રાચીન ગુજરાતી ભાષાના ઉદયનું ચિહ્ન દેખાય છે. આમ હેમચંદ્રાચાર્યથી એટલે કે બારમી સદીથી ગુજરાતી ભાષાનો આરંભ થયાનું આપણે સ્વીકારીએ છીએ.

બારમી સદીથી ઇ. સ. ૧૯૮૮ સુધી વડોદરામાં સ્થાયી બનીને અલ્પસંખ્યા કે વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કરનારા સાહિત્યકારો કેટલા ? બધાને આપણે "સાહિત્યકારો" જેવા ભારેખમ શબ્દથી નવાજી શકીશું ખરા ? એ આપણે ગુજરાતી સાહિત્યના ઇતિહાસકારો ઉપર છોડી દઈએ, પણ જેમણે શબ્દ સાથે ઓછેવત્તે અંશે પનું પાડયું છે અને કૃતિસર્જન કર્યું છે તે સર્વનું સંક્ષેપમાં વિહંગાવલોકન કરીશું.

-૧-

આપણને સૌને સુવિદિત છે કે પ્રાકૃત (અપભ્રંશ) અને જૂની ગુજરાતીમાં જૈન સાહિત્યકારોનો ફાળો સંખ્યાબળની દૃષ્ટિએ નોંધપાત્ર છે. વીરગણિ (પૂર્વાશ્રમનું નામ વસંત, પણ સમુદ્રઘોષસૂરિ પાસે દીક્ષા લીધા પછી તેમનું "વીર" નામ રાખવામાં આવ્યું) મૂળ તો લાટપ્રદેશના તિલકરૂપ વટપદ્રકના નિવાસી. તેમણે પિંડનિર્યુક્તિ નામના જૈન મુનિના આચારવિષયક પ્રાકૃત સિધ્ધાંતગ્રંથ પર વિ. સં. ૧૧૬૦માં સંસ્કૃતમાં વૃત્તિ રચી હતી. તેવું જ બીજું ગણનાપાત્ર નામ વિમલગણિનું છે. ચંદ્રપ્રભસૂરિએ ઉપદેશરત્ન કોષ, સંદેહવિષૌષધિ, પંચરત્ન વગેરે જે પ્રાકૃત રચનાઓ કરી હતી તેના ઉપર તેમના જ વિદ્વાન શિષ્ય વાચનાચાર્ય વિમલગણિએ બાર હજાર ને એકસો શ્લોક - પ્રમાણની વિસ્તૃત વૃત્તિ વટપદ્રક પત્તન (વડોદરા)માં રચી હતી. ગૂર્જરેશ્વર કુમારપાલના સમયમાં થઈ ગયેલા પંડિત પ્રભાકરગણિએ "રત્નાકરાવતારિકા" નામનું જૈનન્યાયનું પુસ્તક વિ. સં. ૧૨૨૫માં વડોદરામાં લખ્યું હતું.

સોળમી સદીમાં થઈ ગયેલો આખ્યાનકાર નાકર (કવનકાળ ઇ. સ. ૧૫૧૬ - ૧૫૬૮) વડોદરાના દિશાવાળ વણિક વિકાનો સુપુત્ર હતો. વણિક હોવાને નાતે તેને અન્ય માણભટ્ટોની માફક કથા કહેવાનો અધિકાર ન હોવાથી આ પરોપકાર પ્રવણ આખ્યાનકાર પોતાની બધી કૃતિઓ નાગર બ્રાહ્મણ મદનસુતને તેમના યોગક્ષેમ અર્થે આપી દેતો. આ બહુશ્રુત વિદ્વાને ગુરુમુખેથી કથાઓ સાંભળી સાંભળીને પુરાણો, મહાભારત, રામાયણ વગેરે સંસ્કૃત ગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેણે મહાભારતના કેટલાક પર્વોને દેશીબદ્ધ કવિતામાં ઉતારી, ભાલણની પદપધ્ધતિ અને કડવા પધ્ધતિનું અનુસરણ કરી, મુખબંધ અને વલણને વધુ વ્યવસ્થિત બનાવી, જરૂર પડે તો મૂળ પ્રસંગોમાં સ્વકલ્પનાએ ઉમેરણ કરી સંખ્યાબંધ આખ્યાનો દ્વારા ભાલણ અને પ્રેમાનંદ વચ્ચેની કડી બનવાનું સેતુરૂપ કાર્ય બજાવ્યું છે. "નળાખ્યાન", "ધ્રુવાખ્યાન", "ચંદ્રહાસાખ્યાન", "વિરાટપર્વ", "શિવવિવાહ", "મૃંગલીસંવાદ" વગેરે તેની જાણીતી કૃતિઓ છે.

વિપુલતા અને ગુણવત્તાની દૃષ્ટિએ આખ્યાનસરિતામાં ધસમસતું પૂર લાવી, પુરોગામી આખ્યાનકારોમાંથી ઉત્તમ તત્ત્વને અપનાવી, મંગલાચરણ, કવિપરિચય, ફલશ્રુતિ, કડવાં, મુખબંધ, વલણ વગેરેમાં શ્રેષ્ઠ કલાસંયમ દાખવી, કથનકલા, પાત્રાલેખન, વર્ણનો, રસનિષ્પત્તિ, રસસંક્રાન્તિ, ગુજરાતીકરણ વગેરેમાં નૂતન યશદા ઉન્મેષ બતાવી, કાવ્યકલામાં રમણીય શિખરો સર કરી આખ્યાનશિરોમણિ કવિ પ્રેમાનંદ પોતાના પ્રતિભાતેજથી પુરોગામી અને સમકાલીનો પર સંપૂર્ણપણે છવાઈ જાય છે. આ મોટા ગજાનો સર્જક કવિ (Majorpoet) માત્ર ૧૭મા - ૧૮મા શતકનો જ નહીં પણ સમગ્ર મધ્યકાળનો સર્વશ્રેષ્ઠ આખ્યાનકાર છે. આ મેવાડા ચોવીસા બ્રાહ્મણ વિશે દંતકથા વધુ પ્રચલિત છે એટલે અંગત જીવન વિશે શ્રધ્ધેય માહિતી ઘણી ઓછી મળે છે. વડોદરામાં વાડીપોળમાં નિવાસ કરતો અને લોકહૃદયસિંહાસન પર આરૂઢ થઈ એકચક્રી શાસન ચલાવતો પ્રેમાનંદ "ઉદર નિમિત્તે સેવ્યું સૂરત ને નંદરબાર" જેવી પંકિત દ્વારા દક્ષિણમાં ઠેઠ સુરત અને ત્યાંથી ખાનદેશમાં નંદરબાર સુધી આખ્યાનો રજૂ કરવા માટે વાહનોનાં ટાંચાં સાધનોના સમયમાં - આવજા (અપડાઉન) કરતો, એ તેની લોકપ્રિયતા સૂચવે છે. પ્રેમાનંદ રામાયણ, મહાભારત, પુરાણો, ભકિતચરિત્રો વગેરે સૌજનપરિચિત કથાવસ્તુમાંથી વિષય પસંદ કરતો અને પ્રતિભાસ્પર્શે નૂતન પ્રાણ પૂરતો. પ્રેમાનંદની જ નિઃશંક કૃતિઓ ગણાવી શકાય તેવી ૨૫ કૃતિઓમાં સુદામાચરિત, મામેરું, નળાખ્યાન અને દશમસ્કંધ કાવ્યકલાની દૃષ્ટિએ નમૂનેદાર આખ્યાનકૃતિઓ છે.

વડોદરાની પ્રજા પણ આ શહેરને પ્રેમાનંદનગરી તરીકે ઓળખવામાં એક જાતનું ગૌરવ અનુભવે છે. ઇ. સ. ૧૯૧૬માં સ્થપાયેલી "સાહિત્યસભા"નું ઇ. સ. ૧૯૪૪માં "પ્રેમાનંદ સાહિત્ય સભા" નામકરણ કરી, કવિના જન્મસ્થળ વાડી વચલીપોળને પ્રેમાનંદ કવિની પોળનું નામ આપી, યુનિવર્સિટી વિસ્તારમાં પ્રાચ્યવિદ્યા મંદિરના પ્રાંગણમાં પ્રેમાનંદની અર્ધપ્રતિમા મૂકી, દાંડિયાબજારમાં સાહિત્યપ્રવૃત્તિઓ માટે વિશાળ પ્રેમાનંદ સાહિત્ય ભવનની સ્થાપના કરી, મહમ્મદવાડી ટાવર પાસે પ્રેમાનંદપ્રશિસ્ત શિલાલેખ મૂકી સાહિત્યરસિકજનોએ આ મહાકવિ પ્રતિ પોતાનો ઋણભાવ અદા કર્યો છે.

જૈન કવિઓમાં ભાવસાર કવિ ભીમ (ભીમજી ઋષિ), કલ્યાણસાગરસૂરિ, પં. કાંતિવિજયગણી અને વિનયવિજયનો ઉલ્લેખ કરી શકાય. ત્યાર પછી કવિરાજ દીપવિજયનું નામ રચનાબંધની દૃષ્ટિએ વિશેષ નોંધપાત્ર છે. તેણે "સોહમકુલપટ્ટાવલીરાસ", તીર્થો અને તીર્થંકરોનાં સ્તવનો ઉપરાંત સૂરત, ખંભાત, જંબુસર, ઉદેપુર અને વટપ્રદની છટાદાર ગઝલો રચી છે. "વડોદરાની ગઝલ" (ઇ. સ. ૧૭૯૬)માં તત્કાલીન રાજા ગોવિંદરાવ ગાયકવાડ અને પાટવી આનંદરાવ ગાયકવાડની પ્રશિસ્ત કરી વડોદરાનગરીનું વર્ણન કર્યું છે જેમ કે -

આગે માંડવા નિરખેક, દેખત
વારહી હરખેક
નિકી પોલ ઘડીઆલીક, હવેલયાં
સબ મનવાલીક

જૈનેતર કવિઓમાં પ્રેમાનંદના શિષ્યમંડળમાંથી રત્નેશ્વર (રાધાવિરહના મહિના, વ.), વીરજી (કામાવતીની કથા, વ.), સુંદર મેવાડો ("દશમસ્કંધ" પૂરો કરનાર), હરિદાસ (શામળશાહનો વિવાહ, શ્રાધ્ધ, વ.), પદકવિ દ્વારકાદાસ વગેરે નામો ગણાવી શકાય.

વડોદરાના મરાઠા સરદાર બાપુસાહેબ ગાયકવાડ (ઇ. સ. ૧૭૭૭-૧૮૪૩)ની વાત જ ન્યારી છે ! વડોદરાના રાજકુટુંબ જોડે ઉત્તમ ઘરોબો અને સામાન્યજનને ઈર્ષા ઉત્પન્ન થાય એવી મોભાદાર સરકારી નોકરી હોવા છતાં આ સત્સગપ્રેમી અધ્યાત્મજીવ આરંભમાં ધીરા ભગતના અને પછી નિરાંત ભગતના સમાગમમાં આવતાં વૈરાગ્યવૃત્તિના પાકા રંગે રંગાઈ જાય છે અને સંખ્યાબંધ જ્ઞાનપદો રચે છે. મહારાષ્ટ્રીય હોવા છતાં તેમનું ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ પ્રશસ્ય છે. તેમણે અનેક પદો અને વિશેષતઃ જ્ઞાનોપદેશની કાફીઓ દ્વારા બ્રહ્મતત્ત્વનો અને સદ્‌ગુરુનો મહિમા ગાયો છે.

મધ્યકાલીન સાહિત્યમાં ૧૮મા-૧૯મા શતકમાં થઈ ગયેલી સ્ત્રી - કવયિત્રીઓમાં દિવાળીબાઈ, ગૌરીબાઈ, કૃષ્ણાબાઈ, પુરીબાઈ, રતનબાઈ વગેરેની વચ્ચે રાધાબાઈ (ઇ. સ. ૧૮૩૪માં હયાત)ને એટલા માટે યાદ કરીએ છીએ કે તે વડોદરાનાં દક્ષિણી બ્રાહ્મણ સ્ત્રી હતાં. સામાન્ય કોટિની કવિપ્રતિભા ધરાવતા રાધાબાઈ ગુરુ અવધૂતના શિષ્યા હતા અને પ્રેમલક્ષણાભક્તિમાં સદા મત્ત રહેતા. સુમધુર કંઠ ધરાવતા રાધાબાઈએ કૃષ્ણ-રાધા વિષયક પદો ઉપરાંત વિઠોબા, કરમાબાઈ, મીરાંબાઈ, જ્ઞાનેશ્વર, તુકારામ આદિનાં ચરિત્રો પણ લખ્યાં છે. દાતા હરિનો પંથ ચલાવનાર વડોદરાના વતની હરિ ભટે (ઇ. સ. ૧૮૨૯માં હયાત) કૃષ્ણજીવન અને હાલરડાંનાં પદો ઉપરાંત દયારામના પ્રતિસ્પર્ધી બની અનેક પદો અનુકરણ રૂપે રચ્યાં હતાં.

૨

મહારાષ્ટ્રના અંતરિયાળ પ્રદેશમાં કવળાણા ગામમાં રહેતો ૧૨ વર્ષનો અભણ ખેડૂતપુત્ર ગોપાળ, વડોદરા રાજ્યના રાજમાતા જમનાબાઈ ખંડેરાવ ગાયકવાડની કૃપાદૃષ્ટિ ઉતરતાં અને દત્તકપુત્ર તરીકે પસંદગી પામતાં ઇ. સ. ૧૮૭૫માં સયાજીરાવ ત્રીજા તરીકે નામાભિધાન પામી મહારાજા તરીકે રાજ્યાભિષેક પામે છે. રાજમાતા જમનાબાઈ, રેસિડેન્ટ મેલવિલ, દીવાન સર ટી. માધવરાવ, પ્રિ. એલિયટ વગેરેના કુનેહભર્યા માર્ગદર્શન અને પ્રશિક્ષણને કારણે તેમનું કુશળ રાજવી તરીકે અપૂર્વ ઘડતર થાય છે, તેમાં બાળગોપાળની જન્મજાત પ્રતિભા, ગજબની ગ્રહણશીલતા, કુદરતી કોઠાસૂઝ વગેરે પણ એટલાં જ જવાબદાર છે, અનેક સદ્‌ગુણોથી વિભૂષિત મહારાજા સયાજીરાવ વિચક્ષણ કોટિના વિદ્યાપુરુષ પણ હતા. તેમણે સાહિત્ય સંગીત નૃત્ય વગેરે લલિત કલાઓના ઉત્તેજન અર્થે અનેક યોજનાઓ ઘડી, અમલમાં મૂકી અને ઉદાર સખાવત દ્વારા સાહિત્ય યજ્ઞને પ્રોજ્જવલિત રાખવાનું પવિત્ર ઋત્વિજકાર્ય બજાવ્યું. ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું સંમેલન દી. બ. રણછોડભાઈ ઉદયરામના પ્રમુખપદે વડોદરામાં ઇ. સ. ૧૯૧૨માં યોજાયું ત્યારે તેના યજમાન તરીકે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ હતા. તેમણે પરિષદની મોટાભાગની કાર્યવાહીમાં હાજરી આપી હતી અને સાહિત્યના ઉત્કર્ષ માટે બે લાખ રૂપિયાની રકમ (તે જમાના પ્રમાણે ખાસ્સી મોટી રકમ કહેવાય) ફાળવી હતી. તેના વ્યાજમાંથી આજે "સયાજી સાહિત્યમાળા" અને અન્ય ગ્રંથ શ્રેણીઓ પ્રકાશિત થઈ રહી છે. આવા વિદ્યાપ્રેમી રાજવીના અમલ દરમ્યાન (૧૮૭૫-૧૯૩૯) સાહિત્યપ્રવૃત્તિઓ ફૂલે - ફાલે એમાં શું આશ્ચર્ય ?

વડોદરામાં વિદ્યાધિકારી તરીકે

બહુમૂલ્ય સેવા આપનાર રા. બ. હરગોવિંદદાસ કાટાંવાળાએ (૧૮૪૯ - ૧૯૩૧) કેળવણીકાર અને સંશોધક તરીકે નોંધપાત્ર સેવા આપી છે. ૧૯૨૦માં છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેનું અને મહારાજા સયાજીરાવ તરફથી "સાહિત્યમાર્તંડ"નું બહુમાન પામનાર આ વિદ્વાને "દેશી કારીગરોને ઉત્તેજન" નામનું અર્થશાસ્ત્રનું પુસ્તક, "અંધેરી નગરીનો ગંધર્વસેન રાજા", "બે બહેનો" નામની વાર્તાઓ તથા અન્ય પુસ્તકો આપ્યાં છે. "પ્રાચીન કાવ્યમાળા"ના સંપાદક તરીકે તેમણે કેટલાક અલ્પખ્યાત કવિઓને પ્રકાશમાં આણ્યા છે. (તેમણે પ્રેમાનંદ અને વલ્લભના નામે કૃતિઓ પ્રગટ કરી અપયશ અપાવનારો વિવાદ પણ સર્જ્યો હતો.) વડોદરા રાજ્યમાં અને ન્યાયાધીશપદે આરૂઢ થનાર હરિ હર્ષદ ધ્રુવે (૧૮૫૬-૧૮૯૬) "કુંજવિહાર", "પ્રવાસ પુષ્પાંજલિ" કાવ્યસંગ્રહો અને કેટલીક નાટ્યકૃતિઓ આપવા ઉપરાંત ઓરિએન્ટલ કોન્ફરન્સમાં અભ્યાસ લેખો રજૂ કરી સંશોધન ક્ષેત્રે સારી નામના પ્રાપ્ત કરી છે. બરોડા કૉલેજમાં ફિલસૂફી અને તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે સેવા આપનાર પ્રો. અતિસુખશંકર ક. ત્રિવેદીએ (૧૮૮૫-૧૯૬૩) નીતિશાસ્ત્રવિષયક પુસ્તકો ઉપરાંત "નિવૃત્તિવિનોદ", "સાહિત્યવિનોદ", "પ્રવાસવિનોદ" જેવાં પુસ્તકો આપ્યાં છે અને "સાહિત્યકાર" નૈમાસિકના તંત્રી તરીકે થોડાંક વર્ષો કામ કર્યું છે.

બરોડા કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે જોડાનાર પ્રો. ત્રિભુવનદાસ ક. ગજજર (૧૮૬૩-૧૯૨૦) દીર્ઘદ્રષ્ટા અને પ્રતિભાશાળી સંશોધક હોવાને કારણે અંગત ખર્ચે "રંગરહસ્ય" નામનું માસિક શરૂ કરે છે. હુન્નરઉદ્યોગની વિશિષ્ટ યોજના (પ્રોજેક્ટ) મૂકે છે, (જેના આધારે સયાજીરાવ ગાયકવાડ "કલાભવન"ની સ્થાપના કરે છે) તથા વિજ્ઞાન જેવા વિષયને માતૃભાષામાં લોકભોગ્ય શૈલીમાં રજૂ કરવા માટે 'શ્રી સયાજી જ્ઞાનમૂંજ્ષા', 'શ્રી સયાજી લઘુજ્ઞાનમંજૂષા ગ્રંથમાળા'ની યોજના અમલમાં મૂકે છે. એ પણ નોંધવામાં જેવું છે, કે આ જ કલાભવનમાં મણિશંકર ર. ભટ્ટ-કવિ કાન્ત (૧૮૬૭-૧૯૨૩) અને કવિ બાલાશંકર કંથારિયાએ (૧૮૫૮-૧૯૯૮) અધ્યાપક તરીકે થોડાંક વર્ષો માટે સેવાઓ આપી હતી.

તેવી રીતે "વડોદરા રાજ્યનો ઈતિહાસ"ના કર્તા શાળાધિકારી શ્રી ચુનીલાલ મ. દેસાઈ (૧૮૮૩-૧૯૪૪)", "નંદબંત્રીસી" ગિરધરકૃત રામાયણ, "દયારામ કાવ્ય સુધા" જેવા સંશોધન ગ્રંથો આપનાર શ્રી જગજ્જીવન દ. મોદી (૧૮૭૧-૧૯૫૪) તથા મહારાજા તરફથી "કલાદીપ"નો ઈલ્કાબ પ્રાપ્ત કરનાર છોટાલાલ નરભેરામ ભટ્ટે (૧૮૫૦-૧૯૩૭) "કામકટાક્ષ" "શાંતિસુધા" જેવી લાંબી પદ્યરચનાઓ આપી છે.

મિલ એજન્ટના વ્યવસાયમાં ડૂબેલા હોવા છતાં મટુભાઈ હ. કાંટાવાલાએ (૧૮૮૦-૧૯૩૩) "નારદ" તખ્ખુલસથી વાર્તાઓ લખી, ગ્રંથાવલોકનો કરી, "સાહિત્ય" માસિકના તંત્રીપદે વર્ષો સુધી સેવાઓ આપી પોતાની પિતાની માફક વડોદરાની વિવિધ સાહિત્યપ્રવૃત્તિઓનાં સંચાલનસૂત્રો સંભાળ્યાં હતાં.

વડોદરાશહેર મધ્યે જેમની સ્મૃતિમાં શ્રોફ મેમોરિયલ હાઈસ્કૂલ જેવી શિક્ષણસંસ્થા ચાલી રહી છે તે વિદ્યાભૂષણ હીરાલાલ વ્રજભૂષણદાસ શ્રોફ (૧૮૬૭-૧૯૩૦)ને કેમ વીસરી શકાય ? આ પ્રકાંડ પંડિતે ધર્મ, વેદાંત અને તત્ત્વજ્ઞાન પરના વિપ્રત્તાપૂર્ણ અભ્યાસલેખો ઉપરાંત "નવલગ્રંથાવલિ", "મદનમોહના", "નંદબંત્રીસી" કૃતિઓનું વિવરણ સહિત સંપાદન કર્યું છે.

વડોદરાનાં સાહિત્ય અને સંસ્કાર જીવનના શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ (સ્થાપના ૧૮૮૨)નો વ્યાપક પ્રભાવ હતો.

જેમનાં સત્સઙ્ગ માટે મહારાજા સયાજીરાવ પણ ઉત્સુક રહેતા એવા વર્ગના આદ્યપ્રણેતા શ્રી મન્નુસિંહાચાર્ય (૧૮૫૩-૧૯૦૭) વિરલ કોટિના સંતપુરુષ હતા. તેમણે પદ્યમાં "શ્રી નૃસિંહવાણીવિલાસ" (ત્રણભાગો), ગદ્યમાં "પંચવરદવૃત્તાંત", "સિદ્ધાન્તસિંધુ", "ત્રિભુવન વિજયીખડ્ગ", "સતી સુવર્ણા", નૃસિંહકિરણાવલિ, "ભામિનીભૂષણ" જેવા અનેક ગ્રંથો દ્વારા પ્રાચીન હિંદુધર્મના તત્ત્વજ્ઞાનને રચનાત્મક અભિગમથી હસ્તામલકત કરી આપ્યું છે. આ બીનસાંપ્રદાયિક આધ્યાત્મિક સંસ્થાઓ મહાકાલ, પ્રાતઃકાલ, યમદંડ, ધર્મધ્વજ, ભકતથી માંડીને 'દંપત્તિમિત્ર,' શ્રેયસ્સાધક વગેરે માસિકો દ્વારા સમૃદ્ધ જીવનપાથેય પીરસ્યું છે. સાહિત્યને અધ્યાત્મદર્શન સન્દર્ભે સાધન તરીકે પ્રયોજના આ વર્ગમાં સાધક શિરોમણિ શ્રી છોટાલાલ જીવણલાલ "વિશ્વવંદ્ય" માસ્તર સાહેબે (૧૮૬૧-૧૯૧૧) "યોગિનીકુમારી" નવલકથાથી, "વિશ્વવંદ્યકિરણાવલિ" (ચારભાગ)ના પ્રસાદશૈલીવાળા ગદ્યથ, "શ્રીસુધારોત્તરિચની" (બેભાગ) કાવ્યસંગ્રહથી સાહિત્યરસિકોનું ધ્યાન ખેંચ્યું હતું. તેમના અંતરંગ શિષ્યમંડળમાં શ્રી નર્મદાશંકર મહેતા, શ્રી જેકિશનદાસ કણિયા, શ્રી કૌશિકરામ મહેતા, શ્રી નગીનદાસ સંઘવી જેવા સુપ્રતિષ્ઠિત વિદ્વાનો વિરાજતા હતા. સંગીત શાળાના આચાર્ય પ્રો. મૌલાબક્ષ પણ વર્ગ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. શ્રીમન્નૃસિંહાચાર્યના જ્યેષ્ઠ પુત્ર શ્રી શ્રી ઉપેન્દ્રાચાર્યજીના (૧૮૮૫-૧૯૩૭) સમયમાં ધ્યેયસિદ્ધિ અર્થે થતી અનેક ઉત્સવપ્રવૃત્તિઓએ સમસ્ત ગુજરાતનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. કવિ નાટ્યકાર અને ગદ્યકાર શ્રી ઉપેન્દ્રાચાર્યની સર્જક પ્રતિભાનો પરિચય.

"શ્રી ઉપેન્દ્રગિરામૃત" (બે ભાગ), "રસદર્શન"માંના સંવાદ નાટકો, "દિવ્યમૂર્તિ", "નિત્યસંદેશ", "વિદ્યુલ્લેખા", વગેરે પુસ્તકો દ્વારા પ્રાપ્ત થાય છે. શ્રીમતી જયંતીદેવી ("જયન્તી પદ્યપીયૂષ", "રસદર્શન" વગેરે), શ્રી પ્રમીલાદેવી (શ્રી પ્રમીલા - પદ્યામૃતનિર્ઝર), અરવિંદાદેવી, સાવિત્રીદેવી, શાંતાબહેન યોધ, મંગુબહેન વગેરે કવયિત્રીઓની રચનાઓ ધ્યાનાકર્ષક છે. વડોદરાસ્થિત સાધકોમાં શ્રી જગન્નાથ પંડિત, પ્રા. મહેન્દ્રકુમાર દેસાઈ, શ્રી ચૂનીલાલ જ. ઓઝા વગેરે એ પણ જીવનચરિત્રાત્મક ગ્રંથો આપ્યાં છે.

વડોદરાના દીવાન સર મનુભાઈ નંદશંકર મહેતા (૧૮૬૮-૧૯૪૭)ની સાહિત્યપ્રીતિ સુવિદિત છે. તેમનાં ટોડના રાજસ્થાનનું ભાષાંતર, "પ્રમાણશાસ્ત્ર", "અકબર" વગેરે પુસ્તકો જાણીતાં છે.

ગોવિંદભાઈ હા. દેસાઈએ (જન્મ ૧૮૬૩) "ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ", "ગુજરાતનો અર્વાચીન ઈતિહાસ", "બેન્જામિન ફ્રાંકલિનનું જીવનચરિત્ર" વગેરે વીસેક પુસ્તકો આપીને, જન્મશંકર હ. બૂચ "લલિત" (૧૮૭૭-૧૯૪૭) "લલિતનાં કાવ્યો", "વડોદરાને વડલે", "સીતાવનવાસ" વગેરે કાવ્યસંગ્રહો દ્વારા, ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતાએ (૧૮૬૭-૧૯૪૮) મીરાંબાઈ, વિષ્ણુદાસ, પ્રેમાનંદ જેવા મધ્યકાલીન કવિઓ વિશે પુસ્તકો લખીને, "સયાજી વૈજ્ઞાનિક શબ્દ સંગ્રહ" જેવો શબ્દકોશ આપીને તથા વિજ્ઞાનવિષયક પુસ્તકો રચીને તો તારાચંદ અડાલજાએ (જન્મ ૧૮૮૭) મુખ્યત્વે ઐતિહાસિક નવલકથાઓ આપીને ગુજરાતી સાહિત્યમાં સંગીતવિદ્યાલયના મુખ્ય અધ્યાપક ડૉ. હિરજીભાઈ રૂસ્તમજીએ (જન્મ ૧૮૯૪) "ઉત્તર હિંદુસ્તાની સંગીતનો સંક્ષિપ્ત ઈતિહાસ" નામનું પુસ્તક આપ્યું છે તો શ્રી જહાંગીર રૂસ્તમજી માઈસોરવાળાએ (જન્મ ૧૮૯૪) "હસમુખો દોસ્ત", "દીવાને જહાન", "ગુરગમ" "સ્વયંસ્ફુરણ" જેવાં પુસ્તકો આપ્યાં છે.

ગાંધીયુગના પ્રજાજીવનનું પ્રતિબિંબ પાડતી, ભાવનાશીલ યુવકો-યુવતીઓનું ચિત્રણ કરતી, રંગદર્શી વાતાવરણ રચતી, વચ્ચે વચ્ચે ભેદી પ્રસંગોનું જાળું ગોઠવતી કે મમળાવી જેવી સૂક્તિઓ ગોઠવતી રમણલાલ વ. દેસાઈ (૧૮૯૨-૧૯૫૪)ની નવલકથાઓએ તેના જમાનામાં જબરજસ્ત કામણ કર્યું હતું. આ "યુગમૂર્તિ વાર્તાકારે" "જયંત" (૧૯૨૫)થી માંડીને "આંખ અને અંજન" સુધીની ૨૭ નવલકથાઓ આપીને ગોવર્ધનરામ પછીનો નોંધપાત્ર સામાજિક નવલકથાકાર તરીકે માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે પૈકી "કોકિલા", "દિવ્યચક્ષુ", "ગ્રામલક્ષ્મી", "ભારેલો અગ્નિ" વગેરે સુપ્રસિધ્ધ નવલકથાઓ છે તેમની નવલકથાઓની કેટલીક મર્યાદાઓ આજે સ્પષ્ટ રીતે વર્તાતી હોવા છતાં તેમના જમાનામાં "સયાજીવિજય"ની દીપોત્સવી ભેટ તરીકે રમણલાલની નવલકથાની ઉત્કંઠાપૂર્વક પ્રતીક્ષા થતી હતી. તેમણે નવલકથા ઉપરાંત આત્મકથા, જીવનચિત્રો, પ્રવાસ, ઈતિહાસ, વિવેચન, નાટક, નવલિકા, કાવ્ય એમ સર્વ સાહિત્યપ્રકારોમાં પનંજિયાની સાહજિકતાથી વિહાર કર્યો છે. તેમનાં પુસ્તકોની કુલ સંખ્યા ૬૮ સુધી પહોંચે છે. વડોદરામાં તેમણે નાયબસુબાથી નોકરી શરૂ કરી ગાયકવાડ સરકારના અંગત સેક્રેટરી જેવા ઉચ્ચ હોદ્દે પહોંચ્યા હતા. અને "રાજરત્ન"નો ઈલ્કાબ પામ્યા હતા. સૌજન્યમૂર્તિ રમણલાલ દેસાઈ વડોદરાના નવોદિત સાહિત્યકારો અને સાહિત્યપ્રવૃત્તિઓ માટે એક મજબૂત પ્રેરણાસ્તંભ હતા. પ્રેમાનંદ સાહિત્યસભાએ સાહિત્યભવનના વિશાળ સભાખંડનું "રાજરત્ન શ્રી રમણલાલ દેસાઈ સભાગૃહ" નામકરણ કરી યોગ્ય સ્મૃતિ-અંજલી આપી છે.

ગાયકવાડી વડોદરા રાજ્ય સાથે બાલ્યકાળથી પ્રેમમાં પડેલા બહુમુખી પ્રતિભા ધરાવતી શ્રી ચંદ્રવદન ચી. મહેતા (જન્મ ૧૯૦૧) આજે પણ યુનિવર્સિટી વિસ્તારમાં મનુભાઈ મહેતા હૉલમાં ત્રીજે માળે આવેલી ભાનીગ્રળ ઓરડીમાં એકાંતદ્વીપ બની સતત સાહિત્યપ્રવૃત્તિ કરી રહ્યા છે. નવી રંગભૂમિનું સોનેરી સ્વપ્નું લઈને પરિવ્રાજક બની ગુજરાતના, ભારતના અને વિશ્વના ખૂણેખૂણે ભમનારા, ભારતમાં કે વિદેશમાં પરિસંવાદોમાં વક્તા કે પ્રમુખ તરીકે મૌલિક વિચારોની અભિવ્યક્તિ દ્વારા બેઠકોને ઊર્જામાળી બનાવતા રંગભૂમિના આ વૈતાલિકે નવી દિશા ચીંધી આપી છે. અખો, મૂંગી સ્ત્રી, આગગાડી, સીતા, મેનાપોપટ, મદીરા, હોહોલિકા, ધરાગુર્જરી, અંતરબહિર જેવાં વિપુલ સંખ્યામાં વૈવિધ્યસભર નાટકો આપી તો વાહ, નાટયરંગ, અમેરિકન થિયેટર, યુરોપના દેશોની નાટયસૃષ્ટિ, જાપાનનું થિયેટર, નાટક ભજવતાં... જેવા નાટયવિષયક વિવેચનગ્રંથો આપી યુયુત્સુવૃત્તિના આ નટવર્ય કેવી મથામણો અનુભવી રહ્યા છે તેનો પરિચય મળી રહે છે. "યમલ", "રતન", "ઈલાકાવ્યો" દ્વારા કવિની, "ખમાબાપુ", "વાતચકરાવો", "મંગલમયી" દ્વારા વાર્તાકારની, ગઠરિયાં માળાથી આત્મકથાકાર અને પ્રવાસ લેખકની, અભિનેય નાટકોની સંદર્ભસૂચિ દ્વારા સંશોધકની - એમ બહુરંગી પ્રતિભા ઉપસાવતાં ચન્દ્રવદન પ્રકૃત્તિએ ઋજુ, સમસંવેદનશીલ, ધૂની, પ્રેમભૂખ્યા, આખાબોલા અલગારી જીવ છે. ઉમાશંકરે સાચું જ કહ્યું છે,

"ચંદ્રવદન એક ચીજ
અલકમલકની,
ગુજરાતે ના જડવી સ્હેલ"

વડોદરાની કોઈપણ સાહિત્યસભા "ચંચી"ની ઉપસ્થિતિને કારણે નૂતન પ્રાણતત્ત્વને પામે છે.

વડોદરાના આત્મારામજી જૈન જ્ઞાન મંદિરના સંગ્રહમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષાના દુર્લભ ગ્રંથોની શાસ્ત્રીય સૂચિઓ તૈયાર કરનાર કાંતિવિજયજી (જન્મ ૧૮૫૧, પૂર્વાશ્રમનું નામ છગનલાલ), મુનિરાજ હંસવિજયજી (જન્મ ૧૮૫૮, પૂર્વાશ્રમનું નામ છોટાલાલ), વડોદરામાં પિતા દીપચંદ અને માતા ઇચ્છાબહેનને ત્યાં ૧૮૭૧માં જન્મેલા જૈનાચાર્ય વિજયવલ્લભસૂરિજી, પ્રવર્તક કાંતિવિજયના શિષ્ય મુનિરાજ ચતુરવિજયજી (જન્મ ૧૮૭૦, પૂર્વાશ્રમનું નામ ચુનીલાલ) વગેરેએ પ્રવચનો અને પુસ્તકો દ્વારા જૈનસિધ્ધાંતોનો પ્રસાર કર્યો છે તો વૈદ્ય મગનલાલે જિન મંડનગણિના "કુમારપાલ પ્રબંધ"ના ગુજરાતી ભાષાંતર (સંવત ૧૯૫૧માં પ્રકાશિત) દ્વારા, વિદ્વાન પંડિત લાલચંદ ભા. ગાંધીએ (જન્મ ૧૮૯૪) "ત્રિભુવનદીપકપ્રબંધ", "તેજપાલનો વિજય", "ભરતબાહુબલિરાસ", "ઐતિહાસિક લેખનસંગ્રહ", "સ્યાદિ શબ્દસમુચ્ચય" જેવાં સંશોધનાત્મક પ્રકાશનો દ્વારા, શ્રી કેસરીચંદ વકીલ, શ્રી નાગકુમાર મકાની વગેરેએ વિવિધ અભ્યાસલેખો દ્વારા જૈનસાહિત્યને સમજવામાં યોગ્ય ભૂમિકા પૂરી પાડી છે.

સાહિત્ય સંગીત કલાનો કોટુમ્બિક વારસો પ્રાપ્ત કરનાર દી. બ. મણિલાલ જશભાઈનાં સુપુત્રી રાજરત્ન દીપકલા દેસાઈ (૧૮૮૧-૧૯૫૫) વડોદરાની સામાજિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. તેમણે "સ્તવનમંજરી", "ખંડકાવ્યો", "રાસબતીસી" વગેરે સંગ્રહો પ્રગટ કર્યા હતા.

"ગ્રામજીવન"ના તંત્રી અને સુપ્રસિધ્ધ ઈતિહાસવેત્તા પ્રો. કેશવલાલ હિં. કામદારે (જન્મ ૧૮૯૧) ઈતિહાસનાં પુસ્તકો ("હિંદુસ્તાનનો ઈતિહાસ", "ઇંગ્લેન્ડનો ઇતિહાસ" વગેરે) દ્વારા, "બાલજીવન"ના તંત્રી શ્રી રમણલાલ ના. શાહે (૧૮૯૮-૧૯૮૭") સંખ્યાબંધ બાલસાહિત્ય (બાલજીવનકિશોરમાળા, બાલજીવન નીતિ કથામાળા, ઈસપ નીતિ કથામાળા વગેરે શ્રેણીઓ) દ્વારા, શ્રી ભરતરામ ભા. મહેતાએ ચરિત્રો (અશોક, શિવાજી, રણજિતસિંહ, સમુદ્રગુપ્ત વગેરે) અને સંશોધન પુસ્તકો (મંગલકૃત ધ્રુવાખ્યાન, મોરધ્વજ આખ્યાન, ભવાઈના વેશ વગેરે) દ્વારા, શ્રી પ્રતાપરાય મોદીએ સંસ્કૃત સાહિત્યના પ્રસાર ("ભદવદ્ગીતા એક દૃષ્ટિબિંદુ", "રામાનુજાચાર્ય", "હિંદુધર્મનાં મૂળ તત્ત્વો" વગેરે) દ્વારા, પ્રકાંડ પંડિત મણિશંકર વ. ઉપાધ્યાયે

આયુર્વેદિક દવાઓ
તથા
શુદ્ધ મધ મળશે

ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળની વડોદરા શાખામાંથી 'નિરામય'ની તમામ પ્રકારની શુદ્ધ, ગુણવત્તાયુકત અને અસરકારક દવાઓ મળશે. શુદ્ધ મધ પણ વ્યાજબી કિંમતે સીલબંધ પેકીંગમાં મળશે

શુદ્ધ મધનાં ભાવ:૫૦૦ ગ્રામ
૨૩-૦૦ રૂ. ૯૦૦ ગ્રામ ૪૦-૦૦ રૂ.
સરનામું:

ગુજરાત આયુર્વેદ વિકાસ મંડળ સંચાલિત ઔષધ ભંડાર
ખંડેરાવ માર્કેટપાસે, વેરાઈમાતાના મંદિરસામે
વડોદરા: ફોન. ૫૫૮૭૩

મંડળના સાર્વજનિક ચિકિત્સાલયમાં નજીવી ફીથી
નિદાન ચિકિત્સા પણ કરવામાં આવે છે.

સંસ્કૃતકારિકાઓનાં મૌલિક અર્થઘટનો દ્વારા શ્રી નાનાલાલ નાથાલાલ શાહે "મહાકવિ કાલિદાસની પ્રસાદી", "સંસ્કૃતસાહિત્યની કથાઓ" ભાગ ૧-૨, "વિષ્ણુપુરાણ"ની કથાઓ વગેરે પુસ્તકોના માધ્યમે સંસ્કૃત ગ્રંથોના રસાસ્વાદ દ્વારા નોંધપાત્ર સાહિત્યસેવા કરી છે.

પ્રો. મંજુલાલ ર. મજમુદાર મધ્યકાલીન કૃતિઓનાં સંશોધનાત્મક સંપાદનો દ્વારા, "ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો", "કલ્ચરલ હિસ્ટરી ઓફ ગુજરાત" જેવા વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો દ્વારા, પ્રેમાનંદ, અખો, શામળ, પ્રેમાનંદ વગેરેના સ્મારકગ્રંથોનાં સંપાદન દ્વારા તેમજ અનેકવિધ અભ્યાસલેખો દ્વારા એક સંનિષ્ઠ સંશોધક તરીકે ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન ભોગવે છે. તેઓ જીવનના અંતિમ શ્વાસ સુધી વડોદરાની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અત્યંત સક્રિય હતા.

શ્રી કિસનસિંહ ચાવડાએ "કુમકુમ", "અમાસના તારા", "અંતરદેવતા", "જીપ્સીની આંખે", "શર્વરી" વગેરે વાર્તાસંગ્રહો તથા "ધરતીની પુત્રી" નવલકથા આપી મસ્ત રંગીન ભાતીગળ ગદ્યશૈલીથી તથા ચોટદાર પ્રસંગોથી સાહિત્યરસિકોનું ધ્યાન ખેંચ્યું છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ શ્રીમતી હંસાબહેન મહેતાએ "વાલ્મિકી રામાયણ", "વિક્રમોર્વશી" જેવાં સંસ્કૃત નાટકો અને "હેમ્લેટ", "વેનીસનો વેપારી" જેવાં અંગ્રેજી નાટકોનો અનુવાદ આપી તેમની ઉચ્ચ પ્રકારની સાહિત્યપ્રીતિ અનુવાદશક્તિનો પરિચય કરાવ્યો છે.

વડોદરામાં સાહિત્યિક વાતાવરણ સર્જવામાં સાહિત્ય, કૌમુદી, ગુણસુંદરી, બાલજીવન, શારદા, સુવાસ, આનંદ, પુસ્તકાલય જેવાં સામયિકોનો ફાળો નાનોસૂનો નથી. ચાંપશીભાઈ ઉદેશીનું "નવચેતન" અને ઉમાશંકર જોશીનું "સંસ્કૃતિ" થોડાંક વર્ષો સુધી વડોદરામાંથી છપાઈને પ્રગટ થતાં હતાં એ પણ નોંધવા જેવું છે. સાહિત્યપ્રીતિ ધરાવનાર પત્રકારો શ્રી ગોકુળદાસ રાયચુરા - લેખક શ્રી માણેકલાલ અં. ડોકટર, શ્રી હરિરાય ભ. ભૂચ ("ચક્રવર્તી અશોક", "હારમાળાના લેખક કોણ ?" વગેરેના કર્તા), શ્રી ચંદનરાય શુકલ ("મારી પડોશણ અને બીજી વાતો", "વ્યાયામનો કબીરવડ" વગેરેના કર્તા), શ્રી મણિશંકર વ્યાસ ("ચિરંજીવ સાહિત્ય", "કરુણ કથાઓ" વગેરેના કર્તા), રવિશંકર ન. પાઠક ("વનમાળા", "અંતરના દીવડે", "મોરપીચ્છ" વગેરે થઈને ૬૨ ઉપરાંત પુસ્તકોના લેખક) વગેરેનો ઉલ્લેખ કેમ વીસરાય ?

-૩-

વડોદરા શહેરમાં પ્રથમ બરોડા કૉલેજ અને પછી યુનિવર્સિટીની સ્થાપના થતાં કેટકેટલા વિદ્વાનોનો આ નગરીને લાભ મળ્યો છે ! શ્રી નાનાલાલના ચાહક પ્રો. ચતુરભાઈ શં. પટેલ ("પ્રસાદ" વિવેચન સંગ્રહ), પ્રા. ભાઈલાલ હોલાદી ("વિવેચનસંચય", "ઉછીનો ચહેરો અને બીજાં નાટકો" વગેરે), પ્રા. ચંદ્રમોહન જ. મોદી ("શિક્ષણના સિદ્ધાન્તો", "ગુજરાતી સાહિત્યનો રત્નમાળા" વગેરે), ડો. યોગીન્દ્ર જ. ત્રિપાઠી ("સાગર : જીવન અને કવન", "હૃદયોર્મિ" વગેરે) ડો. રણજિત પટેલ "અનામી" ("ચકવાક", "સ્નેહશતક", "પરિમલ", "રટણા" કાવ્યસંગ્રહ "ભણેલી ભીખ અને બીજી વાતો" ("સિંહાસન બત્રીસી"), પ્રા. મહેન્દ્રકુમાર મો. દેસાઈ "કુમાર" ("કુમારનાં કાવ્યો", "શ્રી મણ્ડસિંહાચાર્યજી", "ડૉ. એની બેસન્ટ)" વગેરે નામો ગણાવી શકાય.

વડોદરાની યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના પ્રથમ અધ્યક્ષ તરીકે જોડાનાર ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ (જન્મ ૧૯૧૭) સંનિષ્ઠ સંશોધક, ચીવટ અને ચોકસાઈભર્યા સંપાદક અને વ્યુત્પન્ન ભાષાશાસ્ત્રી તરીકે નોંધપાત્ર સાહિત્યસેવા કરી છે. તેમણે ૧૭ વર્ષની યુવાન વયે માધવકૃત "રૂપસુંદર કથા"નું સંપાદનકાર્ય હાથમાં ધરી અને પછી "પષ્ટિશતકપ્રકરણ", "પ્રાચીન ફાગુ સંગ્રહ", વીરસિંહ કૃત "ઉષાહરણ" જેવાં શાસ્ત્રીય સંપાદનો આપી આ દિશામાં નવી કેડી પાડી આપી છે તો તેમણે "મહાત્મા વસ્તુપાલનું સાહિત્યમંડળ", "વાઘેલાઓનું ગુજરાત", "પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના, ""ઈતિહાસની કેડી" જેવા અભ્યાસગ્રંથો આપી તેમની વિદ્વત્તાનો હિસાબ આપ્યો છે. તેમણે "ભારતીય આર્યભાષા અને હિંદી", "વસુદેવ હીંડી" જેવા શ્રધ્ધેય અનુવાદો આપી ઉત્તમ રચનાઓ સુલભ કરી આપી છે.

તેમના જ હાથ નીચે તૈયાર થયેલા ડૉ. સોમાભાઈ પારેખે "પંચદંડની વાર્તા", "પંચાખ્યાન", "બાળાવબોધ" જેવાં સંપાદનો આપ્યાં છે. પ્રાકૃત અને અપભ્રંશના અભ્યાસી પ્રા. જયંતભાઈ ઠાકરે પણ ઉત્તમ સંપાદનો દ્વારા ("જીવવિચાર પ્રકરણ", "સ્થવિરાવલિ" વગેરે) આ કેડી વિકસાવી છે.

કવિ, વાર્તાકાર અને નાટયકાર સુરેશ ગાંધી ("વરદાન", "આરતી", "નંદિતા" વગેરે), "વેરાન જીવન" જેવી દસ્તાવેજી આત્મકથા આપનાર સામાજિક કાર્યકર શ્રી કમળાશંકર પંડયા, આકાશવાણી પર વર્ષો સુધી સેવા આપનાર વાર્તાકાર અને નાટયકાર શ્રી નવીનચંદ્ર પંડયા (એમ. સી. પંડયા), અત્રેની મ્યુઝિક કૉલેજમાં નાટય પ્રશિક્ષક તરીકે જિંદગીનાં મૂલ્યવાન વર્ષો વીતાવનાર નાટયકાર જશવંત ઠાકર ("રઝિયા સુલતાન", "ગંગા પર એક રાત", "દેવોનો યજ્ઞ" વગેરે નાટકો, "ઉર્વશી," "અંતરપટ", "આહત" વગેરે કાવ્યસંગ્રહો), "સાધના" જેવો કાવ્યસંગ્રહ, "પરાજિત પ્રેમ" જેવો નવલિકા સંગ્રહ, "સોવિયેત રશિયા", "રવીન્દ્ર ચિંતન", "નર્મદ : નવયુગનો પ્રહરી" જેવા સંખ્યાબંધ વિવેચન ગ્રંથો તથા "દેવદાસ", "અનાકેરેનિના", "ઉધ્વસ્ત આકાશ" જેવા શ્રેષ્ઠ કૃતિઓના અનુવાદો આપનાર "વિશ્વમાનવ"ના તંત્રી સદાજાગ્રત પ્રહરી સાહિત્યકાર શ્રી ભોગીલાલ ગાંધી તથા બાળ સાહિત્ય ("હેલનકેલર", "દેશ - વિદેશની બાળકથાઓ" વગેરે) અને અનુવાદ ગ્રંથો આપનાર તેમનાં ધર્મપત્ની શ્રીમતી સુભદ્રાબહેન ગાંધી, બાળ સાહિત્ય પીરસનાર શ્રી ધનંજય ર. શાહ - કેટકેટલા શબ્દસ્વામીઓનાં નામો આપણા ચિત્તમાં ઊભરાય છે !

વડોદરાના જ વતની અને અધ્યાપક, આચાર્ય અને અંતે ભાષાનિયામક તરીકે નિવૃત્ત થનારા ડૉ. હસિત હ. ભૂચ આજના વડોદરાની અનેકવિધ સાહિત્યિક સંસ્થાઓ સાથે ય સક્રિય રીતે જોડાઈ પ્રવૃત્તિ ભોગવી રહ્યા છે. મુખ્યત્વે "બ્રહ્મઅતિથિ", "રૂપનાં અમી", "સાંનિધ્ય", "એનઘેન દીવા ઘેન" જેવા કાવ્યસંગ્રહો આપનાર તથા "દલપતરામ એક અધ્યયન", "અન્વય," "ક્ષણ જે ચિરંતન" જેવા વિવેચન ગ્રંથો આપનાર આ પ્રતિષ્ઠિત કવિવિવેચકે નવલિકા ("આલંબન" વગેરે), નવલકથા ("ચલઅચલ", "મેઘના" વગેરે), નાટક ("સૂરમંગલ" વગેરે), ચરિત્ર (મહારાજા સયાજીરાવ ત્રીજા), અનુવાદ (ધમ્મપદ) એમ બધાં જ સાહિત્યસ્વરૂપોમાં નોંધપાત્ર કામ કર્યું છે

ગુજરાતી સાહિત્યમાં "ગૃહપ્રવેશ"થી માંડીને "નૈમિષારણ્યે" વાર્તાસંગ્રહો દ્વારા તથા "કિંચિત", "શ્રાણવન્તુ", "કથોપકથન", "અરણ્યરુદન", "ચિંતયામિ મનસા" વિવેચનગ્રંથો દ્વારા રૂપનિષ્ઠ સાહિત્યમીમાંસાના આગ્રહી ડૉ. સુરેશભાઈ જોશીએ ગુજરાતી ટૂંકી વાર્તા અને વિવેચનને નવી દિશા આપી છે. "જનાન્તિકે", "ઈદમ સર્વમ", "અહો બત કિમ આશ્ચર્યમ" જેવા સંગ્રહો દ્વારા આ પ્રયોગશીલ નિબંધકારે સર્જનાત્મક ગદ્યની વિવિધ છટાઓ સર્જી આપી છે. "ઉપજાતિ"થી "તથાપિ" સુધીના કાવ્યસંગ્રહોમાં તથા "છિન્નપત્ર", "મરણોત્તર", "કથાચતુષ્ટય" જેવી લઘુનવલોમાં આ કવિ - વાર્તાકારની સર્જક - મથામણનો અને પ્રયોગશીલતાનો સ્પર્શ પમાય છે. વિશ્વસાહિત્યના સંપર્કથી સંમાર્જિત બનેલી આ બહુમુખી સર્જક પ્રતિભાએ યુનિવર્સિટીમાં વિભાગના વડા તરીકે અભ્યાસક્રમોમાં કરેલા આમૂલ પરિવર્તન દ્વારા, નાના નાના પણ સઘન અભ્યાસપૂર્ણ સેમિનારો યોજીને તથા "ક્ષિતિજ"થી માંડીને "એતદ્", "સેતુ" સુધીનાં સામયિકો દ્વારા વિશિષ્ટ સાહિત્યિક વાતાવરણ સર્જ્યું છે.

કવિ-ચિત્રકાર ગુલામ મોહમ્મદ શેખે "અથવા" કાવ્યસંગ્રહ દ્વારા તો "સંજ્ઞા", "શબ્દસૃષ્ટિ" જેવાં સાહિત્યિક સામયિકોના સંપાદક શ્રી જયોતિષ જાનીએ "ફીણની દીવાલો" કાવ્યસંગ્રહ દ્વારા "ચાર દીવાલો એક હેંગર", "અભિનિવેશ" વગેરે વાર્તાસંગ્રહો દ્વારા અને "ચાખડીએ ચઢી આવ્યા હસમુખલાલ", "અચલા" જેવી નવલકથાઓ દ્વારા પ્રયોગશીલ સર્જક તરીકે વિદગ્ધ ભાવકોનું ધ્યાન ખેંચ્યું છે. બંને સર્જકોએ લલિત નિબંધો આપી નિબંધકાર તરીકેની પ્રતિભાનો પણ પરિચય કરાવી દીધો છે. પ્રો. હર્ષદ ત્રિવેદી (પ્રાસન્નેય)એ "ચંદ્રિકા" કાવ્યસંગ્રહ દ્વારા અને પ્રો. બ. ક. ઠાકોરના સમગ્ર સાહિત્ય પરની પર્યેષક દ્રષ્ટિબિંદુથી કરાયેલી વિવેચના દ્વારા ડૉ. સુભાષ દવેએ "દયારામ એક અધ્યયન" જેવા વિવેચનગ્રંથ અને સંશોધનાત્મક સંપાદનો દ્વારા ડૉ. દેવદત્ત જોશીએ "કવિ ગિરધર : જીવન અને કવન" વિવેચનગ્રંથ દ્વારા અને ગુજરાતીમાં રચાયેલા રામાયણગ્રંથો પરના સઘન અભ્યાસ દ્વારા સાહિત્યરસિકોનું ધ્યાન ખેંચ્યું છે. ચિત્રકાર ઉષાકાન્ત ચ. મહેતાએ "પીળી ભોમકા", "કચ્છકલાપ્રવાસ અને પ્રલેખન", "ગુજરાતી ચલચિત્ર નિર્દેશિકા" જેવા વિષયો પર તલસ્પર્શી સંશોધન કરી આ ક્ષેત્રમાં નોંધપાત્ર કેડી પાડી છે.

પત્રકારત્વના વ્યવસાયમાં ડૂબેલા મહાનુભાવો પૈકી વિપુલ પ્રમાણમાં બાળસાહિત્ય આપનાર મનુભાઈ ભટ્ટ, વાર્તાકાર અવિનાશ મણિયાર, નર્મ-મર્મ નિબંધો આપનાર જતીન્દ્ર વૈદ (પોંગા પંડિત), કવિ દુર્ગેશ ઉપાધ્યાય ("રણક", "લીલો અજંપો" કાવ્યસંગ્રહો) સંખ્યાબંધ નવલકથાઓ આપનાર ("નગરવધૂ", ડૉ. રેખા વગેરેથી શરૂ કરી "મોત મલકે મીઠું મીઠું " સુધી) અને તેમાંની કેટલીકને નાટકો કે ગુજરાતી ચલચિત્રોમાં રૂપાંતરિત કરનાર ખલીલ ધનતેજવી વગેરે ઉલ્લેખનીય છે. ડેરી અને પુસ્તકાલય જેવી બે આત્યંતિક છેડા પરની પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા શ્રી અંબુભાઈ ડી. પટેલે "પ્રેમની તૂમિ", "સ્નેહની સરવાણી" વગેરેથી શરૂ કરી "સોહિણી" સુધી મોટી સંખ્યામાં નવલકથાઓ આપી છે. "પ્રેમદીવાની"થી માંડીને "સામે કઠિ શ્યામ" જેવી સાતેક નવલકથાઓ આપનાર શ્રી ચન્દ્રકાન્ત હ. રાવ પણ એટલા જ પ્રવૃત્તિશીલ છે.

સ્ત્રીપ્રતિભાઓમાં ગુજરાતી લોકનાટય ભવાઈ ઉપર ખૂબ ઊંડાણ અને સુઝથી સંશોધનગ્રંથ આપનાર ડૉ. સુધાબહેન ર. દેસાઈ, જન્મે વડોદરાના એવા સુપ્રસિધ્ધ વાર્તાકાર વસુબહેન ભટ્ટ ("પાંદડે પાંદડે મોતી", "સરસિજ", "ઘડી અષાઢ અને ઘડીક ફાગણ", વગેરે સંગ્રહો), તારિણી દેસાઈ ("પગ બોલતા લાગે છે" સંગ્રહ) વાર્તાકાર અને નવલકથાકાર મીરાંબહેન સત્યવીર "સ્વપ્રસેવી" ("જીવનના રંગ", "વર્ષા", "કમળનાં ફૂલ", "રુદ્રમંગળ" વગેરે), "પ્રેમજયોતિ", "ગીતગુર્જરી" "ફુલપાંદડી", "ગુરુગીતાંજલી" જેવાં બાળકાવ્યોના સંગ્રહો આપનાર પ્રભાવતીબહેન પંજવાણી, "બાલગીતો" આપનાર દ્વારકાબાઈ તેલંગ, "અર્ચના", "ઉરનાં આંસુ", "ટહુકા", જેવા કાવ્યસંગ્રહો તથા "રામાયણ" (બાલકાંડથી અયોધ્યાકાંડ, અરણ્યકાંડથી સુંદરકાંડ, યુધ્ધકાંડથી ઉત્તરકાંડ)નો ઉત્તમ અનુવાદ આપનાર સુપ્રસિધ્ધ કવયિત્રી સુરેશા

સૌજન્યથી

પ્લાસ્ટીક પેલેસ

કિશોરભાઈ દવે સંકેત દવે

❀ ❀ ❀

સુરસાગર સામે ઘાંડિયા બજાર,

વડોદરા. ટેલિ. ૫૫૦૫૪૧

વડોદરાના પ્રાચીન જૈન સાહિત્યકારો

-શ્રી જયંત ઠાકર

વડોદરા સેંકડો વર્ષોથી જૈન ધર્મનું એક કેન્દ્ર રહ્યું છે. ત્યાં જૈનોના ગ્રંથભંડારો પણ વિકસ્યા છે. કેટલીયે કૃતિઓ વડોદરામાં લખાઈ છે. જૈનોના કેટલાયે ગ્રંથોમાં વડોદરાના મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો પણ થયા છે. આ લેખની મર્યાદા માત્ર જૈન સાહિત્ય પૂરની રાખી તેની આછી ઝલક આપવાનો આ પ્રયત્ન છે.

વડોદરા માટે પ્રાચીન જૈન સાહિત્યમાં "વટપદ્ર", "વટપદ્ર (ક)", "વટપત્ર", "પટપદ્ર (ક)", "વડવદ", "વડઉદય", "વડઉદ્ર", અને "વડઉદ્રા" જેવાં નામ યોજાયા છે. જેની પાછળ ઘણી વાર "ગ્રામ", "પૂર", "નગર" કે "પતન" શબ્દ જોડાયો હોય છે. આ નામો આજના નામની વ્યુત્પત્તિ ઉપર પ્રકાશ ફેંકે છે.

જૈનોના "પિંડનિર્યુક્તિ" નામના આચારગ્રંથની પ્રમાણભૂત ગણાતી અને વિ. સ. ૧૧૬૦ (ઈ.સ. ૧૧૦૪)માં રચાયેલી ૭૬૭૧ શ્લોકપ્રમાણની વિસ્તૃત સંસ્કૃત વૃત્તિના રચયિતા શ્રી વીરગણી લાટદેશના તિલકરુપ પ(વ)રપદ્રક અર્થાત વડોદરાના મૂળ વતની હતા. તેમનું મૂળ નામ વસંત હતું. અને વડોદરાવાસી વર્ધમાન અને શ્રીમતી તેમનાં પિતા-માતા હતાં.

ચંદ્રપ્રભસૂરિ (૧૧મા શતકનો ઉત્તરાર્ધ)ના સમ્યકત્વ સમજાવતા "દર્શનશુદ્ધિ" નામના પ્રાકૃત ભાષામાં રચાયેલા સંક્ષિપ્ત છતાં અર્થગંભીર પ્રકરણગ્રંથ ઉપર એમના વિદ્વાન શિષ્ય વાચનાસૂરિ વિમલગણિએ ૧૨૧૦૦ શ્લોક પ્રમાણની વિસ્તૃત વૃત્તિ વટપદ્ર પત્તન (વડોદરા)માં રહીને વિ. સ. ૧૧૮૪ (ઈ.સ. ૧૧૨૮)ના ચૈત્ર વદિ ૧૪ને દિવસે રચી હતી. તેની તાડપત્રીય પ્રતખંભાતના પ્રાચીન શાંતિનાથ જૈન પુસ્તક ભંડારમાં સચવાઈ છે.

વટપત્રનયર (વડોદરા)માં વસતા જૈન ભાવસાર કવિ ભીમે વિ. સં. ૧૬૨૧ (ઈ.સ. ૧૫૬૫)ના ભાદરવાના શુકલપક્ષમાં જૂની ગુજરાતી ભાષામાં ૩૦૦ કડીનો "શ્રેણિકરાસ"નો પ્રથમ ખંડ રચ્યો છે. કોઈ મુનિ સારક્ષકે પોતાના માટે તૈયાર કરેલી આ લઘુગ્રંથની હસ્તમ વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરમાં સચવાયેલી છે. પછીથી લોકાગચ્છના સાધુ થતાં આ કવિ ભીમજી ઋષિ તરીકે ખ્યાતિ પામ્યા. તેઓ વિ. સં. ૧૬૩૨ (ઈ.સ. ૧૫૭૬)માં ૯ યતિઓ તથા ૩ મહાસતિઓ સાથે વરપદ્રનગરમાં ચાતુર્માસ રહ્યા તે દરમિયાન તેમણે આ "શ્રેણિકરાસ" નો બીજો ખંડ પણ રચ્યો. એની હસ્તપ્રત પણ પ્રાચ્યવિદ્યામંદિરમાં છે.

તપાગચ્છીય પં. પદ્મસાગરના શિષ્ય રાજસુંદર કવિએ વિ.સં. ૧૬૮૪ (ઈ.સ. ૧૬૨૮)માં વટપદ્ર (વડોદરા)ના દાદા પાર્શ્વનાથનું એક સ્તવન રચ્યું. જેમાં મૂળ "ભકતામરસ્તોત્ર"ના દરેક શ્લોકનું ચોથું ચરણ પોતાના પદ્યના પ્રથમ ચરણ તરીકે રાખી બાકીના ત્રણ ચરણ વડે પાદપૂર્તિ કરીને જ નવું "ભકતામર સ્તોત્ર"ના દરેક શ્લોકનું ચોથું ચરણ પોતાના પદ્યના પ્રથમ ચરણ તરીકે રાખી બાકીના ત્રણ ચરણ વડે પાદપૂર્તિ કરીને નવું જ "ભકતામર સ્તોત્ર" રચ્યું.

બાદશાહ અકબર વડે સમ્માનિત મહાન જૈન આચાર્ય શ્રી હીરવિજયસુરીના શિષ્ય કિર્તિવિજયે વડોદરામાં રહીને વિ.સં. ૧૬૯૦ (ઈ.સ. ૧૬૩૪)ના અશ્વિન શુ. ૪ના રોજ "વિચારરત્નાકર" નામના ગ્રંથનું સંકલન કર્યું. જેનું લેખન તેમના શિષ્ય પં. વિનયવિજયે કર્યું. આ ગ્રંથની એક પ્રત વટપદ્રના ચિન્કોષ જ્ઞાનભંડારમાં મૂકી હતી. જે હાલ છાણીના જૈન ભંડારમાં છે.

ઈ.સ.ના સત્તરમા શતકના ઉત્તરાર્ધમાં લોકાગચ્છના ગુણીશ્વર કેશવગુરુના શિષ્યમુનિ તેજસિંહ ગણિએ વડોદરામાં જૂની ગુજરાતી ભાષામાં એક "નેમિનાથ" સ્તવન રચ્યું.

તપાગચ્છીય ગોડીદાસ શ્રાવક નામના કવિએ વિ.સં. ૧૭૫૫ (ઈ.સ. ૧૬૯૯)માં વિજયાદશમીના શુભદિને વટપ્રદમાં ૭૮૧ શ્લોક પ્રમાણ ધરાવતો "નવકાર રાસ" જૂની ગુજરાતીમાં રચ્યો. તેમાં ૧૨મા શતકમાં દેવેન્દ્રસૂરિએ સંસ્કૃતમાં રચેલ "શ્રાવક પ્રતિક્રમણ સૂત્રવૃત્તિ" અર્થાત "વંદારુવૃત્તિ"માં રજૂ કરેલી નવકારપ્રભાવની રાજસિંહ રત્નવતી વગેરે કથાઓને ગુજરાતી કવિતામાં ઉતારવાનો સરસ પ્રયત્ન કરાયો છે.

વિ.સં. ૧૮૫૨ (ઈ.સ. ૧૭૯૬)ના માગસર સુદ-૧ના રોજ જૈન કવિ દિપવિજયજીએ પોતાના ગચ્છનાયક વિજયલક્ષ્મીસૂરિને સંબોધીને હિન્દી ભાષામાં એક "વટપદ્રનગરની ગઝલ" રચી છે. ૬૨ ગાથાના આ લઘુ કાવ્યમાં વડોદરાનું વર્ણન છે. ત્યાંના દૃશ્યોના રંગીન ચિત્રો છે અને સકલસંઘ તરફથી ચાતુર્માસ કરવા પધારવાની વિજ્ઞપ્તિ છે. મહારાજા ગાયકવાડે આ કવિને "કવિરાજ"નું બિરુદ આપેલું. આવા બીજા વિજ્ઞપ્તિપત્રો પણ મળે છે. જે કાપડ ઉપર અથવા કાપડ ચોંટાડેલા કાગળ ઉપર લખેલા સચિત્ર લાંબા વીંટા છે.

પણ તેમની વિગતમાં આપણે નહિ ઉતરીએ. માત્ર એક ૨૫' ૮" લાંબા અને ૯ ૧/૨" પહોળા વડોદરાના ઉપકેશગચ્છના

ટિપ્પણોનો નિર્દેશ કરવો જરૂરી છે. કેમ કે તેમાં ૧૦મા શતકથી ૧૫મા શતક સુધીના તે ગચ્છના અનુયાયીઓના કુટુંબની નોંધ તેમજ

તેમનાં પ્રતિષ્ઠા આદિ કાર્યોની યાદી આપી હોવાથી તેનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું છે.

પ્રાચીન ગ્રંથોની વડોદરામાં લખાયેલી હસ્તપ્રતો તો પુષ્કળ છે. પણ તેનો વિચાર ન કરતાં એક-બે સરસ ઉલ્લેખો જોઈ લઈએ.

ઉપાધ્યાય યશોવિજયજી સમકાલીન (૧૭મું શતક) ઉપાધ્યાય વિનયવિ

જોધપુરમાં ભાદરવી પૂનમની રા
૧૩૧ શ્લોકનું એક સુંદર સંસ્કૃ
કાવ્ય રચ્યું છે. કાલિદાસ

"મેઘદૂત"નું અનુકરણ કરીને તેમ
ચંદ્રને દુત બનાવી સૂરતમાં રહે
પોતાના ગુરુ પાસે મોકલે છે. આ
તેનું નામ છે "ઇન્દુદૂત", સુર
સુધીનો રસ્તો દર્શાવતાં જોધપુર
શિરોહી, આબુ, અચલગઢ, સિદ્ધપુર

સાભ્રમતી (સાબરમતી), અમદાવાદ
વટપદ્ર (વડોદરા), ભૃગુપુર (ભરૂચ)
અને સુરતનું સુંદર આલેખન તેમ
કરેલું છે. વડોદરાનું વર્ણન શ્લોક
૭૯-૮૧માં કરાયું છે.

શ્વેતામ્બર સંપ્રદાયના પૂર્ણિમ
પક્ષની એક શાખાનું નામ છે.
"વટપદ્રીય શાખા" - વડોદરિયા
શાખા, જે પાછળથી "વટપદ્રીય
ગચ્છ" પણ થઈ શકી

આ રીતે વિચારનાં એ સ્પષ્ટ
જણાય છે કે જૈન સાહિત્યની દૃષ્ટિએ
વડોદરાનું મૂલ્ય ઓછું આંકી શકાય

ગુજરાતી સાહિત્યકારો

મજમુદાર, "કણકણમાં અજવાળાં", (નવલિકાસંગ્રહ), "હરિકિરણ" (ચરિત), "પરિતોષ" (નિબંધ) વાનગીનાં અમીના કર્તા જ્યોત્સ્ના હ. બુચ વગેરેનો ઉલ્લેખ કરી શકાય. કથાસાહિત્ય પરના અભ્યાસગ્રંથ તથા "આંખો", "એક નામે સુજાતા" જેવા વાર્તાસંગ્રહો દ્વારા ડૉ. ભારતી દલાલ અને "તત્ત્વજ્ઞાનના સીમાસ્તમ્ભો" જેવા સંશોધનગ્રંથ તથા "સુન્દરમનાં ગીતો", "શબ્દયોગ", વા. મો. શાહ કૃત "મસ્તવિલાસ" વગેરેનાં સંપાદનો દ્વારા ડૉ. સુધાબહેન પંડ્યા આ ક્ષેત્રમાં કાર્યશીલ છે. તો નવોદિતોમાં હાસ્યદા પંડ્યા ("શ્વેતપંખીનું સામ્રાજ્ય" વાર્તાસંગ્રહ), માધવી દવે, કોકિલા પટેલ, કલ્પના મોહન બારોટ વગેરે નામો ગણાવી શકાય.

૧૯૮૨થી મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયેલા પ્રો. સિતાંશુ યશશ્ચન્દ્ર મહેતા આધુનિક કવિમિજાજ પ્રગટ કરનારા ભાષાવિજ્ઞવ્યક્તિમાં નવી તરાહ ઉત્પન્ન કરનારા સરરિયાલિસ્ટ કવિ તરીકે તો કયારના ય પ્રસ્થાપિત થઈ ચૂકયા હતા. આથી ૧૯૭૦ પછીની ગુજરાતી કવિતામાં વળાંક લાવનારા પ્રતિભાવંત અગ્રણી કવિઓ સિતાંશુ-લાભશંકરના સન્દર્ભે ઓળખાય છે. તેમણે "ઓડિસ્યૂસનું હલેસું" અને પછી વડોદરામાં આવ્યા બાદ પ્રગટ થયેલા) "જટાયુ" કાવ્યસંગ્રહથી નેમની ઉત્તમ કવિપ્રતિભાનો પરિચય આપી દીધો છે. "રમણીયતાનો વાગવિકલ્પ" અને "સીમાંકન અને સીમોલ્લફટઘન" તેમના ઉત્તમ વિવેચન - ગ્રંથો છે. દિલ્હીમાં જ્ઞાનકોશપ્રવૃત્તિ નિમિત્તે ભારતીય ભગિનીભાષાઓના સંપર્કમાં આવવાથી તથા યુરોપ પ્રવાસોને નિમિત્તે વિશ્વસાહિત્યના અને સર્જકોના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું બન્યું હોવાથી વિશ્વની અગ્રણ્ય કૃતિઓને તુલનાત્મક અભિગમથી તપાસવાનું વધુ પસંદ કરતા હોય તેમ તેમના અભ્યાસલેખો પરથી વર્તાઈ આવે છે. ગુજરાતી રંગભૂમિમાં મૌલિક નાટકોના દારુણ દુકાળમાં પ્રો. સિતાંશુએ પ્રયોગશીલ નાટ્યકૃતિઓ ("આ માણસ મટ્રાસી લાગે છે"વગેરે) આપી ગુજરાતી રંગભૂમિની નોંધપાત્ર સેવા કરી છે. યુનિવર્સિટીના અભ્યાસક્રમોમાં જરૂરી પરિવર્તનો લાવી તથા વિદ્યાલયમાં અને લોકાલયમાં ઉચ્ચ કક્ષાની સર્જકપ્રતિભાઓને નિમંત્રી તેમના કાર્યક્રમો પ્રયોજી તેમણે વડોદરાનગરીને સાહિત્યરંગથી ભાંજવી દીધી છે.

"એતદ" અને "સેતુ" સામયિકોનું સંપાદનકાર્ય સંભાળતાં ડૉ. શિરીષ પંચાલે "વૈદેહી એટલે જ વૈદેહી" જેવી પ્રયોગશીલ નવલકથા અને કેટલાંક સંપાદનો આપ્યાં છે. તેમ છતાં તેમણે વિશેષ ધ્યાન ખેંચ્યું છે તેમની વિવેચનપ્રવૃત્તિ દ્વારા. "વિવેચનના ચાર મુદ્દા", "કાવ્યવિવેચનની સમસ્યાઓ", "નવલકથા" વગેરે વિવેચનગ્રંથો અને સાહિત્યિક માસિકોમાં પ્રગટ થતા અભ્યાસલેખો દ્વારા તેમણે વિવેચકોની નવી પેઢીમાં માનવંતું સ્થાન પ્રામ કરવા માંડ્યું છે. તેવી રીતે આકાશવાણી વડોદરા કેન્દ્ર પર સેવાઓ આપનાર નવલકથાકાર વીનેશ અંતાણી ("નગરવાસી", "એકાંતદ્વીપ", "પ્રિયજન", "પલાશવન", "બીજું કોઈ નથી", "અનુરવ", "ફાંસ" વગેરે નવ"લકથા ઓ) ગદ્યશૈલી, પ્રતીકો, કલ્પનો વગેરેનો વિનિયોગ, અલ્પઘટના હોવા છતાં પાત્રોના ચિત્તમાં પાતાલપ્રવેશ કરવાની રીતિ વગેરે તત્ત્વોને કારણે નોખા અને તેથી ધ્યાનપાત્ર બની રહે છે. ડૉ. મફત ઓઝાનો વડોદરામા - નિવાસ પ્રમાણમાં ટૂંકો હોવા છતાં "અક્ષરા"ની સ્થાપના અને તે નિમિત્તે કરેલી વિધવિધ સાહિત્ય પ્રવૃત્તિઓને કારણે શહેરમાં જાણીતા બન્યા છે. તેમણે પિસ્તાલીસ કરતાં ય વધુ પુસ્તકો પ્રગટ કર્યા છે અને હાલમાં "તાદર્થ્ય" માસિકનું સંપાદન કરી રહ્યા છે. નવલિકા ("કાચના મહેલની રાણી", "તડકામાં ઓગળતો સૂર્ય") નવલકથા ("ધુધવતા સાગરનાં મૌન", "સાતમો પુરુષ", "જાતર" વગેરે), સંશોધન અને વિવેચન ("સ્વાતંત્રયોત્તર ગુજરાતી કવિતા", "રાવજી પટેલ", "ઉન્મિનિ", "સંવિત્તિ" વગેરે), નિબંધ, એકાંકી નાટક, સંપાદન (સ્વાતંત્રયોત્તર ગુજરાતી સાહિત્ય અને ભારતીય સાહિત્ય : ટૂંકી વાર્તા, એકાંકી, નિબંધ, કવિતા વગેરેનું સંપાદન)... એમ બધાં જ સ્વરૂપોને ખેડવાનો પ્રામાણિક ઉદ્યમ કરનાર ડૉ. ઓઝા "ધુમ્મસનું આ નગર", "અશુભ", "શ્વાસ ભીનરથી ફેરે", "અપડાઉન" જેવા કાવ્યસંગ્રહોમાં તેમની કવિપ્રતિભાનો વિશેષ ઉન્મેષ પ્રગટ કરી શકયા છે. કવિ વિવેચક ડૉ. નીતિન મહેતા ("નિર્વાણ" કાવ્યસંગ્રહ) એક સિધ્ધહસ્ત કવિ તરીકે ઊપડી આવ્યા છે.

વડોદરાના અન્ય કવિમિત્રોમાં જયંત શુકલ ("વિદિશા", "છીપે છીપે મોતી", "કચુ-બકુ" વગેરે) અઝીઝ કાદરી ("ઉપવન", "કેડી" વગેરે), રમેશચંદ્ર પંડ્યા "આરસ" ("ચાહના", "તરસ"), ગોપાલ શાસ્ત્રી ("ઝખના"), કનુભાઈ કાપડિયા, કવિકમલ, લલિત રાણા "આતશ", હરીશ વટાવવાળા ("સુરજ ઊગવાની ક્ષણ"), નટવરલાલ અંકલેસરી, દાઉદ જરગેલા "કટક", મહીપત રાઉલજી ("શબ્દગંધને પગલે પગલે", "અક્ષગુણ") "કિશોર મોદી" ("જલજ"), રશીદ મીર ("ઠેસ"), ગુલામ અબ્બાસ "નાશાદ" (ગુંજારવ), વિરંચિ ત્રિવેદી ("નગરી પિત્તળ ચહેરો") જયેશ શુકલ "નિમિત્ત" શકીલ કાદરી વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

નવલકથાકાર લલિતકુમાર બક્ષી ડૉ. મધુસુદન પાઠક ("ગગનગોખનું પંખેરુ "વગેરે) નાટયકાર વિહંગ મહેતા, મરાઠી નાટકોનાં સરૂળ રૂપાંતર આપનાર પ્રા. જગદીશ ભટ્ટ, ભવાઈસમ્રાટ અંબાલાલ પટેલ, શૈલેષ ત્રિવેદી, "ચિત્રલેખા"ના મુખ્ય સંપાદક, નવકથાકાર, નાટયકાર ("મયૂરા", "ચકનેમિમ્ક્રમણ", "એન એગ્રી લોયર" વગેરે એકાંકી નાટકો) અને વાર્તાકાર ("પેડલ પર પૃથ્વી પરકમ્મા") શ્રી મહેન્દ્રભાઈ દેસાઈ નિબંધકાર દોલતભાઈ દેસાઈ વગેરેને તો કેમ વીસરાય ?

વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં કેટલાંયે સામયિકો નીકળતા હતાં. કેટલાંકનું બાલમરણ થયું.

આજે "પુસ્તકાલય" "વિશ્વમાનવ" "એતદ", "સેતુ" જેવાં સામયિકો વડોદરામાંથી પ્રગટ થઈ રહ્યાં છે ને ગૌરવપ્રદ બીના છે, તો પ્રેમાનંદસાહિત્યસભા, અક્ષરા ગ્રંથગોષ્ઠિ, કવિમિલન, સાહિત્યસંગીતકલામંડળ, શબ્દસૂષ્ટિ ("પુસ્તકાલય"ની પ્રવૃત્તિ) જેવા સાહિત્યિક મંડળો પોતપોતાની નિરાળી પદ્ધતિએ સાહિત્ય પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે.

પુણ્ય શ્લોક સયાજીરાવ મહારાજ અને અંગ્રેજ સરકાર

- શ્રી ભાલચંદ્ર પરાંજપે

[illegible]ન સયાજીરાવ મહારાજ સન [illegible]માં ગાદીનશીન થયા અને સન [illegible]માં વડોદરા રાજ્યનાં સંપૂર્ણ [illegible]ચૂકો તેઓશ્રીના હસ્તક આવ્યા [illegible] આખા દેશની રાજકીય [illegible]સ્થિતિનો તેઓશ્રીને ખ્યાલ [illegible]આવ્યો હશે, કારણ ત્યાર [illegible] સન ૧૯૦૫ સુધીની મુદતમાં [illegible]શ્રીએ કરેલા કેટલાક હુકમોમાં [illegible] રાજ્ય અને અંગ્રેજ સરકાર [illegible]ના રાજકીય સંબંધોની બાબતમાં [illegible]ના મંતવ્યો સ્પષ્ટ રીતે નિશ્ચિત [illegible] હતાં અને રાજ્યના નાનામોટા [illegible] વર્ગે એ બાબતમાં રાજ્યનું [illegible] ધ્યાનમાં રાખી કેવી રીતે વર્તવું [illegible] લિખે સૂચનાઓ આપેલી હતી. એ [illegible]પરથી એટલું તો ચોક્કસ કહી [illegible] કે વડોદરા રાજ્યના અંતર્ગત [illegible] કારોબારમાં અંગ્રેજ સરકારની [illegible]કીયપણ દખલગીરી ચલાવવા [illegible]માં આવની ન હતી. અંગ્રેજ [illegible]સરકારની તત્કાલિન રાજનીતિ ઉપર [illegible] એ હુકમો ઉપરથી કંઈક પ્રકાશ [illegible] છે.

શ્રીમંત સયાજીરાવ મહારાજની [illegible]કિર્દીમાં તેઓશ્રીએ કરેલા હુકમોમાં (હુજુર હુકમો) જે કંઈ સામાન્ય ધોરણો ઠરાવવામાં આવ્યાં તે પુસ્તક રૂપે પાંચ ખંડમાં "હુજુર હુકમોમાંના સામાન્ય ધોરણોનું [illegible]ણ" એ શીર્ષકથી છપાયેલા છે, તેના પહેલાં ખંડમાં ઉપર જણાવેલા હુકમોનો સારાંશ છપાયેલો છે તે ઉપરાંત કેટલાક હુકમોનો ગુજરાતી અનુવાદ નીચે ટાંકયો છે તે જેથી વધુ ખ્યાલ આવશે -

(૧) દિનપ્રતિદિન રાજકીય સ્તરે દેશી સંસ્થાનો પ્રત્યે અંગ્રેજ સરકાર જે રીતે વર્તાવ કરે છે તેને લીધે રાજકારોબાર સારી રીતે ચલાવવો [illegible] બનતો જાય છે. દેશી સંસ્થાનોનું હિત અને સ્વતંત્રતા ઉપર કાપ મુકાતો જાય તેમ તેમ [illegible]સ્થિતિ વધુ મુશ્કેલ બનશે. તેથી તમામ નાનામોટા નોકરોએ આપણું રાજ્યહિત બજરે નહીં તે માટે સતત ધર્મબુદ્ધિથી પ્રયત્ન કરવો જોઈએ.

(૨) ઓખામંડળ તાલુકા ઉપર અંગ્રેજ સરકારે રાજકીય સત્તા જમાવેલી તે સંબંધમાં મહારાજશ્રીએ એવું મંતવ્ય વ્યકત કરેલું કે અંગ્રેજ સરકાર પોતાની સત્તા ઢીલી કરશે એ આશા ઈતિહાસ વિરૂધ્ધ છે. એક વાર જે મળ્યું એ કાયમનું એ અંગ્રેજોની રાજનીતિનું આદિતત્ત્વ છે. એટલું જ નહીં તો ઓખા મંડળ તાલુકા ઉપર કે બંદર ઉપર કલજો મેળવવાનો અંગ્રેજોનો ઈરાદો હતો.

(૩) રાજ્યમાં એક લેડી ડોકટરની નીમણુક કરવાની બાબતમાં વડોદરા રેસિડેન્સી તરફથી એમ જણાવવામાં આવ્યું કે રાજ્ય જો એ નિમણુંક જલદી ન કરે તો રેસીડેન્સી તરફથી નિમણુંક કરવામાં આવશે. રાજ્યની અંતર્વ્યવસ્થાને સ્પર્શતો એ પ્રશ્ન હોવાથી રેસિડેન્સીના સૂચના માન્ય કરવામાં આવી નહીં.

(૪) કેટલાક ઠાકુર વગેરે લોકોને અંગ્રેજ સરકાર તરફથી ખાસ સવલતો આપવામાં આવેલી તેવી સવલતો વડોદરા રાજ્યમાં મેળવવા આવેલી માગણી નામંજુર કરવામાં આવી.

(૫) વડોદરા રાજ્યના કેટલાક કામદારો નોકરીમાંથી કમી કરવા પાત્ર હોવા છતાં રેસિડેન્ટ મારફત નોકરીમાં ચાલુ રહેવા માટે ખટપટો કરે છે તે અયોગ્ય છે એમ ગણી તેવા કામદારો સામે યોગ્ય અધિકાર વાપરવા ઠરાવ્યું.

(૬) વડોદરા શહેર માટે પીવાના પાણીની યોજના કરેલી. તે પાણી વડોદરા કેમ્પ વિસ્તારના ઉપયોગ માટે આપવાનું મંજુર કરતી વખતે નીચે પ્રમાણે શરતો કરાવી -

(ક) કેમ્પના લોકોને માટે આપેલી સગવડ બંધ કરવી હોય ત્યારે કોઈપણ કારણ ન બતાવતાં એક મહિનાની અગાઉ નોટીસ આપીને સગવડ બંધ કરી શકાશે.

(ખ) વોટરવર્કસની વ્યવસ્થા વિગેરે બાબતમાં કેમ્પના અધિકારી તરફથી કાંઈ પણ દરમ્યાનગીરી થવી ન જોઈએ. દરમ્યાનગીરી થાય તો પાણી બંધ કરવામાં આવશે.

(ગ) વડોદરા શહેરની પાણીની જરૂરિયાત પૂરી થયા બાદ સગવડ હશે તો પાણી આપવામાં આવશે.

(૭) વડોદરા રાજ્યનો વાર્ષિક રિપોર્ટ પ્રસિધ્ધ કરવામાં વાર લાગી તે બાબતમાં વ્હાઈસરોય તરફથી ચેતવણીપત્ર આવ્યો તે રાજ્યની અંતર્વ્યવસ્થામાં અંગ્રેજ સરકારની દરમ્યાનગીરી ગણવામાં આવી.

ઉપરના વિવેચન ઉપરથી અંગ્રેજ સરકારની સાર્વભૌમ સત્તા સાથે મહારાજશ્રીને કેટલો અણગમો હતો તે જણાઈ આવે છે. શ્રીમંત સયાજીરાવ મહારાજ પુખ્ત ઉંમરના થયા ત્યારથી જ અંગ્રેજ સરકાર સાથેના સંબંધોની બાબતમાં પોતાનું તેમજ વડોદરા રાજ્યનું સ્વમાન અને ગૌરવ જાળવવા માટે અત્યંત જાગરૂક હતા. સાથે સાથે વડોદરા રાજ્યનું વહીવટીતંત્ર તેઓશ્રીએ એટલું બધું કાર્યક્ષમ અને પ્રગતિશીલ ઊભું કર્યું કે અંગ્રેજ સરકારને તેમાં દરમ્યાનગીરી કરવા અવકાશ જ રહ્યો નહીં. અંગ્રેજ સરકાર સામે તે ઓશ્રીએ જરાયે નમતું જોખ્યું નહીં. સન ૧૯૧૧ના દિલ્હી - દરબારનો પ્રસંગ સૌ કોઈ જાણે જ છે. અંતર્ગત રાજ્ય કારોબાર વડોદરા રાજ્યના કાયદાકાનૂનને અનુસરીને સ્વતંત્ર રીતે ચાલતો હતો.

મહારાજશ્રી શરીરસ્વાસ્થ્યના કારણે મહદ્ અંશે ઈંગ્લેન્ડમાં રહેતા હતા પરંતુ રાજ્યના વહીવટીતંત્ર ઉપર તેઓશ્રીનો પૂર્ણ કાબૂ રહેતો હતો. અંગ્રેજ સરકારને પણ તે સામે કાંઈ વાંધો ન હતો. ઈંગ્લેન્ડની એક કોર્ટમાં તેઓશ્રીનો સામે એક દાવો (સ્ટેથામ વિ. સ્ટેથામ) દાખલ થયેલો તેમાં વડોદરાના મહારાજા કાયદાની દૃષ્ટિએ ઈંગ્લેન્ડમાં (foreign ruler) ગણાય તેથી તેમની સામે કેસ ચલાવવા ઈંગ્લેન્ડની સ્થાનિક કોર્ટને હકુમત નથી એવો ચુકાદો આપવામાં આવ્યો. આ ચુકાદો હિંદુસ્થાનમાંના તમામ દેશી સંસ્થાનોના અધિપતિઓનું રાજકીય સ્ટેટસ ઠરાવવાની બાબતમાં ઉપયોગી નિવડયો. આવો જ એક બીજો ચુકાદો વડોદરા રાજ્યને લગતો નામદાર પ્રિવિકાઉન્સીલે આપેલો હતો તે અહીં ટાંકવા જેવો છે. વડોદરા રાજ્યના રેલ્વે ખાતાએ આગ્રાના એક વેપારી પાસેથી રેલવે માટે લાકડાના સેકીપર્સ ખરીદવા માટેનો કરાર કરેલો. એ કરારની બાબતમાં કાંઈ તકરાર ઉભી થવાથી તે વેપારીએ આગ્રા કોર્ટમાં રેલ્વે ખાતા સામે દાવો કરેલો. તે દાવો એ વેપારી જીત્યો તે સામે રેલવે ખાતાએ હાઈકોર્ટમાં અપીલ કરી. પરંતુ હાઈકોર્ટે નીચલી કોર્ટનો ચુકાદો કાયમ રાખ્યો તે સામે ઈંગ્લેન્ડની સર્વોચ્ચ અદાલતે પ્રિવિકાઉન્સીલમાં અપીલ કરેલી તેમાં કાઉન રિપ્રેઝન્ટેટીવની

સત્તા સોંપાઈ તે પ્રસંગની તસ્વીર

પરવાનગી મેળવ્યા વગર વેપારીએ દાવો કરેલો હોવાથી તે રદબાતલ છે એવી દલીલ કરવામાં આવેલી અને નામદાર પ્રિવિ કાઉન્સીલે તે માન્ય રાખવાથી મૂળ દાવો રદ થયો. ઉપરના બન્ને ચુકાદા જે તે વખતના લૉરિપોર્ટસમાં પ્રસિધ્ધ થએલા છે. હિંદુસ્થાનમાંનાં દેશી સંસ્થાનોનું સ્ટેટ્સ આ બન્ને ચુકાદાથી નિશ્ચિત થયું હતું. આ બન્ને ચુકાદા વડોદરા રાજ્યનું ગૌરવ વધારનારા હતા.

માત્ર ફર્ટીલાઇઝર્સ નહીં પરંતુ કંઇક વિશેષ-

આપના જીવનનો એક ભાગ

આપના આહારમાંના અન્ન, શાકભાજી અને ફળફળાદિની મધુરતા અને આપને મહેકાવે છે તે ફૂલોની સુવાસ આપણા ખેડૂતોને અતિપ્રિય એવા સરદાર ફર્ટીલાઇઝર્સને આભારી છે. પરંતુ જીએસએફસીની યશગાથાનું આ માત્ર એક જ પાસું નથી. સાચું પૂછો તો જીએસએફસી આપના અંતરંગને સ્પર્શે છે – અનેક રીતે.

સ્ત્રીનાં સૌંદર્યને નિખારતી સુંદર નાયલોન સાડી અને બાળકોનાં આકર્ષક પોષાક કે પછી ટ્રેકટર અને ભારે વાહનો માટે વપરાતાં નાયલોનના ટાયરો જીએસએફસીના કેપ્રોલેકટમમાંથી બને છે.

આપના ગૃહ સજાવટને શોભાવતી નાજુક રંગબેરંગી ક્રોકરી, સુંદર ફર્નીચર અને નયનરમ્ય લેમીનેટસના સુશોભનો જીએસએફસીના મેલેમાઈનની દેણગી છે.

મોટા ઉદ્યોગોમાંના સ્ટેનલેસ સ્ટીલના સાધનોનું સુઘડ અને મજબૂત ઝારણ અને મોટા વ્યાપારી કેન્દ્રોમાં ઝળહળતી રંગબેરંગી નિયોન સાઈન્સ

જીએસએફસીના આર્ગન ગેસને આભારી છે. ભારે વસ્તુનું મજબૂત પેકિંગ કરવામાં

તૂટે નહીં એવી પટ્ટીઓ, અકસ્માત સામે આપના જીવનનું જતન કરતાં મજબૂત હેલ્મેટ, આપનાં પરિવારને શીતળ હવાની લહેરો વેરતી હલકી અને રંગીન ફેન બ્લેડ્સ, ખાદ્યચીજોના પેકિંગ માટે નાયલોન-૬ ફિલ્મમાંથી બનેલી કોથળીઓ– શું આ બધાં જીએસએફસીના નાયલોન-૬ માંથી જીવનભર મળતા લાભો નથી?

જીએસએફસીનું ફલક માત્ર આટલા પુરતુ મર્યાદિત નથી. તે આનાથી કંઇક વિશેષ કરે છે, જેનું વધારે મહત્વ છે.

જીએસએફસી તરફથી ખેડૂતોને અપાતી બહુમુખી સેવાઓ હરિયાળી ક્રાંતિમાં ફાળો આપે છે. વળી નવા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતા તકનીકી– આર્થિક માર્ગદર્શનને લીધે સંગીન ઔદ્યોગિક વિકાસની નવી ક્ષિતિજો ખુલી છે. 'બહુજન હિતાય બહુજન સુખાય'– કાલે નહીં પણ આજે જ.

જીએસએફસી –
ભારતની પ્રગતિનો પાયો.

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર્સ કંપની લિ. પો.ઓ. ફર્ટીલાઇઝરનગર-૩૯૧ ૭૫૦, જિ. વડોદરા.

Navnit/13/87



મ.સ.વિશ્વવિદ્યાલય અને સયાજીરાવ ત્રીજા

હસિત હ.બૂચ

ઈ.સ. ૧૮૮૦થી ૧૯૪૦ના આપણા રાષ્ટ્રીય નવોત્થાનને જગતના ઈતિહાસની એક મોટી ક્રાંતિ જ કહી શકાય. એ રૂપે અભ્યાસી ચિંતકોએ એને રજૂ પણ કર્યું છે. એનું કારણ એ લડત અહિંસક હતી. નિરાયુધ્ધ હતી અને તે માટે શસ્ત્રસજ્જ સામ્રાજ્ય સામે ગણતર ગાળામાં સફળ પણ નીવડી, એ તો છે જ. બીજુ એનું કારણ એ છે કે, જીવનની દેશના સમગ્ર જીવનની શહેરો-ગામડાં માત્ર નહીં પરંતુ ખૂણે ખૂણે પહોંચી ગયેલી 'વ્યાપક તથા સમૂળી' ક્રાંતિ હતી. માત્ર પચીસ-ત્રીસ વર્ષમાં પ્રજા આખી, ઘર-ઘર આમ આચાર-વિચારનું નવું અજવાળું પ્રગટ કરે. મૂળમાંથી જ કોઈક નવી યુગચેતના ધારણ કરે, એ જગતની માનવજાતિ માટે એક અસાધારણ ઘટના 'ફિનોમેનન' જ છે. આવી ધરમૂળ ક્રાંતિમાં અનેક સ્વરૂપે જે રાહ અપનાવાયો તે લોકશિક્ષણનો. દાદાભાઈ નવરોજી કે લોકમાન્ય ટિળક, સયાજીરાવ ગાયકવાડ-ત્રીજા કે રવિન્દ્રનાથ ઠાકુર, સ્વામી દયાનંદ કે મહર્ષિ અરવિંદ ડૉ. આંબેડકર કે જવાહરલાલ નહેરૂ કે આચાર્ય કૃપલાણી યા રાધાકૃષ્ણન, એની બિસંટ યા સરોજીની નાઈડુ, સરદાર યા સુભાષ યા માદામ કામા કે શ્યામજી કૃષ્ણ વર્મા, મહર્ષિ કર્વે કે ઝાકિરહુસેન યા મુનશી, યુસુફ મહંમદઅલી કે જ્યોતીબા ફુલે કે બાદશાહખાન કે રવિશંકર મહારાજ કે ઝવેરચંદ મેઘાણી - એ આખા સમયનાં અનેક તેજસ્વી નામોના કામના પાયામાં આ "શિક્ષણ"ની નસ મુખ્યત્વે ધબકે છે. એ વાત મહારાજ સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ પોતાના એક વ્યાખ્યાનમાં આકર્ષક રીતે સ્પષ્ટ કરી છે. તેઓ કહે છે કે જો ઈ.સ. ૧૮૭૫ના કોઈ જ્યોતિષિએ દેશકાળનું ભાવિ વાંચ્યું હોય તો એમાં લોકશિક્ષણનું મહાન મૂલ્ય અર્પણ પહેલું ચીંધ્યું હોત.

આમ હોવાથી જ આ એંશીએક વર્ષોનો સમય જેમ જેમ વિકસતો ગયો તેમ તેમ એના સાફલ્યનું રહસ્ય એ રીતે મૂર્ત થયું કે જે વિચાર્યું એ જ બોલવું. લખવું અને એને જ જીવનમાં સતત આચરવું. ગાંધીજી, રવિન્દ્રનાથ, બાદશાહખાન, અરવિંદ, સરદાર કે એ સમયના નાના મોટા દરેકની પ્રજાજીવનને તેથી જ ઉંડી અને ગાઢ અપીલ થતી. મારું જીવન, એ મારો સંદેશ એ ગાંધીજીનો ઉદગાર કે "સ્વરાજ્ય મારા જન્મસિદ્ધ હક્ક આહે" એ ટિળક બોઝ કે "મને સખત શ્રમમાં વિશ્વાસ છે" એ સયાજી-ત્રીજાની વાત, એમ જોતાં યાદ આવી જાય. લોકશિક્ષણને રાષ્ટ્રીય જીવનના નવોત્થાનમાં પ્રેરક અને સંવર્ધક પરિબળ ગણી જે પ્રયોગો થયા એમાં મહારાજા સયાજીરાવ-ત્રીજાનું આયોજન અને એમની વ્યવસ્થા આજે પણ ખૂબ ધ્યાનયોગ છે. દુનિયામાં અત્યંત વિરલ, એશિયામાં અપૂર્વ એવો એમનો વિચાર અને અમલ એમાં કે પોતાના રાજ્યમાં કોઈ પ્રાથમિક કેળવણીથી વંચિત ન હોય. એવું શિક્ષણ મફત તેમજ ફરજીયાત હોય. આર્થિક કારણે અથવા સામાજિક રૂઢિ અને માન્યતાને કારણે મુશ્કેલી હોય એવાં સહુને સરકાર સહાય કરે અને ખાસ જુદી સગવડો કરી આપે. આ મૂળની ક્રાંતિનું મોટું પ્રસ્થાન નીવડ્યું. એમાં શ્રદ્ધા એ કે પ્રજા સુધારા-પ્રગતિ અને સુરાજ્યને માર્ગે તો જ સાથીદાર થશે, જો એ ભણશે તો આ વાત ગયા સૈકાના છેલ્લા દસકામાં એમણે થોડા ગામડાંઓમાં અમલી કરી. દસેક વર્ષમાં તે રાજ્ય આખામાં અમલી થઈ. પૂરા સાડા ત્રણ ચાર દાયકા સુધી એમાં અનુભવે જરૂરી સુધારા, ફેરફાર, સખનાઈ વગેરે થઈ ગયાં એમાં વડોદરાના અમરેલી-મહેસાણા-નવસારી-વડોદરા દિ પ્રાન્તોના વિસ્તારો એવી રીતે ગુજરાતમાં બીજી હકૂમત તળેના ભાગો સાથે ગુંથાઈ ગયેલા કે, ગુજરાતભરમાં સયાજી-ત્રીજાના શિક્ષણપ્રસ્થાનનાં સુફળ ફેલાતા થયાં. એમાં યે આદિવાસી -પછાત વર્ગો માટેની જે છાત્રાલય-શાખા-સાધન નાણાંકીય મદદની ઉદાર ગોઠવણો કે સ્ત્રી-કન્યા કેળવણી અને મુસ્લિમાદિ સમાજને કેળવણી માટે જુદી ખાસ સગવડો થઈ તે હજી એ રીતે સંભાળાય છે કે નેવું-એક વર્ષો પહેલાં જે સૂઝ્યું-થયું તે ક્યાં ગયું ? એ જ રીતે પ્રાદેશિક ભાષા દેશની સંપર્ક ભાષા, નાના હજાર ઉદ્યોગો, વ્યાયામ, સંગીત રાષ્ટ્રલગની વગેરેનું આ શિક્ષણ યોજનાના માધ્યમિક તેમજ ઉચ્ચ સ્તરે સંકલન તે ય સયાજીરાવની સાર્વત્રિક પ્રજોત્કર્ષની દ્રષ્ટિની સક્રિયતા સૂચવતું થયું. એથી જ આ રાજકર્તા મહાન કેળવણીકાર પણ ગણાયા છે. ગાંધીજીએ ખોલેલા આશ્રમોના કાર્યમાં યે સયાજીરાવ દ્યોતક પૂરક થયાનું નોંધાયું છે. મહેલ ઉપરાંત સંગીનતા એમાં ખાસ ધ્યાન દોરશે.

પ્રજા જીવનની જાગૃતિ-પ્રગતિમાં મધ્યમ વર્ગને બહોળો ભાગ અને યુનિવર્સિટી કક્ષાને ય સયાજીરાવે ગંભીરતાપૂર્વક અને રાષ્ટ્રીય ધગશથી વિચારી તદનુરૂપ વ્યવસ્થાઓ તો સર્જી જ. "બરોડા કોલેજ" એની ગુણવત્તાથી દેશ આખામાં આદરપ્રેરક અને એનાં શિક્ષણતંત્રની કામગીરી પણ એવી જ માન જગાડતી હતી. દેશ આખામાંથી વિદ્વાનો અને તેજસ્વી વિદ્યાર્થીઓ વડોદરા આવી જતાં. સર રાધાકૃષ્ણન સરોજીની નાઈડુથી માંડી ગુજરાત-મહારાષ્ટ્રના યે વિદ્વાનો ચિંતકો, કલાકારો, સાહિત્યકારો વડોદરા આવે, પ્રજા સમક્ષ તેમનાં જ્ઞાન-કલાની ઉચ્ચ પ્રસાદી સુલભ બને. એની વ્યાખ્યાનમાળાઓ, પરિષદો, મિજલસો અખિલ ભારતીય ધોરણે યોજાયે જાય, એવું ઘણું સયાજીરાવ ત્રીજાના અંગત સક્રિય રસને લીધે વડોદરા ઉચ્ચ શિક્ષણનું ઓજસ પ્રજાવર્ગોમાં પ્રસર્યે જતું હતું. પૂરક બળો સમાં પુસ્તકાલયો, દૂરના વ્યાખ્યાતાઓ, વ્યાયામ મંદિરો, કે એવી સ્પર્ધાઓ, સરકારી મદદવાળી જ્ઞાનવર્ધક પ્રૌઢ બાળ સાહિત્ય માળાઓનું કે સંશોધન ગ્રંથોનું પ્રકાશન, જૂની હસ્તપ્રતોનો સંચય, એમ પણ ઉચ્ચ શિક્ષણની દિશામાં વિવિધ પ્રસ્થાનો દઢતાપૂર્વક મંડાઈ ચૂક્યા. એમાં કલાભવનમાં નાના દેશી-વિદેશી હજારકસબ-ઉદ્યોગના શિક્ષણની માતૃભાષા દ્વારા યોજના પ્રા. ગજજરના નેતૃત્વ સહ એવી સફળ કે શ્રી મનુભાઈ કાંટાવાળાએ નોંધ્યું છે કે "કલા ભવન" દ્વારા વડોદરામાં જાપાન થવાની ક્ષમતા હતી.

'બરોડા કોલેજ ભવન' જેનો પાયો ૧૮૭૯માં નખાયો

જેમ ગાંધીજીથી માંડી સુભાષબાબુ માટે તેમ સર સયાજીરાવ -ત્રીજા માટે ય વિદેશો, તેમાં પણ પશ્ચિમના યુરોપીય દેશોનો અભ્યાસ-અનુભવ એમનાં રાષ્ટ્રીય સેવા કાર્યોમાં મહત્ત્વનો થયો. ક્યાંક એ પ્રેરક પણ થયો હોય. સર સયાજીની વાતે પરિસ્થિતિ એ કે, એ વડોદરે "મહારાજા" થયા તે પહેલાં બાળપણના ૧૨ વર્ષ લખી-વાંચી શકે તેવું ભણતર પણ પામ્યા ન હતા. સારી સ્થિતિના ગ્રામ ખેડૂતના દિકરાનું એ કવખાણા (જી. નાસિક) માનું જીવન. "મહારાજા"તરીકે પસંદ થયા બાદ એમને ખાસ શિક્ષણ છ-સાડા છ વર્ષનું કઈક ત્રૂટકરૂપે મળ્યું. એની કક્ષા માધ્યમિક શિક્ષણનાં પ્રારંભિક વર્ષો જેવી સયાજીરાવને એની વ્યથા એ વારંવાર જાહેરમાંયે તે બોલતા. એ ખાસ શિક્ષણ પછી રાજકર્તાને ઉપયોગી એવાં વ્યાખ્યાનો ઉચ્ચ વિદ્વાન વહીવટકર્તાઓએ એમની તાલીમ માટે આપેલા. એ વ્યાખ્યાનો સુ-વહીવટની હાથપોથી રૂપે આજે જોવા જેવાં, પરંતુ સયાજીરાવની ત્યારની વય (સત્તર-અઢારની) અને ભૂમિકા માધ્યમિક સાધારણ કક્ષાના શિક્ષણની. આ વ્યાખ્યાનો એ પોતે ભણ્યા, લેખક-નાયબ દીવાન ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ લખ્યું કે મહારાજા આજીવન વિદ્યાર્થી છે. બેઉ વાત સાચી છે. એ ગંભીર વિષયોના પ્રસિદ્ધ ગ્રંથો ઠેઠ સુધી વાંચતા રહ્યા. એની નોંધો ઉતારતા રહ્યા, એ પર એમનો મત ટાંકતા રહ્યા, વાતચીતો કે વ્યાખ્યાનોમાં સહજપણે એવું બધું સંભારતા તથા મૂલવતા પણ રહ્યા વિદ્વાનો સંશોધકો, વિચારકો, અનુભવીઓ અને વિશેષજ્ઞોનોએ સામેથી ઢૂંઢે, એમની વાતો સાંભળે, ચર્ચા પણ કરે. એમની બહુશ્રુતતાની સુવાસ તેથી જ સર્વત્ર ખૂબ પ્રસરેલી. એમના શાસનને યશસ્વી કરવામાં જેમનાં નામો સંભળાય જ એવા અગ્રિમ ઉચ્ચાધિકારીઓની યાદી-માત્ર ૨૫-૩૦ નામોની યાદી જ કોઈ ભેગી કરે, તરત થાય કે દેશભરનાં આવા પ્રતિભાશાળી વિદ્વાનો-ચિંતકો વડોદરે રાજ્ય સેવામાં આમ સતત આવે જ ગયા. કેમ ? ડૉ. એસ. એમ. અલી જેવા કઈક પાછળના સમયના પ્રોફેસર હોય, યશસ્વી લાંબુ દીવાનપદું કરનાર પ્રો મનુભાઈ મહેતા હોય, હીરાચંદ શાસ્ત્રી જેવા શોધક હોય, શત્રુના ગાળામાં ગણિ વિદ્વાન કવિ સર ટી. માધવરાવ

...કર સરદેસાઈ હોય. વ્યાયામ ... વિશારદ માણિકરાવજી હોય કે ...નો મૌલાબક્ષજી ફૈયાઝખાં ... ટૂટે નહીં એ હદે પ્રતિભાવંતો ...માં જે મોટી વાત સિધ્ધ ... હોય તે એ કે રાજ્યસત્તા ... કરતા-"સ્કોલરશિપ"ની આવી ...ટે જ પ્રજા સશક્ત બને ... સયાજીરાવની આ સૂઝ અને ... ઉચ્ચ શિક્ષણની એક દિશા ... છે. ગુજરાતમાં તો અદ્રશ્ય, પણ ... પણ દૂર દૂર વડોદરાની છાપ ... કે એનું શિક્ષણ ઉત્તમ અને એનું ...તંત્ર બાહોશ, સજ્જ. એ ય ...રમાં અનુભવ કે દેશદાઝને ...શ જોઈએ છે ? ભારત અને ...ની ઉત્તમ શક્તિઓ-વ્યક્તિ ...ને મેળો યા મેળાપ માણવા છે ? ...ગરની અસ્મિતાને કે ...ર-ભારતી સુમેળને ઉજળે રૂપે ...વાં-જાણવાં છે. તો ભણે કે રહો. ...દરા જઈને. અમરિકી લેખક ...ફિસ્ટે તો સ્પષ્ટ લખ્યું છે કે ...દરા જોયા પછી દેશ-હિંદમાં ...જે એની બરોબર ઉંચું કઈ જોવા ... મળે, તો નવાઈ નથી.

આ સંદર્ભમાં વડોદરામાં ...વર્સિટી અંગે સયાજી સંદર્ભ એક ...ફ પુરૂષાર્થનું ચિત્ર તો બીજી તરફ ... સમસ્યાનું ચિત્ર ખડું કરતો ...ે વડોદરા રાજ્ય ન રહ્યું. પછી ... યુનિવર્સિટી રચાઈ વડોદરામાં ! ... પ્રશ્ન એ માટે વજનદાર કે ...યાજીરાવ જેવો સમર્થ નેતા, તો યે ...મ કેમ થયું ?

એક બાબત સ્પષ્ટ છે કે ...દરામાં યુનિવર્સિટી થાય એ માટે ... સયાજીરાવ-ત્રીજા સતત આતુર ...ના અને પ્રિ. ક્લાર્ક, ડૉ. જેકસન, ... વિડઝરીથી માંડીને સર મનુભાઈ ...હેના, નંદનાથ દીક્ષિત, ડૉ. ...પ્રોનિન્દ્ર મહેતા કે મટુભાઈ ...ટાવાળા જેવા નાગરિકો - તદવિદો ... શિક્ષણકારો એમાં ઉલટથી સક્રિય ...ા. સયાજીરાવે બે-ત્રણ દાયકામાં ...ો સર્વાંગી જાગૃતિ અને નવયુગી ...ષ્ટિ ઉપરાંત શિક્ષણ આંદોલનો પ્રત્યે ...જાના મધ્યમ-ઉચ્ચ એમ વ્યાપક ...માજને પ્રવૃત્ત કર્યો હતો. મણિભાઈ ...ભાઈ દીવાન હતા ત્યારે ઈ.સ. ...૦થી ૧૮૯૫ વચ્ચે મહારાજાએ ...વેલું કે જો મુંબઈ યુનિવર્સિટી ...રે ગુજરાત, મહારાષ્ટ્ર, ...કાદીમાં એ એક જ યુનિવર્સિટી ...) પ્રાદેશિક માતૃભાષાઓને ...ના અભ્યાસક્રમમાં ગૌરવભર્યું ...ન આપે તો પોતે-વડોદરા રાજ્ય ...ટી આર્થિક મદદ આપશે. એ ...નિવર્સિટીમાં ન હતી એવી વિજ્ઞાન ...ત્ર હુન્નરની તાલીમ માતૃભાષા ...જ મળે એવી યોજના ...રાજાએ પ્રા. ત્રિભુવનદાસ ...રની મદદથી ઈ.સ. ૧૮૯૦થી ...લાભવન" દ્વારા સફળ રીતે ...વલી કરી હતી. એ માટે ...માતૃભાષાને સક્ષમ બનાવતી ...ભાષા પણ સજ્જ કરાવી હતી. ...ચ વિદ્યા હોય, વિજ્ઞાન - ...ોલોજી હોય, કાનૂનશાસ્ત્ર હોય, ...યાજીરાવ આ આપણી ભાષાના ...ભાપક સ્વરૂપને શાસ્ત્રીય સ્વરૂપે ...જ કરના તદવિદોના પ્રયત્નોને ...વસ્થિત કર્યે જતા હતા.

બરોડા કોલેજ (યુનિવર્સિટી ... ઈ. સ. ૧૮૮૧માં) મુંબઈ ...નિવર્સિટીએ માન્ય ન કરેલ. ...ક ધર્મ-અધ્યાપનના વર્ગો ... ઐચ્છિક અધ્યમનને રૂપે સયાજીરાવે ચાલુ કરાવીને એક મોટો દાખલો બેસાડ્યો જ. ગૃહવિજ્ઞાનના વિષયની યે એવી વ્યવસ્થા કરાયેલી.

ઈ.સ. ૧૯૦૯માં કેળવણીકારોનું વગદાર પંચ નીમી કોલેજ કક્ષાએ આવા નવા વિષયોમાંથી કયા, કઈ રીતે ઉચ્ચ શિક્ષણમાં યોજવા એની વિચારણા કરાવી હતી. ટૂંકમાં, મણિભાઈ જશભાઈના દીવાનપદાથી માંડી આ પંચની કામગીરીના દસકા એકમાં મહારાજા એમની વ્યવસ્થિત અને ચોક્કસ નજરે વડોદરામાં યુનવર્સિટી રચાય તે માટે ક્રમબધ્ધ આગળ ડગ મૂક્યે જતા હતા. એમની આજુબાજુ આ ગાળામાં શ્રી અરવિંદ ઘોષ, શ્રી રમેશચંદ્ર દત્તથી માંડી ગુજરાતી, મહારાષ્ટ્રીય જાણીતા સાક્ષરો, ચિંતકો આવી વિચારણા માટે દેશભક્તિથી યે પ્રેરાઈને સક્રિય હતા. આ વિચારણા ...ે માટે વ્યવસ્થિત પુરૂષાર્થ વડોદરામાં છે અને અંગે ગુજરાતમાં તો સૌ જાણે, પણ મુંબઈ યુનિવર્સિટી પણ એથી વિદિત.

મહારાજા સાહેબે બીજું પંચ ઈ.સ. ૧૯૧૫માં નીમ્યું. એ પંચે સ્પષ્ટ ભલામણ કરી કે, ગુજરાતની યુનિવર્સિટી વડોદરામાં રચવામાં આવે. આ વખતે અંગ્રેજોના આપણે ગુલામ "દેશી" રાજ્યો એની મર્યાદિત "સત્તા" વચ્ચે ય અંગ્રેજી શાસનના અંકુશો નીચે સામાજીક ધાર્મિક, શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક કે રાજકીય સુધારણા તેમજ નૂતન જાગૃતિ અંગે વિચારણામાં, એના કાયદા ઘડીને એની વ્યવસ્થા રચવામાં, એમાં અમલ, ચોક્કસ થાય એવી ગોઠવણમાં સયાજીરાવ-ત્રીજાની જે મક્કમ ગતિ,તે જોઈ અંગ્રેજ શાસકો વડોદરા વિદ્રોહી છે એ અંગ્રેજ શાસકોની ચીડ અને સખનાઈભરી દ્રષ્ટિ, આ "મહારાજા"ને પાઠ ભણાવવો જ એ જાતનું એ શાસનનું વર્તન-દેશ અને દુનિયાના પ્રગતિશીલ અને રાષ્ટ્રીય વર્ગોનો મહારાજા માટે ખૂબ આદર, મુંબઈ, યુનિવર્સિટી એ વાતાવરણમાં અંગ્રેજ આણના પ્રભાવ તળે જ. વડોદરે ત્રીજું પંચ ઈ.સ. ૧૯૧૯માં રચાયું. વડોદરાએ યુનિવર્સિટી રચવાની શક્યતાને વધુ ઉંડો વિચાર કરાય, એ એનો હેતુ. એ વખતે જ મહારાણી ચિમનાબાઈ બીજાએ ઇચ્છા બતાવી. ,ઓફર મૂકી કે, જો વડોદરામાં મહિલા વિદ્યાપીઠ ઉભી કરાય તો પોતે મોટી રકમ આપવા તૈયાર છે. પરંતુ રાજ્ય સરકારને ત્યારે એમ લાગ્યું કે યુનિવર્સિટી રચવાનો હજી સમય પાક્યો નથી. ઈ.સ. ૧૯૧૧ના દિલ્હી દરબારના બનાવે અંગ્રેજ શાસકો અને એમનાં સ્થાપિત હક્કવાળાં વર્તુળોએ મહારાજા સામે ધૂળ-વંટોળ ઉભો કરેલો. એ ઘણાં વર્ષો ચાલ્યું. પહેલું વિશ્વયુધ્ધ પણ આ ૧૯૧૮ના ગાળામાં જ. એવું એ હોય કે, વડોદરાના વિદ્યાક્ષેત્રે હજી પુરૂષાર્થ વિવિધ દિશાએ નવપ્રસ્થાનોમાં વિશ્વ વિદ્યાલયની કક્ષાનો મહારાજાને ય ન લાગ્યો હોય. ગમે તે હો, આ ૧૯૧૯નું ત્રીજું પંચ માત્ર વધુ વિચારણા કરીને અટક્યું.

ઈ.સ. ૧૯૨૫માં આવી ખાસ તો વડોદરાની પ્રવૃત્તિની સુવ્યવસ્થિત કામગીરી તેમજ પ્રજાકીય લાગણીના દબાણને જોઈ, મુંબઈ યુનિવર્સિટીએ એક પંચ નીમ્યું. એ પંચે કર્ણાટક અને ગુજરાતમાં નહીં, પણ જુદી યુનિવર્સિટી માટે શક્યતા મહારાષ્ટ્રમાં જોઈ. સર ચિમનલાલ સેતલવાડ એ પંચના વડા હતા. પંચના બે સભ્યો ડૉ. જયકર અને પ્રા. કે. ટી શાહ જુદો મત આપે છે કે ગુજરાતમાં યુનિવર્સિટી રચાય એની ક્ષમતા છે. એ બંને ત્યારના ખ્યાત વિદ્વાનો. આ પંચના નિર્ણયે ઘણો અસંતોષ સર્જ્યો. વડોદરામાં યે ખરો જ. સયાજીરાવ ત્રીજા મામલો સમજી ગયા. એમણે તરત જ શ્રી કા મા. મુનશી અને બીજા સમર્થ વિચારવંતોનું એક પંચ ઈ.સ. ૧૯૨૬માં નીમ્યું અને ગુજરાતની યુનિવર્સિટી વડોદરામાં રચવા અંગે સંપૂર્ણ યોજના ત્વરાએ ઘડી આપવાની કામગીરી એ પંચને સોંપવામાં આવી. આ પંચ મહત્ત્વનું થયું. એણે તરત કર્તવ્ય ઉપાડી લઈને ૧૯૨૭માં અહેવાલ આપી દીધો. એમાં જમીન, મકાનો, અભ્યાસશાખાઓ અને સંશોધન પ્રવૃત્તિથી માંડીને સૂચિત યુનિવર્સિટીનું નામ મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય રખાય એવી ઘણી વિગતો સમાવી લેવાઈ. આજે આ પંચના અહેવાલની જ ઘણી બાબતો મૂર્ત કરી મ. સ. યુનિવર્સિટી કાર્યશીલ થઈ છે.

થોડી આ સમયની વીગતો આ સંદર્ભમાં નોંધવી ઘટે. શ્રી મટુભાઈ કાંટાવાળા અને ડૉ. સુમંત મહેતા ૧૯૨૫ના ગાળામાં વડોદરામાં ગુજરાતની જુદી યુનિવર્સિટી રચાય એવી પત્રિકા છપાવે છે અને પાછી પણ ખેંચી લે છે ! ડૉ. મહેતા એનું કારણ આપે છે કે તેઓને ભીતી કે યુનિવર્સિટીમાં વડોદરાના રાજ્યતંત્રની દખલ, હાનિરૂપ થશે ! વડોદરાના રાજ્યતંત્રની એકંદર છાપ તથા રીતરસમ જોતાં આ ભીતિ વિચિત્ર જ. વળી એથી નુકસાન એ થયું કે આવેલી લક્ષ્મી પાછી ફરી ગઈ ! પત્રિકાના સહભાગી મટુભાઈ કાંટાવાળા તો સાહિત્યકાર, ઉદ્યોગપતિ અને "કલાભવન"ના સ્નાતકો વડોદરે જ કામે લાગ્યા હોત તો વડોદરા બીજું જાપાન હોત એમ સ્પષ્ટ કહેનારા વિનીત ગૃહસ્થ. એમને પત્રિકા પાછી ખેંચતાં પોતે એકલા પડશે એમ થયું હશે ? બીજી તરફ જવાબદાર રાજતંત્રની ઝુબેશ ચલાવતા વડોદરા રાજ્ય પ્રજામંડળની ચળવળ વ્યવસ્થિત થઈ જોર પકડતી ગઈ. આ ગાળામાં જ લોકપ્રિય દીવાન પ્રો. મનુભાઈ મહેતાએ દીવાનગીરી છોડી (ઈ.સ. ૧૯૨૬) - એ ઘટનાનો ઓળો પત્રિકા પાછી ખેંચાઈ તેમજ ૧૯૨૭માં પંચ અહેવાલ સધ્ધર વિગતે પ્રગટ થયો પરંતુ પછી અમલી ન થયો એ પર પણ પડ્યો હશે ? મોટી ઘટનાની પછી તે ઘણીવાર નાની કે અંગત બાબત પણ પડી હોય છે ખરી. ગમે તેમ આ પંચની ભલામણો કાગળ પર જ રહી.

સયાજી હીરક મહોત્સવને પ્રસંગે ઈ.સ. ૧૯૩૬માં બરોડા કોલેજના ભોજન સમારંભમાં મુખ્ય અતિથિશ્રી ક. મા. મુનશી જાહેરમાં મહારાજા સાહેબની દેશભક્તિ અને રાજવી રૂપે અભિજાત દક્ષતાને વખાણી યાદ આપે છે કે એઓ ગુજરાતને વડોદરામાં પોતાની સ્વતંત્ર યુનવર્સિટી આપે ! જવાબમાં સયાજીરાવ એ માટે જરૂરી વિદ્યાલક્ષી સજ્જતા હજી સિધ્ધ થવી બાકી ગણીને પ્રાથમિક શિક્ષણનું શિક્ષણ કાર્ય ધાર્યા પ્રમાણે હજી વડોદરે સંગીન નથી એમ કહે છે. વધુમાં એ માટે ધારેલી મોટી રકમ એઓ આદિવાસી-પછાત-ગ્રામીણ પ્રજાસમૂહોના અભ્યુદય-ઉત્કર્ષ કાર્યે વાળે છે. યાદ આવે કે કાનૂની-તબીબી-ઈજનેરી વિદ્યા માતૃભાષા દ્વારા શીખવવા પ્રથમ દીવાન રાજા સર ટી. માધવરાવે શરૂ કરેલી ઉચ્ચ શિક્ષણ સંસ્થા સર સયાજીરાવે રાજ્યસૂત્રો હસ્તગત કર્યા (ઈ.સ. ૧૮૮૫ના અંતે) એ પછી તરત જ બંધ કરાવી હતી ! એ સયાજીની યુવાની ની આવેશ ભૂલ જ. આ સંસથાના સુકાની ડૉ. ભાલચંદ્ર ભાટવડિકર સયાજીરાવના પ્રથમ મહારાણી ચિમનાબાઈ પહેલાંની જીવલેણ બીમારી વખતે યોગ્ય સારવાર આપી નહીં એવો સમાજી ખ્યાલ આ ભૂલના પાયામાં પડ્યો કહેવાયો છે. ઈ.સ. ૧૮૮૫માં મહારાણી નિધન પામેલાં અને ભાટવાડેકરે વડોદરા છોડેલું. આ ભૂલ સયાજીના તત્કાલ આવેશની. ભાટવાડેકર (પછી "સર" થયોલા) સાથે પાછળથી મહારાજાનો સંબંધ મીઠો થયો હતો. પરંતુ વડોદરામાં ગુજરાતની જુદી યુનિવર્સિટી રચાય એ માટેની પોતાની ત્રીસેક વર્ષોની તમન્ના અને તૈયારી કે કામગીરી ઠઠ સુધી આવીને સયાજીરાવ પડતી મૂકે છે તે કોયડો છે. ગુજરાતનું કોઈ રાજકારણ એમાં ઉંડે પડ્યું હશે ? સલાહ આપનાર નજીકના વગદાર વર્તુળોએ "ઉતાવળ ન કરવા" સૂચવ્યું હશે ? કોઈ અંગત દુભામણી હશે ? મૃત્યુ પૂર્વેના નજીકનાં વર્ષોમાં યે તેઓ સુધારા, વિકાસ નવપ્રસ્થાનનાં કાર્યોમાં વય દબાણે શિથિલ અને નિષ્ક્રીય બિલકુલ નથી રહ્યા. ગમે તેમ, વડોદરામાં એમના જીવનમાં યુનિવર્સિટી ના થઈ.

ઈ. સ. ૧૯૪૭માં મુનશી સમિતિ પુન : રચાઈ. ડૉ. જીવરાજ મહેતા અને યુનિવર્સિટીના પ્રથમ સુકાની થયેલાં હંસાબેન મહેતાની ધગશ, કુનહ અને મહેનતને પરિણામે ઈ.સ. ૧૯૪૯ના એપ્રિલમાં મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલયના શ્રીગણેશ મંડાયાં એને મળેલી જમીન, ઈમારતો, ઉચ્ચ શિક્ષણની ઉજ્જવલ લાંબી પરંપરાના પ્રતિનિધિઓ જેવાં સમૃધ્ધ ગ્રંથાલયો, સંશોધન પ્રવૃત્તિ કે અધ્યાપક મંડળ એના પાયામાં યુનિવર્સિટી સ્વરૂપનો સુનિશ્ચિત નકશો, વડોદરે પ્રબલ લોકમત વગેરેતો અત્યંત ફળદાયી ગણાય. આ યુનિવર્સિટી નિવાસી ગ્રૂપની કમાઈ, છતાં એની કક્ષા શરૂથી જ એવી વરતાવા માંડી કે દેશ-પરદેશમાં વડોદરે ભણવું, એનો મોટો ઉમંગ મૂર્ત થવા માંડ્યો. એમાં વિશ્વ વિદ્યાલયની સાર્થકતા હાંસલ કરવા જુદી જુદી વિદ્યા શાખાઓ (ફેકલ્ટિઝ)કાં નવી શરૂ થઈ, કે પછી મૂળમાં હતી તેનું વિકસન થયું. સંસ્કરણ થયું એમ સરવાળે કહેવું રહે છે અને સ્વીકારાનું યે રહ્યું છે કે, શ્રીમતી હંસાબહેન મહેતાથી શરૂ કરીને આજના પ્રા. આર. સી. પટેલ પર્યંત આ યુનિવર્સિટી સુયોગ્ય સંચાલન નેતૃત્વ પામી છે. એક સર્વગ્રાહી ટૂંકી યાદી માત્ર જો સંદર્ભોચિત રૂપે ઘડાય અને એમાં ઈ.સ. ૧૮૮૧થી આ ઈ.સ. ૧૯૮૮ની સાલ લગીના બે છેડા મેળવી લેવાય, તો અધ્યયન-અધ્યનના યજ્ઞે યશસ્વી ગુજરાત દેશ અને દુનિયામાં યે નામના મેળવે એવાં નામો વડોદરા ખાને અચૂક ઉપસી આવે એમ છે. "બરોડા કોલેજ" કે "કલા ભવન" એ માત્ર ત્રણ ભવનોને ૧૯૪૯ લગી નજરમાં ઝડપથી લઈ લઈએ. ૧૯૪૯ થી ૧૯૮૮ લગીમાં તો એવું એનું મોટું વિદ્યાભવન સંકુલ જ છે. તે પણ નજરમાં રાખી લઈએ. આખો પટ એ રીતે જો દિમીમય લાગે જ, તો નવાઈ નથી. યુનિવર્સિટી વડોદરામાં એ વિચારણા એને તેની સાવિગત યોજના મૂળ સંલગ્ન સ્વરૂપે સયાજીરાવ કાળે. એ ૧૯૪૯માં મૂર્ત થઈ તે નિવાસી સ્વરૂપે આ હકિકત સૂચક છે. એમાં સ્વતંત્ર આગમને સર્જેલા પરિવર્તનનો હિસ્સોય યે હોય. નિવાસી રૂપે યે મ.સ. વિશ્વવિદ્યાલયની કક્ષા અને એનો વિસ્તૃત ફલક આ એની જરૂરી સાધન સજ્જતા સંલગ્ન વિશ્વ વિદ્યાલયના બરના કહેવાય. એમ શરૂથી જ વરતાયું.

ઈ.સ. ૧૮૮૨થી ૧૮૯૨ એમ સયાજીરાવે રાજ્યસૂત્રો ધાર્યા એ દાયકાથી જ વડોદરાના રાજ્યે એના શિક્ષણ પ્રયોગો તેમજ એ માટેની રાજનીતિ ઉપરાંત એમાં માતૃભાષાના મહત્ત્વને લઈને ચોમેર પણ ધ્યાન-આદર પ્રેરેલાં. એ પછી બીજાં ચાલીસેક વર્ષોનો સમય પણ ઉચ્ચ શિક્ષણ તથા યુનિવર્સિટીની સ્થાપના થાય તો હમેશ સુસજ્જ એવી સદ્ધરતાનો જ. ૧૯૩૬માં મુનશી જેવા આગ્રહ કરે, મહારાજા સાહેબને/ કે વડોદરાએ હવે તો વિશ્વવિદ્યાલય રચી જ દેવું જોઈએ, એ બહુ મહત્વ ધરાવે છે. એ સ્વપ્ન સાકાર ઈ.સ. ૧૯૪૯માં સાકાર થયું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આબોહવામાં સર્વત્ર અણસારાયે જાય છે સયાજી-ત્રીજાની ભાવના અને કાર્ય સાધના માત્ર એમનું માતૃભાષા માટેનું ઉંડું સંવેદન અને કાર્ય કયાં, કેટલું એ કદાચ એમનો આત્મા શોધતો યે હોય. એમનો જીવ યુનિવર્સિટીની આ ચાલીસીના પટને સમગ્રપણે નીરખતાં રાજી તો અવશ્ય થાય એમ લાગે છે.

"મહારાજા સયાજી રાવ"
સૂક્તિમાળ
સી. કે. ગાયકવાડ

(૧) "તમામ ધર્મોનાં મુખ્ય તત્વો તો સરખાં જ હોય છે. તેમાં માત્ર ક્ષુલ્લક બાબતોમાં જ ફેર હોય છે. આપણે બધા એક જ સર્વ શક્તિમાન પ્રભુનાં બાળક છીએ અને એક જ ભૂમિના વતની છીએ."
- શ્રીમંત સયાજીરાવ

(૨) "જનતા ચારિત્ર્યના સંરક્ષણ માટે પુરોહિતો અને ધર્મોપદેશકો જવાબદાર છે. પોતાનું કર્તવ્ય બરાબર બજાવવા માટે તેમને ફરજ પાડવી એ રાજ્યનો ધર્મ છે. રાજ્યના ધુરંધર તરીકે લોકમતની વિરૂધ્ધ વર્તવાના પ્રસંગો માટે ઘણી વખત આવ્યા છે, પણ કેળવણી અને સાચા જ્ઞાનના પ્રચારથી એક દિવસ એવો આવશે કે જ્યારે તેમના મહારાજાએ કરેલા બધા સુધારા તેમના ભલા માટે જ હતા એમ લોક સમજશે."

ત્રણ દાયકાની સ્ત્રી પ્રવૃત્તિનું વિહંગાવલોકન

-અનસૂયા ન. ધોળકિયા

વડોદરાની છેલ્લી ત્રીસીની સ્ત્રી પ્રવૃત્તિઓની ઝાંખી

- શ્રી અનસૂયાબહેન જ. ધોળકિયા

મહારાણીશ્રી ચીમનાબાઈ - બીજાં તથા અન્ય વિદુષી બહેનો, જેવાં કે શ્રી શારદાબહેન મહેતા વગેરેનું સ્વપ્નું સિધ્ધ થયું - તેઓશ્રીએ કલ્પેલી, અને શહેરની સંસ્કૃતિનું દર્શન કરાવતી અનેક સ્ત્રી-સંસ્થાઓ એમને હાથે સ્થપાઈ. અને કુશળ કાર્યકર્તા તથા સારાયે સ્ત્રીસમાજની બહેનોના સહકારથી, અનેક સંસ્થા ઓ ફૂલીફાલીને વિકાસને માર્ગે આગળ વધતી રહી છે. આ દેશના પ્રાચીન યુગની સ્ત્રીઓ વિદ્વાન તો હતી જ, અને હજી પણ તેની યશગાથાઓ ઈતિહાસને પાને અંકિત થઈ છે. સંજોગો એવા કે, મધ્યયુગમાં સ્ત્રીઓ પર થોડો વધુ અંકુશ આવ્યો. અમુક ઘરોમાં સ્ત્રીઓને ઘરની ચાર દિવાલમાં જ પુરાઈ રહેવું પડતું, ઘૂમટો તાણી પુરૂષનો પડછાયો પણ ન લેતી સ્ત્રી, એટલે ફક્ત બંધિયાર ઘર, કુટુંબના વ્યવહારનું ચાવી દીધેલું રમકડું બની સ્ત્રીને રહેવું પડતું. વર્ષો બાદ નારી જાગૃતિનાં મંડાણ શરૂ થયાં, તેને પુરૂષસમોવડી થવાની આકાંક્ષા જાગી. ત્યારે રાજમાતા જેવાં વિદુષી સ્ત્રીએ અન્ય નારીઓને વાચા આપવા અને વિકાસને પંથે લઈ જવા માટે મંડળો સ્થાપ્યાં, તેમાં મહારાજા સયાજીરાવે પણ પૂર્ણ સહકાર આપ્યો. સ્ત્રીઓને માટે, વિદ્યાભ્યાસના વર્ગો શરૂ કર્યા, સંગીત તથા અન્ય કળા માટે નાણાંકોથળીનાં મોઢાં ખુલ્લાં રાખી શાળા - કોલેજો સ્થાપી.

પરંતુ તે વખતે વડોદરા શહેરની વસ્તી ઘણી સીમિત હતી. તેને કારણે બહેનોનું સંગઠન સારૂં જામ્યું. અને ચીમનાબાઈ સ્ત્રી સમાજ, સ્ત્રી ઉદ્યોગાલય, અખિલ હિંદ મહિલા પરિષદ વગેરે મંડળો સ્થપાયાં. પ્રવૃત્તિઓ શરૂ થઈ. સિવણ વર્ગોમાં જરૂરીયાતવાળાં બહેનોને નજીવી ફી સાથે સિવણ કામ શીખવવામાં આવ્યું, જેથી બહેનો સ્વકમાઈથી પોતાનું જીવન જીવી શકી.

પછી ધીરે ધીરે શહેરનો વિકાસ થવા લાગ્યો. અને વિસ્તાર વધતો ગયો. સ્ત્રી - કેળવણીનું મહત્ત્વ સમજાવા લાગ્યું. શાળા - કોલેજમાં બાળાઓ અભ્યાસ કરતી થઈ અને પછી તો સ્ત્રીઓનો વિકાસ ખૂબ જ થયો. પ્રગતિનાં સોપાન સિધ્ધ કરતી ગઈ, પુરૂષસમોવડી થવાની હરણફાળ ભરતી રહી; જોતજોતામાં તેને આંબી ગઈ.

વડોદરા શહેરમાં પણ જાહેર જીવનમાં પદાર્પણ કરીને સ્ત્રી રસોડાંથી તે રાજકારણ સુધી પહોંચી ગઈ, સભાઓમાં ભાષણો કરતી થઈ, ચૂંટણીઓમાં પુરૂષને હફાવતી થઈ, અને ઉચ્ચ અભ્યાસમાં પણ સફળ થતી ગઈ, કોલેજોના પ્રિન્સિપાલનાં સ્થાને, બેંકમાં મેનેજરનાં સ્થાને પહોંચતી થઈ, મંડળોનો વિકાસ કરતી રહી, નારીસંગઠન કરી અન્યાય સામે જેહાદ જગવતી રહી. શહેરોમાંથી બહેનોનું જૂથ તૈયાર કરી ગામડાંમાં જઈ ઘરે ઘરે ફરીને અજ્ઞાન તથા પછાત વર્ગોનાં જીવનમાં ડોકીયું કરીને, તેને સાચી સમજણ આપી જીવન જીવવાનો માર્ગ સ્ત્રીઓએ બતાવ્યો - ખાસ તો કુટુંબનિયોજનમાં રસ લઈ, આપણા દેશને ડૂબતો બચાવવા એણે ઝુબેશ ઉપાડી, અત્યારના સંયોગોમાં પણ દહેજ પ્રથા, બળાત્કાર તથા અન્યાય વગેરેમાં સક્રિય કાર્ય કર્યું છે, અને હજી પણ કરતી રહે છે. હાલની યુવાન પેઢીને તે પ્રેરણા રૂપ જરૂર બને છે.

અભ્યાસ ક્ષેત્રે -

અભ્યાસક્ષેત્રે પણ વડોદરા શહેરની સ્ત્રીઓ આગળ વધતી જ રહી છે, આર્કિટેક, વિજ્ઞાન, ઈજીનીયરિંગ વગેરે. અનેક પ્રકારની ઉપાધી મેળવી રહી છે. વધારામાં હવે તો પરદેશ જઈ અભ્યાસ કરે છે. જેને રસ છે તેઓ દેશમાં રહીને પણ સંશોધનકાર્યમાં ઝુકાવે છે. સ્ત્રીઓની શકિત કુંઠિત થઈ ગઈ હોય તેને બહાર લાવવા નવા નવા કોર્સ શરૂ કરે, ભરત-ગૂંથણ ઉપરાંત ઘાસમાંથી બનતી વસ્તુઓ, જુનામાંથી નવું, કળા ક્ષેત્રે અને જીવનના આનંદ માટે શું જરૂરી છે તેનો અભ્યાસ કરી છેવટનું તારતમ્ય કાઢીને અમલમાં મૂકે છે. યુનિવર્સિટી સ્થપાઈ તેને કારણે બહેનો પોતાનો મનગમતો વિષય પસંદ કરી શકી છે. આગળ કહ્યું તેમ લલિતકલા તથા ખોરાક અને તેની જાળવણી અથવા તેની બનાવટનો અભ્યાસ કરી તેમાં પોષકતત્ત્વો જળવાઈ રહે તેનું જ્ઞાન મેળવે છે, રાંધણકળા એ પણ ખાસ જીવનની જરૂરીઆત છે. સ્ત્રી મંડળો દ્વારા રાંધણકળા ખીલવવા તથા અન્ય બહેનોને પણ એમાં વધારે જાણવા મળે માટે વાનગી હરીફાઈ યોજે છે. આવું પહેલાં યે વડોદરે ખૂબ થતું. હવે તેમાં વૈવિધ્ય છે. તેમાં જાતજાતની બનાવટ, બહેનો બનાવે છે અને નિષ્ણાત નિર્ણાયકો તેની પરીક્ષા કરી ઈનામ જાહેર કરે છે. આ પણ એક માનવીના જીવનનું આનંદનું પાસું જ છે - સ્ત્રી અવિરત ગૃહકાર્યથી કંટાળી ગઈ હોય ત્યારે આવા પ્રસંગો દ્વારા મનોરંજન મેળવે છે. પહેલાંના જમાનામાં રાંધણકળામાં હોંશિયાર તો હતી જ પરંતુ તે વખતે, વસ્તુઓ સીમિત મળતી, અને ખર્ચની દૃષ્ટિએ પણ કરકસરને અમલમાં મૂકી જરૂરીયાત પૂરતી જ વાનગી બનાવતી, જ્યારે હવે નવી નવી વસ્તુઓ મળે છે. તેની બનાવટ માટેના ખાસ વર્ગો ચાલે છે. એટલે બહેનોને છૂટો દોર મળી ગયો છે અને તેનો ઉપયોગ પણ બુધ્ધિશકિત ખીલવીને કરી શકે છે.

પહેલાંના યુગમાં જીવનની જરૂરિઆત બહુ જ ઓછી હતી. ઓછાં ખર્ચથી ઘર ચલાવી લોકો સંતોષથી રહેતાં, ઓછી આવકમાં પણ આનંદ કરતાં, હવે જ્યારે યુગપલટો આવ્યો આધુનીકરણ થયું ત્યારે, સ્ત્રીઓને કે પુરૂષોને કંઈક નવું જાણવાની જિજ્ઞાસા વધી છે. એટલે જરૂરીયાત કરતાં વધારે સુખ - સાધનની ઈચ્છા રાખે છે, અને પોતે બીજાં કરતાં કંઈક છે, એવું બતાવવા માટે, અને આવકજાવક અને બંને માટે નવા નવા માર્ગ શોધે છે. પરિણામે ને ક્યાંયનો રહ્યો નથી અથવા રહી નથી. અર્ધદગ્ધ સ્થિતિએ તે અટકી ગયેલ છે, હવે પછી શું કરવું એ પ્રશ્ન દરેક વ્યકિતને મૂંઝવતો રહે છે.

બીજે તેમ વડોદરામાં પણ આપણા સમાજના ત્રણ સ્તર છે : શ્રીમંત, મધ્યમ અને ગરીબ. એ ત્રણે પરસ્પરની તુલનામાં ઝોકાં ખાતો રહી ગયો છે. એ જ રીતે સમાજનાં ક્ષેત્ર પણ ત્રણ છે : આર્થિક, સામાજિક, શારીરિક સોથી પ્રથમ. આ ક્ષેત્ર મજબૂત કરવા માટે, જમાનાને અનુરૂપ રહેવા માટે. એકલા પુરૂષની આવકમાંથી ઘર ચલાવવું મુશ્કેલ પડી ગયું. એટલે સ્ત્રીઓને વ્યવસાયની જરૂર પડી. કેળવણીરૂપી ધન તો પ્રાપ્ત કર્યું જ છે; એટલે, નોકરી કરવાની મહેચ્છા જરૂર જાગે, ગ્રેજ્યુએટ (સ્નાતક) થાય કે તરત નોકરીનો સ્વીકાર માટે તૈયાર થાય છે. શાળામાં શિક્ષિકા કે હવે તો બેંકમાં ખાસ કરીને વધારે સ્ત્રીઓ જ હોય છે. આગળ કહ્યું તેમ, ઈજીનીયર કે આર્કિટેક કે વૈજ્ઞાનિક કે ડૉકટર થવું, ઉપરાંત ગ્રહદાશાસ્ત્રી થવું. એવાં અનેક ક્ષેત્રે સ્ત્રીઓની આવકનું સાધન બની રહે છે. પરંતુ, એને કારણે લગ્નજીવનમાં થોડી ઉણપ જરૂર રહે છે, પોતાની પુત્રવધૂ કે પુત્રી નોકરી કરી સારો પગાર લાવતી હોય તો કઈ સાસુ કે કઈ માતાને ગમે નહિ ? ગમે જ. એટલે વડીલોના વિચારોમાં પણ પરિવર્તન આવી ગયું છે. સંયુકત કુટુંબમાં સ્ત્રી રહેતી હોય તો. એને નોકરી કરી આર્થિક મદદરૂપ થવામાં ખાસ મુશ્કેલી ન પડે. પરંતુ, એ સ્ત્રી જો વિભકત કુટુંબમાં રહે ત્યારે તેને અનેક પ્રશ્નો મૂંઝવે છે. અલબત્ત, આવી અસહ્ય મોંઘવારીમાં અને સાધનસગવડની જરૂરિયાતમાં સ્ત્રીને કમાવાની જરૂર તો છે જ. પરંતુ તેના બાળકોની ઉછેરમાં જરૂર વિઘ્ન નડે છે. તે માટે પણ ઉપર્યુકત મંડળનાં કાર્યકર્તાઓએ વિચાર્યું છે કે, ઘોડિયા-ઘર શરૂ કરવાં, તેમાં ઓછી ભણેલી બહેનોને પણ ઉપાર્જન માટે મદદરૂપ થાય અને નોકરીઆત બહેનોને પણ સગવડ થાય. કચેરીએ જતી વખતે બાળકોને ઘોડિયા-ઘરમાં રાખી જાય અને સાંજે પાછાં લઈ જાય. એ પણ આવકારદાયક પ્રવૃત્તિ અન્ય બહેનોએ વડોદરામાં શરૂ કરેલ છે - નાસ્તાઘર શરૂ થયાં છે. તાજો નાસ્તો તૈયાર કરીને વ્યવસાયી બહેનોને ઘરે પહોંચાડે છે, અને તેથી અન્યોને સહાયરૂપ બને છે. આ થઈ આર્થિક ક્ષેત્રની વાત. આજ જેવી સખત જરૂરીયાત ૩૦ વર્ષ પહેલાં ન હતી, પરંતુ યુગપલટાની સાથે તાલ મિલાવી ચાલવું જ રહ્યું, તો પણ હજી તો પરદેશની દૃષ્ટિએ આપણો દેશ પછાત ખરો ને ! એમ વિચારી પાશ્ચાત્ય દેશોનું અનુકરણ કરી, બહેનો પોતાની જાતને ભૂલી જાય છે. નોકરીની સાથે ઘરના જીવનમાં અને સમાજમાં જે સમસ્યાઓ જાગે છે ને વિશે વિચાર આવે. વડોદરે પણ અનુભવી બહેનો આ બાબત ચર્ચાવિચારણા કરે છે ને વિશે વધુ વિચાર-કાર્યની જરૂર લાગે છે.

સામાજિક ક્ષેત્રે પણ ઘણા જ પ્રશ્નો હલ કરવાના રહે છે. પહેલાંના યુગમાં કહેવત હતી કે "દીકરી ને ગાય દોરે ત્યાં જાય". પરંતુ, હવે તો એ ઉકિત યોગ્ય નથી લાગતી. ઉંમરલાયક યુવતી થાય, સંપૂર્ણ અભ્યાસ કરી લે, એટલે એ તો એમ જ માને કે હવે અમે સર્વ હક્ક સ્વાધીન છીએ. પરિણામે પહેલું કાર્ય તો જીવનસાથી શોધવાનું રહે છે. તેમાં માતા-પિતા- તથા વડીલોની લાગણીને ઠુકરાવી, તેમણે આપેલી સ્વતંત્રતાનો દુરુપયોગ કરીને, કદી કદી સ્વચ્છંદતાનો યે માર્ગ અપનાવે છે, અને યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વગર જીવનસાથી પસંદ કરી ક્ષણિક આવેગમાં અને કાચી (અપરિપકવ) બુધ્ધિને કારણે પરણી જાય છે. માતા-પિતાની ઈચ્છા વિરુધ્ધ લગ્ન કરવાં હોય તો યુવક સાથે ભાગી જાય છે, પરંતુ થોડા સમય બાદ અનુભવે એ લગ્ન નિષ્ફળ જાય છે ત્યારે સહનશકિતના અભાવે છેવટે વાત લગ્નવિચ્છેદમાં પરિણમે છે જો કેળવણી પામેલી યુવતી હોય તો, સમજ વધી હોય તો, નોકરી સ્વીકારી સ્વતંત્ર જીવન પસંદ કરે. પરંતુ અર્ધજ્ઞાન કે અજ્ઞાન યુવતીનું શું ? એને તો શૂન્યમાં જ જીવન વિતાવવું પડે છે. તે માટે આપણા જૂનાં સામાજિક કાર્યકર્તાઓએ સંસ્થાઓ સ્થાપી છે જેવી કે વિકાસગૃહ, નારીકેન્દ્ર અને વધારામાં લોકઅદાલતો. છતાં પણ આ પ્રશ્નો એટલા બધા જટિલ છે કે, તેને ઉકેલવા માટે હાલનાં મંડળો કે જે વડોદરાની ચારે દિશાએ પાણીગેટ, કારેલીબાગ, આકોટા, ગોરવા, માંજલપુર કે બીજા વિસ્તારમાં સ્થાપેલાં મંડળો એ માર્ગ ભૂલેલી યુવતીને અપનાવીને તેને સાચી સમજણ પાડી પોતાના પતિનું ઘર વસાવવાનું જ સમજાવવું જોઈએ વિકાસગૃહમાં એવું પણ બને છે કે બહેનો રડતી આવે, સાસુ-સસરા કે પતિના ત્રાસનું વર્ણન કરે પરંતુ સાચી સમજણ આપી એકબીજાંને ગુનાને માફ કરી સજોડે હસતાં હસતાં પાછાં ઘરે મોકલે છે. નારી કેન્દ્રમાં આવેલી સ્ત્રીઓ પણ બળવાખોર ગુણો ધરાવતી હોય છે તેને પણ થોડો સમય રાખી, વ્યવહારૂ દૃષ્ટિ આપી તેનું જીવન સુખી કરે છે.

શારીરિક ક્ષેત્રમાં પણ બેનો ઓછી ઊતરે છે ? વર્ષોથી [illegible] કવાયતમાં ભાગ લેતી અને વધ[illegible] અખાડામાં ખો-ખો કે આટા[illegible]

રમતાં શરીરને [illegible] અને તાજાતવાન બનાવે છે. [illegible] હાલ આધુનિક યુગમાં યોગાસન[illegible] વર્ગ ચાલે છે. અરે હવે તો ઝુડો કરાટે જેવા વર્ગોમાં પણ સ્ત્રી[illegible] ઝંપલાવે છે. વડોદરામાં ખાસ કરી મહારાષ્ટ્રીયન બહેનો તેમાં વધુ પ્રમાણમાં ભાગ લઈ વ્યાયામશા[illegible] ઓમાં જાય છે, એમાં ખરેખ[illegible] મહત્ત્વની વાત તો સ્વરક્ષણની આવે છે. નારીને પોતાના રક્ષ[illegible] માટે કેળવાવું જરૂરી છે અને વખ[illegible] આવે અન્યોન્યને મદદરૂપ થઈ સ્ત્રીનું ગૌરવ સાચવી શકે છે.

વડોદરા શહેરમાં પહેલાં સયાજીરાવના વખતમાં બહેનો દ્વારે કાર્યક્રમમાં રસ ધરાવતી, પરંતુ આજે શહેરના વસ્તીવધારાને કારણે બહોળો ને ભરચક વિસ્તાર થઈ ગયો છે. પરસ્પર મિલનનો વ્યવહાર પણ મુશ્કેલ બન્યો છે, પરિણામે સંગઠનનો અભાવ જણાય છે. પ્રવૃત્તિઓ તો ઘણી વધી ગઈ છે, પરંતુ આવી પ્રવૃત્તિઓમાં મોટેભાગે ૪૦ વર્ષથી ઉપરની બહેનો જ ભાગ લે છે. યુવાન બાળાઓ-કોલેજની યુવતીઓ-રસ દર્શાવતી નથી, એનું કારણ શું ? એ નવી પેઢીના વિકાસને થતી અસરોનો વિચાર કરવો જરૂરી છે.

ખાસ તો, યુવાન બહેનોએ અત્યારના સમયમાં સ્ત્રીઓના સળગતા પ્રશ્નોને હલ કરવાની જરૂર છે, મુખ્યત્વ તો અજ્ઞાન અને ગરીબ પ્રજાને સમજાવવાની જરૂર છે, દહેજનું દૂષણના દૂર કરવા જેહાદ જગાડવા માટે, શહેરના નારીસમાજે જાગૃત થવું જોઈશે. કદાચ શ્રીમંત અને કહેવાતા ભણેલા વર્ગોમાં દહેજપ્રથાને કારણે કેટલીય નિર્દોષ સ્ત્રીઓની આહુતિ અપાય છે. લગ્નવિચ્છેદ અને જ્ઞાતિ બહારનાં લગ્નો થાય છે, એક કોમની કન્યા શા માટે અન્ય કોમમાં પરણે છે ? વગેરે અનેક પ્રશ્નોને હલ કરવા માટે સ્ત્રી મંડળોએ ઊંડો વિચાર કરવો જરૂરી છે.

અર્ધી રાત્રે કોર્ટોના બારણાં ખખડાવવા નારીને જવા ન દેશો. કોર્ટનાં લફરાંમાં પડવા ન દેનાં. સ્ત્રીમંડળો દ્વારા જ, સાચી સલાહ આપી જીવનના અંધકારમાં ડૂબી જતી નારીને સાચો રાહ બતાવીને તેનું સુખી દાંપત્ય બનાવવું ઘટે. વડોદરામાં સ્ત્રી-સંગઠનોએ આમાં વધુ સક્રિય થવું રહ્યું.

જેમ ખારા રણમાં કયાંક મીઠી વીરડી હોય છે, તેમ કેટલીક યુવાન કાર્યકર બહેનોએ નાની પણ જાગૃત સંસ્થાનનું સ્થાપન કરેલ છે. તેઓ સમાજનાં દૂષણોને દૂર કરવા જેહાદ જગાવે છે. નાટકો દ્વારા તથા ભીંતપત્રો ચોડીને કે પ્રદર્શનો યોજીને અથવા સરઘસ આકારે. સંગઠનબદ્ધ કરીને એણે નારી સમાજને જાગૃત કરેલ છે. એ સંસ્થાનું નામ "સહીયર". વડોદરા શહેરની વસ્તીની દૃષ્ટિએ હજી એવી અનેક સહીયર સંસ્થાઓ સ્થાપવી જરૂરી છે.

દરેક સ્ત્રી મંડળ પોતપોતાની આગવી રીતે "મહિલા દિન" ઊજવે છે એ યોગ્ય છે. પરંતુ જે મહાન મહિલાઓ ભૂતકાળમાં થઈ ગઈ એમણે પોતાને સમયના મુશ્કેલ

વડોદરાની પુસ્તકાલય પ્રવૃત્તિ

(દીપ ઘરના જ્યોતિર્ધર)

- શ્રી મોહન ભાઈ બારોટ

શિક્ષણપ્રેમી અને પ્રજાવત્સલ રાજવી સયાજીરાવે પોતાના રાજ્યની પ્રજામાં શિક્ષણની અભિરૂચિ જગાવવા અનેક નવા પ્રયોગો કર્યા હતા. લોકોના જ્ઞાનવિકાસ માટે અને લોકશિક્ષણના ભાગ રૂપે તેમણે ગ્રંથાલય પ્રવૃત્તિનો સુંદર વિકાસ કર્યો. આના પરિપાક રૂપે વડોદરા શહેરને ગ્રંથાલયોની અનોખી ભેટ મળી. સાથે સાથે ગામડાઓમાં પણ ગ્રંથાલય પ્રવૃત્તિનો યજ્ઞ પ્રારંભાયો.

પ્રા. હસિન બૂચે તેમના "વડોદરા, આ વડોદરા" પુસ્તકના તેરમા પ્રકરણમાં આવાં પુસ્તકાલયોને યથાર્થ રીતે જ "પ્રજાના દીપઘર" તરીકે વર્ણવ્યાં છે. સયાજી શાસનમાં લોકક્રાંતિ અર્થે આવાં અનેક દીપઘરો અસ્તિત્વમાં આવ્યાં. પુસ્તકો રૂપી દીપોએ જ્ઞાનની રોશની ચોમેર ફેલાવી. કેવળ લોકકલ્યાણની ભાવનાથી જ્ઞાનના આવા પ્રકાશને ફેલાવનાર દીપઘરોના જ્યોતિધર હતા કે. સયાજીરાવ ત્રીજા.

સારા અને સુંદર પુસ્તકોની પ્રાપ્તિ જ્યારે દુર્લભ હતી ત્યારે સયાજીરાવે ઠેર ઠેર પુસ્તકાલયોનું નિર્માણ કરીને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવાનો નવલો અને સફળ પ્રયોગ કર્યો. ઔપચારિક શાળાકીય શિક્ષણ પણ નહિ પામેલા આ નરરત્નને પુસ્તકોની અગત્ય સમજાઈ ગઈ હતી.

Walt Whitman ની પંક્તિઓ -

COMRADE,
THIS IS NO BOOK
ONE, WHO TOUCHES
THIS
TOUCHES A MAN

(અર્થાત્ બિરાદર આ માત્ર કિતાબ નથી, જે આને સ્પર્શે છે તે આદમીને સ્પર્શે છે.)-ના સંદર્ભમાં ગ્રંથાલયના માધ્યમ દ્વારા રાજવી સયાજીરાવ પોતાનામાંના ગ્રામ "ગોપાળ"ની ભાવનાને સઘન રૂપે આપીને પ્રજાના વિશાળ સમુદાયને સીધા જ સ્પર્શવા માંગતા હતા. કારણ - One who touches this, touches a man. જ્હોન મિલ્ટનની આ વાત - "પુસ્તક એ મનુષ્યનો આત્મા છે અને આત્માના અનંત સાતત્ય જેવું જ સાતત્ય પુસ્તકોનું. પુસ્તકો કદી મરતા નથી, કારણ વિચાર કદી મરતો નથી" - જાણે કે સયાજીરાવના હૃદય અને મનમાં વસી ગઈ હતી.

દૂર દૂરનાં ગામડા ઓમાં શાળાઓ ઉપરાંત પુસ્તકાલયો સર્જવા માટે મહારાજાએ ખાસ વ્યવસ્થા કરી હતી. વડોદરા રાજ્યના આશરે ત્રણેક હજાર ગામોમાંથી અડધા ઉપરાંતમાં પુસ્તકાલયો સ્થાપવામાં આવ્યાં હતાં. તેમાં તમામ પ્રકારના પુસ્તકો અને સાહિત્ય ઉપલબ્ધ થાય અને પુસ્તકોનો ઉપયોગ કરનારને પ્રોત્સાહન મળે તે રીતે આયોજન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાનના પુસ્તકોને પણ ધર્મ, કાયદા, ઈતિહાસ અને સાહિત્યનાં પુસ્તકો જેવું જ સ્થાન આપવામાં આવતું. ગ્રંથાલયના મકાન માટે ગામ દ્વારા એકત્ર થયેલ રકમ જેટલી બીન રકમ રાજ્ય તરફથી આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. આના પરિણામે, નાનાં ગામોમાં પણ સારાં પુસ્તકાલયો સ્થપાયા અને તેનું યોગ્ય સંચાલન થયું. કેળવણી અને શિક્ષણનો વ્યાપ સર્વત્ર વધ્યો. તેમાં વળી શ્રી મોનીભાઈ અમીન જેવા સંનિષ્ઠ ભેખધારીની સેવાઓ મળી. એટલે સયાજીરાવનું હૈયું આનંદ અને ઉમંગથી પોરસાયું જ હશે. ૧૯૨૩-૨૪માં મોનીભાઈ અમીને પુસ્તકો માટે મદદરૂપ એવી "ગુજરાત પુસ્તક સહાયક સહકારી મંડળ"ની સંસ્થા રચી. તે સંસ્થાના ઉપક્રમે જ્ઞાનપરબોને પ્રશંસનીય સહાય મળી.

વડોદરા શહેરની વાત કરીએ તો આ બાબતમાં તેનું પરમ ભાગ્ય. મોટાં ગ્રંથાલયોમાં જયસિંહરાવ સાર્વજનિક ગ્રંથાલય, માંડવી પાસેનું મધ્યવર્તી પુસ્તકાલય અને મ.સ. વિશ્વવિદ્યાલના પ્રાંગણમાં ભવ્ય એવું "હંસા મહેતા ગ્રંથાલય" ગૌરવ સાથે ઉલ્લેખનીય છે. મારી દ્રષ્ટિએ તો એ સયાજીરાવનાં સાચાં સ્મારકો છે.

જયસિંહરાવ ગ્રંથાલય મૂળ તો ૧૮૭૭માં નાના પાયે "સ્ટેટ લાઈબ્રેરી" તરીકે સ્થપાયેલું. તેની ગ્રંથસમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. કોઠી કચેરી પાસેની આકર્ષક ઈમારતમાં આવેલ આ ગ્રંથાલય પાસે ગુજરાતી મરાઠી ગ્રંથોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે. આ ગ્રંથાલયની વિકાસયાત્રામાં સયાજીરાવને સાથ આપનાર હતા તેમના માર્ગદર્શક માન્ય શિક્ષક પ્રો. એફ. એચ. એલિયેટ અને બરોડા હાઈસ્કૂલના તત્કાલીન આચાર્ય પોપ. ૧૯૨૫ના અરસામાં આ ગ્રંથાલય સાર્વજનિક રૂપમાં આવ્યું અને વિલીનીકરણ બાદ ટ્રસ્ટ દ્વારા તેનું સંચાલન થાય છે. ગ્રંથાલય જૂનાં અપ્રાપ્ય પુસ્તકોનું અદભૂત સંગ્રહસ્થાન છે. ૧૯૩૭માં તેનો હીરક મહોત્સવ સયાજીરાવની હાજરીમાં ઉજવાયેલો.

અગાઉ કાચની લાયબ્રેરી તરીકે પંકાનું એવું મધ્યવર્તી પુસ્તકાલય માંડવી જેવા ભરચક વિસ્તારમાં આવેલું છે. મુખ્ય રસ્તા પર ઉંચા ઓટલા અને છજાવાળું તેનું મકાન તરત ધ્યાન આકર્ષે છે. કાચના વિશિષ્ટ ઉપયોગવાળી આ લાયબ્રેરી આજે પણ નવીન અને અનોખી ગણાય છે.

જાહેર પ્રજા માટે આવું સાર્વજનિક પુસ્તકાલય ખરે જ અનન્ય છે. આખા દેશમાં આવું સમૃદ્ધ ગ્રંથાલય એ સમયે એ પહેલું જ. તેની યોજનામાં. ઘડતરમાં એક વિચક્ષણ અમેરિકન વ્યકિત મિ. વિલિયમ એલેન્સન બોર્ડનની સરસ મદદ મળી. સયાજીરાવની ઉદારતા એવી કે રાજમહેલનો ગ્રંથાગાર જનાતાના કલ્યાણ માટે એમણે આપી દીધો. આ ગ્રંથાલય વિવિધ પુસ્તકોની પ્રાપ્તિને કારણે અતિ સમૃદ્ધ અને પુસ્તકોના અમૂલ્ય ખજાના જેવું આ પુસ્તકાલય વિપુલ ગ્રંથસમૃદ્ધિને કારણે ગુજરાત રાજ્યની સ્થાપના બાદ રાજ્યના ગ્રંથાલયનો દરજ્જો પામ્યું.

૧૯૬૫થી અહીં કોપીરાઈટ વિભાગ પણ શરૂ થયો.

અહીં સંદર્ભ વિભાગમાં દેશ-પરદેશનાં અપ્રાપ્ય પુસ્તકો પણ મળે. શબ્દકોશો ઉપરાંત કાયદા, સાહિત્ય, વિજ્ઞાન ઈતિહાસ, ખગોળ વગેરે વિષયો પરના અંગ્રેજી, ગુજરાતી, હિંદી, મરાઠી, ફ્રેંચ, જર્મન વગેરે ભાષામાં વિવિધ પુસ્તકોનો મહામૂલો સંગ્રહ અહીં સચવાયો છે. મિલ્ટન-શેકસપીઅર જેવા અંગ્રેજ કવિઓના હસ્તાક્ષરોવાળું અલભ્ય પુસ્તક અહીં લોકસુલભ છે. હવે એનું બીજું વધુ ભવન પણ તૈયાર થયું છે.

શિક્ષણધામ મ.સ. યુનિના વહીવટ હેઠળ કેમ્પસમાં આવેલ હંસા મહેતા ગ્રંથાલય, પણ સમૃધ્ધ અને વિશાળ છે. વિદ્વાનો, વિદ્યોપાસકો અને વિદ્યાર્થીઓથી સતત ધબકતું આ ગ્રંથાલય દિવસ-રાત ખુલ્લું રખાય છે.

દેશ-વિદેશના સંદર્ભગ્રંથો અને સામયિકો પણ અહીં સુલભ.

આ ઉપરાંત પ્રાચ્ય વિદ્યામંદિરમાં મોટો હસ્તપ્રત અને રાશ ગ્રંથભંડાર ઉપલબ્ધ છે.

આ અમૂલ્ય ખજાનો એકત્ર કરવામાં રાજકુટુંબનો ફાળો વિશેષ ઉલ્લેખનીય છે.

એય ઉમેરીશું કે, ત્યારે ભારતમાં વિશિષ્ટ એવી ગ્રંથપાલ-તાલીમની યોજના ઘણી સાકૃષ્ટ થઈ, આવા તાલીમ પામેલ ગ્રંથપાલોની માગ પ્રાંત-પ્રાંતથી આવતી. વડોદરા એમાં મદદરૂપ થતું -

ખુદ પુસ્તકપ્રેમી એવા રાજવી સયાજીરાવની વિશિષ્ટ કાર્યશૈલી તેમનો અંગત રસ અને સતત દોરવણી-આ કારણે ગામડે ગામડે પુસ્તકો પહોંચાડાતાં અને વસાવાતાં પુસ્તકો વંચાય અને ગ્રંથાલયો વ્યવસ્થિત થાય તે માટે ખાસ કાળજી રખાતી. લોકજાગૃતિ માટે ફરતી પેટીઓમાં પુસ્તકો જુદે જુદે સ્થળે અને મેળાવડાઓમાં મોકલવામાં આવતાં.

ઓછાં સાધન, અપૂરતી જાગૃતિ અને ઓછા અક્ષરજ્ઞાનની પરિસ્થિતિમાં પણ દીપઘરો રચીને જ્યોતિર્ધર સયાજીરાવે જ્ઞાનનાં ઉજળાં ઓજસ પ્રસાર્યાં. એ પરિસ્થિતિની તુલનામાં આજે અનેક સુવિધાઓ હાથવગી હોવા છતાં પુસ્તકો પ્રતિ ઉદાસીનતા વધતી અનુભવાય છે, એ શું સયાજીરાવના તેજસ્વી સ્વપ્ન પર ક્ષણિક ગ્રહણની અસર છે ?

→ ત્રાગદાટકાળી ક્ષત્રી પ્રવૃત્તિ.....

સ્ત્રીપ્રશ્નો અંગે કરેલા કાર્યોને સંભારીને અંજલી આપવી તે આપણા માર્ગે આગળ જવામાં ઉપયોગી બને છે. દરેક મહિલાએ સંગઠનોમાં જોડાઈ હવે કાર્ય ઉપાડી લેવું જરૂરી છે, આગેવાન સ્ત્રી ભાષણો કરીને વસ્તુસ્થિતિનું ભાન કરાવે છે. પરંતુ એ ભાષણો સાંભળનાર તો ભણેલા વર્ગની બહેનો હોય છે. એ પ્રવાહ બધે ફેલાય એમ કરવું જોઈશે.

ખરી જરૂર તો એ જ છે કે; સંગઠન કરી જરૂરીઆતવાળા લત્તામાં દા. ત. તરીકે બકરાવાડી, નવાપુરા કે ચાંપાનેરવાડી અથવા તો બીજા લત્તામાં જઈને અજ્ઞાન બેનોને બહાર લાવીને સમજાવવું જોઈએ કે, તમારી દીકરી શા - માટે પાછી આવે છે, ફુટાકેડા લેવા શા માટે તૈયાર થાય છે ? તમારા દીકરાની વહુ શા માટે આપઘાત કરે છે ? તમારા પતિ કે પુત્રો દારૂની લતે ચડી જાય છે ? ત્યારે તમે સમજાવીને તેને ગાળો દેવાને બદલે, શાંતિથી સમજાવો. તમારાં બાળકોને ભણવા માટે પ્રોત્સાહન આપો. આવા અનેક પ્રશ્નો આપણે જાતે જઈને ઉકેલવાના છે. એમ કરીશું ત્યારે જ મહાન મહિલા દિન ઉજવાશે - સેવાભાવી વિદુષી મહિલાઓએ ભૂતકાળમાં જે જે કાર્યો કર્યાં છે તેને સાચી શ્રધ્ધાંજલી આપી ગણાશે. અને આપણાં સંતાનો એ બધું જાણશે તો ભવિષ્યમાં તેઓ પણ આવાં સમાજ ઉપયોગી કાર્યો કરવા જરૂર પ્રેરાશે. માટે ખાસ તો આજની ઊગતી પેઢીની યુવતીને જગાડવાની જરૂર છે. તો જ સમાજનું માળખું મજબૂત થશે તેનું ફળ આવતી પેઢી જરૂર ચાખશે.

આજના અણુયુગના જમાનામાં અને આકાશવાણી તથા દૂરદર્શન જેવા ક્ષેત્રે સ્ત્રીઓએ અમૂલ્ય ફાળો નોંધાવ્યો છે, પરંતુ આપણી સંસ્કૃતિનેતે ભૂલી જાય છે, તેથી તેમને સતર્ક કરવા માટે, સ્ત્રી મંડળોએ પ્રયત્નો કરવાની જરૂર છે. તો જ ભારતનો નારી સમાજ, દેશને વિકાસને પંથે લઈ જવા માટેનો અમૂલ્ય ફાળો નોંધાવશે. છેલ્લે એક વાત દીવા જેવી છે પણ તે કંઈક ભૂલાય છે. સમાજની ઘણી અભ્યાસ-કલા - વિજ્ઞાન કે સેવાની સંસ્થાઓ વડોદરામાં પણ કાર્યો કરે છે. શાળા - કોલેજ - ઘરમાં શીખવાનું હોય છે, ને આ વિશેષ - પ્રવૃત્તિઓમાં યે નવી પેઢીની બહેનોએ તો સક્રિય થઈને જોડાવું જોઈએ. એથી સમાજ, ઘર શિક્ષણ કે સ્ત્રીના ખુદના જીવનને ય ઘણું કિંમતી ભાથું મળ્યા કરે છે.

!! શુભેચ્છા સહ !!

બિલ્ડીંગ કોન્ટ્રાકટર
એન્ડ
સોસાયટી ઓરગેનાઈઝર

૧૧-એ, યમુના સોસાયટી, વાઘોડિયા રોડ,
વડોદરા. ટેન. ૫૫૯૫૧૩

મહારાજા ફતેસિંહરાવ સંગ્રહાલય

શ્રી સી. કે. ગાયકવાડ

લક્ષ્મી વિલાસ પેલેસમાં આવેલ મહારાજા ફતેસિંહરાવ ગાયકવાડ સંગ્રહાલય એ સંસ્કૃતિનો મંડપ છે. આ સ્થળના ભૂતકાળમાં જો ડોકિયું કરીએ છીએ તો આપણા સ્મૃતિપટ પર "મોતીબાગ સ્કૂલ"ની યાદ તાજી થાય છે. જ્યાં શિક્ષણના પાઠો સ્વ. મહારાજા પ્રતાપસિંહ રાવ ટ્રસ્ટના સંસ્થાપક સ્વ. મહારાજા ફતેહસિંહ રાવ ગાયકવાડ અને સમગ્ર - ગાયકવાડ પરિવારે લીધા હતા. એ ભવનનો ઉપયોગ સમયનું પડ ચડતાં સંગ્રહાલય તરીકે કરવામાં આવ્યો અને ત્યારે આ સંગ્રહાલયની જાળવણી અને મૂલવણી માટે વિખ્યાત કલા વિવેચક અને મ્યુઝિયમના નિર્દેશક ડૉ. એચ. ગોએટઝને સોંપી દેવામાં આવ્યું. ડૉ. ગોએટઝના કુશળ માર્ગદર્શનને કારણે સંગ્રહાલયને ઉજળું રૂપ આવ્યું. લક્ષ્મી વિલાસનું સુરમ્ય વાતાવરણ આ સંગ્રહાયલની શોભા વધારે છે. ૧૯૬૧ની એપ્રિલમાં આ સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના માજી રાજ્યપાલ સ્વ. નવાબ મહેંદી નવાઝ જંગના વરદ હસ્તે કરાયું અને એ દિવસથી આ સંગ્રહાલયનો લાભ આમ વર્ગ જાણી રહ્યો છે.

પણ હકીકતમાં તો, સંગ્રહાલયની કલાત્મક સામગ્રી માટેનો સાચો યશ તો સ્વ. મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (તબક્કો ઈ.સ. ૧૯૩૯)ને જાય છે. એમની આગવી સૂઝ, ઝીણવટભર્યું અવલોકનનું સંગ્રહાલય એ સ-રસ પરિણામ છે અને તેમનું પ્રદાન માત્ર આ સંગ્રહાલય પૂરતું જ નથી, પરંતુ તેઓ વડોદરાના વિશ્વકર્મા છે. વડોદરાના સર્જક છે. એમના સમયથી જ નગરની પ્રગતિ અને વિકાસને પોતાની આગવી સૂઝ અને દ્રષ્ટિમાં સમાવી કંઈક લોકોપયોગી યોજનાઓને સાકાર કરી અને તેમણે આ નગરને ઉન્નતિની ચરણસીમાએ પહોંચાડવા કયાંય કચાશ પણ નથી રાખી, જેના પરિણામ સ્વરૂપે એમના સમયમાં વડોદરાની ખ્યાતિ દેશના એક પ્રગતિશીલ રાજ્ય તરીકે થવા લાગી.

શ્રીમંત મહારાજા સાહેબને, લલિતકલા વિશે વિશેષ જાણકારી નહોતી, તેમ છતાં, તેમણે એ દિશામાં પોતાની આગવી સૂઝ વ્યકત કરી અને દેશ-વિદેશના ખ્યાતિ પ્રાપ્ત કલાકારોનો સહયોગ મેળવી કલાત્મક વસ્તુઓનો સંગ્રહ કર્યો.

વર્ષો સુધી એ કલાકૃતિઓ વડોદરામાં આવેલ રાજમહેલો ઉપરાંત દેશના અન્ય સ્થળે વિવિધ ઈમારતોમાં એ એક શ્રૃંગારનો વિષય બની રહી. કલા પ્રત્યેના એમના આદરભાવના કારણે પાછળથી આ સ્વ. શ્રી ફતેસિંહરાવ ગાયકવાડ ટ્રસ્ટની સ્થાપના માટે પ્રેરણા બક્ષી જેના ફલસ્વરૂપે આજે એ કલાત્મક વારસો આમવર્ગ સુધી પહોંચી શકયો.

શ્રીમંત મહારાજા સયાજીરાવે પોતાના સમય દરમ્યાન વિશ્વના ખૂણેખૂણેથી વિવિધ પ્રકારના વિવિધ કલાકારોને સન્માનપૂર્વક આમંત્રયા હતાં

એ કલાકારોમાં વેનીશિયન કલાકાર ફેલીચી, રાજા રવિ વર્મા અગ્રણી હતા. કલાકાર ફેલેચી પોતે એક બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકાર હતા.

આ કલાકારના સહયોગથી મહારાજા સાહેબે પોતાના આવાસોની સજાવટ માટે પશ્ચિમની અનેક બહુમૂલ્ય અને લોકપ્રિય કલાકૃતિઓ મંગાવી હતી. આ કલાકારો, જ્યારે અને જેટલો સમય અહીં રહ્યા એટલા સમયમાં તેમણે કાંસા અને સંગેમરમરની અનેક પ્રતિમાઓ અને તૈલચિત્રો સર્જ્યા હતા. જેમાંથી કેટલીક કલાકૃતિઓનો આજે પણ આ સંગ્રહાલયની શોભામાં અભિવૃધ્ધિની પ્રતિતિ કરાવે છે.

એ જ પ્રમાણે એ સમયે રાજા રવિ વર્માની ગણત્રી પણ પ્રથમ પંકિતના કલાકારોમાં થતી હતી. તે ઓ ત્રાવણકોરના રાજકુમાર હતા, પણ કૂણા હૃદયે તેમણે કલાક્ષેત્રે લાવ્યા હતા.

રાજા રવિવર્મા એ દેશના પ્રથમ એવા ચિત્રકાર હતા કે જેમણે તૈલચિત્રોનું સર્જન કર્યું છે.

પોતાના વડોદરા નિવાસ દરમ્યાન તેમણે કેટલીક પૌરાણિક અને રાજપરિવારને સંબંધિત કૃતિઓનું સર્જન કર્યું હતું આ ગર્વીલા રાજવી કલાકારની યશોગાથા ગાતાં એમનાં સર્જનો આ સંગ્રહાલયમાં સાક્ષીરૂપ પોતાનું કંઈક અલગ જ અસ્તિત્વ ધરાવે છે.

વડોદરાના રાજદરબાર સાથે સંકળાયેલ અન્ય કલાકારોમાં શ્રી ફૈઝ રહેમાન જેમણે કલાનો વારસો અંગ્રેજ કલાકાર સર જોન એલ સાર્જન્ટ પાસેથી મેળવ્યો હતો. આ પળે શિલ્પી ફણીન્દ્રનાથ બોઝને જો યાદ ન કરાય તો અક્ષમ્ય અપરાધ ગણાય. કવિવર રવીન્દ્રએ શ્રી બોઝની કલાની મુકતકંઠે પ્રશંશા કરી હતી.

સંગ્રહાલયમાં આ કૃતિઓ ઉપરાંત "પોર્સેલિયને" માટીમાંથી બનાવેલ ચીની અને જાવાની કલાકૃતિઓના બેનમૂન નમૂનાઓના આસ્વાદ પણ માણવા મળે છે. આની સાથે સાથે જ "બેઝવુડ" અને "કાલ્ટન" નામની ચિનાઇ માટીમાંથી બનેલી કંઈ કેટલીયે સામગ્રીઓ અને કાચની પણ અનુપમ કલાકૃતિઓ માણવા મળે છે.

સંગ્રહાલયના ઉપલા બે માળખા બે ઓરડાઓમાં "રોકોકોશૈલી"ની ઉત્તમ કોટિનું ફર્નિચર પણ ગોઠવેલું જોવા મળે છે.

પાન ૧૬ નું ચાલુ...

આ વિકાસથી નાનામોટા ઘણા લેખો લખાયા છે. તેમજ મોટા કેટલાક ગ્રંથો લખાયા છે. તેની અલ્પસૂચિ પણ લેખની મર્યાદામાં આપી . શકાય તેમ નથી. પરંતુ છપાયેલા ગ્રંથોમાં અંગ્રેજી ભાષામાં બી સુબ્બાવરાવનું "Baroda thrugh the Ages" અને ઉમાકાન્તનું 'Akota Brought"ઘણા મહત્ત્વના છે. ગુજરાતી ભાષામાં આ લેખકનું "વડોદરા એક અધ્યયન" અત્યાર સુધી થયેલાં અન્વેષણોનું દિગ્દર્શન કરાવે છે, અને કુ. મંજુલા ઓઝાનો વડોદરાના મંદિરોનો ગ્રંથ છપાય છે. ડૉ. ઉમાકાન્ત શાહનો ગ્રંથ મુંબઈ સરકારે છાપ્યો છે. જ્યારે બીજા ગ્રંથો મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય તરફથી પ્રકાશિત થયા છે અને પ્રકાશનમાં છે. વડોદરા માટેની નાની પુસ્તિકા વડોદરા મ્યુઝિયમ તરફથી પ્રકાશિત થવામાં છે. આ તમામ સાધનાથી વડોદરાની પ્રાચીનતા આશરે પાંચ હજાર વર્ષ જેટલી થવા જાય છે. અને એ લાંબા ઈતિહાસમાં અહીના રોમન અને ચીની અવશેષો એને આંતરરાષ્ટ્રીય કક્ષામાં મૂકે છે. જ્યારે અહીંના શિલ્પો તેને ભારતીય કલાના ઈતિહાસજ્ઞોનાં સમગ્ર વિશ્વમાં માનભર્યું સ્થાન અપાવે છે.

જી.એમ.ડી.સી.
ના
ઉચ્ચ ગુણવત્તાવાળા ખનિજો

ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
"ખનિજ ભવન"
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ટે.નં. ૪૦૨૪૭૫-૬-૭-૮-૯
તાર : MINCORP ટેલેક્ષ : ૦૧૨૧-૩૨૦

● લિગ્નાઈટ
● ફ્લોરસ્પાર
એસીડ તથા મેટલર્જીકલ ગ્રેડ
● સિલિકાસેન્ડ
● બોક્સાઈટ
વિવિધ ગુણવત્તામા

Navnit/210/87

પ્રાચીન અને અર્વાચીન ઉર્દુ સાહિત્યકારો

- શ્રી ખલીલ ધનતેજવી

દિલ્હી, યુ.પી. સહિત સમગ્ર ઉત્તર ભારત આજે ભલે ઉર્દુ કવિતાનો ગઢ ગણાતો હોય પરંતુ ગુજરાત એની જન્મભૂમિ છે એ વાત વિસરી શકાય તેમ નથી. દિલ્હી-યુ.પી. વિસ્તારોમાં ઉર્દુ ભાષાનો માત્ર સામાન્ય વાતચીતમાં ઉપયોગ કરાતો હતો અને કવિતા માત્ર ફારસી ભાષામાં જ થઈ શકે એવી પ્રબળ માન્યતા પ્રસરી રહી હતી એવા સમયે ગુજરાતમાં ફારસી કવિતાનાં મૂળભૂત છંદોલયને ઉર્દુ ભાષામાં કવિતાની સર્જનપ્રક્રિયાનો આરંભ થયો, એટલું જ નહિ પણ કવિતા તો માત્ર ફારસી ભાષામાં જ થઈ શકે એવી રૂઢતા પર પ્રહારરૂપ બનતી ગુજરાતની સર્જનપ્રક્રિયાએ કવિતા માટે ઉર્દુભાષાની પ્રમાણતા સિદ્ધ કરી આપી.

આપણે ત્યાં કવિતાનાં વિવિધ સ્વરૂપો પ્રયોજાય છે. એમાં ગઝલ અને સોનેટ, આ બે સ્વરૂપો વિદેશોમાંથી આયાત કરેલાં છે. એમાં ઈરાનથી આયાત થયેલ ગઝલ સ્વરૂપની વ્યાપકતા ઝાલી ન ઝણાય એવા વેગથી પ્રસરી ચૂકી છે. શરૂ આતમાં ફારસી ભાષામાં જ ગઝલ લખાની હતી ત્યારે ઈસવીસનની ચૌદમી સદીમાં ગુજરાતમાં ઉર્દુ ભાષામાં ગઝલ લખવાનો એક પ્રયોગાત્મક પ્રારંભ થયો, જેમાં કાજી મહેમુદ દરિયાઈ અને શાહ અલી જીયો ગામધની આ ચૌદમી સદીના સર્જકો થઈ ગયા. ખૂબ મોહંમદ ચિશ્તી અને મોહમદ કુલી કુતુબશાહે પણ ઉર્દુ ગઝલ-કવિતાક્ષેત્રે મહત્ત્વનો ફાળો આપ્યો. કુતુબશાહનો તો ઉર્દુ ગઝલ સંગ્રહ પણ પ્રસિધ્ધ થયો હતો. આ વાત લગભગ પંદરમી સદીની આસપાસની છે. જ્યારે સોળમી સદીના વલી ગુજરાતી ઉર્દુ ગઝલના બાવા આદમ ગણાય છે. વલી ગુજરાતી પોતાનો ઉર્દુ ગઝલનો પ્રથમ સંગ્રહ લઈને ભારતના પાટનગર દિલ્હીમાં પહોંચ્યા અને ત્યાંના ફારસી કવિઓને પોતાની ઉર્દુ રચનાઓ સંભળાવીને એવા પ્રભાવિત કર્યા કે એ પછી દિલ્હી-યુ.પી.માં કવિતાક્ષેત્રે ઉર્દુ ભાષાનો એક વણથંભ્યો પ્રવાહ શરૂ થઈ ગયો અને એ લોકો ગુજરાતના કવિઓથી આગળ નીકળી ગયા. જેમાં પ્રારંભિક કાળમાં "આબરૂ" મઝનૂન, શાહ રાતિમ, ખાને હ આરઝૂ, " મિર્ઝા મઝહર, જાને જાં અને "નાબાં" જેવા શાયરો ઉલ્લેખનીય ગણાયા, ત્યારે મધ્યકાલિન યુગમાં "સૌદા" દર્દ, મીર, મુસ્હફી, ઈનશા, મુસહફી, નાસિખ, આતિશ, શાહ નાસિર, મૌમિન, ઝૌક, ઝફર, (બહાદુરશાહ ઝફર), મિર્ઝા ગાલિબ, દાગ, અમીર, અનીસ, અને "દબીર" જેવા શાયરોએ ઉર્દુ કવિતા પર ચિરંજીવી પ્રભાવ પાથર્યો છે.

ગુજરાતમાંથી ઉદ્‌ભવતી ઉર્દુ કવિતા દિલ્હી-અને સમગ્ર ઉત્તર ભારત સુધી વિસ્તરી શકતી હોય તો વડોદરા એનાથી વિમુખ શી રીતે રહી શકે ? જો કે વડોદરામાં આ પ્રવૃત્તિનો પ્રારંભિક તબક્કો અતિશય વેરવિખેર હોઈ તેના અંશો આજે ઉપલબ્ધ નથી. પણ અઢારમી સદીના ઉત્તરાર્ધ પછીના કેટલાક અંશો હાથવગા થઈ શકે તેમ છે. તેમાં મુનશી મોહમંદઅલી બબર અલી જેમનું તખલ્લુસ "આસી" હતું. ગાયકવાડી યુગમાં સ્કૂલમાં શિક્ષક તરીકે સેવાઓ આપતા હોવાથી મુનશી તરીકે પણ લોકો તેમને ઓળખતા હતા. શિક્ષણ ખાતામાં તેઓ ઉર્દુ વિભાગના ઈન્સ્પેકટર તરીકે નિમાયા હતા. કવિતામાં ગઝલના છંદસ્વરૂપો અને માત્રામેળનો પરિચય કરાવતું, તેઓએ એક પુસ્તક "આઈન- એ-શાયરી" લખ્યું હતુ. એ પુસ્તક છપાવી શકાયું નથી, પરંતુ અત્રેની જુમા મસ્જિદ લાયબ્રેરીમાં આ પુસ્તકની હસ્તપ્રત આજે પણ જોવા મળે છે. ૧૯૫૫માં તેઓનું અવસાન થયું હતું.

વડોદરાના શાયરોમાં આજે પણ જેમનો આદરપૂર્વક નામોલ્લેખ થાય છે એવા ગઝલના નામવર શાયર " અફસર"ના ઘણા શિષ્યો આજે પણ છે. "અફસરનું " મૂળ નામ મહેમુદ હસન હતું. એમના પૂર્વજો "સેહસવાન"થી વડોદરા આવીને વસ્યા હતા અને પછી વડોદરાના જ થઈ ગયા હતા. "અફસર"નો જન્મ પણ વડોદરામાં જ થયો હતો. ભારતના ઉર્દુના જાણીતા શાયરો અમીર, દાગ, જલીલ, જલાલ અને "યાસ" જેવા તે વખતના આગલી હરોળના શાયરોમાં તેમનો સમાવેશ થતો હતો.

તેઓ વૈદકિય પણ જાણતા હતા. અને કુરાનના હાફિઝ પણ હતા. (આખું કુરાન મોઢે કરનારને હાફિઝ કહેવામાં આવે છે.) વડોદરામાં ઉસ્તાદ શાયરોમાં તેમની ગણના થતી હતી. ૧૯૫૧માં તેઓનું અવસાન થયું હતું.

વડોદરાની મરાઠા હકુમતમાં દરબારી અમીરોમાં જેમનો સમાવેશ થતો હતો એવા સૈયદ મુહમંદહુસેનનું ઉપનામ "અહેસાન" હતું. ગઝલના સારા સર્જક હતા. લોકો એમને "ખારેજાન" ના હુલામણા નામથી પણ સંબોધતા હતા. તેઓ નામાંકિત કવિ "મફતુ"ના શિષ્ય હતા. જ્યારે આધ્યાત્મિક સ્વરૂપ ગઝલ લખતા મુનશી "ઐશ" પણ વડોદરાના જ વતની હતા. તેઓ નૈયર બળોદેવીના શિષ્ય હતા અને આગળ જતાં તેઓ ઉસ્તાદનો દરજ્જો પામ્યા હતા. ૧૯૩૬માં તે ઓનું અવસાન થયું હતું. એમના બે વર્ષ બાદ એટલે કે ૧૯૩૮માં જેમનું અવસાન થયું તે શાયરનું નામ અહેમદમિયાં હતું અને તખલ્લુસમાં પણ "અહેમદ" પ્રયોજતા હતા. તેઓ જાતે ભાટ હતા અને તેમની રચનાઓમાં આધ્યાત્મિકતાનો વિશેષ પ્રભાવ હતો.

મૂળ ડભોઈના વતની સૈયદ બુરહાનુદીન "મીરાંસાહેબ"ના ઉપનામથી ઓળખાતા હતા, પૂર્વજોની પીરી-મૂરીદી (યજમાનગીરી)ની પ્રથા ત્યાગીને તેઓ ગાયકવાડ સરકારની નોકરીમાં જોડાઈ ગયા હતા અને પ્રયોગાત્મક ગઝલો લખતા હતા. વડોદરા પાસે જેમના નામ પરથી રૂમીપુરા ગામ વસ્યું એ ઈબ્રાહીમ ખલીલ પ્રજામાં રૂમી જમાદારને નામે ઓળખાતા હતા. ઈબ્રાહીમ એમનું નામ હતું અને ખલીલ ઉપનામ હતું, સરકાર તરફથી તેઓને એક ગામ અર્પણ કરાયું હતું જેનું નામ રૂમીપુરા છે. ભાગલા વખતે તેઓ પાકિસ્તાન ચાલ્યા ગયા હતા અને ત્યાં જ ૧૯૫૧માં તેઓનું અવસાન થયું હતું.

સુરત ના શિયાપંથના વિદ્વાન શાયર "ખુશ્તર" ના જીવનનો અંતિમકાળ વડોદરામાં વીત્યો હતો અને વડોદરામાં જ અવસાન પામ્યા હતા. ખ્વાજા હૈદરઅલી "આતિશ" અને શેખ ઈમામબક્ષ "નાસિખ" જેવા પ્રખર ઉસ્તાદોના સહવાસમાં તેઓ રહ્યા હતા. અને ઈલ્મેઉરૂઝ (છંદશાસ્ત્ર)ના તેઓ નિષ્ણાત હતા. સુરતના નવાબ ઈબ્રાહીમખાન "મુહીબ" પોતાની હવેલીમાં મુશાયરો યોજતા ત્યારે આગલી હરોળના શાયરોમાં "ખુશીર" પણ સ્થાન શોભાવતા હતા.

ગાયકવાડ સરકારના સરદારોમાં જેમનું સ્થાન હતું એવા મીર એહનેશામ અલીખાન વડોદરાના જ વતની હતા અને "જાદુ"ના ઉપનામથી તેઓ શાયરી કરતા હતા. ઉર્દુ અને ફારસી ભાષા પર જબરદસ્ત પ્રભુત્વ હતું. એમણે પોતાના કાવ્યસંગ્રહની હસ્તપ્રત પણ તૈયાર કરી હતી. તેઓ મીર ખાનદાનના હતા અને સુખી હતા. ભારતભરના વિદ્વાન અને નામાંકિત શાયરો તેમના ઘરે મહેમાન બનતા અને મહિનાઓ સુધી રહેતા હતા. એવા જ એક બીજા શાયર શેખ અબદુલ્લાહ ગાયકવાડ સરકારમાં સેવા બજાવતા હતા અને "તાલિબ" તેમનું તખલ્લુસ હતું. નામ તેમનું ખૂબ જ જાણીતું થયું હોવા છતાં આજે તેમના માત્ર ત્રણ-ચાર જ શેર હાથ લાગ્યા છે. વડોદરાના ઉસ્તાદ શાયરોમાં ગણના થતી હતી તે સૈયદ હકીમ કાલામિયાના નામનું પાટિયું આજે પણ યાકુતપુરાના એક ખાંચાના નુક્કડ પર જોવા મળે છે. જેમના નામ પરથી આ ખાંચાનું નામકરણ થયું છે તે સૈયદ કાલામિયાં વૈદકીય પણ જાણતા હોવાથી હકીમને નામે પણ ઓળખાયા. યાકુતપુરામાં આજે પણ એમની હવેલી જોવા મળે છે. આધ્યાત્મિક રંગમાં તેઓ ગઝલ લખતા હતા.

શેખ ઈબાદતહુસેન "નાદાન" તખલ્લુસ ધારીને શાયરી કરતા હતા. મૂળ તો રામપુર (યુ.પી.)ના વતની હતા. નાની વયે ધરમપુરના રાજાના લશ્કરમાં જોડાઈ ગયા હતા. પણ ત્યાં ફાવ્યું નહિ એટલે ત્યાંની નોકરી છોડી દઈ વડોદરા આવ્યા અને ગાયકવાડ સરકારની તહેનાતમાં જોડાઈ ગયા. સારી ગઝલ લખતા હતા. એમનો ય કોઈ સંગ્રહ પ્રસિધ્ધ થયો નથી. માત્ર બે-ચાર શેર સચવાઈ રહ્યા છે.

નવાબ અમીનુદ્દીન હુસેનખાન પણ વડોદરાના જ વતની હતા અને "નસીર" ઉપનામ ધરાવતા હતા. ગાયકવાડ સરકારના નામી સરદાર હતા અને કાંતિકારી શેરના સર્જક હતા. જ્યારે બીજા એવા જ એક નવાબ ખાનદાનના મોહમંદ સઈદ "નવાબ" તખલ્લુસ ધરાવતા હતા. મૂળ લખનૌના હતા પણ વડોદરાના મહારાજા તેઓને વડોદરા લઈ આવ્યા અને આબકારી ખાતાના અધિકારી પદે નીમ્યા હતા.

તેઓ ફારસી અને અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા. પ્રકૃતિ અને વિજ્ઞાન એ એમની કવિતાનો વિષય હતો. તેમની કવિતાની એક પુસ્તિકા પણ પ્રગટ થઈ હતી. ૧૯૦૨માં તેઓ વડોદરામાં જ અવસાન પામ્યા હતા.

વડોદરાના ઉસ્તાદ શાયરોમાં "નૈયર"નું નામ પણ આગલી હરોળમાં મૂકી શકાય. તેમનું મૂળ નામ સૈયદ કુત્બુદ્દિન હતું અને "નૈયર" તેમનું તખલ્લુસ હતું. વડોદરામાં જ જન્મ્યા હતા. તેઓ શાયર ઉપરાંત સૂફી સંત પણ હતા અને આધ્યાત્મિક કવિતાઓ લખતા હતા. વડોદરામાં તેમના ઘણા શિષ્યો આજે પણ હયાત છે અને વડોદરામાં 'દર્દ' બળોદવી જેવા નામવર ઉસ્તાદ શાયર પણ, નૈયરના શિષ્ય હતા. "નૈયર" ૧૯૩૪માં અવસાન પામ્યા.

મીરસાદિકઅલી માટે એક વિવાદ છે. કેટલાક તેઓને સચીનના વતની કહે છે તો કેટલાક તેમનું મૂળભૂત વતન ભરૂચ હોવાનું કહે છે. પણ વડોદરામાં તેઓએ વસવાટ કર્યો હતો એ નિર્વિવાદ હકીકત છે. તેઓ ગઝલના શાયર હતા. અને 'પરવાઝ' તખલ્લુસ ધરાવતા હતા. એવો જ વિવાદ "ફકીહ" માટે હતો. કોઈ તેમને વડોદરાના વતની ગણે છે તો કોઈ ભરૂચના કહે છે. નામ બાપુ હતું અને 'ફકીહ' તખલ્લુસ હતું વ્યવસાયે તેઓ વહેપારી હતા. અને છેવટે તેઓએ મુંબઈમાં વસવાટ કર્યો હતો. ગઝલમાં તેઓ ચૌદદાર ભાવ લાવી શકતા હતા.

ગાયકવાડી સ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપતા મુનશી સૈયદ બદ્રુદિન 'બદ્ર'ના ઉપનામથી લખતા હતા. તેમની રચનાઓ જળવાઈ નથી. એક બે શેર મળી આવે છે. એક બીજુ નામ પણ જે ઉલ્લેખનીય છે તે ગુલામ કાદરનો જન્મ લખનૌમાં થયો હતો અને બાલ્યાવસ્થા દક્ષિણ ભારતમાં પસાર થઈ હતી. પણ યુવાન વયે તેઓ વડોદરા આવીને ગાયકવાડ સરકારની સેવાઓમાં જોડાઈ ગયા હતા. "બલિગ" ઉપનામથી તેઓ કાવ્યનું સર્જન કરતા હતા.

મીર ફૈયાઝુદ્દિન ઉર્ફે બડામિયાએ પોતાનું ઉપનામ "મજરૂહ" રાખ્યું હતું. એમના પિતા મીર ગ્યાસુદ્દિન "શાઈક" પણ શાયર હતા. મીર ફૈયાઝુદ્દિન મજરૂહે પિતા પાસેથી જ શાયરીની તાલીમ મેળવી હતી. મૂળવતન સુરત પણ વડોદરા આવીને રહેતા થયા હતા. મહેફિલો અને મુશાયરાઓમાં એ સૌથી અલગ તરી આવતા હતા. તે વખતે એમની શાયરી ધૂમ મચાવતી હતી. ઉસ્તાદ શાયરોમાં તેમની ગણના થતી હતી અને તેમના અસંખ્ય શિષ્યો વિશેની માહિતી જડતી નથી. એ જ રીતે મૂળ દિલ્હીના વતની પણ નોકરી અંગે વડોદરામાં વસવાટ કરતા મિર્ઝા અબ્દુલ્લાહ બેગ ગાયકવાડ સરકારમાં અધિકારીપદે હતા. 'મરહુન' તખલ્લુસથી તેઓ શાયરી કરતા હતા. પણ આજે બેત્રણ શેર જ હાથ લાગી શકયા છે.

વડોદરામાં થોડો જ સમય રહ્યા હતા, પરંતુ એક મહત્વની કામગીરી પૂરી કરી હોવાથી માણેકલાલનો નામોલ્લેખ આવશ્યક બને છે. માણેકલાલના પિતાનું નામ ત્રંબકલાલ હતું. જાતે ખત્રી હતા અને ફારસી ભાષાના નિષ્ણાત હતા. એમના અક્ષર એટલા સુંદર હતા કે વડોદરાના તત્કાલિન મહારાજા ગોવિંદરાવ ગાયકવાડે તેઓને અમદાવાદથી વડોદરા તેડાવ્યા અને "ફિરદોસી" રચિત વિશ્વવિખ્યાત "શાહનામા"ને પુનરાક્ષરિત કરવાનું કામ તેઓને સોંપ્યું શ્રી માણેકલાલે અમરેલીના કિલ્લામાં બેસીને "શાહનામા " લખ્યુ. એ પુસ્તક આજે પણ અત્રેની જુમા મસ્જિદ લાયબ્રેરીમાં અસ્તિત્વ ધરાવે છે. માણેકલાલે વિશેષતર ફારસી ભાષામાં જ કવિતાઓ લખી છે, ક્યારેક ઉર્દુમાં પણ લખતા.

યાકુબઅલીખાન મૂળ તો રામપુર (યુ.પી.)ના વતની હતા પરંતુ બાલ્યાવસ્થામાં જ તેઓને પિતા સાથે વડોદરા આવવાનું થયું હતું. તેમના પિતા મોહંમદઅલીખાનને ગાયકવાડ સરકારે ડભોઈ ખાતે મામલતદાર તરીકે નિમ્યા હતા. એમના અવસાન પછી યાકુબખાનને પણ ગાયકવાડ સરકારે પિતાની જગ્યાએ નિમ્યા હતા. યાકુબખાન ફારસી, ઉર્દુ તેમ જ ગુજરાતી ભાષામાં કાવ્યનું સર્જન કરતા હતા અને ઉપનામમાં પણ યાકુબ જ રાખતા હતા.

ભારતના મશહુર શાયર "શેફતા" ને પણ પ્રભાવિત કરી દેનાર ખ્વાજા

વડોદરાના સામાજિક સુધારા

— શ્રી હિતેન્દ્ર પંડિત

વેદકાલીન સમયમાં મહર્ષિઓનો રાજયશાસનને લગતો એક આદર્શ હતો જેનો ઉલ્લેખ વેદમાં એક સૂત્ર દ્વારા દર્શાવવામાં આવ્યો છે.

"યત્ર વહમય ક્ષત્રય સમગ્ધા"
યસ્ત્ર સહ,
તલ્લાચં પુષ્પ પ્રસર્પે"

અર્થાત્ "જ્યાં પ્રજાની મુશ્કેલીઓ વિષેનું જ્ઞાન અને રાજવીની મત્તા આ બંનેનો સુંદર સમન્વય સધાયો હોય તેવું રાજય મને બતાવજે."

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજાની કારકિર્દી દરમિયાનનું વડોદરા રાજય મહદ્‌અંશે આવા જ પ્રકારનું સુરાજય હતું. જ્યાં રાજયના શિરોમણિ સયાજીરાવ ગાયકવાડ પોતાના શાસનકાળ દરમિયાન પ્રજા સુસંસ્કારી, સુશિક્ષિત અને સુખી થાય તે માટે હમેશાં પ્રયત્નશીલ રહેતા. વિદેશોના પ્રવાસ દરમિયાન પણ રાજય-પ્રજાને ખરા અર્થમાં સુખી જોવાની તેઓની ભાવના અખંડિત રહેતી. વિદેશોના સુધરેલા સમાજનું-ધર્મનું બારીકાઈથી નિરીક્ષણ કરી અહીંની પ્રજામાં તે કેવી રીતે વિવેકથી અપનાવવાં અને એક સુસભ્ય ઉદ્યમી ખંતીલી પ્રજાનું ઘડતર કરવું, કેટલા ઉચિત સુધારાઓ રાજયમાં કરાવી આધુનિક વડોદરાનું ઘડતર કરવું એ વિશે સયાજીરાવ સતત ચિંતિત રહેતા. આ અંગે એમણે ક્રમશઃ પગલાં ભરી સમાજને પાયમાલી નોંતરનારા રીતરિવાજોની બેડીમાંથી મુકત કરવાનું અદભૂત કાર્ય કર્યું. પરિણામે માત્ર રાજયમાં જ નહીં સમગ્ર હિન્દુસ્તાનમાં સમાજ-સુધારક તરીકે તેઓ સર્વનું ધ્યાન આજેય ખેંચી રહ્યા છે.

રાજય શાસનનો કારભાર સંભાળતાં જ શ્રીમંત સયાજીરાવે અનુભવ્યું કે, દેશમાં તે વખતનો સમાજ અજ્ઞાન, દરિદ્રતા, પરાધિનતા, અંધશ્રદ્ધા તથા ખોટા આડંબરોમાં જકડાયેલો હતો. હિન્દુ સમાજમાં આદર્શો શુદ્ધ હોવા છતાં વ્યવહારમાં તો વચ્ચેના સમયમાં વિકૃતિ જ આવી હતી. કૂવામાંના દેડકાની જેમ સંકુચિત મનોદશામાં પ્રજા સબડતી હતી. આવી વિષમ પરિસ્થિતિ ટાળવા માટે તે વખતનાં બુદ્ધિજીવી વર્ગો, વિદ્વાનો, ધર્મગુરુઓ, તત્ત્વજ્ઞાનીઓ અને સમાજશાસ્ત્રીઓ વિચારતા થયેલા. પરંતુ તેમાં પણ સુસંગતાનો અભાવ હતો. ધાર્મિક પૂર્વગ્રહોથી થતાં પરિણામો, ધર્મને નામે ચાલતાં કેટલાંય ધતિંગો અને જુદા જુદા ધર્મની લાગણી દુભાવી તેમનામાં પ્રવર્તતી અરાજકતા જોઈને શ્રીમંત મહારાજાને પણ એ વાતનું અનુમોદન આપવું પડયું તેઓના શબ્દો છે "રાજય કારભાર ગમે તેટલો સુંદર હોય, સુવ્યવસ્થિત ચાલતો હોય, પણ જ્યાં સુધી લોકોનાં ઘર ન સુધરે ત્યાં સુધી સમાજરૂપી બાંધેલી ઈમારત કાચી જ ગણાય."

શ્રીમંત મહારાજાના આવા વિચારોના પરિપાકરૂપે તેઓશ્રીના રાજય શાસનકાળ દરમ્યાન સમાજમાં જ્ઞાતિપ્રથા, બાળહત્યા, વિધવાવિવાહ, બાળલગ્ન પ્રતિબંધ, પડદાપ્રથા, જ્ઞાતિત્રાસ નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ, હિન્દુ લગ્નવિચ્છેદ જેવા અગત્યનાં કાયદાઓ ઘડાયા અને ક્રમશઃ અમલમાં પણ મુકાયા. આ સુધારાઓ અમલમાં મુકતી વખતે મહારાજાને કાયમ લોકોની આકરી ટીકાઓનો સામનો કરવો પડતો. કયારેક મહેલમાં કુટુંબીજનોનો પણ વિરોધ સહન કરવો પડતો. છતાં હમેશાં પોતાના નિર્ણયમાં તેઓ અફર જ રહ્યા.

પરદેશગમન એ સમયમાં આજના જેટલું પ્રચલિત કે માનપ્રેરક ન હતું. યુરોપની પ્રથમ મુસાફરી વખતે તેમના નોકર-ચાકર, મિત્રો સર્વ વિરોધી હતા. આ સમયે તેમણે બક્ષિશ, બઢતી, માનસન્માન જેવાં પ્રલોભનો આપી પ્રવાસે જવાનું નકકી કર્યું અને કેવળ એક દોરડાને સાપ માની લઈને ભયભીત બનતા લોકોને જાત-અનુભવ કરાવી પરદેશગમનને નિરસ્કારને પાત્ર અથવા ધર્મ કે રૂઢિને અંતરાયરૂપ કાર્ય માનનારા લોકોનાં મનમાંથી તે માન્યતા દૂર કરી.

સામાજિક ક્ષેત્રે સુધારાઓ કરાવવા માટે મહારાજા પોતાની આગવી રીત અપનાવતા. તેઓ કયારેય પોતાની નિરંકુશ સત્તાનો ઉપયોગ કરીને પ્રજા ઉપર નિયમો લાદવા માંગતા ન હતા. સામાજિક કે ધાર્મિક દૂષણની વાસ્તવિકતાનો પરિચય આપી તેને લોકોનાં હૃદય સુધી તે ઓ ઊતારવા માંગતા હતા. અને તે માટે ઉપદેશ, સમજાવટ, વ્યાખ્યાન, લેખનો, ધર્મગુરુઓનો ઉપયોગ પણ કરતા. પરંતુ જયારે પ્રજા તરફથી સહકારના કોઈપણ પગલાંને અવકાશ જ ન હોય ત્યારે તેઓ જરૂરી સત્તાનો ઉપયોગ પણ કરતા. કાયદો અમલમાં મુકાવતા. પરિણામ એ આવ્યું કે, એમના વહીવટ દરમિયાન થયેલા નવા કાયદાનું પાલન રાજયમાં ખૂબ જ સુંદર રીતે થયું.

ક્રમ	સુધારાનું નામ	સાલ
૧.	હિંદુ વિધવાવિવાહ	૧૯૦૧
૨.	બાળલગ્ન પ્રતિબંધ કાયદો	૧૯૦૪
૩.	હિંદુ લગ્ન નિબંધ	૧૯૦૫
૪.	હિંદુ પુરોહિત નિબંધ	૧૯૦૫
૫.	ઔહિક નિબંધ	૧૯૦૮
૬.	હિંદુ દત્તક નિબંધ	૧૯૧૦
૭.	હિંદુ વારસા નિબંધ	૧૯૧૦
૮.	હિંદુ અવિભકત કુટુબ નિબંધ	૧૯૧૦
૯.	હિંદુ મા-બાપ પુત્ર નિબંધ	૧૯૧૦
૧૦.	હિંદુ મિલકત વ્યવસ્થા સંબંધી નિબંધ	૧૯૨૦
૧૧.	હિંદુ લગ્નવિચ્છેદ નિબંધ	૧૯૩૨
૧૨.	પારસી લગ્નવિચ્છેદ નિબંધ	૧૯૩૩
૧૩.	જ્ઞાતિત્રાસ નિવારણ નિબંધ	૧૯૩૩
૧૪.	સંન્યાસ દિક્ષા નિયમ નિબંધ	૧૯૩૩

સયાજીરાવે અમલમાં મુકેલા સમાજ સુધારણા અંગેના કાયદાઓનું વિહંગાવલોકન કરતાં જણાશે કે, બાળલગ્ન પ્રતિબંધક કાયદો સર્વ કાયદાઓનો આધાર સ્તંભ હતો. સમાજમાં પ્રજાની પ્રગતિ પ્રજાના સ્વાસ્થય અને માનસિક વિકાસ ઉપર જ આધારિત હોય છે. ઢીંગલા -ઢીંગલીનાં લગ્ન જ્યાં સુધી થતાં રોકી શકાય નહી, ત્યાં સુધી સમાજ સુધારણાની વાતો કરવી વ્યર્થ બની રહે છે. આ માટે પ્રથમ સને ૧૯૦૪માં બાળલગ્ન પ્રતિબંધ કાયદો ઘડીને તેમાં છોકરીની ઉંમર ઓછામાં ઓછી ૧૨ વર્ષ તથા છોકરાની ૧૬ વર્ષની રાખવામાં આવી. અને કાયદાનો ભંગ કરનારને દંડ તથા જેલની આકરી શિક્ષાઓ પણ કરવાની અને અમલમાં મુકવાની પરવાનગી આપવામાં આવી ક્રમશઃ વયમર્યાદા વધારી સમયાનુસાર કાયદાઓમાં ફેરફાર કરાવ્યો અને સમાજને એક નવો રાહ ચિંધ્યો

બાળલગ્નનું પ્રત્યક્ષ દુઃસ્વરૂપ એટલે જ "બાળવિધવા," પહેલાંના સમયમાં નાની અણસમજુ કન્યા પરણીને સમજે તે પહેલાં જ વિધવા બનતી અને વૈધવ્ય અંગેના આકરા નિયમોનું પાલન કરતી. આ અંગે તેમણે તેઓ વિચારવિમર્શ કરી સન ૧૯૦૧માં "વિધવા પુનર્લગ્ન"નો કાયદો કરાવ્યો અને તેનાં સંતાનોને પણ કાયદેસરના પુત્ર-પુત્રીઓનો હકક અપાવ્યો. સુધરતા જતા સમાજની સાથે કદમ મિલાવવા તેમણે હિંદુ લગ્નના કાયદામાં ઘણા ફેરફારો કર્યા. એક જ ગોત્રમાં લગ્ન કરવાની પણ છૂટ આપી. આ ઉપરાંત ઈતર જ્ઞાતિમાં લગ્નની છૂટ અને "ઔહિક લગ્ન" (Civil marrage) અંગેના કાયદાનો પણ અમલ કરાવ્યો. સમાજમાં સ્ત્રીઓને સરખું જ સ્થાન અપાવવાના હેતુથી "હિંદુ લગ્ન- વિચ્છેદ" વારસામાં હકક મળે તેવા કાયદાઓ ઘડયા તદુઉપરાંત જ્ઞાતિનાં કેટલાંક આકરા બંધનોમાંથી પ્રજાને છોડાવવા માટે "જ્ઞાતિત્રાસ નિવારણ" નિબંધ જાહેર કરી સમાજ ઉપરની જ્ઞાતિઓની પકડ દુર કરવામાં તેઓ સફળ રહ્યા.

આ ઉપરાંત સામાજિક ક્ષેત્રમાં સ્ત્રીને પણ મહત્ત્વનું સ્થાન મળવું જ જોઈએ નેવો આગ્રહ રાખનારા શ્રીમંત સયાજીરાવ મહારાજાએ સ્ત્રીશિક્ષણનો પ્રચાર કરવા ખુદ પોતાનાં પત્નીને આગળ ધર્યાં તેમના સમય દરમિયાન મુખ્યત્વે જે સામાજિક સુધારાઓ અમલમાં મુકાયા તે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

મહારાણી ચિમનાબાઈ સામાજિક કાર્યોમાં સાથોસાથ રહે તેવા ઉમદા હેતુથી તેમણે નન્દબાઈ નામની વિદુષીની માસિક રૂા. ૨૦૦/ના પગારે મહારાણીને અંગ્રેજી શિખવવા અધ્યાપિકા તરીકે નિમણુંક કરી. સ્ત્રીઓની ઉન્નતિ અર્થે તેમણે પડદા પ્રથાનો વિરોધ કરવા પણ મહારાણીને જ પ્રોત્સાહિત કર્યાં, પરિણામરૂપે ૧૯૧૩માં સૌપ્રથમવાર મહારાણી ચિમનાબાઈ પડદા વગર જ રાજકુટુંબમાંથી બહાર આવ્યાં અને પડદા પ્રથા કાયમને માટે બંધ થઈ. આ ઉપરથી એટલું તો જરૂર તારણ નીકળી શકે કે, મહારાજા પોતાના આગવા વિચારોને અમલમાં મૂકવા માટે પોતાના પરત્વે કે કુટુંબમાં જ પ્રથમ પ્રયત્ન કરતા હતા.

આ ઉપરાંત રાજયશાસનના બીજા જ વર્ષે એક અન્ય સમાજનાં કલંકિત સ્વરૂપને દૂર કરવાની તેમણે પહેલ કરી અને તે હતી અસ્પૃશ્યતા નિવારણ."

આ અંગેનો કાયદો પસાર કર્યો અને દલિતોદ્વારા કાર્યમાં તેઓ અંગત રસ દાખવતા હતા. જે સમયમાં અસ્પૃશ્યતા નિવારણનું કોઈ નામ સુધ્ધાં ન લેતું. તેવા સમયમાં તેમણે દલિતો વચ્ચે ફરીને તેમની થતી કનડગતની જાત-તપાસ કરવા બાંયધરી આપી અને તેના અનુસંધાનમાં અસરકારક પગલાં પણ તેમણે લીધાં હતાં.

આમ શ્રીમંત મહારાજાએ સમાજને ઊંચો લાવવા માટે તેનાં દરેક પાસાંઓનો સર્વાંગી વિકાસ સાધવા બનતા પ્રયત્નો કર્યા અને આધુનિક વડોદરાનું સર્જન કરવા હામ ભીડી ••••

→ ..... પ્રાચીન કાળની સર્વાધ્યક્ષ સાહિત્ય ક્ષેત્રે

સઈદનું તખલ્લુસ "શયદા" હતું. તેઓ નવાબ હિસામુદ્દિન હુસેનખાનના મસીયાઈ ભાઈ થતા અને વડોદરામાં જન્મ્યા હતા. શિઘ્રકવિ (ફિલબદી) તરીકે જાણીતા હતા. સતરમી સદીની આસપાસ તેઓ મક્કાની હજયાત્રાએ ગયા હતા ત્યારે મક્કા અને મદીના વચ્ચે ભરયુવાનીમાં જ તેઓનું અવસાન થયું હતું.

વડોદરાના નવાબ સદ્રુદ્દિન હુસેનખાન પણ સારા શાયર હતા અને 'સદ્ર' તખલ્લુસ ધરાવતા હતા. શિક્ષણ અને સમાજસુધાર પ્રવૃત્તિમાં તેઓ રચ્યાપચ્યા રહેતા હતા. સમાજસુધાર વિશે તેઓએ લગભગ સો જેટલી વિવિધ પુસ્તિકાઓ લખી હતી અને પ્રગટ પણ કરાવી મફત વહેંચી હતી. તેઓ પોતાની અંગત લાયબ્રેરી પણ ધરાવતા હતા જેમાં અસંખ્ય અમૂલ્ય પુસ્તકો હતાં. એ પુસ્તકો આજે પણ જૂમામસ્જિદની લાયબ્રેરીમાં જોવા મળે છે. એમના પુસ્તકોના વિભાગને 'સદ્રુદ્દીન લાયબ્રેરી' નામ આપવામાં આવ્યું છે. તેઓ નવાબ હતા. પણ નવાબી ખાસિયતોથી તેઓ વેગળા રહ્યા હતા અને સાચાં અર્થમાં તેઓ માણસ તરીકે ઉદારતા અને માણસાઈના સથવારે જીવ્યા હતા. ૧૯૨૨માં તેઓ અવસાન પામ્યા હતા.

આવો જ માણસાઈનો એક બીજો દીવો પણ વડોદરામાં પ્રકાશ પાથરી ગયો. તેમનું નામ હતું હાફિઝ ગુલામહુસેન અને તખલ્લુસ "હઝાં" હતું. બાબુ સીતારામની દીવાની વખતે ગાયકવાડ સરકારના દરબારમાં તેઓ મોભાદાર વ્યકિત તરીકે ઓળખાતા. તેઓ ગરીબ અને અમીર સૌને સમાન ગણતા અને યથાશકિત સૌની સેવા કરતા હતા. તેઓ ગઝલના શાયર હતા. મુળ સુરતના હતા અને છેવટની અવસ્થામાં પાછા સુરત ચાલ્યા ગયા હતા.

વડોદરાના વર્તમાન ઉર્દૂશાયરો

વડોદરામાં ઉર્દૂકવિતા ક્ષેત્રે પ્રાચિન કરતાં અર્વાચિન સર્જનપ્રક્રિયા વધુ પ્રબળ રીતે કામ કરતી જોવા મળે છે. વડોદરાના વર્તમાન શાયરોમાં ખલિશ બળોદવીનું નામ સમગ્ર ભારતમાં જાણીતું થયેલું છે. ગઝલના પ્રત્યેક વળાંકે ખલિશ ઊભેલા જણાય છે. એટલે જ પરંપરાગત ગઝલમાં સૌને પ્રભાવિત કરી જતા ખલિશ આધુનિક ગઝલમાં પણ એટલા જ દેદીપ્યમાન જણાય છે. ખલિશ બળોદવીએ ગઝલરચના ઉપરાંત સંશોધનકાર્ય પણ કર્યું છે. તેમના કાવ્યસંગ્રહમાં "કતારે શીશા" અને "શબેનમ" ઉલ્લેખનીય છે. આ ઉપરાંત કોમી એકતા પર ૩૦૦ જેટલાં મુકતકોનો સંગ્રહ 'એક અવાજ' પણ પ્રસિદ્ધ થયો છે. 'નશાબંધી' પર પણ તેઓનો મુકતક સંગ્રહ પ્રસિધ્ધ થયો છે. આ ઉપરાંત 'ગુજરાતની ઉર્દુ ગઝલ' નામના એક માહિતી પુસ્તકનું તેઓએ સંપાદન પણ કર્યું છે.

આ ઉપરાંત જેમના કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયા છે તેમાં અઝીઝ કાદરીનો "સફર" નામનો ગઝલ સંગ્રહ પ્રસિદ્ધ થયો છે. અબ્બાસ 'દાના'નો 'ખૂરબૂ' નામનો સંગ્રહ અને માસૂમ બળોદવીનો પાની કારગ પ્રગટ થયો છે. જેમનો સંગ્રહ પ્રસિદ્ધ થઈ શકયો નથી પરંતુ ઉર્દુ ગઝલ ક્ષેત્રે કાર્યરત છે એવા વર્તમાન શાયરોમાં ખલીલ ધનતેજવી, આશિક બળોદવી, કાઝી અકબરઅલી 'અકબર' અંજુમ તૌફીકી, જમાલ મહેંદવી, કરીમખાન સાઝ, અમીન કુરેશી, અખ્તર દર્દી, જખ્મી બળોદવી, નાઝ બળોદવી. અનવર બળોદવી કમર બળોદવી, ઝાહિદ રિફાઈ, ઝિયા નદવી, ડોકટર પ્રેમ વિગેરેનો સમાવેશ થાય છે. આમાંના ખલીલ ધનતેજવી ઉર્દુ-ગુજરાતી ભાષામાં ગદ્ય અને પદ્ય બંને ક્ષેત્રે સર્જનપ્રક્રિયા સાથે સંકમાયેલા છે. તેમનો કોઈ કાવ્યસંગ્રહ પ્રસિદ્ધ થયો નથી પંદરેક નવલકથાઓ પ્રસિદ્ધ થઈ છે. તેઓએ આઠથી દશ નાટકો પણ લખ્યાં છે.

વડોદરામાં ઉર્દુ ભાષા ક્ષેત્રે પદ્યમાં જેટલું કામ થયું છે એટલું ગદ્યક્ષેત્રે જોવા મળતું નથી અથવા ગદ્યક્ષેત્રે કશું જ થયું નથી, એમ કહીએ તો પણ અતિશયોકિત ન કહેવાય.

રામાયણ સાહિત્ય અને વડોદરા

શ્રી દેવદત્ત જોષી

વૈષ્ણવધર્મમાં ઉપાસ્ય દેવ તરીકે આવ્યા કૃષ્ણ પછી લોકપ્રિયતામાં રામ અને તેમનું ભાવનાપ્રધાન ચરિત્ર ગાતા રામાયણની અસર ગુજરાતમાં અને તેથી ગુજરાતી સાહિત્ય પર ઘણી છે. રામાયણ ઉપરથી અનેક કૃતિઓ લખાઈ છે. અહીં વડોદરાના સર્જકોએ સર્જેલા રામાયણવિષયક સાહિત્યનું દિગ્દર્શન રજુ કરવામાં આવ્યું છે.

મધ્યકાળથી માંડીને આજ સુધીમાં સર્જાયેલ રામાયણવિષયક સાહિત્ય અનેક સ્વરૂપે પ્રાપ્ત થાય છે, જેમાં આખ્યાનશૈલીમાં રચાયેલ સળંગ રામાયણો, છંદોબદ્ધ રામાયણ, રામાયણના સમશ્લોકી અનુવાદો, રામાયણવિષયક આખ્યાનો, નવલકથા, નાટક, નૃત્યનાટિકા, રામાયણવિષયક ગરબીઓ, ધોળ અને પદ, બાળસાહિત્ય વગેરેનો સમાવેશ થાય છે.

વડોદરાના સર્જકોને અનુલક્ષતામાં પહેલું સ્મરણ નાકર (સંવત ૧૫૭૨ થી સં. ૧૬૨૪માં હયાત)નું થાય. એ સંવત ૧૬૨૪માં આખ્યાનશૈલીમાં "રામાયણ" રચે છે જે હસ્તપ્રતસ્વરૂપે નડીયાદની ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં (નં. ૯/૧) અને અમદાવાદની ગુજરાત વિદ્યાસભામાં (નં. ૧૫૯૪) ઉપલબ્ધ છે. સાત કાંડની ૧૨૫ કડવાની હનુમાન - અંજનિ સંવાદ રૂપે મળતી કથામાં નાકરે મૂળકથાને વફાદાર ન રહેતાં કેટલાક ફેરફારો કર્યા છે. મૂળમાં શ્રવણનાં લગ્ન કે સ્વતંત્ર જીવનનો ઉલ્લેખ નથી. નાકરે શ્રવણના સાવિત્રી નામે કન્યા સાથે લગ્ન કરાવ્યાં છે. બન્ને વચ્ચેનો મતભેદ દર્શાવી વાદવિવાદ નિરૂપ્યો છે. ગંગાવતરણ જેવા અનેક પ્રસંગો છોડી દીધા છે. પરશુરામની કથા અહીં વિસ્તારથી છે જેમાં કવિનું પૌરાણિક જ્ઞાનં પ્રોજેક્ટ થાય છે. મંથરાને રામે એક વખત પાટુ મારેલું તેનું વેર વાળવા મંથરાએ યોજના વિચારેલી તે વાત મૂળમાં નથી વાલ્મીકિમાં નહિ આવતી હરિશ્ચંદ્ર કથા અહીં વિસ્તારથી છે. મૂળમાં ત્રિજટાને આવતું દુઃસ્વપ્ન અહીં રાવણને પણ આવે છે. મૂળમાં વિશ્વકર્માના પુત્ર નલ સેતુબંધની શક્તિ ધરાવે છે. એમાં એને હાથે પત્થરો તરશે એ પ્રકારના ઋષિ સનંગના વરદાનનો ઉમેરો કરી નાકર એક આડકથા ઉમેરે છે. કુમ્ભકર્ણને જગાડવાના ઉપાયો મૂળમાં નથી જ્યારે અહીં અનેક યુક્તિઓ સૂચવાઈ છે. આવા અનેક ફેરફારો નાકરે કર્યા છે. નાકરના આ રામાયણની પ્રેમાનંદના "રણયજ્ઞ" પર જે અસર છે તે આગળ જોઈશું. કૃતિમાં કરુણ અને વીર બે મુખ્ય રસ છે, જેમાં કવિને સફળતા મળી છે. અલંકારોમાં કેટલીક વાર સમકાલના સાહિત્યની ચીલાચાલુ ઉપમાઓ, રૂપકો, ઉત્પ્રેક્ષા જોવા મળે છે. તો કેટલીક વાર ચમત્કૃતિનું એક આગવું આકર્ષણ છે. મોટાભાગનાં વર્ણનો હોય છે અને મધ્યકાલીન વર્ણનશૈલીનાં રૂઢ લક્ષણો જ એમાં દેખાય. મોટે ભાગે વર્ણનમાં પરંપરાનું અનુસરણ જોવા મળે છે તો સાથે એની કલ્પનાની ચમત્કૃતિ પણ જોવા મળે છે. છંદપ્રભુત્વ રાગઢાળની જાણકારી પાત્ર વૈવિધ્ય વગેરેમાં નાકરે પોતાની સર્ગશક્તિનો પરચો દેખાડયો છે. એક સીમાચિન્હ ગણી શકાય એવી કૃતિ છે.

નાકરની બીજી કૃતિ "લવકુશાખ્યાન" જનમેજય - જૈમિનિસંવાદ રૂપે મળે છે જેની બે હસ્તપ્રતો વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં નં. ૮૧૬ અને નં. ૧૦૧૮ (અ) ઉપલબ્ધ છે. રચ્યાસંવત નથી પણ કવિનામ - નિર્દેશ છે. ૧૭ કડવાંની ચોપાઈબંધની આ કૃતિમાં રામનું ઉત્તરાવસ્થાનું ચરિત્ર મળે છે. રામાયણના યુદ્ધકાંડમાંથી કથાવસ્તુ ઉપાડી આખ્યાન શિરોમણિ પ્રેમાનંદે સંવત ૧૭૪૬માં "રણયજ્ઞ"ની રચના કરી છે. યજ્ઞકાર્યમાં જે જે સામગ્રી જોઈએ તેની સંભાવના રામાયણના યુધ્ધમાં કહી "રણયજ્ઞ" રચ્યો. યજ્ઞસામગ્રીનાં જેમ અંગાઉપાંગ હોય છે તેમ અહીં યુદ્ધ પક્ષે કથાનાં પાત્રોનો અંગાંગીભાવ કલ્પી કવિએ પુર્ણરૂપક યોજયું છે. કવિએ પ્રસ્તુત કૃતિ રચતાં વનિયાની કૃતિ "રણજંગ" નજર સમક્ષ રાખી હોય એમ સ્પષ્ટ દેખાય છે. (પ્રેમાનંદના પુરોગામી આ કવિએ આશરે વિ.સં. ૧૭ના ઉત્તરાર્ધમાં "રણજંગ"ની રચના કરી હતી.) કૃતિમાં રાવણનું પાત્ર રામાયણના રાવણ કરતાં જુદું છે. રાવણને કુંભકર્ણ સમજાવે છે કે "તુંથી સીતા નથી જીતાની તો કયમ જીતાશે રામ ?" ત્યારે રાવણ કહે છે જ્યારે દેખું હું સતી જાનકી, જાણું હોય એ આપણી માનં" પ્રેમાનંદે કરેલા આ ફેરફારનું મૂળ એના પુરોગામી નાકરમાં મળે છે. આવા ઉદાર વિચારવાળો રાવણ રામને સીતા પાછી કેમ નથી આપતો ? મંદોદરીને એ કહે છે-

"તારે મન હુ સુંદરી ! નાથ જેહેલો,
કીધો જ્ઞાનવિચાર મેં સર્વ પહેલો
પરબ્રહ્મ એ રામ આનંદકારી, મને
મારવા માનુષી દેહધારી,"

* * *

"હવે રાજયના સુખથી મન ભાગ્યું,
રઘુનાથને હાથ હુ મર્ણ માગું" એવું જ કુંભકર્ણનું પાત્ર એક ભકતજનનું હોય તેવું આલેખ્યું છે. અનેક ક્રૂર ઉપાયો યોજયા છતાં ન જાગનારો એ ભકિતસંગીતથી જાગતો બતાવ્યો છે. આ પ્રસંગની કલ્પનાનું મૂળ પણ નાકરમાં મળે છે.

માણભટ્ટની પરંપરા જાળવતા વડોદરાના શ્રી ધાર્મિકલાલ પંડયા પ્રેમાનંદનાં આખ્યાનો માણ સાથે રજૂ કરી આપણી આ અદ્વિતીય પરંપરાને જાળવી રહ્યા છે.

સં. ૧૭૨૨માં પ્રેમાનંદના મહેતા અને પ્રેમાનંદની સંગતથી કવિતા તરફ વળેલા કવિ હરિદાસ ૧૦ ચાતુરીનું "સીતાવિરહની ચાતુરીઓ" રચે છે. પ્રેમાનંદના પાડોશી અને પ્રેમાનંદે જ જેને કવિતા રચનાં શીખવ્યું તે દ્વારકાદાસ (જન્મ સંવત ૧૬૮૦) "(સીતા વિરહના) બાર માસ" રચે છે. ગુજરાત વિદ્યાસભા (અમદાવાદ)ની હ.પ્ર.નં. ૨૪૧માં નાગર જ્ઞાતિના શંભુરામે સંવત ૧૭૯૫માં જનમેજય - વૈશંપાયનના સંવાદરૂપે રચેલી કૃતિ "લવકુશાખ્યાન" ઉપલબ્ધ છે જે નાકરના "લવકુશાખ્યાન"ની અસર નીચે લખાઈ છે એમ જણાય છે. સીતાવિલાપમાં પ્રેમાનંદના "દશમસ્કંધ"ની પંકિતઓ પણ ચમકી જતી જોવા મળે છે. લવકુશના જન્મ અંગે સીતા સાથેનો વાનરીનો પ્રસંગ વણી લેવામાં આવ્યો છે. સીતા તથા લવકુશ સાથે રામ અયોધ્યા તરફ પ્રયાણ કરે છે, એ પ્રસંગનું વર્ણન કવિ રાગ ફાગમાં કરે છે જેમાં વ્રજભાષાની છાંટ જોવા મળે છે.

આશરે સંવત ૧૮૧૭માં દિવાળીબાઈ ૨૦૧ ગરબીઓમાં "રામજન્મની ગરબીઓ", ૫૧ ગરબીઓમાં "રામબાળલીલા", ૭૭ ગરબીઓમાં "રામવિવાહ", ૧૦૩ ધોળમાં "રામરાજ્યાભિષેક "સમેનાં ધોળ" ગાય છે. બધી કૃતિઓ "પ્રાચીન કાવ્યમાળા-૬" (સં.હ.છા. કાંટાવાળા)માં પ્રકાશિત છે. "ઉઆં ઉઆં કરી પાડી રાડ" તથા " વીંછી હાથ ને બંને પાગ, રડે ઊંચાનીચા કરી હોઠ" એવું રામનું સ્વભાવોકિતગત વર્ણન "રામજન્મની ગરબીઓનું" બાળમાનસનું નિરૂપણ "રામબાળ લીલાનું, ગુજરાતી લગ્નના રીતરિવાજોનું નિરૂપણ", "રામવિવાહ"નું આકર્ષક અંગ બની રહે છે. રામરાજ્યાભિષેક સામેનાં ધોળમાં દરબારમાં જઈ રામરાજ્યાભિષેક અંગે અન્ય ત્રણેય વર્ણનો અભિપ્રાય પૂછતા રાજાના ચિત્રમાં શામળકૃત "રાવણમંદોદરી સંવાદ"નું સ્મરણ થાય છે જેમાં રામને સીતા પાછી સોંપવી કે નહિં તે અંગે રાવણ અઢારે વર્ણનો અભિપ્રાય પૂછે છે.

ગોત્રીના વતની થોભણે રામકથાનાં પદ રચ્યાં છે.

સંવત ૧૮૯૩નાં કવિ ગિરધર "રામાયણ"ની રચના કરે છે, જે ગુજરાતમાં સૌથી વધુ લોકપ્રિય બન્યું છે. ૨૯૯ અધ્યાય, ૯૫૫૧ ચોપાઈમાં વિસ્તારનું આ ગુજરાતી ભાષાનું પ્રતિનિધિ રામાયણ છે. મૂળ કથાવસ્તુમાં કવિએ કેટલાક ફેરફાર કર્યા છે, કેટલાક પ્રસંગો છોડી દીધા છે તો પોતાની કલ્પનાના મૌલિક પ્રસંગો ઉમેર્યા પણ છે છતાં કથાતંતુ તૂટવા નથી દીધો એ એની વિશેષતા છે. રામના ચરણસ્પર્શથી શલ્યા મટી અહલ્યા થઈ તે પ્રચલિત બનેલી કથાને નકારી કાઢી નવી વાત કવિ ઉમેરી આપે છે કે રામની પદરજ પવનમાં ઊડી તે શલ્યાને સ્પર્શી જતાં શલ્યા અહલ્યા થઈ, વરમાળા પહેરાવવા આવતી સીતાને શલ્યાની અહલ્યા થવાના પ્રસંગનું સ્મરણ થાય છે અને પોતાની દસ આંગળીઓમાં "જડયા પદિક વિશાળ" તે કયાંક સ્ત્રી થઈ જાય તો શોકયનું સાલ થાય એવી શંકાથી તે ખમચાય છે એ પ્રસંગ મૌલિક કલ્પનાની નિપજ છે. લંકા પહોંચવા માટે સંપાતિ માર્ગ બતાવે છે કે મલયાચળ પરના ચંદન વૃક્ષની શાખાઓ યોજન સુધી વિસ્તરેલી છે અને લંકા સુધી ગઈ છે પણ એના ઉપર ઘણા નાગ વીંટાયા છે તે વિષજવાળા નાખે છે. માટે સિંધુ ઓળગીને જાવ. એ પ્રસંગનું મૂળ કયાંય મળતું નથી. વિભીષણનો રાજ્યાભિષેક કરતા રામને સુગ્રીવ પૂછે છે કે વગર વિચાર્યે લંકા વિભીષણને આપી પણ કદાચ રાવણ સીતાને લઈ શરણે આવશે તો તેને શું આપશો ? રામ તેને પોતાની અયોધ્યા આપવાની વાત કહે છે તે પ્રસંગ પણ મૌલિક છે. રાવણને કુંભકર્ણ ઠપકો આપે છે અને રામનું રૂપ ધરવાની સલાહ આપે છે. રાવણ એ પ્રયત્નની નિષ્ફળતાનું કારણ આપે છે તે મૌલિક છે. એક વચન, એક બાણ અને એક પત્ની વ્રત પોતાની પાસે ન હોવાથી સીતા તરત ઓળખી જાય. અશ્વમેધ પ્રસંગે અશ્વ ઉપર બાંધેલા પતરામાં "સ્ત્રી" વિપ્રસાધુજન સાથે યુદ્ધ કરીશ ન વીર" લખ્યું છે તે ઉપરથી રામનો સાળો લક્ષ્મીનિધિ મશ્કરી કરે છે કે તમારા કુળમાં તો એ બધું ચાલ્યું આવ્યું છે તમે નાડિકા મારી વગેરે રામ એનો જવાબ વાળે છે કે તમે જનકવિદેહીના પુત્ર વીરરસમાં ન સમજો. એ આખો વિનોદ - પ્રસંગ મૌલિક છે.

કૃતિમાં કરુણ, શાંત, વીર અને શૃંગાર રસ મુખ્ય દેખાય છે. શાંત અને કરુણમાં કવિની પ્રતિભાનો અંશ સવિશેષ જોવા મળે છે. કવિએ પ્રયોજેલા અલંકારો તો રૂઢ મધ્યકાલીન પરંપરાના જ છે, પણ મધ્યકાલીન અલંકારસમૃદ્ધિના કવિના અભ્યાસને પરિણામે એ અલંકારવૈભવ સ્વાભાવિક રૂપે કૃતિમાં આવેલો છે. મોટાભાગનાં વ્યકિત - વર્ણનો સૌમ્ય સ્વરૂપનાં છે. મધ્યકાલીન વર્ણનપરંપરા કવિએ આત્મસાત કરી છે. પ્રકૃતિવર્ણનો બહુધા રૂઢ છે. નગરનાં વર્ણનો વિગતપ્રચુર છે. કથાપ્રસંગો અનેક ઠેકાણેથી ઉપાડયા હોવાથી પાત્રોની રેખાઓમાં થોડોક ફેરફાર થાય છે. પાત્રો માત્ર પૌરાણિક ન રહેતાં સમકાલીનતા ધારણ કરતાં જોવા મળે છે. તત્કાલીન ગુજરાતી સમાજનું પ્રતિબિંબ કૃતિમાં પડેલું જણાય છે. કવિની બાનીમાં સંસ્કૃત અને હિંદી ભાષાનો પ્રભાવ પડેલો જોવા મળે છે. ગિરધરનું રામાયણ એક વિસ્તૃત આખ્યાન છે.

સંવત ૨૦૦૪માં જગજીવનદાસ મોદીનું "રુચિરા રામાયણ" મળે છે. રુચિરા ઢાળમાં લખાયેલ આ સંક્ષિપ્ત રામાયણમાં રામને પાર ઉતારના ગૂહને મજૂરી પૂછતાં ધંધા-ભાઈ તરીકે કંઈ લેવાય નહિ એમ કહેતા ગૂહનું ચિત્ર સરસ છે - "હજામ પાસે હજામ ના લે, પૈસા ધોબી ધોબી કને, મેં નદીપાર ઉતાર્યા તમને, ઉતારજો ભવપાર મને."

કાગડાના સ્વરૂપમાં ઈન્દ્રપુત્ર જયંતની રામે આંખ ફોડી ત્યારથી બધા કાગડાઓ કાણા છે એવી લોકમાન્યતા વણી લીધી છે.

ભાગવતકથાકાર શ્રી રામચંદ્ર ડોંગરે (ડોંગરે મહારાજ) અવારનવાર રામાયણની કથા પણ કરે છે. એમની રામાયણકથાના સંકલન રૂપે ઈ.સ. ૧૯૭૩માં "તત્વાર્થ રામાયણ"માં મળે છે. મુખ્ય આધાર રામચરિતમાનસનો છે. રામે જયંતની આંખ ફોડી એનું અર્થઘટન એ આપે છે કે બધાને એક આંખે ઈશ્વરદૃષ્ટિથી જુઓ. મૌલિક પ્રસંગોમાંથી એક ઉદાહરણ - રામનામથી પત્થર તર્યા અને સેતુ બંધાયો. રામને થયું કે મારા નામથી પત્થર તરે છે, તો હુ મારા હાથે પત્થર ફેંકુ છાનામાના પત્થર ફેંકે છે. પત્થરો ડુબી જાય છે. હનુમાન આ જોઈ જાય છે. રામને તે ખુલાસો આપે છે કે, આપ જેને હાથમાં રાખો તે તરે, જેને આપ ફેંકી દો તે તો ડૂબે જ કેવટપ્રસંગમાં લોકકવિ દુલાભાયા કાગના લોકપ્રિય ભજન "પગ મને ધોવા દો રઘુરાય" નો આધાર લઈ પ્રસંગને ભકિતભીનો અને રસમય બનાવ્યો છે.

વડોદરાની મ. સ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરપદે હતાં ત્યારે વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ (જે કાર્ય માટે ગુજરાત, વડોદરા અને વિશેષત: મ. સ. યુનિ. ગૌરવ લઈ શકે છે)માં કોલેશનનો પહેલો શ્લોક લખી મંગલ પ્રારંભ કરનાર શ્રીમતી હંસાબેન મહેતાએ સમીક્ષિત આવૃત્તિ પ્રકાશિત થાય તે પહેલાં પોતાના "વાલ્મીકિ રામાયણ" સમશ્લોકી સંક્ષિપ્ત અનુવાદ - (ઈ. સ. ૧૯૫૨ થી ૧૯૫૭)માં રામની સળંગ કથા કહેવાનો આગ્રહ રાખી પ્રક્ષેપોને બાદ કર્યા છે.

વાલ્મીકિ રામાયણનો એવો બીજો સમશ્લોકી અનુવાદ (ઈ. સ. ૧૯૮૧) શ્રીમતી સુરેશા બેન મજમુદાર તરફથી મળે છે. કવિયત્રી અનુવાદિકાએ કશું છોડયું કે ઉમેર્યું નથી. આ અનુવાદને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળ્યું છે. "ધરતીની પુત્રી" (ઈ. ૧૯૫૫)એ રામાયણવિષયક નવલકથામાં લેખક શ્રી કિશનસિંહ ચાવડાએ રાવણને રાક્ષસ નથી માન્યો અને રામસીતાને દેવ પણ નથી માન્યાં. એ ત્રણેને માનવ લેખે સ્વીકારી એ ત્રણેનાં પ્રેમ ત્રિકોણ દ્વારા પ્રેમની સનાતનતાને અંજલિ આપી છે.

ભવભૂતિ વાલ્મીકિ, તુલસીદાસ, ટ્વિજેન્દ્રલાલ, શિશિરકુમાર ભાદુરી વગેરેના સંસ્કારો ઝીલી શ્રી ચંદ્રવદન મહેતાએ ઈ. ૧૯૪૩માં સીતા નાટક લખ્યું છે. શીર્ષકના ઉપલક્ષ્યમાં અનન્ય કારુણ્યમૂર્તિ સીતાને

(અનુ. પાન ૪૭ પર)

મધ્યવર્તી પુસ્તકાલય

-બકુલેશ ભૂતા-રાજ્ય ગ્રંથપાલ

મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરાની સ્થાપના સન ૧૯૧૦માં ભુતપુર્વ વડોદરા રાજ્યના રાજવી શ્રીમંત મહારાજા સયાજી રાવે (ત્રીજાએ) કરી છે. શરૂઆતમાં મહારાજાએ પોતાના અંગત ગ્રંથાલય માંથી (વીસ હજાર) ૨૦,૦૦૦ પુસ્તકો ગ્રંથાલયને ભેટ સ્વરૂપે આપ્યા. ૩૩૦૦ જેટલાં પુસ્તકો સંપતરાવ ગાયકવાડ ગ્રંથાલય તરફથી મળ્યા અને ૩૦૦૦ જેટલાં સંસ્કૃત ભાષાના પુસ્તકો તથા હસ્તપ્રતો, કીર્તિવિઠ્ઠલમંદિર ગ્રંથાલય બનાવવા ઈચ્છતા હતા.

મધ્યવર્તી પુસ્તકાલયનો સુંદર વિકાસ થાય અને રાજ્યમાં ગ્રંથાલય પ્રવૃત્તિનો પ્રસાર થાય ને હેતુથી મહારાજાએ યંગમેન્સ ઈન્સ્ટીટયુટ, ન્યુહેવન, અમેરિકામાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા શ્રી ડબલ્યુ. એ. બોર્ડનને વડોદરા બોલાવી રાજ્યના ગ્રંથાલય નિયામક તરીકે નીમ્યા હતા. શ્રી બોર્ડને હિંમતભર્યું પગલું લઈ તે સમયે મુકત-દ્વાર પ્રવેશ પધ્ધતિ અપનાવી. આમ વડોદરા રાજ્યની પ્રજા માટે નિઃશુલ્ક ગ્રંથાલય સેવા આપવાનો યશ હિન્દુસ્તાનમાં સૌ પ્રથમ શ્રીમંત સયાજીરાવ મહારાજાને ફાળે જાય છે.

પુસ્તકોની આપ-લે માટે નેવાર્ડની દ્વિ-પત્રક પધ્ધતિ અપનાવવામાં આવેલી છે અને ગ્રંથવર્ગીકરણ માટે કટરની "વિસ્તારશીલ" અને ડયુઈની "દશાંશ" પધ્ધતિનો સુમેળ સાધી, શ્રી બોર્ડને પોતે તૈયાર કરેલી "બોર્ડન કલાસીફીકેશન એન્ડ આલ્ફાબેટીઝીંગ કોડ"નો ઉપયોગ કરવામાં આવેલો છે. વાંચકો સહેલાઈથી પોતાનું પુસ્તક મેળવી શકે ને માટે કર્તાનોંધ વિષયનોંધ, અને ગ્રંથનામ નોંધતા સૂચિપત્રકો તૈયાર કરવામાં આવે છે.

તે સમયે મધ્યવર્તી પુસ્તકાલયમાં સંદર્ભવિભાગ, બાળવિભાગ, ગ્રંથ આપ-લે વિભાગ, મહિલા વિભાગ, ગ્રંથબાંધણી વિભાગ અને સંસ્કૃત વિભાગો કાર્યાન્વિત હતા.

સંસ્કૃત વિભાગમાં ૩૨૦૭ હસ્તપ્રતો હતી. તેમાં હિન્દુસ્તાનભરમાંથી અમૂલ્ય અને અપ્રાપ્ય એવી (દશ હજાર) ૧૦,૦૦૦ હસ્તપ્રતો મેળવીને ઉમેરવામાં આવી.

સંસ્કૃત અને હસ્તપ્રત ગ્રંથાલયનો સર્વત્ર વિકાસ થાય તે આશયથી સંસ્કૃત પુસ્તકો, ૧૩૨૦૭ હસ્તપ્રતો સાથે ઓરીએન્ટલ લાઈબ્રેરીને સુપ્રત કરવામાં આવ્યા, હાલ તે સંસ્થા બરોડા ઓરીએન્ટલ ઈન્સ્ટીટયુટ તરીકે ઓળખાય છે.

ગ્રંથાલયક્ષેત્રે સેવા આપતા કર્મચારીઓને તાલીમ મળી રહે તે માટે સને ૧૯૧૨માં દેશભરમાં સો પ્રથમ મધ્યવર્તી પુસ્તકાલય વડોદરામાં ગ્રંથાલય તાલીમ વર્ગ શરૂ કરવામાં આવેલ, તે જ પ્રમાણે દેશમાં સૌ પ્રથમ . . સને ૧૯૧૨માં ગ્રંથાલય વિષયક સામૂહિક "લાયબ્રેરી મીસેલીની" (ત્રિમાસિક) આ ગ્રંથાલય તરફથી શરૂ કરવામાં આવેલું. દેશમાં સૌ પ્રથમ ૧૯૨૫માં ગ્રંથાલય મંડળ સ્થાપવાનું શ્રેય પણ આ ગ્રંથાલયને મળેલું છે.

શરૂઆતમાં સરદારવાડા મકાનમાં મધ્યવર્તી પુસ્તકાલય ચાલુ કરવામાં આવેલું પરંતુ ગ્રંથાલયના ઝડપી વિકાસ માટે તે સુસંગત ન હતું. આથી રાજ્યના બાંધકામ ખાતા તથા પુસ્તકાલયના સૂત્રધારકોના સહયોગથી નવા મકાનના નકશા તૈયાર કરવામાં આવ્યા. સને ૧૯૩૨માં પુસ્તકાલયનું હાલનું મકાન તૈયાર થયું. અને સરકારવાડાનું મકાન ખાલી કરી નવાં મકાનમાં પુસ્તકાલય ખસેડવામાં આવ્યું. જો કે વર્તમાનપત્રોનું વાચનાલય થોડાં વર્ષો સુધી ન્યાયમંદિરના હોલમાં જ ચાલુ રાખવામાં આવેલ હતું.

પુસ્તકાલયના આ મકાનમાં વિશિષ્ટ ગ્રંથાગાર બાંધવામાં આવેલ છે. કુદરતી પ્રકાશનો બહુધા લાભ મળે તેમજ આગથી નુકશાન ન થાય તે હેતુથી આ ચાર મજલાના ગ્રંથાગારની ફર્સ લગભગ ૪ સે.મી. જાડા કાચની બનાવવામાં આવેલી છે. આ ઉપરાંત મકાનમાં સંદર્ભ વિભાગ, બાળ વિભાગ, મહિલા વિભાગ, કાર્યાલય, ગ્રંથ આપ-લે વિભાગની પણ આગવી સુવિધા કરવામાં આવેલી છે.

૧૯૬૦ માં ગુજરાત રાજ્યની રચના થયાથી આ મધ્યવર્તી પુસ્તકાલયનું સંચાલન અને વ્યવસ્થા રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળ ગ્રંથાલય ખાતા દ્વારા કરવામાં આવે છે. અને ૧૯૬૦ થી જ રાજ્યના મધ્યસ્થ ગ્રંથાલય તરીકેની સેવાઓ આ પુસ્તકાલય પુરી પાડે છે. ગુજરાત રાજ્યની રચના સમયે આ પુસ્તકાલય તરફથી જે ગ્રંથાલય સેવાઓ આપવામાં આવતી હતી તે ચાલુ જ રાખવામાં આવેલી છે. તે ઉપરાંત તેના કાર્ય અને સેવાક્ષેત્રે સારા એવા સુધારાવધારા થયેલા છે. તેમજ ઉત્તરોત્તર તેમાં આધુનિકરણ કરવાના સન્નિષ્ઠ પ્રયાસો ચાલુ જ છે.

વર્તમાન સમયે મધ્યવર્તી પુસ્તકાલયમાં નિમ્નોકત ગ્રંથાલય સેવાઓ પુરી પાડવામાં આરી રહી છે.

વાચનાલય વિભાગ :- વર્ષમાં આવતા સાત રાષ્ટ્રીય તહેવારોને બાદ કરતાં બાકીના ૩૫૮ દિવસ,

સવારના ૮-૦૦ થી શરૂ કરી ૨૦-૦૦ કલાક સુધી આ વિભાગની સેવાઓ ઉપલબ્ધ છે. વાચનાલય વિભાગમાં ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી, ઉર્દૂ, તથા સિંધી ભાષાનાં વર્તમાનપત્રો તથા સામાયિકો મંગાવવામાં આવે છે. જેમાં જ્ઞાનવિશ્વના લગભગ તમામ વિષયો આવરી લેવાયેલ હોય છે. ૨૨ દૈનિક સમાચારપત્રો તથા ૧૩૦ જેટલાં દેશ-વિદેશના સામયિકો આ વિભાગમાં આવે છે. તે પૈકી શિષ્ટ સાહિત્યના તેમજ લાંબાગાળાનું ઉપયોગમૂલ્ય ધરાવતા વિવિધ વિષયોના સામાયિકોની વાર્ષિક ફાઈલ તૈયાર કરવામાં આવે છે. દરરોજ આશરે ૬૦૦ વાચકો આ વિભાગનો લાભ મેળવે છે.

વાંચન-વર્તુળ :-

જે સામાયિકોની વાર્ષિક ફાઈલ તૈયાર કરવામાં આવતી નથી તેવાં સામાયિકોના પાછલા અંકોનો વધુ ઉપયોગ થાય તેમજ, વાચનાલયમાં, આવાં સામાયિકો વાંચવવાનો સમય જે લોકો મેળવી શકતા નથી તેઓ ઘરબેઠાં ફુરસદના સમયમાં સામાયિકો વાંચી શકે તે માટે વાંચન વર્તુળ ચલાવવામાં આવે છે. જેમાં નોંધાયેલા સભ્યોને તેઓની પસંદગીનાં બે સામાયિકો ઘેર વાંચવા અપાય છે. આ અંકોની આપ-લે સમાહમાં બે દિવસ કરવામાં આવે છે. જો કે વાંચન-વર્તુળની સભ્યસંખ્યા ચોક્કસ સંખ્યા પુરતી મર્યાદિત રાખવામાં આવેલી છે.

મહિલા વિભાગ :-

ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વ્યવસાયક્ષેત્રે મહિલાઓની સંખ્યા જુજ છે. મોટા ભાગે સ્ત્રીઓ પોતાનું ગૃહકાર્ય સંભાળતી હોય છે. આથી બપોરના ફુરસદના સમયે ગ્રંથાલય સેવાનો લાભ મેળવી શકે તે માટે પુસ્તકાલયમાં અલાયદો મહિલા વિભાગ આવેલો છે, જેમાં આપ-લે વિભાગ જેવી જ સુવિધાઓ ઉપરાંત વાંચનાલય વિભાગની સેવાઓ પણ આપવામાં આવે છે. આ વિભાગમાં ગુજરાતી, હિન્દી તથા મરાઠી ભાષાનાં પુસ્તકો રાખવામાં આવેલાં છે. ખાસ કરીને બહેનોને વધુ ઉપયોગી બને તેવા વિષયોનાં પુસ્તકો વસાવવામાં આવે છે. આ વિભાગમાં આશરે ૩૦ હજાર ગ્રંથો છે.

બાળ વિભાગ :- બાળકો એ આવતીકાલનાં નાગરિકો છે. તેઓ બાળ વયે જેવી કેળવણી મેળવશે તેવું ભવિષ્યનું ઘડતર થશે. આથી બાળકોને આનંદસહ જ્ઞાન મળે અને તેઓની બુદ્ધિશકિત ખીલી શકે તેવું સાહિત્ય પુરું પાડવાની રાષ્ટ્રની ફરજ છે. આથી ગ્રંથાલયમાં અલગ બાળ-વિભાગની રચના કરવામાં આવેલી છે. જ્યાં બાળકોને ઘેર વાંચવા માટે પુસ્તકો અને બાળ સામાયિકો પુરાં પાડવામાં આવે છે. બાળકોનો બુદ્ધિ - આંક વધે અને તર્ક - શકિત વિકાસ પામે તેવી બેઠી રમતો (Indoore Games) પણ બાળવિભાગમાં વસાવવામાં આવી છે. મનોરંજક તથા શિક્ષણપ્રદ દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમોનો લાભ બાળકો મેળવી શકે તે માટે આધુનિક દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણો પણ ગ્રંથાલયમાં વસાવાયાં છે.

સુવિધાજનક અને પ્રફુલ્લીત વાતાંવરણમાં મુકત મને બાળકો જ્ઞાનોપાર્જન કરી શકે તે માટે બાળ-વિભાગની દિવાલોને રંગરંગીન ચિત્રોથી સજાવવામાં આવેલી છે. બાળકોના કદને અનુરૂપ ફર્નિચર વસાવવામાં આવેલું છે. આ વિભાગમાં ૧૪ વર્ષ સુધીની ઉંમર ધરાવતાં બાળકો ફકત રૂા. ૨/-ની અનામત દ્વારા બે પુસ્તકો ઘેર વાંચવા લઈ જઈ શકે છે. દરરોજ સરેરાશ ૮૨ બાળકો આ વિભાગનો લાભ મેળવે છે. આ વિભાગમાં આશરે ૨૫ હજાર પુસ્તકો છે.

સંદર્ભ વિભાગ :- ગ્રંથાલયો એ માત્ર પુસ્તકોનું આદાન-પ્રદાન કરનાર સંસ્થા જ નથી, પરંતુ માહિતીકેન્દ્રની પણ ગરજ સારે છે. કોઈપણ જિજ્ઞાસુ વ્યકિતનેકે કોઈપણ સંસ્થાની જરૂરિયાતના સંદર્ભમાં ગ્રંથાલય તરફથી માહિતી પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત અભ્યાસુ તેમજ અન્વેષકોને જરૂરી માહિતી અને વિગતો ગ્રંથાલયમાંથી મળી રહે. તે માટે સંદર્ભ વિભાગ નિભાવવામાં આવે છે. સંદર્ભ વિભાગમાં પણ અંગ્રેજી, હિન્દી, અને ગુજરાતીભાષાના સંદર્ભગ્રંથ વસાવવામાં આવેલા છે. જો કે આ વિભાગમાં અંગ્રેજી ભાષી ગ્રંથોની સંખ્યા વિશેષ છે. ગ્રંથાલયના સમય દરમ્યાન કોઈપણ વ્યકિત આ વિભાગનો ઉપયોગ કરી શકે છે. તેમજ સંદર્ભ વિભાગના કર્મચારી પાસેથી માહિતી મેળવી શકે છે. દૈનિક સરેરાશ ૨૫૦ વ્યકિતઓ આ વિભાગનો ઉપયોગ કરે છે.

આ વિભાગમાંથી રુબરુમાં માહિતી આપવામાં આવે છે જ તે ઉપરાંત પત્રો દ્વારા સંદર્ભ-સેવા પુરી પાડવામાં આવે છે. પત્રો દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓમાં કોઈ ક્ષેત્રે બંધન રાખવામાં આવતું નથી. એટલે કે રાજ્યમાં રાજ્ય બહાર કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ આ સંદર્ભ સેવા અપાય છે. વર્ષે સરેરાશ ૧૦૦ જેટલી સંસ્થાઓમાં આવી સેવાઓ અપાયેલી છે. આ ઉપરાંત અન્ય ગ્રંથાલયો કે સંસ્થાઓને આંતરગ્રંથાલય લોન સેવા ઉપર પુસ્તકો પુરા પાડવામાં આવે છે. સંદર્ભ વિભાગમાં એક લાખ ઉપરાંત સંદર્ભગ્રંથો તથા અપ્રાપ્ય ગ્રંથોનો સંગ્રહ છે. સંસ્થામાં આશરે ૨૫ હજાર અપ્રાપ્ય ગ્રંથો આવેલા છે. જેની જાળવણી કરવામાં આવે છે.

કોપીરાઈટ વિભાગ :- પ્રેસ એન્ડ બુક રજીસ્ટ્રેશન એકટ હેઠળ ૧૯૬૦થી સંસ્થામાં કોપીરાઈટ વિભાગ નિભાવવામાં આવે છે. રાજ્યમાંથી પ્રસિધ્ધ થતા પુસ્તકોની એક પ્રત ઉકત કાયદા હેઠળ મુદ્રક પાસેથી મેળવવામાં આવે છે. આ વિભાગમાં અત્યારે ૧૮૦૦૦ ઉપરાંત પુસ્તકો નોંધાયાં છે.

રાષ્ટ્રીય ગ્રંથસૂચિ :- દેશભરમાંથી પ્રસિધ્ધ થતાં પુસ્તકો, રાષ્ટ્રીય ગ્રંથાલય, કલકત્તામાં એકત્રીત કરવામાં આવે છે. તે દરેક પુસ્તકોની ભાષાંવાર રાષ્ટ્રીય ગ્રંથસૂચિ તૈયાર કરવામાં આવે છે. ગુજરાતી ભાષાના પુસ્તકોની રાષ્ટ્રીય ગ્રંથ સૂચિ કરી તેને પ્રસિધ્ધ કરવાનું રાષ્ટ્રીય ગ્રંથાલય કલકત્તા આ સંસ્થાને સુપ્રત કરવામાં છે. જે અન્વયે અત્યાર ૧૯૭૧ સુધીનું તમામ કાર્ય કરવામાં આવેલ છે. ૧૯૭૧ પુસ્તકોની વિગતો રાષ્ટ્રીય કલકત્તા તરફથી આ સંસ્થાને આગળની રાષ્ટ્રીય ગ્રંથસૂચિનું પણ પૂર્ણ કરવામાં આવશે.

મધ્યવર્તી પુસ્તકાલય, રાજ્યનું પ્રથમ કક્ષાનું જા ગ્રંથાલય તો છે જ સાથે રાષ્ટ્રીય કક્ષાએ પણ તે અગ ધરાવે છે. ગ્રંથાલય સેવાના વ અને આધુનિક પ્રવાહના સંદર્ભ આ ગ્રંથાલયને આધુનિક ઉપકર સજાવવાનું કાર્ય સરકારશ્રીએ ધરેલ છે. જે અન્વયે આશરે રૂા. લાખના ખર્ચથી ગ્રંથા આધુનિક ઓપ આપવામાં આ આ ગ્રંથાલયનું મહત્ત્વ અને ઓનું મૂલ્ય સમજી આ સમગ્ર ભારત સરકારની ઉપક્રમ સંસ્થા ઈન્ડીયન પેટ્રોકેમી કોર્પોરેશન લીમીટેડ, વડોદરા પૂરી પાડવામાં આવનાર છે. આધુનિકરણ કાર્યક્રમના પ્ર તબકકાનાં કાર્યો માટેની રકમ ગયેલ છે. અને તે કાર્યો ધરવામાં આવ્યા છે. ગ્રંથાલ આધુનિકરણ કાર્યક્રમ પૂર્ણ થત માત્ર રાજ્યને જ નહિ પરંતુ રા નમૂનારૂપ ગ્રંથાલય મળશે.

આગળ જણાવ્યા મુજબ ભાર સૌપ્રથમ અને ૧૯૧૨માં ગ્રંથાલ વિષયક ત્રિમાસિક સામ "લાયબ્રેરી મીસેલી" શરૂ થયેલું પ્રકાશન ૧૯૧૯માં બંધ પડેલું. ફરીથી ૧૯૮૮-૮૯ની સાલમાં સંસ્થાના સંપાદન હેઠળ ગ્રંથા ખાતાનું ત્રિમાસિક સામયિક "ગ્રંથદીપ" શરૂ કરવામાં આવેલ

સંસ્થામાં તકનીકી બિન-તકનિકી મળી કુલ કર્મચારીઓ સેવાઓ બજાવે છે. સંસ્થાના નિભાવ અને ગ્રંથ-અ સાહિત્યની ખરીદી માટે આશરે રૂા. ૮ લાખનો ખર્ચ થ છે.

"વ્યાવહારિક દુનિયામાં મા પોતાનો ભાગ યોગ્ય રીતે ભ શકે તે જ શિક્ષણનો ખરો હેતું જો તેઓ સફળતાથી કામ કરી નહિ તો તેમણે શિક્ષણથી મેળવે શકિત નકામી છે."

"પૃથ્વીમાં વસ્તી મા જાતમાં અર્ધી સંખ્યા સ્ત્રીઓની એ વાત ભૂલવાની તેમની સં જોતાં તેમણે શિક્ષણ આપવ ફરજમાથી પુરુષો મુકત થઈ શ નથી."

શ્રીમંત સયાજીરાવ

પ્રાચ્યવિદ્યા અને મહારાજા સયાજીરાવ

-શ્રી પ્રા.જયંત ઠાકર

...જના સુદીર્ઘ સુશાસન દરમિયાન ...દરા "સંસ્કારી નગરી" અને ...નપુરી" બની ગયું તથા તેની ...ના સુઘડતા આદર્શ અને ...રૂપ થઈ પડી, તે શ્રીમંત ...રાવ મહારાજા બહુવિધ ...ના ધરાવનાર રાજવી હતા. ...વિદ્યાસંશોધનના ક્ષેત્રમાંના તે ...ના પ્રદાન વિષે આ લખનારને ...ડી માહિતી છે, તેમાંથી કંઈક ...સે સમક્ષ ધરી દેવાનો આ ...નો ઉદ્દેશ્ય છે. સર્વ હકીકત ...જ આપવાનો પ્રયત્ન છે.

ગુજરાતનું એક સમયનું પાટનગર ... તત્કાલીન વડોદરા રાજ્યના ...ાંતમહેસાણા જિલ્લામાં આવેલું ...સોલંકી યુગમાં તે વિદ્યાનું મોટું ... હતું. તેમાં કેટલાય જૈન ભંડારો હતા. જેમાં હજારો પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો સચવાયા હતા. આજે તો મુનિશ્રી પુણ્યવિજયજીના પરિશ્રમથી એમાનું મોટા ભાગનું સંસ્કૃતિ ધન એકત્ર કરાયું છે. કર્નલ ટોડ, એલેકઝાન્ડર, કિન્લોક ફોર્બ્સ અને જર્યોજ બ્યૂલર જેવાએ પણ એ ગ્રંથભંડારોની મુલાકાત લીધેલી. મુંબઈ સરકારે ડૉ. આર. જી. ભાંડારકરને ઈ.સ. ૧૮૮૩ના ડીસેમ્બરમાં ત્યાં મોકલેલા. પોતાના રાજ્યમાંના આ વિશાળ સાંસ્કૃતિક ખજાનાની ઉપેક્ષા મહારાજા સયાજીરાવનું રાજ્યતંત્ર કરે એમ ન હતું. તા. ૧૭-૧૧-૧૮૯૨ના રોજ સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીને એ ભંડારોના સંશોધન અર્થે નીમવામાં આવ્યા. એ ભોંયરા જેવા મકાનોમાં રોજના પાંચ કલાક બેસી તેમણે ૨,૬૧૯ ગ્રંથોની સૂચિ તૈયાર કરી અને ૩૭૪ હસ્તપ્રતોની નકલ કરાવી લેવાની ખાસ ભલામણ કરી. ૧૮૯૩ના જુલાઈની ૧૬મી તારીખે તેમણે પોતાનું નિવેદન રજૂ કર્યું અને તેમાંની મોટાભાગની ભલામણોનો અમલ પણ કરવામાં આવ્યો.

૧૯૧૦માં મધ્યવર્તી પુસ્તકાલય આધુનિકતાની ઉત્તમ કોટિએ મુકવા માટે મહારાજાએ પુસ્તકાલય પ્રવૃત્તિના અમેરિકન નિષ્ણાત મિ. બોર્ડનને તેની સોંપણી કરી. સમગ્ર રાજ્યના ગામડે ગામડે આ પ્રવૃત્તિ પ્રસારવા એ વિદ્યાવિલાસી રાજવી કટિબદ્ધ થયા. ફરતું પુસ્તકાલય, ચલચિત્ર અને સચિત્ર પત્રખંડો દ્વારા જ્ઞાનપ્રસારની યોજના કરી આ માટે ૧૯૧૨માં "લાયબ્રેરી મિસેલે"ની નામનું ત્રૈમાસિક શરૂ કરાયું. એ નોંધવું રસપ્રદ થશે કે આ બધું સમગ્ર દેશમાં પ્રથમવાર થતું હતું.

આ દરમિયાન વડોદરાના પ્રસિદ્ધ વિઠ્ઠલમંદિરનો "ગ્રંથભંડાર, મહારાજાના ભાઈ શ્રી સંપતરાવ ગાયકવાડનો ૬૩૦ પુસ્તકોનો સંગ્રહ તથા શ્રી યજ્ઞેશ્વર ભટ્ટનો ૬૦ મુદ્રિત અને ૪૪૬ હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ શ્રીમંતની પ્રેરણાથી એકત્ર કરાયા અને એનો સંસ્કૃત વિભાગ મધ્યવર્તી પુસ્તકાલયમાં રચાયો. મહારાણી ચિમનાબાઈએ પણ રાજમહેલના દેવઘરમાં રાખેલા અતિસૂક્ષ્મ સુવર્ણાક્ષરે લખેલા ગીતા, મહાભારત, હરિવંશ અને ભાગવતપુરાણના પાંચ સચિત્ર કલાત્મક વીંટા એ વિભાગને ભેટ આપ્યા. "લાયબ્રેરી મિસેલેની"ના પ્રથમ અંકમાં જ સંસ્કૃત ગ્રંથોના વર્ગીકરણની યોજના પ્રસિદ્ધ કરાઈ, જે વિદેશોમાં યે પ્રશંસા પામી.

શ્રીમંતના ભાવભર્યા નિમંત્રણથી ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું અધિવેશન ૧૯૧૨માં વડોદરામાં મળ્યું. જેમાં મહારાજાએ રસપૂર્વક ભાગ લીધો. વિશ્વમાં વિદ્યાનાં વિવિધ ક્ષેત્રોમાં થતા વિકાસને આમજનતા સમક્ષ મુકવાના સદુદ્દેશથી આ અવસરે આ પ્રજાવત્સલ રાજવીએ બે લાખ રૂપિયાનું પ્રદાન કર્યું અને તે માટે આયોજન કરવા એક "ભાષાંતર શાખા"ની સ્થાપના કરી. આમાંથી સયાજી સાહિત્યમાળા, સયાજી બાલજ્ઞાનમાળા, સયાજી ગ્રામ વિકાસમાળા, માતુશ્રી જમનાબાઈ સ્મારક ગ્રંથમાળા અને શિશુ જ્ઞાનમાળા જેવી શ્રેણીઓ ઊભી થઈ.

હવે ફરી આપણે પાટણના ભંડારો તરફ વળીએ. શ્રી મ. ન. દ્વિવેદીનું કામ અધૂરું રહ્યું હતું. તેથી પુસ્તકાલયના સંસ્કૃત વિભાગના વડા શ્રી ચિમનલાલ દલાલને ૧૯૧૪ના સપ્ટેમ્બરમાં એ કાર્ય માટે મોકલ્યા. રોજના ૧૪ કલાક એ અંધારિયા ભંડારોમાં ઊભડક પગે બેસી ૧૨ અઠવાડિયામાં તેમણે ૧૩,૦૦૦ હસ્તપ્રતો જોઈ. વળી દપ૮ તો તાડપત્ર પર લખેલી મળી. તે સર્વની વર્ણનાત્મક સૂચિ તેમણે તૈયાર કરી લીધી. કેટલાક ગ્રંથોની નકલ કરાવી લેવાની, કેટલીક પ્રતો ખરીદી લેવાની અને કેટલીક સંપાદન માટે ઊછીની લેવાની સગવડ તે મેળવી શકયા. વૈદિક જૈન અને બૌદ્ધ ધર્મના કેટલાય દુર્લભ અને અમૂલ્યગ્રંથો પ્રકાશ પામ્યા. પ્રાકૃત તેમજ અપભ્રંશમાં લખાયેલા કેટલાક ગ્રંથો બહાર આવતાં ભાષાશાસ્ત્રને અતિ ઉપકારક થઈ પડયા. જૂની ગુજરાતી ભાષાના સંપૂર્ણ અભ્યાસ માટે પાટણના આ ભંડારોએ જે જૂનાં અને વિશ્વસનીય સાધનો પૂરાં પાડયાં, તેવાં ભારતની બીજી કોઈ ભાષામાં ભાગ્યે જ મળ્યાં હશે. ગુજરાતી ગદ્યના નમૂના પણ ઘણા પ્રાપ્ત થયા ૭૦૦-૭૫૦ વર્ષ પહેલાં આપણી ગુજરાતી ભાષાનું ગદ્ય કેવું હતું તે તાડપત્રનાં પુસ્તકોમાંથી બરાબર જાણવા મળ્યું.

શ્રી દલાલે રજૂ કરેલ વિસ્તૃત નિવેદનથી પ્રભાવિત થઈ સ્વદેશની સંસ્કૃતિના પૂજક અને પોષક, વિદ્યાવિલાસી તથા દીર્ઘદર્શી મહારાજાએ આ અમૂલ્ય ગ્રંથરત્નોને પ્રકાશિત કરવા માટે "ગાયકવાડની પ્રાચ્યવિદ્યા ગ્રંથમાળા" (એ ગાયકવાડઝ ઓરીએન્ટલ સિરીઝ) નામની એક સ્વતંત્ર ગ્રંથશ્રેણી શરૂ કરવાની તરત જ આજ્ઞા આપી. આ ગ્રંથમાળા પ્રથમથી જ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી શકી. ૧૯૧૫માં તેની સ્થાપના કરાઈ અને ૧૯૧૬માં તો તેનો પ્રથમ માણકો- રાજશેખરકૃત "કાવ્યમીમાંસા" નામક અલંકારનો ગ્રંથ -પ્રસિદ્ધ થયો. આ ગ્રંથમાળાની પ્રખ્યાતિ વિદેશોમાં એટલી થયેલી કે એમ કહેવાય છે કે મહારાજા સયાજીરાવનો પરિચય ત્યાં વડોદરાના મહારાજા તરીકે જ અપાતો ન હતો. પણ "આપણે ત્યાં પેલી ગાયકવાડઝ ઓરીએન્ટલ સિરીઝ" આવે છે તે "આ ગાયકવાડ" એવી રીતે અપાતો.

૧૯૧૪-૧૫માં મહારાષ્ટ્રના કેટલાક વિદ્વાનોએ પૂનાથી મહારાજાને પત્ર પાઠવેલો કે વડોદરાની હસ્તપ્રતો જોવા આવવાની તેમની ઈચ્છા છે. મહારાજાએ તરત જ ઉત્તર અપાવ્યો કે, પ્રતો જોવા બેધડક આવો પણ પ્રકાશનની યોજના અમે વિચારી હોવાથી પ્રતોના પ્રકાશન માટે કશી માગણી કૃપા કરીને કરશો નહિ.

વળી ભારતભરમાં ફરીને હસ્તપ્રતો પ્રાપ્ત કરવા માટે એ કામના વીસેક વર્ષના અનુભવી પ્રખર પંડિત શ્રી અનંતકૃષ્ણ શાસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી. અને તેમણે ૧૦,૦૦૦ હસ્તપ્રતો આણી આપી.

નવી શ્રેણિ માટે સંપાદનકાર્ય કરતાં કરતાં શ્રી દલાલને લાગ્યું કે, એ ગ્રંથની બીજી પ્રતો જેસલમેરના જૈન ભંડારમાં હોવી જોઈએ. પ્રાચીન પુસ્તકોને કેટલીક ભયંકર આફતોમાંથી બચાવી લેવાના સદુદ્દેશથી ૧૪૪૧માં રાજસ્થાનનું રણ ઓળંગી ને ગ્રંથોને પાટણથી જેસલમેરના ઊંચા કિલ્લામાં સિફતપૂર્વક ખસેડી લેવામાં આવેલા.

મહારાજાએ તેમને વિના વિલંબે ત્યાં મોકલ્યા. જેસલમેરમાં તેમણે ૩૪૪ તાડપત્રીય ગ્રંથો તથા ૬૦૦૦ કાગળ પર લખાયેલા ગ્રંથો તપાસ્યા. તેમની ધારણા અનુસાર ઘણા ગ્રંથોની મૂળ પ્રતો ત્યાંથી મળી આવી. જેની હસ્તપ્રતો બીજે કયાંય ઉપલબ્ધ નથી. એવા સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાં લખાયેલા ગ્રંથો પણ ત્યાંથી પ્રાપ્ત થયા. સમસ્ત ભારતમાંથી મળેલા તાડપત્રીય ગ્રંથોમાંના કેટલાક પ્રાચીનતમ ગ્રંથો અહીંથી મળી આવ્યા. આમ આ શોધ અતિ મહત્ત્વપૂર્ણ નીવડી.

આ ઉપરાંત સિરોહી, બિકાનેર, જોધપુર, જુનાગઢ, વળા, આમોદ, તારાપુર, ખંભાત, ખેડા, માનર, પાંચગામ અને અમદાવાદ વગેરે સ્થળે પણ આ અર્થે શ્રી દલાલ ફર્યા અને માત્ર પાંચ માસમાં ૧૫,૦૦૦ હસ્તપ્રતો તપાસીને ૩૦૦ જેટલી તો વડોદરાના સંગ્રહ માટે લઈ આવ્યા.

રાજાજ્ઞાનું આવી અદભૂત રીતે પાલન કરનાર આ અતિ ઉત્સાહી વિદ્વાનની પરિશ્રમશીલતા તથા કુશળતાની કદર કરવાનું મહારાજા ચૂકયા નહિ. તે જેસલમેરથી ૧૯૧૬ના અંતમાં આવ્યા અને ૧૯૧૭ના માર્ચમાં ભરાયેલા વાઢદિન દરબારમાં તેમના કાર્યની શ્રીમંતે જાહેરમાં પ્રશંસા કરી પોતાની પ્રસન્નતાના પ્રતીકરૂપે રૂા. ૫૦૦ની થેલી ઉપરાંત "રાજયરત્ન"નો રજતચંદ્રક એનાયત કર્યો તથા નોકરીમાં પણ બઢતી આપી પ્રોત્સાહિત કર્યા. પરંતુ અંધારિયા ભંડારોમાં બેસીને કરેલ પરિશ્રમને કારણે નબિયત લથડતાં ગુજરાતના આ મહાન સંશોધક અને "ગાયકવાડની પ્રાચ્યવિદ્યા ગ્રંથમાળા"ના પ્રધાન સંપાદક માત્ર ૩૮ વર્ષની યુવાન વયે તા. ૨-૧૦-૧૯૧૮ના રોજ શાશ્વતના તરફ પ્રયાણ કરી ગયા !

મધ્યવર્તી પુસ્તકાલયના આ સંસ્કૃત વિભાગની સંશોધન પ્રકાશનની પ્રવૃત્તિ વધતાં અને હસ્તપ્રતોનો સંગ્રહ પણ વિપુલ થતો જતો હતો. તેથી ૧૯૨૩માં એ

રામાયણ સાહિત્ય અને...

...ણ વિવિધ દ્રશ્યોને કર્તાએ એક વિશિષ્ટ ભાવના દોરથી બાંધ્યાં છે. જ્ઞાનનું મિથ્યાભિમાન થાય, અહમનો વિસ્તાર થાય તો જીવ બ્રહ્મજ્ઞાની થવાને બદલે બ્રહ્મરાક્ષસ થાય છે. નિષ્કામ સેવા અને નિર્વ્યાજ નિખાલસતા વગરની સાધના વંધ્ય નીવડે છે. દિવ્યસેવામંત્રના પ્રતાપે જ શબરી રામને પ્રાપ્ત કરી શકે છે. બ્રહ્મરાક્ષસ પણ લક્ષ્મણની સેવાસાધનાના બળને પ્રતાપે જ ઉદ્ધાર પામે છે. આમ કર્તાએ સેવાને કેન્દ્રમાં રાખીને પ્રસંગ વર્તુળો દોર્યા છે. ("ગુજરાતના સાહિત્ય અને સંસ્કારમાં શ્રીશ્રેયસાધક અધિકારી વર્ગનો ફાળો" એ ડૉ. લવકુમાર દેસાઈના અપ્રકાશિત શોધપ્રબંધને આધારે)

વડોદરાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટસના નૃત્યવિભાગના અધ્યક્ષ પ્રો. ચંદ્રશેખરે ચારેક વર્ષ પહેલાં વડોદરામાં ભરતનાટયમ શૈલીમાં સ્વરચિત સીતા વિષયક "ભૂમિજા" પ્રસ્તુત કર્યું હતું.

પ્રાચ્ય વિદ્યામંદિર (મ. સ. યુનિ.)ની શ્રીસયાજી બાલજ્ઞાનમાળામાં પ્રકાશિત થયેલાં પુસ્તકોમાં શ્રી ભગીરથ મજમુદારનું "પરશુરામ", સૌ. મંજૂદેવી પંડયાનું "બાલરામાયણ", શ્રી મંજુલાલ મજમુદારનું "રામાયણનું રહસ્ય", શ્રી નાજુકલાલ ચોકસીનું "સીતા", "શ્રી શાંતિલાલ ઓઝાનું" "વિશ્વામિત્ર", સૌ. શ્રીમતી બાલા મજમુદારનું "લવકુશ" વગેરે બાળ કિશોર સાહિત્યનાં પુસ્તકો ઉલ્લેખનીય છે.

આમ છેક સોળમા સૈકાથી માંડીને આજ સુધીમાં કથ્ય પરંપરા, સાહિત્ય પરંપરા અને કલાપરંપરાની અનેક સર્જક પ્રતિભાઓને રામાયણનું આકર્ષણ રહ્યું જણાય છે. વડોદરાના સંસ્કારજીવનમાં રામાયણનું સ્થાન નિશ્ચિત છે.

...કપદે જોવા માગનાર વાચકને ...ર્ય થાય એવું છે, કેમ કે ...વિધાનમાં ધર્મકર્તવ્ય અને ...દ્વારા- નિષ્ઠાની દ્વિધા વચ્ચે ...વાના રામના પાત્રનું મહત્ત્વ ...ચન જળવાયું છે. સીતાનું પાત્ર ...મણચરિત્રમાં નૈમિત્તિક પાત્ર અથવા ...ઉપાદાન પુરતું મહત્ત્વ ધરાવતું ... છે. હૃદયની પ્રણયાર્દ્ર ...ણીઓ અનિચ્છાએ ડામી દેતા ...-આજ્ઞા માથે ચડાવતા : ...ત્યાગ, શંબુકવધ, અશ્વમેધ યજ્ઞ ... સીતાની અગ્નિપરીક્ષા જેવા ...તુતંતુના મહત્ત્વના પ્રસંગો પાર ...ના હોવા છતાં હૃદયવિદારક ...સંતાપ નોંતરતા રામના પાત્રમાં ...ન છવાતો આવતો ભાવવાહી ...દ હૃદયસ્પર્શી છે. સંસ્કૃત ...ની પાત્રદ્યોતક તેમજ ...વરણપોષક સંવાદબાનીની ...ક અભિનયછટા તથા કાવ્યરંગી ... વિવિધ વિષાદ ભાવોની ...નિષ્પત્તિ અને અર્થસાધકતા અંગે ...કારક બનતી આવે છે. (શ્રી ... ચોકસીના "ગુજરાતી નાટય ...ત્યનો ઉદ્‌ભવ અને વિકાસ"ને ...રે)

શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના ... શ્રી ઉપેન્દ્રચાર્યજીએ ૮ પ્રવેશના ...સિદ્ધિ" ઈ. ૧૯૪૯) સંવાદમાં ...ના પાત્ર દ્વારા સેવાધર્મ: પરમ ... યોગિનાગધ્યગમ્ય: એ ...ું છે. "માથાનો મુગટ છે ... સેવાનો ટોપલો" અને ...મના કુલનો હું તો ગજરો ... એમ માની એ રામની પ્રતીક્ષા ... છે. રામ આવે છે અને એનાં ... ઓર આરોગે છે એ પ્રસંગને ... લેવામાં આવ્યો છે. કર્તાએ ... ઋક્ષરાક્ષસનું મૌલિક પાત્ર એ ... સંવાદની વિશિષ્ટતા છે. ...ત્રિનો શિષ્યસમુદાય ...રાક્ષસ અને સેવામૂર્તિ શબરી એ

Bringing Wave of Prosperity to the Diligent hands of the WEAVERS

PETROFILS CO-OPERATIVE LIMITED

- A Joint Venture of Government of India & Weavers Co-operatives.
- Producers of Quality Polyester Flat Yarn, Texturised Yarn & Partially Oriented Yarn.
- Product adjudged World Class
- Committed to the upliftment of weaker section of the weaver community.
- Generated direct and indirect potential employment for about one lac people.
- Imports guidance free of charge for development of superior quality fabrics.

Registered & Head Office

P. O. Petrofils 391 347
Dist. Vadodara (Gujarat)

Telephone Numbers :

72781 - 85

વડોદરાને વડલે

-મરાઠી સાખી.

ચાલો, રસિયાં જન ! જઈયે હો,
વડોદરાને વડલે
ત્રિવિધ તાપથી બળબળતે ઉર,
વિરામ ત્યાં મેળવિયે,
વિશ્રમ્ભે લઈએ વિશ્રામ;
વાત કંઈ વિચારિયે અવિરામ !
અહો ! ધીર ગમ્ભીરી ઘટા કંઈ,
છટા ભરી એ ડોલે !
કિલકિલાટ કરતાં પંખી જન,
ઉરના અબોલ બોલો !
ચાલો, એ સુણિયે પ્રભુગીત !
આચરિયે પ્રભુતાની રીત !
રસિયાજી રાજ પ્રેમાનંદ
ઝુલે ત્યાં જટાનરંગે !
રસપ્રકાશ રેલે ત્યાં હેલે-
હિંચિયે હો ઉછરંગે !
સંગવિહારે બનિયે વિશાળ;
રસિકજન ! મ્હાલિયો જીવન રસાળ
!

-સદકવિશ્રી "લલિત"
રચાયું : તા. ૩, એપ્રિલ, ૧૯૧૨

પ્રાચ્ય વિદ્યા...

વિભાગને કોઠીમાં આવેલ રાજ્યના દફ્તરખાના (અ- સ્ટેટ રેકર્ડ ઓફિસ)ના અદાહ્ય (અં- ફાયરપ્રૂફ) ઓરડામાં જેને નુકશાન ન કરી શકે એવા મકાનમાં ખસેડી લેવામાં આવ્યો અને તે પછી ચાર વર્ષે તા. ૧-૯-૧૯૨૭ના રોજ તેને પુસ્તકાલયથી અલગ પાડીને સંશોધનની સ્વતંત્ર સંસ્થા બનાવી. "પ્રાચ્યવિદ્યા મંદિર" (અં - ઓરીએન્ટલ ઈન્સિટટયૂટ) એવું નવું નામ આપ્યું. આ રીતે મહારાજા સયાજીરાવના પ્રાચ્યવિદ્યા પ્રેમના પરિપાકરૂપે આજના "પ્રાચ્યવિદ્યામંદિર"ની સ્થાપના થઈ. આજે તો વિશ્વની બહુ થોડી અગ્રગણ્ય સંસ્થાઓમાં તેની ગણના થાય છે. તેના પ્રથમ નિયામક (અં - ડાયરેકટર) તરીકે મહારાજાએ ડો. બિનયતોષ ભટ્ટાચાર્ય નામના વિચક્ષણ વિદ્વાનની નિમણૂંક કરી.

ઉપર જણાવેલ ગુજરાતી ગ્રંથ શ્રેણીઓ ચલાવતી "ભાષાન્તર શાખા"ને કેળવણી ખાતામાંથી અલગ કરીને ૧૯૩૧માં આ સંસ્થાનો એક વિભાગ બનાવી દેવાઈ. વળી તે જ વર્ષે સંસ્કૃત, પ્રાકૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ એ વિષયોમાં અનુસ્નાતક અધ્યાપનનું કાર્ય પણ આ "પ્રા. વિ. મ."ને સોંપાયું.

બે વર્ષ બાદ ૧૯૩૩માં મહારાજાએ અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદ (અં- ઓલ ઈંડિયા ઓરીએન્ટલ કોન્ફરન્સ)નું તેનું સાતમું અધિવેશન વડોદરામાં ભરવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું અને એ અધિવેશનમાં પોતે પણ સક્રિય ભાગ લીધો. બે વર્ષ પછી તે અધિવેશનનો અહેવાલ પ્રકટ થયો.

આ રીતે મહારાજાએ પ્રાચ્યવિદ્યા સંશોધન ક્ષેત્રને પૂરતું પ્રોત્સાહન આપ્યું. એવી રીતે એક વખત અચાનક તેઓ પ્રાચ્યવિદ્યામંદિરની મુલાકાતે આવ્યા. ત્યાં તેમણે પુષ્કળ હસ્તલિખિત ગ્રંથોને ટેબલ - પર મુકેલા જોયા. પૂચ્છા કરતાં ખબર પડી કે એ ઘણા જૂના મહત્ત્વના દુર્લભ ગ્રંથો હતા. પરંતુ તેમને સુરક્ષિત રાખવા માટે કબાટ ન હતાં. તરત જ હજૂર હુકમ છૂટયો કે જેમાં તેનું ઝવેરાત ભરેલું હતું, તેવા બે મોટા અદાહ્ય કોષ્ઠ (અં ફાયરપ્રૂફ સેફ) ખાલી કરીને મહેલમાંથી મંદિરમાં નાત્કાલિક ખસેડવા જે રાજવી પોતાનું ઝવેરાત જેમાં રાખવામાં આવતું હોય એવી મહાકાય અદાહ્ય તિજોરીઓ હસ્તપ્રતો સાચવવા માટે ઉદારતાથી આપી દે. તેમનો પ્રાચ્યવિદ્યાપ્રેમ કેટલો ઉત્કૃષ્ટ હશે ?! ઈંગ્લેન્ડની બનાવટની આ બે તિજોરી અતિ ભારે અને વિશાળ છે. તેની ભીંતોમાં તેમજ દ્વારમાં રેતી ભરેલી હોવાથી બહાર આગ લાગી હોય તો પણ તેની અંદરની વસ્તુઓને બિલકુલ આંચ આવે નહિ. એમને મૂકવા માટે ખાસ મજબૂત વેદિકાઓ (અં. પ્લેટફોર્મ્સ) બનાવવી પડી ! આજે પણ પ્રાચ્યવિદ્યામંદિરના મુલાકાતીઓ એ જોઈને આશ્ચર્યમુગ્ધ બની જાય છે.

મહારાજા સયાજીરાવની સ્વપ્ન સિદ્ધિ સમી યુનિવર્સિટી સ્થપાતાં બીજા કોલેજોની જેમ "પ્રાચ્યવિદ્યામંદિર" પણ યુનિવર્સિટીનું જ એક અંગ બની ગયું છે અને ઉપર દર્શાવેલી સર્વ પ્રવૃત્તિઓ ત્યાં સારી રીતે ચાલે છે. "વાલ્મિકી -રામાયણ"ની સમીક્ષિત (અં. ક્રિટિકલ) આવૃત્તિનું કાર્ય આ સંસ્થાએ ૧૯૪૧માં ઉપાડયું. જે ૧૯૭૫માં પૂર્ણ થયું. આ લખનારને ૧૯૫૪માં વાલ્મિકિ રામાયણની પશ્ચિમોત્તરીય વાચનાની હસ્તપ્રતોની શોધમાં હોશિયારપુર (પંજાબ) જવાનું થયું. લાહોર (પાકિ. પંજાબ)માં "ડી.એ.વી. કોલેજ" સાથે "વિશ્વેશ્વરાનન્દ" વૈદિક શોધ "સંસ્થાન" નામની સંસ્થા ચાલતી હતી. જેમાં વેદરામાયણ આદિનું સંશોધન કરાતું હતું.

ભારત-પાકિસ્તાન જુદા થતાં ત્યાં આગ લગાડવામાં આવી. અને તેમાંથી જે કંઈ બચાવી શકાયું તે ટ્રકો દ્વારા અમૃતસર લાવવામાં આવ્યું. હોશિયારપુરના એક શ્રીમંત સજ્જન શ્રી સાધુરામ ભલ્લાએ "સાધુ આશ્રમ" નામની સંસ્થા ઊભી કરી આપી ને તેમાં આ શોધ સંસ્થાને પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. જે હજારો હસ્તપ્રતો ત્યાં રાખેલી હતી. તેમાંથી આ લખનારને ૨૮૪ જેટલી વા. રામાયણની મળી શકી. એ સંસ્થાનની સ્થાપના, હેતુઓ વગેરે દર્શાવતું સાહિત્ય તેને આપવામાં આવ્યું, તો તેમાં આગળ મહારાજા સયાજીરાવની આખા કદની પ્રતિચ્છવિ (અં.- ફોટોગ્રાફ) જોઈ પ્રસ્તુત સંસ્થાના પ્રથમ પુરસ્કર્તા (અ-ફર્સ્ટ પેટ્રન)ની એ છબિ હતી. જોઈને પુલકિત થઈ જવાયું, ગૌરવ અનુભવાયું !

આવા મા ભારતીના મહાન સપૂતને શતકોટિ પ્રણામ !

વડોદરા અને ભગવાન સ્વામિનારાયણ

સાધુ અક્ષરજીવનદાસ

લે. સાધુ અક્ષરજીવનદાસ (સાહિત્યાચાર્ય, રાષ્ટ્રીય સુવર્ણચંદ્રક વિજેતા)

વડોદરા સાથે સ્વામિનારાયણ સંપ્રદાયનો નાતો ૨૦૦ વર્ષ જૂનો છે.

ભગવાન સ્વામિનારાયણની હયાતિમાં અને એમના દેહવિલય પછી એમના પરમહંસ શિષ્યોએ રચેલા તમામ ગ્રંથોમાં ભગવાન સ્વામિનારાયણની વડોદરાની ભવ્ય પધરામણીનાં સુંદર વર્ણનો છે. આ વર્ણનમાં સંતોએ ઝીણામાં ઝીણી વિગતો નોંધવાની જહેમત લીધી છે.

એટલે સુધી કે મુલાકાત વખતે ને બીજે દિવસે વડોદરાના જે જે હરિભકતને શ્રીજી મહારાજની પૂજા કરી તેઓનાં નામ અને સરનામાં પણ નોંધાયાં છે ! સ્વયં ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃતમાં સ્વમુખે વડોદરાની, દબદબાભરી મુલાકાતનો અણસારો આપ્યો છે. તેઓ વચનામૃતમાં કહે છે : 'આ વાત (આત્મા-પરમાત્માની) અમે કરીએ છીએ તે કાંઇ બુધ્ધિની કલ્પનાએ નથી કરતા તથા સિધ્ધાઇ જણાવ્યા સારુ નથી કરતા, આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ કેમ જે અમારે સ્ત્રી-ધનાદિક પદાર્થનો ભારે યોગ છે. તથા પંચવિષયનો ભારે યોગ છે. તથા સૂરત, અમદાવાદ, વડોદરે, વડતાલ જઇએ છીએ ત્યારે હજારો માણસો ભેગાં થાય છે ને માને છે તથા વાજતેગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે. તથા ત્યાં જ ભારે ભારે જાયગાઓ જોવામાં આવે છે. તથા ભારે વસ્ત્ર-વાહનાદિકનો યોગ થાય છે. ને એમાં એ સર્વનું અતિ તુચ્છપણું થઇ જાય છે ને એમાં કોઇ ઠેકાણે બંધાઇ જવાનું નથી.

અહીં શ્રીજી મહારાજ સૂરત અમદાવાદ, વડતાલ તથા વડોદરાનો ઉલ્લેખ કરે છે. અમદાવાદ તથા વડતાલ તો તેઓ ઘણી વાર પધારેલા છે. ઇ.સ. ૧૮૨૨માં અમદાવાદમાં મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા પ્રસંગે તેઓ પધાર્યા ત્યારે ૫૦,૦૦૦ સત્સંગીઓ ઉમટયા હતા. તેવું એશિયાટિક જર્નલ ઇ.સ. ૧૮૨૩માં નોંધે છે. સૂરતમાં તેઓ પધાર્યા હતા. ત્યારે પણ તેઓનું દબદબાભર્યું સ્વાગત થયું હતું શ્રી સહજાનંદ સ્વામીનું સૂરત પધારવું પુસ્તકમાં હોરમસજી જોરબજી વાડીઆ તથા રૂસ્તમજી જોરબજી વાડીઆ નામના લેખકોએ તેનું પદ્યાત્મક વર્ણન નોંધ્યું છે. શ્રીજી મહારાજ ઉપરોકત વચનામૃતમાં વડોદરાની વાત પણ કરે છે. અહીં નોંધનીય છે કે વડોદરામાં તેઓ કુલ બે જ વખત પધાર્યા છે. (૧) વિચરણ કરતાં કરતાં શ્રી નીલકંઠ વર્ણી તે ૧૮ વર્ષની ઉંમરે (૨) 'સહજાનંદ સ્વામી' તરીકે પટ્ટાભિષેક થયા પછી વચનામૃતમાં તેઓ, 'વડોદરે જઇએ છીએ ત્યારે હજારો માણસો ભેગાં થાય છે ને વાજતે-ગાજતે અતિ સન્માન કરીને પધરાવે છે.' એમ કહે છે ત્યારે, તેમાં નીલકંઠવર્ણી વેશે તેઓ વડોદરા આવ્યા હતા તેનો ઉલ્લેખ નથી. એ ઉલ્લેખ વડોદરાની તેમની બીજી મુલાકાતનો જ છે.

ઇ.સ. ૧૮૯૬માં પ્રકાશિત થયેલું 'મહાજન મંડળ' નામનું પુસ્તક પણ નોંધે છે કે 'શ્રીમંત સયાજીરાવ મહારાજે (બીજા) સ્વામિનારાયણને ઘણા આદરમાનપૂર્વક વડતાલથી વડોદરે તેડાવ્યા તથા અસ્વારી સામે મોકલીને ઘણી ધામધૂમથી પોતાના દરબારમાં પધરાવ્યા.'

ઇ.સ. ૧૮૭૨ની ઓરિએન્ટલ રિસર્ચ જર્નલ "Indian Antiquary"માં શ્રી જેમ્સ બર્જસ નોંધે છે :

"Guikwad Sayajee became disciple, and also the Raja of Gudhada."

"ગાયકવાડ સયાજી (બીજા) અને ગઢડાના રાજા (શ્રી સ્વામિનારાયણના) શિષ્ય થયા હતા."

મહારાજા સયાજીરાવ બીજાને શ્રીજી મહારાજ પ્રત્યે કેવો અપ્રતિમ ભાવ હતો તેનો ખ્યાલ, તેમણે શ્રીજી મહારાજને મોકલેલા પત્રો પરથી આવે છે. શ્રીજી મહારાજને વડોદરા પધારવા માટેનો તેમનો એક વિનંતિ પત્ર આ પ્રમાણે હતો.

શ્રીવા

'સ્વસ્તી શ્રીમદ વડતાલ ગામ કુતનિવાસ પુ. શ્રી લક્ષ્મીનારાયણ ચરણસરોજ સેવાકૃત મહાદરે સુજ્ઞાન વૈરાગ્યાદી સર્વસલક્ષણ સંપનેષુ સ્વામીષુ સહજાનંદસુ ઇઅન શ્રી વટપતના લેખ્યવંત સીહાજીના (સયાજીના) નામો નારાયણ જ્ઞા પ્રર્ણનીપટલ સમસ્ક.

બીજું લખવા કારણ એમ છે જે મહારાજ, કૃપા કરીને એકવાર વડોદરે પધારો અને હમને પાવન કરો ને તમારી નજરમાં તો એક દિવસ તથા બે દિવસ તથા પોર રહીને અમને દરશન આપીને તમારી નજરમાં આવે તેમ કરજો. અને અમારે તો તમારા દરસનમાત્રની ઇચ્છા છે. બીજું કોઇ ઇછા નથી અને બીજુ મેં વિનંતિ કોઇને આવડી કરી નથી ને બહુ બહુ કરીને આપને વીનંતી કરૂં છું જે મહારાજ, તમો આંહીયાં જરૂર પધારજો. ને કોય વાતની ઉપાધિની ચિંતા કરશો નઇ ને કોય સંદેહ આણશો નઇ ને બીજું, તમારા પત્રમાં લખું (લખ્યું) છે જે લક્ષ્મીનારાયણની સામગ્રીના ધણની માફીનું પત્ર મોકલજો એવું હતું. તેનો જવાબ પાછળથી લખી મોકલીશું. ને પ્રસ્તુત તમારા દરસનની ઇચ્છા અમને ઘણી છે. માટે આ પત્ર લખી આદર કરૂં છું એ પંત્ર ઘણી અગત્યનું જાણીને આપે વેલા પધારજો ને આપ તમે કશી વાતનું અંદેશો મનમાં ન લાવતાં વેલા આવીને અમને દરસન થાય તેમ 'કરજો ને અમારે પણ ઇચ્છા એ જ છે.

દક્ષણી હરફેસઇ. ૮



પ્રમુખ સ્વામી

શ્રીમંત મહારાજાએ, આ પત્ર પછી બીજો એક પત્ર શ્રીજી મહારાજને લખ્યો હતો જેમાં, વડતાલના લક્ષ્મીનારાયણ દેવમંદિરની ધણમાફીનો ઉલ્લેખ હતો. એ પત્રમાં પણ શ્રીમંત સયાજીરાવને શ્રીજી મહારાજ પ્રત્યે કેવો અપૂર્વ આદર હતો તેનો પરિચય મળે છે. પત્ર આ પ્રમાણે હતો :

શ્રીવા

સ્વસ્તીશ્રી ગઢપુર માહાશુભ સ્થાને પનીતપાવન કૃપાસીંધુ દીનબંધુ ભકતવલભવત્સલ પ્રતીપાલક સદ્‌ગુરુ શ્રી સહજાનંદજી મહારાજ પ્રતે, ગામ વડોદરાથી લખાવીનંગ શ્રી સરકાર ગાયકવાડના સાષ્ટાંગ દંડવત સેવામાં અંગીકાર કરજો. બીજું લખવા કારણ એમ જે તમારો પત્ર નારુપંથ નાના ઉપર આવો (આવ્યો). તે વાંચી સમાચાર જાણા (જાણ્યા) બીજું લક્ષ્મીનારાયણ સંબંધી ધણમાફીનું પત્રક કરાવીને મોકલું છે ને સેવામાં અંગીકાર કરજો. બીજું મહારાજ, હું તમારો છું ને મને તમો મલ્યા છો તેનો તો અભિમાન આપણને છે. ને તમો લખું (લખ્યું) છે જે હમે તો ભગવાનના ભકત છીએ ને ભગવાનની ભજ્યાની રીતને જાણીએ છીએ તે વાસતે (માટે) હે માહારાજ, એવા જે તમાને શરણે હું છું. બીજું ઘણું શું લખીએ. મીતી. સં. ૧૮૮૩ના માધ વદી ૬ મંદવાસરે શ્રી હાજીપંથ દક્ષણી હરફે

આવા બીજા પણ પત્રો છે, જેમાં શ્રીમંત મહારાજાનો શ્રીજી મહારાજ પ્રત્યેનો આદરભાવ પ્રગટ થાય છે.

મહારાજશ્રી સયાજીરાવ (બીજા) પછી પણ, તેમના ગાદી વારસ મહારાજા શ્રી ગણપતરાવને એવો જ આદરભાવ હતો. શ્રી મહારાજા સને ૧૮૪૯માં, મોટી સવારી સાથે વડતાલમાં દેવદર્શને પધાર્યા હતા. તેઓના વારસ મહારાજા શ્રી ખંડેરાવે ઇ.સ. ૧૮૫૮માં સંપ્રદાયની વરતાલ ગાદીના આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને ભવ્યનાથી વડોદરામાં પધરાવ્યા હતા. મહારાજા પોતે પણ સને ૧૮૬૨ની સાલમાં ભવ્ય સવારી સાથે ચઢડા સ્થાનમાં દર્શને પધાર્યા હતા. અને પાંચ દિવસ શ્રીજી મહારાજના આ મહાતીર્થસ્થાનમાં રોકાઇને લાભ લીધો હતો. ત્યાર પછી મહારાજા ખંડેરાવે વરતાલ પધારીને લક્ષ્મી નારાયણ દેવ વરતાલની સેવામાં સંજાયા ગામ અર્પણ કર્યું હતું.

હવે સંપ્રદાયના ગ્રંથો-શાસ્ત્રોના આધારે મળતી માહિતિ મુજબ વડોદરાના સાંપ્રદાયિક ઇતિહાસને જોઇએ.

સ્વામિનારાયણ સંપ્રદાયના ગ્રંથોના આધારે મળતી માહિતી મુજબ ભગવાન સ્વામિનારાયણ સૌ પ્રથમ નીલકંઠવર્ણી વેશે, અર્થાત ઉત્તરપ્રદેશથી અગિયાર વરસની કુમળી વયે વનભ્રમણ કરતા દક્ષિણભારત કન્યાકુમારી થઇ આંધ્ર-મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં પ્રવેશ્યા. ત્યારે (વિક્રમ સં. ૧૮૫૫ના ફાગણ સુદ આઠમને ગુરુવારે) શહેરના મધ્યભાગમાં આવેલી માંડવીના સોળ થાંભલાઓ પૈકી બીજી હરોળના બીજા થાંભલા નીચે બિરાજ્યા હતા. એમની મનોહર તપસ્વી છતાં વહાલ ઉપજે એવી આકૃતિ જોઇ ગામલોકો ટોળે વળેલાં. વાત-ચીતમાં તેમને અહીં જ રોકાઇ જવા સૌએ કહ્યું ત્યારે તેઓશ્રી બોલેલા કે "તમારા આ શહેરના રાજા અત્યારે છે તે નહિ, પણ એમના વંશના ત્રીજા રાજા મને શહેરમાં પધારવા આમંત્રણ આપશે ત્યારે હાથી ઉપર બેસીને સામે પેલો ત્રણ કમાનોવાળો દરવાજો દેખાય છે તે માર્ગે હું આવીશ. આ સામે રાજાનો મહેલ દેખાય છે તેના દેવઘરમાં હુંફ બેસીશ ત્યારે અહીં ત્રણ દિવસ રોકાઇશ." ૧

*

ઇતિહાસમાં વડોદરાના રાજકર્તા તરીકે સયાજીરાવ બીજા કરતાં સયાજીરાવ ત્રીજાની કારકીર્દિ વધારે ઉજ્જવળ ગણાય છે. જો કે પરમાત્માને પોતાને આંગણે પધરાવવાનું પરમ સૌભાગ્ય તો સયાજીરાવ બીજાને સાંપડયું હતું. એ વખતે વડોદરામાં ખૂશાલ ભટ્ટ (પાછળથી દીક્ષા લઇ ગોપાળાનંદ સ્વામી)ને સહજાનંદ સ્વામીએ વડોદરા સત્સંગપુષ્ટિ માટે મોકલ્યા હતા. ત્યારે નાયભકત (તત્કાલિન રાજદરબારમાં સન્માનીય પાટીદાર આગેવાન, શિવભકત) તથા તેમના મિત્ર સદાશિવભાઇ બ્રાહ્મણ - બન્નેએ સંપ્રદાયનો સ્વીકાર કરેલો. ને ત્રીજાં રાજના દીવાન બાલાજીનાં પત્ની તુળજાબાઇ સત્સંગી થયાં. ૨

ત્યાર પછી સત્સંગ વધ્યો તે સાથે સાથે ટ્રેપ પણ વધ્યો. ખુદ નેક નામદાર મહારાજા સયાજીરાવના દીવાન બાલાજી ને દીવાનપુત્ર વિઠ્ઠલરાવ બન્નેને કાયમ ટ્રેપ રહ્યો. મહારાજાને સત્સંગ કરાવવામાં ખુશાલ ભટ્ટ હતા. પાછળથી વિઠ્ઠલરાવ દિવાનપદે આવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીનું કાસળ કાઢવા મદદનીશ બીજા વિઠ્ઠલરાવ દેવાજી ને પોતે - એમ બન્નેએ ઠુંઠુંરાવ નામના દક્ષિણી તાંત્રિક બ્રાહ્મણને સાધેલો. અષ્ટાંગયોગી મુનિ ગોપાળાનંદે એની મંત્રશકિતને માત કરી, એટલું જ નહિ જે ડંગોરો આપોઆપ ઉછળી જીવ લીધા વગર મૂકે નહિ એ જ ડંગોરો ઠુંઠુંરાવને ફરી વળ્યો. ગોપાળાનંદ સ્વામીની કરુણા વરસી, ઠુંઠુંરાવને પોતાની ભૂલ સમજાઇ તેણે વામપંથનો ત્યાગ કરી સ્વામિનારાયણ પંચ વર્તમાન ધાર્યા. આથી ઉશ્કેરાઇ દિવાને મહારાજાશ્રીના કાન ભંભેર્યા. મહારાજ મુત્સદ્દી હતા. એમણે દૂરંદેશી દાખવીને પોતાના સલાહકાર ભાઉ પુરાણિકને ગોપાળાનંદ સ્વામીની વાતો વિષે તથ્ય શોધવા મોકલ્યા. પણ તેઓ સ્વામિનારાયણના આશ્રિત થઇને આવ્યા જાણી નારુપંત નાના (રાજાના ખાનગી કારભારી)ને મોકલ્યા. સમાધિ દ્વારા ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજનો નિશ્ચય તેમને કરાવ્યો. સયાજીરાવ મહારાજાએ આ વાત જાણી ત્યારે સાનંદ આશ્ચર્ય અનુભવ્યું. છેવટે દીવાનના દબાણથી સરસેનાપતિ બાપુસાહેબ વડતાલમાં સહજાનંદ સ્વામી પાસે સો સશસ્ત્ર સૈનિકોને લઇને પકડવા જાય છે. પણ વ્યર્થ. ભગવાનનો પ્રતાપ જોઇ એમના આશ્રિત બનીને પાછા ફરે છે. આમ રાજના એક પછી એક વરિષ્ઠો આશ્રિત થયા જાણી દીવાનજીને ઘણી દાઝ થયેલી.

આમ સ્વામી પ્રત્યે ભાવ વધતા રાજદરબારમાં એમની પધરામણીનું નકકી થયું ત્યારે પણ દીવાન આડે આવ્યા. એ વખતે મહારાજાની ઉંમર ૨૧ વર્ષની હતી. પણ તેઓ વિચક્ષણ ને મેધાવી હતા. તેમણે કહ્યું : 'દીવાનજી ! તમે મારા વડીલ છો, દીવાન છો. બીજી બધી વાતમાં હું તમારી સલાહની અવગણના કરતો

નથી, પણ આ બાબતમાં દીલગીર છું કે હું તમારી સલાહ પ્રમાણે હવે ચાલી શકુ તેમ નથી.

ગોપાળાનંદ સ્વામિની પધરામણી પછી રાજાએ તેમની સાથે સત્સડગ કર્યો; ને ભગવાન સ્વામિનારાયણને રાજભવનમાં વહેલા પધારે એવી વિનંતિ કરી.

એ દરમ્યાન પેશ્વાઈનો અંત ને અંગ્રેજોની દખલગીરી વધતાં, વળી વારંવાર દીવાન તરફથી ભગવાન સ્વામિનારાયણ વિરુધ્ધ રાજાના કાનમાં ઝેર રેડાતાં હોઇ દીવાનને તેના મળતિયા સરદારો સાથે ખુલ્લો વિરોધ કરવામાં જોખમ હતું. આથી શાસ્ત્રાર્થ દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના માટે સારા વિદ્વાન સંતને મોકલવા શ્રીજી મહારાજ પર રાજાએ પત્ર લખ્યો. પત્ર લખતાં પહેલાં એમણે ભારે મનોમંથન અનુભવ્યું હતું. "સૂર્યને દીવાના પ્રકાશની જરૂર નથી" એમ તેઓ દૃઢપણે માનતા હોવાનું પ્રતિબિંબ પત્રમાં પડતું હતું.

શ્રીજીમહારાજે મુકતાનંદ સ્વામીને શાસ્ત્રાર્થ કરવા વડોદરા મોકલ્યા. વિરોધીઓ શાસ્ત્રાર્થમાં હાર્યા. મુકતાનંદ સ્વામીની સાધુતા સાથે વિદ્વતા જોઇ સયાજીરાવ પ્રસન્ન ન થયા. ને તેમના દ્વારા મહારાજને મુખોમુખ સંદેશો પાઠવ્યો.

મુકતાનંદ સ્વામી વડતાલ ગયા પછી ભગવાન સ્વામિનારાયણના આગમનની શ્રીમંત મહારાજાએ ચાતકની જેમ, ઘણી રાહ જોઇ. એમના આગમનની ખબર ન આવવાથી તેમની આકુળતા પ્રતિદિન વધવા લાગી. એમ કરતાં વર્ષ પૂરું થયું. એમણે નારુપંત નાના અને નાથભક્તને બોલાવ્યા ને વહેલામાં વહેલી તકે વડોદરા પધારવાનો આગ્રહભર્યો એક વિનંતીપત્ર શ્રીજીમહારાજ પર લખાવ્યો. એના ઉપર પોતાની મહોરછાપ કરીને બન્ને ભકતોને વડતાલ મોકલ્યા.૩

નારુપંત ને નાથભકત સં. ૧૮૮૨ના કાર્તિકી સુદિ એકાદશીએ વડતાલ મળ્યા. તે દિવસે શ્રીજીમહારાજે સંપ્રદાયને બે દેશમાં વિભકત કરી તેના નરનારાયણ દેવ - લક્ષ્મીનારાયણદેવ ગાદીના વારસ ક્રમે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી (પોતાના મોટાભાઈ-નાનાભાઈના ક્રમે દત્તક લીધેલા પુત્રો)ને આચાર્યપદે નિયુકત કર્યા હતા.

સંપ્રદાયના બંધારણનું આ મહાકાર્ય થઇ ગયા પછી બીજા દિવસે નારુપંતે શ્રીમંત મહારાજાનો પત્ર શ્રીજીમહારાજને અર્પ્યો. પત્ર સાંભળી શ્રીજીમહારાજે કહ્યું : "નારુપંત ! મહારાજાના ભાવભીના આમંત્રણનો અમે સ્વીકાર કરીએ છીએ. કાર્તિક વદ ૩ ત્રીજના રોજ બપોરે અમે વડોદરા આવીશું. સાથે નવા નિયુકત કરેલા આચાર્યોને પણ લાવીશું. તમે પૂનમનો સમૈયો કરી વડોદરા જજો."

કાર્તિક વદ પડવાને દિવસે સયાજીરાવને નારુપંતે સમાચાર આપ્યા ત્યારે તેમને ખૂબ આનંદ થયો. અને ભવ્ય સ્વાગતની તૈયારી ઓ તેમણે આરંભી.

શ્રીજીમહારાજ વડતાલથી નીકળીને સાંકરદા ગામ બહાર એક બેનરમાં રાત રહ્યા. (હાલ અહીં ઐતિહાસિક પૂરાવારૂપે છત્રી ઉભી છે) બીજા દિવસે સવારે છાણી પધાર્યા. છાણી ગામમાંથી વડોદરા આવવાનો રસ્તો આજે અમદાવાદ-મુંબઈના રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ને જ્યાં મળે છે ને સ્થળે, વડોદરાથી ખાસ આવેલા યુવરાજ ગણપતરાવ ગાયકવાડે શ્રીજીમહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી આવકાર્યા. યુવરાજશ્રી પોતાની સાથે ચતુરંગી સેના - હાથી, અશ્વ, રથ, પાયદળ લાવ્યા હતા. એમની સાથે રાજના બધા સરદારો, દરબારીઓ અને અધિકારીઓ હતા. દીવાન વિઠ્ઠલરાવ પોતે બિમાર છે એવું જણાવી ગેરહાજર હતા.

વડોદરાની બજારમાં એક અભૂત નગરયાત્રા નીકળી જેનાં વર્ણનો સાંપ્રદાયિક પંડિત સંતોએ ગ્રંથસ્થ કર્યાં છે. ને કવિસંતોએ કાવ્યમાં વણ્યાં છે. કવિ ધુરંધર શ્રી પ્રેમાનંદસ્વામી કહે છે -

"પધારે વટપત્તન સ્વામી, સહજાનંદ મહારાજ....
ચલે વડનાલ સે અવિનાશી,
આયે કીયા મુકામ ગામ સાંકરદે
સુખરાશી -
સંગ લે સેના અનિ ભારી ચતુરંગ
બળવાન લગત હેં દેખત અતિરી -"

આવાં આઠ પદો રચી ગરબી રાત્રમાં તેઓ ગાય છે કે :

"ગજ ઉપર સેં ઉતરે હરિ
તબ આઇ. સિયાજી ચરણ પરે;
કર ગ્રહી પ્રભુ કુ નિજ મંદિરમેં
લે ચલે ઉર અનિ હરખ ભરે - ૧
પધરાયે આસન કરી પ્રીતિ,
રાજરીત ઉત્તમ આની
ચરણ ધોય હસી મીલે અંક ભરી,
ધન્ય ભાગ્ય અપનો માની - ૨..૪
પ્રેમાનંદ કહે બિનતી કરી નૃપ,
ધર્મકુંવર પે વર માગે.
"શ્રી નારાયણ અખિલ લોકપતિ
પરમપુરુષ તુમ અવતારી.
બહ્યો જાતં ભવસાગર મેં મોહે
કૃપા કરી લીનો તારી....
યહ રાજભુવન સંપત્તિ તુમારી
દાસ જાની કૃપા કીજે
અબ ન બિસારો નાથ ચરણ તેં
ભકતપતિ યહ બર દીજે...૫

આ ઉપરાંત સંસ્કૃત ગ્રંથો - શ્રી હરિ દિગ્વિજય અને સત્સગ જીવનમાં ક્રમે સ્વામી નિત્યાનંદજી તથા સ્વામી શતાનંદજીએ આ પ્રસંગને વિસ્તૃત ઉલ્લેખ્યો છે.

શ્રી આધારાનંદ સ્વામી પોતાની ડાયરીમાં લખે છે કે, "શ્રી હરિ ત્રીજે દિવસ સંત હરિભકતો સહિત વડતાલથી ચાલ્યા ને સાંકરદા આવ્યા ત્યાં ગણેશ પટેલ તથા દુર્લભભાઇ આદિ ભકતજનોને દર્શન આપ્યાં ત્યાં રાત રહી તેમની સેવા અંગીકાર કરી ત્યાંથી ચાલ્યા ને શ્રીહરિ સંઘ સહિત ગામ છાણી આવ્યા. ત્યાં વડોદરાથી સરકારે મોકલાવેલા હજૂરી કારભારી સવારી સહિત હજારો

મનુષ્યો સાથે શ્રીહરિનું સન્માન કરવા આંબાવાડિયામાં સર્વ તૈયારી કરી રાખી હતી અને રાહ જોતા હતા. ત્યાં તો ઘોડાની ધુમરે વીંટાયેલા શ્રીહરિ પધાર્યા અને સુંદર સિંહાસન પર વિરાજમાન થયા. ... તે સમયે ચતુરંગિણી સેના સહિત સરકારની સવારી અનેક પ્રકારના વિલાયતી વાજાં સાથે આવી અને જય જયકારના શબ્દો થવા લાગ્યા. સરકારના મોટા પુત્ર ગણપતરાવ નારુપંત નાના સાથે આવ્યા. સરકારને (સયાજીરાવને) શરીરે કસર થયેલી હોવાથી તે આવી શકયા નહિ. ગણપતરાવ શ્રીહરિ પાસે આવી ગુલાલ મોગરાના મોટા હાર પહેરાવી શ્રીફળ મૂકી પગે લાગ્યા. શ્રીહરિએ કુશળ સમાચાર પૂછ્યા. પછી શ્રીહરિની આજ્ઞાથી ગણપતરાવ ગયા. નાના સાહેબ અને સર્વ હરિભકતોના આગ્રહથી શ્રીહરિ સર્વજનોને દર્શન થાય તે માટે સુંદર સાજથી શણગારેલા નવગંજા હાથી પર અંબાડીમાં બિરાજમાન થયા. શ્રીહરિની પાછળ નારુપંત નાના ચામર લઇને બેઠા. પછી શ્રીહરિની આજ્ઞાથી બન્ને આચાર્ય બીજા હાથી ઉપર બેઠા. ત્રીજા હાથી ઉપર મુકતાનંદ મુનિ તથા શુકમુનિ બેઠા. તેમજ બીજાં વાહનો પર સદ્‌ગુરુ સંતો બેઠા. પછી સંતો પાર્ષદો હરિભકતો સર્વે ઉચ્છવ કરતા તથા કીર્તન બોલતા ને કેટલાક ધૂન કરતા ચાલવા લાગ્યા. પ્રજાનો દર્શન કરી જયજયકારના શબ્દો કરવા લાગ્યા. શ્રીહરિ જ્યારે સમીપે આવે ત્યારે પુષ્પના હાર શ્રીહરિ ઉપર ઉછાળીને પહેરાવતા હતા... શ્રીહરિ પોતાની કરુણામય દૃષ્ટિથી સર્વને આનંદ પમાડતા સવારી સહિત માંડવી પાસે આવ્યા ને માંડવી ઉપર નીચે અપાર મનુષ્યો ઉભા હતા. તે જાણે મનુષ્યોનો જ માંડવો ગોઠવ્યો હોય તેમ શોભતી હતા. તે માંડવી ઉપર મોટી ધજા ફરકતી હતી તેમાં "શ્રી સ્વામિનારાયણો વિજયતે"એ મહામંત્ર લખ્યો હતો. તેને સર્વજનો વાંચતા હતા. શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા. સરકારના દેવ મંદિર પાસે આવ્યા. જ્યાં મુકતાનંદ સ્વામીએ વિદ્વાનોની સભા જીતી હતી તે મંદિરને નમસ્કાર કરી ભેટસામગ્રી મોકલાવી. તે મંદિર પાસે સરકારના નોબતખાનામાં નોબતો વાગતી હતી ત્યાં શ્રીહરિ પધાર્યા તે જોઇને

સયાજીરાવ સરકાર ત્યાં આવ્યા અને બે હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રીહરિ હાથી ઉપરથી ઉતર્યા ત્યારે સરકાર ગદ્‌ગદ્ કંઠ થઇ તેમને દંડવત પ્રણામ કરવા લાગ્યા એટલે શ્રીહરિએ પોતાના હસ્તકમળથી સરકારને ઉપાડી લીધા અને બાથમાં ઘાલીને મળ્યા. પછી સરકારે બહુ સ્તુતિ કરી અને પાછા શ્રીહરિના ચરણમાં પોતાનું મસ્તક મૂકી દીધું. આવી રીતે સરકાર શ્રીહરિનાં દર્શન કરવામાં હર્ષઘેલા થઇ ગયા. તે જોઇ સર્વજનો આશ્ચર્ય પામ્યા. તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે ચીમનાબાઇ રાણી આદિ અંત:પુરનાં બાઇઓ ચક નખાવીને ગોખમાં બેઠાં હતાં તેમનો સંકલ્પ જાણીને પોતાના મુખારવિંદનાં દર્શન થાય તેવી રીતે શ્રીહરિએ ઊંચું જોયું અને દર્શન આપી કૃતાર્થ કર્યાં. પછી સરકાર પોતાના હાથથી શ્રીહરિનો હસ્ત ઝાલીને સંતવર્ણી પાર્ષદો કાઠી સવારો સહિત પોતાના કચેરી હોલમાં લઇ ગયા. ને સુંદર સોનાના સિંહાસન પર શ્રીહરિને વિરાજમાન કરીને પૂજા કરી.

"બાદ શ્રીહરિ દેવઘરના મંડપમાં બિરાજમાન થયા. સભા થઇ. ત્યારે સરકાર પોતાના બે પુત્રો સહિત શ્રીહરિની સન્મુખ એક ગાલીચા ઉપર બેઠા. શ્રીહરિ સરકારને જ્ઞાન-ઉપદેશ કરી બોલ્યા : "તમારા મોટા દીવાનજી કયાં છે ?" ત્યારે સરકાર બોલ્યા : "આપ વડોદરા પધારવાના છો એમ જાણીને તે બે દિવસ થયા મારી પાસે પણ આવ્યા નથી. તે પોતાની હવેલી અથવા બાગમાં હશે."

ત્યારે શ્રીહરિ બોલ્યા : "એ તો કયાંય ગયા નથી, પણ તમારા મહેલના છઠ્ઠા માળ ઉપર પોતાના દીવાનખાનામાં ચાર મિત્રો જે મારવાડી, જોશી, લાડુબા, મરાઠો. કાલિભટ્ટ ઉપાસની, અને રોબડ અઘોરી - એ સાથે બેસીને કેવી વાતો કરે છે તે તમો સાંભળો" એમ કહી શ્રીહરિએ સરકારને દૂરશ્રવણ અને દૂરદર્શનરૂપ સિધ્ધિ આપી. તેથી તે સરકાર તેમની વાતો સાંભળવા લાગ્યા. તે બોલતા હતા કે આ સરકાર તો ભોલિયા રાજા છે, તેમને જાદુગર સ્વામિનારાયણે ભૂરકી નાખીને ભોળવી લીધા છે. તેમનું રાજ્ય લઇ લેવા આવ્યા છે પણ મારા ગુરુ તુખડિયા બાવાએ સ્વામિનારાયણને પકડી કેદ કરવાનો મંત્ર આપ્યો છે તે જપું છું. આજકાલમાં કેદ કરી લઇશું..." તે સાંભળી સરકાર તો હસીને શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, હે પ્રભુ ! આપ તો અનંત કોટી બ્રહ્માંડના ઈશ્વર છો આપને જીવ બિચારા શું કરનાર છે ?"

"ત્યારે શ્રીહરિ બોલ્યા કે દીવાનજીને અહીં બોલાવો" ત્યારે સરકાર બોલ્યા : "હે મહારાજ ! તે તો લાખો માણસોની સભામાં અહંકારથી બોલ્યા છે કે મારે સ્વામિનારાયણને જોવા નથી, બ્રહ્માંડ ભલે ફરી જાય અને મારું માથું ભલે જાય પણ તે સ્વામિનારાયણને મારે નમવું નથી માટે આપ તેના ગર્વને ઉતારો તો ફરીને અમારી પાસે એવાં ગર્વનાં વચન બોલે નહિ." ત્યારે શ્રીહરિ બોલ્યા : "જેમ એમણે પ્રતિજ્ઞા કરી છે તેમ અમે પણ વડતાલની સભામાં પ્રતિજ્ઞા કરી છે કે દીવાનને અમારાં દર્શન કરાવવાં અને બે વખત નમાવવા માટે હવે જુઓ કોનું સત્ય વચન થાય છે ? તેને અહીં તો બોલાવો.

"સરકારે બે દૂતને બોલાવવા મોકલ્યા દીવાનજી ન આવ્યા. પછી કિલ્લેદાર બાબા સાહેબને મોકલ્યા તો કહે આવું છું - કદી ન આવ્યા. શ્રીહરિએ સાન કરીને ધનેશ્વરભાઇને દીવાનજીને બોલાવવા મોકલ્યા. તે દીવાન પાસે આવીને બોલ્યા : ચાલો, સ્વામિનારાયણ આપને સંભારે છે તેથી સરકાર બોલાવે છે. ત્યારે તે અકળાઇ ઊઠ્યા અને બોલ્યા : 'જય કાળી ! મારી પ્રતિજ્ઞા રાખજે." "પછી કોઇ જાણે નહિ એમ આવીને શ્રીહરિને નમસ્કાર કર્યા વિના સરકારને પડખે બેસી ગયા. તેને બધા જાણી તો ગયા. શ્રીહરિ જાણતા અજાણ્યા થઇ બોલ્યા કે : સરકાર ! તમારા દીવાનજી કયાં છે ? તેને બોલાવો. ત્યારે સરકાર બોલ્યા : 'આ બેઠા. ત્યારે શ્રીહરિ પોતાના હસ્તની બે આંગળીઓ ઉપરથી નીચે કરતાં બોલ્યા કે આ દીવાનજી !' ત્યારે તે દીવાને બે હાથ જોડી હા મહારાજ ! એમ કહેતા ને પૃથ્વી ઉપર માથું મૂકયું, તે જાણે બ્રહ્માંડનો ભાર ઉપર પડયો હોય તેમ તેનું માથું ઊપડયું જ નહિ.

"પછી શ્રીહરિ બોલ્યા : 'દીવાનજી ! અમારા સામું જુઓ.' ત્યારે ઊંચું જોઇ શ્રીહરિ સામે બે હાથ જોડીને બેઠા. શ્રીહરિ બોલ્યા : "તમે બહુ પરાક્રમી છો. તમે અમારા ઉપર અને અમારા બ્રહ્મવેત્તા સંત ઉપર બહુ પ્રેમ રાખો છો. માટે તમારા હિતની બે વાત કરું છું તે સાંભળો. પછી તો શ્રી હરિએ સમયોચિત બહુ મર્મ ભરેલાં વચનો કટાક્ષમાં કહ્યાં તે સાંભળીને તો દીવાનજી જાણે તેલમાં માખ ડૂબી હોય તેમ મ્લાન મુખ કરીને બેસી રહ્યા. ત્યારે સરકાર જાણ્યું કે શ્રીહરિ બહુ કહેશે તો આ મૂર્ખ છે, તે કાંઇક વધારે ઉપાધિ કરશે તેથી તરત શ્રીહરિની પૂજા કરી અમુલ્ય વસ્ત્ર, આભૂષણ ધારણ કરાવી આરતિ ઉતારી. સર્વની પૂજા કરી. શ્રીહરિને નમસ્કાર કર્યા. શ્રીહરિ તેમને બાથમાં ઘાલીને મળ્યા અને અભય વચન આપ્યું. વળી શ્રીહરિ તે દીવાન પ્રત્યે બોલ્યા : "દીવાનજી ! અમારા પ્રત્યે તમો શું ખોટા વિચાર કરો છો ? અમે સર્વ જાણીએ છીએ અમે કંઇ ઇન્દ્રજાળ જાણતા નથી અને રાજ્ય લેવા આવ્યા નથી. એ નરકના કુંડનો ભાર અમારે જોઇતો નથી. તેને તો તમારા જેવા ભલે ઉપાડીને અભિમાનમાં ફરે તમે જેને ભગવાન જાણો છો તેનું કપટ થોડા દિવસમાં ઉઘાડું થશે. તમે અમને પકડીને કેદ કરવાના જે પ્રયાસ કરો છો તે સર્વ નિષ્ફળ થશે... કરોળિયો પોતાની જાળમાં ફસાઇ મરે છે તેમ તમારી માયા જાળમાં ફસાઇને આવા સંતનો દ્રોહ કરી નરકના અધિકારી શા માટે થાઓ છો ?"

"શ્રીહરિનાં વચન સાંભળીને દીવાન તો બહુ મુંઝાઇ ગયો અને નીચું જોઇ ગયો. નિત્યાનંદ મુનિએ શ્રીહરિને શાન કરતાં વિનયમાં વચનો કહ્યા. સરકારે પોતાના બે પુત્રો પાસે શ્રીહરિની પૂજા કરાવી. શ્રીહરિએ પ્રસન્ન થઇ તેમના મસ્તક ઉપર હાથ મૂક્યો. પછી કૃપાળુ શ્રીહરિએ મોટો ગુલાબ-મોગરાનો હાર દીવાનજીને આપ્યો. તે સમયે દીવાનજીએ શ્રીહરિના ચરણમાં પોતાનું મસ્તક મૂકી દીધું. પછી શ્રીહરિ બીજો હાર લઇને બોલ્યા કે : 'દીવાનજી ! આ લ્યો બીજો હાર તમને વઢયા તેનો.' ત્યારે દીવાને ફરીને પૃથ્વી ઉપર માથું નમાવીને તે હાર પણ લીધો.

"શ્રીહરિ સભામાં સર્વને જ્ઞાન-ઉપદેશ આપીને દર્શન દઇને ત્યાંથી ચાલ્યા તે ઉતારે આવ્યા. ત્યાં

હાથી ઉપરથી ઉતરીને નંબુમાં પધાર્યા. સ્નાન કરીને થાળ તૈયાર થયો તે જમ્યા. સરકાર તરફથી આવેલા થાળમાંથી સર્વ કાઠીઓને અનેક પ્રકારનાં ભોજનો જમાડીને રાજી કર્યા. પછી શ્રીહરિ પોઢી ગયા. મધ્યરાત્રિને સમયે શ્રીહરિને મારી નાખવા દીવાને સાત હબસી અને એક ભોમિયો એમ આઠ જણને કપટથી સાધુનો વેષ ધારણ કરાવીને છાનાં હથિયારો સહિત મોકલ્યા. તે શ્રીહરિના નંબુ પાસે આવતા હતા. તેને ચોકીદાર પાર્ષદો ઓળખી ગયા અને સામા દોડયા. તેટલામાં તો હનુમાનજીએ અદૃશ્યપણે આવીને પોતાના પૂંછડાથી બાંધીને ઘસડી જઇ જંગલમાં તેને મહાપ્રસાદ આપીને છોડી મૂક્યા. અને દીવાનજીને મોંઢે મેશ ચોપડીને કાળું મોઢું કરી આવ્યા. આ સર્વ વાત શ્રીહરિએ સવારે મુકતાનંદ મુનિને કહી સંભળાવી હતી."

શતાનંદ મુનિએ શ્રીજીમહારાજના ૧૦૦૮ સર્વમંગલ નામાવલિમાં નામો લખ્યાં છે. તેમાં ૮૪૨થી ૮૫૩ સુધીનાં બાર નામો દ્વારા આ બધી લીલાઓનું વર્ણન સમાવ્યું છે. ૧) નૃપામાત્પાર્થિત: અર્થાત રાજા

486 .V27 V2
G.37.556

(સયાજીરાવ)ના અમાત્ય (કારભારી નારુપંત) દ્વારા આમંત્રણ અપાયેલા ૨) પૌરપ્રીત: અર્થાત વડોદરા શહેરના લોકોના પ્રેમથી આકર્ષાઇ દર્શન દેવા પધારેલા, ૩) વરપુરાગમ: અર્થાત વડોદરા પધારેલા, ૪) મંત્રિપ્રત્યુદ્ગત: મંત્રી નારુપંત નાના જેમના સ્વાગત માટે છાણી સુધી સામા ગયા છે એવા ૫) નાના વાદ્યવાદક સંવૃત્ત: અર્થાત અનેક પ્રકારના વાજિંત્રો અને તેના વગાડનારાઓથી વીંટાયેલા (શોભાયાત્રાનું વર્ણન) ૬) સાલંકારગજારુઢ: અર્થાત આભૂષણોથી શણગારેલા હાથી પર વિરાજમાન, ૭) ચારુ ચામર વિજિત અર્થાત સુંદર અંબાડી પર નારુપંતનાના ચામર ઢોળી રહ્યા છે જેને, ૮) દક્પાવિતજનવ્રાત: અર્થાત દર્શનાર્થે ઊમટેલી માનવ મેદનીને દૃષ્ટિ દ્વારા પાવન કરતા, ૯) સિંહજિદ્રૂપપૂજિત: અર્થાત મહારાજા ગાયકવાડ સયાજીરાવે મહેલમાં પધરાવીને પૂજેલા ૧૦) સ્વપ્રતાપ - પરાભૂતવિદ્વદ્વિરિકૃતાનતિ : અર્થાત શ્રીહરિના સ્વયં પ્રતાપથી પરાભૂત થયેલા વિદ્વાનો અને વેરીઓ દ્વારા નમસ્કાર કરાયેલા, ૧૧) સિંહજિત્સંશિયછેત્ત: અર્થાત સયાજીરાવ મહારાજાના સંશયો છેદી નાખનાર ૧૨) ભક્તિરીતિપ્રદર્શક: અર્થાત શંકાઓનું નિવારણ કરી જેમણે રાજા તથા અન્ય સભાજનોને ભક્તિની સાચી રીત સમજાવી છે એવા સહજાનંદ સ્વામીને હું નમસ્કાર કરું છું.

*

વડોદરામાં શ્રીજીમહારાજના ત્રણ દિવસના રોકાણ દરમ્યાન ઉતારા વ્યવસ્થા મસ્તુ બાગમાં તંબુઓમાં કરી હતી. એક બાજુ કેવડા બાગ, બીજુ બાજુ મોતી બાગ અને ત્રીજી બાજુ નવલખી વાવ એ ત્રણની વચ્ચે વડોદરાના નામને સાર્થક કરે એ રીતે વટપત્રાકારે મસ્તુબાગ આવ્યો હતો. એ વટપત્રના મૂળભાગનો છેડો હાલ જેને પ્રદર્શન ગ્રાઉન્ડ કહેવામાં આવે છે તે એનું પ્રવેશદ્વાર કહી શકાય. મસ્તુ બાગના આ સ્થાનને મધ્યમાં રાખીને આજુબાજુ ભેંસાણથી વિશ્વામિત્રી સ્ટેશન તરફ જતા માર્ગના વળાંક સુધી અને નવલખી વાવથી એ વળાંક સુધીના આશરે બે ગાઉ ફરતા વિસ્તારમાં, નાના-મોટા અનેક તંબુઓની હારમાળા ઉભી કરાઇ હતી. મધ્યમાં ઊંચી જગ્યા પર જરિયાના તંબુ શ્રીજીમહારાજ માટે તૈયાર કરાવ્યો હતો.

અહીં પણ દીવાને ભૈરવના આરાધક તાંત્રિકોને શ્રીજીમહારાજનું કાસળ કાઢવા મોકલ્યા હતા. તેમણે અડદના દાણા મંત્રીને તૈયાર રાખેલા અભિચાર કર્યો ત્યાં વીર ને ક્રોધભૈરવ પ્રગટયા. ને જોરથી એમના શરીરને ઝાડ સાથે અથડાવી અદૃશ્ય થયા. અને ત્રણે તાંત્રિકો - રેચે, રાધન અને મોડિયો - દારૂ પીધેલા વાનર જેવા પાગલ થઈ ગયા. આજે મંદિરના દરવાજાની જમણીબાજુ જૂના કોટના ખંડેર જોવા દૃષ્ટિગોચર થાય છે એ ખંડેરવાળા પાયાની ઉપર પહેલાં બુરજ હતો. તે બુરજની નીચેની ઓરડીમાં વાનર જેવા ચાળા કરનાર ત્રણ પાગલ ભૈરવપંથીઓ પડી રહેતા હતા તે ઉપરથી એ બુરજ વાનરિયા બુરજ તરીકે ઓળખાતો થયો હોય એમ લાગે છે.

આ પ્રસંગ પછી હાર્યો જુગારી બમણું રમે એ ન્યાયે દીવાન વધુ ઉશ્કેરાયો. પણ તેની એકેય કારી ફાવી નહીં.

ત્રીજે દિવસે મસ્તુબાગમાં ભવ્ય ધર્મસભા યોજાઈ. આ ધર્મસભામાં ચર્ચિત મુદ્દાઓનું વિસ્તૃત આલેખન સ્વામિનારાયણી ધર્મગ્રંથોમાં કરેલું છે. સંપ્રદાયના બંધારણથી માંડી સાધુની રહેણીકરણી અને સાંપ્રદાયિક તત્વજ્ઞાનનો પણ તેમાં સમાવેશ કર્યો છે. પંડિતોએ પૂછેલા પ્રશ્નોના શાસ્ત્રોકત છણાવટથી શ્રીજીએ આપેલા ઉત્તરોમાં ત્રિકાલાબાધિત સત્ય નજરે ચઢે છે. મસ્તુબાગમાં મળેલી આ ધર્મસભામાં સવિસ્તર વર્ણન સત્સઙ્ગિજીવન પ્ર. ૪ અધ્યાય : ૩૨-૩૪, ૩૮ ૪૧-૪૨માં તથા શ્રીહરિદિગ્વિજય ઉલ્લાસ : ૪૨ થી ૪૬માં છે. હરિલીલામૃતમાં પણ આ હકીકત વર્ણવેલી છે.

આ ધર્મસભામાં બેઠેલા પંડિતોએ સ્તુતિગાન કર્યા બાદ શ્રીજીમહારાજને વિનંતી કરી કે અમને આપના આશ્રિત બનાવો. શ્રીજીમહારાજ ગોપાળાનંદ સ્વામી અને મુકતાનંદ સ્વામીને પંડિતોને વર્તમાન ધારણ કરાવવા આજ્ઞા કરી. સભામાં આ ક્રિયા ચાલતી હતી તે દરમ્યાન શ્રીમંત મહારાજા સયાજીરાવ પોતે આસન ઉપરથી ઊભા થયા ને કહ્યું : "ભગવન ! મારી એક નમ્ર વિનંતી છે કે મને ગોપાળાનંદ સ્વામીએ વર્તમાન તો ધરાવ્યાં છે પણ દીક્ષા આપેલી નથી. આજે, આપ સ્વયં મને દીક્ષા આપીને આશ્રિત સત્સઙ્ગી બનાવવાનો અનુગ્રહ કરો."

શ્રીજીમહારાજે વિનંતિ સ્વીકારીને સભા પૂરી થયા બાદ મહારાજા શ્રીજીમહારાજની સાથે તંબુનિવાસમાં આવ્યા અને ભાગવતી દીક્ષા આપી.

ભારતના અગ્રગણ્ય રાજવીઓમાં જેમને ગોપાળાનંદ સ્વામી જેવા અષ્ટાંગયોગી સંતે પંચવર્તમાન ધરાવ્યાં હોય અને પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ શ્રીજી મહારાજે જાતે વૈષ્ણવી દીક્ષા આપી હોય એવા એક જ રાજવી છે. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ (બીજા) અનેક જન્મોનાં સત્કર્મોના પુણ્યોદયે આવી યોગ પ્રાપ્ત થાય છે, અથવા તો ભગવાન શ્રીજી મહારાજની કૃપાના મેઘ જેના પર વરસી જાય તેને આ યોગ મળે છે.

ત્રણ દિવસના વડોદરા રોકાણ બાદ શ્રીહરિએ વિદાય લીધી. સયાજીરાવ મહારાજાએ થોડા દિવસ વધુ રોકાવા આગ્રહ કર્યો પણ શ્રીજીનું કાર્ય પૂરું થયું હતું.

મહારાજાએ આંખમાં આંસુ સાથે ભગવાનને વિદાય આપી. શ્રીહરિ જ્યારે વડોદરા પધાર્યા અને જેવી શોભાયાત્રા કાઢેલી એવી જ વિદાયવેળાની શોભાયાત્રા કાઢી. પ્રથમ રાજમહેલમાં ભગવાનની પધરામણી કરાવી. મહારાજાએ અતિ આદર અને પ્રેમથી શ્રીજીનું પૂજા-સન્માન કર્યું. ને પ્રાર્થના કરી કે હે પ્રભુ ! હું કદાચ આપને ભૂલી જાઉં તો પણ આપ મને કૃપા કરીને ભૂલતા નહિ, સદાય અમીદૃષ્ટિ આ સેવક પર રાખજો."

શ્રીજી મહારાજે કહ્યું : "જે ભગવાનને શરણે જાય છે, તેનું પ્રારબ્ધ ભગવાન પોતાના હાથમાં લે છે. તમારે હજુ વીસેક વર્ષ રાજસત્તા ભોગવવાની છે, અમે તમારો હાથ પકડયો છે એટલે અંતકાળે તમને અમે અમારા ધામમાં જરૂર તેડી જઈશું."

યુવરાજ ગણપતરાવ અને ખંડેરાવ છાણી સુધી વળાવવા માટે શોભાયાત્રામાં જોડાયા. ભગવાન સ્વામિનારાયણની હત્યા કરવા અને ત્રાસ આપવા દીવાને કરેલા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડયા હતા. દ્વેષના અગ્નિમાં ભૂંજાતા દીવાનજી કોઈ ન જુએ એ રીતે ફતેહપુરના પાછલા રસ્તે થઈને મારતે ઘોડે શહેર બહાર નીકળ્યા. ફતેહગંજ વિસ્તારમાં અંગ્રેજ રેસીડેન્ટ જેમ્સ વિલિયમ્સ રહેતા હતા તેની પાસે જઈ કાન ભંભેર્યા કે સ્વામિનારાયણની ભૂરકીમાં ભરમાઈ જઈ, ભોળા રાજા ગાયકવાડે રાજનાં સૂત્રો સ્વામિનારાયણને સૂપરત કર્યા છે. તમે આ વિષે જાગૃત નહિ થાવ તો ગાયકવાડી રાજ બ્રાહ્મણીરાજમાં પરિણમશે.' આ સાંભળી વિલિયમ્સ બોલ્યા કે :"તમે વાત ઘણી ગંભીર કહી પણ એ રાજ લેશે તેની સાબિતિ શી ?"

દીવાન બોલે તે પહેલાં રેસીડેન્ટનાં પત્ની ત્યાં આવ્યાં ને કહ્યું : "એની સાબિતી કંઈ જ નથી. સાચી વાત તો એ છે કે સયાજીરાવે સામેથી રાજ સ્વીકારવા કહ્યું તો પણ સ્વામિનારાયણે ન લીધું ને કહ્યું : 'અમે રાજ કરવા આવ્યા નથી એ તો નર્કનો ભાર છે. તમે રાજ સારી રીતે ચલાવો અને પ્રજાને સુખી કરો એવું તમને શીખવવા આવ્યા છીએ. "શું દીવાનજી આ નથી જાણતા ? તમારી જ હાજરીમાં એમણે કહ્યું છે."

દીવાન કહે : "એ બધું હાથીના દાંત જેવું છે. સ્વામિનારાયણ જો ધર્મસભા ને હરિકથા કરવા આવ્યો હોય તો સાથે સશસ્ત્ર માણસો શું કામ લાવે ? મને ચોકકસ માહિતી મળી છે કે ભોળા રાજાને રાજસત્તા સોંપી દીધાના દસ્તાવેજો લખીને સહી-સિક્કા કરીને સ્વામિનારાયણને સોંપેલા છે તે સાથે લઈને વિદાય થયા છે. વધુ કુમક લઈને થોડા દિવસોમાં અત્રે આવીને રાજસત્તાનાં સૂત્રો ધારણ કરશે. મારી આપને વિનંતી છે કે આપ એમને કેદ કરો ને દસ્તાવેજો કબજે કરી લો."

આ સાંભળી રેસીડેન્ટ વિચારમાં પડી ગયા. એવામાં ફતેહગંજ ચોકની દીશા તરફથી વાજિંત્રોના નાદ સંભળાયા. એટલામાં નારુપંત નાના અને બાપુસાહેબ ગાયદી (સેનાપતિ) ત્યાં આવ્યા એમને દૂરથી આવતા જોઇ દીવાન બાજુના બારણે થઈ બીજા રસ્તે બહાર નીકળી ગયા. બન્ને આગંતુકોએ રેસીડેન્ટને વંદન કરી કહ્યું : "સાહેબ ! ભગવાન સ્વામિનારાયણ ત્રણ દિવસ વડોદરા રહી અનેકનું કૂડુ કરી વડતાલ પધારી રહ્યા છે. સમયના અભાવે આપને મળવા માટે એ જાતે અત્રે આવી શકયા નથી પણ અમારી સાથે એમણે શુભાશિષ પાઠવ્યા છે ને કહ્યું છે કે : 'અમારો જન્મ પૃથ્વીના કોઈ પ્રદેશ પર નહિ પણ જીવોના હૃદય સિંહાસનમાં અમારું રાજ સ્થાપિત કરવા સારુ થયો છે. માટે અમે વડોદરાનું રાજ લઈ લેવાના છીએ, એવું કોઈ કહે તો તેને મૂર્ખ અને પાગલ ગણી તેની વાત માનશો નહિ..." અને આપને ખાસ બીજી વાત કહી છે : "આપનો ગુમ થયેલ પુત્ર આપને થોડા દિવસોમાં જ અહીં આવીને પાછો મળશે."

*

સાંભળતાં જ સાહેબ આભા બની ગયા : હેં, મારો પુત્ર મળશે ? સ્વામિનારાયણ મારી આ અંગત વાત કેમ જાણી ગયા ! મેં કયારેય કહેવડાવી નથી.' પછી કહે : 'નકકી એ ખુદા છે, ચાલો મને દર્શન કરાવો.' નારુપંત કહે : 'એ તો છાણીના માર્ગે આગળ નીકળી ગયા છે. મેળાપ સંભવિત નથી.'

રેસીડન્ટ કહે : 'ઠીક નારુપંત, જેવી ઈશ્વરની મરજી. પણ તમે સ્વામિનારાયણને મળો ત્યારે મારા પ્રણામ કહેજો ને મારો પુત્ર વહેલો પાછો મળે એવી કૃપા કરે એ વિનંતી. તમારા દીવાન દુષ્ટ સ્વભાવના લાગે છે. આવા માણસને દીવાનપદે ચાલુ ન રાખવો જોઈએ. હું મહારાજાને વાત કરીશ." રેસિડેન્ટે રોષ વ્યકત કર્યો.

નારુપંત ને બાપુસાહેબ વિદાય થયા. આ બાજુ દીવાને છાણી પાસે શ્રીજીમહારાજને પકડી લેવા આરબની બેરખ તૈયાર રખાવી હતી એમ કે હાથી ઝૂકે ને સ્વામિનારાયણ નીચે ઉતરે કે તરત પકડી લેવા. પણ શ્રીજી તો અંતર્યામી હતા. એમણે ભગુજીને પહેલેથી જ માણકી તૈયાર રાખવા કહેલું. તે મુજબ જેવો હાથી ઝૂકયો કે શ્રીજીએ ઠેકડો મારી સીધા માણકી પર અસવાર થઈ માણકીને દોડાવી મૂકી પાછળ બૂમરાણ મચી કે 'અરે, મહારાજ ! હજુ સરપાવ બાકી છે લેતા જાવ..' મહારાજ મનોમન કહે અમે જાણીએ છીએ કેવો સરપાવ આપવો છે ?

ઈતિહાસ કહે છે થોડા જ વખત બાદ રેસીડેન્સીમાંથી એક પત્ર રાજા પર આવ્યો તેમાં વિલીયમ્સે વિઠ્ઠલરાવ દેવાજીને વહેલી તકે દીવાનપદેથી દૂર કરવાની સલાહ આપી હતી. એ સલાહને માન્ય કરી મહારાજાએ તેનું દીવાનપદ્ લઈ છૂટો કર્યો.

આમ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સયાજીરાવ ગાયકવાડને સારો ઘરોબો બંધાયો ત્યાર પછી પણ પરંપરામાં ખંડેરાવ ગાયકવાડે વડતાલમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં ટકોરખાનું બેસાડયું તથા એક હાથી ભેટ ધર્યો ને તેના ખર્ચ માટે સંજાયું ગામ અર્પણ કર્યાના ઉલ્લેખ છે. તે જ રીતે અમદાવાદ નર-નારાયણના મંદિરમાં ચોઘડિયાં બેસારી, હાથી આપીને સોનારડુ ગામ અર્પણ કર્યાની વિગતો પણ ઈતિહાસે નોંધી છે.

શ્રી પ્રસાદાનંદ સ્વામીનું અપ્રગટ પુસ્તક 'સ્વામિનારાયણ વિચરણ લીલામૃત'ના વિ. ૯૩માં લખ્યું છે કે : સયાજીરાવ શ્રીજીમહારાજને વડોદરા પધારવા વિનંતીપત્ર લખે છે : "દીવાનજી તો અમારો ચાકર છે (અર્થાત એનું કેટલું ચાલશે ?) ને મારે પણ રાજય કે ધન કે પુત્રની ઈચ્છા નથી. મારે તો તમારાં દર્શનની ઈચ્છા છે તે દયા કરીને મારું શહેર પાવન કરો. માટે દર્શન દેવા પધારો નહિ તો મારું ગામ ઝોળ્યા છે ત્યાં હું આવું પણ લશ્કર ભેગું આવે તે લોકના મોલ ભેળાઈ જાશે."

શ્રીમંત સયાજીરાવ ત્રીજા પણ સંપ્રદાયના ધૂરંધર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને બોચાસણ મળેલા. પોતે પેટલાદ જઈ રહ્યા હતા. વધુ સમય ન હતો પરંતુ ગુજરાતમાં પ્રસરેલી શાસ્ત્રીજી મહારાજની સંતપ્રતિભા ને ધર્મકીર્તિની વાત તેમણે સાંભળી હતી. શ્રીમંત સરકારને તેમના કુવર ફતેહરાવ ગુજરી જવાથી અત્યંત શોક થયો હતો તે વિદાય્વા પોતે ફરવા નીકળ્યા હતા. શાસ્ત્રીજી મહારાજે તેમને ભાગવતના ૧૧મા સ્કંધના બારમા અધ્યાયની વાત કરી કહ્યું કે મનુષ્યદેહ દુર્લભ છે, એમાં સત્સઙ્ગની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. સત્સઙ્ગથી જગતના નાશવંતપણાનું અનુસંધાન રહે છે. અહમ અને મમત્વ જે દુ:ખમાત્રનાં કારણ છે તે સત્પુરુષના સંબંધે છૂટી જાય છે."

રાજાએ પ્રશ્ન કર્યો કે બધા જો વૈરાગ્ય પામે તો જગતનો વ્યાપાર કેમ ચાલે ?"

ત્યારે શાસ્ત્રીજી મહારાજે રઘુવંશનો શ્લોક ટાંકયો - શૈશવેભ્યસ્તવિદ્યાનામ - ને કહ્યું : આગળના રાજાઓએ વૃધ્ધાવસ્થામાં સંન્યસ્ત લઈ પ્રભુભજન કર્યું છે. માટે હવે તમે વનમાં પ્રવેશ કર્યો છે (તમને ૫૦ વર્ષ પૂરાં થયાં હતાં) તો રાજયની ઉપાધિનો ત્યાગ કરો....

શ્રીમંત સરકાર તો આર્ષદૃષ્ટાની આ વાણીથી મુગ્ધ થઈ ગયા. તેમનો શોક ટળી ગયો. સ્વામીશ્રીએ વિદાયવેળા તેમના નતમસ્તકે અભય હાથ મૂકી આશીર્વાદ આપ્યા. ૯ વર્તમાનકાળે પણ પૂર્વજોના ગરવા આ ઈતિહાસને યાદ કરી શ્રીમાન રણજિતસિંહજીને ભગવાન સ્વામિનારાયણથી લઈ અવિચ્છિન્ન ચાલી આવતી ગુરુપરંપરામાં પાંચમા ગુરુદેવ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ચાર ફેબ્રુ આરી ૧૯૮૯ના રોજ પોતાના રાજભવનમાં પધરાવી પૂર્વજોના સત્સઙ્ગની કડી જોડી આપી છે.

સંદર્ભ ગ્રંથો
૧. વડોદરાનું સત્સઙ્ગ દર્શન, ૧૯૭૬ લેખક : રમેશચંદ્ર સા. પંડયા
૨. એજન
૩. શ્રીહરિચરિત્રામૃત સાગર, પરિશિષ્ટ : તરંગ : ૧૨, આધારાનંદ સ્વામી કૃત
૪. પ્રેમાનંદ કાવ્ય
૫. એજન
૬. શ્રીહરિચરિત્રામૃત સાગર, પરિશિષ્ટ : તરંગ ૧૩-૧૪-૧૫
૭. યદુવંશપ્રકાશ ને જામનગરનો ઈતિહાસ પૃ. ૮૫ લેખક : કવિ માવદાનજી રત્નુ
૮. એજન
૯. સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી (જીવનચરિત્ર), ભાગ-૧ પૃ. ૪૯, લેખક : હ.ત્રિ. દવે

સયાજીરાવે

(તા. ૩જી ડિસેમ્બર ગુરુવાર સને ૧૯૩૬) પ્રજાને સરળ લાગણીથી અનુભવસિધ્ધ આપેલો બોધ

ધર્મની લાગણી અને ઝઘડછેટનો પ્રશ્ન આવતાં તે સંબંધમાં લોકોને સદ્બોધ આપતા જણાવ્યું કે,

"ધર્મની બાબત કહેતા હો તો મારો અને તમારો ધર્મ જુદા નથી, આપણો બધાનો ધર્મ એક જ છે. કોઈ કહે કે હુ રાજપૂત છું, કોઈ કહે હુ વાણિયો છું, કોઈ પોતાને મરાઠો કહે, કોઈ પોતાને બ્રાહ્મણ કહે, પણ તેની સમજમાં ભૂલ છે. ધર્મની દૃષ્ટિએ એ બધા જુદા નથી.

વડોદરા અને સંગીતકલા

પ્રા. નૃસિંહપ્રસાદ ભીખાભાઈ

સયાજીરાવ સમય પહેલાં એટલે કે ૧૮મી સદી પહેલાં જે સંગીત હતું તેમાં ખાસ કરીને કંઠ્ય સંગીત નાના ખ્યાલોમાં ગવાતું તેમાં રાગોની શુદ્ધતા તરફ બિલકુલ જવાતું નહિ. કારણ કે, તે વખતના કલાકારો પોતાની વિદ્યા જેમ બને એમ છૂપી રાખતા. તે પોતાના ખાસ શિષ્યોને બનાવતા પણ પૂરતું તો નહિ જ. શિષ્યોને તેના ઘરે અસાધારણ પરિશ્રમથી કામ લેતાં ચાર-આઠ દહાડા થાય એટલે થોડું સંગીતનું શિક્ષણ મળે તેના ઉપરથી સંગીતના વિદ્યાર્થીઓ કે કલાકારો ખાસ તૈયાર થતા નહિ. સયાજીરાવ બીજાની કારકિર્દી પહેલાં કલાકારો સરકારી નોકરીમાં હોય એવું જણાતું નથી. સયાજીરાવ બીજાના સમયમાં ૧૮૨૦માં ગાદીએ આવ્યા ત્યારે એમણે થોડાઘણા કલાકારોને નોકરીમાં રાખ્યા હતા. ત્યારબાદ શ્રી ગણપતરાવ મહારાજાએ થોડાઘણા કલાકારો જેવા કે સરોદવાળા સતારીઆ, સારંગીવાળા, કર્ણાટકી નાટકકાર, વગેરેને નોકરીએ રાખ્યા. ખંડેરાવ મહારાજાના સમયમાં બહુ વિકાસ થયો નહિ ત્યાર બાદ મલ્હારરાવની કારકિર્દીમાં સર્વત્ર અવ્યવસ્થા અને અંધાધૂંધી જ હતાં.

સર સયાજીરાવના સમયમાં આપણે જાણીએ છીએ કે મહારાજાને દરેક પ્રકારની કેળવણીમાં રસ હતો. તેમાં શાસ્ત્રીય સંગીત ઉચ્ચ પ્રકારનું શરૂ થયું. સૌથી પ્રથમ મરહૂમ ખાન સાહેબ કિરાણા ઘરાનાના ખાસ ગાયક થઈ ગયા. તેમને આમંત્રણ આપી તેમની રાજગાયક તરીકે નિમણૂંક કરી. તેમની પાસે ખ્યાલ તથા ઠુમરી તેમના ઘરાનાના વડોદરામાં પ્રચારમાં આવી. પરંતુ આગળ જણાવ્યું એ પ્રમાણે તેઓ પોતાના શિષ્યોને તૈયાર કરવા માંગતા ન હતા.

આગળના ભાગમાં પૂજ્ય કરી - મખાં સાહેબ વડોદરા છોડી દેશ-વિદેશમાં પોતાનો પ્રચાર કરવા મહારાજાની પરવાનગી માંગી વડોદરા રાજ્યની નોકરી છોડી. અબ્દુલ કરીમખાં સાહેબ પછી નોખા-નોખા મુસ્લીમ કલાકારોને નોકરીએ રાખતા ઉપર જણાવેલ કલાકારો પણ નોકરીમાં સ્થિર થઈ શકયા નહિ. કલાકારોનો સ્વભાવ એક જ જગ્યાએ સ્થિર થવાનો હોતો નથી. એ તો ફરતા જ રહે છે. ત્યારબાદ ઉસ્તાદ ફૈયાઝખાન સાહેબ જેઓ આગ્રા ઘરાનાના ઉત્તમ ગાયક તરીકે ગણાતા. તેમની વડોદરાના રાજગાયક તરીકે નિમણૂંક થઈ. પૂજ્ય ફૈયાઝખાન સાહેબે વડોદરામાં સંગીતની સેવા આપી. ત્યારબાદ બીજા ગવૈયાની નિમણૂંક કરવાનું રાજ તરફથી નકકી થયું એટલે પૂ. ફૈયાઝખાન સાહેબને કલાકારો પસંદ કરવાની રાજ - આજ્ઞા થઈ તેથી અલગ અલગ ઘરાના ગાયકો પૂજ્ય ખાન સાહેબ લાવ્યા તે ગાયકો નીચે મુજબ છે:

(૧) ફિદાવ હુસેન -જે રામપુર ઘરાનાના ગાયક ગણાતા
(૨) નિશારહુસેન
(૩) નસ્નહુસેન- ધાંધમા દ્રુપદની ગાયકીના નિષ્ણાત હતા.
(૪) આતાહુસેન
(૫) અદીબહુસેન

ઉપરના કલાકારોની રાજમાં નિમણૂક થઈ. આગળ આ કલાકારોને પોતાની પ્રગતિ વિશેષ થાય તે માટે વડોદરામાં એક કલાવનની ખાતું શરૂ કર્યું. તેના ઉપર કલાવન્ત ખાતુ શરૂ કર્યું તેના ઉપર કલાવતની સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. પંડિત હેજીભાઈની નિમણૂંક કરવામાં આવી કે જેઓ સારા વીણાવાદક, દિલરૂબાવાદક, સંગીતનું ઘણું ઊંડુ શાસ્ત્રીય જ્ઞાન ધરાવતા હોવાથી તે ઓશ્રીની નિમણૂક થઈ. ત્યારબાદ વડોદરામાં ભારતીય સંગીત પાઠશાળા સ્થપાઈ ચૂકી હતી. તેના મુખ્ય અધ્યાપક તરીકે પ્રો. મૌલાબક્ષ ચલાવતા પરંતુ ત્યારે વિદ્યાર્થીઓ માટે કલાકારો પાસેથી જ્ઞાન લેવું એ મુશ્કેલ પડતું હતું. એટલે શ્રીમંત મહારાજા સાહેબે વિષ્ણુ દિગંબર ભાતખંડે સાહેબને રાજ્યના મહેમાન તરીકે રાખ્યા અને સંગીતનું શિક્ષણ લોકોને સરખી રીતે શીખવી શકાય તેટલા માટે શાળામાં નિયમિત અભ્યાસક્રમ બની શકે તેવી રીતે નોટેશન પદ્ધતિથી સંગીતનું શિક્ષણ આપી શકાય અને શિક્ષકોને પણ પાકુ નોટેશનનું જ્ઞાન પૂજ્ય ભાતખંડે સાહેબ પાસેથી લેવાની રાજ-આજ્ઞા થઈ. પછી ભારતીય સંગીત પાઠશાળામાં પાંચ વર્ષનો ડિપ્લોમા કોર્સ દાખલ કરવામાં આવ્યો અને ભાતખંડે સાહેબે રચેલી સંગીત ક્રમીક પુસ્તકની છ પુસ્તિકાઓ દાખલ કરી તેમાં ચૂંટીને અમુક રાગો પ્રથમ વર્ષથી છેક પાંચ વર્ષ સુધીના રાખવામાં આવ્યા. આ રાગોમાં વિલંબિત ખ્યાલ કે જે ધીમી ગતિમાં ગવાય છે, જેને સંગીતની ભાષામાં બડા ખ્યાલ કહે છે. નાના ખ્યાલો ધ્રુવપ્રદ જ્ઞાન, ધમાદની હોરીઓ, લક્ષણ ગીત, તથા સરગમ ગીતોનો અભ્યાસક્રમ તૈયાર કરી પાઠશાળામાં ચાલુ કર્યા. પૂ. પંડિત હેજીભાઈ ડૉકટર સાહેબ કે જેમની કલાવન્ત સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે નિમણૂંક કરી હતી તેમની પોતાના કામ ઉપરાંત સંગીતશાળાના મુખ્ય અધ્યાપક તરીકે નિમણૂંક કરી. તેવી જ રીતે ઉપર જણાવ્યા પ્રમાણે જે મોટા ગવૈયા લોકો કલાવંત ખાતામાં કામ કરતા હતા તેઓને સંગીતશાળામાં પોતાની કલાનો લાભ આપવાની રાજ - આજ્ઞા થઈ. સંગીતશાળા પાર્ટટાઈમ ચાલતી હતી.

રાજ્યના કલાવંતોને ત્યાં ફરજિયાત વિદ્યાર્થીઓને શિખવવા જવું પડતું પરંતુ, મોટા કલાકારો નોટેશનને માનતા નહિ, પરંતુ સંગીત વિદ્યાલયમાં શિક્ષણ આપવાનું થયું તેથી તેઓને ફરજિયાત નોટેશન શીખવા પડતા.

મહારાજાની અહીંના કલાકારોને ઉતેજન આપતા ઉપરાંત મહારાજા તેમના જન્મોત્સવનું એક અઠવાડિયું હોળી ઉપર ઉજવવામાં આવતું હતું ત્યારે બહારના બીજા કલાકારોને બોલાવી તેમની કસોટી કરી જે સારા કલાકારો હોય તેમને રાજમહેલના દરબાર હોલમાં ૭ દિવસ સુધી સંગીત-જલસા થતા તેમાં ભાગ લેવાની તક મળતી. સંગીતશાળાના વિધાર્થીઓને તેનો ઘણો સારો લાભ મળતો. મહારાજા તરફથી તેમને યોગ્ય પુરસ્કાર પણ આપવામાં આવતો.

જ્યારે દરબાર ભરવામાં આવે પ્રથમ થોડા વખત તંજાવરી અને હિન્દુસ્તાની નાચ થાય પછી હિન્દુસ્તાની ગાયનનો સુસ્વર ચાલુ થાય.

આ સિવાય અહીંના પ્રસિધ્ધ તથા વિસ્તીર્ણ બાગમાં દર મંગળવારે યુરોપિયન પધ્ધતિનું બેન્ડ પોતાનાં ગાયનોથી લોકોના મનોરંજન કરતું ઘણા લોકો બેન્ડ સાંભળવા આવતા. બેન્ડના ઉપરી અધિકારી તરીકે અનેક યુરોપિયન બેન્ડ-માસ્તરો આવી ગયા. આના કારણે પ્રાશ્ચાત્ય સંગીતપદો જુદા જુદા દેશનાં રાષ્ટ્રગીતો વિગેરે વડોદરાની પ્રજાને સાંભળવાનો લાભ મળતો.

મહારાજાની સવારી હોય ત્યારે ઘણીવાર પાશ્ચાત્ય અને પ્રાચ્ય ગાયન કલા વિદોનો લાભ મહારાજા નગરવાસીઓને આપતા તેથી પાશ્ચાત્ય અને પ્રાચ્ય ગાયન કળાની પધ્ધતિનું તુલનાત્મક જ્ઞાન મળી રહેતું પાશ્ચાત્ય ગાયન પહેલાં તો આપણને બેસુરું નીરસ લાગતું વિલાયતી હાર્મોનિયમ કરતાં ઓર્ગનના મધુર તથા કાનમાં ઘુમી રહે તેવા સૂર સાંભળીને અધિક આનંદ થાય.

૧૯૧૬ની સાલમાં તા. ૨૦ થી ૨૫ માર્ચ સુધી અખિલ ભારતીય સંગીત પરિષદ ભરવામાં આવી હતી, આ પ્રસંગે ઉદેપુરના ઝકરૂદીનખાન, અલવરના મુસરફખાન, મૈલાલબક્ષ ફેઝમહમ્મદ અને ફૈયાઝહુસેન, રોકના ગુલામહુસેનખાન, જયપુરના કલ્લનખાન અને અલ્લીહુસેનખાન, ઈંદોરના ઈમદાદખાન વિગેરે અનેક સંગીત ગાયકોને એકઠા કરેલાં, દિવાન વીપી માધવરાવ અને બીજા ઘણા હાજર રહ્યા હતા. સભાનું અધ્યક્ષપદ અકબરપૂરના ઠાકોર નવાબઅલીને આપેલું. મુંબઈ સિવિલ સર્વિસના ગાયનપ્રેમી મિ. કલેમટસે આ પરિષદમાં "હિન્દી ગાયન પધ્ધતિની સુરાવર્ત ઉપર એક નિબંધ વાંચ્યો હતો. મહારાજાનો ગાયન-વાદન જેવા વિષય ઉપરનો પ્રેમ પ્રતિત થાય છે. ઉતમ કોટીનો આનંદ પ્રામ કરાવનાર પ્રેમાળ તથા વત્સલ રાજા માટે બધાને જ ગૌરવ હોય એમાં નવાઈ નહિ ?

૧૯૪૭-૪૮માં વડોદરામાં યુનિવર્સિટીની સ્થાપના થઈ. આ યુનિવર્સટીના વાઈસ ચાન્સેલર તરીકે શ્રીમતી હંસાબેન મહેતાની નિમણૂંક થઈ. તેમણે વડોદરા યુનિવર્સિટીમાં ફાઈન આર્ટસ દાખલ કરવું એમ નક્કી કરવામાં આવ્યું. ફાઈન આર્ટસના એક વિભાગ તરીકે સંગીત મહાવિદ્યાલય "મ્યુઝીક કોલેજ" તરીકે ફેરવવામાં આવ્યું તેથી આ મ્યુઝિક કોલેજમાં બહારથી કલાકારોની પસંદગી કરીને જેમ કે પંડિત શિવકુમાર શુકલ, મીરાબાઈ વાડકર, ભરતજી વ્યાસ, ગજાનંદ ઠાકોર, એવા શિક્ષણશાસ્ત્રીઓની મોટી જગ્યા પર નિમણૂંક થઈ. વડોદરા રાજ્યની અંદર ભારતીય સંગીતશાળામાં જે શિક્ષકો કામ કરતા હતા તેમને પણ આ કોલેજમાં સમાવી દીધા. ઉપરના કલાકારોએ વિદ્યાર્થીઓને જે ગવૈયા ઓ બનાવતા નહિ એ બધી જ વસ્તુઓ ઘણા પ્રેમથી શીખવાડી, એટલે અત્યારનું સંગીત પહેલાં કરતાં ઘણું જ આગળ વિકાસ કરી જાય છે. મ્યુઝીક કોલેજમાં કંઠ્ય સંગીત ઉપરાંત વાદ્યસંગીત જેમાં સિતાર, દિલરૂબા, વાયોલીન, તબલા વગેરેનું શિક્ષણ અપાતુ. બધા જ કોર્સિઝ અલગ અલગ હોવાથી એક વિદ્યાર્થી બંને વસ્તુ સાથે શીખી શકે નહિ. કારણ, ચાર વર્ષનો ડિગ્રીકોર્સ જેને બી. મ્યુઝ કહેવામાં આવે છે તે કરવો પડે છે. બી. મ્યુઝના વિદ્યાર્થીઓને સંગીત- શિક્ષણ ઉપરાંત અંગ્રેજી-કલ્ચર ઓફ હિસ્ટ્રી ઓફ ભારત, બીજી કોલેજમાં શીખવા જવું પડતું. એક પ્રોફેસર ફાઈન આર્ટસમાં આવી મ્યુઝીક કોલેજના વિદ્યાર્થીને સાથે શિક્ષણ આપે છે. એ દૃષ્ટિએ પહેલાંના અને અત્યારના સંગીતમાં ઘણો ફેરફાર થયો છે. વડોદરામાં મુખ્ય તો સંગીત કોલેજ જ છે. ભારતીય પઠશાળામાં ફકત વાદ્ય-કંઠ્ય સંગીત જ શીખવાનું, પરંતુ મ્યુઝીક કોલેજમાં અત્યારે નાટય વિભાગ પણ ચાલે છે જેમાં ભારત નાટયમ કથક પણ શીખવવામાં આવે છે. મ્યુઝીક કોલેજ ઉપરાંત ગાંધર્વ વિદ્યાલયના કોર્સિસ કે જે વિષ્ણુ દિગંબરની નોટેશન પદ્ધતિથી ચાલે છે તેમાં પણ કેટલાક વિદ્યાર્થીઓ બેસે છે. ગાંધર્વ વિદ્યાલયના કોર્સમાં સ્કૂલની ટર્મ ભરવી પડતી નથી, ખાનગી શિક્ષકો પાસે તાલીમ લઈ બારોબાર પરીક્ષા આપવી પડે છે.

અત્યારે રણજીતસિંહ ગાયકવાડ (મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડના પુત્ર) જેમણે શાસ્ત્રીય સંગીતની સુંદર તાલીમ લીધી છે, આકાશવાણીથી તેઓ વારંવાર પોતાના કાર્યક્રમો આપે છે. તેઓ ઘણી વાર સારા કલાકારોને બોલાવે છે. રાજમહેલના દરબાર હોલમાં શાસ્ત્રીય સંગીતનો પ્રોગ્રામ ચાલે છે.

વડોદરામાં ગણપતિ- ઉત્સવનું ઘણું મહત્ત્વ છે. ગણપતિ-ઉત્સવ દરમ્યાન રાજમહેલમાં સ્થાનિક તથા બહારના કલાકારોનો કાર્યક્રમ ગોઠવાય છે.

હાલના તબક્કે ગાયક કલાકારોમાં શ્રી દ્વારકાનાથ ભોંસલે, વાદક કલાકારોમાં શ્રી અનવરખાન પઠાણ રાન્ડે, તબલાના કલાકાર તરીકે પ્રથમ સકસેના હતા. તેઓ નિવૃત્ત થયા પછી ગણપતરાવ ગોડકે, નિલકંઠરાવ ગૌરવ, શ્રી કાલુરામજી વિગેરે છે.

શુભેચ્છા ઓ સાથે

એસ. દવે એન્ડ કું.

રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧
ટેનં. ૫૫૧૮૪૫/૫૫૧૦૪૧

વડોદરાના મહારાજા પ્રતાપસિંહરાવ ગાયકવાડ

- અમૃતલાલ જી. ચૌહાણ

ભારતના જૂના દેશી રાજ્યોમાં વડોદરા રાજ્ય પ્રગતિશીલ રાજ્ય હતું. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયમાં તેઓએ વડોદરા રાજ્યનો વહીવટ સુંદર રીતે વિકસાવ્યો હતો. પ્રજાના કલ્યાણ માટે સમાજસેવા અને સ્ત્રી ઉન્નતિ સાથે શિક્ષણનો વિકાસ થાય તે માટે વિવિધ યોજના અમલમાં મુકી હતી. અને ભારતીય રાજ્યોમાંના એક મહાન રાજ્ય તરીકે વિકસાવ્યું હતું.

શ્રીમંત સયાજીરાવ બાદ વિકાસ અને પ્રગતિશીલ રાજ્યનો વહીવટ તેમના વારસ શ્રીમંત પ્રતાપસિંહરાવ ગાયકવાડનાં હાથમાં સોંપાયો. શ્રી પ્રતાપસિંહ રાવનો જન્મ ૨૯ જુન ૧૮૭૮માં મોતીબાગ રાજવાડામાં થયો. નવજાત બાળ રાજાને દિર્ઘાયુષ્ય બક્ષવા માટે શહેરની નારીઓ મોતીબાગ રાજવાડામાં પગથિયાં ઉપર દૂધ અને દહીંના કુભની હેલ મુકીને પ્રાર્થના કરતી હતી. વિજયના ચિન્હ સાથે વિજયનો સંસ્કૃત અર્થ "પ્રતાપ" અને પિતા ફતેહસિંહરાવ નામનો "સિંહ" અક્ષર લઈને પ્રતાપસિંહ નામ રાખવામાં આવ્યું.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના પૌત્ર પ્રતાપસિંહરાવનો સર્વાંગી વિકાસ થાય તેવી પિતામહની વાત્સલ્યપૂર્ણ ભાવના હતી. પ્રતાપસિંહરાવના તન અને મન સાથે રાજકારભાર ચલાવવાની કેળવણી અંગેની તાલીમ પણ પિતામહે વિચારીને અમલમાં મૂકી હતી. વહીવટી નિર્ણયો લેવાની તાલીમ પણ આપવામાં આવી હતી. પ્રધાનમંડળમાં એક સિનિયર પદ આપી મંત્રણા કરનાર પ્રધાન ઉપરાંત દિવાન અધિકારના સ્વતંત્ર નિર્ણયો લઈ શકાય તેવા અધિકાર પદે "કર્મસચિવ" તરીકે શ્રીમંત પ્રતાપસિંહ રાવની શ્રીમંત સયાજીરાવ મહારાજાએ નિમણુંક કરી હતી. નિર્ણાયક બુધ્ધિની તાલીમ આપવામાં આવી હતી.

૭મી ફેબ્રુઆરી - ૧૯૩૯ના રોજ પ્રતાપસિંહરાવે ગાદીને પ્રસ્થાન કરીને રાજકારભાર સંભાળ્યો. રાજ્ય કારભાર સંભાળતાની સાથે જ દીર્ઘ દૃષ્ટિવાળા રાજવીએ રાજ્યની કરોડરજજુ સમાન ખેતીને લક્ષમાં રાખીને જમીન મહેસૂલમાં કાયમી કપાત આશરે ૨૦% જેટલી નક્કી કરી.

રાજ્યના નવા બંધારણને માન્યતા આપીને "ઇ.સ. ૧૯૪૦માં સરકારના કાયદા" તરીકે ઓળખાવ્યા. પરિણામે રાજાના અને પ્રજાના હિત એક જ છે તેની પ્રતિતિ થઈ. દરમ્યાનમાં બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું. આ બધી અનિશ્ચિતતામાં પણ સયાજીરાવની આકાંક્ષાઓને અનુસરીને જુદાં જુદાં ક્ષેત્રોમાં વડોદરા રાજ્યની પ્રગતિ ચાલુ રાખી. ૧૯૪૦માં "શાંતાદેવી ટ્રસ્ટ"ની યોજનાને મંજુરી આપી હતી. વડોદરામાં ક્ષયરોગના ઉપચાર માટે "શ્રી પદમાવતી દેવી સેનેટોરિયમ" મંજૂર કરવામાં શ્રી પ્રતાપસિંહનો મુખ્ય ફાળો છે.

શિક્ષણ વિકાસના ભાગરૂપે વડોદરામાં એમ.એસ. યુનિ.ની સ્થાપના તેઓશ્રીએ કરી. તેઓશ્રીનું કહેવું હતું કે "Gocports are to be trained from our own people and our medical college propenses are of no consideration let us proceed." શ્રીમંતની સદ્‌ભાવના અને મહત્વાકાંક્ષાઓ આ સંસ્થા દીપી ઉઠી જે આજે ઉચ્ચ શિક્ષણમાં આગવું સ્થાન ધરાવે છે.

શ્રીમંત પ્રતાપસિંહરાવ સેવા ભાવી હતા સાથે સાથે ત્યાગની ભાવના પણ ઉમદા હતી. આ ઐતિહાસિક રાજ્યનું વિલીનીકરણ કરવાનું થયું ત્યારે તેઓશ્રી કબુલ થયા હતા. કહેવાય છે કે વિલિનિકરણ કરવાની મંજૂરીની સહી કરવાની પહેલી રાતે મહારાજાને ઉંઘ આવતી ન હતી. સૂવાના ઓરડામાં આમતેમ વિચાર કરતા ફરતા હતા. અને કેટલીક વખત તો પલંગ ઉપર હાથ પછાડતા. છતાં પોતાની બધી સત્તાનો ત્યાગ કરી ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડયું હતું.

આવા ઉમદા સ્વભાવના શ્રીમંત પ્રતાપસિંહ ગાયકવાડનું અવસાન ૧૯મી જુલાઈ, ૧૯૬૮માં થયું.

મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ

વડોદરાની ગાદી છોડીને પૂરા વીસ વર્ષ થઈ ગયાં હતા. પ્રજા સાથે મહારાજાશ્રીનો કોઈ પણ સંપર્ક ન હોતો, પણ વડોદરાની પ્રજાએ મહારાજાનું ઋણ સ્વીકારી અનંત રાજ્યભક્તિ વ્યકત કરી જે વખતે તેઓના મૃતદેહની પાલખી એક જગ્યાએથી બીજી જગ્યાએ ખસેડવામાં આવી ત્યારે ત્રણ લાખ માણસોનાં હૃદયો ભગ્ન થયાં હતાં. તમામ પ્રકારના માણસોએ વૃધ્ધ અને જુવાનીયાંઓએ અશ્રુ વહાવ્યાં હતાં. કુદરને પણ આ દુઃખમાં સામેલ થઈ વર્ષાના અમી છાંટણા રૂપે અશ્રુ ઠાલવ્યાં હતાં. રાજત્યાગ કર્યા પછી સાધારણ માણસ તરીકે ગુજારેલ જીવન છતાં આજુબાજુ ઉમટેલ માનવમહેરામણ તે તે ઓશ્રીની પ્રેમ અને મમતાની સલાનુભૂતિ પ્રદર્શિત કરતી હતી. આવા રાજવી કુટુંબના શ્રી પ્રતાપસિંહરાવ મહારાજા વડોદરાની ધરતી પર તેમના કીર્તિકાર્યો અને સ્મૃતિઓ મૂકીને અમર થઈ ગયા છે.

વડોદરાના મરાઠીભાષી સાહિત્યકારો

- ખલીલ ધનતેજવી

શહેરના સંસ્કાર વારસાનાં સાહિત્યમાં છે. - ગુજરાતી, ઉર્દુ, પર્શિયન, મરાઠી અને સંસ્કૃત વિગેરે ભાષામાં અહિં સાહિત્ય સ્વાયું છે. કલા-સાહિત્ય પ્રત્યે હાર્દિક અભિરૂચિ ધરાવતા આ નગરના રાજવીએ દૂરદૂરથી સાહિત્યકારોને, વિદ્વાનોને, કવિ, ભાટ-ચારણોને તેડાવ્યા છે, ઇનામ-ઇકરામ આપીને નિરદાવ્યા છે અને રાજ્યાશ્રય આપીને પોષ્યા છે. એમાંય વળી મરાઠી ભાષાને તો વધુ લાલનપાલન મળ્યું છે. છતાં સાહિત્યક્ષેત્રે એની દક્ષતા અંશત: પુરવાર થઈ છે.

આજથી બસો વર્ષ પૂર્વે - અઢારમી સદીમાં મહારાષ્ટ્રીયન રાજવીની આંગળી ઝાલીને વડોદરામાં પ્રવેશેલી મરાઠી ભાષાને તો માત્ર રાજ્યાશ્રય જ નહિ - રાજભાષાનું ગૌરવપદ પણ પ્રાપ્ત થયું હતું અને છતાં મરાઠી સાહિત્યમાં ચિરંજીવી છાપ ઉપસાવતું સર્જન જવલ્લે જ જોવા મળે છે. મરાઠી ભાષામાં જે કવિતાનો ફાલ ઉતર્યો છે, એમાં પૌરાણિક અને આધ્યાત્મિક કવિતાનું પ્રમાણ મોટું રહ્યું છે. શ્રી વિઠ્ઠલ અનંતનો 'દત્ત પ્રબોધ' શ્રી વિનાયક મહાદેવ નાતુનો 'ગણેશ પ્રતાપ' જેવા કાવ્યગ્રંથો આ પૌરાણિક શ્રેણીમાં ઉલ્લેખનીય બને છે.

સાહિત્યકારોને મળતો રાજ્યાશ્રય ઉપરાંત ઈનામ-ઇકરામનું આકર્ષણ તીવ્ર હોવાથી મહારાષ્ટ્રમાંથી અનેક કવિઓ વડોદરાના રાજદરબારમાં ઉતરી આવ્યા હતા. એમાં અનંત ફંદી, સગન ભાઉ અને હોનાજી બાળ વિગેરેનો સમાવેશ થાય છે. અનંત ફંદીની વડોદરા અને પુના વચ્ચેની તુલનાત્મક રચના એ વખતે વખણાઈ હતી અને પાંચસો રૂપિયાનું વર્ષાસન બાંધી આપનાર નીવડી હતી. છતાં એમાં પણ સવિશેષ પ્રશસ્તિગુણ જ અભિપ્રેત હતો અને એ પ્રશસ્તિગુણ રાજવીને એટલી હદે પ્રભાવિત કરી ગયો કે અનંત ફંદીને તો વર્ષાસન મળ્યું પરંતુ એમના પુત્ર-પૌત્ર વિગેરે વંશજોને સ્નાતક કક્ષાના અભ્યાસ સુધીની સગવડ કરી આપતી શિષ્યવૃત્તિ પણ મળી હતી. આ બધા કવિઓ અને તેમની રચનાઓની સમીક્ષા કરતો 'મહારાષ્ટ્ર સારસ્વત' નામના ભાવે કૃત ગ્રંથમાંથી કેટલીક માહિતીઓ સાથે કવિઓ અને તે ઓની કૃતિઓનું પ્રમાણ સાંપડે છે. ગદ્ય સાહિત્ય ક્ષેત્રે ઝાઝું ખેડાણ થયું હોવાનું જોવા મળતું નથી. ખંડેરાવ મલ્હારરાવના શાશનકાળ દરમ્યાન મરાઠીમાં ભાષાન્તર કરાયેલું 'મહાભારત' પ્રસિધ્ધિ પામ્યું હતું અને એના અમુક અંશો આજે પણ પુનામાં જળવાયા છે.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાશન દરમ્યાન કલા-સાહિત્યને વિશેષ વેગ મળ્યો. સાહિત્ય પ્રવૃત્તિને ઉત્તેજવા માટે એમણે રાજભંડારના ખર્ચે ગ્રંથ પ્રકાશનની પ્રક્રિયા શરૂ કરી હતી. અધૂરામાં પૂરું મહારાજા સયાજીરાવના દીવાન સર ટી. માધવરાવ પોતે જ. કવિ હતા અને રાજ્ય કારભારના તમામ સૂત્રો તે ઓના હાથમાં હોવાથી સાહિત્યોત્તેજક પ્રવૃત્તિને છૂટથી સહાય મળવા લાગી. રા. આઠવલેની કદર કરીને 'મહારાષ્ટ્ર ભાષા મયૂર'નો ખિતાબ તેઓએ અપાવ્યો હતો. આઠવલેની કાવ્ય સંપત્તિમાંથી 'સાસરચી પાઠવણી' અને 'માહેરચે મૂળ' નામની કવિતાઓ મહિલાવર્ગમાં અતિ લોકપ્રિય નીવડી હતી. ખુદ દિવાન સર ટી. માધવરાવનો પણ એક કાવ્યસંગ્રહ પ્રગટ થયો હતો.

મરાઠી રાજમાં માનભરી નોકરી મેળવવા વીસ વર્ષની ઉમરે કોલ્હાપુર છોડીને વડોદરા આવેલા શ્રી વિનાયક જનાર્દન કિર્તને માધવરાવ પેશ્વાની પ્રશસ્તિ કરતું 'માધવરાવ' નામનું નાટક લખ્યું હતું અને જ્ઞાનપ્રસારક સભામાં તેઓએ વાંચી સંભળાવ્યું હતું. આ ઉપરાંત એક બીજું નાટક 'જયપાળ' પણ તેઓએ લખ્યું હતું. 'મધ્ય હિન્દુસ્તાનચા ઇતિહાસ' અને 'ચાળીસ વર્ષ પૂર્વીચા પૂના' નામના એમના ગ્રંથો પણ ઉલ્લેખનીય રહ્યા હતા. તેમની મહત્ત્વાકાંક્ષા રાજ્યનું દિવાનપદ મેળવવાની હતી. એ ન મળતાં વડોદરા છોડીને ઇન્દોર ચાલ્યા ગયા હતા. આ સાહિત્ય શૃંખલામાં બીજા અનેક નામો ઉમેરાય છે, જેમાં શ્રી અચ્યુત નાના ચિપળુણકરની 'ગાયકવાડ રાજ્ય દાયાદવિજ્ઞાન' નામની રચનામાં કવળાણાના ગાયકવાડ અને વડોદરાના ગાયકવાડ એક જ વંશના હોવાનું સિધ્ધ કરાયું છે. ધેણે ખરે પણ માંગણ્યાએ સામર્થ્ય નાહિં' અને 'આન્હિક કર્મપ્રકાશ' નામના તેમના ગ્રંથો ઉલ્લેખનીય છે. આ ઉપરાંત શંકર મોરો રાનડે, ડૉ. વિષ્ણુ ગોવિંદ ચિપળુણકર, રાય બહાદુર ગોવિંદ, સખારામ સર દેસાઈ, સરદાર ચિનામણરાવ મજમુદાર જેવા લેખકો અને દત્તકવિ તેમજ ચંદ્રશેખર શિવરામ જેવા કવિઓ આગળ આવ્યા. શંકર મોરા રાનડે અત્રેથી પ્રસિધ્ધ થતા દૈનિક 'સયાજી વિજય'માં નિયમિત લખતા હતા. ફ્રેંચ નાટયકાર મોલીએરની નાટયકૃતિ ઓનું તેમનું મરાઠી ભાષાન્તર 'નાટયકથીર્ણવ' અને 'ઐન રાજમહેલ' નામના ગ્રંથોએ એ વખતે ધ્યાન ખેંચ્યું હતું. ડૉ. ચીપળુણકર પાસે કલમ અને કેમેરાની દૃષ્ટિ હતી. તે ઓ સારા ફોટોગ્રાફર હતા. મહારાજાની સવારી અને શિકાર પ્રવાસની તેમની ફોટોગ્રાફી કુતુહલ ઉપજાવનારી નીવડી હતી. 'જ્ઞાનેશ્વરી' પરનો એક લેખ ઉપરાંત 'હિંદુસ્તાનાતીલ સર્પ' નામનો ગ્રંથ તેઓએ લખ્યો હતો.

ઇતિહાસ અને પેશ્વા દફતરના સંપાદક તરીકે જાણીતા થયેલા રાવ બહાદૂર સર દેસાઈએ લખવાનો પ્રારંભ અનુવાદથી કર્યો હતો. અનુવાદ નબળો પૂરવાર થયો હતો. પરંતુ એ પછી તેઓ ઇતિહાસકાર અને સંશોધક તરીકે જાણીતા થયા. પાશ્ચાત્ય રમતગમત, અને 'અંગ્રેજી

કેવી રીતે શીખવું ?' વિગેરે પુસ્તકો ઉપરાંત નાના સાહેબ પેશ્વા ઉપર પણ તેઓએ એક પુસ્તક લખ્યું હતું. સરદાર ચિંતામણિરાવ મજમુદારે 'રાણુ હમીર' તથા સર વૉલ્ટર સ્કૉટની નવલિકાઓનું ભાષાન્તર કર્યું હતું. અને તેમના પુત્ર આબા સાહેબ મજમુદારે 'વ્યાયામ જ્ઞાનકોષ' તૈયાર કર્યો છે. આ હરોળના દત્તાત્રય કોંડો ઘાટે દત્ત કવિ તરીકે જાણીતા હતા. તેઓ નોકરી અર્થે વડોદરા આવ્યા હતા અને પચીસ વર્ષની જુવાન વયે તેઓનું અવસાન થયું હતું. એ પછી ત્રીસ વર્ષે તેઓના પુત્રે તેઓની ૪૮ કવિતાઓ પ્રસિધ્ધ કરી. રાજકવિ ચંદ્રશેખર શિવરામ ગોન્હેની 'ચંદ્રિકા' શીર્ષકવાળી કવિતા ૧૯૩૯માં પ્રસિધ્ધ થઈ હતી. એ ઉપરાંત 'ગોદા ગૌરવ' અને 'કાયહો ચમત્કાર' જેવાં બે ખંડકાવ્યોમાંથી પ્રભાવિત થઈને સયાજીરાવ મહારાજે તેમને રાજકવિનું પદ આપ્યું હતું. તેઓએ દરબારી ગાયિકા લક્ષ્મીબાઈના આગ્રહને વશવર્તી કેટલાંક પદો પણ લખ્યાં હતાં. એ સમયના બીજા કવિઓમાં 'કવિતા કલ્પ'ના સર્જક શ્રી ખાડિકર શ્રીધર રામજી, શંદિ અને 'સરસ' તેમજ 'માધવ જયુલિયન' ને નામે જાણીતા થયેલા. માધવરાવ પટવર્ધનને ઉર્દુ-ફારસી ભાષાનું પણ જ્ઞાન હતું અને તેમણે ઉમર ખૈયામની પર્શિયન રૂબાઈયોનો મરાઠીમાં અનુવાદ કર્યો હતો અને ઉર્દુ-ફારસીથી પ્રભાવિત થઈ તેઓએ મરાઠી ભાષામાં ગઝલો પણ લખી હતી. 'નકુલાબંકર' અને 'સુધારક' નામનાં તેમનાં ખંડકાવ્યો હતાં. મૂળ તેઓ પ્રેમના રસના કવિ હતા. તેમણે આધુનિક છંદશાસ્ત્ર વિશેના ગ્રંથ ઉપરાંત 'ફારસી-મરાઠી કોષ' ની રચના કરી હતી.

વીસમી સદીના ત્રીજા દાયકામાં આગળ આવતી મરાઠી કવિઓની તત્કાલિન નવી પેઢીમાં મહારાષ્ટ્રમાંથી અત્રે નોકરી માટે આવેલા પ્રો. ચિ.વી જોશી, શ્રી દા.ના. આપ્ટે, અને રાજ્યભૂષણ વાસુદેવરાવ જોશીનો સમાવેશ થાય છે. શ્રી આપ્ટેએ 'સુધારણા આણિ પ્રગતિ' (અંગ્રેજીનો અનુવાદ) અને 'સુમેરી સંસ્કૃતિ' તેમ જ 'ઇન્દ્ર ધનુષ્ય' નામના લેખસંગ્રહ આપ્યા છે. હાલના મરાઠી ભાષી હાસ્ય લેખકોમાં પ્રો. ચીં.વી. જોશીનું નામ ઉલ્લેખનીય છે. 'એરન્ડાચે ગુન્હાળ', 'વાયફળાંચા મેળા', ' આણખી ચિમણરાવ' વિગેરે હાસ્યલેખ સંગ્રહ પ્રશંસા પામ્યા છે. 'લગ્નસરાઇ આણિ સરકારી પાહુણે' નામની તેમની રચના ફિલ્મી પડદા માટે કચકડે પણ કંડારાઇ છે. ઉપરાંત - 'દીર્ઘ નિકાય' જાનકાંતીલ નિવડક ગોષ્ટિ, તથા 'અંગ્રેજી શિષ્ટાચાર' જેવા અન્ય પુસ્તકો પણ તેઓએ આપ્યા છે.

સ્ત્રીઓના અધિકારોના હિમાયતી એવા શ્રી વાસુદેવરાવ જોશીને મહિલા જાગૃતિ અંગેની કામગીરી બદલ - 'રાજયભૂષણ'નો ખિતાબ મળ્યો હતો. તેઓ નિબંધકાર તરીકે ઓળખાયા. અન્ય લેખકોમાં રા.મં.ક. નાડકર્ણી રા.શા. માને પાટિલ, નંદુરબારકર, સંત, પુરાણિક, ભાયલીકર, દંડવતે, પ્રા. દેશપાંડે, સ્વ. દેવાશકર, જનરલ શિંદે વિગેરેનો સમાવેશ થાય છે. ગણેશ રંગનાથ દંડવતેએ મરાઠી સાહિત્ય - કવિતાઓ, નાટકો, નવલકથાઓ વિગેરેનો એક સંદર્ભગ્રંથ તૈયાર કર્યો છે. પ્રા.વિ. પાં. દાંડિકરનો પૌરાણિક નાટકોનો ગ્રંથ પ્રસિધ્ધ થયો છે. પ્રા. સાળગાંવકર અને ડૉ. ભાવે એ લેખક તરીકે નામના મેળવી છે.

મરાઠી ભાષામાં સર્જાતા સાહિત્યથી મહિલા લેખિકાઓ પણ અલિપ્ત રહી શકી નથી. શ્રી કાશીનાઇ હેર્લેકર લેખિકા તરીકે પ્રતિષ્ઠિત થયાં હતાં. અર્વાચીન લેખિકાઓમાં આનંદીબાઇ જયવંત નવલકથાકાર તરીકે અને કમળાબાઇ ટીળક નવલિકા સર્જક તરીકે ઓળખાયા છે. આમાં 'માનસ લહેરી'ના સર્જક મુકતાબાઇ લેલેનો પણ સમાવેશ થાય છે. આ તમામ સાહિત્ય સર્જનમાં પ્રશસ્તિ અને પૌરાણિકતામાંથી બહાર નીકળીને સામાજિક વિભાવનાઓને સ્પર્શવાની જહેમત બહુ ઓછાએ જ કરી છે.

હાર્દિક અભિનંદન

મારુત

ડેવલપર્સ

૧૭, તક્ષશીલા સોસાયટી, પાદરોડીયા રોડ,
વડોદરા-૧૯
ટે.નં. ૫૫૧૦૧૯

WITH BEST COMPLIMENTS
FROM

BHUPENDRA RATHOD
A/4, "PURUSHARTH" Shri Nagdev Nagar,
Waghodia Road, BARODA

વડોદરાનું પત્રકારત્વ

- શ્રી જયંતીભાઇ શાહ

જેમ ગુજરાતમાં અને બીજે તેમ વડોદરામાં પણ મુદ્રણયંત્ર આવ્યા પછી છાપકામ શકય થયું. તેમાંથી જાહેરાતોનાં, પત્રિકા, માસિકો ને પછી સામાયિકો અને અખબારો શરૂ થયાં. વડોદરામાં એ શકય થયું સયાજીરાવના રાજઅમલની શરૂઆતમાં ઈ.સ. ૧૮૮૦માં શ્રી સયાજીરાવ ત્રીજાનું લગ્ન થયું ત્યારે જાહેર છાપથી પત્રિકાઓ છપાઈ હતી પણ શ્રી દાજી નાગેશ આપ્ટેએ પણ તેમના ૧૯૩૬ના સયાજીચરિત્રમાં લખ્યું છે કે તેનો નમૂનો ખૂબ મુશ્કેલીથી મળી શકયો.

વડોદરામાં પહેલવહેલું છાપું "વડોદરા વત્સલ" નામે પ્રગટ થયું. તે લગભગ ઈ. સ. ૧૮૮૫ના અરસામાં મુંબઈમાં ખેડૂતો માટે ખાસ છપાતું છાપું જોઈને વડોદરામાં પણ કોઈક છાપુ નીકળે એવી સયાજીરાવની ઈચ્છા હતી. તેમાંથી જ આ "વડોદરા વત્સલ" છાપુ વડોદરામાં થી નીકળ્યું. તે પછીથી જ ખરેખરી શરૂઆત "સયાજી વિજય" નામનાં સામાયિકથી થઈ. અને વડોદરામાં વર્તમાનપત્ર વ્યવસ્થિત રીતે બહાર પડતું થયું. આ સામાયિક ધીમે ધીમે વડોદરામાં ઘણી પ્રતિષ્ઠા પામ્યું. અને ઘણા તો તેને વડોદરાનું ટાઈમ્સ કહેતા થયા. પહેલાં તે છાપું શ્રી ઘામોદરચંદે નામના મુંબઈના પત્રકારે સાચવ્યું. "વડોદરા વત્સલ" પણ તેઓશ્રીએ જ છાપેલું. સયાજીવિજય રૂપે તેનું છાપખાનું શ્રી સયાજીરાવે ખુલ્લું મુકેલું. બહાર રાજય પ્રવાસે નીકળેલા મહારાજા સયાજીરાવને આગલી સાંજે જ તે માટે આવવા તારથી વિનંતિ મળેલી અને મહારાજા એકદમ આવી પહોંચ્યા હતા. આ વર્તમાનપત્રમાં પ્રાંગર્ધાના માણેકલાલ અંબાલાલ શેઠ શરૂ આતથી રીપોર્ટર થયા. અને ત્યારના મોટા બનાવોના અહેવાલો પોતાની ઉદ્યમ કલમથી લખતા હતા. તે વખતે સયાજીવિજયમાં મરાઠી, ગુજરતી અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં લખાણ છપા તાં. ઈ.સ. ૧૯૦૦માં ચંદિના આ અખબારમાંથી છૂટા થઈને માણેકલાલે પોતે આ છાપું ખરીદી લીધું. બાહોશ અને વ્યવહારી કુનેહવાળા માણેકલાલનો સ્વભાવ મિલનસાર અને દેખાવ આકર્ષક હોવાથી તેથી આ સામાયિક ઝડપથી જામી ગયું. તેમાં એમને શરૂઆતમાં જ જુનાગઢના યુવાન શિક્ષક હરિરાય ભગવંતરાય બૂચ નરીકે મળી ગયા. એ જતા હતા તો મુંબઈના એક અખબારમાં જોડાવા પણ વડોદરામાં ઊતર્યા અને એ જ સાંજે "સયાજી વિજય"માં જોડાવા માણેકલાલ ઓનરેરમ ડૉકટરના આગ્રહથી વડોદરામાં રોકાઈ ગયા. લગભગ ઈ.સ. ૧૯૦૭થી "સયાજી વિજય"બંધ થયું ત્યાં સુધી તેઓ સયાજી વિજયમાં જ રહ્યા. ઈ. સ. ૧૯૨૦ પછી તેમને સાથીદાર મળ્યા તે શ્રી અવનરાય શુકલ તે ડભોઈથી આવેલા. શ્રી બુચ અને શુકલ બંને રાષ્ટ્રીય વિચાર ધરાવતા હતા. અને લેખકો પણ હતા. સયાજી વિજયના વિકાસમાં શ્રી માણેકલાલ ડૉકટર શ્રી બુચ અને શ્રી શુકલ એક પરિવારના હોય તેમ સતત પ્રયત્નશીલ રહ્યા. તેથી સયાજીવિજય વડોદરા રાજયમાં એક મુખ્ય છાપું થઈ શકયું. પાછળથી તે ૧૯૩૯માં દ્વિસામાહિક થયું. તેમાંથી તે ૧૯૪૮માં દૈનિક પણ થયું. આ દૈનિક તરીકે તે છાપું લાંબું ટકયું નહીં અને "લોકસત્તા"માં તે જોડાઈ ગયું.

"લોકસત્તા" આજે પણ વડોદરામાં જાણીતું અખબાર છે. તે ૧૯૫૧ના અરસામાં વડોદરાથી નીકળવા માંડયું હતું. તેના તંત્રી શ્રી રમણલાલ શેઠ હતા. આ પહેલાં "સયાજી વિજય" ઉપરાંત વડોદરાથી વધુ રાષ્ટ્રીય ઝોકવાળું અઠવાડિક "નવગુજરાત" પણ સારી પ્રતિષ્ઠા મેળવીને ઈ.સ. ૧૯૨૧થી પ્રગટ થતું હતું. તેના તંત્રી શ્રી ચીમનલાલ મગનલાલ ડૉકટર અભ્યાસી વિદ્વાન હતા. અને મહારાજા સયાજીરાવ વિષેનો તેમનો ચરિત્રગ્રંથ પ્રસિદ્ધ છે. "સયાજીવિજય" પ્રમાણમાં રાજયની નીતિ અને પગલાંઓને ટેકો આપતું છાપું ગણાતું. અને એવી એની તરફદારી માટે ૧૯૨૫ પછી તો લોકો કંઈક નારાજ પણ રહેતા એમ જણાય. અલબત્ત, તેનો ફેલાવો તો ઘણો જ હતો આખા રાજયમાં એની "તાજા સમાચાર" કોલમ વખણાતી. અને પાછળથી વાર્ષિક ભેટરૂપે જાણીતા સાહિત્યકાર "રમણલાલ વસંતલાલ દેસાઈ"ની નવલકથાઓ બહાર પડવા માંડી. તેથી પણ લોકોનું આકર્ષણ ચાલુ રહે. એક નાની વિગત સ્પષ્ટ થવી જરૂરી છે કે, શેઠ માણેકલાલનું પ્રસિધ્ધ નામ માણેકલાલ અંબારામ ડૉકટર હતું. અને એમના અવસાન પછીથી એમના બે નાના પુત્રો શ્રી મહેન્દ્રભાઈ ડૉકટર અને શ્રી મહેશભાઈ ડૉકટર આ અખબારનું સંચાલન કરતા હતા. તેમાં તેમના મોટા પુત્ર લક્ષ્મીલાલ પણ વચ્ચેના ગાળામાં મહત્ત્વની કામગીરી બજાવતા હતા.

બીજી બાજુ સ્વતંત્ર રાષ્ટ્રીય નીતિ અપનાવનાર "નવગુજરાત" પણ રાષ્ટ્રીય આંદોલનોના એ સમયમાં આગળ વધતું હતું. અને ડૉ. સુમંત મહેતા જેવા રાષ્ટ્રીય લેખધારીના લેખો તેમાં ધ્યાન ખેંચના હતા. આ ઉપરાંત રાજયપક્ષી ગણાયેલું મરાઠી સામાહિક "જાગૃતિ" પણ સારો ફેલાવો ધરાવતું હતું. એના તંત્રી શ્રી ભગવંત પાલેકરની કલમ કયારેક ઉગ્રતા બતાવતી હતી. રાષ્ટ્રીય આંદોલનોના સમયમાં મોટાભાગને તેથી જ "જાગૃતિ"નાં લખાણો વિરોધી લાગતાં હતાં. ઈ.સ. ૧૯૧૯થી શરૂ થયેલું ખૂબ જાણીતું માસિક "બાલજીવન" વડોદરાથી નીકળ્યું. એના તંત્રી હતા શ્રી રમણલાલ નાનાલાલ શાહ. ને પણ કેટલોક સમય "સયાજી વિજય" માં કાર્યશીલ હતા. આ "બાલ જીવન" પદ વર્ષ ચાલ્યું. અને ગુજરાતમાં ઠેર ઠેર વંચાયું. હમણાં જ આ જાણીતા બાલસાહિત્ય લેખકની પ્રથમ પુણ્યતિથિ (તા. ૧૨-૮-૧૯૮૮)ના રોજ ઊજવાઈ.

શ્રી સયાજીરાવના સમય સુધીમાં એકંદરે આ સામાહિકો વગેરે અગ્રસ્થાને રહ્યાં એમ નોંધાયું છે જ કે સયાજીરાવ પોને પરદેશમાં હોય ત્યારે પણ આ છાપાંઓ નિયમિત વાંચતા હતા અને તેમાં આવતા સમાચારો ઉપરથી પ્રજાની ફરિયાદો તરત દૂર થાય એવી ચોકકસ વ્યવસ્થા કરતા ઉપરાંત પ્રસિદ્ધિના શોખીન અમલદારો વધુ પડતી પ્રસિદ્ધિ પાછળ ન પડે તે માટે પણ યોગ્ય સમયે નામ સાથે દિવાનનું ધ્યાન ખેંચતા. અગ્રલેખો પણ એ ચોકસાઈથી જોતા હતા. પરદેશથી તેઓ આવે ત્યારે તે જુદા જુદા અનુભવી નિષ્ણાતો અને પ્રવૃત્તિઓના ચલાવનારાઓને ખાસ એક સાંજ મળતા. એ મિલન ઔપચારિક રહે તેનું એ ખાસ ધ્યાન રાખતા. તેમાં એમનો હેતુ રાજયતંત્ર કે એની જુદી જુદી સુધારા પ્રવૃત્તિ કે તેના પગલાંઓ વિશે લોક અભિપ્રાય શું છે તે જાણવા તેઓ જાગૃત રહેતા. આ મિલન ને "હેવી" નામ અપાતું. અને એમાં અખબારોના અનુભવી પ્રતિનિધિઓને સ્થાન અવશ્ય રહેતું.

એકંદરે એક વિદ્વાને એ ખાસ નોંધ્યું છે કે વડોદરામાં વાણી સ્વાતંત્ર્ય અને રાજકારભારની થતી ટીકા તરફ હંમેશાં ઉદાર વલણ અપનાવાતું હતું. અને તેમાં સયાજીરાવનું તેવું વલણ મુખ્ય કારણ હતું. આ જાતનાં અખબારો રાજયના બીજા પ્રાંતોમાંથી પણ નાનેમોટે પાયે ચાલતાં હતાં. અંગ્રેજોની તે વખતે આ દેશમાં હકુમત હતી અને એમનો આક્ષેપ હતો કે વડોદરાના મહારાજા અને વડોદરાની પ્રજા અંગ્રેજ સત્તા સામે વિદ્રોહી વલણવાળા રહ્યા હતા. ખાસ કરીને એક દાખલો યાદ આવે છે. ઈ. સ. ૧૯૧૦ની આજુબાજુ નો અંગ્રેજ હાકેમોનું વલણ ખૂબ જ ઉગ્ર હતું. પાટીદાર સમાજના એક જાણીતા સુધારક શ્રી નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ તે ગાળામાં મહેસાણામાં હતા. ૧૯૧૧માં મહેસાણાના "શિક્ષક પ્રેસ"માં ક્રાંતિકારી પુસ્તક પ્રગટ થયેલ બંગાળી પુસ્તક "મુકિત કોન પથે"નું એ ભાષાંતર હતું. અંગ્રેજોએ આ છાપખાનું બંધ થાય તેવો આગ્રહ રાખ્યો. સયાજીરાવ સ્પષ્ટ જવાબ આપતા કે વડોદરામાં રાજદ્રોહને કોઈ ઉત્તેજન અપાતું નથી. અને પુરાવા વગર પગલાં લેવાં વ્યાજબી નથી. તો પણ વાતાવરણ એવુ ઉગ્ર કે "સયાજીરાવ રાજદ્રોહી લખાણો ન છાપવાં"તે મતલબનું જાહેરનામું બહાર પાડયું. તો પણ સ્પષ્ટ સમજાય છે કે, સયાજીરાવ મુદ્રણ અને વાણીના સ્વાતંત્ર્યને પણ કેવા માનથી જોતા હતા. આના અનુસંધાનમાં કહેવું જોઈએ કે, વડોદરામાં પ્રજા વતી રાજકિય હિલચાલોનું સુકાની પ્રજામંડળ પોતાનું મુખપત્ર અઠવાડિક "પ્રજામંડળ"નામે જ પ્રગટ કરતું હતું. તેના તંત્રી રાષ્ટ્રીય અગ્રણી શ્રી પ્રાણલાલ મુનશી હતા. અને તેમની શૈલીમાં ટાઢા-ગરમ કટાક્ષો હમેશા આવ્યા કરતા. દેશી રાજયોની પ્રજાલડતની સંસ્થાઓમાં સૌથી પહેલું આ "પ્રજા મંડળ" વડોદરામાં શરૂ થયું હતું એ પણ સૂચક છે. આ પ્રજામંડળના એજ નામના મુખપત્ર પર રાજય સરકારે કદી કોઈ સખત નિયંત્રણ નહોતું મૂક્યું એમ પણ કહેવું જોઈએ. આ મુખપત્ર પ્રજામંડળની છાપ આખા રાજયમાં એક જવાબદાર સામાહિક તરીકે હતી. અને તેમાં જાણીતા કાર્યકર લલિતચંદ્ર દિવાનજીની સેવા પણ મહત્ત્વની હતી.

૧૯૪૫માં શ્રી જયંતકુમાર યાજ્ઞિકના તંત્રી પદે "જય ગુજરાત" અખબાર વડોદરાને મળ્યું. તેની રાષ્ટ્રીય વગની ઉપરાંત એની રજૂ આતને કારણે ત્યારે એણે વાંચકોનું લક્ષ્ય ખેંચેલું. તેની આજુબાજુમાં જ વડોદરામાં "લોકસેવા" નામનું દૈનિક શ્રી રમેશનાથ ગૌતમના તંત્રીપદે શરૂ થયું. આ જયગુજરાત અને લોકસેવા લાંબો સમય ટકી શકયા નહીં, એમ તો ત્યારે શ્રી મોદીનું "રાજહંસ" તથા રતિલાલ રેશમવાળાનું "પ્રકાશ" એ બંને નાનકડા દૈનિકો પત્રિકાઓ જેવા ઠીક ઠીક સમય વડોદરામાં ચાલતાં હતાં. પરંતુ સરવાળે એમ કહેવું જોઈએ કે એ લાંબા સમયમાં લોકોને અઠવાડિકોથી સંતોષ હતો. ત્યારે દૈનિકો માટે આજ જેવી ઉત્સુકતા બહુ જ ઓછી પ્રવર્તતી હતી. આ ઉત્સુકતા વડોદરામાં સ્થિર કરવામાં "લોકસત્તા" દૈનિકનો હિસ્સો અગ્રણી ગણાય. કારણ કે વચ્ચે નીકળેલું "નવભારત" શ્રી ચંદ્રકાંત શાહ જેવા અનુભવી પત્રકારના તંત્રીપદ છતાં લાંબો સમય ટકી શકયું નહીં. આ પરિસ્થિતિમાં શ્રી ચંદ્રકાંત પટેલ દ્વારા નીકળેલું અંગ્રેજી દૈનિક "બરોડા હેરોલ્ડ" જો લાંબો સમય ન ચાલે તો નવાઈ જેવું ન ગણાય. આ ઉપરાંત હજી સાંજે નિકળતું શ્રી બચુભાઈ વ્યાસ સંચાલિત "યુગ પ્રભાવ" અને શ્રી જયંતિભાઈ શાહ દ્વારા સંચાલિત "વડોદરા સમાચાર" (૧૯૭૭) સવારનું દૈનિક આજે

વડોદરામાં પોતપોતાની રીતે પત્રકારત્વની પગદંડીએ સ્થિર પ્રયાણ કરી રહ્યા છે. ગુજરાત રાજયની રચના પછી નવી અપેક્ષાઓ અને નવા વાતાવરણ વચ્ચે વડોદરાને વધુ દૈનિકો માટે વાંચક વર્ગ વધ્યો.

અમદાવાદના જૂના અને પ્રસિદ્ધ બે અખબારો સંદેશ અને ગુજરાત સમાચાર તેથી જ વડોદરામાં પોતાનું કાર્યાલય શરૂ કરી શકયાં અને વડોદરામાંથી જ તે અખબારોની આવૃત્તિઓ પ્રગટ કરે છે.

વડોદરામાં નવા નિકળેલ સામાહિકમાં શ્રી હસમુખ પરીખના તંત્રીપદે ચાલતું "ચિત્રા" ને યાદ કરવું જરૂરી છે. આ સામાહિક કેપ્રાધ્યાપકબંસીધર શર્માના સહતંત્રી પદે ચાલતું "નિકા સંસ્થા" હિન્દી માસિક "ઉત્તરા" પણ વડોદરા પોતાનું કર્તવ્ય બજાવે છે. પ્રભાકર તેલંગનું "માય મરાઠી" માસિક અને સતીશ ગુણાકના તંત્રીપદનું જલારામદીપ ૧૯૫૮-૧૯૬૪ વચ્ચેના દૈનિક "ગુજરાત કેસરી"ના તંત્રીપદે કાર્ય કર્યું. શ્રી રમણભાઈ પંડયાએ અને તે જ સાંજના દૈનિક માટે શ્રી ચંદ્રશંકર ભટ્ટે (સત્ય સેવક)કામ કર્યું. "ભારત" અર્ધ સામાહિકના તંત્રી શ્રી રામચંદ્ર રા. ભટ્ટ "આર્ય સંદેશ" સામાહિકના તંત્રી શ્રી મણિભાઈ ગુમા અને પછી પંડિત આનંદપ્રિયજી. ઉપરાંત લોકસત્તાના પીઢ જોગી જેવા શ્રી રણછોડલાલ વાયડા કે પ્રહલાદ બ્રહ્મભટ્ટ ઉપરાંતના ફૂત્તેહના તંત્રી શ્રી પ્રભાતકુમાર ગોસ્વામી રતીકુમાર મેકવાન, સર્વશ્રી વેણીભાઈ જોશી, મણીભાઈ વ્યાસ, જયંતિ શુકલ, જયેન્દ્ર ધી ત્રિવેદી, અનિલભાઈ દવે ઈન્ડિયન એકસપ્રેસના શ્રી કિરીટ ભટ્ટ, શ્રી મનુભાઈ ભટ્ટ, અમીન કુરેશી, અવિનાશ મણીયાર, જતીન વૈદ્ય [illegible], શ્રી નવીનભાઈ ચૌહાણ વિગેરે પત્રકારોએ વડોદરામાં પત્રકારત્વની વિવિધ સેવાઓ બજાવી છે.

"વડોદરા પત્રકાર સંઘ"ના આદ્યપ્રમુખ હરિરાયભૂ. બૂચ અને મંત્રીપદે પ્રભાતકુમાર ગોસ્વામી ૧૯૬૨ સુધી હતા.

વડોદરા અંગેનો સંદર્ભ વિશેષાંક જે પ્રગટ કરી રહેલ છે એ દૈનિક વડોદરા સમાચાર છેલ્લા ૧૨ વર્ષથી પોતાનું પત્રકારત્વનું કાર્ય નમ્રપણે અદા કરી રહ્યું છે. એ પોતાની મર્યાદા વચ્ચે પણ પ્રજાની સમગ્ર જીવનની સાથે યથાશકિત જોડાયેલ રહ્યું છે. તેના અરમાન અને આયોજન ધીમે ધીમે વિકસશે તેવી તેના પ્રયાણમાં શ્રધ્ધા પણ છે. તેમાં તંત્રી સંચાલક શ્રી જયંતીભાઈ શાહ તથા તેમના સુપુત્રો સર્વ શ્રી હરીશ શાહ, કુમાર શાહ, રાજ શાહ તથા

...→

સ્વાતંત્ર્ય પૂર્વે વડોદરાનો વહિવટ

– શ્રી ભાલચન્દ્ર પરાંજપે

સયાજીરાવ અને ચીમનાબાઈ બીજ

સ્વાતંત્ર્યોત્તર કાળમાં તા. ૩-૫-૪૯ના રોજ આપણું વડોદરા રાજ્ય તત્કાલીન મુંબઈ રાજ્યમાં વિલિન થયા બાદ મુંબઈ રાજ્યનું વહીવટીતંત્ર વડોદરા રાજ્યના પ્રદેશને લાગુ થયું અને તા. ૧-૫-૬૦ના રોજ ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવવાથી અગાઉના વડોદરા રાજ્યનો પ્રદેશ ગુજરાત રાજ્યમાં સમાવિષ્ટ થયો અને ગુજરાત રાજ્યનું વહીવટીતંત્ર તે પ્રદેશને લાગુ થયું છે. તો પણ વડોદરા રાજ્ય અસ્તિત્વમાં હતું ત્યારે ને રાજ્યનું વહીવટીતંત્ર કેવું હતું તેની માહિતી ઘણી રસપ્રદ છે આ વહીવટીતંત્ર ત્રણ કાલખંડોમાં વહેંચાયું છે.

(૧) કે. પુણ્યશ્લોક સયાજીરાવ મહારાજની કારકિર્દી સને ૧૮૭૫માં શરૂ થઈ ને પહેલાંનો કાલખંડ સન ૧૭૨૦ થી સન ૧૮૭૪ સુધી.

(૨) કે. પુણ્યશ્લોક સયાજીરાવ મહારાજની કારકિર્દીવાળો બીજો કાલખંડ સને ૧૮૭૫થી સને ૧૯૩૯ સુધી.

(૩) શ્રીમંત પ્રતાપસિંહ મહારાજ સને ૧૯૩૯માં ગાદીનશીન થયા ત્યારથી વડોદરા રાજ્યનું વિલિનિકરણ થયું ત્યાં સુધીનો એટલે તા. ૩૦-૪-૪૯ સુધીનો ત્રીજો કાલખંડ

૨. શ્રીમંત સયાજીરાવ મહારાજની કારકિર્દી પહેલાંના મહારાજાઓના વખતમા કાયદાના સ્વરૂપના શા શા હુકમો થયા છે તેની માહિતી રાજ્યમાં પાછલા રેકોર્ડ ઉપરથી ભેગી કરવાનું કામ સયાજીરાવ મહારાજની આજ્ઞાથી શ્રી ગોવિંદ બ. સાસવડકરને સોંપવામાં આવેલું હતું. તે મુજબ તેઓશ્રીએ રાજ્યના જૂના રેકર્ડમાંથી જે માહિતી મેળવી તેનું એકીકરણ બે ભાગમાં તત્કાલીન ન્યાયમંત્રી કચેરીએ પ્રસિદ્ધ કરેલું હતું. એ એકીકરણ ઉપરથી સન ૧૮૭૫ પહેલાં વડોદરા રાજ્યનું વહીવટીતંત્ર કેવું હતું તે જાણવા મળે છે. અગાઉના મહારાજાઓના વખતમાં રાજ્યના જે તે પરગણા કે મહાલનો વહીવટ ચલાવવા ઈજારા આપવામાં આવતા હતા અને ઈજારાની શરતોને અનુસરીને ઈજારદાર ઈજારાની મુદત દરમ્યાન વહીવટ ચલાવતો હતો. એટલું જ નહીં પણ દિવાની કે ફોજદારી કામોમાં ઈન્સાફ (ન્યાય) આપવાનું કાર્ય ઈજારદાર જ કરતો હતો, પરંતુ ધીમે ધીમે બ્રિટીશ હિન્દુસ્તાનમાંની ન્યાયદાન પદ્ધતિ અપનાવનારી કલમબંદીઓ (કાયદાઓ) અમલમાં આવવા લાગી. મુલકી વહીવટ માટે તાલુકા નિહાય કમાવિસદાર (વહીવટદાર) નીમાવા લાગ્યા. ઉપરિનિર્દિષ્ટ એકીકરણ ઉપરથી એમ તો દેખાય છે કે, વડોદરા રાજ્યના તત્કાલીન રાજ્યકર્તાઓનું દૃષ્ટિબિંદુ પ્રજાને હિતાવહ થાય એવી રાજ્યવ્યવસ્થા ઊભી કરવાનો હતો. તે વખતે જોકે દિવાની કે ફોજદારી ન્યાયસંસ્થા અસ્તિત્વમાં ન હતી તો પણ આવાં કામો ખુદ મહારાજ સાહેબ આગળ રજુ થતાં હતા. અને તેનો નિકાલ તેઓશ્રી કરતા હતા. મિલકત બાબતની તકરારોમાં હિંદુઓને હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે અને મુસલમાનોને શરિયત પ્રમાણે તેમજ જેનાતેના રીતરિવાજ પ્રમાણે ન્યાય આપવામાં આવતો હતો. એ પરિસ્થિતિ સન ૧૮૧૩થી બદલાવા લાગી. એ સાલમાં સંવત ૧૮૭૦ની કલમબંદીથી વડોદરા શહેરમાં એક દિવાની ન્યાયાધીશી પ્રથમ સ્થાપવામાં આવી અને એ ન્યાયાધીશીએ ન્યાયનાં કામો કેવી રીતે ચલાવવા તે ઠરાવવામાં આવ્યું. એ ન્યાયાધીશીના પહેલા ન્યાયાધીશ તરીકેશ્રી યશવંત બાપુજી ગોડબોલે નિમાયા હતા.

ધીમે ધીમે એમાં પ્રગતિ થતા વડોદરા શહેરમાં ચાર કોર્ટો સ્થપાઈ તેમજ મહાલા નિહાય અદાલતો સ્થપાઈ. સને ૧૮૪૭માં "સદર ન્યાયાધીશી" એ નામથી વડોદરામાં એક અપીલ કોર્ટ સ્થપાઈ. એ જ અપીલ કોર્ટને છેવટે હાઈકોર્ટનો દરજ્જો મળ્યો. ફોજદારી કામોના ઈન્સાફની બાબતમાં અનેક કલમબંદીઓ અને હુકમોમાં ફોજદારી કામ ચલાવવાનાં ધોરણો ઠરાવવામાં આવ્યાં હતાં. છેવટે શ્રીમંત ખંડેરાવ મહારાજની કારકીર્દીમાં સને ને ૧૮૭૦મા દિવાની અદાલતો સંબંધી નિબંધ અને ફોજદારી નિબંધ (તત્કાલીન બ્રિટીશ હિન્દુસ્તાનમાંના તત્સમ કાયદાઓના ધોરણે) અમલમાં



કુશળ વહીવટદાર સર વી.ટી. કૃષ્ણમાચારી

આવ્યા. એટલે વડોદરા રાજ્યમાં બ્રિટીશ હિંદુસ્તાનની રાજ્યપદ્ધતિ અનુસરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હતી.

રાજ્યની અર્થવ્યવસ્થાની બાબતમાં જો કે કોઈ નિયમાવાલી ન હતી, તો પણ રાજ્યના આ ન્યાય ઉપર તત્કાલીન ફડણીસ કચેરીની દેખરેખ હતી. એ કચેરીના વડા અધિકારી "ફડણીસ" કહેવાતા અને તેમની સહી વગર કંઈ પણ ખર્ચ થઈ શકતો ન હતો. રાજ્યના મુલકી વહીવટ માટે મહાલા નિહાય કમાવીસદાર હતા. ગામોનો વહીવટ જે તે ગામના પટેલ હસ્તક હતો. આ પ્રમાણે ટૂંકમાં અગાઉના મહારાજાઓના વખતમાં વડોદરા રાજ્યનું વહીવટીતંત્ર હતું.

૩. શ્રીમંત સયાજીરાવ મહારાજ સન ૧૮૭૫માં તા. ૨૭મેના રોજ ગાદીનશીન થયા ત્યારથી ઉપર જણાવ્યા પ્રમાણે બીજો કાલખંડ શરૂ થયો અને તે સને ૧૯૩૯ના ફેબ્રુ આરી સુધી એટલે ૬૪ વર્ષ સુધી ચાલુ રહ્યો. એ આખો કાલખંડ વડોદરા રાજ્યના સુવર્ણયુગમાં પરિણમ્યો હતો. શ્રીમંત સયાજીરાવ ગાદીનશીન થયા ત્યારે તેમની ઉંમર ૧૩ વર્ષની હતી. તેથી તેઓશ્રી સજ્ઞાન વયના એટલે ૧૮ વર્ષની ઉંમર થતાં સુધી તત્કાલીન બ્રિટીશ સરકારે રાજ્યનો વહીવટ ચલાવવા માટે રાજા સર ટી. માધવરાવ ની એડમિનિસ્ટ્રેટ તરીકે નિમણુંક કરી હતી. રાજા માધવરાવે વડોદરા રાજ્યનો વહીવટ બ્રિટીશ રાજ્યપધ્ધતિને અનુસરીને શરૂ કર્યો. એટલું જ નહીં પણ સયાજીરાવ મહારાજને અંગ્રેજી ભાષા સારી રીતે અવગત કરાવી. એક વ્યાખ્યાનમાલા દ્વારા રાજા તરીકે રાજાનું વર્તન કેવું હોવું જોઈએ તે તેમજ રાજ્યનો વહીવટ સારી રીતે ચલાવવા માટે માર્ગદર્શક તત્ત્વો સયાજીરાવ મહારાજને એમણે સમજાવ્યાં. છેવટે સન ૧૮૮૧માં સંપૂર્ણ રાજ્ય વહીવટ તેઓશ્રીને સોંપવની વખને તે ઓશ્રીએ એક આદર્શ રાજા (Model Prince) તરીકે કીર્તિ મેળવવી એવી અપેક્ષા પણ વ્યકત કરેલી. શ્રીમંત સયાજીરાવ મહારાજે એ અપેક્ષા પુરેપૂરી ફળીભૂત કરી અને "આદર્શ રાજા" એ બિરુદ સાર્થ કર્યું હતું.

વડોદરા રાજ્યનાં રાજ્યસૂત્રો

શ્રીમંત સયાજીરાવના હસ્તક આવ્યા પછી જો કે આનિયંત્રિત રાજસત્તા તેઓશ્રીને પ્રાપ્ત થઈ હતી. તો પણ એ સત્તા વાપરવા ઉપર તેમણે પોતે થઈને અંકુશ મૂકયો, અને બ્રિટીશ રાજ્ય પદ્ધતિના ધોરણે સંપૂર્ણ વહીવટીતંત્ર જુદાં જુદાં ખાતાંઓમાં વહેંચી નાંખ્યું. જે તે ખાતાના અધિકારીઓના વહીવટી અધિકાર નકકી કર્યા. જે તે ખાતાનાં અધિકાર બહારના કામોમાં અંતિમ નિકાલ કરવાનો અધિકાર અમુક મર્યાદા સુધી રાજ્યના દિવાનને આપ્યો અને અમુક મહત્ત્વનાં કામોનો નિકાલ કરવાનો ખાસ અધિકાર મહારાજ સાહેબે પોતાની પાસે રાખ્યો. એ સિવાયના તમામ વહીવટી કામોનો નિકાલ કરવાનો અધિકાર મંત્રી મંડળ પાસે રાખ્યો. આ પ્રમાણે જે વ્યવસ્થા કરવામાં આવી તે રાજ્યની વહીવટી (એડમિનિસ્ટ્રેટીવ) પાંખને લાગુ હતી. દિવાની કે ફોજદારી ઈન્સાફી કામોની બાબતમાં અલગ ન્યાયતંત્ર રચવામાં આવ્યું હતું.

તે વખતે બ્રિટીશ હિંદુસ્તાનમાં ફોજદારી ઈન્સાફી કામો મામલતદાર, કલેકટર વગેરે મુલકી અમલદારો આગળ ચાલતાં હતાં. પણ એ પ્રથા શ્રીમંત સયાજીરાવ મહારાજે પોતાના રાજ્યમાં રૂઢ થવા દીધી નહીં અને તમામ દિવાની ફોજદારી ઈન્સાફી કામો ન્યાય ખાતાના તાબા હેઠળના ન્યાયાધીશો આગળ ચાલે એવી પ્રથા ચાલુ સદીની શરૂઆતથી જ અમલમાં મૂકી. બ્રિટીશ હિંદુસ્થાનમાં એ પ્રથા દાખલ કરવામાં આવી ત્યારબાદ પચાસ-સાઠ વર્ષ વીતી ગયા. ન્યાયદાનના કામમાં સયાજીરાવ મહારાજે કે તેમના અધિકારીઓએ કદી પણ હસ્તક્ષેપ કે દખલગીરી કરેલી નહીં. ન્યાયદાનની સત્તા ન્યાયાધિશો પાસે અબાધિત રહી હતી.

શ્રીમંત સયાજીરાવ મહારાજે વડોદરા રાજ્યનાં પ્રજાજનોને તેમની માતૃભાષામાં (ગુજરાતી ભાષામાં) ઘડેલા કાયદાઓ મુજબ ચાલનારી રાજ્યવ્યવસ્થા આપી. વડોદરા રાજ્યનો રાજ્ય કારોબાર સંપૂર્ણ રીતે કાયદા ઉપર આધારિત હતો. તે ઓશ્રીએ ગુજરાતી ભાષાને સરકારી કામકાજની ભાષા ઠરાવી તેથી વડોદરા રાજ્યમાં તમામ કાયદાઓ, નિયમો વગેરે ગુજરાતી ભાષામાં ઘડા ન્યાયાલયોને નિવેડાઓ ગુજરા ભાષામાં લખાવા માંડયા અને સંપૂ રાજ્ય વહીવટ ગુજરાતી ભાષા ચાલવા લાગ્યો. પ્રાદેશિક ભાષા રાજ્યવહીવટ સંપૂર્ણ રીતે ચલા શકાય છે એની પ્રતિતિ વડોદ રાજ્યે કરાવી.

રાજ્યના આય-વ્યય ઉ સયાજીરાવ મહારાજની કડક ન રહેતી હતી. રાજ્યના જમા-ખર્ચ અંદાજપત્રક દર વર્ષે મહારાજ જાતે તપાસીને મંજૂર કરતા હ એક વાર અંદાજપત્રક મંજૂર થાય તેના તેના ચોકઠામાં રહીને ખર્ચ થ હતો. એમ હોવા છતાં રાજ્ય આર્થિક કારોબાર કંજુસાઈ ભરેલો હતો. પ્રજાજનો ઉપર ક (Taxation)નો બોજો પડયા વ રાજ્યમાં સર્વત્ર રેલવેની જાળ પ્રસ હતી, ઓખા પોર્ટ જેવું અદ્યત બંદર બંધાયું, શિક્ષણ, દવાખા પુસ્તકાલયો, ઉપર જરૂરતો પ્રમા મુકત હસ્તે ખર્ચ થતો હતો અ સાથે સાથે રાજ્યની તિજોરી સમૃદ્ધ રહી હતી.

વડોદરા રાજ્યના વહીવટીત પૂરતો મારો લેખ મર્યાદિત છે. તે શ્રીમંત સયાજીરાવ મહારાજ કારકીર્દીનાં ઈતર પાસાંઓનું વિવેચ કરવું મારા માટે અસ્થાને થશે.

કે. શ્રીમંત સયાજીરાવ મહારા તેમની કારકિર્દીમાં અમલમાં મૂકે વહીવટીતંત્ર શ્રીમંત પ્રતાપસિ મહારાજની કારકીર્દીના ત્રી કાલખંડમાં ચાલુ રહેલું હતું, તેથી બાબતમાં ખાસ વિવેચન કરવા જરૂર નથી.

વડોદરાનું પત્રકારત્વ

તંત્રી મંડળના ખલીલ ધનતેજવી ડેવીડ એન્થોની અને અન્ય સાથીઓ જયંતીભાઈના કાર્યની સાથોસાથ રહ્યા છે. કેટલીક એવી મુશ્કેલીઓ પણ આ દૈનિકના માર્ગમાં આવ્યા કરી છે કે જે વચ્ચે આગળ વધતાં વિચાર થાય. પરંતુ આ અખબારે ભારે કિંમતથી ધીરજથી અને નિષ્ઠાપૂર્વક પોતાના ધ્યેયને અચૂક દૃષ્ટિમાં રાખીને યથાશકિત કર્તવ્યધુરાનું વહન ચાલુ રાખ્યું છે.

વડોદરા શહેર તો ખરું જ પણ ગુજરાતભરમાં જેમનું શાણું રાષ્ટ્રીય નેતૃત્વ હંમેશા માન પ્રેરતું રહેલું તેવા [redacted] શ્રી પોપટભાઈ વ્યાસના શુભ હસ્તે ઉદ્‌ઘાટન પામેલું આ "વડોદરા સમાચાર" દૈનિક આજે એક મંગલ નવપ્રસ્થાન કરે છે. અને તે વડોદરાના અર્વાચીન યુગશિલ્પી શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજાની સવાસોમી જન્મજયંતિના અવસરે વડોદરા અને ગુજરાતના પત્રકારત્વની દિશામાં એક સમરણીય ચિહન બની રહેશે. એમ પણ કહી શકાય. આપણે સૌ ઇચ્છીએ કે આ રીતે પ્રારંભ પામેલું આ અખબાર વડોદરા ગુજરાત અને દેશની સેવામાં પોતાની રચનાત્મક શકિત અવિરત [redacted] કરે.

"આપણા ધર્મશાસ્ત્રમાં એ આદેશ છે કે સુવાવડી સ્ત્રીનો સ્પ કરવો નહિ. આપણા ધર્મશાસ્ત્ર આવા ડહાપણ ભરેલા સિધ્ધાંતો ઉલ્લેખ છે તે ઉપરથી એ સ્પ થાય છે કે દાયણોથી બચવા માટે તે કરવામાં આવ્યો હશે કારણ કે વખતે હાલના જેટલી વૈજ્ઞાનિ શોધખોળ નહિ હોય, છતાં ભયં પરિણામનો તેમને અનુભવ થયે હોવો જોઈએ. સુવાવડમાં અડકવાની માન્યતામાં અડક અપવિત્ર થતું નથી પણ સુવા સ્ત્રી જ અપવિત્ર થાય છે, એ સમજવાનું છે. પણ આવા ડહાપ ભરેલાં પવિત્ર મહાસૂત્રોનાં અર્ મચરડીને અવળા સમજાવવા આવે છે."

શ્રીમંત સયાજીરાવ

વિલીનીકરણ પછીનું વડોદરા

ડૉ. રાજેન્દ્રસિંહ ગાયકવાડ

વિલિનિકરણ બાદનું વડોદરા ત્યારે જ સારી રીને સમજી શકાશે જ્યારે વિલિનિકરણ પહેલાંના વડોદરાને જાણવામાં આવે. વડોદરાના મહારાજા સર સયાજીરાવ જગતના ચોથા નંબરના ધનવાન હતા. વડોદરા ભારતમાં હૈદરાબાદ પછીનું વૈભવશાળી ગણાનું રાજ્ય હતું. વહીવટ અને સુધારાની દ્રષ્ટિએ વડોદરા પ્રથમ નંબરે હતું. આઝાદી પછી જે બ્રીટીશરો વખતના પહેલ્લાંના ભારતનું ઉદાહરણ અપાય છે તે તેના વહીવટ, સુધારાઓ તથા પ્રણાલિકાઓને કારણે અપાય છે. એક વસ્તુ ખાસ યાદ રાખવા જેવી છે કે વડોદરા રાજ્યનો નાગરિક ક્યારેય બ્રીટીશ હકૂમત નીચેના ભારતનો નાગરિક ન હતો. વડોદરા રાજ્યના નાગરિકોએ બીજા ભાગનાં નાગરિકો કરતાં વધુ સ્વતંત્રતા ભોગવેલી હતી. વડોદરા રાજ્ય એકમાત્ર સ્વતંત્ર રાજ્ય હતું. દેશી રાજ્યોના વિલિનિકરણ પછી વડોદરા રાજ્યના નાગરિકો પણ ભારત દેશના બીજા રાજ્યોના નાગરિકો સાથે એકરૂપ થઈ ગયા.

શ્રી આર. કે. રણદીવે કે જે ઈન્ડીયન કાઉન્સીલ ઓફ વર્લ્ડ એફેર્સ તેમજ ઈન્ડીયન હિસ્ટ્રી ઓફ અલ્હાબાદ તેમજ લંડનની રીફોર્મ કલબના મેમ્બર છે તેમણે વડોદરા માટે કહ્યું છે કે, "આઝાદી પહેલાં વડોદરા એક સ્વતંત્ર રાજ્ય હતું. તેની પાસે એક એવું રાજ્યબંધારણ હતું કે જેને યુ.નો.માં પ્રવેશવાની માન્યતા મળી શકી હોત." (આ બાબતનો ફકત વડોદરા રાજ્યની અગ્રસરતા નોંધવા માટ ઉલ્લેખ કરેલો છે. ગાયકવાડો દેશભકત હતા અને છે. આવી બાબતનો તેમણે કયારેય વિચાર કર્યો નથી.) તેનો રાજ્ય વહીવટ ખ્યાતિપૂર્ણ તેમજ લોકકલ્યાણવાળો હતો. ભારતભરમાં બીજે કયાંય વડોદરા રાજ્યની સમકક્ષ રાજ્ય વહીવટ હતો નહિ. ભારતીય બંધારણના ઘડવૈયાઓએ બંધારણની એકત્રીસથી ચાલીસમી કલમમાં જે દર્શાવ્યું છે કે તે વડોદરા રાજ્યે વર્ષો પહેલાં અમલમાં મૂકયું હતું. વડોદરા રાજ્યમાં ન્યાય પધ્ધતિ તેમજ ન્યાયને લગતો વહીવટ પણ ગુજરાતી ભાષામાં હતો. વધુમાં વડોદરાની વિશેષતા એ હતી કે આપણી પોતાની સ્વદેશી ભાષામાં જ (પ્રાદેશિક ભાષા) ન્યાય અપાતો.

ઈ.સ. ૧૯૩૭માં જે મુંબઈ પ્રાંતે તેનું બંધારણ અમલમાં મૂકયું ત્યારે પ્રધાનો બધા ક્ષેત્રના ઉદાહરણ માટે પ્રથમ વડોદરા તરફ જોતા હતા. ૧૯૩૫ થી ૧૯૪૭ વહીવટીય અહેવાલ દર્શાવે છે કે રાજ્યમાં ઈર્ષા આવે તેવી સગવડો અપાતી હતી. મુંબઈ પ્રાંતના પ્રધાનો કહેતા કે "વડોદરાની સગવડો ઘણી વૈભવશાળી હતી. દર પાંચ માઈલના અંતરે દવાખાનાં, ગામડે ગામડે શાળાઓ તથા પંચાયતો, ૧૪ જેટલાં ખેતીલાયક ખેતરો (એગ્રીકલ્ચર ફાર્મ્સ) આ બધા માટે વિલીનીકરણ પછી પૈસા ક્યાંથી આવશે ?"

વડોદરા રાજ્યની સરકાર આધુનિક ધોરણો ઉપર રચાઈ હતી. વહીવટીય શાસનનો મુખ્ય કાર્યકર્તા દિવાન મહારાજાને સીધેસીધો જવાબદાર હતો. દિવાનને કારોબારી સત્તાની સભા મદદ કરતી હતી, કે જે સભાના તેઓ પ્રમુખ હતા. તેમને સંબંધિત સત્તાઓને વખતો-વખત મહારાજાએ નક્કી કરેલા નિયમો અનુસાર નિયંત્રિત કરવામાં આવતી હતી. આ પ્રધાન પ્રસંગોપાત "અમાત્ય" અથવા જોઈન્ટ રેવન્યુ મિનિસ્ટર તરીકે ઓળખાતા કે જે વહીવટદાર સાથે સંલગ્ન હતા. અમુક ચોક્કસ મર્યાદામાં મહેસૂલ ખાતાના તાબામાં આ અમાત્ય રહેતા હતા. ડેપ્યુટી મિનિસ્ટર આદેશ પ્રમાણે અમુક સત્તાઓ એનાયત કરે. જ્યારે અમાત્યની જગ્યા કોઈ ઓફિસર

* ન્યાય પધ્ધતિ પ્રમાણે વરિષ્ઠ અથવા હાઈકોર્ટ એ જજની બનેલી હતી. ડિસ્ટ્રીક્ટ કોર્ટ, સબઓર્ડિનેટ કોર્ટ પણ અસ્તિત્વ ધરાવતી હતી. અપવાદરૂપે (ઈ.સ. ૧૯૦૪ દરમ્યાન સબઓર્ડિનેટ કોર્ટને ગુનાહિત કાર્યવાહી સાથે મુલકી સત્તાઓ સોંપવામાં આવી અને તે માટેના અધિકારીઓને લગભગ મેજીસ્ટ્રટને લગતી ફરજો સોંપવામાં આવી.) સંચાલન અને ન્યાય બંને ખાનાં અલગ પડી ગયાં.

* પબ્લિની સીધેસીધી સેવા માટે સિવીલ કાર્યવાહી માટે બ્રિટીશરો વખતના ભારત તેમજ વડોદરા રાજ્યની સિવિલ તેમજ રેવન્યુ કોર્ટ અરસપરસ માન્ય રાખતી હતી. તે



વિલીનીકરણ પૂર્વે રાજગાદી પર આરૂઢ શ્રી પ્રતાપસિંહરાવ ગાયકવાડ

દ્વારા ભરવામાં આવતી નહિ ત્યારે સામાન્ય રીતે બીજા નાયબ દિવાનની નિમણુંક કરવામાં આવતી.

વારાફરતી અલગ અલગ ખાતાંઓનું સંચાલન કરવામાં આવે, સરસૂબા અથવા રેવન્યુ કમિશનર, પતાવટ અને જમીનના દસ્તાવેજો માટેના કમિશનર, પબ્લીક વર્કસ, મકાનો, પ્રસાર માધ્યમો સિંચાઈ અધિકારી તેમજ શિક્ષણ-અધિકારી વિગેરે દ્વારા દરેક ખાતાંઓનું સંચાલન કરવામાં આવતું. વહીવટીય હેતુ માટે રાજ્યને પ્રાંત (જીલ્લાઓ) તેમજ ૪૭ ઈલાકાઓમાં વિભાજીત કરવામાં આવતા, જેના મુખ્ય અધિકારીઓ સૂબાઓ વહીવટદાર હતા. તે જ પ્રમાણે પોલીસ સંગઠનોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના સંબંધિત અધિકારીઓ પોલીસ નાયબ સૂબા, ફોજદાર તરીકે ઓળખાતા. બીજાં ખાતાંઓની જેમ નાયબ સૂબા ફોજદારો તેમના જીલ્લા કક્ષાએ મુખ્ય અધિકારી હોય. આખા રાજ્યમાં રૈયતવારી પધ્ધતિ અમલમાં મૂકવામાં આવી હતી. મહેસૂલની આકારણી બોમ્બે-સેટલમેન્ટે નક્કી કરવામાં આવેલી માર્ગદર્શિકા પ્રમાણે કરવામાં આવતી. અલગ થવા અંગેની સરતપાસ ઈ.સ. ૧૮૮૯માં શરૂ થઈ આખા રાજ્યમાં ચલાવવામાં આવી.

જ પ્રમાણે રાજ્યનાં પોલીસદળો તેમજ આજુબાજુની વહીવટીય સંસ્થાઓ વચ્ચે સીધે સીધા સંપર્કની એક પ્રણાલિકા હતી તેમજ બોમ્બે પ્રેસિડન્સીના રેવન્યુ ઓફિસરો તથા તે જ હોદ્દાના સમકક્ષ એવા દરબાર ઓફિસરો વચ્ચે ઘણી બધી બાબતોમાં સીધેસીધા પત્ર-વ્યવહારો હતા.

* કાયદા અને નીતિનિયમો ઘડવા માટે નિમણુંક કરેલા તેમજ ચૂંટાયેલા સભ્યો ધરાવતી લેજીસલેટીવ કાઉન્સીલ અસ્તિત્વ ધરાવતી હતી. આ બાબત ઈ.સ. ૧૯૦૪ના સમયથી વડોદરા રાજ્યના લોકલ બોર્ડ તેમજ ગ્રામ્ય પંચાયતની પધ્ધતિઓમાં અમલમાં મૂકવામાં આવી હતી. આવી પંચાયતો હજાર માણસોની વસતિ ધરાવતાં ગામડાંઓ તેમજ ગામડાંઓના સમૂહ માટે સ્થાપવામાં આવી હતી. આ પંચાયતના પ્રમુખ તરીકે પટેલ તેમજ તેની સાથે ગામનો હિસાબનીશ અને શાળાનો શિક્ષક વધારાના સભ્ય તરીકે રહેતા બાકીના મેમ્બરોમાંથી અમુકને નિયુકત કરવામાં આવતા અને અમુકને ચૂંટવામાં આવતા. માહલ અને ડિસ્ટ્રીકટ બોર્ડ તે જ પ્રમાણે ઘડવામાં આવતી. આ બધી સંસ્થાઓને સ્થાનિક વહીવટ માટેની બધી જ સત્તાઓ આપવામાં આવતી હતી. તેથી તેમની પાસે પોતાના તાબામાં આવતી હતી. તેથી તેમની પાસે પોતાના તાબામાં આર્થિક ભંડોળ પણ રહેતું હતું. આ રીતે ગ્રામ પંચાયત તેમનાં ગામડાંઓમાંથી સ્થાનિક કરવેરા માટે એક ચોક્કસ ભંડોળ ઉભું કરતું; જેમાંથી ગામની મૂળભૂત જરૂરિયાતોને પૂરી પાડી શકતું હતું. આ પંચાયતો ન્યાયને લગની ફરજો પણ અદા કરતી હતી.

* વડોદરા રાજ્યમાં શિક્ષણની લોકપ્રિય ચહલપહલ હતી. ઈ.સ. ૧૯૯૩માં વડોદરા સરકારે પ્રાથમિક શિક્ષણ ફરજીયાત તેમજ મફત મળે તે પ્રમાણેની આકર્ષક યોજના અમલમાં મૂકી હતી. અને ઈ.સ. ૧૯૦૬ના ઓગષ્ટ પછી આ યોજના આંખા રાજ્યમાં સર્વત્ર રીતે પ્રસારવામાં આવી. વડોદરા કોલેજ ઉપરાંત રાજ્યમાં ઘણી બધી શાળાઓ તેમજ એંગ્લો-નોકયુલર શાળાઓ ચાલતી હતી. ઉપરાંત સારાં સારાં સાધનોથી સુસજજ એવી ટેકનીકલ શાળા હતી. રાજ્યમાં વિવિધ ઔદ્યોગિક શાળાઓ પણ હતી.

* બીજાં નોંધપાત્ર પગલાંઓમાં ઈ.સ. ૧૮૮૭ની સાલમાં વડોદરા રાજ્યમાં બધા જ પ્રકારની ટ્રાન્ઝીસ ડ્યુટી દૂર કરી તેમજ ઈ.સ. ૧૯૦૯ની સાલમાં બધા જ પ્રકારની કસ્ટમ ડ્યુટી બંધ કરવામાં આવી. આ કસ્ટમ્સ ડ્યુટીમાં મહારાજાની હકૂમતમાંના કાઠિયાવાડમાં દરિયાઈ કસ્ટમ તેમજ બ્રિટીશ સરકાર સાથેની લેવડદેવડ સામેની ડ્યુટી આપવાદરૂપ હતી. રાજ્યમાં પોતાના ક્ષેત્રમાં લેવામાં આવતી ઓકટ્રોય ડ્યુટી પણ સ્થાનિક મ્યુનિસિપાલિટી જેવી સંસ્થામાં ફેરબદલી કરી આપી. ઈ.સ. ૧૯૦૧માં મહારાજાએ બ્રિટીશ ચલણ ચાલુ રાખવા માટે કહ્યું (ત્યાર પહેલા બાબાશાહી ચલણ ચાલતું હતું.) પચાસ વર્ષના સમય માટે રાજ્યના ચલણી નાણા તરીકે બ્રિટીશરો વખતના ભારતના ચાંદીના સિક્કાનો ચલણ તરીકે ઉપયોગ કરવાનું નક્કી કર્યું. મહારાજાએ તેમની હદમાં આવતી રેલ્વેના વિકાસ માટે ખાસ ધ્યાન આપ્યું. વડોદરા રાજ્ય પાસે તે સમયે છસ્સો માઈલ જેટલી લાંબી રેલ્વે લાઈન હતી. મહારાજાની સરકાર પાસેથી વાણિજ્ય સંસ્થાઓ દરેક પ્રકારનાં પ્રોત્સાહનો મેળવતી હતી. રાજ્યમાં ઘણીબધી "જોઈન્ટ સ્ટોક" કંપનીઓ હતી. ઈ.સ. ૧૯૦૮માં રૂ. ૨૦ લાખના ભંડોળ સાથે બેંક ઓફ બરોડાની સ્થાપના કરવામાં આવી. વડોદરામાં ખાનગી માલિકીના ધોરણે એક ડિસ્ટીલરીની પણ સ્થાપના કરવામાં આવી. કેન્દ્રીય ડિસ્ટીલરી યોજના હેઠળ આખા રાજ્યમાં દારૂ મોકલવા માટેની વ્યવસ્થા કરી. ખેતીવાડી પર નભતી વસતિના લાભાર્થે અમુક નક્કી કરેલા કેન્દ્ર પર કિંમતી તપાસ કરવા માટે પ્રાયોગિક ખેતરો ઉભાં કરવામાં આવ્યાં. ખેતીવાડી બેંકો તેમજ સહકારી ક્રેડિટ સોસાયટીઓ કે જે પાંચસો કરતાં પણ વધુ હતી, વિગેરેની સ્થાપના માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું. વડોદરામાં એક મધ્યવર્તી વાંચનાલય ઉભું કરવામાં આવ્યું. પૂરા રાજ્યમાં છસ્સો કરતાં પણ વધુ ટાઉન તેમજ ગામનાં વાંચનાલયો હતાં. જીલ્લામાં ફરતાં વાંચનાલય મોકલવાની યોજના પણ અમલમાં મૂકી.

* મહારાજાએ જાતે પણ યુરોપના દેશોની ચૌદ કરતાં પણ વધુ વખત મુલાકાત લીધી હતી. તેમણે ઈ.સ. ૧૯૦૬માં અને ઈ.સ. ૧૯૧૦માં અમેરિકા તથા જાપાનની મુલાકાત લીધી હતી. રાજ્યના ઘણા અધિકારીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ પણ મોકલ્યા હતા. ઉપરાંત યુરોપ તેમજ અમેરિકાની ઉચ્ચ અભ્યાસ માટેની રાજ્યની શિષ્યવૃત્તિઓ તેમજ ગ્રાન્ટની વ્યવસ્થા સાથે મહારાજાએ ખાસ નક્કી કરેલ ઓફિસર તેમજ વિદ્યાર્થી માટે શૈક્ષણિક પ્રવાસની યોજના અમલમાં મૂકી હતી.

વિલીનીકરણ પછીનું વડોદરા:

શિક્ષણ: વિલીનીકરણ પહેલાં શિક્ષણ માટે ખાસ મહત્વ આપવામાં આવતું હતું. મુંબઈ પ્રાંત તેમજ ભારતના બીજા પ્રાંતોની સરખામણીમાં વડોદરા રાજ્યમાં શિક્ષિત વર્ગની ટકાવારી વધુ હતી તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવતો કે શિક્ષણ જ ફકત એવું સાધન છે જે દેશના વર્ષો જૂના, સદીઓ જૂના પ્રશ્નો હલ કરી શકે એમ છે. આજે પણ આ બાબત પર તેજ પ્રમાણે ખાસ ભાર મૂકવામાં આવે છે. ભૂતકાળમાં બાળકને એક જવાબદાર નાગરિક બનાવવા તેમજ સમાજનો એક સન્માનીય સભ્ય બનાવવા માટે શિક્ષણ આપવામાં આવતું હતું. આજે ઉચ્ચ ભણતર છે. પરંતુ શિક્ષણ નથી.

પશ્ચિમ ભારતમાં વડોદરા એક મોટામાં મોટું શૈક્ષણિક કેન્દ્ર છે. અત્યારે તે હેતુઓમાથી દૂર જઈ રહ્યું છે. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી કે જે વિશ્વમાં જાણીતી, એશિયામાં આર્થિક રીતે પગભર એવી આ યુનિવર્સિટીએ તેની ભવ્યતા ગુમાવી દીધી છે. એમ.એસ.

યુનિવર્સિટીના વિદ્યાર્થી પહેલા ક્રમના ગમે તે દેશમાં સ્વીકારવામાં આવતો. આજે કેટલીક ભારતીય કંપનીઓ પણ એમ.એસ. યુનિવર્સિટીના ઉમેદવારને નોકરી માટે અરજી કરવાની પણ મનાઈ કરે છે. શાળાઓ અને કોલેજો અસંખ્ય રીતે વધી છે. ડિગ્રીઓ ઘણી બધી છે. પરંતુ શૈક્ષણિક લાયકાતો જ નથી. આજે ઉચ્ચ શિક્ષણ ઘણું બધુ વધ્યું છે. ઘણા બધા સ્નાતકો છે. પરંતુ ખરા અર્થમાં જોઈએ તો તે શિક્ષણ જ નથી. અત્યારે શિક્ષણ જ એક વાણિજ્યની દ્રષ્ટિએ વેપાર બની ગયું છે.

(૨) રમત ગમત: રમત ગમત માટે તે સમયમાં ઘણું બધું પ્રોત્સાહન આપવામાં આવતું. આ પ્રોત્સાહનના કારણે ઘણા ખેલાડીઓ જાણીતા બન્યા હતા. આજે દરેક વિસ્તારમાં રમતગમત માટેનું મેદાન જીમ્નેશિયમ અખાડાઓ વિગેરે જેવી સરકારની પ્રોત્સાહક પ્રવૃત્તિઓ હોવા છતાં વડોદરાનો યુવાન વર્ગ રમતગમતના મેદાનથી વંચિત જ રહ્યો છે. આ યુવાનવર્ગ રમતગમતને બદલે બીજા હેતુઓ માટે ગેરમાર્ગે દોરવાઈ ગયો છે. જીમ્નેશિયમ અખાડા અને તાલીમ ક્યાંય અદ્રશ્ય થઈ ગયાં છે. ભારતમાં વડોદરામાં જે પબ્લીક ટેનીસકોર્ટ હતા તેનો ઉપયોગ જ થતો નથી. ફક્ત પથરાના ખુલ્લા મેદાન જ રહ્યાં છે. રમતગમતની અપૂર્વ સુવિધાને કારણે જ રમતગમતમાં ઘણું બધું નુકશાન થાય છે. અમુક મર્યાદિત હદ સુધી જ જાહેર જનતાને તરણ કુંડોની સગવડતા મળી છે. શાળાઓ હવે કોલોનીઓ તેમજ સોસાયટીઓમાં ઠેકાણા વગરની જગ્યાએ ઉભી થઈ ગઈ છે, જ્યાં રમતગમતને સહેજ પણ અવકાશ હોતો નથી. મોટાભાગની શાળાઓને રમતગમત માટેનું મેદાન તથા સભા માટે પણ પૂરતી જગ્યા હોતી નથી. ભૂતકાળમાં રાજ્ય પાસે અગડની સાઠમારી તેમજ ચિત્તાઓના શિકાર જેવી રમતગમતો હતી. સમય જતાં જે બંધ કરવામાં આવી. પરંતુ આપણી પાસે તેની અવેજીમાં કોઈ સારૂ કહી શકાય તેવું સ્ટેડિયમ પણ નથી.

કોમી સુલેહ સંપ: ભૂતકાળમાં ધાર્મિક તહેવારો પ્રેમ અને સુખ-ચેન સાથે સાચા અર્થમાં ઉજવવામાં આવતા હતા. બધી જ કોમો તેમાં ભાગ લેતી તથા આનંદ માણતાં લોકો તહેવારોની રાહ જોતા. અત્યારે તો લોકોના મનમાં એક પ્રકારનો ડર પેસી ગયો છે કે તહેવારો શાંતિથી જશે કે કેમ ? આજનું આ ચિત્ર છે. અત્યારના સમયમાં આપણે સાચા અર્થમાં સુલેહ સંપ ગુમાવ્યા હોય તેમ લાગે છે. ભૂતકાળમાં મુસ્લિમ તહેવારો જેવા કે ઈદ તેમજ ઈદની સવારી (તાજીયા) એ રાજ્યમાં ગાયકવાડ તથા તેમના ઉમદા માણસો સાથેનો ભવ્ય પ્રસંગ રહેતો. નમાજ માટે ઈદગાહ આગળ ઘણા બધા માણસો ભેગા થતા. રાજ્યમાં તાબૂતની સવારી પણ આનંદથી ઉજવવામાં આવતી. ઉત્સાહ સાથે બધી જ કોમો તેમાં ભાગ લેતી.

દશેરા અને ગણપતિની સવારી જેવા ભવ્ય પ્રસંગોએ આખા રાજ્યમાંથી લોકો આવતા. ભારતના બીજા ભાગોમાંથી પણ આ ભવ્ય ઉત્સવમાં ઘણા બધા લોકો ભાગ લેવા આવતા. વિદેશી પત્રકારોએ વડોદરાને ઘણી જ સારી ખ્યાતી આપી હતી. વડોદરાને બીજા મૈસુર રાજ્ય તરીકે ઓળખવામાં આવતું. આપણી ધનવાન સંસ્કૃતિ અને વારસાના પ્રતિબિંબની અસરોના કારણે આપણે ઘણું બધું ગુમાવ્યું છે.

આજે તહેવારો સુલેહ-સંપથી ઉજવવામાં આવતા નથી. ઈદ અને તાજિયા માટે એટલો બધો રસ રહ્યો નથી તથા ઉત્સાહપ્રેરક વાતાવરણ પણ હવે રહ્યું નથી. કોઈપણ જાતના રક્ષણ વગર શહેરની દરેક ગલી તેમજ ખૂણામાં ગણપતિ તેમજ તાજીયા હવે સ્થાપિત કરવામાં આવે છે. હવે કોઈ માન્યતા માટે માન કે લાગણી રહ્યા નથી. લોકો દ્વારા આદર તથા માનપૂર્વક કરવામાં આવતી નવરાત્રીમાં જોવા મળતા દયારામની ગરબીઓ હવે ક્યાંય અદ્રશ્ય થઈને ડિસ્કોની રમઝટ સાથે નારીઓ (યુવતી અને યુવાનો) ગરબે ઠેકડા મારે છે. દારૂ માટેની મુકત ઝોનના કારણે રાજમાં દારૂડીયાઓ ન હતા. એટલા માટે આવા તહેવારોના પ્રસંગે એકબીજાને ઈજા પહોંચાડવાની લાગણી કે ભય રહેતા નહિ. તહેવારો આજે વધુ પડતા અવાજ ત્રાસરૂપ બની ગયા છે. કલાભવનના મેદાન ઉપર દિવાળીના દિવસોમાં થતી ફટાકડાઓની આતશબાજી અત્યારે ક્યાંય નજરે ચડતી નથી.

(૪) નંદનવન: આજે દરેક જગ્યાની શાંતિ અને સ્થિરતા હણાઈ ગઈ છે. તેના ઘણા બધા કારણો છે. બગીચા અને રમતગમતના મેદાનોનું શહેર હવે જરૂરિયાતો વધવાની સાથે એટલું વિકાસશીલ રહ્યું નથી. ફક્ત વૃંદાવન બાગ માટે આપણે ગૌરવ લઈ શકીએ તેમ છીએ. વહેલી સવારે વાગતા "પબ્લીક બેન્ડ"ના સૂર હવે સંભળાતા નથી. એસ.આર.પી. પોલીસ મેદાન હવે દેખાતું નથી. સલામતી માટે શહેરમાં ચક્કર લગાવતી ઘોડેસ્વાર પોલિસ હવે દેખાતી નથી. આ બધું જોતાં એમ લાગે છે કે લોકોમાં હવે શિસ્તની ભાવના જ રહી નથી. વૃદ્ધ માણસો માટે ચાલવાના પહોળા ફૂટપાથ હવે બેદરકારીના કારણે સાંકડા થઈ ગયા છે. સુરસાગરની આજુબાજુ અથવા રાજમહેલ રોડ ઉપર કોઈ હવે ચાલવાનો આનંદ લઈ શકતા નથી. આહ્લાદક ઠંડક અને છટાદાર વૃક્ષોથી છવાયેલા રસ્તાઓ પરની પહોળી બાજુઓ તેમજ તેના પરના બાંકડાઓ પણ હવે અદ્રશ્ય થતા જાય છે. છતાં વધુ વૃક્ષો ઉગાડવાની ઝુબેશ એક આશારૂપ છે. ખુલ્લા બગીચાઓમાં જાહેર સંગીતના પ્રોગ્રામો-કાર્યક્રમો વિગેરે હવે ભૂતકાળ બની ગયા છે. અલગ અલગ જગ્યાએ આવેલા ક્લોક ટાવરના અવાજો દિવસના ધોંધાટોમાં નામશેષ થઈ ગયા છે. આ ટાવરો હવે પ્રાચીન અવશેષો જેવા લાગે છે.

(૫) વડોદરાના નાગરિકોની વૈભવી સગવડો: આપણે જોયું તે પ્રમાણે સારામાં સારી સવલતો વડોદરાના નાગરિકોને વારસમાં મળી હતી. કે જેની અત્યારે અવગણના કરવામાં આવે છે. તે વખતે એમ સમજવામાં આવતું હતું કે ઘણા દસકાઓ પછી જરૂરિયાતો ઘણી જ જરૂરી હતી અને ભવિષ્યમાં એ સગવડોની જરૂર પડશે. એમ લાગતું હતું, રાજ્યમાં તે સમયે વડોદરા રેડિયો સ્ટેશન ઘણું શક્તિશાળી હતું. વડોદરાનું વીજળીઘર પણ પાછળથી ઘણા વર્ષો પછીના ગાળામાં બોજારૂપ લાગતું. ઢોરઢાંખર ચરવાના મેદાનમાં ઉભું કરવામાં આવેલું હવાઈમથક પણ હવે ગુમાવાઈ ગયું છે. પાછળથી આ બાબત આપણને સમજાઈ અને તેનો હવે ધીમે ધીમે વિકાસ કર્યો છે. એવી જ હાલત પ્રાણી સંગ્રહાલય અને મ્યુઝિયમની છે. ઉત્તમ વસ્તુઓ બીજા સ્થળોએ સ્થળાંતર કરી ગઈ છે. હવે આપણને લાગવા માંડયું છે કે આપણે બધું જાળવવું જોઈએ. રાજ્યના ભૂસ્તર શાસ્ત્રીઓએ શોધેલ ગેસ-પેટ્રોલની બાબત બ્રિટીશરો શોષણ ન કરે તે માટે ખાનગી રાખવામાં આવી હતી. આજે પણ આપણી પાસેની વસ્તુઓને આપણે સમજી શકતા નથી. હવે રણ પ્રદેશમાં પણ નવા અભ્યારણો ઉભા કરવામાં આવ્યા છે અને નવા અભ્યારણ્યો વિકસાવવા માટે વિચારણા ચાલે છે. ત્યારે આપણને સુંદરપરા ખાતે આવેલા હરણો માટેના પાર્કને બચાવવા માટે ક્યારેય સમજાયું નથી.

(૬) વડોદરાના નાગરિકો: વડોદરા રાજ્યના નાગરિકો ક્યારેય બ્રિટીશ હકૂમત નીચેના નાગરિક ન હતો. નાગરિકોએ ઉત્તમ પ્રકારની મુક્તિ તેમજ રહેણી-કરણી માણી હતી. એક આધુનિક વહીવટ અસ્તિત્વ ધરાવતો હતો. રાજ્યમાં જનતાના દરેક વર્ગનો ફાળો રહેતો. આ બધી જ વસ્તુઓ સમાજના આમ વર્ગમાં પ્રતિબંધીત થતી હતી. વડોદરા રાજ્યના નાગરિકનું વ્યકિતત્વ તેમજ વર્તણુંક અલગ તરી આવતી. તે હમેશા બીજા લોકોની સરખામણીમાં એક શિક્ષિત સંસ્કારી, આગળ પડતા સમાજના સભ્ય જેવો લાગતો. ગુજરાતના લોકો કાયદાપાલકો તેમજ કાયદાને માન આપવાની વૃત્તિવાળા છે. જ્યારે દરેકે દરેક માણસ શિક્ષિત હોય, સંસ્કારી હોય ત્યારે સમાજના દરેક કાયદા અમલમાં મૂકાતા હોય. વડોદરા રાજ્ય ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં ચારે બાજુ પથરાયેલું હતું. આજુબાજુના વિસ્તારોમાં પણ તેની અસર થતી. વડોદરાના નાગરિકે ૭૦ વર્ષ જેવા લાંબાગાળા માટે એક સ્થિર ફાયદાકારક અમલને માણ્યો છે. તેમણે સ્ત્રીઓને માન આપ્યું છે. ટોળાઓ તેમજ લાઈનોમાં તેમની શિસ્તબધ્ધ વર્તણુંક ખરેખર અદ્‌ભૂત હતી. બસોમાં સ્ત્રીઓ તથા વૃદ્ધો માટે તેઓ જગ્યા આપતા. શિસ્તબધ્ધ સમાજના કારણે વડોદરા મહાન બની શક્યું. "અનુશાસન સે દેશ મહાન" એ સૂત્ર કે જે આજની જરૂરિયાત છે તે જૂના વડોદરા રાજ્યમાં સાકાર થતું હતું.

હવે આપણે ફેરફાર જોઈએ છીએ આપણે વધુ શિસ્તબધ્ધ થવા જોઈતા હતા પરંતુ તેમ થયું નથી. આવો ફેરફાર શા માટે ? આ કાંઈ સ્વતંત્રતા ન કહેવાય. દેશના બીજા ભાગોમાં આવેલી સ્વતંત્રતા પણ આપણા માટે નવી છે. પરંતુ આપણે બધી વસ્તુઓને ભૂલતા ગયા છીએ જેના માટે આપણે આ પહેલા ઘણાં બધા સ્વતંત્ર હતા. પોતાની શક્તિઓના ફળ મેળવતા હતા. આપણે બીજા બધા કરતાં ઘણા આગળ હતા.

"ગુજરાતના લોકો હમેશને માટે ઢીલા-પોચા તેમજ શાંતિચાહક લોકો તરીકે ઓળખાયા છે. તેઓ અનઆક્રમક અશકત તેમજ સાલસ પ્રજા છે." એમ મનાય છે. પરંતું ગુજરાતીઓ ઢીલા-પોચા કે અશકત નથી પરંતુ કાયદાનું પાલન કરનારા સંસ્કારી તેમજ શિક્ષિત સમાજમાંથી આવેલા છે. એવા સમાજમાંથી તેઓ આવ્યા છે કે જે સમાજ તેઓ ઈચ્છતા હોય છે. ભૂતકાળમાં આપણે ક્યારેય હડતાલ યા તાળાબંધી વિષે સાંભળવું ન હતું. અત્યારે તો આવી બાબત વારંવાર ઠેકઠેકાણે જોવા મળે છે. ભૂતકાળમાં વિલીનીકરણ પહેલા કોઈને પણ ક્યારેય હડતાલ પર જવાની જરૂર લાગતી ન હતી. હડતાલ પર જવું પડે તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય તે પહેલાં જ જેને બાબતનો ફેકેલ આવી જતો કોઈપણ જરૂરિયાત વ્યવસ્થિત રીતે તે માંગવામાં આવે તે પહેલા પૂરી પાડવામાં આવતી. આ બાબત વહીવટ વષે તેમજ તેના અમલીકરણ વિષે ઘણું બધું કહી જાય છે. વહીવટદારોમાં જાણીતા પ્રધાનો અને ઓફિસરો તરીકે ગુજરાતના લોકો જ હતા.

એક પણ બ્રિટીશર ન હતો. પરંતુ દરેક નાગરિકનો સહકાર હતો. વડોદરા રાજ્ય પ્રગતિશીલ તેમજ ભવ્ય લોકોનાં કારણે હતું અને સદભાગ્યે પિતાની જેમ માર્ગદર્શન આપનાર આપણા મહારાજા સયાજીરાવ ત્રીજા હતા.

આજે સમાજ બદલાઈ ગયો છે. શા માટે ? વધતી જતી વસતિની ચહલ પહલે આપણી ઉપર અસર કરી છે કે પછી કાયદાને અનુસરવાનું તેમજ શિસ્તબધ્ધતા જેવા સદગુણોનું અવમૂલ્યન થયું છે ? અલગ અલગ રીતે જોવાની વૃત્તિ ફક્ત પોતાના માટે જ છે. જીવવાનું પણ પોતાને માટે જ છે. સમાજના ઉત્કર્ષ માટે નથી. ઘણાં અંશે આપણે સ્વાર્થી બની ગયા છીએ.

આજ: વિજ્ઞાનની રોજિંદા ઉપયોગની શોધખોળના કારણે જબરજસ્ત રીતે પ્રગતિ તેમજ વિકાસ થયો છે.

આપણા સયાજીરાવનું ખેતીવાડીનું સ્વપ્નું તેમજ સાથે સાથે લોકો તથા રાષ્ટ્રની સુધારણા તેમજ પ્રગતિ કરવા ઔદ્યોગિકરણ વિગેરે સાચા પડયા છે. વડોદરા આજે ભારતના ઔદ્યોગિક નકશા પર એક વૈભવશાળી સ્થાન ધરાવે છે. સયાજીરાવે એક વખત એવું ભવિષ્ય ભાખ્યું હતું કે "એક દિવસ તેમનો આ રાજમહેલ તથા આજુબાજુનો વિસ્તાર વડોદરા શહેરની વચમાં હશે. વડોદરા એટલું વિકસી ગયું હશે આજે આ બાબત સાચી છે.

શૈક્ષણિક સંસ્થાઓ ઘણી બધી રીતે આગળ વધી છે. સારા સારા બહુમાળી મકાનો અહીં છે. નિમ્ન કક્ષાની હોટલથી ફાઈવસ્ટાર હોટલ ગુજરાતમાં વડોદરામાં જ છે. જેને પાઈપ લાઈન દ્વારા ગેસ મળતો હોય તેવા આપણે સૌથી પ્રથમ છીએ. વડોદરા આજે કિશોર અવસ્થાના એક છોકરા જેવું છે. જેને પોતાને ઘણી બધી મુશ્કેલીઓ હોય. આપણું શહેર હજી સુધી એટલું બધું મોટું પચરંગી બન્યું નથી કે ઘણું નાનું પણ રહ્યું નથી. જે કાંઈ પ્રશ્નો ઉદભવ્યા છે તે દ્રષ્ટિની અભાવના કારણે તથા સારા આયોજનના અભાવને કારણે છે. વિલીનીકરણ પછી બે દસકા સુધી બધું જ બરાબર ચાલતું હતું. પરંતુ ગુજરાત રાજ્યની સ્થાપના પછી ઝડપથી ચારે દિશાઓમાં વિકસીત થયું. ગુજરાતમાં વડોદરા એક સારામાં સારા સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું. જૂના પાણીનો પુરવઠો કે જે મર્યાદિત વસતિ માટે હતો. તે હવે અપૂરતો હતો, અત્યારે આપણી પાસે મહિસાગરના પાણીનો પુરવઠો છે.

વીજળીની ખેંચ પણ છે. અને બીજા ઘણા પ્રશ્નો છે. ટૂંકી દ્રષ્ટિના આયોજનને કારણે પ્રશ્નો વધતા જાય છે. અત્યારે આપણી પાસે ફક્ત એક જ શાકભાજી માટેનું બજાર છે. બાકીના બધા શેરીઓ અને પોળોમાં છે. મચ્છી બજાર માટે પણ આવું જ છે. જૂના બજારમાં કઈ જ ઉમેરાયું નથી. જેના કારણે ટ્રાફિક તથા પગે ચાલતા માણસોને માટે એક ત્રાસજનક વાતાવરણ ઉભું થયું છે.

ઈ.સ. ૧૯૪૦ના સમય સુધી શહેરો કરતાં ગામડાંઓમાં ગીચ વસ્તીથી ઉભરાતી ઝૂપડપટ્ટીઓ હતી અને ગામડાઓમાં ગામ-ઠાણની જમીનોમાં ઉમેરવામાં આવતી. હવે પરિસ્થિતિ ઉંધી થઈ ગઈ છે. ઢોર પણ માણસો સાથે રહેવા લાગ્યા છે. તંદુરસ્તી માટે ભયજનક પરિસ્થિતિ હવે સામાન્ય થઈ ગઈ છે. કોલેરા-મેલેરીયા જેવા રોગો જે તદ્દન ભૂલાઈ ગયા હતા તે ફરીથી પાછા આવ્યા છે. સારી તબીબી સારવારની સગવડ તેમજ મદદ હોવા છતાં આમ કેમ બને છે ? તેનું કારણ એજ છે કે આપણે આપણા હક્ક તથા આપણી સ્વતંત્રતાની કાયમ માટે માગણી કરતા થઈ ગયા છીએ. એક નાગરિક તરીકેની આપણે આપણી ફરજો ભૂલી ગયા છીએ. તમારા હક્ક માટે તમારા શહેર માટે, દેશ માટે તેમજ દેશના સંચાલન તરફ પણ તમારી ફરજ છે.

સત્તાવાળાઓ પાસેથી આપણે જે કાંઈ સગવડો મેળવીએ છીએ તેનો યોગ્ય રીતે ઉપયોગ થવો જોઈએ. ઉપરાંત તેનો હેતુ સચવાવો જોઈએ. દરેક નાગરિકની ફરજ છે કે પોતે જાગૃત તેમજ કાર્યક્ષમ રહે. સત્તાવાળાઓની ક્યારેય અવગણના ન કરે. આપણામાંથી અત્યારે તો ફરજ સભાનતા તેમજ પ્રમાણિકતા સંપૂર્ણપણે લૂપ્ત થઈ ગયેલ છે એટલે જે કાંઈ બનાવ બને તેના આપણે સીધે સીધા જવાબદાર છીએ. શ્રી રણદીવે જણાવે છે કે, "જે પ્રધાન રાજ્ય પર મંત્રી તરીકે લાદવામાં આવ્યા હતા તે વડોદરાને દફનાવવા માટે આવ્યા હતા નહિ કે તેને વખાણવા માટે."

નાગરિક તરીકે આપણે યાદ રાખીએ કે જે વ્યકિત આજની પ્રજાને ૬૦ વર્ષ સુધી લોકજીવનના ઉત્કર્ષ માટે યોગ્ય માર્ગદર્શન અને જીંદગી ન્યોછાવર કરી વડોદરાના સ્થાપત્યનું દર્શન કરાવ્યું, એટલું જ નહિ પરંતુ સારી સારી વસ્તુઓનું સંશોધન કરી પ્રજાની રૂચીનો સાક્ષાત્કાર કરાવ્યો અને સંસ્કારી નગરીની સંસ્કારી પ્રજાની ઝાંખી કરાવી. તેમને અવિસ્મરણીય રીતે યાદ કરીએ.

(મૂળ અંગ્રેજી ઉપરથી અનુવાદ: સી. ડી. ત્રિવેદી)

સંસ્કૃત સાહિત્ય અને વડોદરા

પ્રા. અરુણોદય જાની

વડોદરાના ગાયકવાડ રાજવીના સંસ્કૃતિપ્રેમની ગંગોત્રીનો આરંભ આજથી લગભગ બસો વર્ષ પૂર્વથી કહી શકાય તેમ છે. વડોદરાના રાજવી શ્રી આનન્દરાવ ગાયકવાડ (૧૮૦૦-૧૮૧૯) સંસ્કૃતિપ્રેમી હતા.

ખાસ કરીને જ્યોતિષશાસ્ત્ર માં એમને સવિશેષ રસ હતો. ઈ. સ. ૧૮૦૯માં તેમણે ઈસ્ટ ઈંડિયા કંપનીને ૫૦૭ સંસ્કૃત પોથીઓ ભેટ આપેલી જે આજે ય લંડનની ઈન્ડિયા ઑફિસ લાયબ્રેરીમાં સુરક્ષિત છે. આ ૫૦૭ પોથીઓ પૈકીના ૯૫ ગ્રંથો જ્યોતિષ શાસ્ત્રને લગતા છે. તેમાંના મોટા ભાગના ગ્રંથો જૂનાગઢ અને રાજકોટમાં વસતા ગિરિનારાયણ જ્ઞાતિના બ્રાહ્મણોના કુટુંબમાં લખાયેલા છે. ઈ.સ. ૧૩૯૮ થી ૧૭૯૫ સુધીના ચારસો વર્ષના ગાળામાં લખાયેલા આ ગ્રંથો ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને વિકાસનું દર્શન કરાવે છે. તદુપરાંત ગુજરાતમાં જ્યોતિષશાસ્ત્રના વિકાસના ઈતિહાસનું પુનર્ઘટન કરવા આ ગ્રંથો ઉત્તમ સામગ્રી પૂરી પાડે છે.

શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)નો વિદ્યાપ્રેમ ખૂબ જાણીતો છે. ઈ. સ. ૧૮૯૩માં તે સમયના દીવાન શ્રી મણિભાઈ જશભાઈ એ અગત્યના સંસ્કૃત ગ્રંથોના ગુજરાતી અનુવાદ માટે સાક્ષર શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીની ભાષાન્તર કર્તા તરીકે ભાષાંતર શાખામાં નિમણુંક કરી હતી. વળી શ્રી સયાજીરાવ મહારાજે વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરી (સ્થાપના ૧૯૧૦)માં સંસ્કૃત વિભાગ શરૂ કરાવ્યો હતો. વડોદરાના વિદ્યુલમંદિરમાં સંગ્રહાયેલી પોથીઓ શ્રી સયાજીરાવના ભાઈ શ્રી સંપતરાવ ગાયકવાડે ભેટ કરેલા ૬૩૦ મુદ્રિત પુસ્તકો અને વડોદરાના યજ્ઞેશ્વર શાસ્ત્રીએ અર્પેલી ૪૪૬ પોથીઓ અને ૬૦ મુદ્રિત ગ્રંથોથી આ વિભાગ સમૃદ્ધ બન્યો હતો. આ ઉપરાંત મહારાણી શ્રી ચીમનબાઈએ દેવ ઘરમાં સાચવેલા પાંચ સચિત્ર વીંટાઓ

આ સંગ્રહમાં અર્પિત કર્યા હતા. તેમાં મહાભારત, ગીતા અને હરિવંશનો એ ટેક વીંટો અને ભાગવતના બે વીંટા છે. તેમાંય ભાગવતનો એક વીંટો સુવર્ણાક્ષરે લખાયેલો છે આ પાંચેય વીંટા ભારતની લેખનકળા અને ચિત્રકળાના ઉત્તમ નમૂનાઓ છે.

વળી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે નષ્ટ થતી તથા અલભ્ય પોથીઓની શોધ માટે શ્રી અનન્ત કૃષ્ણ શાસ્ત્રી નામના વિદ્વાનની નિમણુંક કરી હતી. તેમણે આખા ભારતમાં ફરી લગભગ ૧૦૦૦૦ પોથીઓ એકત્ર કરી હતી.

ઉપરાંત પાટણ અને જેસલમેરના ભંડારોમાં સચવાયેલી પોથીઓના નિરીક્ષણ હેતુ માટે મહારાની સાહેબે નિષ્ણાત વિદ્વાન શ્રી ચીમનલાલ ડી. દલાલે સુપ્રત કરેલા રિપોર્ટથી પ્રભાવિત થયેલા સયાજીરાવ મહારાજે આ અમૂલ્ય ગ્રંથોના પ્રકાશન માટે ઈ. સ. ૧૯૧૫માં વિશ્વવિખ્યાત ગાયકવાડઝ ઓરિએન્ટલ સિરિઝની સ્થાપના કરવાની આજ્ઞા આપી હતી. તદનુસાર ઈ. સ. ૧૯૧૬માં આ માળામાં સર્વપ્રથમ કાવ્યમીમાંસા પ્રગટ થઈ હતી.

સેન્ટ્રલ લાયબ્રેરીના સંસ્કૃત વિભાગમાં સંસ્કૃત પોથીઓ અને ગ્રંથોની સમૃદ્ધિ ઘણી વધી જતાં ૧૯૨૩માં સંસ્કૃત વિભાગનો સેન્ટ્રલ લાઈબ્રેરીથી જુદો પાડી શ્રી ચીમનલાલ દલાલને તેના ક્યુરેટર નીમ્યા હતા. આ અમૂલ્ય સંગ્રહની સુરક્ષાની દ્રષ્ટિએ ઈ. સ. ૧૯૨૭માં આ સંસ્કૃત વિભાગને કોઠી કચેરીમાં ખસેડી તેને ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટ (પ્રાચ્યવિદ્યામંદિર) એવું નામ આપ્યું હતું. ૧૯૩૧માં ભાષાંતર શાખા એની સાથે જોડાવવામાં આવી અને ૧૯૩૩થી ત્યાંના પંડિતોને અનુસ્નાતક અધ્યાપન માટે અનુમતિ આપવામાં આવી હતી. ૧૯૪૯માં મ. સ. યુનિવર્સિટીની સ્થાપના થતાં આ સંસ્થા યુનિ.નું અંગ બની છે. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ (બીજા) પણ સંસ્કૃતના અનુરાગી અને પ્રોત્સાહક હતા. પૂનાના પેશ્વાઓની માફક તેમણે પણ સંસ્કૃત પાંડિત્યને પ્રોત્સાહન આપી જીવંત રાખવા માટે શ્રાવણ માસ દક્ષિણા પરીક્ષા સમિતિની સ્થાપના કરી હતી. આ સમિતિમાં વડોદરાના પ્રખર પંડિતો અને શાસ્ત્રીઓ સભ્ય હતા. આ સમિતિ દર વર્ષે વેદ અને શાસ્ત્રોના વિષયમાં પરીક્ષાઓ યોજતી. તેમાં ઉત્તીર્ણ થનાર વિદ્વાનને પરીક્ષાની શ્રેણી અનુસાર શ્રાવણ સુદ એકાદશીને દિવસે મહારાજા જાતે દક્ષિણા આપી તેનું સન્માન કરતા હતા. આ પરીક્ષાની સમગ્ર ભારત વર્ષમાં સારી પ્રતિષ્ઠા હોવાથી આ પરીક્ષા આપવા દક્ષિણ ભારતના મહારાષ્ટ્ર મદ્રાસ વિગેરે પ્રાન્તોમાંથી તેમજ પૂર્વભારતના મિથિલા બંગાળ વિ પ્રાન્તોમાંથી પંડિતો મોટી સંખ્યામાં આવતા હતા. આ પંડિતોની સાથે વડોદરાના પંડિતોનો શાસ્ત્રાર્થ થતો હતો. વડોદરાના પંડિતોના પાંડિત્યથી પ્રભાવિત થયેલા આગન્તુક પંડિતો પોતાના પ્રાન્તમાં જઈ તેમના પાંડિત્યની પ્રશંસા કરતાં હતા. તેથી વડોદરા "છોટી કાશી"નું બિરુદ પામ્યું હતું.

વડોદરામાં વેદ અને શાસ્ત્રોના અધ્યાપન માટે શ્રીમંત સયાજીરાવ મહારાજ (ત્રીજા) એ ઈ. સ. ૧૯૨૫માં રાજકીય સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરેલી. એ પાઠશાળાના પંડિતો ઉપરાંત કેટલાક સ્થાનિક પંડિતો પોતાના ઘરમાં વેદ અને શાસ્ત્રીની પાઠશાળા ચલાવતા હતા.

ઈ. સ. ૧૮૮૧માં સ્થપાયેલી વડોદરા કોલેજના સંસ્કૃત વિભાગમાં પણ પ્રો. બી. આર. આને, ડૉ. બી. સી. લેબે, પ્રો. ગોવિંદલાલ હ. ભટ્ટ, ડૉ. શ્રીકૃષ્ણ સખારામ ભાવે તથા ડૉ. અરુણોદય ન જાની જેવા વિદ્વાનો કાર્યરત હતા.

સેન્ટ્રલ લાયબ્રેરી તથા પ્રાચ્યવિદ્યામંદિર (ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટ)માં પણ શ્રી અનંત કૃષ્ણ શાસ્ત્રી, શ્રી ચીમનલાલ દલાલ, ડૉ. બિનયતોષ ભટ્ટાચાર્ય, જૈન પંડિત શ્રી લાલચન્દ્ર ભગવાનદાસ ગાંધી, શ્રૌત પંડિત શ્રી રામ સ્વામી શાસ્ત્રી, શ્રી જગન્નાથ પદે શાસ્ત્રી, શ્રી ગોદેકર શાસ્ત્રી, શ્રી શાનભાગ શાસ્ત્રી જેવા પંડિતો હતા. ડૉ. ભટ્ટાચાર્ય પછી, પ્રો ગોવિંદલાલ હ. ભટ્ટ, પ્રો. ભોગીલાલ જે. સાંડેસરા તથા પ્રો અરુણોદય જાનીએ ડાયરેકટરનું પદ શોભાવ્યું હતું. પૂનાની ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટે બહાર પાડેલી મહાભારતની સમીક્ષિત આવૃત્તિની માફક રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું કાર્ય મ. સ. યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર શ્રીમતી હંસાબેન મહેતાએ પ્રો ગોવિંદલાલ દ. ભટ્ટને સોંપ્યું હતું. ૧૯૫૧ થી ૧૯૭૫ સુધી ચાલેલા આ પ્રોજેકટમાં પ્રો. ગોવિંદલાલ હ. ભટ્ટ અને તેમના જ શિલ્પ અને અનુગામી ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે બહાર પાડેલી રામાયણની સમીક્ષિત આવૃત્તિ સંસ્કૃતના ક્ષેત્રે ગુજરાતનું મહામૂલું પ્રદાન છે.

રાજકીય સંસ્કૃત પાઠશાળામાં મૂળશંકર મા. યાજ્ઞિક શ્રી કૃષ્ણશાસ્ત્રી (વ્યાકરણ), શ્રીધર પદેશાસ્ત્રી (વ્યાકરણ, સાહિત્ય), વિઠ્ઠલરામ શાસ્ત્રી (વ્યાકરણ), દત્તાત્રેય બેલણકર શાસ્ત્રી (વ્યાકરણ), નર્મદાશંકર શાસ્ત્રી (વ્યાકરણ, સાહિત્ય), સાકરલાલ શાસ્ત્રી (કર્મકાંડ, તન્ત્રશાસ્ત્ર) મોહનલાલ શાસ્ત્રી (સાહિત્ય) આભારામ રાખે શાસ્ત્રી (ઋગ્વેદ), શ્રી નારાયણ શાસ્ત્રી (જ્યોતિષ), શ્રી જેઠાલાલ શાસ્ત્રી (જ્યોતિષ), શ્રી હરિપ્રસાદ વૈદ્ય (આયુર્વેદ), શ્રી યશવંત પંડિત (આયુર્વેદ), શ્રી હરિપ્રસાદ મહેતા (સાહિત્ય), શ્રી જય શંકર શુકલ (આયુર્વેદ કર્મકાંડ), શ્રી કાલિકાપ્રસાદ શુકલ (વ્યાકરણ), શ્રી શોભિનમિશ્ર (ન્યાયશાસ્ત્ર) શ્રી શ્રીરામ ભટ્ટ ભટ્ટ શાસ્ત્રી (ધર્મશાસ્ત્ર), શ્રી ઝા (જ્યોતિષ શાસ્ત્ર) જેવા વિદ્વાનો કાર્યરત હતા

આમાંનાં જે સંસ્કૃત સાહિત્યકારોએ તે તે ક્ષેત્રમાં કંઈકને કંઈક પ્રદાન કર્યું છે. અને જેમને વિષે આધાર ભૂત માહિતી ઉપલબ્ધ થઈ છે તે અત્રે રજૂ કરું છું.

(૧) મહામહોપાધ્યાય રામકૃષ્ણહર્ષજ્જી શાસ્ત્રી :-

સૌરાષ્ટ્રમાંથી આવેલા અને વડોદરામાં વસેલા રામકૃષ્ણએ વડોદરામાં શ્રી કૃષ્ણ શાસ્ત્રી પાસે વ્યાકરણનો અભ્યાસ કરી એટલું પ્રાવીણ્ય મેળવ્યું હતું કે, તેમને લોકો "ગુજરાતના શિવકુમાર શાસ્ત્રી"એ રીતે ઓળખતા. સંસ્કૃતના પ્રકાંડ-પંડિતની કદર કરતી બ્રિટીશ સરકાર દ્વારા અપાતી મહામહોપાધ્યાયની સર્વોચ્ચ ડિગ્રી મેળવનારા ગુજરાતના ગણ્યાગાંઠ્યા પંડિતોમાંના તેઓ એક હતા.

શાસ્ત્ર ક્ષેત્રે એમનું પ્રદાન એ છે કે, આજે આખા ગુજરાતમાં વ્યાકરણના જે જે પંડિતો છે તેમાંના મોટા ભાગના શ્રી રામકૃષ્ણ શાસ્ત્રીના સાક્ષાત કે, પરમ્પરયા શિષ્યો છે.

પરંતુ એમનું બીજું વિશિષ્ટ પ્રદાન તે સંસ્કૃતને લોકભોગ્ય બનાવવાનું છે. તેમણે "ગીર્વાણ સરિત"નામની બે પુસ્તિકાઓ અમદાવાદથી (જ્યાં તે ઓ શ્રી નગર સંસ્કૃત પાઠશાળાનું સંચાલન કરતા હતા) પ્રસિદ્ધ કરી છે. (૧૯૨૪-૧૯૨૫)આ પુસ્તિકા ઓમાં તેમણે તે સમયે પ્રચલિત દેશી ઢાળોમાં સંસ્કૃત ગેય કાવ્યોની રચના પ્રસિદ્ધ કરી છે.

મદ્યપાન અંગેનું તેમનું ગીત તથા અન્ય ગીતો વડોદરાના દક્ષિણી ગાયક શ્રી રોકડનાથ મહારાજ ઘણીવાર ગાતા હતા.

ગુજરાતમાં આ રીતે સંસ્કૃત ભાષાને ગેય ઢાળોમાં ઉતારીને તેને લોક-ભોગ્ય બનાવવાનું શ્રેય મારી જાણ મુજબ સર્વ પ્રથમ શ્રી રામ કૃષ્ણ શાસ્ત્રીને ફાળે જ જાય છે.

(૨) રાજારામ કાશીનાથ ટોપરે શાસ્ત્રી :-

વિઠ્ઠલમંદિરમાં ચાલતી ન્યાય પાઠશાળામાં આચાર્ય પદ શોભાવતા અને ન્યાય ઉપરાંત વેદ, વ્યાકરણ, મીમાંસા, સંગીત વગેરેના આરુઢ વિદ્વાન, શ્રી ટોપરે શાસ્ત્રી કાશીના સુપ્રસિદ્ધ નૈયાયિક કૈલાસચન્દ્ર શિરોમણિ ભટ્ટાચાર્યના શિષ્ય હતા. તેમના ગ્રંથોમાં -

(૧) કંટકત્રયોદ્ધાર પ્રદીપ : આ ગ્રંથમાં ટોપરે શાસ્ત્રીએ શ્રી કૃષ્ણાનંદ સરસ્વતીએ લખેલ વિચારત્રયી નામના ગ્રંથમાં લખેલ ત્રણેક લેખોનું ખંડન કર્યું છે.

(૨) કૃષ્ણાનંદ સ્વામીએ "ટોપરાટોપવિમર્શ" લખીને તેનો પ્રતિવાદ કર્યો હતો.

સંસ્કૃત પાઠશાળામાં બ્રાહ્મણેતરને પણ લઘુ કૌમુદ્દી ભણવાનો હક્ક છે એવો નિર્ણય વિદ્યાધિકારી કચેરીએ આપતા તેમણે ત્યાંથી રાજીનામું આપેલું.

બીજા મત પ્રમાણે પાઠશાળાની મુલાકાતે આવેલ કોઈ અધિકારી તેને માટે રાખવામાં આવેલી ખુરશી પર ન બેસતા શાસ્ત્રીજીની ગેરહાજરીમાં તેમની ગાદી પર બેસી ગયો. તેથી પોતાની જાતને અપમાનિત થયેલી માની એમણે રાજીનામું આપેલું.

રાજીનામું આપ્યા બાદ તેઓ છાણી રહેતા અને જૈન સાધુઓને ભણાવતા. તેમનાં પત્ની અને એકનો એક પુત્ર પણ યુવાન વયે ગત થયો હતો.

(૩) અમૃતરામ નારાયણ શાસ્ત્રી :-

કાશીના પ્રખર જ્યોતિર્વિદ પંડિત શ્રી સુધાકર દ્વિવેદી પાસે જ્યોતિષ શાસ્ત્રનો અભ્યાસ કરનાર, મ. મ. ગિરિધર શર્મા ચતુર્વેદીના સહાધ્યાયી અને પાલીતાણા સ્ટેટના રાજગુરુનું પદ શોભાવનાર શ્રી અમૃતરામ શાસ્ત્રી મુખ્યત્વે જ્યોતિષના વિદ્વાન હોવા છતાં વ્યાકરણ, ન્યાય વગેરેમાં પણ પ્રશંસનીય પ્રભુત્વ ધરાવતા હતા. લોકમાન્ય ટિળક વગેરે એમનું ખૂબ ગૌરવ કરતા.

"પંચાગ સંશોધન નિબંધ"નામના એમના સર્વ શ્રેષ્ઠ ગ્રંથથી પ્રભાવિત થયેલા દ્વારકાપીઠના શંકરાચાર્યે એમને "જ્યોતિષશાસ્ત્ર-માર્તંડ"ની પદવી આપી હતી.

શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડે સામાન્ય જનતાને આપણી ધાર્મિક વિધિઓમાં સમજણ પડે અને રસ કેળવાય એ હેતુથી દેવસ્થાન ધર્માદાય શાખાની દેખરેખ નીચે એક ગ્રંથમાલા શરૂ કરી હતી. તેમાં (૧) વિવાહ-વિધિસાર (૨) અન્ત્યેષ્ટિ વિધિસાર (૩) ઉપનયવિધિસાર (ઈ.સ. ૧૯૧૬) (૪) શ્રાદ્ધવિધિસાર (૧૯૧૮) (૫) આહનિક કર્મપ્રકાશ વગેરે પુસ્તિકા ઓ છપાવેલી. તેના તૈયાર કરનાર તરીકે જ્યોતિષશાસ્ત્ર માર્તંડ અમૃતરામ નારાયણ શાસ્ત્રી, ઉપાધ્યાય (બનારસ સંસ્કૃત કોલેજ)નું નામ છે.

(૪) મૂળશંકર માણેકલાલ યાજ્ઞિક :- (ઈ. સ. ૧૮૮૬ થી ૧૯૬૫)

તેઓ નડિયાદના નાગર બ્રાહ્મણ હતા. તેમણે વડોદરા કોલેજમાં અભ્યાસ કરી શિનોર શિક્ષકની નોકરી સ્વીકારી હતી. (૧૯૨૪) શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) મહારાજ સાહેબના આમંત્રણથી તેમણે રાજકીય સંસ્કૃત પાઠશાળા (સ્થાપના ઈ. સ. ૧૯૧૫)ના પ્રિન્સીપાલ તરીકે કાર્ય કર્યું હતું.

તેમના સંસ્કૃત ગ્રંથોમાં

(૧) છત્રપતિ-સામ્રાજયમ્ (૧૯૨૮)
(૨) સંયોગિતા-સ્વયંવરમ્ (૧૯૨૯)
(૩) પ્રતાપવિજયમ્ (૧૯૩૧)

આ ત્રણ નાટકો તે સમયે પણ વિદ્વાનોમાં સારો આવકાર પામ્યા હતા.

પ્રયાગમાંથી શ્રી પ્રભાનશાસ્ત્રી દ્વારા એમના છત્રપતિ-સામ્રાજયની હિંદી અનુવાદયુકત દ્વિતીય આવૃત્તિ પણ ૧૯૭૦ માં બહાર પાડવામાં આવી છે.

આ નાટકો ઉપર સંસ્કૃત પાઠશાળા વ્યાકરણાધ્યાપક શ્રી શ્રીધર પદેશાસ્ત્રીએ સંસ્કૃતમાં ટીકા લખી છે અને સંસ્થાના ઉપપ્રાચાર્ય શ્રી લક્ષ્મીનાથ બ. શાસ્ત્રીએ તેનો અંગ્રેજી અનુવાદ કર્યો છે.

આ ઉપરાંત તેમણે ગુજરાતીમાં કેટલાક ગ્રંથો લખ્યા છે.

ઈ. સ. ૧૯૬૫માં લગભગ ૭૯ વર્ષની ઉમરે તેમણે નડિયાદમાં દેહ છોડ્યો હતો.

(૫) શાસ્ત્રીરમણનાથ ભોલાનાથ (૧૮૬૯ થી ૧૯૩૮)

શ્રીમદ ભાગવતની સપ્તાહ દ્વારા વડોદરા તથા વડોદરાની બહાર અત્યંત પ્રસિદ્ધ થયેલા રમણનાથ શાસ્ત્રીએ ટોપરે શાસ્ત્રી પાસે ન્યાય, વ્યાકરણ ઈત્યાદિ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો.

તેમણે ન્યાય, વેદાન્ત વગેરે શાસ્ત્રોના વિષયો પર ગ્રંથો લખ્યા છે.

(૧) પંચલક્ષણી ઉપર "ચન્દ્રિકા" ટીકા
(૨) સિદ્ધાન્ત રત્નમંજૂષા (ધર્મશાસ્ત્ર)
(૩) ગૌતમના ન્યાયસુત્રો ઉપર "ન્યાય ભૂષણ" નામની ટીકા (અપ્રકાશિત)
(૪) બ્રહ્મસૂત્રવૃત્તિ (કેવલાદ્વૈતમતાનુસારિણી) (અપ્રકાશિત)
(૫) યદુવંશમહાકાવ્યમ ૮સર્ગ, (અપૂર્ણ) (અપ્રકાશિત)
(૬) જાગદીશી

પર

"જગદીશ-મનોરમા" નામની ટીકા (અપ્રકાશિત)

શ્રીમદ ભાગવતના તેઓ ઉત્તમ જ્ઞાતા હતા અને કુશળ વકતા હતા.

(૭) છોટાલાલ નરભેરામ ભટ્ટ (૧૮૫૦ થી ૧૯૩૭)

વડોદરાના એક પ્રખર તારક શ્રી છોટાલાલ ભટ્ટે ૧૯૩૫માં ૮૫ વર્ષની ઉમરે પોતાની આત્મવૃત્તાન્ત નામની આત્મકથા (સં. પ્રા. ગોવિન્દલાલ હ. ભટ્ટ, સયાજી સાહિત્ય માળા નં. ૩૧૪, ઈ. સ. ૧૯૫૩) લખી છે. તેમાંથી તેમને વિષે આધારભૂત માહિતી સદ્‌ભાગ્યે મળી રહે છે.

તેમની વિદ્વતાથી પ્રભાવિત થયેલા શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) મહારાજે તેમને "કલાદીપ" એવો ઈલકાબ આપ્યો હતો.

તેમણે ૨૮ સંસ્કૃત ગ્રંથોનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. દા. ત. વિષ્ણુપુરાણ, માર્કંડેય પુરાણ, શાંતિપર્વ, રામાયણના કિષ્કિન્ધા, યુધ્ધ અને ઉત્તરકાંડ, પંચતંત્ર, હિતોપદેશ, પ્રિયદર્શિકા, અષ્ટાંગહૃદય, બૃહત્સંડહિતા (૧૦ અધ્યાય) વગેરે.

ઉપરાંત ૨૭ ગ્રંથોનો અનુવાદ અપ્રકાશિત છે. તેમના ૧૩ સંસ્કૃત ગ્રંથો પણ અપ્રકાશિત છે. જેમાંના કેટલાક નીચે પ્રમાણે છે :-

(૧) બ્રહ્મસુત્રાણાં સંક્ષિપ્તા વૃત્તિ :
(૨) ગુપ્ત-ગંગામાહાત્મ્યમ
(૩) વૈરાગ્ય-રત્નાકર:

શ્રી મન્નૃસિંહાચાર્ય મહારાજ સ્થાપિત શ્રેય:સાધક અધિકારી વર્ગમાં પણ એમનું સ્થાન ગૌરવવંતુ હતું.

(૭) સ્વ. મહામહોપાધ્યાય બદરીનાથ ત્રંબકનાથ શાસ્ત્રી :

વડોદરાના સુપ્રસિધ્ધ વિદ્વાનોમાં અત્યંતઆદરપાત્ર, ન્યાયશાસ્ત્રના પ્રખર વિદ્વાન શ્રી બદરીનાથ શાસ્ત્રીની શ્રીમંત સયાજીરાવ (ત્રીજા) મહારાજાએ યોગ્ય કદર કરી તેમને "રાજપંડિત" તરીકેનું સ્થાન આપેલું.

બ્રિટિશ સરકારે પણ તેમની વિદ્વત્તાની કદર કરી તેમને મહામહોપાધ્યાયની સર્વોચ્ચ પદવી આપી હતી.

આજે પણ સુલતાનપુરાની એક પોળ "શાસ્ત્રીનો ખાંચો" એ રીતે તેમના નામથી ઓળખાય છે. દ્વારકામાં શ્રી શંકરાચાર્યની પ્રતિષ્ઠા સમયે તેમનું ત્યાં અવસાન થયું હતું.

(૮) સ્વ. લક્ષ્મીનાથ બદરીનાથ શાસ્ત્રી :

મ. મ. બદરીનાથ શાસ્ત્રીના આ સુપુત્રે પિતાની પાસે શાસ્ત્રીય અભ્યાસ પણ કરેલો અને જમાનાની માગ પ્રમાણે બી. એ.ની પરીક્ષા પણ પસાર કરી હતી. શ્રી મૂળશંકર યાજ્ઞિક નિવૃત થયા બાદ તેઓ સંસ્કૃત પાઠશાળાના પ્રિન્સીપાલ થયા હતા. (૧૯૩૨ થી ૧૯૫૧) ત્યાંથી નિવૃત્ત થયા બાદ તેમણે ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં માનદ પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

તેમણે મૂળશંકર યાજ્ઞિકના સંસ્કૃત નાટકોનો અંગ્રેજી અનુવાદ કર્યો છે. અને ગુજરાતીમાં :

(૧) ભારતીય સૌન્દર્યશાસ્ત્ર (વડોદરા ૧૯૫૯)

(૨) પ્રાચીન સાહિત્યમાં કલાસંબંધી વિવેચનાત્મક અને વર્ણનાત્મક ઉલ્લેખો (વડોદરા ૧૯૬૧)એ બે પુસ્તકો લખ્યાં છે.

(૯) સ્વ. સ્વામી ભગવદાચાર્ય :

અમદાવાદમાં રહેતા અને લગભગ સો વર્ષની ઉમરના આ સ્વામીજીએ ઘણા ગ્રંથો લખ્યા છે. તે પૈકીનું "ભારત પારિજાતમ"નામનું ગાંધીજીની દાંડીયાત્રા સુધીના પ્રસંગોનું વર્ણન કરતું સંસ્કૃત મહાકાવ્ય (ભાગ ૧) ઈ. સ. ૧૯૩૭માં વડોદરામાં લહેરીપૂરાના દરવાજા પાસે આવેલા રામગલોલાના મંદિરમાંથી પ્રસિધ્ધ થયેલું હોવાથી તેનો અત્રે ઉલ્લેખ કર્યો છે.

(૧૦) સ્વ. જગન્નાથ શ્રીધર પદેશાસ્ત્રી (૧૯૧૨ થી ૧૯૮૨)

વડોદરામાં જન્મેલા આ વિદ્વાન શાસ્ત્રીએ પોતાના પિતા પાસેથી વ્યાકરણ, વેદાન્ત, જ્યોતિષ, આયુર્વેદ વગેરે શાસ્ત્રો શીખી વડોદરા કોલેજમાં અભ્યાસ કરી મુંબઈ યુનિવર્સિટીની એમ. એ.ની પરીક્ષા વ્યાકરણશાસ્ત્ર સાથે આપી હતી. (૧૯૩૯). વ્યાકરણશાસ્ત્રમાં સહુથી વધુ ગુણાંક મેળવવા બદલ તેમને ભાંડારકર પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

એમની પ્રતિભા એમના વિદ્યાભ્યાસકાળથી જાણીતી છે. તે વખતના બરોડા કોલેજના મેગેઝીનમાં ૧૯૩૩-૩૭ સુધીમાં પ્રગટ થયેલા અંકોના તેમનું રુકિમણીસ્વયંવરમ્ નામનું કાવ્ય છપાયું હતું. આ કાવ્યના ૬૬ શ્લોકોમાં જુદા જુદા છંદોનો ઉપયોગ કર્યો છે. અને તે તે છંદમાં તેનું નામ પણ ગૂંથી લેવાયું છે. આ કાવ્ય એમનું છન્દ : પ્રભુત્વ દર્શાવે છે.

એમના બીજા ગ્રંથોમાં -

(૧) તામ્બુલમંજરી (૧૯૫૭)

(૨) વીણાલક્ષણ અને વીણા પ્રપાઠક (ગા. ઓ. સિરીઝ નં. ૧૩૧, નં. ૯૫૯) છે.

આ ગ્રંથોમાં એમની વિદ્વત્તાની ઝાંખી થાય છે.

(૧૧) બદરીનાથ કાશીનાથ શાસ્ત્રી :- (૧૯૯૮ થી ૧૯૭૭)

ઈ. સ. ૧૯૯૮માં વડોદરામાં જન્મેલા શ્રી બદરીનાથ શાસ્ત્રી શ્રી રમણનાથ શાસ્ત્રીના ભત્રીજા હતા. તેમણે પણ શ્રીમદ ભાગવત સપ્તાહ કરવાનો જ વ્યવસાય ચાલુ રાખ્યો હતો. ઉપરાંત સંસ્કૃત મહાવિદ્યાલયમાં શુધ્દ્વાદ્વૈત વેદાન્તમાં અર્ધશામધિક પ્રાધ્યાપકનું કાર્ય કરેલું. પોતાના ઘરમાં પણ સાહિત્ય, વ્યાકરણ વગેરેનું અધ્યાપન કરતાં. તેમણે પોતાના કાકા પાસે જ અધ્યયન કર્યું હતું. તેઓ ન્યાયશાસ્ત્રના વિશિષ્ટ વિદ્વાન હતા. તેમના ચતુર પાંડિત્યને લીધે વૈષ્ણવ આચાર્ય "પંડિતપંચાન"ની ઉપાધિ આપેલી.

સંસ્કૃત ભાષાનો પ્રચાર કરવા માટે તેમણે લોક ભોગ્ય અને મનોરંજક પ્રયોગો કર્યા છે. તેમાં એમની રત્નાવલી, રાધાવિનોદ, માલિની અને મિથ્યા વાસુદેવ નામની ચાર લઘુ નાટિકાઓ તથા સારી સંખ્યામાં રચેલાં સંસ્કૃત ગીતો અને ગરબાઓ છે. તેમની સંસ્કૃત રચનાઓ કાન્ત અને મધુર હોવાથી તેમને કેટલાક લોકો "અભિનવ જયદેવ" કહે છે.

ચૂનીલાલ વર્ધમાન શાહની ગુજરાતી નવલકથા અવન્તીનાથનું સંસ્કૃત રૂપાન્તર પણ તેમણે કરવા માંડેલું. જે ટુકડે ટુકડે સરસ્વતી સૌરભમાં પ્રગટ થયું હતું.

શુધ્દ્વાદ્વૈતના પણ તેઓ મર્મજ્ઞવિદ્વાન હતા. તેમણે વલ્લભદિગ્વિજય નામનું આઠ સર્ગનું કાવ્ય તથા બ્રહ્મસુત્રની ત્રિસૂત્રી પર શુધ્દ્વાદ્વૈત પરક ભાષ્ય પણ લખ્યું છે.

(૧૨) સ્વ. વિદ્યાભાસ્કર પં. મણિશંકર ઉપાધ્યાય
(ઈ. સ. ૧૯૦૫ થી ૧૯૮૦)

વડોદરાના વિદ્વત્સમાજમાં અપ્રતિમ સ્થાન ધરાવનાર, સાહિત્ય, વ્યાકરણ ધર્મશાસ્ત્ર, સંખ્યયોગ, વેદાન્ત વગેરે શાસ્ત્રોમાં અવ્યાહતગતિ ધરાવનાર, શાસ્ત્રાર્થમાં અદ્વિતીય પ્રતિભા અને તર્કોકિત દ્વારા પ્રતિવાદીને પરાસ્ત કરતા હોવાથી વિદ્વાનોમાં "પ્રતિવાદીભયંકર" તરીકે ઓળખાતા શ્રી મણિશંકર શાસ્ત્રીજીએ ઋષિકુલ બ્રહ્મચર્યાશ્રમ હરદ્વારમાં મ. મ. પરમેશ્વરાનંદ શાસ્ત્રી, લીલાધર શાસ્ત્રી, શ્રી ધૂટરઝાજી, વ્યાકરણકેસરી શ્રી પરમાનંદ શાસ્ત્રી, ગુરુમંડળાશ્રમના શ્રી આત્મસ્વ, રૂપજી મહારાજ ઈત્યાદિ ગુરુઓ પાસેથી સાહિત્ય, વ્યાકરણ વેદ અને સાંખ્ય વગેરે શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું.

વિદ્યાભ્યાસ પૂર્ણ કરી ચોવીસેક વર્ષની વયે વડોદરા આવી ઈ. સ. ૧૯૩૫માં શ્રોફ મેમોરીયલ હાઈસ્કૂલમાં સંસ્કૃત શિક્ષકની નોકરી સ્વીકારી. ઈ. સ. ૧૯૪૧ માં જય શ્રી મોડલ હાઈસ્કૂલ સ્થપાતા તેઓ પણ તેમાં જોડાયા અને નિવૃત્ત થતાં સુધી (૧૯૬૭) ત્યાં રહ્યા. ૧૯૬૬માં સંસ્કૃત મહાવિદ્યાલયમાં સાંખ્ય-યોગ-વેદાન્તના અર્ધસામયિક પ્રાધ્યાપક તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી.

તેમની વિદ્વત્તાથી પ્રભાવિત થયેલા ગાયકવાડ સરકારના ઉચ્ચ અધિકારીઓએ તેમનું નામ રાજપંડિત માટે સુચવેલું, પરંતુ રાજકીય ખટપટને લીધે તેમનું યોગ્ય સન્માન અટકી ગયું.

તેમણે અનેક ગ્રંથો લખ્યા છે :-

(૧) ઉદ્વાહસારાવણી (અપ્રકાશિત)
(૨) યુવક-ગીતા (અપ્રકાશિત)
(૩) સૂક્તાર્થ - મુક્તાવલી
(૪) અરવિંદ-માનસપૂજા
(૫) શ્રીમદ-રંગાવધૂત-માનસપૂજા
(૬) ઈશ્વર સ્વરુપમ (૧૯૫૧) (અનુષ્ટૂપ છંદમાં)
(૭) બ્રહ્મસુત્રી - ચતુ:સૂત્રી ("")
(૮) "" અધિકરણત્રયી (૧૯૬૭) ("")
(૯) સંસ્કૃત બાલબોધ ભાગ ૧-૨
(૧૦) સાંખ્યભાષ્ય (નષ્ટ)
(૧૧) સાંખ્ય સિધ્દાન્તપરામર્શ

તદુપરાંત ૧૫૦ જેટલાં સંસ્કૃત ગેય ગીતો અને ગરબાઓ પણ રચ્યાં છે.

પરંતુ એમના મૌલિક ગ્રંથમાં તેમણે પુનર્જન્મના મતનું ખંડન કર્યું હોવાથી સમાજમાં મોટો ખળભળાટ મચી ગયો હતો. પરંપરાનુસાર શાસ્ત્રાભ્યાસ કરનાર સનાતન પંડિતના આ ક્રાંતિકારી વિચારોને લીધે તેમને વિરોધીઓ નાસ્તિક માનવા લાગ્યા હતા.

એમનો એવો બીજો યુગપ્રવર્તક ગ્રંથ છે- બ્રહ્મસુત્રભાષ્યાલોચન. આ ગ્રંથમાં તેમણે શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે બ્રહ્મસુત્રોના ભાષ્યકારોના મતની આલોચના કરી. બ્રહ્મસુત્રો વેદાન્તનું નહિ, કિન્તુ સાંખ્યનું જ પ્રતિપાદન કરે છે. એમ સયુક્તિક પ્રતિપાદન કર્યું છે.

મૌલિક વિચારોને પ્રગટ કરતું આ પુસ્તક ભવિષ્યમાં તત્વજ્ઞાનના ક્ષેત્રે એક અગત્યનો માર્ગસ્તંભ બની રહેશે એમ મારું નમ્ર માનવું છે.

આ રીતે વડોદરાના અનેક વિદ્વાનોએ સંસ્કૃત શાસ્ત્રોની સેવા કરીને વર્તમાન સદીમાં સારુ એવું પ્રદાન કર્યું છે.

શુભેચ્છા સહ . . . .

બાબુભાઈની મિઠાઈઓ

અડાજણ પાટિયા, ધનમોરા કોમ્પલેક્ષ,
સૂરત
ફોન નં. ૩૫૦૩૫ ૩૦૧૭૪ ૫૨૮૫૨, ૨૮૭૨૧

સયાજી સમયની સ્ત્રી જાગૃતિ

– શ્રીમતી રમા ગ. ઠાકોર

હીરલા હશે હિન્દમાંહી અનેરા
હીરે શો કોહિનૂર રાજવી
સખી! આવોને, હીરલા
– (સ્વ. સુંદરલાલ પરીખ)

આ પંક્તિ વડોદરા રાજ્યના રાજવી અને દેશભકત વીર સયાજીરાવના રાજ્યકારભારમાં સાઠ વર્ષની જિવણી પ્રસંગે ભવ્ય હીરક મહોત્સવ મકરપુરા પેલેસમાં ઉજવાયો ત્યારે અમારી મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ તરફથી બે ગરબા રજૂ થયા હતા. તેમાંના એક ગરબાની છે.

એ એક સુવર્ણ યુગ હતો. ગાંધીયુગ અને સયાજીયુગનો સમન્વય એટલે જેનામાં સુગંધ પૂરાય નેવો ઐતિહાસિક યુગ, રત્નજડિત અક્ષરે અંકાઈ જાય નેવો ઈતિહાસમાં અને અમારાં તે સમયનાં વડોદરાવાસીઓનાં અંતરમાં આજે પણ એની સુવાસ વ્યાપક છે.

નંદનવન સમો આપણો ગુર્જરદેશ, અને તેના કેન્દ્ર સમી આપણી વડોદરાની સંસ્કાર નગરી ધમધમતી પણ અત્યારે તે સમયની વાત શી કરવી ? સ્વાતંત્ત્ય પહેલાનું સયાજીરાવ ગાયકવાડનું વડોદરા રાજ્ય આજના વડોદરા કરતાં કાંઈ ઓર જ હતું એનું વર્ણન કરવું અશકય છે. શબ્દોથી એ સમજાવી શકાય નેવું નથી. પુસ્તકો ભરાય એટલી એની દંતકથાઓ, એની વાતો પૂર્ણ થાય તેમ જ નથી. એ તો જેમણે જોયું હોય, અનુભવ્યું હોય, એવાં પ્રતિભાવંત રાજ્ય દંપત્તિના સંપર્કમાં જે આવ્યાં હોય તેને જ વડોદરાના તે સમયના વૈભવ, ગૌરવ અને જાહોજલાલીનો ખ્યાલ આવે.

એ રાજવી ? ખેડૂતનો એક અજ્ઞાની બાળક પુત્ર. ખંડેરાવ મહારાજ અને મહારાણી જમનાબાઈના દત્તક પુત્ર તરીકે આવીને વડોદરા રાજ્યની રાજધુરા સંભાળી. હાથણીએ ગુજરાતની આ મહાનગરી ઉપર અનન્ય ઉપકાર કર્યો મહારાષ્ટ્રના નાશિકના એક નાનકડા ગામડાના ખેડૂત ભાળક ઉપર સોનાનો કળશ ઢોળીને ? વિધાતાએ એની જીવનપલટ કરી નાખી. ખેડૂત સમ્રાટ થયો અને ત્યારથી જ એ દેવ સમાન દાન દેનાર અને દલિતો - પતિતોના દુઃખોનો તારણહાર બની ગયો એણે સમગ્ર દેશને રામરાજ્ય બનાવવાની ઇચ્છા રાખી. "મ્હારી પ્રજા મ્હારો પરિવાર" એ મહામંત્રને જીવનમંત્ર બનાવ્યો. સમાજના સમગ્ર પાસાનો સર્વાંગી વિકાસ એ જ એનો આદર્શ હતો. મ્હારા રાજ્યની, મ્હારા દેશની આબાદી, એ જ એના અંતરની અભિલાષા રહી. વિદ્વાનો રસિયા હશે ઘણા હશે, પરંતુ એમાંનો પહેલો વીરલો અમારો રાજવી સયાજી હતો. સત્તા અને શાણપણનો જેની વિચક્ષણ બુદ્ધિએ સદુપયોગ કરી સમાજને ઉન્નતિના શિખરે ચઢાવ્યો.

એ યુગ ગાંધીયુગ તે પહેલાંનો પંડિતયુગ - સાક્ષરયુગ. ભારત તો ભાગ્યશાળી છે. કેટકેટલા મહાન વિદ્યાધરો, રાજનીતિજ્ઞો, મહંતો, મહર્ષિઓ, ક્રાન્તદર્શીઓ, એની ભૂમિમાં પાક્યા છે ? આ ગાંધી અને સયાજીયુગમાં જ જુઓ ને ? રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ મહર્ષિ ને મહાત્મા ગાંધીજી, વિનોબાજી, વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ બાળ ગંગાધર તિલક, લાલા લજપતરાય અને બંકિમચંદ્ર પાલ - આ સર્વ તો તેજસ્વી સૂર્યો. તે પછીની નામાવલિ પણ કાંઈ ન્હાની નથી. બધાં જ જાણે એ યુગમાં વિકાસ પંથને જવલંત જ્યોતથી ઝગમગાવવા ના આવ્યાં હોય !



એમ.એસ. યુનિવર્સિટિનાં પ્રથમ વાઈસ ચાન્સલર શ્રીમતી હંસાબેન મહેતા

સમાજનું કેન્દ્ર નારી, નારીજાગૃતિનાં બીજ વવાયાં પંડિતયુગમાં અને ગાંધીયુગમાં સ્ત્રી-ઉન્નતિનું કાર્ય આરંભાયું ગુજરાતમાં અને સમગ્ર ભારતમાં, વડોદરા તો તેનું મુખ્ય મથક. સયાજીરાવ જેવા જ્યોતિર્ધર, આદર્શ સમાજસુધારક, સર્વતોમુખી પ્રતિભા ધરાવતા આ રાજવીના રાજ્યમાં નારી ઉન્નતિના ક્ષેત્રે અનેક કાર્યો આરંભાયાં. તેમાં પાછાં તેમનાં સહધર્મચારિણી મહારાણી ચિમનાબાઈ એક નીડર, સાહસિક, સમાજસુધારક, સ્ત્રીશિક્ષણનાં હિમાયતી, મહિલાઓ માટે સંસ્થાઓ, શાળાઓ સ્થપાય તે માટે બહુ જ પ્રયત્નશીલ ઉત્સુક અને કાર્યરત. એ ખૂબ સાદાં, હિંમતવાળાં દીર્ઘદૃષ્ટિવાળાં ભારતનાં નારીરત્નોમાંનાં એક તેજસ્વી સન્નારી. તેથી જ "અખિલ હિન્દ મહિલા પરિષદ"નાં પ્રથમ પ્રમુખ તરીકે તેમની વરણી થયેલી. સયાજીરાવની ઉચ્ચ ભાવના, તેમાં મહારાણીનો સાથ-સહકાર, ઉત્સાહ અને સૂઝ ભળ્યા. આવા આદર્શ દંપતિના કાર્યને આચરણમાં મૂકવા માટેનાં સંસ્કારી, કાબેલ, નીડર સેવાભાવી, સત્યવકતા અને જબરજસ્ત કાર્યદક્ષ, આગવી સૂઝવાળાં સયાજીરાવ અને માસાહેબ બન્ને પણ એટલાં જ સેવાભાવી, દયાળુ, સામાજિક ઉત્થાન માટે અહર્નિશ ચિન્તિત. બન્ને - રાજ દંપતિ કોઈ પણ સ્થળે, કોઈ પણ પ્રસંગે કાંઈ પણ નવું જુએ, કયાંય કશે નવીનતા લાગે, ત્યાં તેમને પોતાની કર્મભૂમિ, પોતાનું રાજ્ય અને પ્રજાની યાદ આવે. અને તે વસ્તુ અંતે પોતાનાં રાજ્યમાં ઉપસ્થિત કરી તેને પ્રજા સમક્ષ પહોંચતી કરે જ. કઈ રીતે આ કાર્ય પાર પડે તેનો વિચાર - વિનિમય સુમન્તભાઈ સાથે કરે અને સ્વદેશ આવ્યા બાદ શારદાબેન પણ આ વિચાર - વિનિમયમાં પોતાના આદર્શો ભેળવે. ચિમનાબાઈ અને શારદાબેન બન્ને મહાન નારીરત્નો. એમાં શ્રી અમીનાબહેન તૈયબજી જેવાંનો પણ કિમતી ફાળો હતો. વડોદરા રાજ્યમાં, બલ્કે ગુજરાતમાં નારી ઉન્નતિના દરેકે દરેક ક્ષેત્રના કાર્યનો પાયો, આ બે અનોખું વ્યકિતત્વ ધરાવતી સન્નારીઓએ નાંખ્યો એમ કહીએ તો અતિશયોકિત નહિ જ લાગે. એમણે શરૂ કરેલી લગભગ બધી જ સંસ્થાઓ કાંઈ ને કાંઈ પ્રવૃત્તિ કરી રહી છે. હા, સમય પ્રમાણે પ્રવૃત્તિઓ બદલાઈ. આ સર્વ વિચારવિનિમયને પરિણામે વડોદરામાં પ્રથમ "શ્રી ચિમનાબાઈ સ્ત્રી સમાજ"ની સ્થાપના થઈ. સુરસાગર ઉપર સ્ત્રી અધ્યાપન પાઠશાળા (ફિમેલ ટ્રેઈનીંગ કોલેજ)ના મકાનમાં દર રવિવારે સાંજે ચારથી છ વાગ્યા સુધી બહેનો નિયમિત મળે. દાદર નીચે એક નહાનીશી ઓરડીમાં કબાટ અને થોડો સરંજામ મૂકાતો અને સીવવાનું એક મશીન પણ હતું તે પણ પંદર દિવસ માટે ફેર આપવામાં આવતું. આમ અનેકવિધ પ્રવૃત્તિઓ થવા માંડી. શહેરની બ્હેનો બહુ જ રસથી ભાગ લેતી હતી. નવું શીખવા મળે, જાણવા મળે, મનોરંજન થાય. આ રીતે સમાજનો બહુ જ ફાયદો થયો, જ્ઞાન સાથે ગમ્મત જેવું થયું, આવી રીતે વારંવાર મળવાથી બહેનોના વ્યકિતત્વમાં પરિવર્તન થઈ વિશાળ દૃષ્ટિબિન્દુ, મિલનસર સ્વભાવ વગેરેમાં ઘણો ફેર જણાવા માંડ્યો.

પછી તો સને ૧૯૨૭માં ગુજરાતભરમાં મોટાં પૂર આવ્યાં. વડોદરા અને એની આસપાસનાં ગામડાંઓમાં રેલ સંકટથી ઘણી નુકસાની થઈ. રાહતકાર્યો કરવાની જરૂર જ પડી અને તે કાર્ય સમાજની બહેનોએ ખૂબ ઉત્સાહથી ઉપાડી લીધું. શેરીએ-શેરીએ "રેલથી નિરાધાર ભાઈ-બહેનોને મદદ કરો" એવી ટહેલ નાખીને કપડાં, અનાજ, રોકડ અને વાસણ સુધ્ધાં ઘણું ઘણું ભેગું થયું. સમાજનાં સભાસદો - અને એમનાં બાળકો બધાં જ કામે લાગી ગયેલાં. અમને આનંદ થતો. માવતરોને સેવા અને ફરજનો આનંદ થતો. ભેગી થયેલી સર્વ વસ્તુઓનું વ્યવસ્થિત વિતરણ વિભાગીય સમિતિઓ દ્વારા થયું. ખૂબ સેવાભાવથી, ખંતથી અને પ્રમાણિકપણે, સત્ય-અહિંસા અને તેમાં ભળ્યાં સેવા-પ્રેમ-દયા ને દેશદાઝ. ગાંધી-સયાજીનું એ સંમિલન.

આ કાર્ય એટલી સુંદર રીતે થયું કે તેના પરિણામે "શ્રી ચિમનાબાઈ સ્ત્રી ઉદ્યોગાલય"ની સ્થાપના થઈ. માસાહેબ અને તેમનાં પુત્રી ઈન્દિરા રાજેના પ્રયત્નથી સને ૧૯૧૬માં કે એમ એક પ્રદર્શનમાં ચ્હાપત્તીનો સ્ટોલ રાખ્યો હતો. તેમાંથી રૂ. ૧૫૦૦૦/- જેવી મ્હોટી રકમ જમા હતી. ૧૯૩૦ સુધી આ રકમ બેન્કમાં રહી. તે ફંડનો સદ્‌ઉપયોગ કરી ગૃહ ઉદ્યોગ - હુન્નર ઉદ્યોગ - હસ્તકલા વગેરે જેવું કોઈ કાર્ય શરૂ કરવાનું સૂચન માસાહેબે કેટલાંક સ્ત્રી - કાર્યકરો અને ભાઈઓને બોલાવીને કર્યું. સમિતિ નીમાઈ. સયાજીરાવનાં પુત્રવધૂ શ્રી શકુન્તલા રાજે આ સંસ્થાનાં પ્રથમ પ્રમુખ નિમાયાં. શ્રી નટવરલાલ ગો. શેઠ મંત્રી તરીકે, શ્રીમતી જયવતીબેન દેસાઈ સહમંત્રી, શ્રી સરસ્વતી બહેન, ચંદનબહેન, અવન્તિકા બહેન આચાર્ય, પ્રેમલીલાબેન મહેતા વગેરેના સહકારથી આ સંગીન કાર્ય શરૂ થયું. મહેતા પોળને નાકે એક મકાનમાં સિવણ - કટીંગથી શરૂ કરી. હવે તો આ સંસ્થા સુરસાગર ઉપર પોતાના આલિશાન મકાનમાં કાર્ય કરે છે. સયાજીરાવના હીરક મહોત્સવ પ્રસંગે ઈન્દૌરના મહારાજા તરફથી મ્હોટી રકમ આ સંસ્થાને ભેટ મળી. તેમાંથી મકાન તૈયાર થયું. શરૂઆતમાં તો સોયદોરા-કાપડ ઓશરીમાં શેતરંજી પાથરી બહેનો બેસતી. બાળકો સાથે જ આવે. એટલે બધાને ખૂબ આનંદ આવતો. પછી તો એવી જાગૃતિ આવી કે બહેનોમાં ખૂબ ઉત્સાહ જાગ્યો. કાર્ય કરવાની પણ બધાને બહુ હોંશ થાય. ધગશથી બધાં પોતપોતાની રીતે પ્રવૃત્ત થાય. ભેગાં મળે. વાતો કરે, વાર્તાલાપો થાય. સામાજિક પ્રશ્નોની ચર્ચા થાય, વાચન થાય. ભેગા મળીને બધાં ગરબા યે ગાય. કોઈ વળી બેડમીંટન રમે; અન્ય રમતો રમે. પછી તો આપણાં વ્રતો, તહેવારો પ્રસંગે સમૂહમાં ઉજવણી થવા માંડી , નવરાત્રી ઉત્સવ, પ્રદર્શનો, સારા વકતાઓની સભાઓ, ભાષણો, ભરત-શીવણ-ગૂંથણ એકબીજીને શીખવવા માંડયું. ફરતું પુસ્તકાલય, ખોખાઓમાં પુસ્તકો એક બહેન સુવર્ણાબેન મહેતા જે સેન્ટ્રલ લાયબ્રેરીમાં મહિલા વિભાગમાં નોકરી કરતાં હતાં તે ધોડાગાડીમાં લઈને આવે. બહેનોને આઠ દિવસ માટે બે પુસ્તક અપાતાં, બહેનો પણ સંભાળીને પુસ્તક લઈ જાય ને પાછું લાવે.

બધું બહેનોને વિનામૂલ્યે અપાતું. ઘેર ઘેર ફરીને, ખાસ કરીને વિધવા બહેનોને આ કાર્યમાં રસ લેતાં કર્યા સમયનો સદુપયોગ, શિક્ષણ

ઉપરાંત પગભર થઈ શકે તે આ સંસ્થાનો મુખ્ય હેતુ. આ રાજમહેલ રોડ મહિલા સમાજ પણ વર્ષોથી સારું કાર્ય કરે છે. અત્યારે પણ કાર્યશીલ છે આ ઉપરાંત મહારાષ્ટ્રીયન બહેનોનું "ભગિની સમાજ" જેનાં પીઢ કાર્યકર્તા ગુલાબબાઈ હતાં - ઉપરાંત શ્રી વત્સલા આંબેગાંવકર, સુભદ્રાબાઈ પગાર વગેરેએ અને રમાબાઈ કિન્ની કે શ્રી દ્વારકાંબાઈ તેલંગ વગેરેનું કાર્ય જાણીતું હતું.

લેડીઝ ક્લબમાં તે સમયે તો માત્ર ઓફિસરોના ઘરનાં બહેનો જ ભાગ લેતાં. હવે કમાટીબાગમાં આ ક્લબ કાર્ય કરે છે અને ઘણાં બહેનો તેમાં રસ લે છે. રાજમહેલ રોડ મહિલા સમાજ ૫૦ વર્ષોથી સારું કાર્ય કરે છે જે અત્યારે પણ કાર્યશીલ છે.

અખિલ હિન્દ મહિલા પરિષદની શાખા પણ વડોદરામાં તે સમયથી ચાલુ છે અને હાલમાં પણ કાર્યશીલ છે. મધ્યમ વર્ગની બહેનોનું આરોગ્ય બરાબર સચવાય અને પછી તેમનાં બાળકો પણ તંદુરસ્ત રહે એ હેતુથી "સ્ત્રી અને બાળસંરક્ષણ સંસ્થા - મેટરનિટી લીગ" ઘણાં વર્ષોથી ચાલે છે. તે સમયે તો દવા ઈન્જેકશન વગેરે વિનામૂલ્યે અપાતાં હતાં આ સંસ્થાનું સંચાલન પણ બહેનો જ કરતા. સરલાબેન મહેતા તેમાં મુખ્ય કાર્ય કરતાં હતા પુસ્તકાલય પ્રવૃત્તિમાં પણ બહેનો કાર્ય કરતી. વડોદરા રાજયમાં - જયાં ટ્રેઈન પણ નહોતી ત્યાંનાં ગામડાઓમાં બાળલાયબ્રેરી, મહિલા લાયબ્રેરી અને જનરલ લાયબ્રેરી એમ ત્રણ વિભાગ હતા. તે સમયે સ્વ. શ્રી મોતીભાઈ અમીન પ્રમુખ હતા અને સ્વ. જયવતીબેન દેસાઈ મંત્રી

મોતીભાઈના દેહાંત બાદ જયવતીબેન વર્ષો સુધી પ્રમુખ તરીકે કાર્ય કરતાં. શિક્ષણ ક્ષેત્રે મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ તથા કર્વે કોલેજ ઉપરાંત પ્રાથમિક શાળાઓ પણ છોકરીઓને માટે અલગ હતી. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત હતું. હાઈસ્કૂલમાં ફી બહુ જૂજ લેવાતી. મહારાણી હાઈસ્કૂલમાં પ્રથમ પ્રિન્સીપાલ અંગ્રેજ બહેન મીસ નીડહામ શિસ્તપ્રિય અને પ્રેમાળ હતાં. એ ભારતીય ઢબે સવારના સ્કૂલ શરૂ થતાં પ્રાર્થનામાં જાતે હાજર રહી બે હાથ જોડી નમસ્કાર કરીને પ્રાર્થના પણ બોલતાં.

મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલની હોસ્ટેલ હાલ જયાં અરવિંદ આશ્રમનું મકાન છે ત્યાં હતી. તેનાં સુપ્રિન્ટેન્ડેન્ટ મીસ ચિત્રેબાઈ હતાં. હોસ્ટેલની સરકાર તરફથી જ વ્યવસ્થા થતી અને રાજયભરમાંથી વિદ્યાર્થિનીઓ અહીં રહી સ્કૂલમાં અભ્યાસ કરતી. તે ઉપરાંત વડોદરા સ્ત્રી કેળવણી - મંડળ અને સ્ત્રી - અધ્યાપન પાઠશાળા વ્યાયામના ક્ષેત્રમાં પણ વડોદરાની બહેનો પાછળ નહોતી. શ્રી સુશીલા બહેન પંડિત વગેરેના નેતૃત્વવાળું આર્ય કન્યા મહાવિદ્યાલયમાં પદ્ધતિસર યોગિક અને વ્યાયામનું શિક્ષણ અપાતું ઉપરાંત સામાન્ય અભ્યાસક્રમ પણ હતો. શ્રી કુમુદબહેન ઠાકોર સ્થાપિત જ્યોતિ વ્યાયામ મંડળ, બહેનો અને બાળાઓ માટે ખાસ વ્યાયામ માટે જ શરૂ કર્યું હતું. એ તે સમયે સારું કાર્ય કરતું હતું. હિન્દ વિજય જિમખાનામાં દર વર્ષે રમતગમતોની હરિફાઈ યોજાતી, તેમાં બહેનો માટે પાંચ દિવસ અલગ જ રાખવામાં આવતા. માણેકરાવજીનો અખાડો તથા લક્ષ્મીનાથ વ્યાયામ શાળા બહેનોને વ્યાયામ ક્ષેત્રે પ્રોત્સાહન આપતાં. શરીરસૌષ્ઠવની હરીફાઈ, તરવાની, સાયકલીંગની વગેરે હરીફાઈઓ બહેનો માટે યોજાતી. "સ્ત્રી સહકારી જીવન - વસ્તુ ભંડાર"માં બહેનો ઘરગથ્થુ મસાલા, પાપડ, અથાણાં વગેરે બનાવે છે અને વેચાણ થાય છે. આ કાર્ય વર્ષોથી બહેનો કરે છે. આવી ઘણી પ્રવૃત્તિમાં શ્રી જયોત્સનાબહેન મજમુદાર, શ્રી સુજ્ઞાબહેન દેસાઈ, વગેરેની કામગીરી મહત્ત્વની હતી.

સ્વતંત્રતા બાદ વડોદરા રાજયનું વિલિનીકરણ મુંબઈ રાજયમાં થયું ત્યારે ડૉ. જીવરાજભાઈ મહેતા તથા શ્રીમતી હંસાબહેન મહેતા વડોદરા આવ્યાં. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના એ બન્નેના અથાગ પ્રયત્નથી થઈ. યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર થવાનું માન શ્રીમતી હંસાબેનને ફાળે ગયું. એ વિદુષી ઉપરાંત લેખિકા પણ ખરાં. હંસાબહેન તો વડોદરાનાં જ દીકરી - દિવાન મનુભાઈ મહેતાનાં પુત્રી. યુનિવર્સિટીમાં તેમના નામનું હંસા મહેતા ગ્રંથાલય તથા હંસા મહેતા

હૉલ છે. શિક્ષણ ક્ષેત્રે પ્રૌઢ શિક્ષણ તેમજ અક્ષરજ્ઞાનના વર્ગો પણ સ્ત્રી - સંસ્થાઓ દ્વારા ચાલતા.

સાહિત્ય ક્ષેત્રે વડોદરાની સાહિત્ય સભા - અત્યારની પ્રેમાનંદ સાહિત્ય સભામાં બહેનો રસપૂર્વક ભાગ લેતી. સમિતિમાં રહી મંત્રીપદ સુધી બહેનોએ કામ સંભાળેલું. બહેનો માટેનું "ગુણસુંદરી" માસિક હતું. તેનાં તંત્રી તરીકે જયવતીબહેન દેસાઈએ વર્ષો સુધી સેવા આપી હતી પછીથી શ્રી રમા ઠક્કોરે પણ એ કાર્ય સંભાળ્યું હતું. કવયિત્રી તરીકે સ્વ. સવિતાલક્ષ્મી હ. બૂચ, દીપકલા દેસાઈ તથા તેમનાં પુત્રી સુરેશા બહેન મજમુદાર અને શ્રી દ્વારકાબહેન તેલંગની કૃતિઓ પ્રચલિત હતાં. શ્રી જયંતીદેવી અને શ્રી પ્રેમીલાદેવી શ્રેયસાધકવર્ગમાં મહત્ત્વનાં કવયિત્રીઓની રચનાઓ સ્ત્રી વર્ગમાં વ્યાપક થઈ હતી.

લંડનથી વાઈસરોય જયારે ભારત આવે ત્યારે ગાયકવાડ સરકારના આમંત્રણથી વડોદરા આવે. તે પ્રસંગ દબદબાપૂર્વક ઉજવાતો. આખાયે શહેરમાં રોશની, ગરબા, ઉત્સવો, વ્યાયામના પ્રયોગો, પ્રદર્શનો વગેરે થતાં. પ્રદર્શનની આખી યોજના શ્રી ચિમનાબાઈ સ્ત્રી - સમાજને સોંપાતી અને સમાજ બીજી અન્ય સંસ્થાઓને સ્ટોલની વહેંચણી કરે, એ સંસ્થાઓ પોતપોતાની આગવી

શિલ્પ કલા, હુન્નર, ઉદ્યોગ નમૂનાઓ પ્રદર્શનમાં ચિમનબાઈ સ્ત્રી - સમાજ ચિમનાબાઈ સ્ત્રી - ઉદ્યોગ સ્ટોલમાં ભાનભાતના નમૂના મુકાતા. ઈનામો અપાતાં હતાં પણ થતું.

વડોદરાની સ્ત્રી જાગૃતિનાં પાસાં છે. અહીં એની ઝાંખી

A Complete range of Research Facilities & Services for Product Design, Development and evaluation as per National and International Standards

* Transformers
* Switchgears
* Capacitors
* Cables, Conductors & Wires
* Distribution Hardwares
* Materials - Magnetic Insulating & Structural
* Putties & Potting Compounds
* Rotating Machines
* High Voltage tests
* Temperature rise tests
* Condition monitoring
* Evaluation Studies
* Endurance Studies
* Failure Studies
* N. D. T.
* Environmental Studies
* Instrumental Analysis
* Metallography
* Impulse
* Partial discharge
* Chemical Analysis
* Physical & Mechanical

Electrical Research and Development Association

P.B. No. 760, GIDC, Makarpura,
BARODA-3900 10 Tel.No. 42613, 42942
Telex : 0175-425 Grams: ELECSEARCH



અવિરત કામ, ભરપુર દામ, જો હોય ટ્રેકટર હિન્દુસ્તાન

ગુજરાત ટ્રેક્ટર કૉર્પોરેશન લિમિટેડ
વડોદરા 390 007 ભારત



'TOR'®
SYMBOLIZES QUALITY, STRENGTH, SAFETY OF STRUCTURES PLUS ECONOMY

Only 'TOR' gives a 40% saving (Tor-40) and 50% saving (Tor-50) over mild steel

Manufactured by
PUNJAB STEEL ROLLING MILLS (BARODA) LTD.
Old Station, Baroda - 390002. Ph. : 327151-52-59
Gram : 'HOOPS' Baroda. Telex : 0175-257 PSRM IN

The only licencees of repute for manufacture of **TOR REINFORCING STEEL BARS** in the State of Gujarat in Technical collaboration with. **TORSTEEL** RESEARCH FOUNDATION in INDIA conforming to IS : 1786/1985. and various other International Standards.
ALSO
M.S. / E.Q. Wire Rods in Coils
M.S. Round Bars, Squares etc.
conforming to various Indian Standard Specifications

Stockists : **SURAT** : M. Lokhandwala & Co. Tilak Maidan, SURAT - 395003. Ph. : 26592
AHMEDABAD : MRK Agencies. Arvind Colony, Nr. Police Commissioners Office, Shahibaug, Ahmedabad-380004 Ph. : 332167
IPB

ભાષા અને સાહિત્ય સંદર્ભમાં મહારાજાના વિચારો

- પ્રા. બંસીધર શર્મા

કોઈપણ દેશની સંસ્કૃતિનો ... મહત્વપૂર્ણ વારસો હોય છે. ... એમાં સમાજનું સદીઓનું ... ચિંતન થાય છે. આ તેની ... એક મજબૂત કડી હોય છે. ... આ બાબતને એટલી ... સમજી લીધી હતી કે જો ... એકતા અને રાષ્ટ્રીતાનો ... કરવો હોય અહીંની સંસ્કૃતિ ... ઇતિહાસને વિસ્મૃતિના ખાડામાં ... આપણી સત્તાને દૃઢ અને ... સ્વરૂપ આપવું હોય તો ... કર્યું અહીંના લોકોની ભાષા ... લેવી જરૂરી છે. આ ... અમલીકરણ કરવામાં ... ગવર્નર જનરલ લોર્ડ વેંટિક ... ના મેમ્બર મેકોલેની ભૂમિકા ... જાણીતી છે. અંગ્રેજી શિક્ષાનું ... ઘોષિત કરતા પહેલા એમણે ... પ્રાદેશિક ભાષાઓને ... અસાહિત્યક અવૈજ્ઞાનિક, ... દરિદ્ર, અક્ષમ, આ બધુ ... લાંછિત અને તિરસ્કૃત કરી ...

૧૯મી સદીનું આપણું રાજનૈતિક, ... સામાજીક તથા સાંસ્કૃતિક નેતૃત્વ ... અંગ્રેજોના આ કપટથી અજાણ ન ... એમણે દૃઢતાપૂર્વક આ નીતિનો ... વિરોધ કર્યો અને અંગ્રજો દ્વારા ... દેશમાં આવેલ આ સાંસ્કૃતિક ... આક્રમણ પર રાષ્ટ્રીયજીવનને સચેત ...

મહારાજા સયાજીરાવ ગાયકવાડ ... (ત્રીજા) પણ આ દૃષ્ટિથી પાછળ ન ... હતા. એમના હૃદયમાં એક ... રાષ્ટ્રચેતનાનું રૂપ વિદ્યમાન હતું ... જો આ અંગ્રેજોના કપટથી આકુળ ... થઈ ગયા હતા. તેથી સત્તામાં ... આવતાની સાથે જ એમણે દેશી ... ભાષાઓના વિકાસ અને ઉન્નતિ ... માટે ઉમંગ અને યોજના બધ્ધ રીતે ... કામ કર્યું. આ જોતા એમ લાગે ... છે કે જાણે તેઓ પોતાના સઘળા ... શાશનકાળ દરમ્યાન મેકોલેના આ ... સપનને પડકાર આપવા માટે એક ... ભાષા અને લિપિની હિમાયત કરીને ... રાષ્ટ્રીય એકતાને દૃઢ કરવામાં કોઈ ... કસર છોડી ન હતી. ગાંધીજીથી પણ ... ઘણા પહેલાં તેઓ હિન્દીને સંપૂર્ણ ... રાષ્ટ્રની સંપર્ક ભાષાના રૂપમાં ... સ્વીકાર કરી ચૂકયા હતા.

દેશ અને દુનિયામાં જ્યાં પણ ... ગયા એમણે મુકત મનથી ... પોતાના આ વિચારને લોકોની સામે ... મૂક્યા. પ્રસ્તુત લેખ મહારાજા ... સાહેબના હિન્દી ભાષાના વિચાર ... અને કાર્યો પર કેન્દ્રીત છે.

આપણે જાણીએ છે તે પ્રમાણે ... મહારાજા સાહેબનો શાશનકાળ સન ... ૧૮૭૫ થી ૧૯૩૯ સુધી રહ્યો. ગાદી ... પર આવતાની સાથે બીજા જ વર્ષે ... ૧૮૭૬માં એમણે પ્રાદેશિક ભાષા ... માધ્યમ ગુજરાતીની એક મહિલા ... ટ્રેનિંગ કોલેજ શરૂ કરાવી. જેમાં ... બીજા વિષયોની જેમ હિન્દી પણ ... શીખવાડવામાં આવતું. આ કાર્ય ... વિષ્ણુ રામ શર્માને સોંપવામાં આવ્યું ... હતું કે જે ગુજરાતમાં પહેલા ... હિન્દીના અધ્યાપક હતા. ૧૮૯૦માં ... એમણે પ્રાદેશિક ભાષાના માધ્યમનું ... એક ટેકનિકલ તેમજ ઔદ્યોગિક ... શિક્ષણ સંસ્થાના (જે કલાભવનના ... નામે આજે પણ એમ. એસ. યુનિ. ... સાથે જોડાયેલ છે) તેની સ્થાપના ... કરી.

મેકોલેના ભાષામાટે પાખંડપૂર્ણ ... સપનને એમણે ખોટું સાબિત કર્યું. ... આ સંસ્થાની સ્થાપનાની યોજના તો ... એમના મનમાં ૧૮૮૬થી આવી ગઈ હતી. પરંતુ તેનો અમલ ૧૮૯૦માં થઈ શકયો. શિક્ષા માધ્યમના વિષયમાં એમણે તેમનો શાશકીય આદેશ હજૂર ઓર્ડરમાં લખ્યો "Such teacnical instation should Preferably be in the vernacular" જો એમ ન થાય તો "It Would not Permeat and take root in the state" પૂરા દેશમાં આ પ્રકારની આ પહેલીજ સંસ્થા હતી. તેથી આ સંસ્થા આખા દેશમાં આર્કષણ નું કેન્દ્ર બની હતી. આ સંસ્થામાં પ્રવેશ માટે દેશના વિવિધ પ્રાંતના વિદ્યાર્થીઓની અહીંયા ભીડ રહેતી. અહીયા રંગ, ચિત્ર, વિજ્ઞાન, શિલ્પ અને ઉદ્યોગની કક્ષા શરૂ કરવામાં આવી. સમય જતાં બ્રશ, બટન, ઘડિયાળો, સ્ટીલપેન જેવી વસ્તુઓ બનાવવી તથા તેની ઉપર એનમલ લગાડવું આ બધું કાર્ય પણ અહીં શીખવાડવામાં આવતું. આ સાથે એક પ્રયોગશાળા પણ હતી. મહારાજાએ એન્જિનિયરીંગ કાષ્ટ શિલ્પ ઘડિયાળો બનાવવા ફોટોગ્રાફી, વગેરેમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવાની દૃષ્ટિથી કેટલાક વિદ્યાર્થીઓને પરદેશ મોકલ્યા હતા.

આવી સંસ્થાઓ એમણે અમરેલી, નવસારી, પેટલાદ, તથા પાટણ જેવા કસ્બાઓમાં પણ ચાલુ કરાવી હતી અહીં પણ દરેક જગ્યાએ ગુજરાતી ભાષામાં જ શિક્ષા ચાલતી હતી. આના માટે પાઠયપુસ્તકો તથા સંદર્ભ પુસ્તકો તૈયાર કરવા માટે મહારાજાએ ૫૦,૦૦૦ રૂ. આપ્યા હતા. તેનો સંપૂર્ણ ભાર પ્રસિધ્ધ વૈજ્ઞાનિક પ્રોફેસર ત્રિભુવનદાસ ગજજર પર નાંખી દીધો હતો અત્રે યાદ રાખવું જોઈએ કે પ્રોફેસર ગજજર પ્રાદેશિક શિક્ષણ માધ્યમના જબરજસ્ત હિમાયતી હતા. તેઓ કલાભવનના પ્રથમ આચાર્ય હતા. એમની સહાયતાથી "સયાજીજ્ઞાન મંજૂષા" અને "લઘુજ્ઞાન મંજૂષા" બે દેશી પુસ્તકમાળા શરૂ કરી હતી જેમના દ્વારા બેજ વર્ષના ગાળા દરમ્યાન શાસ્ત્ર, શિલ્પ અને વિજ્ઞાન સંબંધી અનેક દેશી-વિદેશી ભાષાના ગ્રંથો ગુજરાતી મરાઠીમાં પ્રકાશિત કર્યા.

દેશીભાષાની ઉન્નતિની દૃષ્ટિથી એમણે ૧૮૮૫માં રાજયના શિક્ષણ ખાતાના નામથી શાશકીય આદેશ હજૂર હુકમ બહાર પાડયો જેમાં કહ્યું હતું કે "દેશીભાષાની ગ્રંથ સામગ્રીની અભિવૃદ્ધિના માટે વિદેશી ભાષા ઓના અનુવાદ કરવા તથા મૌલિક ગ્રંથ નિર્માણ માટે પ્રોત્સાહન આપવું જોઈએ એના માટે લેખકોને પારિતોષિક આપવા જોઈએ અને ગ્રંથોને સરકારી ખર્ચથી પ્રકાશિત કરવા જોઈએ. આપણી આ યોજનાની અંતર્ગત એક ભાષાન્તર શાખા જ સ્થાપિત કરી હતી. જેમાં ઘણા ઉલ્લેખનીય ગ્રંથોનું પ્રકાશન કર્યું સન ૧૯૦૮માં આ શાખાને બે વિભાગોમાં જુદી કરી ફરી તેને નવુ રૂપ આપ્યું પહેલો ભાગ હતો જ્ઞાન વર્ધક... 'Literature of knowledge" તથા બીજો હતો તેજો વર્ધક વાય Literature of Power આ બે ભાગોની અંતર્ગત ઈતિહાસ શાસ્ત્ર, નાટક, ધર્મ નામના ચાર ભાગોમાં અનેક ગ્રંથોનું પ્રકાશન પ્રાદેશિક ભાષાઓમાં કર્યું. આ કમ એમના જીવન સુધી ચાલતો રહ્યો એમના જીવન ચરિત્રકાર દાજી નાગેશ આપ્ટે એ લખ્યું છે કે મહારાજા સાહેબે ૬ લાખ રૂપિયા અનુદાન પાછળ ખર્ચ્યા. આચાર્ય મહાવીર પ્રસાદ ત્રિવેદી એ મહારાજા સાહેબની "માળાઓ" ના આધાર પર જ "સરસ્વતી"માં તેમની પ્રશંસામાં લખ્યું હતું. આપના નામથી મરાઠીમાં ગ્રંથોની માળાની માળા જ નીકળે છે આપની આ માળામાં જેટલા ગ્રંથો નીકળે છે એ એક એકથી ચઢિયાતા છે. અત્યારે અમારે આવા ગ્રંથોની જરૂર છે. ફરી લખ્યું કે હિન્દી પ્રદેશમાં ગાયકવાડ જેવો કોઈ પ્રગતિશીલ નરેશ ન હતા. સ્વયં ગાયકવાડે હિન્દી પુસ્તકો પ્રકાશિત કરવામાં સહાયતા કરી એ અલગ વાત છે. (મહાવીર પ્રસાદ ત્રિવેદી અને હિન્દીનવજાગરણ /રામ વિલાસ શર્મા દ્વારા)

કહ્યા કરતાં હતા અને જે પણ સાચુંજ છે કે જ્યુધી સ દેશી ભાષાઓમાં સારા ગ્રંથ ઉપલબ્ધ નહી થાય ત્યાં સુધી લોક શિક્ષણના બધા જ ઉપાયો અપંગ સાબિત થશે. મુંબઈની ગ્રંથ પ્રકાશન મંડળી દ્વારા આયોજિત કાર્યક્રમમાં એમણે શિક્ષકો તથા વૈજ્ઞાનિકો પાસેથી પ્રાદેશિક ભાષાઓમાં વિષયવાર પુસ્તકો લખવાનો આગ્રહ કર્યો હતો.

આના કારણે એમણે વારંવાર ઘણી સાહિત્ય સંસ્થાઓને અનુદાન પણ કર્યા હતા. આમાં સન ૧૯૧૨માં ગુજરાતી સાહિત્ય પરિષદ આપવામાં આવેલું બે લાખ રૂપિયાનું અનુદાન વિશેષ ઉલ્લેખનીય છે. જેનો ઉપયોગ સયાજી સાહિત્ય માળા નામના એક ગુજરાતી પુસ્તક પ્રકાશન માળાનાં રૂપમાં થાય છે.

જેવી રીતે એમણે શિક્ષાના ક્ષેત્રમાં પ્રાદેશિક ભાષાને મહત્ત્વ આપ્યું આવી જ રીતે એમણે એમના શાશન દરમ્યાન પણ ગુજરાતી ભાષાનો જ ઉપયોગ કર્યો હતો ગુજરાતી અહીંની રાજભાષા હતી. પોતાનો શાસકીય આદેશ ૧૮૮૫માં એમણે લખ્યું, "આ સ્વાભાવિક જ છે કે કોઈપણ વ્યકિતને બીજાની ભાષા કરતા પોતાની ભાષામાં વિચાર કરવાની સુવિધા વધુ રહે છે તેથી આપણે ધીમે ધીમે રાજય કાર્યમાં આગળ વધવું જોઈએ. વાર્ષિક રિપોર્ટ જુદા જુદા વિભાગોની ગુજરાતી ભાષામાં જ તૈયાર થવી જોઈએ. બીજી એક વાત એમણે એ પણ કહી હતી કે કાયદો લોકો માટે જ બનાવાય છે તેઓ એને સારી રીને સમજી શકે તે હેતુથી જરૂરી છે કે લોકોની ભાષામાં જ રાજયના કાનૂન કાયદાઓ પ્રકાશિત કરવામાં આવે. ફોજ રાજયના બધાજ વિભાગોના થોડા ઘણા ભાગો છોડી રાજયના બધાજ વિભાગોમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ થતો તેઓ તેમના આદેશોનું પાલન કરવામાં કેટલા સજાગ હતા તેનું એક ઉદાહરણ પૂરતું છે.

કહેવાય છે કે એકવાર એમના કોઈ અધિકારી એ ગુજરાતીના પરિપત્ર પર ભૂલથી અંગ્રેજીમાં હસ્તાક્ષર કરી દીધા તો મહારાજાએ એમને વિદેશમાં બેઠા બેઠા ૫૦ રૂપિયા દંડ ફટકારી દીધો.

ઉપર કહ્યા પ્રમાણે ન્યાયાલયોમાં પણ બધુજ કામકાજ ગુજરાતીમાં થતુ હતું. પ્રત્યેક અધિકારી માટે ગુજરાતીનું જ્ઞાન આવશ્યક હતું. સમય જતા સન ૧૯૧૦-૧૧ની આસપાસ હિન્દી એક અનિવાર્ય વિષયના રૂપમાં ઘોષણા કરવામાં આવી તો એમણે બધાજ અધિકારી ઓ માટે હિન્દીની પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત કરી દીધું એટલું નહિ વકીલોને પણ હિન્દી ભાષાની જાણકારીનું પ્રમાણપત્ર મળ્યા પછી જ વકીલાત કરવા પ્રશાસનિય કાર્યો માં એકરૂપતા તથા સુવિધા મળી રહે એ હેતુથી એક શબ્દકોષનું પણ નિર્માણ કર્યું હતું. આ રીતના પ્રથમ શબ્દકોષની યોજના તો ઓગણીસમી સદીમાં અંત ભાગમાં એવા સમય દરમ્યાન અસ્તિત્વમાં આવી હતી, કે જ્યારે કલાભવનના પાઠય કામ માટે ટેકનિકલ તથા ઔદ્યોગિક પાઠય પુસ્તકો તથા સંદર્ભ ગ્રંથ તૈયાર કરવા પડયા હતા. આને વૈજ્ઞાનિક કોષ નામ આપવામાં આવ્યું હતું જેમાં એક અંગ્રેજી શબ્દ માટે ચાર ભારતીય ભાષાઓ હિન્દી, ગુજરાતી, મરાઠી તથા બાંગ્લાના શબ્દો પર્યાય આપવામાં આવ્યા. દુર્ભાગ્ય રૂપ તે અધૂરો રહી ગયો અને આજે પણ વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરમાં પૂરો થવાની પ્રતિક્ષામાં છે બીજો શબ્દ કોષ સયાજીશાસન કલ્પતરૂ જે અષ્ટભાષા કોષ છે બે વર્ષના ઘણા પ્રયત્ન પછી તૈયાર કરેલ આ કોષ સન ૧૯૩૧માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ શબ્દકોષ કુલ ૯૧૨ પાનાનો છે જેમાં આઠ ભાષા લિપિમાં લગભગ ચાર હજાર શબ્દોનો સંગ્રહ છે. જેમાં અંગ્રેજી સિવાય આઠ ભાષાઓના સમાનર શબ્દો આપવામાં આવ્યા છે. તે "સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, બાંગ્લા અરબી અને ફારસી" છે.

પ્રાદેશિક ભાષાઓના સમર્થક હોવા છતાં પણ રાષ્ટ્રીય સ્તર પર તેઓ હમેંશા હિન્દીના જ સમર્થક રહ્યા હતા. એમની પાસે એક વ્યાપક તથા રાષ્ટ્રીય દૃષ્ટિ હતી. આના કારણે આપણે તેઓ કોઈ એક જ પ્રાંતના હતા એમ ન કહી શકીએ તેમણે કયારેય એવુ પસંદ કર્યું ન હતું કે દેશના પ્રજાજનો પ્રાદેશિક સીમાઓમાં બંધાણ સંકુચિતતાથી કામ કરે. સન ૧૯૦૯માં મહારાષ્ટ્ર સાહિત્ય સંમેલનમાં એમણે એમની મરાઠી ભાષાની ઉન્નતિ માટે કરવામાં આવેલ કાર્યોની તો ખૂબ પ્રશંસા કરી અને એમ પણ કહ્યું કે આપણે આ ભાષાનો વિચાર પ્રાદેશિક દૃષ્ટિથી નહી કરતા રાષ્ટ્રીય દૃષ્ટિથી કરવો જોઈએ. સંપૂર્ણ રાષ્ટ્રની પ્રગતિ દેશી ભાષાઓના માધ્યમથી જ થવી જોઈએ તેમણે પૂરા રાષ્ટ્ર માટે એક ભાષા એકલિપિની આવશ્યકતા ઉપર કેટલીવાર પોતાના ભાષણોમાં ભાર આપ્યો હતો. સન ૧૯૧૨માં એક સ્થાન પર પોતાના ભાષણમાં કહ્યું હતું કે,

"કાશ્મીરથી સિલોન સુધી બધા જ માણસોના વિચાર વિનિમય તથા સહકારની ભાવના પેદા કરવા માટે સંપૂર્ણ રાષ્ટ્રમાં એકજ ભાષા હોવી જરૂરી છે. આ સંબધમાં એમના કોલ્હાપુર સાહિત્ય સંમેલન ૧૯૩૨ તથા હિન્દી સાહિત્ય સંમેલન દિલ્હી ૧૯૩૪ના અધ્યક્ષીય ભાષણો પર વિશેષ ધ્યાન આપવા જેવા છે જેમાં એમણે સ્પષ્ટ ઘોષિતકર્યું હતું કે હિન્દી જ અમારી રાષ્ટ્રીય ઐકયની પોષક છે તથા એજ રાષ્ટ્રભાષાના પદ પર પ્રતિષ્ઠિત થવી જોઈએ.

હિન્દી સાહિત્ય સંમેલનમાં એમણે વિસ્તારથી પોતાના વિચારો રજૂ કરતા કહ્યું હતું કે જે લોકો અંગ્રેજીને સંપર્ક ભાષા બનાવવાની વાત કરે છે એમણે સમજી લેવું જોઈએ કે એનાથી રાષ્ટ્રીય પ્રગતિ તથા એકતાના કાર્યમાં સફળતા નહી મળે. એનો અર્થ એવો નહિ કે આપણે અંગ્રેજીનો ત્યાગ કરવો જોઈએ. સુશિક્ષીત લોકોએ તેને અવશ્ય વાંચવું જોઈએ. જેમ કે તે ઓ કરી જ રહ્યા છે. તેનો વ્યવહારિક લાભ તો છે જ. સાથે જ સમાજ પર તેનો જે મનોવૈજ્ઞાનિક પરિણામ હશે એ અત્યંત મહાત્ત્વનું હશે. દૈનિક જીવન વ્યવહારમાં બીજી ભાષાનો વ્યવહાર અત્યંત પીડાદાયક વાત છે. જેમાં સ્વભાષાનું શુધ્ધ રૂપ તો રહેતું જ નથી. ઉપરથી બોલતી વખતે આપણે ઘણા બીજા શબ્દોનું એમાં મિશ્રણ કરીએ છીએ. પરિણામ સ્વરૂપ એક આચરણથી આપણી રાષ્ટ્રીયભાવનાને આઘાત લાગશે. આ એક ગુલામીનું લક્ષણ છે. તેથી અહીં એ પણ સ્પષ્ટ કરવું જરૂરી લાગે કે મહારાજા સાહેબ એક ભાષા સાથે એક લિપિના જ સર્મથક હતા. તેથી એમના કાળમાં ગુજરાતી ભાષા લેખનમાં સર્વત્ર દેવનાગરી લિપિનો જ ઉપયોગ થતો.

આ કાર્ય આજના અમારા ભાષા વિવાદ તથા એની સાથે જોડાયેલ સમસ્યામાં જન-નેતાઓને લીધે માર્ગદર્શક સિદ્ધ થઈ શકે છે. કદાચ આપણે આ સમસ્યાઓને ઉકેલવા માટે પૂરી નિષ્ઠાથી તૈયાર થઈએ !

અનુ. કુ. મિત્રા ભટ્ટ

વડોદરા અને શેઠશ્રી હરિભક્તિ

રાજકારણમાં હરિભક્તિ

'હરિભક્તિ' પેઢીના હરિભાઈ અને ભક્તિદાસ બન્ને લક્ષ્મીદાસના પુત્રો. લક્ષ્મીદાસના પિતાનું નામ ગોવિંદજી. હરિભાઈ અને ભક્તિદાસે 'હરિભક્તિ' નામથી શરાફી પેઢી શરૂ કરી.

એમના પૂર્વજો વાઘોડિયા તાલુકાના માંડોધર ગામના વતની. હરિભક્તિ કુટુંબે ૧૮મા સૈકામાં વડોદરા તેમજ પૂનાના દરબારો સાથે સારી એવી લેણદેણ કરેલી. પેઢી સરકારને પોતદારી પદ્ધતિ પ્રમાણે નાણાં ધીરતી.

આ પેઢીના મગનભાઈ હરિભક્તિએ સર સયાજીરાવના સમયમાં શરાફી શાહુકારોને ભેગા કરી રાજ્યમાં બેંક સ્થાપવા પ્રયત્નો કરેલા. આ પ્રયત્નોને પરિણામે બ્રીટીશરોએ અમુક શરતો ગમતી ન હોવા છતાં સ્વીકારી અને બેંક ઓફ બરોડાની સ્થાપના થઈ. મગનભાઈ ફાઉન્ડર ડીરેકટર થયેલા.

હરિભાઈ અને ભક્તિભાઈએ ધીરધારનો ધંધો પૂનાના પેશ્વાઓ સુધી ફેલાવેલો. ૧૮મી સદીમાં રાજઘરાનાઓમાં આ બન્ને ભાઈઓની ખૂબ જ ખ્યાતિ.

૧૭૬૧માં હરિભક્તિએ પુનામાં શાખા ખોલી. ૧૭૬૧ના પાણીપત યુધ્ધમાં મરાઠાઓ હાર્યા. પેશ્વાઓની પશ્ચિમભારતમાં અસર સારી હતી. .ન ૧૭૬૧ થી ૧૭૭૨ સુધી બનને કારણે ગયેલી આબરૂ પાછી મેળવવા પેશ્વા માધવરાવે જહેમત ઉઠાવેલી. સને ૧૭૭૭માં હરિભક્તિ પેઢીની કુશળતા અને દીર્ઘદૃષ્ટિને કારણે પેશ્વાએ કજાપુર તાલુકાનું દાભી ગામ ભક્ષિશ કરેલું.

શ્રી માનાજી ગાયકવાડ એક વર્ષ માટે રાજવી પદે રહ્યા હતા. તેમણે સને ૧૭૯૨માં હરિભક્તિને 'પાલખી કમીશન' આપેલું. માનાજી ગાયકવાડના અંગ્રેજોની ખટપટને કારણે રાઘોબા પેશ્વાના પુત્ર શીંદે પેશ્વાએ નાના ફડનવીસને કેદ કરેલા. તેમનું અવસાન થતાં મોટી મુશ્કેલી ઊભી થઈ. ફડનવીસે રાખેલા ૬૦૦ આરબ સૈનિકોના પગાર ચૂકવાયા ન હતા. આરબોએ નાના ફડનવીસનો મૃતદેહ અટકમાં લીધો ત્યારે શેઠ હરિભક્તિએ પગાર ચૂકવવાની બાંહેધરી આપી અંતિમક્રિયા કરાવી.

આ પેઢીના શામળભાઈ અને બેચરભાઈએ પેઢીનું કામકાજ ચાલુ રાખ્યું. બેચરભાઈના પુત્ર પરશોત્તમભાઈ અને પૌત્ર મગનભાઈએ ગાયકવાડી રાજ્યમાં સારો એવો ભાગ લીધો.

સને ૧૮૫૭ના બળવામાં પણ સ્વાતંત્ર્ય સેનાનીઓ ને આ પેઢીએ મહત્ત્વની મદદ પહોંચાડેલી.

ભારત સ્વતંત્ર થયું ત્યાં સુધી આ પેઢીએ ગાયકવાડી રાજ્યને સેવાઓ આપેલી છે.

સયાજીરાવના દીકરા ધૈર્યસિંહ રાવે માંડવી પર દાણા ચણતા એક કબુતરનો શિકાર કર્યો ત્યારે લોકો વિરોધ દર્શાવવા એકત્ર થયા. દુકાનો બંધ થઈ. આ વખતે મગનભાઈએ મામલો થાળે પાડયો. સયાજીરાવ જાતે પધાર્યા અને પુત્રની ભૂલ બદલ દિલગીરી વ્યકત કરી.

બીજો એક પ્રસંગ છે જેમાં સયાજીરાવના જયેષ્ઠ પુત્ર ફતેસિંહરાવનું અવસાન થયું તે વખતે વડોદરામાં ટ્રામ ચાલુ હતી એના સંચાલક મહંમદઅલી એ ટ્રામ ચાલુ રાખી તેથી વાતાવરણ તંગ બન્યું. મગનભાઈએ દમ્યાનગીરી કરી ટ્રામ બંધ રખાવી અને રાજા તથા પ્રજાની લાગણી સાચવી.

શ્રી સયાજીરાવે એમને 'રાજ્યમિત્ર'નો ઈલકાબ એનાયત કર્યો. પોતાની નવલખી વાવ પણ મહેલને ફરતી વાડ કરવાના પ્રસંગે નજીવી રકમમાં રાજાને સુપરત કરી.

મરણ પછી પેશ્વા દરબારે હરિભક્તિ પાસેથી ૧૧.૨ ગ્રા. (મિલીયન) ગોવિંદરાવને રાજા તરીકે માન્ય કરવા હરિભક્તિ પેઢી પાસે માગેલા. જે હરિભક્તિની પેઢી તરફથી આપવામાં આવેલા. જો હરિભક્તિ પેઢીએ પેશ્વાને નાણાં ન ચૂકવ્યાં હોત તો કદાચ ગાયકવાડી સરકાર નાબુદ થઈ જાત.

પેશ્વાના ટેકા વગર ગાયકવાડ સબળ બન્યા. હરિભક્તિએ ૧૮મી સદીમાં પૂનામાં પેઢી બંધ કરી. વડોદરાને કેન્દ્ર બનાવી વ્યવસાય વિકસાવ્યો. સન ૧૮૦૦માં ગોવિંદરાવ ગુજરી ગયા. આર્થિક સ્થિતિ કથળવાથી ગોવિંદરાવના વારસદાર આનંદરાય અને કાઉન્સિલર વચ્ચે વિખવાદ ઊભા થયા ત્યારે નાદારીમાં ગયેલ સરકારની જામીનગીરી હરિભક્તિ પેઢીએ લીધેલી.

ગાયકવાડી રાજ્ય દરમ્યાન ભારતની સ્વાતંત્ર્ય ચળવળ પ્રવૃત્તિને વેગ આપવા સરદાર પટેલ વડોદરા આવ્યા ત્યારે કેટલાક મહારાષ્ટ્રીયન ઉશ્કેરાયા. પથ્થરમારો કર્યો. ન્યાયમંદિર પાસે સરઘસ વિખેરાઈ નખાયું. તોફાનમાં એક મહારાષ્ટ્રીયન યુવકનું મૃત્યુ થતાં પ્રજા ઉશ્કેરાઈ. શેઠશ્રીએ તાત્કાલિક રાજ્યના દિવાન કૃષ્ણમાચારીને સંદેશો મોકલાવી લશ્કરી પલ્ટન બોલાવી અને શાંતિ જાળવવામાં મદદ કરી.

આમ ઘણા પ્રસંગો છે. પ્રતાપસિંહ રાવે પણ શેઠ રતનલાલભાઈને રાજ્યમિત્રનો ઈલકાબ આપેલો.

આ કુટુંબે વિદ્યા, ચાતુર્ય અને ધન શકિતના કારણે ઘણાં લોકોપ્રયોગી કામો કર્યા છે. ડૉકટરો, એન્જિનિયરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટટો, માર્કેટીંગ અને કલાના ક્ષેત્રે હરિભક્તિ કુટુંબના સભ્યો ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ ગૌરવ પામેલા છે અને આજે પણ પોતાની કુટુંબની યશગાથા જાળવે છે.

ELECTROTHERM

SHAPING THE FUTURE OF INDUCTION TECHNOLOGY



INDUCTION HEATING

INDUCTION MELTING



A.C. DRIVE

1982. From the year of our inception we had our strengths in sharp focus. Electrotherm entered the market as specialist manufacturers of medium frequency induction melting furnaces, improvised and adapted for specific requirements of user industries. We knew the competition was stiff the task uphill. But we were offering indigenised technology at its best. Our qualified workforce had accepted the challenge.

1989. Today, we look back with pride. In seven years Electrotherm has emerged as the undisputed market leader... the induction melting genius. With more than 60 installations nationwide, a production range of 10 kg. to 12 tons—figures that reflect an installed melting capacity of over 2970 tons and an increase in turnover of 650 folds.

We have finally arrived....

Electrotherm is now geared to manufacture well engineered **customised Induction Heating and Hardening equipments** for specific forging and heating applications. An advantageous option for auto-part manufacturers and heat treaters. The best that money can buy.....

Electrotherm is now launching A.C./D.C. drives and D.C. Rectifiers. It substantiates a corporate commitment to innovation and growth. It vitalises our infrastructure. It endorses our quest for excellence. We, at Electrotherm are proud that our in-house Research and Development efforts have been recognized and certified by the Ministry of Science and Technology, Government of India.

Electrotherm offers....

* Induction Melting furnaces. 10 Kgs. to 12 Tons capacity with 10 to.6000 K.W. M.F. Static Generator
* Induction Heating, Hardening, Brazing equipment from 1.2 K.W. to 4000 K.W. in any required frequency.
* Variable speed A.C. Drives from 5 H.P. to 300 H.P.
* D.C. Drive for special application.
* Special D.C. power supplies.
* Rectifier for special applications

OUR BANKERS Bank of India.

ELECTROTHERM

Electrotherm Machines (India) Pvt. Ltd.

H.O. 414/1, GIDC Phase II, Opp. Vinzol Crossing, Vatva, Ahmedabad - 382 445.

Tel. : (0272) 831463/4/5 Cable : QUIKMELT-Vatva Telefax : 831412 Telex : 0121-6009 ETM-IN

Delhi Ph. : 5417624 Madras Ph. : 861096 Bombay Ph : 8514541

At Electrotherm, we believe, perfection is a necessity, not an achievement.

Projections

વડોદરાની વ્યાયામ પ્રવૃત્તિ

- શ્રી સુમંતભાઇ પટેલ

ઈસ. ૧૮૭૫ પહેલાંનો કાળ જગતનાં બધા જ રાષ્ટ્રોમાં તન અને મનના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો - છે. આ વિચારસરણી યુગો-પુરાણી છે. વ્યાયામથી તન અને મન શુદ્ધ થાય છે. પ્રફુલ્લિત બને છે, ચૈતન્ય પ્રગટે છે તેમજ બળ, બુદ્ધિ, વીર્ય અને સ્મરણશક્તિની વૃદ્ધિ થાય છે. શરીર બાંધો સુડોળ અને કૂઆબદાર બને છે. ધૈર્ય અને નિર્ભયતા વ્યાયામમાં અભિપ્રેત છે.

પહેલાનાં સમયમાં જે યુદ્ધો ખેલાયાં તે સામૂહિક દ્વંદ્વ યુદ્ધો હતાં. હાથી, ઘોડા અને ઊંટ પર બેસીને તથા જમીન પર સામસામી યુદ્ધ ખેલાતાં હતાં. આવાં યુદ્ધોને પરિણામે તે સમયના રાજા-મહારાજાએ કસાયેલા, મજબૂત અને નિર્ભય સૈન્યનું મહત્ત્વ પિછાણ્યું હતું. આ દૃષ્ટિએ પ્રત્યેક રાજય પોતાના સૈનિકને, પોતાની પ્રજાને અને ખુદ રાજા પોતાની જાતને પણ વ્યાયામની નિયમિત પ્રવૃત્તિમાં જોડી દેતાં. આથી કરીને તલવાર, ભાલા, પટા, લાઠી, મલ્લવિદ્યા જેવાં હથિયારોની વિશિષ્ટ તાલીમ અંગોની વ્યાયામ પ્રવૃત્તિ ખૂબ પ્રભાવિત થઈ.

હવે આ સંદર્ભમાં મરાઠા રાજય કાળનો વિચાર કરીએ તો જાણવા મળે છે કે વ્યાયામની આ સમજણને મહારાષ્ટ્રની પ્રજાએ પોતાના નિત્ય જીવનમાં સારી રીતે વણી લીધી હતી. તેમાંય સમર્થ રામદાસ સ્વામીની પ્રેરણા અને છત્રપતિ શિવાજી મહારાજાના નેતૃત્વને પરિણામે મહારાષ્ટ્રની પ્રજા રાષ્ટ્રપ્રેમી અને વ્યાયામપ્રેમી બની એટલું જ નહિ પરંતુ સમગ્ર ભારતીય પ્રજામાં નવચેતના પ્રગટાવવાનાં પુરુષાર્થમાં વ્યાયામની સાધનાને પાયામાં મૂકીને ગામડાઓમાં પણ અખાડાઓ સ્થાપ્યાં અને લશ્કરી તાલીમની શરૂઆત કરી.

પેશવાઓના સમયમાં લાઠી, દંડ-બેઠક, સૂર્યનમસ્કાર, ઘોડેસ્વારી, ભાલા, તલવાર, નાળ, ગદા, જોડી, લેઝિમ, ફરસી અને કુસ્તી વગેરે વ્યાયામના અંગો ખૂબ પ્રચલિત હતાં. મલ્લવિદ્યાને પ્રોત્સાહન મળતું. ખાસ કરીને જયેષ્ઠી મલ્લોને રાજયાશ્રય મળતો. રાજયમાં તાલીમખાના ચાલતાં અને તેઓ મલ્લવિદ્યાના ગુરુઓ બન્યાં. પેશવાઓના ઘડતરમાં પણ વ્યાયામસાધનાનું ખૂબ જ મહત્ત્વ હતું. નાના સાહેબ, નારાયણરાવ, ભાઉસાહેબ, રાઘોબા, વિશ્વાસરાવ, માધવરાવ, સવાઈ માધવરાવ, બાજીરાવ બીજો આ બધા જ વ્યાયામના રંગે રંગાયા હતાં. વ્યાયામ તેમનો જીવનમંત્ર હતો. હવે "જેવો રાજા તેવી પ્રજા"ની ઉકિત પ્રમાણે તેમની પ્રજામાં પણ વ્યાયામનો ચસકો લાગ્યો. પ્રજા પણ વ્યાયામઘેલી બની. પ્રજાએ વ્યાયામને દિનચર્યાનું એક અંગ બનાવી દીધું.

મરાઠા સૈનિકોમાં દંડ-બેઠક, કુસ્તી, લેઝિમ વિગેરેનો ખૂબ પ્રચાર હતો. રાજા અને સરદારો પણ પહેલવાનોને પોષવામાં ગર્વ અનુભવતા. ગામડે-ગામડે અખાડાની પ્રવૃત્તિ વિસ્તરી. ત્યાં બળોપાસનાની તાલીમ, વીરરસની કથાઓ, શૌર્યગીતો, મહાભારતનાં પાત્રોની વીર ગાથાઓ, અને શૌર્યપ્રેરક પવાડા યુવાનોને સંભળાવવામાં આવતાં. પેશવાઓના પોતાના અંગત તાલીમખાના પણ હતાં અને રાજય બહાર જતી વેળા પોતાની સાથે પહેલવાનોને પણ લઈ જતા.

મરાઠા રાજયમાં મરદાની ખેલો ઘણા જ લોકપ્રિય હતા. વજમુષ્ટિની કુસ્તીઓની હરીફાઈ થતી. વિજેતાને માન અકરામ મળતા. સવાઈ માધવરાવની સેવામાં ગોવિન્દ જેઠી, મિના જેઠી અને નિમા જેઠી એમ ત્રણ જેષ્ટીમલ્લો હતાં.

મલ્લવિદ્યા અને કુસ્તીમાં મલખંબ (થાંભલા પરનો વ્યાયામ સ્તડભ શ્રમ) ખૂબ જરૂરી મનાય છે. બાળંભટ્ટ દાદા દેવધર મલ્લખંભ શાસ્ત્રના આદ્યગુરુ ગણાય છે. તેઓ પૂનામાં રાઘોબા ઉસ્તાદના અખાડામાં વ્યાયામ માટે જતા હતાં. રાઘોબા એક ચુનંદા નામી પહેલવાન હતા. તેમને પેશવાનો રાજયાશ્રય મળેલો. આ રાઘોબાએ બાળંભટ્ટ દાદાને તૈયાર કયા હતાં. છેલ્લા બાજીરાવના સમયથી બાળંભટ્ટ દાદા પેશવા કુટુંબના કુસ્તીગુરુ બન્યાં. પૂનાની શનિવાર પેઠમાં તેમની પરંપરાના ત્રણ અખાડા સ્થપાયા. આ બાળંભટ્ટ દાદાને ત્રણ પુત્રો હતાં. રામચંદ્ર, લક્ષ્મણ અને નારાયણ. ત્રણે છોકરા મલ્લવિદ્યા - કુસ્તીમાં પ્રવિણ હતાં.

વડોદરાની મરાઠા રિયાસતમાં તેમના નાના પુત્ર નારાયણનું યોગદાન હતું. નારાયણ ગુરુ પૂનામાં થોડો સમય રહ્યા અને ત્યારબાદ વડોદરામાં તેમના શિષ્ય તાત્યા કર્વે પાસે મહંમદ વાડીમાં રહ્યા. તેઓ ઘણીવાર કરનાળીમાં પણ જતા. તેમના કુસ્તી કૌશલ્યને લીધે વડોદરાની શાસ્ત્રી પોળના અખાડામાં તેમને ગુરુપદે સ્થાપવામાં આવ્યા. તેમના ઘણા શિષ્યો થયા ને તેમની પરંપરાના સ્થાપ્યા. વડોદરામાં શ્રી તાત્યાસાહેબ સહસ્રબુદ્ધે નારાયણગુરુના શિષ્ય હતા. તેમણે શાસ્ત્રીની પોળનો અખાડો ઘણા વર્ષ સુધી ચલાવ્યો હતો. પાછળથી આ અખાડો કાકાસાહેબની પાણામાં ખસેડાયો હતો. તે પછી ઈ.સ. ૧૯૦૫માં દ.ચિ. મુજુમદારના વાડામાં તે આવ્યો જે આજે "નારાયણગુરુચી તાલીમ"ના નામથી જાણીતો છે. આ જ સ્થળેથી શ્રી ગજાનન ટિળક, શ્રી તાવડેકર, શ્રી વિટ્ઠાંસ, શ્રી લક્ષ્મણ સપ્રે અને શ્રી વસંતરાવ કમાન વગેરેએ નારાયણગુરુની પરંપરાને ફેલાવી હતી. શ્રી આબા સાહેબ મુજુમદારે વડોદરામાં આ યશસ્વી પરંપરાને આગળ ધપાવી હતી.

ઈ.સ. ૧૮૧૮માં પેશવાઈનો અસ્ત થયો, પણ મરાઠા સરદારોનાં સંસ્થાનો અંગ્રેજી અમલમાં કાયમ રહ્યાં હતાં. આ સંસ્થાનોએ મહારાષ્ટ્રની વ્યાયામ - પરંપરાને જાળવી રાખી હતી.

ઈ.સ. ૧૮૧૯માં વડોદરામાં છ પહેલવાનો હતા. સયાજીરાવ બીજાને મલ્લવિદ્યાનો ઘણો શોખ હતો. તેમણે ઠેકઠેકાણે ૧૨૧ પહેલવાનોને નિમંત્રી પોતાની પાસે રાખ્યા હતા. તેઓ દર વર્ષે આની પાછળ રૂપિયા ૭૫,૫૦૦નો ખર્ચ કરતા હતા. તેમના પછી ગણપતરાવ મહારાજ આવ્યા, પણ તેમને મલ્લવિદ્યામાં ખાસ દિલચશ્પી ન હતી. પરંતુ તેમના પછી ખંડેરાવ મહારાજ આવ્યા. તેમણે મલ્લવિદ્યા અને વ્યાયામ - સાધનાને ઘણું ઉત્તેજન આપ્યું. મલ્લવિદ્યાના તેઓ પરમ ઉપાસક હતા. એમનામાં વિપુલ શરીરબળ હતું. એવું કહેવાય છે કે રાણીછાપ રૂપિયાને તેઓ અંગૂઠા-આંગળીમાં મસળી કાઢી ચપટો બનાવી દેતા હતા. તેમણે દેશભરમાંથી ઉત્તમ મલ્લોને લાવી વડોદરામાં વસાવ્યા હતા. આ મલ્લોની સંખ્યા હજાર જેટલી હતી. કુસ્તી ઉપરાંત બીજી તમામ પ્રકારની મરદાની વિદ્યાના તેઓ આશ્રયદાતા હતા. તરણ, કસરત, વજમુષ્ટિ કુસ્તી, અને ઘોડેસ્વારી માટે તેમણે ભારતભરમાંથી નિષ્ણાતોને વીણી વીણીને પોતાની તહેનાતમાં રાખ્યા હતા. આથી જ વડોદરા રાજય વ્યાયામવિદ્યાની પ્રેરણાભૂમિ બની ગયું. ખંડેરાવ મહારાજના ઉત્તેજનના કારણે જ પંજાબમાં પણ મલ્લવિદ્યા જળવાઈ રહી. વ્યાયામ વિદ્યાના ઉત્તેજન પાછળ તેઓ તે જમાનામાં દર વર્ષે રૂપિયા ૨,૫૪,૬૭૦નો ખર્ચ કરતા હતા. ગામા જેવા નામાંકિત પહેલવાનોએ ખંડેરાવને ભવ્ય અંજલિ આપેલી છે. રમજુ, ભુટ્ટા, સૈયદ અબ્દુલ, અલિયા, શાહજાદા, જમાલ, રામજી તથા જેઠી મલ્લોમાં રામચંદ્ર જેઠી, ભગીરથ જેઠી, અબા જેઠી, હનમા જેઠી, કનકા જેઠી અને નરસા જેઠી જેવા નામાંકિત પહેલવાનો તેમની પાસે હતા.

વજમુષ્ટિ પહેલવાનો મૂળ તો મોઢેરા પાસેના દેવલાલી આદિવિસ્તારના હતા. મોઢેરા ભાંગ્યું ત્યારે તેઓ તૈલંગણમાં જઈને વસ્યા. ખંડેરાવ મહારાજે તેમને તૈલંગણથી બોલાવી વડોદરામાં વસાવીને રાજયાશ્રય આપ્યો હતો. હનમા જેઠી અને નરસા જેઠીએ બે વજમુષ્ટિ પહેલવાનોએ વડોદરામાં આવીને વજમુષ્ટિ અખાડાની સ્થાપના કરી. લોહિયાળ વજમુષ્ટિ કુસ્તી કરનારા ઉત્તમ પહેલવાનોમાં જંપા અપ્પા, નરસા અપ્પા, રામા અપ્પા, કૃષ્ણાપ્પા, હનમા અપ્પા અને અબ્બાપ્પાનો સમાવેશ થતો હતો.

પંજાબી પહેલવાનોનો અગ્રણી જમાલ પહેલવાન હતો. શ્રીમંત ખંડેરાવ મહારાજે જમાલને એક ગામ ઈનામમાં આપ્યું હતું. પોતાના રાજયમાં પહેલવાની ખાતું ખોલ્યું હતું. અને તેના વ્યવસ્થાપક તરીકે ભગીરથ હરખા પહેલવાનને નીમ્યો હતો. ભગીરથે મલ્લવિદ્યા પર એક પુસ્તક પણ લખેલું જે સયાજી ગ્રંથમાળામાં પ્રગટ થયેલું.

વડોદરા રાજયાશ્રિત નામી પંજાબી પહેલવાનોમાં ગજરાજ, હરખા જેઠી, ભાયાજી, સમદુ, મુલ્લાજી, હનુમાન હરખા, દુર્ગા ગંગારામ, સમનખાં (લોટન), પૂંજા જેઠી ચૌધરી, કાદર અને ભગીરથ હરખા જેવાનો સમાવેશ થતો હતો. આ બધામાં દુર્ગા પહેલવાન શરીરે ઘણો કદાવર હતો.

નિમા અપ્પા પહેલવાને નિવૃત્તિ પછી સારણેશ્વરમાં વ્યાયામશાળા શરૂ કરીને ગુજરાતી પ્રજામાં વ્યાયામ પ્રેમ જગાડયો.

ખંડેરાવ મહારાજ પછી મલ્હારરાવ મહારાજના સમયમાં વડોદરામાં તેર જેટલા પહેલવાની અખાડા હતા. તેની પાછળ વાર્ષિક રૂપિયા ૭૦,૦૦૦ જેટલો ખર્ચ કરવામાં આવતો. ત્યાર પછી પહેલવાનો પાછળનો ખર્ચ કમી કરવામાં આવ્યો. વડોદરામાં દુર્ગા ગંગારામ પહેલવાન મહારાજાનો વિશેષ પ્રીતિપાત્ર અને નામાંકિત હતો.

સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનો સમય (ઈ.સ. ૧૮૭૫થી ૧૯૩૯)

રંકમાંથી રાય બનેલા છેલ્લા સયાજીરાવ બાળપણથી જ વ્યાયામપ્રેમી હતા. સવારમાં વહેલા ઊઠી, પ્રાત : કમ આટોપી કુસ્તી, જોડી, મલખંબ, દંડ-બેઠક, ઘોડેસ્વારી તેમજ સાંજે બેથી ત્રણ કલાક દેશી રમતો, કવાયત, તરણ ઈત્યાદિ વ્યાયામ કરતા. શિકારના ભારે શોખ ઉપરાંત ક્રિકેટમાં પણ થોડોઘણો રસ લેતા. તેઓ વારંવાર સ્વિટ્ઝર્લેન્ડ જતાં ત્યારે ત્યાં પોતાની સાથે પોતાના હજુરિયા લઈ જઈ તેમની સાથે કુસ્તી કરી લેતા. પહેલવાન દુધિયા તેમનો કુસ્તીનો જોડીદાર હતો. પોતાની વ્યાયામ શિક્ષા માટે તેમણે જુદા જુદા વ્યાયામ નિષ્ણાતોની નીચે મુજબ નિયુક્તિ કરી હતી.

૧. કુસ્તી....(જોડીદાર) પહેલવાન દુધિયા
૨. ફરી ગદકા.....ઉસ્તાદ કમાલખાં (કમ્માજી)
૩. બિનૌર.....શ્રી શંકરરાવ દીધે
૪. જોડી (૧૪ શેર વજન), સમતોલા (૧૨ શેર વજન), અને કરેલ (૧૮.૫ શેર વજન) - હરકો જેઠી, હનુમાન અને ગજરાજ. આ જોડી અને સમતોલા સાવંતવાડીથી તૈયાર કરાવેલા અને તેમાં સેનાની સુંદર નકશી ભરેલી હતી.
૫. મલખંબ.....હરકો જેઠી
૬. દંડ-બેઠક.....હરકો જેઠી, ગજરાજ અને ભગીરથ
૭. ઘોડેસવારી.....ઉસ્તાદ રહીમ મીયા અને કાસમમીયાં
૮. તરણ....ઉસ્તાદ મીર ફજલે અલ્લી (મીર મછલી)
૯. કવાયત....અને નિશાનબાજી. ....સાર્જન્ટ ગ્રિપ્સ
૧૦. તલવાર.....કર્નલ સાર્જન્ટ ગ્રુઈન
૧૧. બિલિયર્ડઝ....મોરિનસ

તેમના પોતાના માટે એક નવો જ અખાડો બાંધવામાં આવ્યો હતો. તેની માટીમાં અત્તર નાંખવામાં આવતું. ખુદ મહારાજા અખાડો ખોદતા અને વ્યાયામ મેળવતા. રાજમહેલનાં સ્ત્રી-પુરુષો પણ વ્યાયામપ્રેમી બની ગયાં હતાં.

તેમના સમયમાં, રાજયસંચાલિત ચાર અખાડા હતા. બે વજમુષ્ટિ, એક પંજાબી પહેલવાનોનો અને એક પટેગિરનો અખાડો હતો. હોળી, દશેરા અને નાતાલ પર દંગલો યોજાતાં. આમાં બહારના પહેલવાનો પણ ભાગ લેતા. માર્ચ ૧૯૧૮માં રાજયમાં "પહેલવાનો અને તેમની કુસ્તીઓના નિયમો" નામે એક પુસ્તક પ્રગટ કર્યું. રાષ્ટ્રીય રમતોને સજીવન રાખવા માટે "ક્રીડા ગ્રંથમાળા" શરૂ કરી. "મરાઠી ખેલોનું પુસ્તક" તથા "દેશી રમતોનું પુસ્તક" પણ પ્રગટ કર્યું.

મલ્લકુસ્તીના હાનિકારક અને જીવલેણ દાવપેચો દૂર કરીને કુસ્તીને હાનિરહિત બનાવી. ઈ.સ. ૧૯૧૨-૧૩માં ફરીગદકાના નિયમો નક્કી કર્યા. પહેલવાનોની સંખ્યા ઓછી કરી નાખી અને એ રીતે પહેલવાનો પાછળ ખર્ચાની મોટી રકમમાં કાપ મૂક્યો અને બચેલી રકમને આમ પ્રજાની શારીરિક સુધારણા માટે વાપરી.

શાળાઓમાં વ્યાયામ માટે પહેલવાનોની વ્યાયામ - શિક્ષક તરીકે નિમણુંક કરી. માધ્યમિક શાળાઓમાં મલખંબ, જોડી, કુસ્તી, કવાયત, સીડી, લાંબી કૂદ, ઊંચી કૂદ, ઘોડો (હોર્સ), ડંબેલ્સ, સિંગલબાર, ડબલબાર વગેરેની તાલીમ શરૂ કરી. હિન્દ વિજય જીમખાનાની સ્પર્ધાઓ શરૂ કરી. કોલેજમાં બી.સી.ટી.સી. શરૂ કરી અને મદ્રાસની વાય. એમ. સી. એ.ની સંસ્થામાં રાજયના શિક્ષકોને તાલીમ આપી તેમને શાળા - કોલેજોમાં નિયુક્ત કર્યા.

પ્રજાની વ્યાયામવિષયક સુવિધાઓ માટે વ્યાયામશાળાઓને જુદા જુદા પ્રકારની ગ્રાંટ નિયમાનુસાર આપવામાં આવતી જેમાં સાધન, બાંધકામ, નિભાવખર્ચ, શિક્ષક વેતન, ઉત્સવો, પ્રવાસ ખર્ચ અને ઈનામો વગેરેનો સમાવેશ થતો હતો. પુરુષો માટે સયાજી વિહાર કલબ અને સ્ત્રીઓ માટે મહારાણી વિહાર કલબ શરૂ કરી.

રાજય કક્ષાએ કામ કરતી કેટલીક

રાષ્ટ્રીય આંદોલનો અને વડોદરા

- શ્રી શશીકાન્ત ત્રિવેદી

વડોદરા સમાચાર" ૧૧ વર્ષ પૂરાં કરે છે. અગિયાર એટલે જ ૧ વત્તા ૧ બરાબર ૨. કહેવત છે ને, એક ને એક બે, સાવ સ્પષ્ટ. છ, પાંચ, અગિયારા ગણવાની વાત જ નહિ !

ભેટ મુકવા-આપવા, હવે આંકડાથી શરૂઆત થાય છે. ભારે શુકનિયાળ આંકડો. ૧૯૪૨ના ઓગસ્ટની ૧૧મી તારીખ પણ એવી જ ૮ અને ૯ તારીખો, દેશભરમાં, અંગ્રેજી સલ્તનતનો દમન, કોરડો, પૂરજોશમાં પૂરા ઝનુનથી વીંઝાયો. પ્રજા પણ ગાંજી જાય તેવી ન નીકળી. મુંબઈથી જે છટક્યા અને જેઓ ધરપકડો થશે જ, તેવું ભાળી ગયેલા, જે મુંબઈ નહોતા પહોંચ્યા, તે સર્વેએ દેશને એકસૂત્રે ત્રણ જ દિવસમાં બાંધી ૧૧-૮-૪૨ થી વિવિધ સાહિત્ય પ્રસરાવ્યું.

૧૯૩૦ થી ૧૯૪૨નો ગાળો યુવાનોનો. યુવાનો-યુવતીઓમાં જે થનગનાટ અનુભવાતા તે જોવા જાણવા, માણવા અને મહાલવા જેવો હતો. દરેક પક્ષના જો કે વિશેષ કરીને તત્કાલિન મહાસભાની વિચારસરણીવાળા, વિશેષ કરીને રચનાત્મક કાર્યોમાં ખુંપેલા રહેતા. ગાંધીજીની એક મુખ્ય વાત - "ચળવળ-લડત ન હોય ત્યારે રચનાત્મક કાર્ય કરો" તેમણે શરૂઆત ૧૧ વિધ થી કરી અને અંતે ૨૧ વિધ કાર્યો લોકો સમક્ષ ધરી દીધાં.

ગમે તે વ્યવસાય કરો પણ તે દેશહિતનો હોય તેવી ભાવનાથી કરો. ભણો છો તો દેશહિતને માટે ભણો, અમલદાર છો ? નોકરિયાત છો ? વેપાર કરો છો ? ડોક્ટર-વકીલ છો ? ખેત-મજૂર છો ? વેપારી છો ? માલિક-મજૂર છો જે હો તે પણ દેશ હિતનું કાંઈક તો કરો જ. આ છે રાષ્ટ્રીય ચારિત્ર્ય. ગુલામી મનોદશા ભુંડી છે. તેમાંથી વેળાસર બહાર આવવા લોકસંપર્ક ભારે હથિયાર છે. તેમાંય "સામયિક" તો એટમબૉંબ જેવું છે. ગાંધીજીનું શરૂઆતનું નવજીવન અને પછી હરિજનબંધુ-હરિજન પત્રો નવી ભાત પાડનારાં અને દેશવાસીઓની નાડ પારખી, યોગ્ય-સચોટ માર્ગદર્શન આપનારા હતાં.

ગાંધીજીને મિત્રો-સાથીઓ-સહકારીઓ પણ કેવા મળ્યા ! સરદાર, નહેરૂ, મૌલાના આઝાદ, સરોજીની નાયડુ, રાજગોપાલાચારી, રાજેન્દ્રપ્રસાદ, લાલા લજપતરાય, બીપીનચંદ્ર પાલ તેમજ વડીલ માર્ગદર્શકો ગોખલે અને ટીળક. ભાગ્યે જ કોઈ પ્રદેશ-પ્રાંત એવો હશે કે જ્યાં ત્રણ ત્રણ કેડર સુધીના કાર્યકરો ભાઈઓ-બહેનો નહિ હોય. રાષ્ટ્રીય કક્ષાના નેતાઓની પાછળ, તેમના પ્રદેશમાં તેમની પીઠ સંભાળી શકે તેવા, અડીખમ યોદ્ધાઓ હતા. જેઓ અગરબત્તીની માફક જાતે સળગી પમરાટ ફેલાવતા. ક્રાંતિકારી બળો પણ જબરા હીલોળે ચઢેલાં, શું હિંસક કે શું અહિંસક, ક્રાંતિ એટલે ક્રાંતિ. તેને માટે ખપી જનારા તે ક્રાંતિકારી.

વડોદરાના માજી રાજવી પૂ. સ્વ. શ્રી સયાજીરાવ ત્રીજા, ભારે દૂરંદેશી દેશદાઝથી ઉભરાતા, ગુલામી દશા તેમને ભારે કઠે. મલ્હારાવ તો ૧૮૫૭ના સાથી હતા. તેમને નાહકના ગાંડા અને ઘેલા ગણી કાઢેલા. ગુજરાત પુસ્તકાલય મંડળનું ૧૮૫૭નું પુસ્તક વાંચો તો તેમના કામનો ખ્યાલ આવે. આવી બુનિયાદવાળા રાજ્યને સોનાનો કળશ ચઢાવવાનું માન સયાજીરાવ ત્રીજાને ફાળે જાય છે. પ્રાથમિક શિક્ષણ (મફત અને ફરજીયાત) પંચાયત, પુસ્તકાલય, હરિજન ઉદ્ધાર અને નિરક્ષરતા નિવારણ વિગેરે કાર્યો તે વખતે આ રાજ્યમાં પ્રજા ઉત્થાનનાં પાયાનાં કાર્યો હતાં. રાજા તો ખરા. તેથી એકહથ્થુ સત્તા લાગે પણ કઠે નહિ. બલ્કે લોકકેળવણી થાય. સયાજીરાવ ક્યારેક વેશપલ્ટો કરી પ્રજામાં ભળે, ખાનાઓમાં જાય, જુએ, જાણે, અને તરત ઠેકાણે પાડે, અમલદારો પણ કામઢા હોં, કોઈક હશે ધાલમેલીયા પણ તેનું કાંઈ ચાલે નહિ, રાજા પરદેશ સંચરે ત્યારે થોડીક ઢીલાશ આવે. પણ પ્રજાને ડખે નહિ. રાજા જાય ઓચિંતા અને આવે પણ ઓચિંતા. આવે ત્યારે કોઈ ને કોઈ ઉચ્ચ કોટીના ભારતવાસીઓને શોધી લાવે. જે આ રાજ્યના વિવિધ ખાતાઓની ધુરાઓ સંભાળે. સર્વ ધર્મ સમભાવ પણ તેમનો જ. ગણપતિ ઉત્સવ અને મહોરમ બંન્ને સારી રીતે ઉજવે. બંને તહેવારોનો અંતિમ દિવસ પૂરા ઠાઠથી, ચઢી સવારીએ ઉજવે. પોતે જો હાજર હોય તો સવારીમાં ચઢે જ.

અંગ્રેજ દરબારમાં પણ આગવી ભાત પાડે. તેથી સ્વાતંત્ર્ય લડતોમાં, રાજ્યની પ્રજા ભાગ લે તો કનડવાની વાત નહિ. અમાનુષી અત્યાચાર તો થાય જ નહિ. કોઈક અમલદાર "ઓઝા કરતાં ગધેડાં ડાહ્યાં" એ ન્યાયે કાંઈ કરી બેઠો હોય તો તેને સજા કરતાં પણ અચકાય નહિ. ઈશ્વરે વહેલા ઉઠાવી લીધા !

તેમના પછી પ્રતાપરાવ રાજા બન્યા. થોડો વખત તો સારું ચાલ્યું, પણ કહેવાય છે કે તેઓ ભારે રંગીલા સ્વભાવના. સુરા અને સુંદરીના ચાહક, પ્રજાના આગેવાનો તો ભારે અકળામણ અનુભવે. ૧૯૪૨ની લોકક્રાંતિ લડતને કચડવાં તેમણે સારી એવી સત્તા વાપરેલી, જે સયાજીરાવે નહોતી વાપરી. તેમને (પ્રતાપસિંહરાવ)ને ચઢાવનારા ચાર-પાંચ ટોચના અમલદારો ખરા ! છેવટે તો પ્રતાપસિંહરાવે ઘોડાની રેસ દરમ્યાન દક્ષિણના કોઈક નાના રાજવીની કુવરી સીતાદેવીને વરી લાવ્યા. પણ જાણવા પ્રમાણે વડોદરામાં ઠરીઠામ ન થઈ શક્યા. રાજમહેલમાં ભારે દાવ-પેચો ચાલ્યા હશે. પ્રજા ક્યાંથી જાણે ? તે કામ સમાચાર પત્રોનું. રાજા અને સીતાદેવી પરદેશોમાં વધુ રહેવા લાગ્યા. પરિણામે લોકજુવાળ અને લાગણીને કારણે તત્કાલીન દિવાન ડો. જીવરાજભાઈની કુશાગ્ર બુદ્ધિ અને દેશદાઝની વૃત્તિને કારણે વડોદરા રાજ્યની ધારાસભાએ (૧૯૪૮ની આસપાસ) પ્રતાપસિંહરાવને પદભ્રષ્ટ કરી શાંતાદેવી અને ફતેસિંહરાવને રાજ્યની ધૂરા સોંપી જવાબદાર રાજ્યતંત્રની સ્થાપના કરી. પ્રજાકિય પ્રધાનો પણ નિમાયા.

૧૯૪૨ની લોક - લડતમાં વડોદરા શહેર જીલ્લાના યુવાન ભાઈ-બહેનો લગીરે પાછા નથી પડ્યા. રાજ્યના દમનનો ભારે સામનો કર્યો. છૂપા રહીને કામ કરનારા ગુરુજી (છોટુભાઈ પુરાણી ટોળી અને જયપ્રકાશથી માંડી ચંદ્રશેખર ભટ્ટ સુધીના નાનામોટા ક્રાંતિકારીઓના વારંવારના મુકામો વડોદરામાં થતા. વાડી, બાજવાડા, ઘડિયાળી પોળ, મહેનાપોળ વિસ્તાર, રાજમહેલ રોડ અને અમદાવાદી પોળથી મામાની પોળ સુધીનો રાવપુરા વિસ્તાર લોકલડતના યુદ્ધ વિસ્તારો. જે તે વિસ્તારના યુવક-યુવતીઓએ ભારે દેકારો મચાવેલો.

સ્વરાજ્ય આવ્યું. દેશી રાજાઓ પોતે સ્વતંત્ર થવા મથના હતા. વળી કોઈક પાકિસ્તાનમાં ભળવા માગતા હતા. પણ સરદાર જેનું નામ. બધાને સાંકળ્યા. એક ભારતનું નિર્માણ કર્યું તો કેટલાકને સ્થાનિક પ્રજાએ ઠેકાણે આણ્યા. વાતાવરણમાં મકરપુરાના રાજમહેલમા રાજ્ય પ્રજામંડળના નાના-મોટા કાર્યકર ભાઈ-બહેનોનું વિશાળ સંમેલન મળ્યું. સરદાર સાહેબ ઉપસ્થિત, દરબાર ગોપાળદાસ પણ ખરા. અમે બધા યુવાનો લડતના મુડમાં. સરદારે પૂછ્યું : જવાબદાર રાજતંત્ર જોઈએ છે ? પ્રતિઘોષ ઉઠ્યો "હા, હા." તો હવે લડવાનું નથી. વડોદરાનું રાજ્ય તો મારા ગજવામાં છે." તેમની પડખે જ ફતેહસિંહરાવ અને શાંતાદેવી બેઠેલા. તેમના તરફ નજર નાંખીને પૂછ્યું "કેમ ભાઈ, ખરૂંને ?" ફતેહસિંહરાવે ડોકું હલાવી હા પાડી. થઈ રહ્યું, ભારે ઘોષ-ઉદઘોષ ઉઠ્યો, "ભારત માતા કી જય", "મહાત્મા ગાંધી કી જય", "સરદાર વલ્લભભાઈ કી જય" બધા ખુશખુશાલ થઈ વિખરાયા.

વડોદરાની વ્યાયામ

સમિતિઓ પણ તેમણે નીચે મુજબ નિયુક્ત કરી : (૧) શિકાર સમિતિ, (૨) સત્વ વિચારક સમિતિ (નબળા શરીરવાળાં છોકરાં-છોકરીઓના શરીરસુધારણાના ઉપાયો સૂચવવા અને (૩) શારીરિક શિક્ષણ સમિતિ વગેરે. શ્રીમંતના આદેશથી છોકરીઓ માટેના અભ્યાસક્રમોમાં પણ જાતજાતની દેશી-વિદેશી રમતો, વૈયક્તિક અને સાંધિક ખેલ વગેરેને સ્થાન આપવામાં આવ્યું.

પટેગિરના અખાડાના સાત પહેલવાનો વિદેશોમાં જઈને સુવર્ણ-ચંદ્રકો જીતી લાવ્યા હતા. ઈ.સ. ૧૯૨૫માં પ્રો. માણેકરાવની જુમ્માદાદા વ્યામશાળા ૧૬ ખેલાડીઓની એક ગાયકવાડી ટૂકડી ઓલિમ્પિકમાં ભાગ લેવા ગઈ હતી. ત્યાં તેણે લાઠી, કવાયત, લકડી, મલખંબ અને લેઝિમ વગેરેનું સુંદર નિદર્શન કર્યું હતું. કવાયતના હિંદી બોલ પણ નક્કી-કરવામાં આવ્યા, સેન્ડો અને ગામાને વડોદરામાં નિમંત્રી મહારાજાએ મલ્લવિદ્યાનું બહુમાન કર્યું હતું.

ઈ.સ. ૧૯૩૪માં વડોદરા રાજ્યમાં અનુદાન મેળવતી વ્યાયામશાળાઓ ૧૦૯ હતી જેમાં વડોદરા શહેર (૨૬), વડોદરા પ્રાંત (૩૫), મહેસાણા પ્રાંત (૨૭), નવસારી પ્રાંત (૪), અને અમરેલી પ્રાંત (૧૩)

પ્રો. માણેકરાવના સમયમાં વડોદરામાં પ્રસિધ્ધ વ્યાયામશાળાઓ આ પ્રમાણે હતી. (૧) શ્રી નારાયણ ગુરુની તાલીમ (૨) શ્રી નારાયણ ગુરુ આદ્ય વ્યાયામશાળા (૩) શ્રી સીટી જીમખાના (૪) શ્રી અનવરી તાલીમ (૫) શ્રી બ્રહ્મપુરી વ્યાયામ શાળા (૬) શ્રી રામદાસ વ્યાયામમંદિર (૭) શ્રી સિધ્ધનાથ નારાયણ ગુરુ વ્યાયામ શાળા (૮) શ્રી લક્ષ્મીનાથ વ્યાયામમંદિર (૯) શ્રી સારણેશ્વર વ્યાયામશાળા (૧૦) શ્રી વીર વ્યાયામ મંદિર (૧૧) શ્રી લિંબજા વ્યાયામશાળા (૧૨) શ્રી મહારાષ્ટ્ર વ્યાયામશાળા (૧૩) શ્રી બળવંત વ્યાયામશાળા (૧૪) શ્રી બાલ વ્યાયામશાળા (૧૫) શ્રી મહાવીર વ્યાયામશાળા (૧૬) શ્રી ચિત્તેખાન વ્યાયામશાળા (૧૭) શ્રી ઊંચીપોળ મંડળ (૧૮) શ્રી જુમ્માદાદા વ્યાયામ મંદિર.

આમ મહારાજા સયાજીરાવ ત્રીજાના સમયમાં વ્યાયામની પ્રવૃત્તિને ખૂબ ઉત્તેજન મળ્યું. "પ્રજાના આરોગ્યમાં જ રાષ્ટ્રનો અભ્યુદય છે" એવા દઢ મંતવ્ય સાથેની તેમની ભારતીય રાષ્ટ્રીય દૃષ્ટિ હતી. દરેક પ્રવૃત્તિ ભારતની શોભા વધારે તેમ તેઓ ઈચ્છતા.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા પછીનો કાળ (૬-૨-૧૯૩૯ બાદ)

૧૮૫૭ના બળવા પહેલાંના સમયમાં ભારતીય પ્રજાને ખૂબ આંચકા લાગ્યા હતા. ૧૮૫૭ની ક્રાંતિની પ્રજાના માનસ પર ખૂબ ઘેરી અસર થઈ હતી. તે સમયે બ્રિટીશ સામ્રાજ્ય સ્થિર થવા પ્રયત્ન કરતું હતું. તેની સામે ભારતની પ્રજા પાસે, વીરત્વ, સંસ્કૃતિરક્ષા, શરીરસૌષ્ઠવ અને વ્યાયામ સાધનાની તેજસ્વી પરંપરાઓ હતી. અંગ્રેજો આ બીનાથી અજાણ ન હતા. આ પરંપરાઓ નષ્ટ થાય તેવા પ્રયત્નો તેમણે કર્યા. હવે પ્રજાને જગાડે તેવું પ્રેરકબળ દેશમાં ન હતું. ૧૮૬૦માં મેકોલેની કારકૂની શિક્ષણ પ્રથા અમલમાં આવતાં જ ભારતીય પ્રજા નિ:સત્વ, નિર્બળ અને નિષ્પ્રાણ બની. શિક્ષણમાંથી વ્યાયામ અને દેશી રમતો ગયાં અને સુવિધાઓ ગઈ. ઈ.સ. ૧૮૬૦થી ૧૯૩૫ સુધીના ૭૫ વર્ષની કેળવણી પ્રથાએ પ્રજાને નિર્માલ્ય કરી દીધી. કૃત્રિમ મૂલ્યોની પ્રતિષ્ઠા થઈ. ભારતીય વ્યાયામ વિદ્યાનો રાજાશ્રય ગયો. રાજાઓ પરદેશી રમતોના પૂજક બન્યા. અખાડાઓ અને તાલીમખાનાંઓ ધંધાદારી બની ગયાં. અખાડો અભણ અને જડ લોકો માટે છે એવું ગણિત મંડાયું. બૌદ્ધિક શિક્ષણ અને શરીરબળ પરસ્પર વિરોધી ગણાવા લાગ્યા. ૧૮૮૪માં ભારતીય નેશનલ કોંગ્રેસની સ્થાપના થઈ. લોકમાન્ય ટિળક, સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી અને પુરાણી બંધુઓની પ્રેરણાથી રાષ્ટ્રભાવના ખીલવા લાગી. વડોદરા રાજ્ય પણ આ બધી વ્યાપક અસરોથી મૂક્ત ન હતું. ઈ.સ. ૧૯૨૫ થી ૧૯૪૭ સુધીનો સમય પુનરુત્થાનનો હતો. વ્યાયામનું કાર્ય વ્યવસ્થિત થવા લાગ્યું. તેમાં વડોદરામાં ઈ.સ. ૧૯૩૮ સુધી મહારાજાએ પ્રાણ પૂર્યા અમરાવતીના હનુમાન વ્યાયામ પ્રચારક મંડળે દેશભરમાં વ્યાયામનિર્દેશનો કર્યા. શારીરિક શિક્ષણ માટે મહાવિદ્યાલયો સ્થપાયાં. વ્યાયામશાળાની પ્રવૃત્તિને વેગ મળ્યો. વડોદરા રાજ્યમાં પ્રો. માણેકરાવ અને પુરાણીબંધુઓ ખૂબ સક્રીય બન્યા.

૧૯૪૭ની આઝાદી બાદ રજવાડાંઓનું વિલીનીકરણ થયું. રમતગમતોનો રાજ્યાશ્રય ગયો. વડોદરાની પણ એ સ્થિતિ થઈ. આજે હવે વડોદરા રાજ્ય રહ્યું નથી. ગુજરાત રાજ્ય અને ભારત સરકાર છે.

મલ્લવિદ્યા અને વ્યાયામપ્રવૃત્તિ છિન્નભિન્ન થઈ ગઈ છે. અખાડાઓ ઝડપથી ભાંગવા લાગ્યા છે. ગુરુપરંપરા નષ્ટ થઈ છે. ગુલામીની દશામાં હતા ત્યારે આઝાદી મેળવવાની જે તમન્ના હતી, જે જોશ હતો, જે પુરુષાર્થ હતો તેનો લોપ થયો.

પરિણામે શરીર સામર્થ્ય મેળવવામાં અને તેને કેળવવામાં પાયામાં જે રાષ્ટ્રપ્રેમ અને જોમ હતાં તે મરી પરવાર્યા. માનવ મૂલ્યો વિસરાઈ ગયાં. રાષ્ટ્રીય ચારિત્ર્ય ભુંસાઈ ગયું. લોકશાહીના ઓઠા હેઠળ માનવજીવનનો હ્રાસ થઈ રહ્યો છે. સત્તાની સાઠમારીમાં સામાન્ય પ્રજા પીડાઈ રહી છે. મૂળભૂત જરૂરિયાતો કપડાં, રોટી, મકાન અને શિક્ષણ માટે વલખાં મારવાં પડે છે, તેને માટે સમય પણ જાણે ઓછો પડતો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે ત્યારે તેવા સંજોગોમાં વ્યાયામને અવકાશ જ કયાં રહ્યો ?

વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલયની એક ઝલક

-ડો.એસ.કે.ભૌમિક

કોઈ પણ દેશને જાણવા માટેનો સરળ માર્ગ છે તે દેશના સંગ્રહાલયની મુલાકાત. શાન અને સંસ્કારનું સિચન કરની સંસ્થાઓની જેમ જ શાળા, મહાવિદ્યાલયો, મંડળો, પુસ્તકાલયની જેમ વ્યકિતની પાયાની જરૂરિયાતો તેમજ જીવનનો મર્મ સમજવા માટે આધુનિક સમુદાયે સંસ્કૃતિ અને કળાનું મહત્ત્વ સમજવા સંગ્રહાલય તરફ ધ્યાન આપવું જરૂરી થઈ પડે છે, કારણ કે પરિવર્તનશીલ સમાજમાં સંગ્રહાલય પ્રાચીન અને અર્વાચીન વચ્ચે સેતુનું કામ કરે છે. તે માનવજીવનની જરૂરિયાતના કોયડાનો એક ઉપાય પણ છે. તે સૌન્દર્ય- ઉત્સુકતા અને સાતત્યને ઉત્તેજિત કરીને તેને ભૂતકાળ સાથે સાંકળે છે. આ હેતુને ધ્યાનમાં રાખીને વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલયની સ્થાપના વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ કરી હતી. આજે વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલય ફકત પ્રાચીન કળા-સંસ્કૃતિનું સંગ્રહસ્થાન નથી પણ તે દેશની શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. તે જન-શિક્ષણનું મહત્ત્વપૂર્ણ સ્થળ પણ બની ગયું છે.

ઈમારતની ખાસીયતો

ઈ.સ. ૧૮૮૭માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ વડોદરા સંગ્રહાલયની ઈમારતનો શિલાન્યાસ કર્યો હતો તેને તૈયાર થતાં આઠ વર્ષ લાગ્યાં. આમ ઈ.સ. ૧૮૯૪માં તે તૈયાર થઈ અને આમજનતા માટે ખુલ્લી મુકાઈ. ચિત્રાલયની ઈમારત ઈ.સ. ૧૯૦૮માં બનવાની શરૂ થઈ જે ઈ.સ. ૧૯૧૪માં બનીને તૈયાર થઈ ગઈ, પરંતુ આમજનતા માટે તે ૨૩, માર્ચ ઈ.સ. ૧૯૨૧માં ખુલ્લી મુકાઈ. સ્થાપત્યની દૃષ્ટિએ સંગ્રહાલય અને ચિત્રાલય બંને ઈમારત બે માળમાં વહેંચાયેલી છે. સંગ્રહાલયની ઈમારતની સ્થાપત્ય શૈલી ઈન્ડો, સેરેસેનિક (Indo - Seracenic) શૈલીની છે. અંગ્રેજ સ્થાપત્યકાર શ્રી આર. એફ. ચેસહોમ (R. F. chisholm) અને મેજર આર. એન. મોન્ટ (R. N. Mont)

બંનેએ મળીને આ ઈમારતનો ખાસ નકશો તૈયાર કર્યો હતો. સંગ્રહાલયની ઈમારતની સાધારણ રૂપરેખા સ્થાનિક મરાઠા સ્થાપત્યને મળતી આવે છે. નીચેનો માળ યૂરોપિયન શૈલીમાં બનાવ્યો છે જે parthenon friezeની પ્લાસ્ટર કોપીથી શોભી રહ્યો છે. ચિત્રાલયની ઈમારત સાદી યુરોપિયન ઈટેરી શૈલીમાં બનાવેલી છે. પણ સાથે સાથે તેમાં ભારતીય સ્થાપત્યની શૈલીનો પ્રભાવ પણ જોવા મળે છે. આવી રીતે વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલયની ઈમારતો માં પૂર્વ અને પશ્ચિમ (Western) સ્થાપત્ય શૈલીનો અપૂર્વ સમન્વય જોવા મળે છે.

વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલય ભારતનું જ નહિ પણ એશિયા મહાદ્વીપના ઉત્તમ સંગ્રહાલયોમાંનું એક છે. તેણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવેલી છે. વડોદરાના યૂરોપિયન ચિત્રાલયનું સ્થાન ભારતના સંગ્રહાલયોમાં અદ્વિતીય છે. તેના જેવું ચિત્રાલય બીજે નથી, તે એશિયા મહાદ્વિપમાં પણ ઉત્તમ સ્થાન ધરાવે છે. આ ચિત્રાલયમાં યૂરોપિઅન મહાન ચિત્રકારોનાં બનાવેલાં અદભુત યૂરોપિયન તૈલચિત્રોનો મોટો સંગ્રહ છે.

મહત્વપૂર્ણ વિથિઓ

સંગ્રહાલયમાં પ્રવેશતાં જ તેની ઉત્તર અને દક્ષિણ બાજુની વિથિઓ અને કક્ષ એશિયાની સંસ્કૃતિ અને સભ્યતાથી સુસજિજત કરી છે. ત્યાંથી ચિત્રાલયની ઈમારતના પહેલા માળમાં પ્રવેશતાં જ યૂરોપિયન કળાનું ભવ્ય પ્રદર્શન જોવા મળે છે. જેમાં પ્રાચીન ગ્રીક સમયથી ૨૦મી સદી સુધીની કળા પ્રદર્શિત કરેલી છે. બીજા માળમાં યૂરોપના મહાન ચિત્રકારોની અલગ અલગ શૈલીનાં તૈલચિત્ર જોવા મળે છે. સંગ્રહાલયનો ઉપલો માળ પ્રાણીશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને જનજાતિશાસ્ત્રના અલગ અલગ વિભાગમાં વહેંચાયેલો છે.

મહત્વપૂર્ણ વિથિઓ નીચે મુજબ છેઃ

કળા વિભાગો -

- ભારતીય પ્રાગૈતિહાસિક અને આદ્ય ઐતિહાસિક (પ્રોટોહિસ્ટરી) વિભાગ
- ભારતીય પુરાવસ્તુવિદ્યા વિભાગ
- સિક્કાઓનો વિભાગ
- ભારતીય ઔદ્યોગિક વિભાગ
- નિબ્બત - નેપાળ વિથિ
- વિશાળ ભારત (જાવા, સુમાત્રા, ઈન્ડોનેશિયા, બર્મા, થાઈલેન્ડ વિ.)ની કળા - સંસ્કૃતિ અને સભ્યતાનો વિભાગ
- ઈજીપ્ત તથા બેલોનિયન કળા સંગ્રહ વિથિ (ગેલેરી)
- ચીનની કળા - સંસ્કૃતિ વિથિ
- જાપાન કળા સંસ્કૃતિ વિથિ
- ઈસ્લામી સંસ્કૃતિ કળા વિથિ

વિજ્ઞાન. વિભાગ

- પ્રાણીશાસ્ત્ર વિભાગ (પક્ષી, સ્તનપાય પ્રાણી વિ.)
- (palaentology) પ્રાચીન જીવ વિભાગ - ભૂમિમાં દબાયેલા પ્રાણી ઓના અશ્મીભૂત અવશેષના નમૂના
- ભારતીય અને પાશ્ચાત્ય ભૂસ્તરશાસ્ત્ર વિભાગ

વહેલ અને બીજાં પ્રાણીઓના હાડપિંજરનો વિભાગ

- સંગીત વાંજિત્ર વિભાગ

પાશ્ચાત્ય ચિત્રાલયમાં ૧૫ થી ૧૯ સદીનાં યૂરોપિયન તૈલચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.

આ તૈલચિત્રો યૂરોપિયન કલાવિદ ચિત્રકારોએ બનાવેલાં છે. જેવા કે પીટરપોલ, રૂબેન્સ (Rubens), પાયઝીય (Paizzetta), સિગ્નારોલી (Cignaroli), મિલેટ્ઝ (Millatta), કોન્સ્ટેબલ, નોર્થ (North) ડર્કસ્ટૂપ (Dirkstoup), નિકોલસ પુસિત (Nicholas Paussin) વગેરે.

અહીં બે નાની વિથિમાં આધુનિક ભારતીય ચિત્ર તેમજ શિલ્પ મોડર્ન આર્ટ ગેલેરીના જેવા હેઠળ જોવા મળે છે. યૂરોપિઅન કળાનું પ્રદર્શન પણ ભવ્ય છે.

સંગ્રહાલયના પુસ્તકાલયમાં ૨૦,૦૦૦ પુસ્તકો તેમજ સામયિકોનો સંગ્રહ છે. પાશ્ચાત્ય જગતનાં કળા - પ્રકાશનો તેમજ સામયિકો વડોદરા સંગ્રહાલયનાં પ્રકાશનોના બદલામાં આવે છે. આવી રીતે વડોદરા સંગ્રહાલયના પ્રકાશનોનો વિશ્વભરમાં ફેલાવો છે. આ પુસ્તકાલય સંશોધકો, વિદ્વાનો, તેમજ વિદ્યાર્થીઓને સંદર્ભ-કાર્યમાં ઉપયોગી નીવડે છે.

મહત્વપૂર્ણ કલાકૃતિના નમૂના

વડોદરા સંગ્રહાલય અને ચિત્રવિથિમાં ઘણી મહત્ત્વપૂર્ણ કલા-કૃતિ છે. મહત્ત્વની થોડી કલાકૃતિની સૂચિ નીચે મુજબ છે.

(૧) લોથલ અને રોઝડીના આદ્ય ઐતિહાસિક અલંકારો

(૨) શામળાજી (ઉત્તર ગુજરાત)ની મૂર્તિકળા

(૩) અકોટાની ધાતુ મૂર્તિઓ

(૪) જૈન કાષ્ટ મંદિર

(૫) મોગલ રથ

(૬) ભારતીય લઘુ ચિત્ર

(૭) વડોદરાના કીર્તિમંદિરનું સ્થાપત્ય બનાવતું ચાંદીનું મોડલ

(૮) બર્માના મંદિરનો ઘંટ

(૯) જાપાનનું પ્રખ્યાત "નિકો" ભરતકામથી બનાવેલું એક મંદિરનું દશ્ય

(૧૦) ચીનના ચાઉ રાજવંશના સમયની ધાતુ કલાકૃતિઓ

(૧૧) પરશિયન ટાઈલ્સ ઉપર બનાવેલાં ચિત્ર

(૧૨) ગ્રીક-રોમન મૂર્તિઓ

(૧૩) સંગેમર્મરમાંથી બનાવેલી "ટેમ્પરેશન ઓફ ઈવ" ઈટાલિયન મૂર્તિ

(૧૪) ગિરના સિંહનું દશ્ય બતાવતું ડાયરોમા

(૧૫) બ્યુલ્હેલનું હાડપિંજર, જે વડોદરા પાસેથી ૨૯ નવેમ્બર ૧૯૪૭ના રોજ મળી આવ્યું હતું, જેની લમ્બાઈ ૭૧'-૨" છે.

આમ આ સંગ્રહાલય અને ચિત્રાલય અસાધારણ સંગ્રહ ધરાવે છે જેમાં સ્થાનિક પ્રાંતિય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્કૃતિ અને સભ્યતાના નમૂનાઓ છે. યૂરોપિયન તૈલચિત્ર, ભારતીય લઘુચિત્ર, શિલ્પ, વસ્ત્રકળા, કાષ્ટકળા, ઈસ્લામિક કળા, જાપાન, ચીન, નેપાળ, નિબ્બત, ઈજીપ્તની કળા તેમજ ભારતીય અને વિદેશી સિક્કા, વિજ્ઞાન અને પ્રાકૃતિક વિજ્ઞાનને લગતા પ્રસિદ્ધ નમૂનાઓનો સંગ્રહ આ સંગ્રહાલય અને ચિત્રાલય ધરાવે છે.

આ સંગ્રહાલયની બીજી વિશિષ્ટતા એ છે કે તે તેના પ્રકાશનો પણ વખણાય છે. આજ સુધી ૨૮ પ્રકાશનો પ્રસિદ્ધ થયાં છે. આ સિવાય જુદા જુદા વિષય પર દસ પુસ્તિકાઓ પ્રકાશિત થઈ છે.

વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલયનું સંચાલન રાજય સરકાર હસ્તક છે. આ સંગ્રહાલયના નિયામક સંગ્રહાલય ખાતાના વડા તરીકે કાર્ય બજાવે છે.

ઉપસંહાર

આ સંગ્રહાલય અને ચિત્રાલયની મુલાકાત માટે વર્ષ દરમ્યાન લગભગ ૫ લાખ મુલાકાતીઓ આવે છે. સંગ્રહાલયની સલામતી માટે પોલીશ તેમજ આર્મગાર્ડની સગવડ છે.

વડોદરા સંગ્રહાલય અને ચિત્રાલય ભારતનું નહીં પણ એશિયા મહાદેશનું પણ એક અજોડ સંગ્રહાલય છે. આ સંગ્રહાલયમાં સ્થાનિક રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાની વિવિધ પ્રકારની સંસ્કૃતિનો વારસો તેમજ પ્રાચીન કલાકૃતિઓનો સંગ્રહ છે.

મહારાજા ફત્તેહસિંહ મ્યુઝિયમ
સી. કે. ગાયકવાડ
સ્ટાફ ઓફિસર
લેફ્. કર્નલ. એફ્. પી. ગાયકવાડ

મહારાજા ફત્તેહસિંહરાવ મ્યુઝિયમ ટ્રસ્ટનું સંગ્રહાલય લક્ષ્મી વિલાસ પેલેસના ચોગાનમાં આવેલા શાળાના મકાનમાં કરવામાં આવેલ છે. આ શાળા પહેલાં મોતીબાગ સ્કૂલ તરીકે પ્રખ્યાત હતી. જેમાં રાજકુટુંબના યુવાનોને જુદા જુદા વિષયોનું જ્ઞાન આપવામાં આવતું. ઘોડેસ્વારી, કુસ્તી અને બીજા અનેક વિષયો રાજકુટુંબના યુવાનોને અહીં શીખવા મળતા.

ડૉ. એચ. ગોએટઝ જે પ્રખ્યાત મ્યુઝિયમ ડાયરેકટર હતા તથા કલા અને ઈતિહાસમાં નિપુણ હતા તે ઓના પૂર્વ-અનુભવોના આધારે આ જગ્યામાં એક પૂર્ણ મ્યુઝિયમ બનાવવા માટે પુરૂષાર્થ કર્યો જેમાં પેલેસના બગીચાઓએ મ્યુઝિયમ દેખાવને અતિસુંદર બનાવી દીધો.

એપ્રિલ ૧૯૬૧માં આ સંગ્રહાલય પ્રજાજનો માટે ખુલ્લું મુકાયું. આપણા ભૂતપૂર્વ મહારાજા કે. સયાજીરાવ ત્રીજાના રાજયકાળ દરમિયાન (ઈ.સ. ૧૮૭૫ થી ૧૯૩૯) એકઠી કરેલી સુંદર વસ્તુઓથી આ સંગ્રહાલયને સુશોભિત કરવામાં આવ્યું. આ મહારાજાએ ભારતના અને યુરોપના કલાકારોને બોલાવી વડોદરાના રાજમહેલોને વિવિધ કલા રૂપી આભૂષણો સજીને સુંદર અને આકર્ષક બનાવ્યા છે. આ ચિત્રાલય મહારાજા ફત્તેસિંહરાવે કે. સયાજીરાવની અથાગ મહેનત અને પરિશ્રમ જોઈ ટ્રસ્ટ બનાવી પ્રજાજનો માટે વડોદરાને ભેટ આપ્યું. એક વિદેશી પ્રખ્યાત મહાન કલાકાર ફેલેસીની નિમણુંક કરી વિદેશી ડિઝાઈન તથા કલાનો સમન્વય કરી આરસપહાણનાં બોન્ઝાનાં પુતળાં મુક્યાં. રાજા રવિવર્મા, ત્રાવણકોર રાજયના રાજકુવરને વડોદરામાં બોલાવી પ્રાચીન ચિત્રો તૈયાર કરાવ્યાં. ચિત્રોના સંગ્રહ ઉપરાંત રાજકુટુંબ અને અન્ય રાજાઓના તૈલ ચિત્રો પણ બનાવી આપ્યાં. અન્ય કલાકારો ફૈજી રહેમાન જે અંગ્રેજ કલાકાર સર જહોન સારજન્ટનો ચેલો હતો અને ક્ષુણીન્દ્રનાથ બોઝ કે જેમણે સ્થાપત્યકલા જાણીતા શ્રી શેડીનાં ભારોભાર વખાણ કર્યાં હતાં તેઓ હતા. તેમનાં ચિત્રોની નકલ તથા ઈટાલિયન કાળના (૧૫મી ૧૬મી સદીનાં) ભવ્યતમ ચિત્રો પ્રાચીન સંસ્કૃતિનાં દર્શન કરાવે છે. ચાઈનીઝ-જાપાનીસ ચિત્રો માટે અલાયદો વિભાગ રાખવામાં આવ્યો છે. તદુપરાંત કાચનાં વિવિધ ક્ષેત્રોના નમૂના મૂકવામાં આવેલ છે. પ્રથમ મજલે બે સુશોભિત ઓરડાઓ રોકો સમયનું અસલી કલાકારીગરીનું દર્શન કરાવે છે. શ્રી. સી. કે. ગાયકવાડના સંચાલન હેઠળ દર વર્ષે ૬ લાખ જેટલા મુલાકાતીઓ આ ચિત્રાલયની મુલાકાત લઈ સુખદ આનંદની અનુભૂતિ માણે છે.

આ સિવાય ઘણી વિદ્યાશાખા ઓમાં વસ્તુઓ પ્રત્યક્ષ બતાવવાની હોવાથી તે વિભાગો પોતાના વિદ્યાર્થીઓ માટે મ્યુઝિયમ તૈયાર કરે છે, પરંતુ તેની માહિતી પ્રમાણમાં બહુ ઓછી હોય છે.

તૈલચિત્ર શૈલીની સૂચિ

- બેઝેનટાઈન શૈલી
- ઈટાલિયન શૈલી (Italian ")
- ડચ શૈલી (Dutch ")
- ફ્લેમિશ શૈલી (Flemish ")
- બ્રિટીશ શૈલી (British ")
- જર્મન શૈલી (German ")
- સ્પેનિશ શૈલી (Spanish ")
- ઓસ્ટ્રીયન શૈલી (Austriain ")
- રશિયન શૈલી (Russion ")
- પોર્તોગીઝ શૈલી (Portugues ")

સયાજીરાવ અને ગ્રામવિકાસ

- શ્રી મનહર સં. શાહ

બ્રિટિશ-યુગમાં રાજા મહારાજા તથા નવાબોમાં શ્રેષ્ઠ અને આગવું સ્થાન ધરાવનાર મહારાજા સયાજીરાવ (ત્રીજા) ઘણા ઊંડા ચિંતક, દૂરંદેશી, બહુશ્રુત, પ્રખર દેશભકત અનુભવી અને ડાહ્યા હતા. એમ કહેવાય છે કે તેમની હરોળમાં ઊભા રહી શકે તેવા કોઈ રાજવી નહોતા.

પોતાની લાંબી રાજકારકિર્દીમાં સદ્‌ગત મહારાજા સાહેબ પ્રજાજીવનની ઉન્નતિ સાધવાના ધ્યેયથી પ્રેરાયેલા પ્રજાવત્સલ રાજવી તરીકે શોભી ઊઠયા. તેઓએ પોતાના રાજયનો વિકાસ અને સંસારસુધારા અંગે વિચાર અને આચારનો સુમેળ રાખી કામ કર્યું. સયાજીરાવની દૃષ્ટિએ "સૌથી વધારે સંખ્યાનું સૌથી વધારે ભલું સાધવું" એ જ સાચી દેશભકિત હતી.

વડોદરા રાજયનો વિસ્તાર વડોદરા પ્રાંત, મહેસાણા, નવસારી, અમરેલી, ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ગામો, ઓખા મંડળ (બેટ દ્વારકા) વગેરે દૂર દૂર સુધી વિસ્તૃત હતો સયાજીરાવ ત્રીજાએ પોતાના રાજય વિસ્તારમાં આવેલ ગ્રામ વિસ્તારનો ગાડામાં, ઘોડા ઉપર તથા પગે ચાલીને અભ્યાસ કર્યો. અને જોયું કે ગ્રામ જીવનમાં વર્ષોની જડતા અને જમાનાના જમાનાથી ચાલના વહેમો, અશ્પૃશ્યતા, કુરૂઢિઓ વગેરે અજ્ઞાન તથા ન્યાત-જાતના વાડાઓ અને તેમની જોહુકમી વગેરે અનેક સમસ્યાઓ પડેલી છે. આ સમસ્યાઓમાં સુધારો લાવવો તે ઘણું જ કઠણ કામ હતું. છતાંય તેઓએ પોતાના શાસનકાળ દરમિયાન જે આદર્શો અને સિધ્ધાંતોને લઈને કાર્યક્રમો હાથ ધર્યા હતાં તે કાર્યો બધા જ ક્ષેત્રોમાં આજે પણ આપણા દેશમાં આપણે સમય પ્રમાણે થોડા ફેરફારો સાથે અપનાવ્યા છે. જેમ કે ફરજિયાત શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, ગ્રામ સ્વરાજયની સંસ્થા, પુસ્તકાલય, આરોગ્ય પ્રવૃત્તિ વગેરે.

હીરક મહોત્સવ

૩ જાન્યુ. ૧૯૩૬ના રોજ રાજયના સમસ્ત પ્રજાજનો તરફથી સયાજીરાવને રાજયારોહણના હીરક મહોત્સવ પ્રસંગે અભિનંદન અર્પતું ભાવભીનું માનપત્ર વડોદરા શહેરના નગરશેઠ રતનલાલ મગનલાલ હરિભકિતના હાથે અર્પણ કર્યું હતું. આ પ્રસંગે પ્રજાજોગ સંદેશો આપતાં મહારાજાએ જણાવ્યું :

"મોટા રાજયારોહણનો હીરક મહોત્સવ ઉજવવા સારું આખા રાજયની મારી પ્રજા આ પ્રસંગે ઉત્સાહ દર્શાવી રહી છે આ વખતે મારો એક વિચાર જાહેર કરતાં મને આનંદ થાય છે તે એ કે આ શુભ પ્રસંગના સ્મારક તરીકે એક કરોડ રૂપિયાનો નિધિ ઈલાહિદો રાખવો. તેને હીરક મહોત્સવ નિધિ કહેવો. તેનું વ્યાજ ગામની પ્રજાના જીવનની સુધારણા માટે ખાસ કરીને દીન, દરિદ્ર અને દલિત રૈયતના જીવનની સુધારણા માટે વાપરવું. તેમાં રાજયના સામાન્ય અંદાજપત્રમાં આવા કામ માટે રાખેલી રકમમાં જે વખતોવખત વધારો થતો જશે તે ઉપરાંત આ નિધિના વ્યાજની રકમ ખર્ચવામાં આવશે."

"જીવનની સુધારણા"નો આદર્શ વિષે પોતાના વિચારો જણાવતાં કહ્યું :

"તમે બધા સારી પેઠે જાણો છો કે છેલ્લા ૫૫ વર્ષથી ગામડાના વિકાસ અને ઉદ્ધાર માટે હું ઉત્સાહથી શ્રમ કરતો આવ્યો છું. ખરેખર એનાં કરતાં બીજું કોઈ કામ મને વધારે પ્રિય નથી. મારો આદર્શ ગ્રામજીવનનાં તમામ સ્વરૂપો સુધારવાનો છે. મારો અભિપ્રાય એવો છે કે મારી પ્રજામાં ઉચ્ચતર જીવન જીવવાની, વધારે સુખપ્રદ જિંદગી ગાળવાની, સ્વાશ્રય અને જાત મહેનતની શકિત ખીલવવાની ઇચ્છા જાગૃત થાય. મારી અંત:કરણની અભિલાષા છે કે ગ્રામ જીવન રસમય બને અને ખેતીને એવો ધંધો બનાવી શકાય કે ગામડાંમાંના ઘણા સાહસિક લોકો તેમનાં સાહસનાં ફળ મેળવી શકે."

ગ્રામપુનર્ઘટના

મહારાજશ્રીએ ગ્રામોત્થાન - ગ્રામપુનર્ઘટના અંગે જે કંઈ યશસ્વી કાર્યો કર્યા તેની તેઓએ જ રજૂ કરેલી વિગતો તથા અન્ય અહેવાલોને આધારે વિગતો જોઈએ.

સ્થાનિક સ્વરાજયની સંસ્થા

આ પ્રથા ઘણા જૂના કાળથી અસ્તિત્ત્વમાં હતી. ગામનો કારભાર ગામના આગેવાનો (પંચો) કરતા, કોઈપણ ઝઘડાનો ઉકેલ પંચો કરતા. ન્યાય માટે "પંચ ત્યાં પરમેશ્વર"નો ઊંચો આદર્શ હતો. પંચો સર્વસત્તા ભોગવતા. ગામડાનું જીવન સ્વાશ્રયથી ભરપૂર હતું. સાર્વજનિક કામો સામૂહિક અંગ મહેનત તથા ગામમાં ઉત્પન્ન થતા પાકમાંથી અમુક અંશે ફાળો તથા અન્ય સ્વૈચ્છિક ફાળો ભેગો કરીને કરતા હતા.

બ્રિટિશ સમયમાં આવી એક ગ્રામ સ્વરાજયની સંસ્થાના અમલમાં ફેરફારો થઈ ગયા. દિવાની - ફોજદારી કોર્ટો સ્થપાઈ, સરકારી રાહે મહેસૂલ પદ્ધતિ અમલમાં આવી. આથી સરકાર અને ગ્રામ્ય સમાજ વચ્ચેના સંબંધો કપાયા. જૂની સંસ્થાઓ શિથિલ અને નામની જ રહી.

શ્રીમંત મહારાજા સાહેબે રાજયની સત્તા પોતાના હસ્તક લીધા પછી તેઓની આ મહત્ત્વની સંસ્થાની ઉપયોગિતા સમજમાં આવી. મહારાજા સાહેબના દિલમાં ફરીથી ગ્રામ સ્વરાજયથી ધબકતું ગામડું રચવાની ઇચ્છા થઈ. સન ૧૮૯૩માં તે વખતના સેટલમેન્ટ કમિશ્નર શ્રી ઈલિયટ સાહેબે પણ સહકાર આપ્યો. ખાસ કરીને ગામ અને શહેર વચ્ચે અસમાનતાનું અંતર ન વધે તે માટે છેક શરૂઆતથી જ મહારાજાએ ગ્રામ પંચાયતોને સુધારવા તરફ લક્ષ્ય આપ્યું.

અધિકારો

ગ્રામ પંચાયતોને પોતાના ગામની સ્વચ્છતા, પરબ, હવાડા, નળવેરા દેવસ્થાન અને ગામ નોકરો ઉપર દેખરેખ રાખવી, ગામના ઝઘડાનો ઉકેલ પંચોની મદદથી કરવો, ગામની સરહદ, રસ્તા વગેરેની જાળવણી કરવી વગેરે સત્તા આપવામાં આવી.

ગામપંચોની પસંદગી તાલુકાના વહીવટદાર ગામના માણસોમાંથી લાયક જોઈને કરતા.

ગામના વધારાના કામો સરકાર પોતાના ખર્ચે કરતી. સ્થાનિક સ્વરાજયના કામો માટે સન ૧૯૪૪માં મહારાજા સાહેબે રૂા. ૧,૭૫,૦૦૦/- મંજૂર કર્યા હતા.

મહારાજાએ ગામડાં, કસબા કે મહાલ, શહેર અને પ્રાંત માટે વ્યવસ્થિત બંધારણવાળી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સ્થાપી હતી. અને તેમાં વખતોવખત સુધારા કર્યા હતા.

પ્રાંત પંચાયતો

ગામડાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પ્રાંતપંચાયતો નીચેનાં કામો કરતી હતી.

(૧) રેલવે સાથે અનુસંધાન કરનાર રસ્તા,
(૨) કૂવા
(૩) પાતાળ કૂવા.

ધારાસભા

પોતાના રાજયતંત્રને સયાજીરાવના પ્રજામતના સંપર્કમાં રાખવા તેઓએ ધારાસભા બનાવી હતી. આ ધારાસભાના સભ્યો મહાલ પંચાયત અથવા પ્રાંત પંચાયતોના પંચોના મતથી ચૂંટાતા.

આ રીતે ગ્રામપુનઃરચનાથી ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો. અને પ્રજાવર્ગનું ધ્યાન ગામડાના ઉત્કર્ષ તરફ - ગ્રામનાં રચનાત્મક કાર્યો તરફ - ખેંચાયું.

મહારાજાએ પંચાયતો માટે ઉત્પાદનના સ્વતંત્ર સાધન કરી આપવામાં મદદ કરી, જેથી ગ્રામજીવન આબાદ બને.

ખેતી અને મજૂર કલ્યાણ

તા. ૨૨ ફેબ્રુઆરી ૧૯૩૮ના રોજ ખાનગી ખાતાના નોકરોને રાજય સેવકોનાં કર્તવ્યો સંબંધી ઉદ્‌બોધન કરતાં મહારાજાશ્રીએ જણાવ્યું હતું:

"જયાં સુધી ખેતીમાં કામ કરનારા કરોડો માણસોની અને દેશના બીજા મજૂરોની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી હિન્દમાં ઔદ્યોગિક વિકાસ જોઈએ તેટલો થશે નહીં. કારણ કે કારખાનામાં બનેલા જથ્થાબંધ માલને ઉપાડનારા લોકોની માલ ખરીદવાની શકિત એ ઉપાડ નક્કી કરે છે.

ગામડાના લોકોના કંગાળ ગ્રામ્ય જીવનનાં તમામ સ્વરૂપોમાં સુધાર કરવાના કાર્યક્રમમાં ઔદ્યોગિક આગેવાનોએ સક્રિય રીતે ટેકો આપવો જોઈએ."

વિશિષ્ટ ખાતાં

ખેડૂતોની આર્થિક મુશ્કેલીઓને પહોંચી વળવા તેમની સાથે સંબંધ ધરાવનારાં ખાસ ખાતાં સ્થાપ્યાં.

(૧) ખેતીવાડી ખાતું

ખેડૂતોએ કઈ મોસમમાં કયો પાક લેવો, બીજની પસંદગી કેવી રીતે કરવી તથા ઝાડ કે પાનના રોગોની ચિકિત્સા કેવી રીતે કરવી તે અંગે વ્યવસ્થિત ખેડૂતોના માર્ગદર્શન માટે નિષ્ણાતો રોકવામાં આવ્યા અને ખેડૂતોને પ્રત્યક્ષ તાલીમ આપવાની વ્યવસ્થા કરી.

(૨) પશુચિકિત્સા

પશુઓની સંભાળ અને પશુઓની ચિકિત્સા માટે ચિકિત્સા કેન્દ્રોની વ્યવસ્થા કરી.

(૩) સહકારી ખાતું

ખેડૂતોના આર્થિક વિકાસ માટે ખેડૂતો વ્યાજબી શરતે મૂડી મેળવી શકે, વ્યાજબી ભાવથી માલ વેચી શકે તથા પોતાની જરૂરિયાતો મેળવી શકે તે માટે સહકારી સંસ્થાઓ સ્થાપવામાં આવી.

(૪) સાર્વજનિક આરોગ્ય ખાતું

લોકોના આરોગ્યની સંભાળ માટે ગામની આસપાસ ૫ માઈલના (૮ કિલોમીટર) અંતરે વૈદ્‌કીય મદદ માટે દવાખાનાની યોજના બનાવી. સાથે સાથે ગામડાના લોકોને કૂવાનું સ્વચ્છ પાણી મળી શકે તે માટે દવાખાના મારફત જંતુનાશક દવાંઓની સેવા આપવામાં આવી.

(૫) ઉદ્યોગ

જે મોસમમાં ખેતી ન થઈ શકે તેમ હોય તેવા નવરાશના સમયમાં ખેડૂતોને અનુકૂળ પડે તેવા પૂરક ધંધા - ઉદ્યોગ તથા તાલીમની વ્યવસ્થા કરવામાં આવી.

આ યોજના હેઠળ પછાત જાતિઓ તથા પછાત પ્રદેશોને વધારે લાભ અપાયો. અને નાના ઉદ્યોગો માટે જૂજ વ્યાજથી મૂડી ધિરાણની વ્યવસ્થા કરવામાં આવી.

મહારાજાના સમયમાં નીચેની ઉદ્યોગ સંસ્થાઓ મારફત ગ્રામ પ્રજાને સહાયક ઉદ્યોગો, ગૃહ ઉદ્યોગો, ખેતીવાડી હુન્નર કળા વગેરે શીખવવા પ્રયત્નો થયા.

૧. ગ્રામોદ્યોગ મંદિર
૨. ડોસાભાઈ મગનલાલ ખેતીવાડી ઈન્સ્ટીટયૂટ
૩. કાંટાવાળા હુન્નર શાળા
૪. ગ્રામ પુનર્ઘટના કેન્દ્ર, કોસંબા
૫. ગ્રામપુનર્ઘટના કેન્દ્ર, કરજણ -

નીચેની સંસ્થાઓનો નિભાવ પણ હીરક, મહોત્સવનિધિમાંથી થતો

૧. ધારી ન્યૂ ધર્મશાળા
૨. અમરેલી હીરક મહોત્સવ બગીચા
૩. ડાયમંડ જયૂબિલી કોટેજ ઈન્સ્ટીટયૂટ

હાલ પણ ડાયમંડ જયૂબિલી કોટેજ ઈન્સ્ટીટયૂટ, રાજમહેલ રોડ, વડોદરાના ઔદ્યોગિક કેન્દ્ર મારફત નાના પાયા ઉપરના ઉદ્યોગોની તાલીમ આપવામાં આવે છે. જેમ કે શિવણ, સાબુ, ચોક, ઘડિયાળ રીપેરીંગ, રેડિયો રીપેરીંગ, મીણબત્તી, ગ્લાસકટીંગ, સુથારી-લુહારી કામ મેઈકપનો સામાન, કોસ્મીક ઉદ્યોગ, વિદ્યુતવિદ્યા વગેરે...

(૬) જમીનના તારણ ઉપર નાણાં ધીરનારી પેઢી

વડોદરા પ્રાંતના કરજણ તાલુકાને નાણાં ધીરધાર કરનારી સહકારી પેઢી શરૂ કરવામાં આવી પેઢી દ્વારા ખેડૂતોને લાંબી મુદત માટે નાણાં મળી શકે તેવી વ્યવસ્થા કરી. સારા કાર્યકર્તા મળતાં તેનો વિસ્તાર કરવા નિર્ણય કર્યો.

(૭) ગામડામાં પીવાના પાણીનો પુરવઠો

લોકોને પૂરતું ચોકખું પાણી મળી રહે તે માટે પ્રાંતપંચાયતો મારફત સન ૧૯૩૧-૩૨થી ગામેગામ કૂવા બનાવવાની યોજના અમલમાં મૂકી.

(૮) કાંસ-કોતર સંબંધી યોજના

ગામડાનું ગામઠાણ અને સીમનું સંરક્ષણ કરવાના હેતુથી વડોદરા પ્રાંત બાંધકામ યોજના હેઠળ કાંસ - કોતર બાંધવાનો કાર્યક્રમ હાથ ધર્યો.

(૯) જમીન મહેસૂલ તથા ફરજિયાત દંડની માફી તથા કર્જ નિયમન

(૧) વર્ષ ૧૯૨૮-૨૯ની આખરે ખેડૂતોની બાકી નીકળતી રકમ રૂા. ૨,૧૯,૨૭૯-૯-આના-૪ પૈસા માફ કરવામાં આવ્યા.

(૨) ૧૯૩૨-૩૩ આખર સુધીની ફરજિયાત દંડની બાકી રૂા. ૧,૨૯૩૧૫ આના ૧૧ આના ૩ પૈસા માફ કરવામાં આવ્યા.

રાજયના ખેડૂત વર્ગને રાહત આપવાના હેતુથી કર્જ નિયમન અમલમાં મૂકવામાં આવ્યો.

(૧૦) ગામડાંઓમાં વિદ્યુત શકિત પૂરી પાડવી.

ખેડૂતોને વ્યાજબી દરથી ખેતી તથા પીવાને માટે કૂવાઓમાંથી પાણી ખેંચવા તથા નાના ઉદ્યોગને મદદરૂપ થવાના હેતુથી વડોદરાનું મધ્યવર્તી કારખાનું નવા પાયા ઉપર મૂકી વિદ્યુત શકિત પૂરી પાડવાની યોજના કરી.

સૌપ્રથમ આ યોજના વિજાપુર તાલુકા માટે અમલમાં મૂકી.

(૧૧) ધ્વનિક્ષેપ (Broda casting) યોજના.

કેળવણી, આરોગ્ય રક્ષણ, વેપાર ઉદ્યોગ, ખેતીવાડી વગેરે ખાતાઓની પ્રવૃત્તિઓને મદદરૂપ થવાના હેતુથી આ યોજના દાખલ કરી.

તા. ૧-૧-૧૯૩૬ના રોજ ખેતીવાડી અને ઉદ્યોગ પ્રદર્શનમાં અનુભવ તરીકે ૧૦ માઈલના (૧૬ કિલોમીટર) અંતર સુધી સાંભળી શકાય તેવું ધ્વનિયંત્ર મૂકવામાં આવ્યું. અને ભાષણોનો કાર્યક્રમ યંત્ર દ્વારા સંભળાય તેવી તજવીજ કરી આ યોજના ધીમે ધીમે વ્યાપક બનાવવા પણ પ્રયત્નો થયાં.

(૧૨) આવાસો તથા વિશ્રાન્તિ સ્થાનો

રાજયોમાં શહેરો અને ગામડાઓમાં લોકોની તંદુરસ્તી સુધરે તે અંગે રાજયના તમામ તાલુકાઓમાંથી ગ્રામ વિસ્તારની સુખાકારી માટેની યોજનાઓ મંગાવવામાં આવી. આ યોજના હેઠળ મકાન બાંધનારી સહકારી મંડળીઓ બનાવી તેના દ્વારા ગામડામાં અને શહેરોમાં હવા ઉજાશવાળાં મકાન બાંધવાનો કાર્યક્રમ અમલમાં મૂકયો.

(૧૩) ઉપમાર્ગો (Feeder Roads)

વર્ષ ૧૯૨૯થી રાજયમાં લોકોના વ્યવહારની સરળતા માટે મોટા રસ્તાઓ તથા લોહ માર્ગને જોડનારા ઉપમાર્ગો કરવાની યોજના

...વામાં આવી.
...સમયમાં એકદરે ૪૫૮ (૭૩૨.૮ કિલોમીટર) લંબાઈના કુલ ૧૫૧ ...ઓનું આયોજન અમલમાં મૂકયું ...ને તે કામ ચાલું જ રાખ્યું.

આ યોજના અંગે ખેડૂતો કે ...કોની જમીનમાંથી પસાર થતા ...અંગે પૂરેપુરું વળતર ...વામાં આવ્યું, અને નાળાં ...ની જગ્યા અંગે અડધું વળતર ...વામાં આવ્યું.

પ્રજાની સ્થિતિ સુધારવ ...રાજાએ રસ્તાઓની ગૂંથણીનું ...કાર્ય કર્યું. મહારાજાના સમયના ...દરા રાજયની જમીન પાંચ ...ભાગોમાં વહેંચાયેલી હતી. આ ...પાંચ વિભાગો રસ્તા અને રેલવેથી ...ની લેવામાં આવ્યા.

(૧૪) રેલવે

વડોદરા પ્રાંતમાં તેઓએ નીચે ...પ્રમાણે રેલવે સ્થાપી.

(૧) મોટા માપની રેલવે (Broad gauge)
- ૦ માપ ૫' - ૬'
- ૦ માઈલ ૨૨; કિલોમીટર ૩૫૨
- ૦ વિસ્તાર આણંદથી તારાપુર

(૨) સાંકડા માપની રેલવે (Norrow gauge)

માપ :

માઈલ ૨૭૭.૩૫ કિલોમીટર (૪૩૩.૭૬)

વિસ્તાર : મિયાંગામથી બોડેલી
૨. જંબુસરથી ચાંદોદ
૩. ડભોઈથી ટીંબારોડ
૪. મીયાગામથી માલસર
૫. તણખલાથી છૂછાપુરા
૬. મોટી કોરલથી મીયાંગામ
૭. પિ૪ જી ભાદરણ.

(૩) મહેસાણા પ્રાંત
મધ્યમ માપની રેલવે (Metre gauge)
માપ :- ૩'-૩ ૩/૮"
માઈલ :- ૨૫૭ (કિલો ૪૦૧)
૧. મહેસાણાથી વિરમગામ
૨. આંબલિવાસ થી વિજાપુર અને કાલોલ
૩. કલોલ થી બહુચરાજી
૪. મહેસાણા થી કાકોશી
૫. મહેસાણા થી તારંગાહીલ
૬. મણુંદ રોડથી બહુચરાજી

(૪) કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)
બે મધ્યમ માપની રેલવે સ્થાપી
માઈલ :- ૭૪.૪૩ કિલો. ૧૧૯
૧. ખિજડયા થી ધારી
૨. કુરંગા થી પોર્ટ ઓખા.

આ રેલવે બાંધવાનું કામ વર્ષ ૧૯૦૮ સુધી B. B. & C. I. Railway Co. ને સોપવામાં આવ્યું. આ કામ ઝડપથી પાર પાડવા રેલવે ખાતાની વ્યવસ્થા કરી તેમના સમયમાં કુલ ૭૦૬ માઈલ કિલો ૧૧૨૯ રેલવે હતી.

રેલવે વર્કશોપ

રેલવે ગાડીઓ બાંધવા તથા સમારકામ માટે અર્વાચીન ઢબનું કારખાનું સ્થાપવામાં આવ્યું.

કેળવણી

મહારાજાએ કેળવણી સંબંધી પોતાના વિચારો વ્યકત કરતાં જણાવ્યું હતું :

"હું આપણી માનસિક શકિતઓને ખીલવવા માટે તથા જુદા જુદા વિષયોના જ્ઞાનનો ખજાનાનો લાભ લેવા માટે કેળવણીને વધારે મહત્ત્વ આપું છું. આપણે માત્ર મહેલોમાં જ નહીં પરંતુ ખેડૂત લોકોના ઝુપડામાં પણ જ્ઞાનનો ફેલાવો ઘણા મોટા પ્રમાણમાં કરવો જોઈએ, કારણ કે ખેડૂતોની આબાદીમાં સૌની આબાદી સમાએલી છે. જો જન સમાજની સારા પ્રમાણમાં ઉન્નતિ કરવી હોય તો ન્યાત જાતના ભેદભાવ સિવાય કેળવણી અપાવી જોઈએ. એકાદ-બે માણસો માત્ર આદર્શો રચી શકે, પરંતુ ઘણા માણસો કેળવાય તો જ એ આદર્શ સિધ્ધ થઈ શકે."

* ફરજિયાત શિક્ષણ

કેળવણીના વ્યાપક ફેલાવા માટે તેઓએ પોતાના રાજયમાં ફરજિયાત શિક્ષણ દાખલ કર્યું. ફરજિયાત શિક્ષણ એ જ તમામ પ્રગતિનો પાયો છે.

ફરજિયાત શિક્ષણની શરૂઆત તે ઓએ ૧૮૯૩માં અમરેલીથી કરી હતી.

આખા રાજયમાં આ અંગે ૬૫૦૦ શિક્ષકો રોકવામાં આવ્યા. ગ્રામજીવનને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો.

શિક્ષક પોતાના વ્યવસાયની સાથે સાથે ગ્રામ્ય જીવન સાથે ઓતપ્રોત બને અને શિક્ષણની સાથે સાથે તે સમાજનો પણ શિક્ષક તથા માર્ગદર્શક બને અને સમાજમાં ગૌરવભર્યું સ્થાન મેળવે તે દૃષ્ટિએ અધ્યાપન પાઠશાળામાં, ગ્રામ જીવનના મુળતત્ત્વો વિષે ખાસ શિક્ષણ આપવામાં આવ્યું.

* વસતિગ્રહો દ્વારા કેળવણીનો પ્રચાર

પછાત જાતિઓ ફરજિયાત કેળવણીનો જોઈએ તેટલો લાભ લઈ શકતી ન હોવાથી કેળવણી ફેલાવવાના અંગ તરીકે નીચેની નીતિઓ માટે વસતિગૃહો સ્થાપવાની યોજના બનાવી.

(૧) ઠાકરડા વસતિગૃહ (મહેસાણા પ્રાંત)
(૨) રબારી વસતિગૃહ
(૩) હરિજનો માટે વસતિગૃહ

હરિજનો માટે વડોદરા, અમરેલી, પાટણ, નવસારી, વગેરે સ્થળે વસતિગૃહ શરૂ કર્યા.

આ વસતિગૃહોમાં વિદ્યાર્થીઓ માટે જમવાની, પાટીપેન, પુસ્તકો વગેરની ગોઠવણ કરી અને તેઓના સર્વાંગી જીવન વિકાસની દૃષ્ટિએ શિક્ષણની પધ્ધતિસર યોજના બનાવી.

* ગ્રામ પુસ્તકાલયો વાચનાલયો

દરેકને જરૂરી વિશાળજ્ઞાન મળી રહે તે માટે ગામે ગામ પુસ્તકાલય-વાચનાલય સ્થાપવાની યોજના બનાવી.

પુસ્તકાલય અંગે ગામ તરફથી જે રકમ એકઠી કરવામાં આવે તેમાં પંચાયત અને સરકાર તરફથી મદદ ઉમેરવામાં આવતી. આ રકમમાંથી જરૂરી વર્તમાનપત્રો, માસિકો પુસ્તકો વગેરે ખરીદવામાં આવતાં.

રાજયની યોજના અનુસાર નીચે પ્રમાણે પુસ્તકાલયો વાચનાલયો શરૂ થતાં હતાં.

(૧) કસબા પુસ્તકાલયો - ૪૫
(૨) પુસ્તલાયો - ૮૦
(૩) વાચનાલયો ૧૬૦
(૪) બાળકો-સ્ત્રીઓ - ૧૨ માટેનાં ખાસ પુસ્તકાલયો

* ફરતું પુસ્તકાલય

ફરતા પુસ્તકાલયની યોજના હેઠળ નાની પેટીમાં પુસ્તકો ભરી રાજયને ખર્ચે ગામોની માગણી પ્રમાણે મોકલવામાં આવતાં, જે તે સ્થળના લોકો તે પેટીનો ઉપયોગ કરી તેને પાછી મોકલી નવી ચોપડીઓની બીજી પેટી મંગાવી શકે તેવી યોજના બનાવી.

સમાજ સુધારણા

સમાજ સુધારણા અંગે મહારાજાએ નીચેના કાયદાઓ ઘડયા.

(૧) કુદરત અને પ્રાણીશાસ્ત્રના નિયમથી વિરુધ્ધ બાળલગ્નની રૂઢિ સામે પલગાં ભરવાં
(૨) ન્યાતોનો ત્રાસ અટકાવવો
(૩) સામાજિક ન્યાયનો વિરોધ કરનારી અસ્પૃશ્યતા જેવી હાનિકારક સામાજિક બદીઓ કાઢી નાખવી.

અસ્પૃશ્યતા

અસ્પૃશ્યતાની બાબતમાં મહારાજા સાહેબે એક ઉદબોધનમાં પોતાના વિચારો વ્યકત કરતાં જણાવ્યું.

"જેઓને આપણે ભાઈ-બહેનો જેવાં ગણવાં જોઈએ તેમણે અસ્પૃશ્યતાનું કલંક લગાડવું એ વસ્તુ ખરેખર સામાન્ય માણસ જાતને કમકમાટી ઉપજાવે તેવી છે. મારી દૃષ્ટિમાં અને સરકારની દૃષ્ટિમાં માણસ માણસ જાત વચ્ચે કશો ભેદ નથી. ઊંચી વર્ણો જે પોતાના કરોડો માનવ બંધુઓને સ્વમાનની છેવટે નૈતિક અધોગતિ અનિવાર્ય છે"

રાજય કર્તા તરીકે કેવળ વટહુકમ કાઢીને અસ્પૃશ્યતા દૂર કરવામાં તે ઓ માનતા ન હોતા. જો લોકમતનો ટેકો ન હોય તો કોઈપણ સમાજ સુધારણાનું કાર્ય કેવળ હુકમના જોર ઉપર કરવાનું મુશ્કેલ બની જાય છે હજારો વર્ષોની જડતા અને ચાલ્યા આવતી વહેમો એકાએક દુર થઈ શકતા નથી. આ પુરાણપ્રિય દેશમાં પાશ્ચાત્ય સંસ્કૃતિ દાખલ થઈ (ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં) ત્યારથી આવા પ્રયત્નોની શરૂઆત થઈ હતી. અસ્પૃશ્યતા નિવારણ અંગે જુદા જુદા ધર્મોના અનુયાયીઓ તથા સાધુસંતોએ પ્રયત્નો કરેલા છે. પણ તે સર્વ ઘણે ભાગે વ્યકિતઓએ વ્યકિત માટે કરેલા પ્રયત્નો હતા.

સામુદાયિક રીતે સમાજના મૂળમાંથી અસ્પૃશ્યતા નિવારણ અને તેના ભૌતિક ઉદ્ધાર માટે કાર્યઉપાડનાર તરીકે શ્રીમંત મહારાજાએ ભારે યશ મેળવ્યો છે.

ધર્મ

શ્રીમંત મહારાજા સયાજીરાવે "ધર્મ" વિષે પણ ઊંડું ચિંતન ધરાવતા હતા.

વર્ષ ૧૯૩૩માં શિકાગોમાં સર્વધર્મ મૈત્રી પરિષદ ભરાઈ તે વખતે આંતરરાષ્ટ્રીય પ્રમુખ તરીકે આપેલા ભાષણમાંથી થોડોક અંશ નીચે પ્રમાણે છે.

"આપણી પ્રાથમિક જરૂરિયાત એ છે કે આપણે સર્વધર્મોમાં સામાન્ય હોય તેવી વધારે સાદી માન્યતાઓ તરફ પાછા વળવું જોઈએ, અને તેના પાયા ઉપર એવો વિશ્વાસધર્મ રચવો જોઈએ કે જેમાં માત્ર સહિષ્ણુતા હોય એટલું જ નહીં પણ માનવજાતિના કલ્યાણ માટે સહકારની ભાવના પણ હોવી જોઈએ. તે એક નવિન ધર્મ નથી કે જેના તરફ વળવાનું માનવ જાતને કહેવામાં આવે પરંતુ બધા ધર્મોમાં જે મૂળભૂત સામાન્ય સિધ્ધાંતો છે તે તરફ આપણી વર્તમાન જરૂરિયાતો અને પરિસ્થિતિની દૃષ્ટિએ સિધ્ધાંતોની કેટલી ઉપયોગિતા છે તે વિજ્ઞાનના મહાન સત્યોની સહાયથી સમજાવી ને માનવજાતિને વાળવામાં આવે."

ટૂંકમાં તેઓ સર્વધર્મના સામાન્ય મૂળભૂત સિધ્ધાંતોની ઉપયોગિતા સમજી માનવ જાત તે માર્ગે વળે તેવી ઉચ્ચતર ભાવના ધરાવતા હતા. ધાર્મિક જડતા દૂર થવી જોઈએ અને માનવ કલ્યાણ એજ ધર્મનો મુખ્ય આશય હોવો જોઈએ.

આખરી વાત

શહેર અને ગામડાનું અંતર દુર કરી સમાજના સર્વાંગી વિકાસ માટે ઊંડું ચિંતન અને સતત ભાવના પૂર્વક જિંદગી પર્યંત મથનાર શ્રીમંત મહારાજા અખિલ હિંદમાંએક માત્ર કુશળ લોકનેતા, સમાજ સુધારક, રાજકારણમાં કુશળ મુત્સદ્દી તથા અંગ્રેજ સરકારને પણ ઘડો આપનાર સત્તાધારી રાજવી હતા.

તેઓનું નિધન તા. ૬ ફેબ્રુઆરી ૧૯૩૯ સોમવારે રાતના ૮-૪૫ વાગે થયું.

"સર સયાજીરાવ હીરક મહોત્સવ અને સ્મારક ટ્રસ્ટ"

સર સયાજીરાવ (ત્રીજા)એ પોતાના રાજયારોહણના હીરક મહોત્સવ પ્રસંગે ૧ કરોડ રૂપિયાના વ્યાજમાંથી ગરીબ અને પછાત વર્ગના લોકોના કલ્યાણ અર્થે એક અલગ નિધિ અર્પણ કર્યો હતો. અને તે નિધિમાં સરકારી મદદ ઉમેરી અનેક યશસ્વી કાર્યો થયાં તે વિષે વિગતો જોઈ.

મહારાજાના સ્વર્ગવાસ પછી શ્રીમંત મહારાજા પ્રતાપ સિંહરાવ ગાદી ઉપર આવ્યા તેઓએ મહારાજાની સ્મૃતિમાં પોતાના અંગત ફંડમાંથી ૧ કરોડ રૂપિયાનો નિધિ રાજયના તમામ વર્ગોના ઉત્થાન માટે અર્પણ કર્યો.

ઉપરોકત બંને નિધિના હેતુઓને ધ્યાનમાં રાખી ઉપરોકત ટ્રસ્ટ સ્થાપવામાં આવ્યું. તા. ૧૭ ઓગષ્ટ ૧૯૫૦ના રોજ "ટ્રસ્ટડીડ" અસ્તિત્ત્વમાં આવ્યું.

આ "ટ્રસ્ટડીડ" અમલમાં મૂકતી વખતે રૂા. ૪,૫૦,૦૦૦ હીરક મહોત્સવ નિધિ + રૂા. ૪,૫૦,૦૦૦ રૂપિયા સમારક નિધિમાં મળી રૂા. ૯ લાખની વ્યાજની રકમ ઉમેરવામાં આવી. આ ઉપરાંત ૧૨ ઓગષ્ટ ૧૯૫૦ના રોજ વ્યાજની રકમ રૂા. ૧,૫૪,૮૦૦

તથા તા. ૧૩ ઓગષ્ટ ૧૯૫૦ના રોજ વ્યાજની રકમ સ્મારક નિધિમાં

રૂા, ૬૦,૦૮૮ વ્યાજની રકમ ઉમેરવામાં આવી. આમ આ ટ્રસ્ટ અમલમાં આવ્યું ત્યારે રૂા. ૧,૦૬,૦૪૮,૦૦/- હીરક મહોત્સવ + રૂા. ૧,૦૫,૧૦૦૮૮/- સ્મારક નિધિમાં જમા થયા હતા. કુલ રૂા. ૧,૧૧,૧૪,૮૮૮ બંને નિધિમાં થઈને રકમ જમા થઈ હતી.

આ ટ્રસ્ટ ડીડ પ્રમાણે નીચેના ટ્રસ્ટીઓને ટ્રસ્ટના હેતુઓને ધ્યાનમાં રાખી વહીવટ સોંપવામાં આવ્યો.

૧. સ્વ. શ્રી મહારાજા સર પ્રતાપસિંહરાવ ગાયકવાડ
૨. સ્વ. શ્રી ફતેસિંહરાવ ગાયકવાડ (યુવરાજ, જુના વડોદરા રાજય)
૩. સ્વ શ્રી ડૉ. જીવરાજ ભાઈ મહેતા
૪. સ્વ. શ્રી શ્રીપતરાવ બળવંતરાવ જુન્નારકર
૫. શ્રી મોરારજીભાઈ દેસાઈ

આ ટ્રસ્ટનું કાર્યાલય "મુંબઈ" હતું, હાલ આ ટ્રસ્ટનું કાર્યાલય ફતેગંજ, પોસ્ટઓફિસ સામે આવેલ છે.

આ ટ્રસ્ટમાંથી દર વર્ષે સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી અરજી મંગાવી નીચેના હેતુસર મદદ આપવામાં આવે છે.

(૧) શિક્ષણ

૧. છાત્રાલયોમાં રહેતા જૂના વડોદરા રાજયના ગરીબ તથા પછાત વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસ અંગે મદદ
૨. છાત્રાલયોને નિભાવ ખર્ચમાં મદદ
૩. પ્રાથમિક શાળાઓના મકાન બાંધકામમાં મદદ
૪. પુસ્તકાલયોને ખાસ પ્રવૃત્તિઓ અંગે મદદ જેમકે કૃષિ શિક્ષણ ગૌશાળા વિશિષ્ટ પ્રયોગો અંગે
૬. મહિલા વિકાસ સંસ્થાઓને મદદ

* ગુજરાતમાં ગરીબ અને પછાત વર્ગના વિકાસ માટે કામ કરતી નીચેની સંસ્થાઓને નિયમિત મદદ આપવામાં આવે છે.

૧. ગુજરાત હરિજન સેવક સંઘ, અમદાવાદ
૨. ફતેસિંહ આર્ય અનાથાશ્રમ, વડોદરા
૩. વેલચંદ બેન્કર આશ્રમ, વડોદરા
૪. નવજીવન આશ્રમ, મણુંદ
૫. કોંગ્રેસ સેવાદળ છાત્રાલય, વિસનગર
૬. સૂરત જિલ્લાની આશ્રમશાળાઓ તથા ગ્રામયપીઠ, વેડછી
૭. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
૮. વડોદરા જિલ્લા પછાત વર્ગસેવા મંડળ, વડોદરા

આ ટ્રસ્ટમાંથી કેટલીક સંસ્થાઓને લોકોપયોગી ખાસ સેવા કાર્યો માટે મદદ આપવામાં આવી છે.

ગ્રામવિકાસની અન્ય પ્રવૃત્તિઓ

ગામડાના વિકાસ માટે ગામડાના કૂવા, ગૌશાળા, વારિગૃહ, આરોગ્ય પ્રવૃત્તિ માટે મદદ આપવામાં આવે છે.

* મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીને તેના ઉદ્દેશો પ્રમાણે નિભાવ, ખર્ચ, મકાન બાંધકામ, શૈક્ષણિક સાધનો વગેરે અંગે દર વર્ષે ઓછામાં ઓછા ૫ લાખની મદદ આપવામાં આવે છે.

* હાલ આ ટ્રસ્ટ મારફત જૂના વડોદરા રાજયના તથા અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓનો પૈસાના અભાવે અભ્યાસ ન બગડે તે માટે નીચેના સ્થળોએ છાત્રાલયો શરૂ કરવામાં આવ્યાં છે.

આ છાત્રાલયમાં રહેતા જૂના વડોદરા રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓનો કોલેજના અભ્યાસ અંગે રહેવાનો તથા જમવાનો તમામ ખર્ચ ટ્રસ્ટ ભોગવે છે.

(૧) વડોદરા :કુમાર અને કન્યા શાળા.
(૨) અમદાવાદ : કુમાર અને કન્યા શાળા
(૩) સુરત :કુમાર છાત્રાલય.

* હાલ આ ટ્રસ્ટ મારફત સયાજીરાવ યોગ આયુર્વેદીક નેચરોપથી મ્યુઝીક એન્ડ એલાઈડ સાયન્સીઝ ઈન્સ્ટીટયૂટ શરૂ કરવામાં આવેલ છે.

આ સંસ્થાના વિકાસ માટે જગ્ય તથા અન્ય સવલતો હજી વિકસાવવાની જરૂર છે.

જ લેતા હોય છે.. હરિજન, આદિવાસી અને ઓછી આવક ધરાવતા લોકોમાં સરકારની યોજના ઓ વિષે હજી પણ અજ્ઞાન છે.

રાષ્ટ્રવીર છેલભાઈ અને વડોદરા

– ભંવર કેલ્લા

વડોદરામાં છેલભાઈ હાકેમ હતા. ત્યારની આ વાત છે. એ સમય આઝાદીના ઉષાકાળનો સમય હતો. કોમી હુલ્લડો અને સામુદાયિક હિજરતનો કપરો કાળ હતો. હિન્દુ અને મુસલમાનના હુલ્લડો થતાં આવે, તે સમયે વડોદરાની માંડવી વિસ્તારમાં મુસ્લિમ ઝનાઝો કાઢવા દેવા બાબતમાં રજનું ગજ થઈ ગયું. હજારો હિન્દુઓ એકઠા થઈ ગયા. મુસલમાનો ધ્રુજતા હતા.

પોલીસની કુમક ડી. એસ. પી.એ બોલાવી. મામલો બિચકશે જાણીને નેમણે છેલભાઈને બોલાવ્યા અને કહ્યું કે, આપ જલદી પધારો આ વાત અમારા ક્લબ બહારની છે. છેલભાઈએ હુકમ કર્યો કે હુ આવું ત્યાં સુધી કોઈ પત્રલું લેશો નહીં. છેલભાઈ મારની મોટરે માંડવી વિસ્તારમાં પહોંચી ગયા. ત્યાં હજારોનું હિન્દુ ટોળું વિફરીને બેઠુ હતું.

જેવી છેલભાઈની મોટર આવી અને બધાને ખબર પડી કે, છેલભાઈ આવ્યા છે એટલે તરત જ વિદ્યુત સંચાર થઈ ગયો. 'છેલભાઈ આવ્યાં', છેલભાઈ આવ્યા, એમ ચારે કોર ગણગણાટ થવા લાગ્યો. છેલભાઈ મોટરમાંથી ઉતર્યા અને ડી.એસ.પી.ને હુકમ કર્યો કે પોલીસોને પાછા ખેંચી લો, અને જ્યાં મૈયતનું સ્થળ હતું ત્યાં પહોંચ્યા અને મુસલમાનોને કહ્યું 'ડરો નહીં હુ આવી ગયો છું. ઉઠાવો ઝનાઝો, મુસલમાનોએ ઝનાઝો ઉપાડયો. છેલભાઈએ કહ્યું 'ચાલો આગે બઢેં અને વીર છેલભાઈએ પોતે ઝનાઝો ઉપાડયો. હિન્દુઓના ટોળાંએ જોયું કે ખુદ છેલભાઈએ ઝનાજો ઉપાડયો. હજારો હિન્દુઓ વિસ્મયથી કિમકર્તવ્યમુઢ બની ગયા અને સડસડાટ છેલભાઈ અને ઉપાડનારા અને શોકપ્રદર્શિત કરનારા લોકો સાથે ચાલ્યા હતા.

છેલભાઈને જોનાં જ એ તોફાની ટોળું સાવ શાંત બની ગયું અને વિખરાઈ ગયું.

બીજે દિવસે છેલભાઈના નિવાસસ્થાને મુસ્લિમોનું મોટુ ટોળું શુકગુઝાર કરવા આવ્યું અને મુસલમાનોના મોવડીએ કહ્યું કે, આપ ન હોત તો અમારા બધાની કતલ થઈ જાત. અલ્લાહ આપને આબાદ રાખે.' બધા હારતોરણ લઈને આવ્યા હતા. કુલહારથી છેલભાઈને ઢાંકી દીધા, ત્યારે છેલભાઈએ કહ્યું કે, 'મેં મારી ફરજદારી નિભાવી છે. હુ તો હિન્દુ હોય કે મુસલમાન - તફાવત ગણનો નથી.' મુસલમાનોનાં આગેવાનો છેલભાઈનો ખૂબ ખૂબ આભાર માની વિદાય થયા.

બીજી વાત પણ વડોદરાની જ છે. સમય પણ આઝાદીનો ઉષાકાળ અને હિન્દુ મુસ્લિમ વૈમનસ્યનો હતો. ગાંધીજીની હત્યા થઈ એટલે લોકો રોષે ભરાયેલા હતા. અફવા ચાલી કે, કેટલાક વડોદરાના કોમવાદીઓએ મહાત્માજીની હત્યાનો આનંદ કરવા પેંડાઓ વહેંચ્યા. અફવા આગળ ચાલી કે, ગાંધીજીનો હત્યારો વડોદરા છુપાઈ ગયો છે. એક પ્રોફેસર તિલક ઉપર પણ લોકો રોષે ભરાયા છે. પ્રો. તિલક એ સમયે વડોદરા કોલેજમાં પ્રોફેસર હતા. જેવા તિલક કોલેજ ગયા ત્યારે વિદ્યાર્થીઓ અને બીજા હજારો લોકો ભેગા થયા અને તિલક ગભરાયા. દોડીને સેન્ટ્રલ હોલમાં ઘુસી ગયા અને બારણાં બંધ કરી દીધા. ટોળાએ સૂત્રોચ્ચાર કરી દેકારો મચાવી દીધો કે, જ્યાં સુધી તિલક બહાર ન નીકળે ત્યાં સુધી બેસી રહેવું અને બદલો લેવો. સેન્ટ્રલ હોલ ઉપર છેલભાઈની મોટર જોઈ એટલે લોકોમાં "છેલભાઈ આવ્યા છેલભાઈ આવ્યાં"નેમ થઈ રહ્યું અને સીધાં પગથિયાં ચડીને સેન્ટ્રલ હોલનાં બારણાં ખોલાવી પ્રો. તિલક સાથે બહાર આવ્યા. ટોળું હવે છેલભાઈના આગમનથી શાંત પડી ગયું.

છેલભાઈએ ટોળાંઓને સંબોધન કરતા કહ્યું કે, 'આ પ્રોફેસર ખરેખર ગુન્હેગાર હશે તો હુ એને નહીં છોડુ અરે, ખુદ ગાયકવાડનો પુત્ર પણ જો આવા કાવત્રામાં શામિલ હશે તો એને પણ નહીં છોડુ, અને શુળીએ ચઢાવી દઈશ.'

ટોળાખોરોને છેલભાઈએ મોટા સિંહનાદે પૂછ્યું કે, 'તમને બધાંને છેલભાઈમાં વિશ્વાસ છે ને ?' ને હજારનાં ટોળાએ 'વિશ્વાસ છે, વિશ્વાસ છે, એમ ગગનભેદી નારે કહ્યું.'

છેલભાઈએ કહ્યું કે, 'તો પછી તમે શાંતિથી વિખરાઈ જાવ. આ બાબત મને સોંપી દો.' જેવું છેલભાઈએ ટોળાને કહ્યું કે-વિખરાઈ જાવ-તો તરત જ ટોળું વિખરાવા માંડયું અને ખાલી થઈ ગયું. ઘવાયેલા પ્રો. તિલકને લઈને છેલભાઈ સડસડાટ ચાલ્યા ગયા. પ્રો. તિલકે છેલભાઈને કહ્યું, 'કયા શબ્દોમાં આભાર માનું ? આપ ન હોત તો હુ માર્યો જાત' એટલે છેલભાઈએ પ્રો. તિલકને કહ્યું કે, 'મેં તો ફરજ બજાવી છે.'

વડોદરાનો જ અન્ય પ્રસંગ ગાંધીજીની કોમવાદી તત્વોએ હત્યા કરી તેથી સમગ્ર દેશમાં ખળભ મચી ગયો. વડોદરામાં પણ કોમ વચ્ચે તીવ્ર લાગણીઓ ઘ ગઈ. સરઘસમાં હજારો લો ભાગ લીધો. આથી કોમ કોમ વૈમનસ્ય તીવ્ર હતું. ભાલચંદ્ર (સામ્યવાદી આગેવાન) કોમી એ માટે સરઘસાકારે જઈ રહ્યા ત્યારે પોલીસે રોકયા, એટલે ઝ આગેવાનો એ "છેલભાઈ પધારો, તેવો ટેલિફોન છેલભાઈ ઝડપથી દોડી ગયા પોલીસ ખાતાના અફસરો ત્યાં તે બધાંનો ઉધડો લીધો અને સદિ કહ્યું, 'રાષ્ટ્રીય કાર્યક પોલીસ રોકશે નહી.'

જ છું. સરઘસકારોએ ખુશ છેલભાઈ ને ધન્યવાદ આપ્યા આભાર માન્યો ત્યારે છેલભાઈ કહ્યું કે મેં તો મારી ફરજ બજાવ છે.'

એવી જ રીતે ગાંધીજીનો વડોદરા આવ્યો ત્યારે એ સરઘસ છેલભાઈ પોતે જોડાયા અને ગાંધી પ્રત્યે શ્રધ્ધાંજલિ પણ વ્યકત ક ભાગલા વખતે ભારતમાં જોડા દેશભકિત દાખવવા વીર છેલભાઈ દેશપ્રેમી રાજવી ગાયકવાડને સલા આપી હતી અને વડોદરા ભારતમ જોડાઈ જનારું પહેલું જ રાજય હ

સયાજીરાવ અને ગ્રામવિકાસ

વિકાસ એજન્સી

ગામડાં અને શહેર વચ્ચેનું અંતર હજી પણ વધતું જાય છે. ગામડાંના ખેડૂતો, નાના કારીગરો, વગેરેના આર્થિક વિકાસ માટે સરકારે અનેક યોજનાઓ બનાવી હોવા છતાં તેનો સરકારની વહીવટી આંટીઘૂંટીને કારણે લોકો જોઈએ તેટલો લાભ લઈ શકતા નથી. સરકારની યોજનાઓનો લાભ પૈસાદાર લોકો

આ સંજોગોમાં લોકો બેંકોનો તથા સરકારશ્રીની યોજનાઓનો લાભ લઈ શકે તે માટે કડીરૂપ સંસ્થા તરીકે "ગ્રામ વિકાસ એજન્સી" સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૭૭માં ગામડાના ધનિષ્ઠ વિકાસલક્ષી કાર્યક્રમને અમલમાં મૂકવા પ્રથમ બેંક ઓફ બરોડાએ સારો ઉત્સાહ બતાવ્યો. અને સૌ પ્રથમ સાવલી તાલુકાના પછાત પ્રદેશ પાંડુ મેવાસ વિસ્તારમાં ૨૪ ગામો દત્તક લેવામાં આવ્યાં છે. અને રાજપુરા ગામના સ્થળે બેંક ઓફ બરોડાની શાખા શરૂ કરવામાં આવી.

સર્વેક્ષણ

જે ગામો દત્તક લેવામાં આવ્યાં તે ગામોનું બેંક તથા એજન્સી દ્વારા સામાજિક અને આર્થિક સર્વેક્ષણ કરવામાં આવ્યું. જે દ્વારા ગામડાના લોકો માટે કયા પ્રકારની યોજનાઓ અમલમાં મુકવી તેનું આયોજન થઈ શકે. અને તે રીતે ગામડાના નિરક્ષર લોકો, ધંધા વગરના લોકો, ખેતીની પરિસ્થિતિ, સામાજિક રૂઢિઓ વગેરેનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો. અને તેને ધ્યાનમાં રાખીને ગામડાં માટે રસ્તાઓ. ખેતી સુધારણા, પશુપાલન, નાના ઉદ્યોગો વગેરે માટે સરકારી યોજનાઓનો લાભ મળે તે માટે આ સંસ્થા દ્વારા પ્રયત્નો થયા છે.

જુદી જુદી પ્રવૃત્તિઓ અંગે દરેક ક્ષેત્રના નિષ્ણાતો પણ રોકવામાં આવ્યા છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા અંગે સમગ્ર ગ્રામ સેવા મંડળ, કૈલાસ આશ્રમ, રાજપુરા (તા. સાવલી)ના પ્રમુખ શ્રી સ્વ. રમણભાઈ પંડયા, આચાર્યશ્રી મનહરભાઈ શાહ, કાર્યકરો તથા શિક્ષકોએ સારો ઉત્સાહ બતાવ્યો અને સહકાર આપ્યો છે.

એકંદરે આ યોજનાથી લોકોમાં જાગૃત્તિ આવી છે. અને લોકો પોતાનાં હિતો સમજતા થયા છે.

સરકારશ્રીની યોજનાનો લાભ મેળવવા માટે એજન્સી વચ્ચે હોવા છતાંય વહીવટી મુશ્કેલીઓ, વિલંબ, સરકારી અધિકારીઓની લાપરવાહી, કાયદાની જડતા વગેરેના થકાવટ ઊભી કરે તેવા અનુભવો એજન્સીને પણ થયા છે.

આપણા લોકોમાં રહેલ અજ્ઞાન, રૂઢિઓ, જડતા, રાજકારણ, સ્થાપિત હિતો વગેરે કોઈપણ સારા કાર્યોમાં વિઘ્નરૂપ બને છે. છતાંય મહારાજા સયાજીરાવના હીરક મહોત્સવ તથા સ્મારક ટ્રસ્ટ દ્વારા મહારાજાનાં સ્વપ્નો સાકાર કરવાની દિશામાં "ગ્રામ વિકાસ એજન્સી"એ આદર્શ કાર્યક્રમ ઉપાડયો છે.

આ એજન્સીના વહીવટી ખર્ચ અંગે દર વર્ષે રૂ. ૭,૫૦,૦૦૦ લાખ રૂપિયા જેવી રકમ ટ્રસ્ટ ભોગવે છે.

-મનહર શાહ

ચાલો વૃક્ષ વાવીએ



ચોમાસુ આવતાં આપણે ખેતીનો વિચાર કરીએ છીએ આવી રીતે વૃક્ષ વિચાર ખેતી સાથે સંકળાયેલો છે. ચાલુ વર્ષે સારો વરસાદ થતાં આપણે મોટા પાયા પર વન વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર તથા ખાનગી જમીનોમાં મોટા પાયા પર વૃક્ષરોપણ કરીએ અને વાવેલ વૃક્ષોનું જતન તથા રક્ષણ કરવા સંકલ્પ કરીએ.

વન વિભાગ ગુજરાત રાજય

વડોદરા રાજ્યમાં સ્ત્રી શિક્ષણ

(૧૮૮૫ થી આજ સુધી)

કુ. કુસુમ બહેન પૂણેકર

સો વર્ષ પૂર્વે ગુજરાતમાં સ્ત્રી નું પ્રમાણ નહીવત હતું. જે વિષય થાય તેવો વહેમ હતો. સ્ત્રી શિક્ષણ તરફ તિરસ્કારથી જોતા હતા. મદ્રાસ, તથા મુંબઈ પ્રાંતની માં વડોદરા રાજ્ય ની દ્રષ્ટિએ ઘણું પછાત રાજ્ય પણ પૂણ્યશ્લોક સયાજીરાવ એ રાજ્યધુરા સંભાળતાં ઓની સંખ્યા વધવા માંડી. ને ૧૮૮૫માં શ્રીમંત મહારાજાએ કેળવણી વિષય ઉપર પ્રગટ નોંધમાં લખ્યું છે. "શિક્ષણના માં કન્યા કેળવણીને લીધે જે પરિણામ આવી શકે તે ની વસ્તુ છે. બાળકના ની યોગ્ય ખીલવણીમાં જે સંભાળભરી દેખરેખ અને થી કામ લેવાની શકિત જરૂરનાં છે, તે શિક્ષિત માતા કુશળતાથી કરી શકે છે. દરેક નું સામાજિક જીવન ઘડનાર જ છે. અને તેથી જ પુરુષ સ્ત્રીની ચઢતી અને પડતી જ થાય છે. તેથી જ આપણા જિક જીવનમાં સ્ત્રીના યોગ્ય ને લાયક બનાવવા માટે હુ શાળાઓની સ્થાપના ઉપર ધ્યાન આપું છું." આવી રીતે કેળવણીની પ્રગતિનો યુગ શરૂ

ભારતમાં સર્વપ્રથમ મહારાજા જીરાવે તેમના રાજ્યમાં પ્રાથમિક મફત અને ફરજિયાત કર્યું, કન્યાઓને વિસારી નહોતી. માં અમરેલી પ્રાંતમાં એક નરૂપે આ પ્રયોગ શરૂ કર્યો. ૭ થી ૧૦ વર્ષની તમામ ઓ માટે પ્રાથમિક શિક્ષણ જિયાત થયું. અનુભવથી આ સફળ અને આવશ્યક જણાતા થી ફરજિયાત શિક્ષણનો કાયદો આખા રાજ્ય માટે થયો.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ૪૧ વર્ષ બાદ જ્યાં સુધી ૧૦૦% બાળકોને પ્રાથમિક શિક્ષણ સુલભ નથી, ત્યાં ૧૦૬ વર્ષ પૂર્વે ૧૮૮૨માં તેમણે પ્રાથમિક શિક્ષણ માટે તાલીમી સંસ્થાની શરૂ આત સ્ત્રી અધ્યાપન પાઠશાળા, આજના સ્ત્રી -અધ્યાપન મંદિરની કરી , સ્ત્રી શિક્ષણ વિના શિક્ષણનો વ્યાપ શક્ય નથી એ જાણીને તેમણે પોતાના રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરતા પહેલાં તેમણે તાલીમી સંસ્થા શરૂ કરી એ તેમની દીર્ઘદૃષ્ટિ બતાવે છે.

મોટી ઉમ્મરની બહેનો માટે ઝનાના વર્ગ શરૂ કરવામાં આવ્યો. ઝનાના વર્ગમાં વાચન, લેખન અને હિસાબ તથા શિવણ ભરતા વગેરે વિષયો શિખવાડવામાં આવતા.

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અને પ્રાપ્ત કરેલું શિક્ષણ ભૂલાઈ ન જાય એટલા ખાતર ગ્રામ પુસ્તકાલયો, ફરતા પુસ્તકાલયો અને વડોદરામાં મહિલા પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યા.

વીસમી સદીના પ્રારંભમાં રાષ્ટ્રીય આંદોલનોને લીધે લોકજાગૃતિ વધતા ઠેરઠેર શિક્ષણ સંસ્થા વધવા માંડી અને કન્યાશાળાઓની સંખ્યામાં સારો એવો વધારો થયો.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ વધતા ૧૯૬૮થી બહેનો માટે બાલ અધ્યાપન મંદિરની સ્થાપના વડોદરામાં થઈ. શરૂઆતમાં ત્યાં પ્રાથમિક શાળાંત પાસ થયેલા માટે બે વર્ષનો અભ્યાસક્રમ અને એસ.એસ.સી. પાસ થયેલ માટે એક વર્ષનો અભ્યાસક્રમ હતા. હાલમાં એસ.એસ.સી. પાસ થયેલાને ગુણાનુક્રમે પ્રવેશ મળે છે. પ્રવેશ માટે સારો એવો ધસારો રહે છે.

૧૯૮૭-૮૮ના વર્ષમાં ફકત વડોદરા શહેરમાં જ પ્રાથમિક વિભાગમાં કુલ ૧,૩૫,૨૬૫ વિદ્યાર્થીઓ પૈકી ૬૩,૪૧૮ કન્યાઓ હતી. ૧૯૮૧ની વસતી ગણત્રી પ્રમાણે અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા ગ્રામ્ય વિસ્તારમાં કુલ વસતીના પુરુષો ૪૯.૨૧ અને સ્ત્રીઓમાં ૨૪.૮૧ ટકાવારી છે. જ્યારે શહેરી વિસ્તારમાં પુરુષોમાં અક્ષરજ્ઞાનની ટકાવારી ૭૩.૮૩ અને સ્ત્રીઓમાં ૫૮.૮૩ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓની અક્ષરજ્ઞાનની કુલ ટકાવારી ફકત ૩૭.૨૯ છે જે ઘણી જ ઓછી કહેવાય.

૧૯૩૭-૩૮માં ૨૨૩૦ સરકારી પ્રાથમિક શાળાઓ હતી તે સિવાય ખાનગી શાળાઓ હતી જ્યારે ૫૦ વર્ષ પ્રછી ૧૯૮૬-૮૭માં વડોદરા જિલ્લાના સર્વે રિપોર્ટ પ્રમાણે શાળાઓની સંખ્યા ૩૧૮૨ છે. વસતીના પ્રમાણમાં શાળાની સંખ્યા વધી નથી. ગ્રામ્ય વિસ્તારમાં દર ૧૦૩૬:૧ શાળાનું પ્રમાણ છે. જ્યારે શહેરી વિસ્તાર માટે ૨૮૧૦:૧ શાળા પ્રમાણ છે.

જિલ્લા આંકડાકીય રૂપરેખા ૧૯૮૪-૮૫, વડોદરા જિલ્લા અન્વયે હજુ ૨૧૧ ગ્રામ પ્રાથમિક શાળા વિનાના છે. જેમાંના ૫ ગ્રામ તો ૧૦૦૦થી વધુ વસ્તીનાં છે.

ઈ.સ. ૧૮૯૬ પહેલાં કન્યાઓ માટે માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણની કોઈ જોગવાઈ ન હતી. સને ૧૮૯૬માં તેમના માટે બે ખાનગી વર્ગો ખોલવામાં આવ્યા હતા. પણ તે વર્ગો તે વર્ષમાં બંધ થયા. ૧૯૦૫માં સ્ત્રી અધ્યાપન પાઠશાળામાં જ માધ્યમિક શિક્ષણના વર્ગો શરૂ થયા. વખત જતાં સંપૂર્ણ હાઈસ્કૂલ થઈ. સર્વ પ્રથમ ૧૯૧૦માં એક કન્યાએ મેટ્રીકયુલેશનની પરીક્ષા પાસ કરી. ધીમે ધીમે સંખ્યા વધતા ૧૯૧૭માં તેની વ્યવસ્થા નવા મકાનમાં કરવામાં આવી. આ જ મહારાણી કન્યા વિદ્યાલય હાલમાં વડોદરા જિલ્લામાં ૧૭ કન્યા વિદ્યાલયો છે. જે પૈકી વડોદરા શહેરમાં ૧૧ કન્યા વિદ્યાલયો છે. સંખ્યાની દૃષ્ટિએ કન્યા વિદ્યાલયોની સંખ્યા ઓછી જણાય છે. પણ આજે ઘણી કન્યાઓ મિશ્ર શાળામાં અભ્યાસ કરે છે.

વડોદરા જિલ્લા સર્વે રિપોર્ટ ૧૯૮૬-૮૭ અન્વયે ગ્રામ વિસ્તારમાં દર ૧૦૬૬૭ની વસ્તીએ ૧ શાળા છે, જ્યારે શહેરી વિસ્તારમાં શાળાનું પ્રમાણ ૮૦૩૧:૧ છે. માધ્યમિક વિભાગમાં અભ્યાસ કરતી કન્યાઓનું પ્રમાણ ૩૫.૮૯% છે.

મહારાજા સયાજીરાવનું ધ્યાન ફકત પ્રાથમિક શિક્ષણ પ્રત્યે જ નહોતું. ૧૮૭૯માં બરોડા કૉલેજનો પાયો નાંખતી વેળા તેમણે કહ્યું હતું કે, "જનતાની કેળવણી ખરેખર જરૂરની છે ખરી, પણ હિન્દુસ્તાનના હાલના સંજોગો અને સ્થિતિમાં નાની સંખ્યામાં લઈ શકાય તેવું ઉચ્ચ શિક્ષણ વધારે અગત્યનું છે. બૌદ્ધિક બંધનોથી મજબૂત સાંકળ તોડવા માટે એક વિશિષ્ટ બળની જરૂર હોય છે. એવું બળ સાધારણ પ્રાથમિક શિક્ષણ જ્ઞાનથી પ્રાપ્ત કરી શકાતું નથી"

૧૮૮૨માં ૩૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ કોલેજમાં એક પણ કન્યા ન હતી. ૧૯૧૫માં ૮ વિદ્યાર્થીનીઓ હતી. ૧૦ વર્ષ પછી ૧૯૨૫માં સંખ્યા વધીને ૨૩ થઈ, ૧૯૨૩માં બહેનો માટે સ્વતંત્ર કૉલેજ એસ. એન.ડી.ટી. યુનિ. સંચાલિત મહિલા મહાવિદ્યાલયની શરૂઆત ૩ બહેનોથી થઈ. આજે તેમાં લગભગ ૯૦૦ બહેનો અભ્યાસ કરે છે. ૧૯૫૮માં એમ.એસ. યુનિ. સંચાલિત ગૃહવિજ્ઞાન હોમ સાયન્સ ફેકલ્ટી (ફકત બહેનો માટે) શરૂ કરવામાં આવી. આ ઉપરાંત એમ. એસ. યુનિ.ની વિવિધ ફેકલ્ટીમાં પણ બહેનો અભ્યાસ કરે છે.

જામનગર યુનિ. સંલગ્ન આયુર્વેદ મહાવિદ્યાલયની સ્થાપના ૧૯૬૨માં ફકત બહેનો માટે આર્યકન્યા વિદ્યાલયના પ્રાંગણમાં થઈ. તેમાં ૫ વર્ષનો બી.એસ.એ.એમ.નો અભ્યાસક્રમ છે. તેમાં ૪૦ બહેનો અભ્યાસ કરે છે.

આર્યકુમાર મહાસભા સંચાલિત આર્ય કન્યા વ્યાયામ મહાવિદ્યાલય ૧૯૬૨થી ઈંટોલામાં ચાલે છે. તેમાં એસ.એસ.સી. પાસ થયેલ માટે પ્રમાણપત્ર અને સ્નાતક થયેલા માટે ડિપ્લોમા એમ બે પ્રકારના વ્યાયામના અભ્યાસક્રમ છે.

ઉપર્યુકત ટ્રસ્ટ દ્વારા લલિત કલા વિદ્યાલય ૧૯૬૬થી ચાલે છે. જેમાં ૨૩૦ બહેનો ભારતીય નૃત્યશાસ્ત્રોનો અભ્યાસ કરે છે. ત્યાંની બહેનોએ પરદેશમાં પણ નૃત્યના કાર્યક્રમો આપ્યા છે. આ ઉપરાંત ડભોઈમાં સંગીત વિદ્યાલય અને સર સયાજીરાવ કૃષિશાળા છે. આ બંને સંસ્થાનો લાભ બહેનો લે છે.

ઉપલક દૃષ્ટિએ જોઈએ તો શિક્ષણ સંસ્થાઓની સંખ્યા વધેલી છે. વિવિધ વિદ્યાશાખાઓમાં ઉચ્ચ શિક્ષણની સુવિધા છે ખરી પણ એકંદરે સ્ત્રી શિક્ષણનું પ્રમાણ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં સંતોષકારક નથી. પ્રાથમિક શિક્ષણનો વિકાસ લોકશાહી દેશ માટે આવશ્યક છે. પ્રાથમિક શિક્ષણનું ચિત્ર ગૌરવપ્રદ નથી જ. જે વડોદરા રાજ્યમાં પૂણ્યશ્લોક સયાજીરાવ ગાયકવાડે ૧૬ બાળકોની સંખ્યા થાય ત્યાં આજથી ૧૦૦ વર્ષ પૂર્વે શાળા શરૂ કરવાનો નિયમ કર્યો હતો. તે રાજ્યમાં જિલ્લામાં ૨૧૧ ગામો તો પ્રાથમિક શાળા વિનાના છે તે કઠે છે.

વડોદરા અને સિંધી સમાજ

- શ્રી હીરો લાલવાણી

૪૭માં હિન્દુસ્તાનના ભાગલા ત્યારે સિંધ પ્રદેશમાં વસવાને સિંધી તરીકે ઓળખાતી ભારતનાં કેટલાંક શહેરોમાં વસવાટ કર્યો.

વડોદરામાં આવેલી સિંધી કોમને ધ્યાને સ્વ. પ્રતાપસિંહરાવ જગ્યાઓ આપી અને પણ કરી. ધીમે ધીમે આ પ્રજા અન્ય કોમોની સાથે ભળી ગઈ અને પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું.

૧૯૪૭ પહેલાં આ કોમ કરાંચી અને શિકારપુરમાં રહેતી હતી. ભારતના ભાગલા સાથે પંજાબ અને બંગાળના પણ ભાગલા પડયા. પરંતુ સિંધ પ્રાંત આખો જ પાકિસ્તાનને સોંપી દેવામાં આવ્યો.

જ્યારે હિન્દુ-મુસ્લિમ રમખાણો થયાં ત્યારે પાકિસ્તાનમાં વસતા સિંધી હિન્દુઓ ધર્મની રક્ષા માટે ભારત આવ્યા. કેટલાક મુંબઈ પહોંચ્યા અને કેટલાક બારમેડના રસ્તેથી ગુજરાતમાં આવ્યા. બાકીના લોકોએ અજમેર, જયપુર, પુના વગેરે શહેરોમાં જઈને વસવાટ કર્યો. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ગોધરા, રાજકોટ, સુરત, જામનગર, નડીયાદ વગેરે નગરોમાં સ્થિર થયા અને ગુજરાતની પ્રજામાં દુધમાં સાકર ભળે એમ ભળી ગયા.

ગુજરાતમાં સિંધીઓ ભળી જવાનું કારણ એ કે સિંધી અને ગુજરાતી ભાષાના શબ્દો મળતા આવે છે. સિંધી અને ગુજરાતીના મિશ્રણથી સિંધી ભાષા બને છે કચ્છી તરીકે ઓળખાતા ગુજરાતી લિપિમાં લખે છે, જ્યારે સિંધીઓ ઉર્દુની માફક લખે છે. એક માહિતી પ્રમાણે આ લિપિ અસલ નથી. સિંધમાં ઘણાં વર્ષો લગી મુસ્લિમ શાસન હતું એટલે સિંધમાં વસનારને ફારસી લિપિ શીખવી પડતી.

સિંધી લોકો વરૂણદેવની પૂજા કરે છે. ઝુલેલાલ એમનો ઈષ્ટદેવ છે તે

આર્યકન્યા મહાવિદ્યાલય

– રશ્મિબેન જગડ

ગુજરાતમાં આર્યકન્યા મહાવિદ્યાલયની સ્થાપના એ નારી સમાજના મહાન ઉત્કર્ષની જવલંત ભાવના પ્રેરે છે. ૧૯મી સદીના મહાન સુધારક મહર્ષિ દયાનંદજીના નારી ઉત્થાનના સ્વપ્નને સાકાર કરતી એક સિદ્ધિ એટલે આર્યકન્યા મહાવિદ્યાલય. પાંચ વર્ષની બાલિકામાં સરળ માતૃત્વની ભાવનાના દર્શન કરી મસ્તક ઝુકાવનાર અને દયાનંદજીના પગલે ચાલનાર આનંદપ્રિયજીની સાધનાનું ફળ એ આર્યકન્યા મહાવિદ્યાલય.

શ્રીમંત મહારાજા સયાજીરાવના સમયમાં આજથી સાઈઠ વર્ષ પૂર્વે કારેલી બાગમાં આ સંસ્થાનું મંગળાચરણ થયું.

આ સંસ્થાની વિશેષતા એ છે કે વેદકાલીન સંસ્કૃતિના દ્યોતક રૂપ ઉજળ ઉપનયન સંસ્કારની દીક્ષા કન્યાઓને આપી સંસ્થાની કુલવાસિની બનાવી તેને ઉપદેશ અપાય છે.

"સવિતા પ્રસુતઃબૃહસ્પતે બ્રહ્મચારિણી ભવ" "તેજપુંજ જ્ઞાનમય સવિતાના ચૈતન્ય પ્રેરક અને બુદ્ધિપ્રેરક પરમાત્માની તું અમર પુત્રી છે." તું વિદ્યા અને ધર્મના અધિષ્ઠાતા બૃહસ્પતિની વિદ્યાર્થિની થા" એ પ્રથમ ઉપદેશની પરંપરા જાળવી કન્યાઓ કુલવાસિની બની ગુરુના શિક્ષણમાં અને સ્વાધ્યાયમાં ઓતપ્રોત બની જાય છે. ત્રિપદા ગાયત્રીનું જ્ઞાન ગુંજવતી કન્યાઓ જ્ઞાનને બુદ્ધિની દેવી ગાયત્રીની તેજસ્વી મુખમુદ્રાને પોતાના અંતરાત્મામાં ધારણ કરવા પ્રયત્ન કરે છે. કન્યાઓમાં દૃઢ મનોબળ સાથે આધ્યાત્મિકતા ઉત્પન્ન કરવામાં સંસ્થાએ સૌ પ્રથમ પગરણ માંડયાં છે. સંસ્થા છોડી સમાજમાં સ્થિર થનાર કન્યાઓ પણ એ દૃઢ મનોબળથી પોતાની જીવનવાડી લીલીછમ રાખી શકી છે.

સત્યં, શિવં, શુંદરમ એ મનુષ્યજીવનનું ધ્યેય છે. આ સંસ્થામાં સત્યના નાદબ્રહ્મથી કન્યાઓના અંતરની અભિલાષાઓ ગુંજતી કરવામાં આવે છે. આત્મભોજન અને મનભોજનની અવનવી સામગ્રી વ્યાવહારિક દૃષ્ટિએ આધુનિક વાતાવરણમાં અનુશીલનથી સમજાવીને કન્યાઓને પીરસવામાં આવે છે.

મનુષ્યના દેહને દેવમંદિર કહ્યું છે. અહીં વ્યાયામના પ્રયોગો દ્વારા એ પરંપરાનું જતન થાય છે. યોગાસનો, અંગકસરતો દ્વારા શારીરિક વિકાસ તરફ લક્ષ આપવામાં આવે છે. પ્રો. માણેકરાવજીના અખાડાની આ સંસ્થાની બહેનોએ તાલીમ લીધેલી છે. પં. શ્રી. આનંદપ્રિયજી પણ ૮૫ વર્ષની ઉંમરે વ્યાયામ કરી ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે.

આર્યકન્યા મહાવિદ્યાલયના શિક્ષણ અને સ્વાધ્યાયમાં કન્યાઓને બુદ્ધિ અને માનસિક શક્તિના વિકાસ માટે કલા, સંગીત, સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન આપવામાં આવે છે.

શ્રેષ્ઠ જ્ઞાન અને શ્રેષ્ઠ કર્મ જીવન વિકાસનો પાયો છે. એની અનુભૂતિનું પરિશીલન કન્યાઓને દૈનિક નિયમોમાં કરાવવામાં આવે છે.

"સા વિદ્યા યા વિમુક્તયે" અર્થાત મુક્તિ અપાવે એ વિદ્યા. જે આત્મામાં બળ પ્રેરે વિવેકબુદ્ધિ સ્થાપિત કરે. આર્યકન્યા વિદ્યાલય એ વિદ્યા આપવામાં સફળ નીવડી છે.

પ્રતિવર્ષ સંસ્થા પ્રવાસ-પર્યટન યોજે છે. ઈતિહાસ ભૂગોળ અને મનુષ્યની વિવિધતાનાં દર્શન આ દ્વારા કરાવાય છે. ભારતીય સંસ્કૃતિના પ્રચાર માટે અહીંની કન્યાઓ ભારતનો તો પ્રવાસ કરે જ છે પરંતુ બે વાર આફ્રિકાનો પ્રવાસ પણ કર્યો છે. રંગુન અને બર્માનો પ્રવાસ કરી સંસ્કૃતિની જ્યોતને ઝળહળતી રાખી છે. આર્યકન્યા મહાવિદ્યાલયની કન્યાઓએ જાતિભેદ અને ધર્મભેદના વાડાઓ તોડી એકતામાં પોતાનો સૂર પૂરાવ્યો છે.

અહીંનું શિક્ષણ ગુરુકુળ પદ્ધતિનું છે. આ સર્વાંગ શિક્ષણ સંસ્થા છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. અનેક શિક્ષણકારો, કથાકારો અને સાહિત્યકારોએ આ સંસ્થાને બિરદાવી છે.

આ સંસ્થાની પ્રથમ બેચની કન્યાઓ અત્યારે પણ આચાર્યા અને ઉપાચાર્યાનું પદ શોભાવે છે. સંસ્થાનું ઉજવળ પાસું એ છે કે સાઈઠ વર્ષમાં અનેક ઉજળવળ સ્નાતિકાઓ આ દેશને આપી છે.

મહારાણી હાઈસ્કૂલમાં વર્ષો પહેલાં એક અંગ્રેજી અન્નારી હતાં મીસ નીડહમ- તેઓ જ્યારે પણ સંસ્થાની મુલાકાતે આવે ત્યારે કહેતાં "અહીંની કન્યાઓના ચહેરા પર સદા હાસ્ય જોવા મળે છે "

આર્યકન્યા વિદ્યાલયની બાળાઓ બર્લીન ફેસ્ટીવલમાં

વડોદરા અને સિંધી...

ઉપરાંત સરસ્વતી અને અન્ય દેવતાઓની પણ ઉપાસના કરે છે.

સિંધની ભીજી સરહદ પંજાબને જોડતી હોવાથી આ કોમમાં પંજાબી સભ્યતાની પણ અસર જણાય છે અને પંજાબના સૂફી સંત ગુરુ નાનકજી ઘેર ઘેર વસે છે. તેમની વાણી અને ગ્રંથો સિંધીઓમાં ઘેર ઘેર વંચાય છે અને પૂજાય છે.

સિંધીમાં આ લોકોનો વ્યવસાય ખેતી ઉપર નિર્ભર રહેતો હતો. સિંધના અમુક લોકો જાવા, સુમાત્રા, હોંગકોંગ, મલેશિયા, બર્મા, સિંગાપુર, જેવા દેશોમાં વેપાર કરવા જતા હતા. ત્યાંથી પૈસા કમાઈ એશઆરામી જિંદગી જીવતા હતા. તેમની અમુક દેશોમાં પેઢીઓ ચાની હતી. સિંધમાં સિંધુ નદીનો કેનાલનું પાણી મળવાથી ખેતીની ઉપજ પણ સારા પ્રમાણમાં રહેતી નથી.

સિંધમાંથી ભારતમાં આવેલા સિંધીઓને ખેતીની જમીન અનુકૂળન આવતાં તેઓ નોકરી-ધંધા તરફ વળ્યા. આ ઘરનાં બાળકો પણ કાંસકા, રિબનો, નેપકીન, ગોળીઓ, વગેરે લઈને ફૂટપાથ પર બેસી, વેપાર કરી બેચાર રૂપિયા રળી લેતા. આમ ઉદ્યમની ગળથૂથી હોવાથી સિંધી ભાઈ બેકાર જોવા મળતો નથી.

વડોદરામાં તેઓ આવ્યા ત્યારે મિલિટરી કેમ્પો ખાલી કરીને જગ્યાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ વારસીયા અને ફતેપુરા ખાતે તેમને જગાઓ ફાળવી આપવામાં આવી હતી.

હાલના પદ્માવતી સેન્ટરના સ્થળે મહારાજા પ્રતાપસિંહ રાવે જગા ફાળવી આપેલી ત્યાર બાદ આલિશાન બિલ્ડીંગ બનતાં તેઓને દુકાનો ફાળવી આપવામાં આવી. પદ્માવતી સેન્ટરમાં હાલ સિંધી ભાઈઓ જુદા જુદા વ્યવસાય કરી રહ્યા છે.

વડોદરા શહેરમાં સિંધી કોમમાંથી શહેરના ઉપ-મેયર તરીકે શ્રી રામચંદાની, ઈલેકટ્રીક સમિતિના ચેરમેન શ્રી રાજા અડવાણી, પ્રખ્યાત ક્રિકેટર શ્રી કિશનચંદ, મેજીસ્ટ્રેટ શ્રી જેનાણી, સિટીઝન કાઉન્સિલમાં શ્રી અડવાણી વગેરેએ સિંધી કોમનું નામ રોશન કર્યું છે અમદાવાદના મ્યુ. કમીશ્નર બીજલાણી પણ સિંધી કોમના છે.

આ શહેરમાં પાંચ જેટલી-સિંધી સ્કૂલો ચાલે છે. પોતાની આગવી મહેનત અને લંગનથી આ કોમ ખૂબ આગળ વધી છે. શાંતિ અને સુલેહપ્રિય હોવાથી અહીંની પ્રજા સાથે ભળી ગઈ છે.

ONIDA SERVICE CENTRE
52/1 KUNJ SOCIETY ALKAPURI,BARODA-5 TeleNo.320003

સ્થાપત્ય કલાનો બેનમૂન નમૂનો:

લક્ષ્મીવિલાસ પેલેસ

તેજલ જવાહર પરીખ

ભારતીય સ્થાપત્યકલાની અભિવ્યકિતનો વિકાસ અને વિવિધ યુગોમાં પ્રવર્તમાન તેના સિદ્ધાન્તો જે તે યુગના પેલેસ / રાજમહેલોની બાંધણીમાં આત્મસાત્ થયેલા જોવા મળે છે કારણ કે પેલેસ જ એક એવી બાંધણી છે જેમાં ઉત્તમ કહી શકાય તેવા સ્થપતિઓ, કસબીઓ અને શ્રમિકો રોકવામાં આવતા અને ખર્ચને પહોંચી વળવા માટે ભરપૂર નાણાંભંડોળ પણ સહેલાઈથી ઉપલબ્ધ હતું.

આ બધા પેલેસનું સૌથી આગળ તરી આવતું મુખ્ય લક્ષણ તે સત્તાના પ્રતીક સમી ભવ્યતા. ખાનગી ઈમારતોમાં કદની દૃષ્ટિએ સૌથી વિશાળ આ પેલેસ જ હતા.

પેલેસ રાજાનો આવાસ હોવા ઉપરાંત વહીવટની દૃષ્ટિએ મુખ્ય કેન્દ્ર પણ હતો. અધિકારીઓ અને હજૂરિયાઓ માટે યોગ્ય નિવાસ સ્થાન હોવા ઉપરાંત રાજકીય સમારંભો સમયે વિવિધ મહાનુભાવોના ઉતારા માટેનું સ્થાન પણ હતો.

૧૯ મા સૈકાની શરૂઆત સાથે સમગ્ર ભારતમાં અંગ્રેજ સલ્તનતનો ઉદય થયો જેના પગલે રજવાડાઓ વચ્ચે ચાલતો આંતરિક વિગ્રહ સમાપ્ત થયો અને શાંતિના મંડાણ થયા આને કારણે રજવાડાના વારસો અંગ્રેજી જીવનધારા અને વિચારધારા અપનાવતા થયા અને આ જ ગાળો પેલેસ-બાંધણીના વિવિધ યુગોમાં સૌથી મહત્ત્વનો યુગ સાબિત થયો.

અંગ્રેજોને જોઈતા હતા તેમની હકૂમતનાં નક્કર પ્રતીકો. સ્થાપત્યકલા એ તેમના આદર્શો, માનમોભો ચરિતાર્થ કરવા માટેનું ઉત્તમ માધ્યમ હતું અને તેનું અનિવાર્ય પરિણામ તે ભારતીય રાજવીઓ દ્વારા, તેમના મોભા, ધનસંપત્તિ અને ઐશ્વર્ય તથા સમૃદ્ધિની સચોટ અભિવ્યકિત સમા મહાલયોમાં પાશ્ચાત્ય મૂળભૂત તત્ત્વોનો ભરપૂર સમાવેશ.

જયારે બીજીબાજુ, અંગ્રેજ સલ્તનત હેઠળના પરંતુ પૂર્ણપણે આત્મકેન્દ્રી રાજવીઓ ભોગવિલાસ અને એશો આરામમાં રચ્યાપચ્યા રહી ઐશ્વર્ય અને સમૃદ્ધિની રેલમ્ છેલ માણતા હતા. તેમના નખરાં, સત્તાધિકારના દુરૂપયોગથી કરેલા ઉપાર્જનથી સાકાર થતા હતા.

ભારતીય, ઈસ્લામી તથા યુરોપીય સ્થાપત્ય શૈલીઓના સમન્વયથી આ પેલેસ/રાજમહેલો જગતના ઉત્કૃષ્ટ સ્થાપત્ય નમૂના બની શકયા છે. જો કે કુદરતનો આગ્રહ રાખનારા તેને તિરસ્કારશે પરંતુ આ મહાલયો રજવાડી જમાનાના ભારત અને તેના ભવ્ય સાંસ્કૃતિક વારસાને અંજલિરૂપ જ લેખાશે.

સયાજીરાવના જમાનામાં વડોદરામાં સ્થાપત્યકલાનો વિકાસ સધાયો. ૧૮૬૦ સુધી તો આ રજવાડી પરિવાર જૂના મહેલ 'સરકારવાડા' માં સ્થિત હતો. ફ્રિલિપ્સ બ્રાઉન સાર્જન્ટે આ જૂના મહેલને સ્વચ્છતા-સ્વાસ્થ્યના ઉપાયો, સેનિટેશન-ગંદા પાણીનો નિકાલ વિગેરે બાબતોમાં અતિ જૂનવાણી હોવાનો તથા તેમાં સદાય તાજી હવાનો અભાવ હોવાનું જણાવ્યું છે.

પછી આ રજવાડી પરિવાર નવા બંધાયેલા 'નઝરબાગ પેલેસ'માં રહેવા લાગ્યા આ નઝરબાગ પેલેસ 'સરકારવાડા' ની બરાબર પાછળ બાંધવામાં આવેલો અને તેમના જૂના મહેલ કરતાં ઘણી રીતે જૂદો પડતો હતો. પણ પાછળથી આ 'નઝરબાગ પેલેસ' પરિવારના વસ્ત્રાભૂષણો માટેનું ભવ્ય સંગ્રહસ્થાન બની ગયો.

આ રજવાડી પરિવાર ૧૮૯૦ ની સાલમાં, નવા બંધાયેલા 'લક્ષ્મીવિલાસ પેલેસ' માં રહેવા ગયો કે જે શહેરથી થોડે દૂર આવેલો હતો. ગાયકવાડો દ્વારા આ પેલેસની ડિઝાઈન કરવાનું કામ અંગ્રેજ ઈજનેર મેજર ચાર્લ્સ માન્ટને સોંપવામાં આવ્યું હતું. મેજર માન્ટે કોલ્હાપુર અને દરભંગાના પેલેસની ડિઝાઈન તૈયાર કરી હતી. બાર વર્ષના સતત બાંધકામ પછી ૧૮૯૦ માં આ ભવ્ય લક્ષ્મીવિલાસ પેલેસ ઊભો થયો હતો.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો પ્રારંભિક તબકકામાં વડોદરા, અનેક આક્રમણખોરોનું નિશાન બન્યું હતું પરિણામે જૂના વડોદરા શહેરની ચારે બાજુ દરવાજા હતા અને નઝરબાગ પેલેસ સંકુલ તેની બરોબર વચોવચ હતું.

ગુજરાતમાં ગાયકવાડોની સ્થિતિ મજબૂત થતાં, અંગ્રેજી શાસનને લીધે એક પ્રકારની સુરક્ષા પ્રાપ્ત થતાં અને રાજયમાં શાંતિ સ્થપાતાં, શહેરના શોરબકોરથી દૂર નવા પેલેસ સંકુલની સ્થાપના થઈ જેને નામ અપાયું લક્ષ્મીવિલાસ પેલેસ. લક્ષ્મી એટલે સંપત્તિ અને વિલાસ એટલે ક્રીડાભવન.

જૂના વડોદરા શહેરની પશ્ચિમે, શહેરથી થોડે દૂર, લહેરીપૂરા દરવાજા તરફ દોરી જતા મુખ્ય રસ્તા ઉપર આ પેલેસ આવેલો છે. આ પેલેસની જમીન ૭૪૪ એકર વિસ્તારમાં પથરાયેલી છે. પશ્ચિમ અને દક્ષિણ છેડે રેલ્વેના પાટા છે. સમતલ અને ઘટ્ટ જમીન ધરાવતા આ સંકુલને ફરતે કોઈ દિવાલ નથી પરંતુ રેલિંગ છે. આ સંકુલમાં છે રાજમહેલ, પેલેસ સ્કૂલ, રાઈડીંગ સ્કૂલ, ગેસ્ટ બંગલા, પેલેસ ઑફિસ બિલ્ડીંગ, વિવિધ સ્ટોરરૂમ તથા બે કે ત્રણ મંદિર તેમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, ટેનિસ કોર્ટ, બેડમિન્ટન કોર્ટ, બૉટહાઉસ, ગોલ્ફ કોર્સ, ફૂળોની વાડી તથા હરણાંઓ માટે વિહારભૂમિ, વાડીની ફરતે ઘૂમતી મીની રેલ-ગાડી (જે હવે કમાટી બાગને ભેટ આપવામાં આવી છે) અને શાકભાજીની વાડી પણ આવેલાં છે.

પેલેસ ગ્રાઉન્ડથી થોડે દૂર મુખ્ય ગેરેજ તથા તબેલો આવેલાં છે અને તેનો કેટલોક ભાગ સ્થાનિક શાળાને આપવામાં આવેલો છે.

લક્ષ્મીવિલાસ પેલેસનું પ્રવેશદ્વાર શહેર તરફ દોરી જતા મુખ્ય રસ્તા ઉપર આવેલું છે. પણ આ મુખ્ય રસ્તા ઉપર ઊભા રહીને જોવાથી ટાવરની ટોચ સિવાય મહેલનાં કોઈ ભાગ દેખાતો નથી. પેલેસ સંકુલના સંદર્ભમાં, મુખ્ય પ્રવેશદ્વાર એવી રીતે ગોઠવવામાં આવ્યું છે કે જેથી, નિયમિત રીતે ભરાતી દરબાર સભામાં હાજરી આપવા આવતી આમ જનતા મહેલનો તે જ હિસ્સો જોઈ શકતી અને દરબાર હૉલ સુધી જ પહોંચી શકતી. મકાનનો બાકીનો ભાગ વૃક્ષોની હારમાળાથી ઢંકાયેલો રહે છે.

મુખ્ય દરવાજાથી અંદર આવનાર વ્યકિતને પહેલાં મહેલના સૌથી ધ્યાનાકર્ષક એવા ટાવરની ટોચ જ દેખાય એ રીતે પેલેસની રચના થયેલી છે. આ ટાવર આશરે ૨૦૦ ફૂટ ઊંચો છે. જેમ જેમ વ્યકિત અંદર આવતી જાય તેમ તેમ તેને ધીરે ધીરે વૃક્ષોમાંથી મહેલનો ઉત્તર ભાગ અને પૂર્વ તરફનો રવેશ દેખાવા માંડે છે. આ રીતની દશ્યશ્રેણી (Visual seguence) સ્થાપત્યની દૃષ્ટિએ અગત્યની છે. અને મહેલને એક પ્રકારની ઉદાત્તતા, પ્રભાવકતા monumentality બક્ષે છે. મુખ્ય દ્વારેથી પ્રવેશનાર વ્યકિતને મહેલના કદ વિષે સાચો ખ્યાલ મળતો નથી કેમકે પ્રવેશ દ્વારામાંથી જોતાં પૂર્વ તરફના રવેશના અડધો ભાગ જોઈ શકાતો નથી અને મુખ્ય રવેશ જે પશ્ચિમ તરફ આવેલો છે તે વિશાળ બાગની સામે આવેલો છે અને રેલ્વેના પાટા સુધી લંબાયેલો છે



પ્રથમ દૃષ્ટિએ જોતાં પેલેસ બિલ્ડીંગ વરંડા, બાલ્કની, વિવિધ પ્રકારની કમાનો, ઘુમ્મટો અને નાની પાતળી ટોચ, મજબૂત એવો મધ્ય ઘુમ્મટ, ધ્યાનાકર્ષક ટાવર અને વિપુલ સુશોભનથી ખડકાયેલ લાગે છે જે એની આગવી સ્થાપત્ય વિશેષતા છે.આ ઈમારતને જોતાંની સાથે જ ભારતમાં ૧૯મા સૈકાના ઉત્તરર્ધમાં જૂદી જૂદી ઈમારતોમાં દૃષ્ટિગોચર થતા વિવિધ સ્થાપત્ય લક્ષણોથી વાકેફ થવાય છે.

કેટલાક મૂળભૂત તથ્યો

સન ૧૮૭૮માં લક્ષ્મી વિલાસ પેલેસનું બાંધકામ શરૂ થયું અને બંધાતા પૂરાં ૧૨ વર્ષ લાગ્યાં. ત્યારના જમાનામાં રૂ. ૫૦ લાખ- ૩૦૦,૦૦૦ પાઉન્ડ જેટલા ખર્ચે તે બંધાયેલો અને એ સૈકામાં સૌથી મોંઘી એવી ખાનગી વ્યકિતગત ઈમારત ગણાતી હતી.

તેની ડિઝાઈન રજવાડી ઈજનેર મેજર ચાર્લ્સ માન્ટે (૧૮૪૮ - ૯૧) તૈયાર કરી હતી કે જેઓ સ્થાપત્યની ઈન્ડો-સારસેનિક શૈલીના મુખ્ય સ્થાપકો પૈકીના એક હતા. આ ભવ્ય મહેલ પ્લીન્થ લેવલ થી છ કે સાત ફૂટ ઊંચો બંધાયો તેવામાં મેજર માન્ટનું આકસ્મિક મૃત્યુ થયું. ત્યાર બાદ ડિઝાઈનની કામગીરી ત્યારના વડોદરા રાજયના સ્થપતિ રોબર્ટ ફેલોઝ ચિસ્હોલ્મને (૧૮૪૦-૧૯૧૫) સોંપવામાં આવી અને મેજર માન્ટની કલ્પના અનુસાર જ આ મહેલ બંધાય તેની ખાસ કાળજી રાખવામાં આવી.

પેલેસ સંકુલ ૫૧૨ ફૂટ લાંબો અને ૨૦૦ ફૂટ પહોળો છે અને લગભગ ૬૦,૦૦૦ સુપરફ્રીસીયલ ફૂટ જેટલા વિસ્તારમાં તે પથરાયેલો છે. ટાવરની ઉપરની ટોચને ગણત્રીમાં લેતા જમીનથી ઉપર આ મહેલ ૨,૯૩૦,૦૦૦ ધનફૂટ ફેલાયેલો છે.

આ પેલેસની ઈમારત મુખ્યત્વે ત્રણ પ્રકારના એપાર્ટમેન્ટ - જૂથોની બનેલી છે.

(૧) ખુલ્લા ચોક - પ્રાંગણ સમેતના જાહેર આવાસો (Public Apartments) કે જેનું છાપરાવાળું પ્રવેશ દ્વાર (Porch) ઉત્તર દિશામાં પડે છે.

(૨) મહારાજાનું નિવાસસ્થાન (Maharajas Apartments) જે બે ખુલ્લા ચોક-પ્રાંગણ (courtyard) ધરાવે છે જેનું પ્રવેશ દ્વાર (Porch) પશ્ચિમ દિશામાં પડે છે.

(૩) જનાના-અંત:પુર (Ladies' Apartments) જે એક ખુલ્લો ચોક-પ્રાંગણ-ધરાવે છે અને જેના પ્રવેશદ્વારો પશ્ચિમ અને દક્ષિણ દિશામાં પડે છે.

આ પેલેસ ખુલ્લા બાગમાં ઊભો છે. આગળ પશ્ચિમ બાજુએ તેમજ દક્ષિણ બાજુએ બે નાના બાગ (Sunken garden) આવેલા છે. પેલેસની ઈમારતમાં ત્રણ માળ આવેલા છે.ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ૭૬ ઓરડા છે. પહેલા માળે ૫૬ ઓરડા, બીજા માળે ૩૩ ઓરડા અને ઉપર આગાશીમાં ૫ ઓરડા આવેલા છે ચાર ખુલ્લા ચોક Courtyards છે અને છાપરાવાળા ચાર મુખ્ય પ્રવેશદ્વારો (Porches) છે.

તેના બાંધકામમાં ઈંટો વપરાયેલી છે અને સમગ્ર ઈમારતમાં સેન્ડસ્ટોનનું આવરણ (Sandstone facing) કરવામાં આવેલું છે. મોટા ભાગના થાંભલા આરસપહાણમાંથી બનાવેલા છે. જૂના વડોદરા રાજયના જ એક ભાગ સમાન સોનગઢમાંથી લાવવામાં આવેલા પત્થરો ચણતરમાં વપરાયા છે. આગ્રાથી લાવવામાં આવેલ લાલ પત્થર, પૂનાથી લાવેલ બ્લ્યૂ ટ્રેપ (bule trap) પત્થરથી દિવાલોની સપાટી વિવિધરંગી બનાવવામાં આવી છે. અને એક પ્રકારની રંગોની બિછાત (Poluchromy) ઊભી કરવામાં આવી છે.તેની ફર્શ આમ તો સાગના લાકડાના મોભ ઉપર ગોઠવવાની હતી પણ પછીથી ચિસ્હોલ્મે તેને, નીચલી ધારે કમાનો ધરાવતા લોખંડી મોભ અને પાટડા-ગર્ડર તેમજ કોંક્રિટ વડે અગ્નિ પ્રતિરોધક (Fireproof) બનાવી. આમ તો આ ફર્શ ભારે વજનદાર અને પૂર્ણપણે અવાજ રહિત છે અને કેવળ પાટડાની નીચલી ધાર જ ખૂલ્લા હોવાથી સામાન્ય

સંજોગોમાં અગ્નિ પ્રતિરોધક પણ છે.

લક્ષ્મીવિલાસ પેલેસની મુખ્ય ધરી (axis) ઉત્તર દક્ષિણ છે. વડોદરામાં સૂર્ય ઉત્તર દિશા તરફ જતો નથી એટલે મુખ્ય ધરી તો સૂર્યપથને સમાંતરે પૂર્વ-પશ્ચિમ હોવી જોઈએ અને બીજું ઈમારતની ધરી ઉત્તર-દક્ષિણ હોવાને લીધે પશ્ચિમ રવેશમાં વરંડા હોવા જરૂરી છે કેમકે બપોરના ૨ પછી અધિક ગરમી હોવાથી પશ્ચિમમાં પડતો આ ભાગ રહેવાને યોગ્ય રહેતો નથી. પરંતુ વરંડા ન હોવાથી- પશ્ચિમ ભાગમાં આવેલા મહારાજાના નિવાસસ્થાનમાં વરંડા જ નથી આજે જે દેખાય છે તે પછીથી ઉમેરાયેલા છે- એવું સ્પષ્ટપણે તરી આવે છે કે મેજર માન્ટ સુવિધાના ભોગે પણ આ ઈમારતને ધનતા આપવા માંગતા હતા.

પાછળથી મહારાજાના નિવાસસ્થાનમાં પશ્ચિમ તરફના ભાગો રહેવા યોગ્ય બને તે માટે બે જોડી વરંડા ઉમેરવામાં આવેલા.

ભૂમિનકશાનું સ્વરૂપ અને સ્થાન રચના (Planform and Spatial Order)

પેલેસના ભૂમિ નકશામાં ઘણાં બોલકા તત્ત્વો રહેલા છે.

૧૯માં સૈકાના ઉત્તરાર્ધમાં રાજવીઓ સાંસ્કૃતિક સંક્રાન્તિકાળમાંથી પસાર થતા હતા અને જૂના મહેલો જૂદા જૂદા સમયમાં બંધાયા હતા છતાં પૂરા થયે તેઓ આગવા કહી શકાય એવા અમુક વિશિષ્ટ લક્ષણો ધરાવતા.

આ મહેલોમાં આંખે ઊડીને વળગે એવું સામ્ય હતું. પ્રવેશદ્વારાથી રસ્તો સીધો મુકત પ્રાંગણમાં - ખુલ્લા ચોકમાં ખૂલતો હોય છે. જેની આસપાસ રાજાની જાહેર ઑફિસો આવેલી હોય છે. પેલેસની બાજુએ હોય છે., પ્રેક્ષકો માટેનો હૉલ દરબાર હૉલ કે જે કમારેક આગ્રામાં છે તેવો ખૂલ્લો હોય છે કે પછી આમેર (જયપૂર) ખાતે છે તેવો, પોતાનો અલાયદો-આગવો એવો ખૂલ્લા ચોક સાથેનો હોય છે.

આગળ જતાં મુકત પ્રાંગણ (Courtyard) હોય છે જેની આસપાસ રાજાના ખાનગી એપાર્ટમેન્ટ હોય છે. તેમજ તેમના સગાવ્હાલાના અને A.D.C. ના બંગલા તેના પછી આવતા હોય છે. અને એક આંતરિક ખૂલ્લો ચોક પણ હોય છે જેની આસપાસ જનાના-અંત:પુર આવેલ હોય છે.

આ બધી જગ્યાઓ કાંતો ઊંચી દિવાલોથી ઘેરાયેલી હોય છે અથવા તો પછી બહારની બાજુએ એકમજલી મકાનોથી ઘેરાયેલી હોય છે.

મેજર માન્ટે પ્લાનનો પ્રશ્ન આગવી સૂઝથી ઊકેલ્યો હતો. પણ તેમાં કેટલીક ક્ષતિઓ પણ રહી જવા પામી હતી જેમકે મુખ્ય ધરી (axis) ની બાબત છતાં પણ મેજર માન્ટે બનાવેલો લક્ષ્મી વિલાસ પેલેસ માટેનો પ્લાન આદર્શ ભારતીય પેલેસ પ્લાનને અનુરૂપ છે જો કે સ્થાપત્ય-ઉદ્‌ગામી (architectural elevation) ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. મેજર માન્ટ શરૂઆતથી જ સપ્રમાણભૂત નકશા (Symmetry Plan) ની વિરૂદ્ધ હતા. પ્લાનફોર્મમાં કોઈ પ્રકારની સપ્રમાણતા (Symmetry) જોવા મળતી નથી. હા, મુખ્ય પ્રવેશખંડ, કહો કે, મહારાજાના નિવાસસ્થાનની અગલબગલમાં આવેલા બે નાનકડા ઝરૂખાને બાદ કરતાં કદાચ રાજાનું નિવાસ સ્થાન બધા આવાસો કરતાં અલગ તરી આવે તે માટે જ, માનભેર, આટલી સપ્રમાણતા તે જગ્યાને આપવામાં આવી હશે.

સપ્રમાણતા નહિ પણ સુવિધા અને ઉપયોગિતાની દૃષ્ટિએ વિવિધ જરૂરી ભાગોની રચના અને જોડણી દ્વારા આ નકશો ઊભો થયો હોય તેમ જણાય છે. મૂળભૂતપણે પ્લાનફોર્મ ખુલ્લા ચોક સાથે લંબચોરસ છે. આ ખૂલ્લા ચોક રિકત સ્થાન (Voids) તરીકે છે જે વિવિધ જગ્યાઓ વચ્ચે પ્રતિક્રિયારોધ સ્થાન (buffers) નું કામ કરે છે અને જરૂરી પ્રકાશ અને હવા ઉપલબ્ધ કરાવી આપે છે અને વિવિધ આવાસોને વધતા-ઓછા અંશે એકાંત પણ આપે છે.

મહારાજાના નિવાસસ્થાનમાં રહેલી ઝરૂખાની સપ્રમાણતા નકશામાં પણ અંકાયેલી છે જે રાજાની સર્વસત્તાધીશતાનું સૂચન કરે છે. અંત:પૂરમાં આવેલો ખૂલ્લો ચોક-પ્રાંગણ (courtyard) અન્ય પ્રાંગણો કરતાં ઊંડા છે જેનાથી અંત:પુરને તેની જરૂરિતને અનુરૂપ એકાંત મળી રહે છે.

નકશામાં પ્રવેશ બિંદુઓ (entry points) પણ તેમની ઉપયોગિતા અને અગત્યતા પ્રમાણે આંકવામાં આવેલા છે. ઉત્તર તરફનું પ્રવેશદ્વાર જે 'દરબાર પ્રવેશદ્વાર' કહેવાય છે તે, દરબાર સભામાં નિયમિત રીતે આવતી આમજનતા માટે હોય છે આમ જનતા દરબાર હૉલ સુધી જ આવી શકે છે અને પેલેસનો મુખ્ય ભાગ (main facade) જોયા વગર જ પાછી ફરે છે.

મુખ્ય પ્રવેશ દ્વાર (main porch) કે જે મહારાજાના નિવાસ સ્થાનનું પ્રવેશદ્વાર કહેવાય છે તે રાજદ્વારીઓ અને ઉમરાવો માટે છે જેઓ મહારાજાને મળવા અથવા સલાહસૂચન માટે આવતા. નકશામાં આ મુખ્ય પ્રવેશદ્વાર, ઈમારતની લાઈનથી થોડું બહાર નીકળતું દર્શાવવામાં આવ્યું છે. જેનાથી તેના આધિપત્યનું સૂચન થાય છે અને તેની ભવ્યતા પણ ઈંગિત થાય છે. આ મુખ્ય પ્રવેશદ્વાર પગથિયા ધરાવે છે. જે મુખ્ય પ્રવેશખંડમાં દોરી જાય છે. આ મુખ્ય પ્રવેશખંડ બે વરખ વૈવિધ્ય (multifoiled) ધરાવતી કમાનોવાળા પ્રવેશદ્વારોથી મુકત છે. પહેલા માળે જતો આરસપહાણના દાદરવાળો આ પ્રવેશખંડ, ઉપરની ટોચે, હાવડા ગુમ્બજ ધરાવે છે. જ્યારે Stair room રંગીન કાચના ગુમ્બજથી ઢંકાયેલો છે.

આ પેલેસ સંકુલમાં આવેલી વિવિધ મુખ્ય જગ્યાઓ - ઓરડાઓ - ચોકકસ ક્રમમાં ગોઠવાયેલા છે. મુખ્ય જગ્યામાં દાખલ થતા પહેલાં વરંડામાંથી પસાર થવું પડે છે. આ વરંડા અને પરસાળ corridor આવવા જવા માટેની સુંદર ગૂંથણી ઊભી કરે છે અને આ ત્રણે એપાર્ટમેન્ટસ્ માટે જરૂરી એકાંતના વિવિધ ધોરણો રચે છે.

એક મુખ્ય પરસાળ (corridor) છે જે ઈમારતમાં ઉત્તર થી દક્ષિણ તરફ પસાર થાય છે તમામ મુખ્ય જગ્યાઓ અને અંત:પુરના પ્રાંગણ સિવાયના અન્ય ત્રણ પ્રાંગણો આ પરસાળ સાથે જોડાયેલા છે.

તમામ પ્રસ્થાન બિંદુઓ termination points- સર્પાકાર અથવા સામાન્ય દાદર ધરાવે છે જે પ્રમાણમાં નાના છે અને નોકરચાકરોની આવજા માટેના માટેના છે જેથી મુખ્ય પરસાળ તેમની આવનજાવનથી મુકત રહી શકે. આ દાદર અને પરસાળ વડે આડું અને ઊભું પરિભ્રમણ શકય બન્યું છે અને વધારે પડતા ઢંકાયેલા રસ્તાઓ - Coverd Walkways ને લીધે આ પેલેસ ઈમારત એક લાંબા, અંધારિયા અને અટપટી જટિલ પરસાળોવાળી, એક આંટીઘૂંટીવાળી ઈમારત બની ગઈ છે.

એમ લાગે છે કે વરંડા અને પરસાળની ભરમાર જરૂર કરતાં કઈક વિશેષ છે. ઈમારત આટલી વિશાળ હોવા છતાં અમુક જગ્યાએ બાદ કરતાં અન્ય જગ્યાઓ (ઓરડાઓ) સાંકડી અને નાની છે અને કુદરતી પ્રકાશ પૂરતા પ્રમાણમાં મળતો નથી અને હવાની મુકત અવરજવરની વાત જ કયાં કરવી ?

અગાઉ જણાવ્યા પ્રમાણે આખી ઈમારતને ત્રણ મુખ્ય ભાગોમાં વહેંચી શકાય (૧) જાહેર જગ્યાઓ કે જે નાના સાંકડા પ્રાંગણની આસપાસ રચાયેલી છે.

LUXURY UNFOLDS ITSELF
IN THE CITY OF BARODA...



Now, you have exclusive luxuries surround you right in the heart of the city without letting the Hotel expense dig a hole in your pocket.
Discover elegance at its highest crest in our 74 luxuriously appointed,centrally air conditioned rooms & deluxe suites. 3 channel TV, 4 channel music, EPABX with direct dialling facility & refrigerator in each room
Exclusive culinary delights for your delectation at AANGAN, BURGUNDY & GREENLANDS, each restaurant in a class of its own.

Well-equipped BANQUET HALLS with all modern amenities for business meetings & social get-togethers.
SWIMMING POOL at the roof top.
HEALTH CLUB with multi-gym equipment, Sauna, Jacuzzi & Steam-bath.
All this & much more, at marvellously moderate rates.

Where luxury does not cost you a fortune...

RAMA INN
(SHREE M C M HOTELS PVT. LTD.)
SAYAJIGUNJ, BARODA-390 005 TELE : 328192, 329567, 329683 TELEX : 0175-668 RAMA IN
Bombay Office : 'Safalya' Ground Floor, Ram Narayan Narkar Road, Near Odeon Theatre, Ghatkopar (East) Bombay-400 077 Tele : 5130621

મહારાજાનું નિવાસસ્થાન જે બે પ્રાંગણ ધરાવે છે તેમજ તેમાં આરસપહાણના દાદર તથા પ્રવેશખંડ અને અવરજવર - હેરફેર માટેનો પ્રવેશ રસ્તો પણ છે. અને ત્રીજો ભાગ તે અંતઃપુર અથવા જનાના કે જેમાં તેનો પોતાનો આગવો એવો આરસપહાણનો બનેલો દાદર, ઢંકાયેલ પ્રવેશદ્વાર અને પ્રાંગણ છે. આ સમગ્ર રચના ભારતીય રાજમહેલના નમૂનાને અનુરૂપ તો છે જ સાથે સાથે તે વિક્ટોરિયન યુગના 'કન્ટ્રી હાઉસ' કે જે તેના માલિક અને તેના પરિવાર માટેનું નિવાસસ્થાન જ નહિ પણ વ્યવસાય સ્થાન તેમજ મહેમાનોની આગતા સ્વાગતા માટેનું સ્થાન પણ બની રહેતું - તેની ઝાંખી કરાવે છે.

જાહેર આવાસો (Public Apartments)

લક્ષ્મી વિલાસ પેલેસના જાહેર આવાસોમાં દરબાર ખંડ, સ્વાગત ખંડ, ડૉક્ટરની ઑફિસ, સરદારનો બેડરૂમ, ગેસ્ટ સ્ટડીરૂમ વિગેરે તથા બિલિયર્ડ રૂમનો સમાવેશ થાય છે.

ઈમારતના ઉત્તર છેડે દરબાર હૉલ આવેલો છે જે ૯૨ ફૂટ લાંબો, ૫૪ ફૂટ પહોળો અને છતની અંદરની બાજુએ ૪૮ ફૂટ ઊંચો છે. આ હૉલની ફર્શ વેનિસિન મોઝેકની બનેલી છે જેને વેનિસ અને મુરાનો કંપનીના ઈટાલિયન કારીગરોએ બનાવેલી છે. તેની અંદરની દિવાલનો નીચેનો ભાગ dado કરારા માર્બલ વેનિશિયન મોઝેકનો બનેલો છે. આ ઉપરાંત દરવાજાની આજુબાજુની જગ્યા (Spendrils of the opening) પણ વેનિશિયન મોઝેક-સુવર્ણ પૃષ્ઠભૂમિ સાથેની બનાવેલી છે. ચાર ખૂણે, ઈટાલિયન શિલ્પી, સિગ્નર ફેલિચીએ કંડારેલા શિલ્પો છે જેમને ખાસ ઈટાલીથી આ રીતે તેમના શિલ્પો વડે શોભા વધારવા માટે અહીં બોલાવવામાં આવ્યા હતા.

બમણો-ઊંચો (double height) એવો આ હૉલ, લક્ષ્મી વિલાસપેલેસ સંકુલમાં સૌથી વિશાળ જગ્યા છે. બે બાજુએ વરંડા ઉપરાંત પશ્ચિમ બાજુએ સ્વાગત ખંડ છે અને ઉત્તરે પ્રવેશદ્વાર છે. પ્રથમ ફ્લોર લેવલે, હૉલની ઉત્તરે, પશ્ચિમ અને દક્ષિણે લાકડાની ગેલેરી છે જેની ઉપર સુંદર કોતરણી કરવામાં આવી છે. દરબાર હોલમાં ચાલતી કામગીરી નિહાળવા સ્ત્રીઓ અહીં બેસતી સ્ત્રીઓ માટેની આ ગેલેરી સાગના લાકડા પરના ઉત્કૃષ્ટ કોતરણીકામ અને પિન્જારાના દેવદાર નકશીકામથી ભવ્ય બનેલી છે.

ચાર ખૂબ જ સુંદર એવી સ્ટેઈન્ડ કાચની બારીઓ જેના ઉપર લંડનના શ્રી ડીકસે ભારતીય પૌરાણિક ઘટનાઓ નિરૂપતા પ્રસંગો ચિતર્યા છે તેમાંથી આવતો પૂર્વ દિશામાંનો પ્રકાશ ખંડમાં અજવાળા પાથરે છે. બારીઓ તથા મોઝાઈકસની ડિઝાઈનો ભારતમાંથી મોકલવામાં આવેલી ડિઝાઈનો ઉપર આધારિત છે.

દરબાર હૉલની છત અટપટા ભૌમિતિક આકારો ધરાવતી મીનાયુકત લોખંડની બનેલી છે. વિવિધ ખુલ્લી જગ્યાઓમાંથી આવતા નૈસર્ગિક પ્રકાશ ઉપરાંત આ વિશાળ ખંડને પૂરતો અજવાળવા માટે છત ઉપર આઠ જેટલા મોટા ઝુમ્મરો પણ લટકાવવામાં આવ્યા છે .કારણ કે તે વિના દરબાર હૉલ સારો એવો અંધારિયો રહે છે.

દિવાલો ઉપર સુંદર મદ્રાસી ચૂનમ પ્લાસ્ટર લગાડવામાં આવ્યું છે. મોટા ભાગના સ્તંભો કરારા (carrara) માર્બલના બનેલા છે. અને ઘણાં સમય પહેલાં પ્લાસ્ટર લગાડવામાં આવ્યું હોવાં છતાં અને સફેદ માર્બલની લગોલગ હોવા છતાં આ મદ્રાસ ચુન્નમ પ્લાસ્ટરની સપાટીની શુદ્ધતા અને પોત હજી એવાને એવા અકબંધ છે.

દરબાર હૉલ, તેની સાથેના ખુલ્લા ચોક અને અન્ય જગ્યાઓ બાકીની ઈમારત સાથે ઉત્તર દક્ષિણ જતા મુખ્ય પરસાળથી જોડાયેલી છે. આ ઉપરાંત પહેલા મજલે એક લાકડાનો પુલ (connecting bridge) છે જે ઉપર થઈને મુખ્ય પરસાળમાં ગયા વિના સ્ત્રીઓ તેમના માટેની અલાયદી ગેલેરીમાં આસાનીથી જઈ શકતી.

પશ્ચિમ તરફથી જોતાં આ જાહેર આવાસનો બહારનો ભાગ ઈન્ડો-ઈસ્લામિક સ્થાપત્ય કલાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ગુમ્બજો અને ઘુમ્મટની છત અને શિખા ઈસ્લામી શૈલીના નમૂના છે. જયારે છત્રી અને ઝરોખા રાજસ્થાની કુળના છે. અને ગોખલા તથા છાજલીઓ વડે પેલેસનો આ ભાગ એક ખૂબ જ રસપ્રદ સમન્વય બને છે.

મહારાજાનું નિવાસસ્થાન (Maharaja's Apartment)

ઈમારતનો આ ભાગ મહારાજાનો આવાસ હતો. મુખ્ય પ્રવેશદ્વાર, પ્રવેશખંડ, મહારાજાનો શયનખંડ, દિવાનખંડ, પુસ્તકાલય. બેઠકખંડ અભ્યાસકક્ષ, અતિથિભવન, પ્રતીક્ષાલય, ADC ના ખંડો તથા કાર્યાલયો વિગેરે ધરાવે છે. તેના નકશામાં પણ આ ભાગને અપાયેલું મહત્ત્વ સ્પષ્ટપણે આગળ તરી આવે છે. તેની રેખા ઈમારતની અન્ય ભાગોમાંથી બહાર ધસી આવતી દર્શાવવામાં આવી છે. તેના વિવિધ વરંડા, ઝરૂખા balcony તથા છત (Terrace) થી આ ભાગ ધ્યાનાકર્ષક બની રહે છે.

આ વિસ્તારમાં રાજાના પ્રવેશરસ્તે થઈને પ્રવેશી શકાય છે. ત્યાર બાદ આવે છે પ્રવેશખંડ જેના આગળના ભાગમાં બે કમાનો છે. આ પ્રવેશખંડ બમણી ઊંચાઈ ધરાવે છે. તેના પ્રથમ મજલે નકશીકામયુકત લાકડાની બનેલી બાલ્કની/ઝરૂખા છે. આરસપહાણની ફર્શ અને ખંડની ચારે બાજુ આવેલા મનોરમ શિલ્પ આવનારનું ભવ્ય સ્વાગત કરે છે.

પ્રવેશખંડની બરાબર સામે, પણ પરસાળ વચ્ચે મુખ્ય દાદર છે. જેના ઉપર ત્રણ કમાનો છે. દાદર કરારા માર્બલનો બનેલો છે. અને બંને બાજુએ સિંદૂરી રેખાઓથી યુકત એવી સુવર્ણરેખાઓથી અલંકૃત છે. આરસપહાણ અને સુવર્ણ-સિંદૂરી ઝાંયથી હૉલ ઝળહળી ઊઠે છે.

દાદરની ઉપર કાચનો ગુમ્બજ છે જેમાંથી એક વિશાળ ઝુમ્મર નીચે લટકે છે. અભિષેક ખંડ કે જ્યાં સિંહાસનની આજે પણ પૂજા થાય છે તે પોતાના આગવા વરંડાથી અલગ તરી આવતી જગ્યા છે, જે અંતે મુખ્ય પરસાળ સાથે જોડાય છે.

અહીં ખૂલ્લી જગ્યા, બંધ જગ્યા અને આવનજાવન માટેની જગ્યાના આરોહ અવરોહનો સુંદર નમૂનો જોવા મળે છે. એકાંતની કક્ષા એટલી સુંદર રીતે અંકિત કરવામાં આવી છે. કે દરેક વિભાગને પોતાનું આગવું એકાંત પ્રાપ્ત થાય છે. ૬૦-૭૦ ફૂટ ઊંચાં, વૃક્ષો સાથેના પ્રાંગણથી આખો ઈલાકો જાણે પ્રકાશથી ઝળહળાં થઈ ઊઠે છે અને વિવિધ જગ્યાઓમાંથી પસાર થતા હોવા છતાં જાણે કે એક જ વાતાવરણમાંથી પસાર થતા હોઈએ એવો અનુભવ થાય છે.

મહારાજાનું નિવાસસ્થાન બાકીની ઈમારત જોડે પરસાળ અને પ્રાંગણથી જોડાયેલ છે એક બીજી નાની પરસાળ પણ છે જે મુખ્ય પરસાળને, સમાંતરે ચાલતી અન્ય પરસાળથી જોડી દે છે. સોફાની સગવડવાળી એક લીફ્ટ પણ છે જે બીજા માળ સુધી જાય છે.

આ ઈમારતનો બાહ્ય દેખાવ અસલ રાજસ્થાની નમૂનો પૂરો પાડે છે. બારી સાથે પત્થરના પડદાથી ઢંકાયેલા વરંડા, ઝરૂખા, બહાર ધસી આવતી સુંદર નકશીકામ યુકત છાજલીઓ, દિવાલમાંથી લટકતા નાના ચંદરવા જેવા ગુમ્બજો, વિશાળ બંગાળી ચંદરવો અને આ બધાની ઉપર રાજસ્થાની ઝરૂખા જેવી બારીઓ ધરાવતો પત્થરનો વિશાળ ઘુમ્મટ વિગેરે હિન્દુ માર્શલ સ્થાપત્યકલા (Hindu-Martial Architecture) નો ઉત્કૃષ્ટ નમૂનો બની રહે છે, જેમાં બધા તત્ત્વો એકરૂપ બની જાય છે. બારીઓમાં openings માં આટલી બધી વિવિધતા હોવા છતાં, દિવાલની સપાટી અતિ સુશોભનથી

હાર્દિક અભિનંદન

અંબાલાલ મોતીભાઈ પટેલ

(પ્રમુખ)

વાઘોડીયા રોડ કો.ઓ.ક્રેડીટ સોસાયટી

૪-A, ગોકુલનંદ પાર્ક, વાઘોડીયા રોડ,
વડોદરા-૧૯ ટે.નં. ૫૫૦૨૬૨

JPB

(ornamentation થી) જાણે ટૂકડાઓમાં વહેંચાઈ ગઈ હોય તેવી લાગે છે.

જનાના - અંત:પુર (Lady's Apartments)

આ જનાના-આવાસ, અંત:પુર ઈમારતનો સૌથી એકાંત, ગુપ્ત અને અલગ તરી આવતો ભાગ હોવાં છતાં મૂળ ઈમારત સાથે તે વ્યવસ્થિતપણે જોડાયેલા છે. અન્ય બે વિભાગોની સરખામણીમાં તેનું સ્થાન અને પશ્ચિમ દિશા સિવાય આજુબાજુ ખૂલ્લી જમીન અને બગીચા તેને ખલેલ વિનાનું, પ્રગાઢ શાંતિયુકત વાતાવરણ બક્ષે છે.

જનાના-આવાસમાં બેઠકખંડ, ભોજનખંડ, શયનખંડ મુખ્ય પરસાળ અને તેની સમાંતર આવેલા અન્ય પરસાળની વચ્ચે આવેલા છે જ્યારે દાસીઓના ખંડ, પૂજાખંડ, બાળકો માટેના ખંડ પ્રાંગણની આસપાસ આવેલા છે. આ આવાસનું પ્રાંગણ અન્ય પ્રાંગણોની પાછળ તથા થોડું ઊંડે આવેલ છે.

દક્ષિણ દિશામાંના પ્રવેશ દ્વારા તરફ રાણી માટેનો બેઠકખંડ છે. જેની સામે સુંદર બગીચો છે. પ્રાંગણની પાછળ ગાદીખંડ અને અંત:પુર વચ્ચેની જગ્યામાં સામાન્ય સેવા ખંડ, ધોબીઘાટ, આભૂષણો માટેનો શોરૂમ, સેવાકક્ષ અને પેન્ટ્રી આવેલા છે.

આ વિભાગમાં આકર્ષક આવનજાવન યોજના છે. બે સામસામી ઉત્તર-દક્ષિણ જતી પરસાળો છે અને તે અન્ય ચાર પરસાળો સાથે એ રીતે જોડાયેલી છે. કે તમામ જગ્યાઓ મુખ્યત્વે આચ્છાદિત પગથીઓ (coverd walkways) વડે ઘેરાયેલી રહે.

જનાના - આવાસ, અંત:પુર બાકીની ઈમારત સાથે, મુખ્ય પરસાળ અને તેની સમાંતરે ચાલતી બીજી પરસાળ કે જે ગાદીરૂમ સુધી જાય છે તેના વડે જોડાયેલી છે પણ અંત:પુરનો બીજો માળ સ્વયં પર્યાપ્ત અને introvert પ્રકારનો બની રહે છે. દક્ષિણ અને દક્ષિણ-પશ્ચિમ આવેલી છતો (terraces) દ્વારા ત્યાં એકાંત તેની ચરમ સીમાએ જોવા મળે છે.

બહારથી આ ભાગનો દેખાવ રમણીય લાગે છે. ગુજરાતી શૈલી માટે ખાસ લાગણી જન્મે એ રીતે આ આવાસમાં તેને સામેલ કરવામાં આવી છે. સ્થાનિક સ્વરૂપો, સુંદર પુષ્પકળાથી સાંકળી લેવામાં આવ્યા છે. પરસ્પર વિરોધી શૈલીઓનો અહીં સુંદર સમન્વય જોવા મળે છે. થાંભલાની bedpost શૈલી કે જે ઉત્તર કાલીન ઈન્ડોસારસેનિક શૈલીનો નમૂનો છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

બહારથી જોતાં આ ત્રણ ભવનો, વિવિધ શૈલીઓ ધરાવતા જણાતા હોવાં છતાં, તેમનામાં આગવી વ્યકિતગત વિશિષ્ટ લાક્ષણિકતાઓ ઉપસતી હોવાં છતાં, તે બધા, એક તાંતણે બંધાયા હોય એવા લાગે છે.

જાહેર આવાસ અને મહારાજાના આવાસ વચ્ચેના પ્રાંગણો સાંકડા હોવાં છતાંય દરેક પ્રકારની ચહલપહલની, Spill over activities ની કાળજી રાખે છે. તેના વરંડા અને પરસાળો દ્વારા એક સ્થાનક્રમ (spatial order) રચાતો હોય તેમ લાગે છે. આ વરંડાઓ, પરસાળો અને પ્રાંગણોથી હવાની મુકત આવનજાવન માટે જ રચાયેલા નથી તે વિવિધ જગ્યાઓને અલગ પણ કરે છે અને પોતાનામાં સમાવી પણ લે છે. દશ્યાત્મક અસરની દષ્ટિએ વિચારીએ તો ટાવર અને વિવિધ ભાગોને જોડતા મધ્યસ્થ ગુમ્બજથી જાણે આ બધી જ જગ્યાઓ એક જ વિશાલ ઈમારતના ભાગ હોય તેવી પ્રતીતિ થાય તેવી રીતે સાંકળી લેવામાં આવ્યા છે.

ટાવરને જૂદી જૂદી જગ્યાએથી, જૂદા જૂદા ખૂણેથી, ગુમ્બજ અને ચંદરવા વચ્ચેથી નિહાળતા, તેના ભૌતિક સ્વરૂપ કરતાં તેનું દશ્યાત્મક સ્વરૂપ એટલું તો ભવ્ય લાગે છે કે જાણે પદાર્થો અને તેની આસપાસનું વાતાવરણ, બહારની જિંદગી અને અંદરની જિંદગી એકરૂપ થઈ જતા હોય એમ લાગે છે. વળી જોનારને તે પોતે પેલેસની ઈમારતના કયા ભાગમાં ઊભો છે. તેનો ખ્યાલ પણ કરાવે છે.

મુખ્ય પરસાળ સમગ્ર ઈમારતમાંથી પસાર થાય છે. તેની ઉત્તર દક્ષિણ મુખ્ય ધરીની સાથોસાથ અને અન્ય પ્રાંગણોમાંથી રેલાતો પ્રકાશ જોઈ શકાય છે. જે ઊંડી પરસાળને વધારાની ઊંડાઈ બક્ષે છે. પ્રાંગણોની હસ્તી અનુભવાય છે પણ તે મુખ્ય પરસાળને નાના વિભાગોમાં વહેંચી નાંખતા નથી. લાંબી પરસાળની અંધારી અસરને આ રીતે ભૂંસવાનો પ્રયત્ન કરેલ છે પણ વ્યર્થ!

સમગ્ર ઈમારતને અંદરથી અવલોકતા તે અજોડ જણાય છે. એક યા બીજી રીતે, એક જગ્યાને, બીજી જગ્યાથી જોઈ શકાય છે. (overlooking) વરંડામાંથી જોતા હોઈએ તો કમાનશ્રેણી સાથે ખુલ્લો ચોક દેખાય છે. અને એ ખૂલ્લો ચોક પણ પાછો જૂદી જૂદી જગ્યાઓથી - ઓરડાઓથી - ઘેરાયેલો નજરે ચઢે છે. જેને લીધે જોનારની દષ્ટિને ઘનતા પ્રાપ્ત થાય છે.

તેવી જ રીતે ઈમારતનું બાહ્ય અવલોકન (overview) પણ ખાસ્સું રસપ્રદ બની રહે છે. ટેરેસ લેવલે ટાવરને વિવિધ ગુમ્બજોની વચ્ચેથી જોઈએ ત્યારે કે નાના ગુમ્બજોની વચ્ચેથી મધ્યસ્થ ઘુમ્મટ તરફ જોતા હોઈએ ત્યારે એક મનોહર ચિત્ર ખડું થાય છે.

બાહ્ય દેખાવ (Exteriors)

આ ઈમારતમાં ઈન્ડો-સારસેનિક સ્થાપત્ય શૈલીનો વિનિયોગ કરવામાં આવ્યો છે. ભારતીય સ્થાપત્ય કળાની જૂદા જૂદા કાળની વિવિધ શૈલીઓના ઉત્તમ તત્ત્વો તથા યુરોપીય સ્થાપત્ય કલાના વિવિધ પંથોનો સુભગ સુમેળ અહીં થયેલાં છે. પેલેસના વિશાળ કદને લીધે (પાંચસો ફૂટ લાંબા frontage ને લીધે) આ શકય બન્યું છે.

પેલેસના બાહ્ય દેખાવમાં ત્રણ જુદા જુદા લક્ષણો જોવા મળે છે. મહારાજાનું નિવાસસ્થાન હિન્દુ માર્શલ સ્થાપત્ય કલાનો નમૂનો છે. જ્યારે જાહેર આવાસ મોગલ શૈલીનો અને જનાના-નિવાસ ગૂર્જર શૈલીનો.

અંત:પુરની આકાશરેખા (silhoutte-sky line) વિશાળ ઊંધા આકારના ઘુમ્મટોથી રસિકપણે, ઈરાદાપૂર્વક વિભાજિત કરેલી જણાય છે જ્યારે નાના કદના આવા જ ઘુમ્મટો મહારાજાના નિવાસ સ્થાનમાં પણ છે પણ તદઉપરાંત ત્યાં વિશાળ પત્થરનો હાવડા ઘુમ્મટ પણ છે જ્યારે જાહેરનિવાસોમાં મોગલ, કાંદા આકારના ઘુમ્મટો (Onion domes) પણ છે.

ચિસ્હોલ્મે ત્રણ મૂળભૂત ફેરફાર કર્યા જેનાથી બહારનો દેખાવ ખાસ્સો બદલાયો. પ્રથમ તો દરબાર હૉલની છતમાં, પછી મુખ્ય ટાવરમાં અને અંતે મુખ્ય ઘુમ્મટમાં કરેલા ફેરફારો.

દરબાર હૉલની છત આમ તો સમગ્ર પેલેસ ઈમારતની એકમાત્ર ઢળતી છત (sloping-roof) થવાની હતી.

ચિસ્હોલ્મની દષ્ટિએ ઘુમ્મટો અને ચંદરવા એ સપાટ છત સાથે સંકળાયેલા હતા જ્યારે મિનાર અને fleches ખૂબ જ ઢળતી છત સાથે શ્રીમંત ગાયકવાડ નૃત્ય માટે વિશાળ છત અને આગાસી ઈચ્છતા હતા અને તેથી ચિસ્હોલ્મનો, દરબારહૉલની છત સપાટ બનાવવાનો કીમિયો, તેમને ખૂબ ગમી ગયો. ટાવરની ફેર રચના (remodelling) તે બાહ્ય દેખાવમાં થયેલો બીજો ફેરફાર. મેજર માન્ટ ફાઉન્ડેશન માટે ચિંતિત હતા અને તેમણે પાયો પહોળો અને મજબૂત કરવા રાજયના અધિકારીઓને લખ્યું પણ હતું પરંતુ

25 Years ! GIDC building up industrial history in Gujarat !





25 years of planned progress

પ્રસ્તાવના નાટ્યવિદ અને સાક્ષર
શ્રી ચંદ્રવદન મહેતાએ લખતાં
યાળું બાંધેલું કે હેં, આ જ વડોદરા
? મને એમ લાગે છે કે વડોદરાનું
જાજીવન એવું તો રહ્યું છે જ કે
વડોદરા - આ વડોદરા ? જેવો ભાવ
નમાં વધુ જાગે છે.

એક રીતે સ્પષ્ટ કહેવું જોઈએ કે
અખબારોમાં કે હાલતાં ચાલતાં
ોકોને મોંએ વડોદરા વિશે જે
ઉદ્ગારો સાંભળવા મળે છે તે
વિચારમાં મૂકી દે છે. એની જે હવે
ેમાની સમસ્યાઓ છે કે એની
કેટલીક કઢંગી બાજુઓ છે તે ઊડીથી
ોનાં વિકસતા શહેર માત્રની છે.

પ્રોફેસર ઑલ્વિન ટૉફ્લરે
દુનિયાભરનાં શહેરોની નવી સમસ્યા
વિશે ખૂબ વિચારપૂર્વક નવાં
વિકસતા શહેરો પરત્વે એને
સાંસ્કૃતિક આંચકો જોયો છે. પ્રોફેસર
ટૉફ્લેર એક સાદું ગણિત બતાવે છે
કે ઈ. સ. ૧૮૫૦માં દસ લાખથી
વધુ વસ્તીવાળાં શહેરો દુનિયામાં
માત્ર ચાર હતાં. ૧૯૧૦માં તે ૧૯
થયાં. ૧૯૬૦માં એ સંખ્યા ૧૪૧
થઈ. પ્રોફેસર ટૉફ્લેર ટકોર કરે છે
કે બીજા ૧૦ વર્ષમાં નવું ન્યુયૉર્ક,
ટોકિયો કે લંડન ઉભું કરવું પડે
એવી સ્થિતિ છે. આપણે વડોદરાની
જ વાત કરીએ કે એક અમસ્તી
નજર વડોદરા પર નાંખીએ તો
તરત જ જણાય છે કે વડોદરાં આજે
કેટલું બધું ચારેય બાજુએ વિસ્તર્યું
છે અને ભરચક થયું છે. કેટલાં
મકાનો ? રસ્તાઓની કેવી ગીચતા ?
કેટલો ધોંધાટ ? કેટલા અકસ્માતો ?
પાણીથી માંડી વીજળી અને એવા
મૂળ આવશ્યક કહીએ એવા કેટલાક
પ્રશ્નો ? વળી હવે તો એમ પણ
કહેવું પડે કે આ સવાલો દસ-દસ
વર્ષના ગાળામાં વધતા જ રહ્યા છે કે
શું ?

જો આ રીતે વડોદરા પણ એક
ઝડપથી વિકસતા શહેર તરીકે છે જ
તો જે અન્યત્ર છે એ ભૂલીને
કેટલીક મુશ્કેલીઓ કે કેટલાંક
જીવનનાં વલણો પરથી "અરે !
વડોદરાની આ દશા ! સયાજીરાવનું
વડોદરા તે આ !" - આવા સવાલ
મૂળમાં જોતાં જુદી રીતે જોવા
જોઈએ એમ મને લાગે છે. વડોદરા
આવ્યા પછી મારા મનમાં પણ
મંથન ખરું એમ તો ગાંધીજીને ન
જોઈ શકેલી અમારી તરુણ પેઢીને
ઘણીવાર એમ લાગે છે કે એ સાચે
જ આ દેશમાં જીવતા હતા ? એને
થાય છે કે હવે અમારે એના
અવશેષો પણ ક્યાં શોધવા ? પરંતુ
આપણા પ્રાચીન ગીતાકારે સાચું જ
કહ્યું છે કે જે કાંઈ કલ્યાણકારી કે
શુભ થયું હોય કે થતું હોય તેની
કદી દુર્ગતિ થતી જ નથી. વડોદરા
માટે પણ જરા ઊંડેથી વિચારતાં મારી
લાગણી માત્ર નહિ પણ મારું થોડું
જે અવલોકન છે તે એ છે કે
સયાજીયુગના વડોદરાનું હજીયે
મધ્યમવર્ગીય પ્રજાજીવન કે સમગ્ર
જનજીવન પોતાના ઘર અને
બહારના રોજીંદા જીવનમાં
સંસ્કારની ચિંતા અને રક્ષામાં વધુ
જાગૃત છે. સામાજીક વ્યવહારોમાં
પણ એ ચોક્કસપણે ઉદાર,
પ્રગતિશીલ અને સમન્વયના
ઝોકવાળું રહ્યું છે. હજી પણ એ
ચિત્ર દેખાય છે કે સયાજીરાવે
વડોદરામાં જે કોસ્મોપોલિટન એટલે
કે વિવિધ ભાતનું સુમેળભર્યું
પ્રજાજીવન યોજવાનું સિદ્ધ કર્યું હતું
એવું કોસ્મોપોલિટન જીવન
વડોદરામાં સારી રીતે આવકારતું રહ્યું
છે. દેશના સ્વાતંત્ર પછી આવું
ચિત્ર બીજે પણ દેખાવા માંડ્યું છે
એ ખરી વાત છે પરંતુ સાહિત્ય,
સંગીત વિવિધ કળાઓ,
વ્યાયામ-રમતગમત સંશોધન પ્રવૃત્તિ
કે પછી સામાજીક રિવાજો અને
રીતમાં વડોદરા વધુ પ્રમાણમાં
આંતરિક બળથી સ્ફૂરે છે.

સયાજીરાવના ચરિત્રકારોમાં જે
યુરોપિયન કે અમેરિકન લેખકો છે
એમણે ૧૯૧૦ થી ૧૯૪૦ વચ્ચે
પણ એ વાત વારેઘડીયે સ્પષ્ટ લખી
છે કે અમને પાશ્ચાત્યોને વડોદરામાં
એક એવું ભારતીય નગર જોવા મળે
છે તથા એનાં ગામડાંઓમાં પણ
એવી વ્યવસ્થા દેખાય છે કે અમને
એ સાથે ભળી જવાનું સરળ થાય
છે. એવી પણ એમાં નોંધ છે કે
નિર્દોષ રીતે સારા કુટુંબોનાં
સ્ત્રીપુરુષો અમારી સાથે હળેભળે
એમાં પણ સ્ત્રીઓ સુધ્ધાં ગૌરવથી
અમારી સાથે બોલેચાલે એવું તો
અમને વડોદરામાં જ અનુભવવાનું
મળ્યું છે. આ લેખકોએ એ તો
નોંધ્યું જ છે કે વડોદરા રાજ્યની
આખી વસ્તીમાં રાષ્ટ્રીયતા સાથે
પશ્ચિમના નવા વાતાવરણને નિર-ક્ષીર
ન્યાયે અપનાવવાનું વલણ વ્યાપક
છે. અહીં પણ સયાજીરાવના એ
શબ્દો યાદ આવે છે કે જાપાન
અમેરિકા અને યુરોપ એમ બધે જે
પ્રગતિ છે તે આપણે તપાસવી જ
જોઈએ અને વધુમાં ત્યાંની મર્યાદા
ઓ અને ત્યાંનાહ દૂષણોથી
સાંસ્કૃતિક રીતે આપણે ચેતવવાનું
પણ છે. એક દ્રષ્ટાંત યાદ આવે છે
કે સયાજીરાવના એક ચરિત્રકાર
રેવરન્ડ એડવર્ડ વિડનના પુસ્તક (
એ" ઈયર વિથ ધ ગાયકવાર ઓફ
બરોડા-૧૯૧૧") માં આ પ્રસંગ છે
એક ભોજનસમારંભમાં મહારાજા
વિડનને સમજાવે છે કે અમારું
અબોટિયું પહેરી ઉપરનું શરીર
ખુલ્લું રાખી પાટલા પર બધા સાથે
તમે જમવા ન બેસો ? એમ કરશો
તો બધાને ગમશે અને તમને તે
સરસ લાગશે. આ પ્રસંગે વિડને
એમ કર્યું જ અને વિડને એનો
આનંદ પણ લખ્યો છે. આ દ્રષ્ટાંત
વડોદરાને પશ્ચિમ સાથે મેળવવામાં
સયાજીરાવ કેવું માર્મિક રીતે જોતા
હતા એ બતાવે છે. આવા
સયાજીરાવે વડોદરામાં આબોહવા
પણ એવી જ સર્જી અને વડોદરાના
મોટાભાગના લોકજીવનને એ
આબોહવાને પોતાના ફેફસામાં ભરી
પણ ખરી આજે વડોદરામાં
જાહેરજીવનના પ્રસંગોનો જે અનુભવ
છે અને હજી થાય છે તેમજ
મધ્યમવર્ગના કુટુંબોમાં જે રીત-રહેણી
હજી પણ ઠીક ઠીક પ્રમાણ જોવા
મળે છે એ પરથી મને લાગે છે કે
વડોદરાને સંસ્કારનગરીનું નામ
અપાયું છે એમાં ચોક્કસ સાર્થતા
છે.

એમ છતાં બીજી બાજુ એમ પણ
થાય છે કે સયાજીરાવ જે સામાજીક
ક્રાંતિ પર ભાર મૂકયો હતો અને
રાજકીય ક્રાંતિ કરતાં પણ એને
અગ્રતા આપી હતી. એનું શું ?
એમણે એક કાયદો પુરાં ૨૦ વર્ષના
મનોમંથન પછી કરેલો કે લગ્નવિધિ
પ્રસંગે મંત્રો વરવધૂ સમજે એ
ભાષામાં જ પુરોહિતે બોલવા જોઈ
એ, કર્મકાંડ કરાવતા પુરોહિતોએ
એનું શિક્ષણ લઈ તથા પ્રમાણપત્ર
મેળવી લઈને જ આ વિધિ કરવી,
ઉપરાંત પુરોહિત કર્મ આ રીતની
તાલીમ લેનાર કોઈપણ જ્ઞાતિનો
માણસ કરી શકે. આ બાબતમાં
વડોદરા ક્યાં છે ! એ માનતા કે ઘર
એ સમાજના ઉત્કર્ષનો પાયો છે. એ
ઘરનો ખરો આધાર સ્ત્રી છે.
સ્ત્રી-કેળવણીમાં આપણે બહુ લાંબા
સમય સુધી પછાત રહ્યા એ આજના
હિંદની વિકટ મુશ્કેલી છે હવેની
સ્ત્રી-કેળવણીમાં ગૃહજીવનને કેન્દ્રમાં
રાખી વ્યવસ્થા થવી જોઈએ. આવી
કેટલીક વિગતો જોતાં એમ થાય કે
સયાજીરાવ શું ઉતાવળ તો કરી રહ્યા
ન હતા ? ખરી રીતે એમની જુવાન
વયથી તેઓ ફરી ફરી એ વાત પર
ભાર મૂકતાં હતાં કે સુધારામાં
ઉતાવળથી કામ થતું નથી. લોકોને
ધીમે ધીમે વાળવા જોઈએ. જો એમ
કરતાં સહકાર ન મળે તો કાયદો
કરી મક્કમ પગલાં ભરવાં જોઈએ.
સયાજીરાવનાં કાર્યોમાં સામાજીક
ક્રાંતિનું એમનું કાર્ય ખૂબ વિશિષ્ટ
અને અનન્ય જેવું ગણાયું છે.

વડોદરાના સામાજીક જીવનનો
સયાજી સમયનો ઈતિહાસ એક
નક્કર હકિકત છે. તેથી જ આગળ
વધવું વડોદરાની પ્રજા માટે આસાન
છે એટલું એમાં યાદ રાખીએ કે
સયાજીરાવે પોતે નોંધ્યું છે તેમ
દેશના દક્ષિણ ભાગમાં જ્ઞાતિ-પ્રશ્નની
જે ઉગ્રતા છે તે અહીં નથી. એ મુદ્દે
પણ લાગે છે કે વડોદરા સહેલાઈથી
પ્રગતિ કરી શકે.

જાહેરજીવનની દેશની એક
સમસ્યા છે. તે છે કોમી એકતાની.
વડોદરામાં સ્વતંત્રતા પહેલાંનાં
૫૦-૬૦ વર્ષોમાં કોમી એખલાસ
એક વ્યાપક અનુભવ હતો. હજી
કેટલાક લઘુમતી કોમના તે વખતના
માણસો યાદ કરે છે કે ત્યારે જે ઉર્દૂ
શાળાઓ હતી અને અમને સગવડ
હતી એવું હવે ક્યાં શોધવું ? છેલ્લાં
કેટલાંક વર્ષોમાં કયારેક કોમી
એખલાસની બાબતમાં વડોદરામાં
ચિંતા થાય એવું પણ થયું છે તો
પણ ચિત્ર ઝડપથી બદલાયું છે

વિસ્તરતા ઉદ્યોગો અને વિજાણુ
આદિના વહેપાર રોજગારની હવેના
સમયમાં આવું પ્રયાણ અનિવાર્ય છે.
એથી ઉભી થતી મુશ્કેલીઓ દૂર
કરવામાં ત્વરિત ધ્યાન પણ રાખવું
અનિવાર્ય છે.

જૂના કવિ પ્રેમાનંદ, નવા સમયના
સાહિત્યકાર ર. વ. દેસાઈ,
વ્યાયામવીર ડૉ. માણિકરાવ કે
ઉસ્તાદ ફૈયાઝખાં અને આજના
ભૂપેન ખખ્ખર જેવાઓનો
વડોદરાને સાથ છે.

દેશની એકતામાં સરદારશ્રીને
મદદ કરનાર વડોદરા છે. એ
સંભારતાં વડોદરા માટે એની
આજની પેઢી આશા રાખે અને
પડકાર ઝીલે એ સ્વાભાવિક છે

વધુ ઉત્પાદન અને વધુ નફો મેળવવા

ગુરાબૌનિં®

GURABAUNI

બિયારણો વાપરો

ગુજરાત રાજ્ય બીજ નિગમ લી.

બીજ ભવન, સેક્ટર-૧૦ અ, ગાંધીનગર-૩૮૨૦૧૦

લોકાભિમુખ વૃક્ષ-ઉછેર પ્રવૃત્તિઓ.

ભારત સરકારની વન નીતિ રાષ્ટ્રના કુલ ભૌગોલિક વિસ્તારના ૩૩ ટકા વિસ્તાર વન-આચ્છાદિત રાખવાનું સુચવે છે. ગુજરાત રાજયના કુલ ૧૮.૮૧૯ ચો. કી. મી. વન વિસ્તાર છે. જે રાજયના ભૌગોલિક વિસ્તારના ૯.૬ ટકા છે. ભારતનો માથાદીઠ વન વિસ્તાર ૦.૧૧ ટકા હેકટર જેટલો છે, જયારે ગુજરાત રાજયનો માથાદીઠ વન વિસ્તાર ૦.૦૬ ટકા હેકટર છે. જે સમગ્ર રાષ્ટ્રની સરખામણીએ ઘણો ઓછો ગણાય. રાજયની વન વિસ્તાર અંગેની વિષમ પરિસ્થિતિથી રાજય સરકાર સજાગ છે. વનોમાં વસતા આદિવાસીઓની બચત સાથે સુરક્ષા થાય તે હેતુથી વન અને પર્યાવરણ વિભાગે સામાજીક વનીકરણ જેવી મહત્ત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકી. આ યોજનાનાં પરિણામો ખૂબ જ સારાં અને આશાસ્પદ આવેલાં છે. રાજયમાં વનીકરણ તથા પડતર જમીનના વિકાસ માટેની કામગીરી જુદા જુદા વિભાગો તરફથી હાથ ઉપર લેવામાં આવેલ છે. આ વિભાગો દ્વારા ઉપલબ્ધ નાણાંને ધ્યાનમાં લઈ જુદી જુદી યોજનાઓ, જેમાં વ્યકિતગત, પંચાયત, સંસ્થાઓ વગેરે ભાગ લઈ શકે છે, તે બતાવેલ છે. આ વનીકરણની યોજના ઉપરાંત વનીકરણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ રોપઉછેર, બીજ એકત્રીકરણ, શીબીર યોજના વગેરે પણ આવરી લેવામાં આવેલ છે.

આ બધી યોજનાઓની સંક્ષીપ્ત રુપરેખા વિભાગવાર આ સાથે પ્રજા સમક્ષ રજુ કરવામાં આવે છે જેથી તેનો બહોળો પ્રચાર થાય અને લાભ લઈ શકે. આ પુસ્તક માત્ર માર્ગદર્શિકા છે. તથા તેમાં દર્શાવેલ સહાયમાં વખતોવખત ફેરફાર થતો રહે છે. આથી વધુ માહિતી પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે મેળવવા વિનંતી છે.

સામાજીક વનીકરણ યોજના હેઠળ કેટલીક લોકાભિમુખ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાઓ દ્વારા સમાજના ગરીબીની રેખા નીચે જીવતા લોકોને આર્થીક રીતે સધ્ધર બનાવવા તેમજ નાના અને સીમાન્ત, હરિજન અને આદિવાસી ખેડુતોને આર્થીક રીતે સધ્ધર કરવા અમલમાં મુકવામાં આવી છે. જેનાં પરિણામો પણ આશાસ્પદ છે. આ પૈકી કેટલીક યોજનાઓ નીચે દર્શાવવામાં આવેલ છે.

વન વિભાગ :

(૧) ગ્રામ્ય વનો :- ગ્રામ્ય વનો તૈયાર કરવા માટે ગામનાં ગૌચરોમાંથી ૪ હેકટર જેટલો વિસ્તાર વનીકરણની કામગીરી માટે પંચાયત પાસેથી ઠરાવ મેળવી લેવામાં આવે છે. અને તેમાં જમીનને અનુકૂળ તેમજ ગામલોકોની ઇચ્છાનુસાર વૃક્ષો ઉછેરવામાં આવે છે. આવા વિસ્તારોમાંથી ઘાસ તેમજ અન્ય ગૌણ પેદાશો કાપણીના સમય સુધી વચગાળાની ઉપજ તરીકે વિનામુલ્યે લઈ જવા દેવામાં આવે છે. આવા તૈયાર થયેલા ગ્રામ્યવનો જયારે કાપવામાં આવે છે ત્યારે તેમાંથી મળતી ચોકખી ઉપજના ૭૫ ટકા રકમ પંચાયતને વિકાસના કામો માટે આપવામાં આવે છે અને ૨૫ ટકા રકમ ફરીથી વનીકરણની કામગીરી માટે સંયુકત હિસાબમાં ડીપોઝીટ તરીકે આપવામાં આવે છે.

(૨) ખાનગી જમીનમાં વાવેતર :-

ઘસાઈ ગયેલા ખેતરની જમીનમાં વનીકરણ માટે રાજયના નાના સીમાંત ખેડૂતો તેમની હલકી જમીનમાં વૃક્ષ ખેતી કરી આર્થીક રીતે પગભર બને તે હેતુથી એક હેકટર વિસ્તારનાં વૃક્ષઉછેર માટે વાવેતર કરવા તેમજ ખાતર આપવા સુધીની કામગીરી માટેનો ખર્ચ સરકારશ્રી તરફથી આપવામાં આવે છે અને તેની જાળવણી તેમજ અન્ય કામગીરી જે તે ખેડૂતે કરવાની રહે છે. વર્ષના અંતે વાવેતર ૭૦% જીવંત હોય તો ખાનેદારને પ્રતિ વર્ષે રૂ. ૨૫૦/- લેખે પાંચ વર્ષ સુધી આપવામાં આવે છે, જયારે આ વાવેતરમાંથી મળતું ઉત્પાદન ખેડૂત મેળવે છે. આ પ્રમાણે ઘસાતી, ધોવાણ થતી જમીનનું રક્ષણ, વધુ ઉત્પાદન તથા આવક મળે છે.

(૩) સામાજીક સુરક્ષા યોજના દ્વારા વૃક્ષારોપણ :-

આ યોજના દરમ્યાન પસંદગી પામેલા કુટુંબોને ઉજજડેલ જંગલની જમીનમાં દર વર્ષે અઢી હેકટર જમીન (૧૯૮૫-૮૬ પછી દોઢ હેકટર માત્ર) જંગલ ઉછેરવા માટે ફાળવવામાં આવતી. આ ફાળવણી પંદર વર્ષ સુધી કરવામાં આવતી (હવે દશ વર્ષ), જેથી કરીને આ ચકના અંતે પ્રથમ પ્લોટ કાપણી કરીને ફરીથી વાવવા માટે તૈયાર થઈ ગયાં હોય, આ ચક્રનાં અંતે દરેક કુટુંબને ૩૭.૭૫ હેકટર જમીન ઉપર જંગલ ઉછેવું હોય છે. (હવે નવી યોજના પ્રમાણે ૨૨.૫ હેકટર) ઉપરોકત કુટુંબે જંગલ ઉછેરના દરેક કામો જેવાં કે, નર્સરી ઉછેર, વાડા જમીનની માવજત, ભૂમિ અને ભેજ સંરક્ષણ, વાવણી, ગોડકામ, નિદામણ વિગેરે કામો જાતે કરવાનાં હોય છે. જયાં સુધી પાક તૈયાર થાય ત્યાં સુધી તેની ચરિયાણ, આગ અને ગેરકાનુની કપાણથી રક્ષણ કરવાનું રહે છે. અસરકારક અને સવલતભર્યા રક્ષણ માટે દરેક કુટુંબને વાવેતર વિસ્તારમાં ઝુપડી બાંધીને રહેવા માટે પ્રેરીત કરવામાં આવે છે. તેમને કામનાં વળતર પેટે કે દર મહિને રૂ. ૪૫૦/-ની બાંધી રકમ ચુકવવામાં આવે છે. (૮૪-૮૫ સુધીમાં રૂ. ૨૫૦/- આપવામાં આવતાં હતાં) તેઓને વાવેતર વિસ્તારમાંથી દરેક પ્રકારની ગૌણ વન પેદાશો ભેગી કરવાની, વાપરવાની તેમજ વેચવાની છુટ આપવામાં આવે છે. વધુ સારા રક્ષણ અને સંયોજન લાગણી ઉપસ્થિત કરવા માટે કુટુંબોને વધુ લાભ તરીકે ૧૫ વર્ષે (હાલ ૧૦ વર્ષ) જયારે કાપણી થાય ત્યારે ચોખ્ખા નફ્ફામાંથી ૨૦% ભાગ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે, આજે ૪૨૬ કુટુંબોએ આ યોજનામાં ભાગ લઈ ૪૧૫૦ હેકટર ઉપરાંત જમીનમાં વાવેતર કર્યું છે. આ વાવેતરનું ખર્ચ હાલમાં પ્રતિ હેકટર ૬૭૮૦/- જેટલું થાય છે. આ યોજનામાં જોડાતા લોકોને કાયમી રોજી, રહેઠાણ તથા ભવિષ્ય માટેનો આધાર ઉભો થતાં સ્થાયી થાય છે અને ગરીબીની રેખા ઉપર આવે છે તેટલું જ નહીં પણ આવકનું સાધન ઉભું થતાં તેમનાં બાળકોને અભ્યાસ તથા અન્ય પ્રવૃત્તિમાં પણ સક્રિય બનાવી શકે છે.

(૪) સ્કુલ નર્સરી અને કિસાન નર્સરી -

મોટાભાગનાં ખેડૂતોને વન ખાતાની દૂર આવેલી નર્સરીઓમાંથી રોપા વાહનુક માટે અડચણો ભોગવવી પડતી, વન ખાતાએ જરૂરી નર્સરીઓની સંખ્યામાં વધારો કરેલ પરંતુ તે એટલે હદે ન જ વિકેન્ટ્રીત થઈ શકી અને જેને લીધે રાજયનાં બધાં ખૂણે ખાંચરેથી તેનો લોકો લાભ લઈ શકે. ખુલ્લા રોપની વાહનુક સહલી હોવા છતાં તેમાંથી જીવંત રોપાની નર્સરી ઘણી જ ઓછી મળતી હતી. પરિણામે પોલીથીન બેગનો વપરાશ પ્રચલીત થયો. પરંતુ દરેક રોપ માટીના વજનનાં લીધે વાહનુક અડચણરુપ જણાય. આ મુશ્કેલી નિવારવા અને ખેતરો અને નર્સરી વચ્ચેનું અંતર ઓછું કરવા મોટી સંખ્યામાં નર્સરીઓ ઉછેરવાનું આવશ્યક જણાયું અને આ વિદ્યાર્થીઓ તથા કિસાનોની મદદથી જ શકય હતું. આ રીતે યોજના કાર્યરત થઈ.

સ્કુલ નર્સરીનો કાર્યક્રમ ૧૯૭૬માં શરુ કરવામાં આવ્યો. આ કાર્યક્રમનાં મુખ્ય હેતુઓ નીચે મુજબ છે.

(૧) નર્સરી ઉછેરવા શાળાનાં બાળકોને સહભાગી બનાવવા સાથોસાથ તેમનામાં વૃક્ષપ્રેમ અને જાણકારી જાગૃત કરવી.

(૨) શાળાનાં બાળકોને ભણો અને કમાવો એમ આર્થિક લાભ મેળવવા તક આપવી.

(૩) શાળાનાં પ્રાંગણમાં પડતર જમીન ઉપર વૃક્ષારોપણ કરવું, અને આર્થિક લાભ મેળવવો.

વન ખાતા તરફથી શાળા નર્સરી ઓને તાંત્રીક મદદ અને રોપ ઉછેર સામગ્રી વિષે માર્ગદર્શન વિનામુલ્યે પૂરુ પાડવામાં આવે છે.

શાળા નર્સરીઓમાં ઉછેરેલ રોપા બનખાતું નિયત કરેલ દરે પાછા ખરીદી લે છે. હાલમાં રોપદીઠ ૦-૨૫ પૈસા ચુકવવામાં આવે છે. આ રીતે ઉછેરીને ખરીદ કરેલ રોપા નજીકનાં માંગણીદારોને વહેચવામાં આવે છે. પરિવર્તીત હાલનાં નિયમ અન્વયે ૬૦૦ રોપ મફત આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને તેમનાં સ્કુલ કંપાઉન્ડમાં રોપ રોપવા અને તેની દેખભાળ કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે. સને ૧૯૮૭-૮૮માં કુલ ૬૦૩ નર્સરીઓમાં ૧ કરોડ ઉપરાંત રોપા ઉછેરવામાં આવ્યા હતા અને ઘણી બધી સ્કુલોએ આ ઉપજમાંથી સ્કુલનાં ઓરડાઓ, ફુવારો, હેન્ડપંપ, ઇલેકટ્રીક મોટરો અને અન્ય સાધનો વસાવ્યાં હતાં.

કિસાન નર્સરી :- આ કાર્યક્રમ સને ૧૯૮૨થી શરૂ કરવામાં આવ્યો છે, તેનો મુખ્ય હેતુ વધુમાં વધુ લોકોને રોપ ઉછેરવાના અને વહેંચણીમાં સાંકળવાનો છે. રોપઉછેરની કામગીરી ખેતી જેવી જ હોય ખેડૂતો આ કાર્યક્રમ માટે અતિ અનુકુળ પણ બની શકે તેવું વિચારવામાં આવ્યું. સાથોસાથ જે લોકો ખરેખર રોપા વાંવવાના છે તેમનાં જ હાથમાં આ કામગીરી સોંપવાનો એ હેતુ હતો. સને ૧૯૮૫માં ૧૭૫૩ ખેડુતોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અને ૩૧૮ લાખ કરતાં વધુ રોપ ઉછરેલાં હતાં. આ કાર્યક્રમ હેઠળ ખેડુતો જેમાં મુખ્યત્વે નાના અને સીમાંત ખેડુતોને અગ્રીમતાનાં ધોરણે પસંદ કરવામાં આવ્યાં હતાં. તેમને તાંત્રીક માર્ગદર્શન તથા પોલીથીન, બેગ, બીજ, દવા વિગેરે મેળવવામાં મદદ કરવામાં આવેલ. ખેડુતો તેમના પોતાના ખેતરોમાં નર્સરી બનાવે છે અને વર્ષાઋતુ સુધી જાળવણી કરે છે. જયારે તે રોપાઓ ખરીદી કરે છે અને લોકોને નિયમ પ્રમાણે વહેંચે છે. ૧૯૮૫માં એક રોપાનો દર ૦.૨૦ પૈસા ચુકવવામાં આવેલ. હાલમાં કિસાન નર્સરીઓની વધુ સંખ્યા હોવા છતાં ઘણાં ખેડુતો જાતે રોપાઓ ઉછેરે છે અને વહેંચાણ પણ કરે છે. આ યોજના પાછળ એક એવો હાર્દ પણ છે કે ગામડામાં રહેતા ખેડુતભાઈઓને ફાજલ સમયમાં નવા પ્રકારની રોજગારી મળી રહે તેમજ હંમેશ માટે એક સ્વતંત્ર આયોજન કરી ધંધા રોજગારની તકો પણ ઉભી કરે. અને બેરોજગાર લોકોને પણ ગ્રામ્ય સ્તરે રોજગારી મળે.

વન ખાતા હેઠળ આવરી લેવાયેલ વનીકરણનાં કાર્યક્રમોની વિગત જુદા જુદા કક્ષાએ સ્થાનિક નાયબ વન અધિકારી પાસેથી મેળવી શકાય છે અને તે હેઠળ મળવાપાત્ર ફાયદા લોકો વધુને વધુ પ્રમાણમાં મેળવે તે જરૂરી છે.

ઈ.સ. ૧૮૭૭માં જંગલખાતાની એક સંસ્થા શરૂ કરવામાં આવી.

ઈ.સ. ૧૮૯૪માં ઈન્ડીયન ફોરેસ્ટ સર્વિસના શ્રી ઈ.ઈ. ફર્નાન્ડીસે જંગલ વિસ્તારની જાળવણી અને સ્થિરતા માટે અમુક અગત્યના જરૂરી સુધારા કર્યા અને એ રીતે ફોરેસ્ટ એકટ બનાવવામાં આવ્યો. દરમ્યાન સને ૧૯૧૩ સુધી જંગલખાતાનો ચાર્જ સુબાએ લીધો. ૧૯૩૦-૩૧માં નિયમીત કામકાજને લગતી યોજનાઓ જંગલખાતાના વહીવટ માટે બનાવવામાં આવી. જે ૧૯૪૯ સુધી વડોદરા રાજય મુંબઈ રાજયમાં વિલીનીકરણ થયું ત્યાં સુધી રહી. સન ૧૯૫૨માં નેશનલ ફોરેસ્ટ પોલીસી અમલમાં આવી.

હાર્દિક અભિનંદન

બહેનોના સહકાર થી
ઉભી થયેલી બહેનોની બેંક

મહિલા સહકારી બેંક લિ.

બ્રહ્મપુરી, દાંડિયા બજાર-વડોદરા

પ્રેમ, સહકાર અને પ્રગતિના પંથે ઉભી થયેલી
પ્રથમ હરોળની આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષમાં
શરૂ થયેલ ગુજરાતમાં પ્રથમ

સ્થાપના સન. ૧૯૭૫

બોર્ડ ઓફ ડાયરેકટર્સ

શ્રીમતી લીલા બહેન ચાંદોરકર
(પ્રમુખ)
શ્રીમતી શુભાંગીની દેવી ગાયકવાડ
(ઉપ પ્રમુખ)
શ્રીમતી ગાયત્રીદેવી ગાયકવાડ
(મે. ડાયરેકટર)
શ્રીમતી વિમલબહેન નિંબાલકર
(સહ મે. ડાયરેકટર)
શ્રીમતી પ્રભાબહેન ગુપ્તે
(મંત્રી)
શ્રીમતી જયશ્રીબહેન ઉપાધ્યાય
(સહ મંત્રી)

ગુજરાત રાજ્યની અવિરત વિકાસ કૂચ

ગુજરાત રાજ્યે તેના સ્વતંત્ર રાજ્ય તરીકેના ૨૮ વર્ષના દીર્ઘ કાળ દરમિયાન અને ખાસ કરીને મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરીના નેતૃત્વ હેઠળની પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી લોકપ્રિય સરકાર દ્વારા શાસનધુરા ગ્રહણ કરી ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યના વિકાસની આડે અવરોધરૂપ બનનારી અનેકવિધ કુદરતી તેમ જ માનવસર્જિત આપત્તિઓનો મક્કમપણે સામનો કરીને પણ રાજ્યની વિકાસકૂચને અવિરતપણે આગળ ધપાવવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ સત્તાનાં સૂત્રો ગ્રહણ કર્યાં ત્યારે અનામત વિરોધી આંદોલને રાજ્યના સમગ્ર અર્થતંત્રને છિન્નભિન્ન કરી નાંખ્યું હતું. કોમી-પરિબળોએ જનસાધારણની રોજી-રોટી ઝૂંટવી લીધી હતી. ઉદ્યોગ-ધંધા રોજગારી લગભગ પડી ભાંગ્યાં હતાં. આવા કપરા કાળમાં પણ રાજકીય કુનેહવાદી અને પ્રજાની નાડ પારખનારી લોકાભિમુખ રાજ્ય સરકારે સમાધાનકારી વલણ અપનાવી રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પુનઃપ્રસ્થાપિત કરી, એટલું જ નહિં, સરકારી કર્મચારીઓના પગાર-ધોરણનો પ્રશ્ન, બેડ્રતોની માગણીઓ, ઓકટ્રોય નાબૂદીનો વિવાદ, વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમ જ પ્રાધ્યાપકોના વિવિધ પ્રશ્નો વગેરે સમસ્યાઓ પરત્વે સહાનુભૂતિપૂર્ણ અને સમાધાનકારી વલણ અપનાવી પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવાનો પ્રયાસ કરી વિકાસચક્રો પુનઃગતિમાન કર્યાં છે.

માનવસર્જિત આપત્તિઓ ઉપરાંત કુદરતે પણ રાજ્ય સરકારની જાણે કસોટી લીધી હતી. છેલ્લા ત્રણ વર્ષના અછતના કપરા કાળમાં લોકોને રોજી-રોટી આપીને, અબોલ પશુધનને ઘાસચારો પૂરો પાડીને પાણી વગર ટળવળતા વિસ્તારોમાં પુષ્કળના ધોરણે પીવાનું પાણી પૂરું આ બધા કાર્ય માટે ભગીરથ પુરુષાર્થ દ્વારા સૌના સહકારથી હેમખેમ પાર ઊતરવા પ્રયાસ કર્યો હતો.

ચાર ચાર વર્ષોના દુષ્કાળની વ્યાપક ભીંસ છતાં રાજ્ય સરકારે આયોજિત વિકાસમાં કોઈ કાપ મૂક્યો નથી. અછતગ્રસ્ત વિસ્તારો માટે પ્રતિદિન રૂા. એક કરોડના માતબર ખર્ચનો બોજો ઉઠાવતી રાજ્ય સરકાર વહીવટી ખર્ચમાં કરકસરનાં અસરકારક પગલાં લઈ આર્થિક વિકાસની ગતિશીલતા જાળવી શકી છે. રાજ્યની છઠ્ઠી યોજના જે રૂા. ૩,૭૬૦ કરોડની હતી તેની સામે સાતમી પંચવર્ષિય યોજના (૧૯૮૬-૯૦) માટે રૂા. ૬,૦૦૦ કરોડની જંગી જોગવાઈ કરી શકાઈ છે. તે જ રીતે ૧૯૮૫-૮૬ની વાર્ષિક યોજના રૂા. ૮૦૪ કરોડ હતી, તેમાં નાણાકીય લક્ષ્યાંકોમાં ૧.૫ ટકા વધારો થયો હતો અને ૧૯૮૬-૮૭ની વાર્ષિક યોજના વધીને રૂા. ૯૦૬ કરોડની થઈ હતી, જેમાં ૧૦૦ ટકા ઉપરાંત સિદ્ધિ મેળવવામાં આવી, એટલું જ નહિં, ૧૯૮૭-૮૮ની વાર્ષિક યોજનાની જોગવાઈ અગાઉનાં વર્ષો કરતાં વધીને રૂા. ૧,૧૬૦ કરોડની થઈ હતી.

ગુજરાતની જીવાદોરી સમાન અને રાજ્યની સમગ્રતમા કાયાપલટ કરનાર અંદાજે રૂા. ૬,૪૦૦ કરોડથી પણ વધુ ખર્ચવાળી મહાકાય સરદાર સરોવર પ્રાયોજનાને રાજ્ય સરકારના સતત અને સંનિષ્ઠ પ્રયાસોના પરિણામે કેન્દ્ર સરકારના આયોજન વિભાગે આગળ ધપાવવા અને શકય તેટલી સહાય આપવા મંજૂરીની મહોર મારી દીધી છે. રાજ્ય સરકારે પણ આ પ્રાયોજનાથી અસર પામતાં હજારો કુટુંબોના પુનઃવસવાટની વિશાળકાય યોજનાનું તબક્કાવાર આયોજન અને યુદ્ધના ધોરણે અમલીકરણ કરી પર્યાવરણના નામે ખોટી કાગારોળ કરનારા આ યોજનાના વિરોધીઓને બોલતા બંધ કરી દીધા છે.

હાલની સરકારે પ્રજાભિમુખ અને કલ્યાણલક્ષી વહીવટ દ્વારા અને ખાસ કરીને ગરીબીની રેખા તળે જીવતા આદિવાસી અને પછાત વર્ગોનો તમામ ક્ષેત્રે વિકાસ સાધી તેમનું જીવન-ધોરણ ઊંચું લાવવા માટે અનેકવિધ નવી યોજનાઓ કાર્યાન્વિત કરી છે. નૂતન ૨૦ સૂત્રી કાર્યક્રમ, વિકેન્દ્રીત આયોજન તથા એનાથી પણ આગળ વધીને જનસંપર્ક અભિયાન દ્વારા ગ્રામસભાઓ મોજી પ્રજાના નાનામાં નાના તમામ વર્ગોનો સીધો સંપર્ક સાધી તેમના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવાના તથા ગ્રામ પ્રજામાં ઉત્સાહ અને વિકાસની એક નવી જ શ્રદ્ધા જગાવવાના નવતર પ્રયોગે સરકારની સાચી નિષ્ઠાની પ્રતીતિ કરાવી છે.

વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓની માહિતી વિગતવાર આ પ્રમાણે છે :

વીજાણુ સેલની સ્થાપના

દેશનો વ્યાપ અને અનેકવિધ સમસ્યાઓ જોતાં વિવિધ વહીવટી પંચોએ પ્રજાની અપેક્ષા સંતોષવા માટે, વહીવટને લોકાભિમુખ અને ગતિશીલ બનાવવા માટે વિવિધ સૂચનો કર્યાં, તેમાંનું એક શાસન પદ્ધતિમાં કૉમ્પ્યુટર પદ્ધતિનો ઉપયોગ હતું. આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી પણ વહીવટમાં વૈજ્ઞાનિક શોધ-સંશોધનનાં સાધનોના મહત્તમ ઉપયોગ માટે કૃતનિશ્ચયી છે તે જોતાં રાજ્ય સરકારે ૧૯૮૬ થી સચિવાલય કક્ષાએ વહીવટી સુધારણા તાલીમ પ્રભાગ હેઠળ એક વીજાણુ સેલની સ્થાપના કરી છે.

કૉમ્પ્યુટરાઈઝેશનનાં ક્ષેત્રો

રાજ્યમાં હાલ કોમ્પ્યુટરાઈઝેશન માટેનાં અગ્રિમ ક્ષેત્રો નક્કી કરી ત્યાં કૉમ્પ્યુટરો દાખલ કરવા માટે મુખ્ય સચિવના અધ્યક્ષપદે ઉચ્ચસ્તરીય સમિતિ નિમાયેલી છે.

આ મુજબ હાલ રોજગાર કચેરીઓનું કૉમ્પ્યુટરાઈઝેશન ચાલુ છે. અમદાવાદ અને વડોદરા ખાતેની વધુ કાર્યબોજ ધરાવતી રોજગાર કચેરીઓને અગ્રિમતાના ધોરણે આ માટે પસંદ કરવામાં આવી છે.

વહીવટી તંત્રમાં આધુનિક ટેકનોલોજીનો સફળ પ્રયોગ

તે જ રીતે રાજ્યની બધી જ નિજોરી કચેરીઓમાં ડેટા એન્ટ્રી મશીન્સ મૂકવામાં આવ્યાં છે અને ગાંધીનગર ઈડીપી સેલમાં તેનું સંકલન કરવામાં આવે છે. પ્રત્યેક જિલ્લામાંની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં પણ કૉમ્પ્યુટરો ગોઠવવામાં આવ્યાં છે. જે જિલ્લા ઓની કલેકટર કચેરીઓમાં એકબારી પદ્ધતિનો અમલ શરૂ કરવામાં આવ્યો છે ત્યાં પણ તેના સરળ અને ત્વરિત નિકાલ માટે બધી વિગતો કૉમ્પ્યુટર પર રાખવાનું વિચારાયું છે.

સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન

રાજ્ય સરકારની આ મહત્ત્વની તાલીમ સંસ્થા છે. તેમાં બારેક જેટલાં કૉમ્પ્યુટરો રખાયાં છે અને સરકારના બધા જ સચિવોથી માંડી અન્ય સંવર્ગોના અધિકારી/કર્મચારીને કૉમ્પ્યુટર ચલાવવાની પ્રાથમિક તાલીમ માટે આવરી લેવાયા છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી

વિવિધ કચેરીઓ દ્વારા કૉમ્પ્યુટરોનો ઉપયોગ

૧. વેચાણવેરા તેમજ વ્યવસાયવેરાની કચેરીઓમાં પણ માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ માટે કૉમ્પ્યુટરો ઉપયોગમાં લેવાઈ રહ્યાં છે.

૨. રાહત કમિશનરની કચેરીમાં અછતની માહિતી પર ચાંપતી દેખરેખ રાખવા ઘણા સમયથી કૉમ્પ્યુટર ગોઠવ્યાં છે.

આ ઉપરાંત પાણી પૂરવઠાની પરિસ્થિતિ, જીવન-જરૂરિયાતની આવશ્યક ચીજોની વર્હેચણી, કૃષિ-વિષયક જરૂરી માહિતીઓ, સામાજિક તેમજ આર્થિક રીતે પછાત વર્ગોના કમિશનોને જરૂરી માહિતી તેમ જ બીજી ઘણી લોકોપયોગી યોજનાઓ માટે કૉમ્પ્યુટરોનો ઉપયોગ થતો રહે છે.

૧૯૮૯-૯૦ દરમિયાન હાથ ધરાનારી પ્રવૃત્તિઓ

૧. સચિવાલય તેમ જ ગુજરાત ભવન ખાતે કોમ્પ્યુટર આધારિત ટેલેક્ષ તેમજ ફેકસ મશીન પ્રસ્થાપિત કરવાં.

૨. બધા વિભાગોમાં કોમ્પ્યુટર આધારિત પગારપત્રકો બનાવવાનું કાર્ય નાણાં વિભાગની મંજૂરીની અપેક્ષાએ શરૂ કરાવવું.

૩. ડેસ્ક-ટોપ પ્રિન્ટિંગનો સચિવાલયના બધા વિભાગોને બહોળો ઉપયોગ કરતા કરવા.

૪. ગૃહ વિભાગમાં તેમજ ખાતાની નીચેની કચેરીઓમાં કોમ્પ્યુટર આધારિત કોમ્યુનિકેશન વ્યવસ્થા ગોઠવવી.

૫. લેન્ડ રેકર્ડસ કોમ્પ્યુટરોમાં સંગ્રહિત કરી અત્યાધુનિક બનાવવાની યોજના ઘડવી, જેથી લોકોને ૭/૧૨ના ઉતારા કે કમી-જાસ્તી પત્રક સરળતાથી મળી શકે.

૬. કોમ્પ્યુટર આધારિત પ્રિન્ટિંગ માટેની યોજના તૈયાર કરવી, જેથી ધોરણ ૧૦ તથા ધોરણ ૧૨નાં પેપરો તેમ જ અંદાજપત્રની વિગતો અત્યંત ખાનગી રીતે છાપી શકાય.

વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ રાષ્ટ્રને સ્પર્શતા મહત્ત્વના પ્રશ્નોમાંના કેટલાક અતિમહત્ત્વના અને પાયાના પ્રશ્નોના નિરાકરણ માટે વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ માટે ટેકનોલોજી મિશન કેન્દ્ર કક્ષાએ અને કેન્દ્ર સરકારના સૂચન મુજબ રાજ્ય કક્ષાએ પણ રચવામાં આવ્યાં છે.

૧. પીવાનું પાણી અને સંબંધિત જળવ્યવસ્થા અંગેનું ટેકનોલોજી મિશન

આ મિશનનો ઉદ્દેશ ૧૯૯૧ સુધીમાં રાજ્યના ગ્રામ વિસ્તારોમાં વસતા લોકોને રોજનું માથાદીઠ ૪૦ લીટર પીવાનું પાણી પૂરું પાડવાનો છે. પ્રસ્તુત મિશનની પ્રગતિની સમીક્ષા માટે રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપદે રાજ્ય કક્ષાની, સચિવશ્રીના અધ્યક્ષપદે વિભાગીય કક્ષાની અને સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટના અધ્યક્ષપદે જિલ્લા કક્ષાની સમિતિઓની રચના કરી છે.

રાજ્યમાં આ મિશન અંતર્ગત પીવાના પાણી માટે ત્રણ લઘુ મિશનો કચ્છ, જામનગર અને ડાંગ જિલ્લા માટે કાર્યરત છે તેમ જ અન્ય પાંચ પેટા મિશનોની રચના પણ કરવામાં આવી છે.

કચ્છના લઘુ મિશન અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લાનાં ૧૨૫ ગામો માટે રૂ. ૨૩૩ લાખની યોજનાને, જામનગર જિલ્લાનાં ૪૪૧ ગામોમાંથી પ્રથમ તબક્કામાં ૧૨૧ ગામો માટે રૂ. ૫૦૧.૨૩ લાખ અને ડાંગ જિલ્લાનાં ૨૫૪ ગામોમાંથી પ્રથમ તબક્કામાં ૫૨ ગામો માટે રૂ. ૩૨૩.૪૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.

૨. રાષ્ટ્રીય સાક્ષરતા મિશન

આ મિશનનું મુખ્ય ધ્યેય ૧૫ થી ૩૫ વર્ષની વયજુથના આશરે એક કરોડ નિરક્ષરોને પ્રતિવર્ષ સામાન્ય અક્ષરજ્ઞાન હેઠળ આવરી લેવાનું છે. આ મિશનનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ તા. ૫મી મે, ૧૯૮૮ના રોજ કર્યો છે. આ કાર્યક્રમ માટે ૧૯૮૮-૯૦ ના વર્ષમાં રૂ. ૨.૭૫ કરોડ ફાળવવામાં આવ્યાં છે. અનુસૂચિત જાતિના લોકો માટેની યોજના પેટે રૂ. ૨૨.૮૧ લાખ અને આદિવાસી વિસ્તાર યોજના પેટે રૂ. ૭૨ લાખ ફાળવવામાં આવ્યાં છે.

૩. તેલીબિયાં અંગેનું ટેકનોલોજી મિશન

ખાદ્યતેલના ક્ષેત્રે ત્રણ વર્ષના સમયગાળામાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા તેલીબિયાંની ઉત્પાદનક્ષમતામાં ગુણનાપાત્ર વધારો થાય તે માટેના પ્રયાસો આ મિશન દ્વારા થઈ રહ્યા છે. આ માટે રાજ્યના મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે.

પાક ઉત્પાદન ટેકનોલોજી માઈક્રો મિશન હેઠળ ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વારા તેલીબિયાંનું ઉત્પાદન, પાક સંરક્ષણ, ગુણવત્તા સુધારણા, ભૂમિ વિજ્ઞાનને લગતી બાબતોમાં ૪૭ જેટલાં સંશોધન કાર્યો હાથ ધરાયાં છે.

ટેક્નોલોજી મિશનની સફળ કામગીરી

૪. રોગ પ્રતિરોધકતા અંગેનું ટેકનોલોજી મિશન

આ મિશનનો લક્ષ્યાંક પ્રતિ વર્ષ બે કરોડ જેટલી સગર્ભા માતાઓ અને એટલી જ સંખ્યામાં નવજાત શિશુ ઓને મોટા રોગો સામે રક્ષણ બક્ષવાનો છે. આ મિશન હેઠળ રોગપ્રતિકારક રસી તેમજ મોં વડે પીવડાવવાની રસી આપવાના લક્ષ્યાંકો નક્કી કરી તબક્કાવાર વિવિધ જિલ્લાઓની વસતિને સંપૂર્ણપણે આવરી લેવામાં આવી રહી છે. ૧૯૮૮-૮૯ સુધીમાં રાજ્યના ૧૫ જિલ્લાઓને આવરી લેવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે સંદેશા વ્યવહારનું પાંચમું મિશન પણ રચ્યું છે. આ મિશનનું કાર્યક્ષેત્ર કેન્દ્ર સરકારના સંદેશા વ્યવહાર વિભાગ હસ્તક રહ્યું છે.

કાર્યજૂથ (ટાસ્ક મિશન્સ)ની યોજના

હાલની પ્રજાકીય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં સતત પ્રક્રિયાના ભાગરૂપે વહીવટી તંત્રને લોકાભિમુખ બનાવવા શ્રેણીબદ્ધ પગલાં લઈ અમલમાં મૂક્યાં છે. આ પૈકી રાજ્ય સરકારે સૌ પ્રથમ વહીવટી તંત્રમાં ઓછામાં ઓછો વિલંબ થાય તે માટે બાવેળા સમિતિએ સૂચવેલાં પગલાં અમલમાં મૂક્યાં. ત્યાર પછી શ્રી જશવંત મહેતા સમિતિ તરફથી વહીવટી તંત્રને ગતિશીલ બનાવવા માટે સૂચવાયેલાં પગલાં પણ અમલમાં મૂકવામાં આવ્યાં છે. આ પછી તાજેતરમાં જ ઉપલબ્ધ સાધનો દ્વારા અગત્યનાં ચાવી રૂપ ૧૧ જેટલાં ક્ષેત્રો માટે મધ્યમ લક્ષ્યાંકો હાંસલ કરવા જુદાં જુદાં ૧૧ ટાસ્ક મિશન્સ કાર્યજુથની રચના કરી છે, જે નીચે મુજબ છે :

કાર્યજૂથ-૧ : વહીવટી આદેશોનું સરળ સંકલન

કાર્યજૂથ-૨ : ગ્રામ દફ્તર અદ્યતન બનાવી તેનું આધુનીકરણ કરવું.

કાર્યજૂથ-૩ : રોજગારી.

કાર્યજૂથ-૪ : મહત્ત્વના પ્રોજેક્ટનો અમલ

કાર્યજૂથ-૫ : ગૃહનિર્માણ

કાર્યજૂથ-૬ : કાયદાકીય કક્ષાની તપાસ અને સમાધાન અંગેની કાર્યવાહી.

કાર્યજૂથ-૭ : રાજ્ય સરકારની અસ્કયામતોની વ્યવસ્થા અને સાધનો ઉપરનો ન ઈન્વેન્ટરી કન્ટ્રોલ.

કાર્યજૂથ-૮ : પછાત વિસ્તારોનો વિકાસ અને નબળા વર્ગો માટેની યોજનાઓનો અસરકારક અમલ.

કાર્યજૂથ-૯ : શૈક્ષણિક અને આરોગ્યવિષ્યક સેવાઓમાં સુધારણા

કાર્યજૂથ-૧૦ : રાજ્યના વહીવટમાં કાર્યક્ષમતા, અસરકારકતા અને કરકસરનાં પગલાં સાથે આધુનીકરણ અને અન્ય સુધારણા.

કાર્યજૂથ-૧૧ : બોર્ડ/કોર્પોરેશનના વહીવટની સુધારણા.

ઉપરોક્ત ૧૧ ટાસ્ક મિશન્સ પૈકી ૧૦ ટાસ્ક મિશનોએ પોતાના અહેવાલો રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરી દીધા છે, જે અંગે આગળની કાર્યવાહી ચાલી રહી છે.

*

વહીવટીતંત્રને લોકાભિમુખ બનાવવા ગ્રામ સભાઓનો નવતર પ્રયોગ

મુખ્ય મંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ વહીવટીતંત્રને વધુ ગતિશીલ, કાર્યરત અને લોકાભિમુખ બનાવવા માટે છેલ્લા ત્રણ-ચાર માસથી ગામડે-ગામડે ફરીને લોકોના રોજ-બ-રોજના પ્રશ્નો, તેમની રોજિંદી અને પાયાની મુશ્કેલીઓ સાંભળીને તેનો સ્થળ પર જ ઉકેલ આણવાનો સફળ અને નવતર પ્રયોગ હાથ ધર્યો છે. તેઓએ જિલ્લાના અને તાલુકાના વહીવટીતંત્રની કામગીરીનો સ્થળ પર જ ઊંડો અભ્યાસ કરવા માટે ૧૩ જિલ્લાઓની મુલાકાત લીધી છે અને જાન્યુઆરી, ૧૯૮૯ના અંત સુધીમાં રાજ્યના લગભગ તમામ જિલ્લાઓની મુલાકાત પૂરી કરવાનું આયોજન છે.

જનસંપર્ક અભિયાન : ધ્યેયલક્ષી કાર્યક્રમ

અપાર લોકચાહના પ્રાપ્ત કરી રહેલા મુખ્યમંત્રીશ્રીના આ નવતર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિકાસની પ્રક્રિયામાં સીધો ફાળો આપી શકે, તેમના સંવાદસૂચનોને યોગ્ય મહત્ત્વ અપાય તે માટે રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ પ્રજાના સ્થાનિક પ્રશ્નો પર પૂરતું ધ્યાન આપે તથા ગરીબ અને પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓનો યોગ્ય અમલ થાય તે છે.

ગ્રામસભાઓનું પદ્ધતિસરનું આયોજન

પ્રસ્તુત લોકપ્રિય જનસંપર્ક અભિયાનમાં મુખ્યમંત્રી શ્રી સર્વપ્રથમ જિલ્લાના સંસદસભ્યો ધારાસભ્યો, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખો અને પંચાયતની વિવિધ સમિતિઓના અધ્યક્ષોની બેઠક બોલાવી જિલ્લાના વહીવટીતંત્રની કામગીરી વિષેનાં તેમનાં મંતવ્યોથી વાકેફ થવાનો પ્રયત્ન કરે છે. પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મુકત મને કરેલી રજૂઆતના મુદ્દાઓ મુખ્યમંત્રીશ્રી પોતે નોંધી લે છે.

અધિકારીઓ સાથે પરામર્શ

ત્યાર બાદ બીજા તબક્કામાં જિલ્લા અને તાલુકા કક્ષાના પોલીસ અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક પરિસ્થિતિ વિષે ચર્ચા કરે છે. ત્રીજા તબક્કામાં મહેસૂલ, પંચાયત અને જિલ્લાનાં બીજા ખાતાંઓના અધિકારીઓની સંયુકત બેઠક બોલાવી મુખ્યમંત્રીશ્રી લોકોની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે વહીવટીતંત્રને વધુ વેગવાન, કાર્યરત અને સક્રિય બનાવવા પર ભાર મૂકતા હોય છે. આ ઉપરાંત અધિકારીગણ પાસેથી જુદા જુદા કાર્યક્રમો, યોજનાઓના અમલમાં આવતી અડચણો દૂર કરવા માટેનાં સલાહસૂચનો પણ માગવામાં આવે છે.

જનતા-જનાર્દનના પ્રશ્નો ઉકેલવા ગ્રામસભાનું આયોજન

છેલ્લા તબક્કામાં મુખ્ય મંત્રી જે તે ગામના સરપંચના અધ્યક્ષપદે ગ્રામપંચાયત દ્વારા લોકોની ગ્રામસભાઓ બોલાવે છે.

આ સભામાં મુખ્યમંત્રીશ્રી પોતે માઈક પોતાના હાથમાં લઈ ગામ લોકોને સ્થાનિક તલાટી, શિક્ષકો, મામલતદાર વગેરેની કામગીરી વિષે સીધા પ્રશ્નો પૂછે છે, એટલું જ નહિ, લોકોને નડતા રોજિંદા પ્રશ્નો, તેમની રોજ-બ-રોજની મુશ્કેલીઓ, જેવી કે- મધ્યાહ્ન ભોજન નિયમિત રીતે શાળાઓમાં આપવામાં આવે છે કે નહિ ? સસ્તા અનાજની દુકાનેથી પૂરતું અનાજ મળે છે કે નહિ? વીજળીનો પૂરવઠો નિયમિત મળે છે ? શિક્ષકો શાળાઓમાં નિયમિત હાજરી આપે છે ? સરકારી દવાખાનેથી સમયસર દવાઓ અપાય છે ? વગેરે વિષે સામે ચાલીને મુખ્ય મંત્રીશ્રી માહિતી માગે છે અને ત્યાર બાદ આ જ સભામાં અધિકારીઓને આ પ્રશ્ન હલ કરવા સ્થળ પર જ આદેશ આપે છે.

જો લોકોની સમસ્યાઓ નીતિવિષયક નિર્ણયો સાથે સંકળાયેલી હોય અને લાંબા ગાળાના આયોજન પર નિર્ભર હોય તો મુખ્ય મંત્રીશ્રીના સચિવાલય ખાતેના કાર્યાલયમાં આ કામગીરી માટે રચવામાં આવેલા 'ખાસ એકમ' (સ્પેશિયલ સેલ) દ્વારા જ આગળની કાર્યવાહી તાત્કાલિક હાથ પર લેવાય છે.

આમ મુખ્યમંત્રીશ્રીનું 'જનસંપર્ક અભિયાન' લોકલાગણીને પૂરની દાદ આપી, તેમની યાતનાઓ દૂર કરવાનો એક નવીન, પરંતુ સીધો અને સફળ પ્રયાસ છે.

વનસ્પતિ અને વન્યજીવન ડુબમાં જતાં જંગલ વિસ્તારના વળતરરૂપ વનીકરણ

યોજના માટે ડુબમાં જતી ૪,૫૨૨.૬૮ હેકટર જંગલની જમીન સામે કચ્છ જિલ્લાનાં ૯ ગામોના ૪,૬૫૦ હેકટર બિન જંગલ વિસ્તારમાં વળતરરૂપ વનીકરણ કરવાનું નકકી કર્યું છે.

ભૂકંપ અંગે સાવચેતી

બંધના સ્થળે ભૂકંપની શકય તીવ્રતા અંગે રૂરકી વિશ્વવિદ્યાલયના ભૂકંપ ઈજનેરી વિભાગ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે.

બંધના બાંધકામની પ્રગતિ

ડાબા કાંઠે બંધના નોન-ઓવરફ્લો ભાગોના અમુક ભાગનું કોંક્રિટ કામ છેક મથાળા સુધી પૂરું કરવામાં આવ્યું છે. બાકીના નોન-ઓવરફ્લો બ્લોકસનું કામ પ્રગતિમાં છે.

પાયાને મજબુત કરવા માટેના આવશ્યક ગ્રાઉટિંગનું કામ અમુક ભાગમાં પૂરું કરવામાં આવ્યું છે અને ત્યાં મુખ્ય બંધનું કોંક્રિટ કામ શરૂ કરી દીધું છે.

બંધની છલતી પરના ૩૦ મોટા રેડિયલ દરવાજાના શરૂઆતના આલેખન અભ્યાસો પુરા કરાયા છે. આ દરવાજા તૈયાર કરવાનાં, ગોઠવવાનાં તથા કાર્યરત કરવા માટેનાં પ્રાથમિક કામો હાથ ધરવામાં આવ્યાં છે.

૫,૦૦૦ મેટ્રિક ટન પોલાદનું કામ ધરાવતા વીજળી મથકના પેન્સ્ટોક તૈયાર કરવાનાં કામ અંશત: પૂરાં કરવામાં આવ્યાં છે.

મુખ્ય નહેરની શરૂઆતની ૮૨ કિ.મી.ની લંબાઈના બાંધકામ શરૂ કરાયા છે. તેમાં ખોદકામ તથા માટીકામ અંશત: પૂરાં થયાં છે. મુખ્ય નહેર વડોદરા જિલ્લાની હદમાં પ્રવેશી છે અને મિયાગામ અને જંબુસર શાખાનાં કામો શરૂ થઈ ગયાં છે.

ઔદ્યોગિક પ્રગતિ

* ગુજરાત રાજ્ય ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ દેશમાં બીજા સ્થાને છે.

મૂડીરોકાણ

* સી.એમ.આઈ.ઈ. (સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી)ના એક અંદાજ મુજબ ભારત સરકાર પુરસ્કૃત ઉદ્યોગમાં ગુજરાતમાં રૂ. ૨,૪૦૦ કરોડનું મૂડીરોકાણ કરવામાં આવ્યું છે.

*

જૂન, ૧૯૮૮ સુધીમાં રૂ. ૨૦,૪૧૩ કરોડના ઔદ્યોગિક અને પાયાના પ્રોજેકટની સ્થાપના કરવામાં આવી છે.

* ૧૯૬૧માં રૂ. ૪૦૦ કરોડના ઔદ્યોગિક ઉત્પાદનની સામે હાલ અંદાજે રૂ. ૩૦,૦૦૦ કરોડની કિંમતનું ઔદ્યોગિક ઉત્પાદન કરવામાં આવે છે.

* ઔદ્યોગિક અને ખનિજ ક્ષેત્રે મૂડીરોકાણની બાબતમાં માથાદીઠ રૂ. ૧,૦૭૦ની રાષ્ટ્રીય સરેરાશની સામે ગુજરાતમાં રૂ. ૨,૦૩૩ના માથાદીઠ મૂડીરોકાણની સરેરાશ છે.

ઔદ્યોગિક એકમો

* ૧૯૬૦માં રાજ્યની સ્થાપના સમયે દેશના ઔદ્યોગિક વિકાસમાં ગુજરાતનું આઠમું સ્થાન હતું. તેની સામે હાલ ગુજરાત દેશમાં બીજા સ્થાને છે અને ૮૦,૦૦૦થી પણ વધુ ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે.

* રાજ્યના કુલ ઔદ્યોગિક ઉત્પાદનનું ૩૩ ટકા ઉત્પાદન કાપડ ઉદ્યોગનું છે અને સંગઠિત ક્ષેત્રે તે ૩૫ ટકા જેટલી રોજગારી પૂરી પાડે છે.

* કાપડ ઉદ્યોગની સાથે રાસાયણિક, પેટ્રોકેમિકલ્સ, પ્લાસ્ટિક, ઔષધ, વિજ્ઞાન, ઈજનેરી અને હીરા ઉદ્યોગ ક્ષેત્રે પણ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

નવી ઔદ્યોગિક પ્રોત્સાહક નીતિ

* ગુજરાત સરકાર દ્વારા તા. ૧-૪-૧૯૮૬થી અમલી બને તે રીતે નવી ઔદ્યોગિક પ્રોત્સાહક નીતિ જાહેર કરી છે અને રાજ્યના ૧૮૨ તાલુકાઓમાંથી કુલ ૬૧ તાલુકાઓને ઔદ્યોગિક રીતે સૌથી પછાત તાલુકાઓ જાહેર કર્યા છે અને આ બાબતે ગુજરાત દેશમાં સૌથી પ્રથમ રાજ્ય છે.

* રાજ્યમાં પોલિટેકનિક, આઈ.ટી.ટી.આઈ. અને કુટિર ઉદ્યોગના તાલીમ કેન્દ્રોમાં ૧૯૮૨માં ૨૫,૦૦૦ જગ્યાઓ હતી, જેની સામે હાલ કુલ ૬૦,૦૦૦ જગ્યાઓ કરાઈ છે.

શિક્ષિત બેરોજગારો માટે કાર્યક્રમ

* રાજ્યના શિક્ષિત બેરોજગારો/ઉદ્યોગ સાહસિકો તથા ઉદ્યોગકારોને ઔદ્યોગિક તાલીમ માટે આયોજનબદ્ધ કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. તેમજ સમૃદ્ધ ડેટા બેન્ક ઉભી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન

* રાજ્યમાં નવા ઉદ્યોગ સ્થાપવા માંગતા સાહસિકોને ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યુરો દ્વારા યોગ્ય માર્ગદર્શન તેમજ અન્ય મદદની વ્યવસ્થા કરવામાં આવી છે.

* વિવિધ બેન્કેબલ યોજનાઓ હેઠળ ૧૫૮ જેટલા વિવિધ ઉદ્યોગો નકકી કરવામાં આવ્યા છે.

પછાત વિસ્તારોના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન

* રાજ્યના ત્રણ સૌથી પછાત જિલ્લા પંચમહાલ, ભરૂચ અને સુરેન્દ્રનગરના ઉદ્યોગ સાહસિકોને

તેઓ જે ઉદ્યોગ સ્થાપે તેમાં સ્થાયી અસ્કયામતો, જમીન, મકાન તથા યંત્રસામગ્રીમાં કરાયેલા મૂડી રોકાણના ૧૫ ટકા રોકડ નાણાકીય સહાય રૂ. ૧૫ લાખની મર્યાદામાં, જ્યારે અન્ય પછાત જિલ્લાઓ ભાવનગર, અમરેલી, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા અને જૂનાગઢના ઉદ્યોગ સાહસવીરોને રૂ. ૧૦ લાખની મર્યાદામાં સ્થાયી અસ્કયામતોમાં રોકાણના ૧૦ ટકા જેટલી રકમ સબસિડી તરીકે આપવામાં આવે છે, જ્યારે ડાંગ જિલ્લામાં રૂ. ૨૫ લાખની મર્યાદામાં ૨૫ ટકા રકમ જેટલી સબસિડી મળી શકે છે

ઔદ્યોગિક પરવાના

* રાજ્યમાં નવાં એકમો માટે ઔદ્યોગિક પરવાના અને ઈરાદાપત્રોની સંખ્યાની તુલના દેશની સંખ્યાની સાથે કરતાં એપ્રિલ, ૧૯૮૪થી માર્ચ, ૧૯૮૮ સુધીના ચાર વર્ષના ગાળામાં કુલ ૨,૮૪૭ ઈરદાપત્રો અપાયા હતા, જેની સામે ૨૨૦ ગુજરાતને મળ્યા હતા. ૧૯૮૬માં હિસ્સો ૧૪.૧ ટકા હતો. છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં ૮૭૭ ઈરાદાપત્રો અને ૫૮૬ ઔદ્યોગિક પરવાના અપાયા હતા, જે દેશમાં અપાયેલા કુલ પરવાનાના ૧૧.૫ ટકા થાય છે.

રોકડીયા પાકોમાં અગ્રેસર

ગુજરાતમાં દેશના ત્રીજા ભાગના કપાસ, ચોથા ભાગના તેલીબિયાનું ઉત્પાદન થાય છે. તમાકુ, એરંડા અને બીજા કેટલાક પાકોમાં પણ ગુજરાત અગ્રેસર છે.

વિદેશી ભારતીયોનું મૂડીરોકાણ

* લગભગ ૩૪૦ જેટલા વિદેશી ભારતીયોએ રૂ. ૪૦૦ મિલિયનના રોકાણ દ્વારા ૧૫૦ ઔદ્યોગિક એકમો સ્થાપ્યા છે. અન્ય વધુ ૧૯૦ જેટલા એકમો રૂ. ૧,૬૫૦ મિલિયનના રોકાણ સાથે તેમના ઉત્પાદનનો પ્રારંભ કરશે.

* રાજ્યની કુલ આવકના ૨૬.૫ ટકા આવક ઔદ્યોગિક ક્ષેત્રોમાંથી થાય છે.

મોટા પાયાનાં ઔદ્યોગિક સંકુલો

* રાજ્યમાં સુરત નજીક હજીરામાં રૂ.૧,૦૦૦ કરોડની કિંમતનો કિભકો ખાતર પ્લાન્ટ કામ કરતો થયો છે. આવતા પાંચ વર્ષમાં આ વિસ્તારમાં એલપીજી બોટલિંગ પ્લાન્ટ, કેમિકલ્સ તથા પેટ્રો-કેમિકલ્સ સંકુલ, ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા તથા ઓ.એન.જી.સી.ના પ્રોજેક્ટસ દ્વારા રૂ. ૧૨,૦૦૦ કરોડનું મૂડીરોકાણ થશે, જે ગુજરાતની ઔદ્યોગિક કાયાપલટ કરશે.

* રાજ્યના સૌથી મોટા સંયુક્ત સાહસ અને અદ્યતન ડ્રાય લામઝિંગ ટેકનોલોજી દ્વારા ૧,૨૦૦ ટન સોડા એશની ઉત્પાદન શકિતવાળા ગુજરાત હેવી કેમીકલ્સ લિ.નો વેરાવળ નજીક સૂત્રાપાડામાં ગયા વર્ષે પ્રારંભ કરાયો છે.

* રૂ. ૧૩,૬૭૮.૧ મિલિયનના રોકાણ સાથે ૭૬,૧૬૯ લઘુ ઉદ્યોગો અને ૧૦,૫૭૭ ઔદ્યોગિક એકમો હાલમાં તેમની ઉત્પાદન પ્રક્રિયા કરી રહ્યા છે.

લઘુ ઔદ્યોગિક એકમો

* ગુજરાતમાં ૧૯૬૧માં ૧૫,૮૪૮ લઘુ ઔદ્યોગિક એકમો હતા, તેમની સામે હાલ તેની સંખ્યા ૪૮,૭૩૩ છે અને માથાદીઠ આવક રૂ. ૩૮૦થી વધીને આજે રૂ. ૯૯૭ જેટલી થઈ છે.

* રાજ્યમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં કુલ રૂ. ૫૭૯.૦૬ કરોડના મૂડીરોકાણ સાથે સાત પ્રોજેકટ સ્થાપવામાં આવ્યા છે.

એકમોને નાણાંકીય સહાય

* માર્ચ, ૧૯૮૭ સુધીમાં કુલ ૨૭,૫૧૨ ઔદ્યોગિક એકમોને રૂ. ૬૬૭.૯ કરોડની નાણાકીય સહાય અપાઈ હતી.

એકમો દ્વારા રોજગારી

* રાજ્યમાં કુલ ૧૭૧ જેટલી ઔદ્યોગિક વસાહતોમાંના ૧૩,૫૬૩ ઔદ્યોગિક એકમો દ્વારા અંદાજે ૨,૭૭,૦૦૦ વ્યકિતઓને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે.

રાજ્યમાંની બંધ મિલોના કામદારો માટે ઈન્ડસ્ટ્રીયલ પાર્ક

* બંધ કાપડ મિલોના કામદારો માટે રાજ્ય સરકારે "ઈન્ડસ્ટ્રીયલ પાર્ક" નામની નવી યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ સ્થપાનાર એકમો જો આવા કામદારોને રોજી આપે તો તે એકમોને ખાસ પ્રોત્સાહનો આપવામાં આવ્યા, જે મુજબ અંદાજે ૮,૦૦૦ જેટલા કામદારોને રોજી પૂરી પાડવામાં આવી છે.

વીજળી ક્ષેત્રે સિધ્ધિની ઝલક

ગ્રામ વીજળીકરણ

ગુજરાત રાજ્યમાં કુલ ૧૮,૨૭૫ ગામોમાંથી ૧૮૦૪૯ ગામોનું વીજળીકરણ કરી ગ્રામ વીજળીકરણ ક્ષેત્રે સો ટકા સિધ્ધિ હાંસલ કરીને ગુજરાત રાજ્યે દેશમાં અન્ય રાજ્યોની સરખામણીએ મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે, જેમાં ડાંગ જિલ્લાના વન વિસ્તારના ત્રણ, તેમ જ ડૂબમાં જતા હોય અને વસતિ ન હોય અથવા વન વિસ્તારના ખાસ કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલ ૨૨૧ જેટલા ગામોનો સમાવેશ થતો નથી.

સાતમી યોજનાના લક્ષ્યાંક મુજબ ૨૦ હજાર કૂવા, ૧ હજાર ફૂટ પંપ, ૧ હજાર હરિજન વસતિવાળા વિસ્તારોનું વીજળીકરણ તેમ જ ખેતીના હેતુ માટે વીજળીકરણ કરાયેલ ગામોમાંથી ૪૭ ટકા ગામોના સર્વ હેતુ માટેના વીજળીકરણનો લક્ષ્યાંક નકકી કરાયો છે.

વીજ ઉત્પાદન શકિત

ગુજરાત રાજ્યની સ્થાપના સમયે એટલે કે મે ૧૯૬૦માં વિદ્યુત સ્થાપિત શકિત ફકત ૩૧૫ મે. વૉટ હતી અને માથાદીઠ વપરાશ ૪૭ યુનિટ જેટલો હતો, તેની સામે હાલ રાજ્યની કુલ ૪,૯૯૮ મે.વૉ. વિદ્યુત માંગની સામે સ્થાપિત વીજ ઉત્પાદન શકિત ૪,૨૮૯.૫ મે.વૉ. છે, જે અંદાજે ૭૦૦ મે.વૉ.ની ખાધ દર્શાવે છે. આ ખાધ સાતમી યોજનાના અંતે ૮૦૦ મે.વૉ. અને આઠમી યોજનાને અંતે તે વધીને ૨,૨૦૦ મે. વૉ. જેટલી થશે. વધતી જતી આ વીજમાંગને પહોંચી વળવા ગેસ આધારિત વિદ્યુત મથક સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જે રાજ્ય સરકારના કેન્દ્ર સાથેના સતત પ્રયાસોથી શકય બન્યું છે.

આ ઉપરાંત ૧. ગાંધીનગર ખાતે ૨૧૦ મે.વૉટની ક્ષમતાવાળું એક એવાં બે મથકોનું વિસ્તરણ, ૨. કડાણા ખાતે ૬૦ મે.વૉ.ની વીજ ઉત્પાદન ક્ષમતાવાળા બે જળ વિદ્યુત મથકો, ૩. પાનન્ધ્રો ખાતે ૭૦ મે. વૉટના લિગ્નાઈટ આધારિત બે વિદ્યુત મથકોને કાર્યાન્વિત કરવામાં આવ્યાં છે, તેમ જ રાજ્યની સ્થાપિત વીજક્ષમતામાં વધારો કરવા ભારત સરકારની મંજૂરી માટે ૧. ભરૂચ જિલ્લામાં ગાંધાર ગેસ આધારિત ૬૦૦ મે. વૉટનું વીજ-મથક તથા અંકલેશ્વર ખાતે ૩૦ મે. વૉટનું ગેસ આધારિત વીજ-મથક, ૨. અમદાવાદ ખાતે ૧૦૦ મે. વૉટનું ગેસ આધારિત વીજ-મથક ૩. જામનગર જિલ્લામાં સિક્કા ખાતે ૨૧૦ મે. વૉટનાં બે વીજ-મથકોનું વિસ્તરણ તેમ જ પાનન્ધ્રો, ધરોઈ તથા દમણ-ગંગા ખાતે ૫.૬ મે. વૉટના મીની હાઈડ્રો જળ વિદ્યુત મથકની સ્થાપના માટે યોજનાઓ રજૂ કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના પીપાવાવ ખાતે ગેસ આધારિત ૭૫૦ મે. વૉટનાં વીજમથકોની મંજૂરી માટેની કાર્યવાહી ગતિમાં છે.

ઉર્જાનાં વૈકલ્પિક ઉત્પાદન ક્ષેત્રો

વૈકલ્પિક ઉર્જાના ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત રાજ્ય માત્ર ભારતમાં જ અગ્રેસર નહિ, પરંતુ સમગ્ર એશિયા ખંડમાં પવનચક્કી આધારિત વીજમથક ઊભું કરવામાં ગુજરાત રાજ્ય પ્રથમ જ છે. તેના નમૂનારૂપે ગુજરાતમાં પોરબંદર નજીક હરિસિધ્ધ માતાના મંદિર પાસે ડેન્માર્કની રૂ. ૨૦ કરોડની આર્થિક સહાયથી નમૂનારૂપ પવનચક્કી આધારિત વીજમથક ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાના સહકારથી ઊભું કરવામાં આવનાર છે.

વીજ ઉત્પાદન માટે નાણાકીય જોગવાઈ

૧૯૮૯-૯૦ના વર્ષમાં આ યોજનાઓની કામગીરી હાથ ધરી શકાય તે માટે રૂ. ૬૦ કરોડ તથા જે વીજમથકોનું કાર્ય ગતિમાં છે તે માટેના રૂ. ૨૩૭ કરોડ, મિનિ હાઈડ્રો મથકો માટે રૂ. ૧ કરોડ તથા જૂનાં વીજ-મથકોના સમારકામ માટે રૂ. ૧૦ કરોડ તથા વીજ-પ્રવાહની યોજના માટે રૂ. ૯૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તદુપરાંત ગ્રામ વીજળીકરણ તથા કૃષિ કૂવાઓના વીજળીકરણ માટે રૂ. ૧૯ કરોડ અને હળવા દબાણના વીજ પ્રવાહના રેષાઓ માટે રૂ. ૨૪ કરોડ, જુના વીજ-પ્રવાહના રેષાઓની સુધારણા માટે રૂ. ૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમ જ નાણાંકીય ફંડ ફાળવવામાં આવે તે મુજબ વધુ ૨૦ હજાર કૃષિ કૂવાઓના વીજળીકરણ કાર્યો માટે રૂ. ૧,૦૩૩ લાખ પ્લાન ફંડ હેઠળ તેમજ રૂ. ૩,૦૦૦ લાખ નોન-પ્લાન ફંડ હેઠળ ફાળવવાની જોગવાઈ કરવામાં આવી છે.

આયોજન

* ૧૯૮૯-૯૦ના વર્ષમાં વીજ-વિકાસ કાર્યક્રમના આયોજન માટે રાજ્ય સરકાર સમક્ષ રૂ. ૬૬૪ કરોડની જોગવાઈ કરવા માટેનો અહેવાલ બોર્ડ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. તે મુજબ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦૦ કરોડ ફાળવવા માટે ભારત સરકારને ભલામણ કરાઈ હતી. તે અંગેની સમીક્ષા કર્યા બાદ રૂ. ૪૫૮ કરોડ ફાળવવા ભલામણ કરવામાં આવી છે.

પછાત વિસ્તારોનું વીજળીકરણ

* હાલ રાજ્યમાં ૫,૩૦૦થી પણ વધુ આદિવાસી ગામો સહિત બધા જ ગામોનું વીજળીકરણ કરવામાં આવ્યું છે, જેમાં ૧,૫૦૦ જેટલા પરાં અને ૮૦૦ હરિજન વસતિ વિસ્તારોને વીજળી પહોંચાડવામાં આવી છે.

વીજગ્રાહકો

* ગુજરાત રાજ્યની સ્થાપના સમયે એટલે કે, ૧૯૬૦-૬૧માં ગુજરાત વિદ્યુત બોર્ડના ગ્રાહકોની કુલ સંખ્યા ૧,૪૦,૭૮૧ હતી. જે ૨૮ વર્ષ બાદ એટલે કે, ૧૯૮૭-૮૮ના અંતે વધીને તેની કુલ સંખ્યા ૪૦,૩૪.૩૯૧ જેટલી થવા પામી છે. અને ૧૨,૫૫૪ લાખ વીજ યુનિટનો વાર્ષિક વપરાશ છે.

વીજ વિતરણ

* રાજ્યમાં ઉત્પાદિત તથા વીજપ્રવાહના ટ્રાન્સમિશન અને વહેંચણી માટે ૬૭૨ કિલોમીટરની લંબાઈવાળી ૪૦૦ કિલોવૉટની ૪,૭૩૨ કિલોમીટર લંબાઈવાળી ૨૨૦ કિલોવૉટ લાઈન, કે જે ૪૦૦ કિલોવૉટના ૪ સબ સ્ટેશનો, ૨૨૦ કિલોવૉટના ૪ સબ સ્ટેશનો, ૨૨૦ કિલોવૉટના ૨૪ સબ સ્ટેશનો ૧૩૨/૬૬/૩૩ કિલોવૉટના ૩૪૨ સબ-સ્ટેશનો દ્વારા પૂર્તિ કરશે.

* માર્ચ, ૧૯૮૮ સુધીમાં ૩.૭૮,૩૩૯ કૃષિ વિષયક જોડાણો આપવામાં આવ્યા હતા. અને ગુજરાત વિદ્યુત બોર્ડ પાસે આ પ્રકારનાં હાલ કુલ ૬૦,૦૦૦ થી વધુ જોડાણોની માગણી પડેલી છે.

* ૭મી યોજના માટે ઉર્જા વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧,૪૬૬.૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

સૌર ઉર્જા

* હાલ બોર્ડ દ્વારા રાજ્યના પંચમહાલ, ભરૂચ, વલસાડ, વડોદરા, જામનગર, જુનાગઢ અને ડાંગ જિલ્લાના ૨૮૦ જેટલા તદ્દન પછાત ગામોને સૌર ઉર્જા સંચાલિત વીજસેવા પહોંચાડવામાં આવે છે.

આ પ્રકારની સવલત ધરાવતા ઔદ્યોગિક કે કૃષિ વિષયક માંગ વિનાનાં ગામોને પણ પૂરી પાડવામાં આવે છે.

સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ

ગુજરાતમાં સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમનો પ્રારંભ ઓકટોબર તા. ૨, ૧૯૮૦થી થયેલ છે. આ યોજના દ્વારા રાજ્યના ગ્રામ વિસ્તારોમાં ગરીબી રેખાથી નીચેના જીવન જીવતા ગરીબ કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા માટેના વિશેષ પ્રયત્નો હાથ ધરાયા છે. કેન્દ્ર સરકાર પુરસ્કૃત આ યોજનામાં કેન્દ્ર તથા રાજ્ય ૫૦ : ૫૦%ના ધોરણે યોજનાનો ખર્ચ ભોગવે છે.

કાર્યક્રમનો હેતુ

આ કાર્યક્રમનો ઉદ્દેશ રાજ્યના ગ્રામ વિસ્તારોમાં ગરીબી રેખા નીચે જીવન જીવતા નાના, સીમાંત ખેડૂતો, ખેતમજૂરો અને ગ્રામ કારીગરો સહિતનાં ગરીબ કુટુંબોની આવક વધારવાનો છે. આ માટે તેમની આવક વધે તેવાં સાધનો વસાવવા તેમને લોન તથા સહાય આપવામાં આવે છે. આમ, તેમને માટે ઉત્પાદક અસ્કયામતો ઊભી કરી તે દ્વારા તેમની આવકનું ધોરણ ઉંચું લાવી તેમને ગરીબી રેખાથી ઉપર લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

કાર્યક્રમનું કાર્યક્ષેત્ર

આ કાર્યક્રમ હેઠળ ખેતી, લઘુ સિંચાઈ, પશુપાલન, કુટીર ઉદ્યોગ, નાના પરચૂરણ ધંધા, સ્વરોજગારી વિષયક ધંધાઓ વગેરે હેતુસર લાભાર્થીઓને બેન્ક દ્વારા ધિરાણ અપાવાય છે અને તે ઉપર સરકાર તરફથી સહાય આપવામાં આવે છે.

કાર્યક્રમનો અમલ

આ કાર્યક્રમ અન્વયે લાભાર્થીએ સર્વપ્રથમ ગ્રામસેવકનો સંપર્ક સાધવાનો રહે છે. ગ્રામ સેવક દ્વારા લોન કેસ તૈયાર થયા બાદ તેની તાલુકા વિકાસ અધિકારી દ્વારા ચકાસણી થાય છે. ત્યાર બાદ લોન કેસ બેન્કમાં મોકલી આપવામાં આવે છે. બેન્ક દ્વારા મંજૂર થયેલ લોન કેસ પર તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયમાનુસાર સહાય મંજૂર કરવામાં આવે છે.

સહાયનો દર

લાભાર્થીઓને નાબાર્ડ દ્વારા મંજૂર કરાયેલ યુનિટ કોસ્ટ મુજબ બેન્કો તરફથી ધિરાણ મંજૂર કરવામાં આવે છે. આ ધિરાણ ઉપર નાના ખેડુતોને ૨૫ %, સીમાન્ત ખેડૂતો, ગ્રામ કારીગરો અને ખેતમજુરોને ૩૩ ૧/૩% અને આદિવાસી લાભાર્થીઓને ૫૦% લેખે સહાય ચૂકવવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ સહાયની મર્યાદા રૂ. ૩,૦૦૦ની છે, પરંતુ અછતગ્રસ્ત (ડી.પી.એ.પી.) વિસ્તારમાં આ મર્યાદા રૂ. ૪૦૦૦ની અને આદિવાસી કુટુંબો માટે આ મર્યાદા રૂ. ૫,૦૦૦ની છે.

લક્ષ્યાંકો અને સિધ્ધિ

આ યોજના અન્વયે ૧૯૮૫-૮૬, ૧૯૮૬-૮૭, ૧૯૮૭-૮૮ અને ૧૯૮૮-૮૯ના વર્ષમાં નવેમ્બર સુધી નાણાકીય જોગવાઈ તથા ખર્ચ અનુક્રમે રૂ. ૧,૯૭૯.૬૮ લાખ તથા રૂ. ૨,૩૨૪.૩૫ લાખ, રૂ. ૨,૧૯૪.૫૪ લાખ તથા રૂ. ૨,૪૮૫.૦૪ લાખ, રૂ. ૨,૨૫૬.૩૫ લાખ તથા રૂ. ૧.૪૮૧.૬૫ લાખ થયેલ છે, જ્યારે આ જ સમયગાળા દરમિયાન ભૌતિક લક્ષ્યાંકોની સામે સિદ્ધિ અનુક્રમે ૯૪,૦૦૦ની સામે ૧,૦૧,૨૭૫ કુટુંબો, ૧,૨૨,૫૦૦ની

સામે ૧,૪૭,૫૨૭ કુટુંબો, ૧,૫૦,૦૦૦ની સામે ૧,૫૪,૧૨૪ કુટુંબો અને ૧,૩૦,૦૦૦ની સામે ૭૭,૪૩૪ કુટુંબો નોંધાયેલ છે.

ટ્રાયસેમ

સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમના ભાગરૂપે ગરીબી રેખાથી નીચે જીવન જીવતાં ગ્રામ વિસ્તારનાં યુવક/ યુવતીઓને ૩ થી ૧૨ માસ સુધીના સમયગાળા માટે જુદા જુદા ઉદ્યોગોની વિનામુલ્યે અપાતી તાલીમ "ટ્રાયસેમ" નામથી ઓળખાય છે. આ યુવક/ યુવતી ઓને તાલીમ પુરી થયા બાદ જેમને પોતાનો સ્વતંત્ર ધંધો-વ્યવસાય શરૂ કરવાની ઇચ્છા હોય તેમને જરૂરી વ્યાવસાયિક માર્ગદર્શન અને ધંધાકીય સમજ આપવામાં આવે છે. આવા તાલીમાર્થીઓને બેંકમાંથી લોન અપાવીને નિયમાનુસાર સહાય પણ આપવામાં આવે છે.

ટ્રાયસેમ યોજનાની લક્ષ્યાંક-સિધ્ધિ

આ યોજના અન્વયે ૧૯૮૭-૮૮ અને ૧૯૮૮-૮૯ (નવેમ્બર-૮૮ સુધી)ના વર્ષ માટે નાણાકીય લક્ષ્યાંક તથા સિધ્ધિ અનુક્રમે રૂ. ૧૪૨.૫૭ લાખ તથા રૂ. ૧૯૪.૪૦ લાખ અને રૂ. ૨૨૫.૬૩ લાખ તથા રૂ. ૧૧૧.૧૩ લાખ છે. આ જ સમયગાળા દરમિયાન ભૌતિક લક્ષ્યાંક તથા સિધ્ધિ અનુક્રમે ૮,૦૦૦ તથા ૧૪,૫૪૦ અને ૧૫,૦૦૦ તથા ૭,૮૪૭ નોંધાયેલ છે.

ટ્રાયસેમ યોજના અન્વયે ૧૯૮૬-૮૭, ૧૯૮૭-૮૮ અને ૧૯૮૮-૮૯ (નવે. ૮૮ સુધી)માં અનુક્રમે ૧૦,૭૨૫, ૧૪,૫૪૦ અને ૭,૮૪૭ યુવાનોને તાલીમ આપવામાં આવી છે, જ્યારે આ જ સમયગાળા દરમિયાન અનુક્રમે ૪,૪૨૮; ૬,૬૫૫ અને ૩,૮૦૦ યુવાનોને સ્વરોજગારી પૂરી પાડવામાં આવી છે.

ખેતમજૂરોના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓ

લઘુતમ વેતનધારો

લઘુતમ વેતન ધારા અન્વયે રાજ્યમાં ખેતવ્યવસાયમાં રોકાયેલા મહિલા તથા પુરુષ ખેતમજૂરો માટે દૈનિક રૂ. ૧૧ તથા વાર્ષિક રૂ. ૪,૦૦૦નું વેતન તા. ૪-૨-૮૬થી નક્કી કરવામાં આવ્યું છે.

આજ દિન સુધીમાં આ ધારા હેઠળ લગભગ ૧,૬૯,૦૦,૦૦૦ રૂપિયા ૫૧,૮૩૦ જેટલા લાભાર્થીઓને રોજ પેટે ચૂકવવામાં આવ્યા છે.

વેઠપ્રથા નાબુદી ધારો

રાજ્યમાં લગભગ ૫૯ જેટલા વેઠિયા મજૂરોને શોધી મુક્ત કરી તેમને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા. જિલ્લા કક્ષાએ જિલ્લા મેજિસ્ટ્રેટના અધ્યક્ષપદે અને રાજ્ય કક્ષાએ મજૂર મંત્રીશ્રીના અધ્યક્ષપદે આ કામગીરીની સમીક્ષા કરવા સમિતિ રચવામાં આવી છે.

મહિલા પ્રસુતિ સહાય યોજના

પ્રસુતિકાળ દરમિયાન જમીનવિહોણા મહિલા ખેતમજૂરોની અને તેમના બાળકોની તંદુરસ્તીની જાળવણી માટે આ યોજના અન્વયે પ્રથમ પ્રસુતિ સમયે રૂ. ૪૬૨ અને બીજી પ્રસુતિ સમયે રૂ. ૩૦૮ ચૂકવવામાં આવે છે.

છેલ્લાં બે વર્ષ દરમિયાન ૧૬,૧૮૪ જેટલી મહિલાઓને રૂ. ૬૨.૬૬ લાખ સહાય પેટે ચુકવવામાં આવ્યા હતા. પ્રસ્તુત ચાલુ વર્ષે નવેમ્બર ૧૯૮૮ સુધીમાં લગભગ ૯,૦૮૪ જેટલી મહિલા ખેતમજૂરોએ આ યોજનાનો લાભ લીધો હતો.

ગુજરાત ગ્રામ કામદાર કલ્યાણ બોર્ડ

ગ્રામ ખેતમજૂરોનાં બાળકોને પાયાનું શિક્ષણ અને પોષણક્ષમ આહાર મળે તે માટે બોર્ડે રાજ્યમાં ૧૩૫ જેટલા કેન્દ્રો શરૂ કર્યા તેમાં ૫૪૦૦ કરતાં ય વધુ બાળકોને પોષક આહાર અને શિક્ષણ આપવામાં આવે છે.

હિજરત કરી આવેલા મજૂરો માટે જોગવાઈઓ

એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં હિજરત કરી આવેલા મજૂરોનાં બાળકો માટે પ્રતિ વર્ષ લગભગ ૫૦ થી ૬૦ બાલવાડીઓ ૬ થી ૭ મહિના માટે ખોલવામાં આવે છે. ત્યાં પોષણક્ષમ આહાર અને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.

જૂથ વીમા યોજના

ખેતમજૂરોના કુટુંબની કમાતા મુખ્ય વ્યક્તિનું મૃત્યુ થતાં આર્થિક સહાય પૂરી પાડવા તથા જમીનવિહોણા ખેતમજૂરોને સામાજિક સુરક્ષા યોજના નીચે આવરી લેવા માટે રાજ્ય સરકાર દ્વારા જીવનવીમા નિગમના સહયોગથી તા. ૧-૪-૮૭થી જુથ વીમા યોજના શરૂ કરાઈ છે.

આ યોજના અન્વયે ૧૮ થી ૬૦ વર્ષની ઉમરવાળા જમીનવિહોણા ખેતમજૂરોનું કુદરતી મૃત્યુ થાય તો રૂ. ૧૦૦૦ અને કુદરતી મૃત્યુ થાય તો રૂ. ૨,૦૦૦ની તેના વારસદારને નાણાકીય સહાય ચૂકવવામાં આવે છે.

આ યોજના હેઠળ ૧૯૮૮ સુધીમાં આશરે ૧૦૬૯૪ જેટલી વ્યક્તિઓને રૂ. ૧,૦૦,૦૬,૦૯૪ જેટલી રકમ ચૂકવવામાં આવી છે.

ગુજરાતમાં આદિજાતિ વિકાસ

ભારતભરમાં વિવિધ રાજ્યોમાં આદિજાતિ વસતિની દૃષ્ટિએ ગુજરાત પાંચમા નંબરે આવે છે. અને ૪૮.૪૯ લાખની આદિજાતિ વસતિ કુલ વસતિના ૧૪.૨૩ % જેટલી થાય છે. આ વિસ્તાર અને વસતિના વિકાસ અને સુસંકલિત વિકાસ માટે ગુજરાતમાં આયોજનબદ્ધ કાર્યક્રમ રાજ્ય યોજનાના અંતર્ગત ભાગરૂપે આદિજાતિ પેટા યોજનાનો ૧૯૭૪થી અમલ શરૂ કરવામાં આવ્યો છે. આદિજાતિ પેટા યોજના દ્વારા દૂર-સુદૂર વસતાં અંતરિયાળ ગામો અને જૂજ વસતિ ધરાવતા વિસ્તારોના આદિવાસીઓની આર્થિક વિકાસની કેડીઓ કંડારીને વિકાસ વેગ પકડી રહ્યો છે.

સાતમી પંચવર્ષિય યોજનામાં આદિવાસી ઉત્કર્ષની વિવિધ યોજનાઓ માટે રૂ. ૬૧૦.૭૬ કરોડની જોગવાઈ સામે પ્રથમ ત્રણ વર્ષમાં રૂ. ૩૧૮.૪૮ કરોડની જોગવાઈ સામે પ્રથમ ત્રણ વર્ષમાં રૂ. ૩૧૮.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ખેતી અને પશુપાલન

૧૯૮૭-૮૮ સુધીમાં ૧,૨૪,૩૪૫ આદિવાસી ખેડુતોને સઘન અને અદ્યતન ખેતી અંગેની તાલીમ આપવામાં આવી છે. તેમજ ૧૦.૨૦ લાખ બિયારણ, રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના કીટસ પુરા પાડવામાં આવ્યા હતા. અને શાકભાજીના બિયારણ, ખાતરના ૧.૪૦,૩૧૨ કિટસ અને ૨,૦૭,૭૨૭ ફળઝાડોની કલમો અને રોપાઓ પૂરા પાડવામાં આવ્યા છે. ૫૮,૨૫૩ દુધાળાં ઢોર અને ૧૦૮૨૨ મરઘા ઉછેર એકમો પશુપાલન ખાતા તરફથી પુરા પાડવામાં આવ્યા છે. આદિવાસી ખેડૂતો અને ખેતમજૂરોને યોજનાની શરૂઆતથી માર્ચ-૮૮ સુધીમાં ૨૮,૭૬૩ બળદ અને ૫,૫૮૯ બળદગાડાં પૂરાં પાડવામાં આવ્યાં છે.

સિંચાઈ

૧૯૮૭-૮૮ના વર્ષ સુધીમાં ખેતીવાડી ખાતા દ્વારા ૪૬૧૪ નવા કૂવાઓ બનાવવામાં આવ્યા છે. જ્યારે ૫,૫૩૨ પંપસેટ પૂરા પાડવામાં આવ્યા છે. તેમ જ ૯૪ ખેડુતોને પાઈપલાઈન માટે સહાય પૂરું પાડવામાં આવી છે.

સામાજિક વનીકરણ

આ યોજના અન્વયે માર્ચ-૮૮ના અંત સુધીમાં ૫૮,૭૫૦ હેકટર જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું છે. ઝડપથી ઊગતાં વન્ય વૃક્ષોનું વાવેતર કરવાની યોજના નીચે માર્ચ-૮૮ સુધીમાં ૧૬૨૧૦ હેકટર જમીનમાં ઝડપથી ઊગતાં વન્ય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આરોગ્ય

આદિજાતિ વિસ્તારમાં ૨૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૪૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૧,૬૩૨ પેટા કેન્દ્રો, ૧૨ ફરતાં દવાખાનાં અને ૫ રકતપિત્ત નિયંત્રણ કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે. આ ઉપરાંત ૧૦૨ આયુર્વેદિક દવાખાનાં અને ગ્રામ આરોગ્ય આયુર્વેદિક કેન્દ્રો તેમ જ ૫ આયુર્વેદિક હોસ્પિટલો, નિદાનાત્મક, ચિકિત્સાત્મક અને રોગનિવારણ સેવાઓ બજાવે છે.

શિક્ષણ

શિક્ષણ ક્ષેત્રે ઝડપથી વિકાસ થાય તે માટે આદિજાતિ વિસ્તારોમાં માર્ચ-૮૮ સુધીમાં ૬,૯૫૧ પ્રાથમિક શાળાઓ, ૪૪૮ માધ્યમિક શાળાઓ અને ૧૬ કૉલેજો શિક્ષણ કાર્ય બજાવે છે. તે ઉપરાંત ૩૩૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ૨૬૩ આશ્રમશાળાઓ અને ૫૫ બુનિયાદી આશ્રમશાળાઓ કાર્યરત છે. આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સહાયક અનુદાનથી ૬૧૪ છાત્રાલયો અને ૪૩૮ બાલવાડીઓ તેમજ ૨૮ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. ૧૧ આદર્શ નિવાસી શાળાઓ આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે. ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે ૨,૦૪,૦૨૭ વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક સ્કોલરશિપ તેમ જ લગભગ ૧૨.૩૦ લાખ વિદ્યાર્થીઓને મફત પાઠય પુસ્તકો આપવામાં આવ્યાં હતાં. રાજ્યમાં ૧ થી ૧૨ ધોરણમાં કુલ ૧૫.૩૧ લાખ જેટલા આદિવાસી છોકરા-છોકરીઓ અભ્યાસ કરી રહ્યા છે.

મધ્યાહન ભોજન અને પોષણ કાર્યક્રમ

યોજના અન્વયે આદિજાતિ વિસ્તારમાં ૪.૯૫ લાખ બાળકોને બપોરનું ભોજન પૂરું પાડવામાં આવે છે, જ્યારે ૧થી ૬ વર્ષના ૪.૨૬ લાખ બાળકો અને ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી માતાઓને પોષણયુક્ત ખોરાક તેમ જ જરૂરી વિટામીન તથા લોહયુક્ત ગોળીઓ સાથે આરોગ્યવિષયક સેવાઓની સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

ગૃહનિર્માણ માટે સહાય

ગૃહનિર્માણ ક્ષેત્રે માર્ચ-૮૮ સુધીમાં ૮૨૩૦૯ ભૂમિહીન મજૂરોને ફાળવેલ ઘરથાળના પ્લોટ માટે મકાન બાંધવા સહાય અપાઈ જ્યારે ૧૩૪,૩૨૭ ભૂમિહીન મજૂરો માટે ઘરથાળના પ્લોટ ફાળવાયા હતા, તેમ જ ૨૭,૦૦૫ હળપતિઓને ગૃહનિર્માણ અને ઘરથાળ માટે સહાય અપાયેલી.

ઉદ્યોગ-ધંધા માટે સહાય

નાના ધંધાઓ માટે ૫૦ % પ્રમાણે વધુમાં વધુ સહાય રૂ. ૫,૦૦૦ અથવા તો ૫૦% એકમ કિંમતમાંથી જે ઓછી રકમ હોય તેટલી સહાય આપવાની યોજના નીચે ૧૯૮૭-૮૮ સુધીમાં ૨૧,૬૯૫ વ્યકિતઓને લાભ આપવામાં આવ્યો છે. તેમ જ ઉદ્યોગ ક્ષેત્રની અન્ય યોજના નીચે ૨,૨૩૯ કારીગરોને નાણાંકીય સહાય તેમ જ ૩,૯૭૫ વ્યકિતઓને ગાલીચા-વણાટ માટે સહાય અપાઈ હતી. જ્યારે ૩,૨૭૨ વ્યકિતઓને ઔદ્યોગિક કારીગરીની તાલીમ અપાઈ હતી.

આદિજાતિ વિકાસ નિગમ

ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ દ્વારા રાષ્ટ્રીયકૃત બેંકોની વ્યાજ રાહત યોજના હેઠળ માર્ચ-૮૮ સુધીમાં ૧,૧૯,૨૩૦ જેટલા આદિજાતિ લાભાર્થીઓના જુદા જુદા હિતો માટે રૂ. ૨,૯૦૫.૫૦ લાખનું ધિરાણ પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત નિગમની મૂડીભંડોળ યોજના નીચે માર્ચ-૮૮ સુધીમાં ૭૯૨ સહકારી મંડળીઓને અને ૨૯,૧૪૨ આદિજાતિ વ્યકિતઓને રૂ. ૯૯૦ લાખનું ધિરાણ પુરું પાડવામાં આવ્યું છે.

આદિમ જૂથો માટેની સર્વાંગી વીમા યોજના

ગુજરાત સરકારે તા. ૧-૫-૮૮થી રાજ્યના સ્થાપના દિને આદિવાસીઓમાં સૌથી પછાત એવા આદિમજૂથનાં કુટુંબો જેવા કે કોટવાળિયા, કાથોડી, કોલધા, પઢાર અને સીદી માટે સંકલિત જૂથ વીમા યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રાજ્યમાં આવેલ આદિમ જૂથોના ૧૪,૦૦૦ કુટુંબોની ૪૦,૦૦૦ની વસતિને આવરી લેવામાં આવી છે. આ યોજનાના અમલીકરણમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં મોખરે છે.

અત્યાર સુધીમાં ઝૂપડા ઘરવખરીના નુકસાનના ૯૪ કેસો, વ્યકિતગત અકસ્માતના બે કેસો અને ગંભીર રોગોના ૯૯ કેસો મળી કુલ ૧૯૫ કેસો વળતરના દાવા શોધી કાઢવામાં આવ્યા છે અને

'બાળ રંગભૂમિ' હોલનું વડોદરાની સ્નેમસ હાઈસ્કૂલ ખાતે ઉદ્ઘાટન કરતા મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી

રૂ. ૬.૫૨ લાખના વીમા નરના દાવાઓ તૈયાર કરવામાં ચ્યા છે. તા. ૫-૧૦-૧૯૮૮ના ર શીંછવાણી મુકામે મુખ્ય ીશ્રીના હસ્તે આવા ૧૧ આદિમ ના લાભાર્થીઓને કુલ રૂ. ૩૦,૦૦૦ના વીમા વળતરની સહાયનું તરણ કરવામાં આવ્યું હતું.

અનુસૂચિત જાતિના આર્થિક ઉત્કર્ષ માટે લેવાયેલાં અનેકવિધ પગલાં

અનુસૂચિત જાતિના આર્થિક ઉત્કર્ષ ટે અનેકવિધ યોજનાઓ-પ્રવૃત્તિ ો સાથે અનુસૂચિત જાતિ આર્થિક વિકાસ નિગમ કાર્યરત છે. નિગમનો મૂળભૂત ઉદ્દેશ ગુજરાતના રીબી રેખાં હેઠળ જીવતાં કુટુંબોને નિયત આર્થિક યોજનાઓ દ્વારા ાણાકીય સવલતો પુરી પાડી આવા કુટુંબોને ચોક્કસ સમયમર્યાદામાં રીબી રેખાથી બહાર લાવી તેમની આર્થિક ઉન્નતિ કરવાનો છે.

નાના અને કુટિર ઉદ્યોગો તેમજ અન્ય ઉદ્યોગો માટે અને માર્જિન મની યોજના હેઠળ મદદ મેળવવા પાત્રતા અંગે ભારત સરકારે કુટુંબની ાર્ષિક આવકમર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ. ૪,૮૦૦ અને ગ્રામ વિસ્તાર માટે રૂ. ૫,૫૦૦ નિયત કરેલ છે.

માર્જિન મની ડિપોઝીટ યોજના હેઠળ રાષ્ટ્રીયકૃત બેંકોની શાખાઓને લોન ધિરાણ સામે ઉત્તેજન મળે તે હેતુથી નિગમ તરફથી રૂ. ૧,૦૦૧ થી રૂ. ૨,૦૦૦ સુધીના ધિરાણની સામે ૨૦ ટકા તથાં ૨૦૦૧ થી ઉપરના ધિરાણની સામે ૨૫ ટકાની અને વધુમાં રૂ. ૩૦૦૦ માર્જિન મનીની ડિપોઝીટ તરીકે જુદી જુદી બેન્કોને જમા આપવામાં આવે છે. અને રૂ. ૩૦૦૦ અને રૂ. ૫૦૦૦ની મર્યાદામાં સબસીડી આપવામાં આવે છે. ૧૯૮૮-૮૯ના વર્ષ દરમિયાન ઓકટોબર-૮૮ સુધીમાં ૫,૩૦૯ લાભાર્થીઓને રૂ. ૧,૦૩,૯૦,૧૫૧ની રકમ માર્જિન મની તરીકે ચૂકવવામાં આવી છે.

ઓટોરિક્ષા પ્રોજેકટ

અનુસૂચિત જાતિના બેરોજગાર લાયસન્સ/બેઈજ ધરાવતા ડ્રાઈવરો સરળ અને સસ્તા વ્યાજના દરથી બેંક દ્વારા ધિરાણ મેળવી રિક્ષા ખરીદી ધંધો કરી શકે અને રોજગારીને પ્રોત્સાહન મળે તે આ યોજનાનો મૂળહેતુ છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૧,૬૩૬ લાભાર્થીઓને અંદાજે રૂ. ૪.૦૬ કરોડનું ઓટોરિક્ષા માટે ધિરાણ કરવામાં આવેલ છે.

સમાજ કલ્યાણ ખાતાની સબસિડીની યોજના

અનુસૂચિત જાતિઓ પૈકીની સૌથી પછાત એવી ભંગી, હાડી, નાડીયા અને સેનવા જાતિના લોકો માટે એકમ દીઠ કુલ કિંમતના ૧/૨ ભાગ અથવા વધુમાં વધુ રૂ. ૫૦૦૦ એ બેમાંથી જે ઓછી હોય તે રકમ સબસિડી પેટે મંજૂર કરવામાં આવે છે

૧૯૮૮-૮૯માં ઓકટોબર, ૧૯૮૮ના અંત સુધીમાં કુલ ૨,૮૦૪ લાભાર્થીઓના કિસ્સામાં રૂ. ૨૬,૬૦,૪૯૪ સબસિડી તરીકે જે તે રાષ્ટ્રીયકૃત બેંકની સંબંધિત શાખાના લાભાર્થીના લોન ખાતામાં જમા આપવામાં આવેલ છે.

વાંસ કામદાર સહકારી મંડળીઓના સભાસદોને વાંસ સબસિડી

આ યોજના હેઠળ અનુસૂચિત જાતિના વાંસ કામદારોને વાંસ કામદાર સહકારી મંડળી અથવા માન્ય સંસ્થા સભ્યોના હોય તેવા ભંગી વાંસ કામદારોને વાંસ દીઠ રૂ. ૧.૨૩ લેખે ૨૦૦ વાંસની મર્યાદામાં નિગમ તરફથી અત્યાર સુધીમાં કુલ ૮ લાખ સબસિડી ચૂકવવામાં આવી છે.

સિદ્ધિઓ

નિગમ દ્વારા ૧૯૮૦-૮૧થી ૧૯૮૭-૮૮ના સમયગાળા દરમિયાન અનુસૂચિત જાતિના કુલ ૨,૩૦,૭૭૧ લાભાર્થીઓને નિગમની વિવિધ પ્રવૃત્તિઓ હેઠળ આવરી લઈને કુલ રૂ. ૩૬,૫૫,૬૮,૮૧૭નું ધિરાણ કરવામાં આવેલ છે.

૧૯૮૮-૮૧ના વર્ષમાં અનુસૂચિત જાતિનાં કુલ ૧૯,૦૦૦ કુટુંબોને આવરી લેવાના લક્ષ્યાંક સામે ઑકટોબર, ૧૯૮૮ સુધીમાં કુલ ૭,૪૬૯ લાભાર્થીઓને આવરી લઈ રૂ. ૩,૦૨,૪૨,૯૯૯નું ધિરાણ કરવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિની ઔદ્યોગિક સહકારી મંડળીઓને નાણાકીય સવલતો આપવાની યોજના હેઠળ મંડળીના સભ્યોને આર્થિક પ્રવૃત્તિ હાથ ધરવાના હેતુથી કુલ ૪૬ મંડળીઓને અંદાજે રૂ. ૮.૧૨ લાખ શેર લોન તરીકે, ૧૦૦ મંડળીઓને રૂ. ૪૯ લાખ કાર્યપૂંજી લોન તથા ૨૬ મંડળીઓને રૂ. ૩૮.૭૬ લાખ મધ્યમ મુદતી લોન તરીકે ચૂકવવામાં આવ્યા છે.

૧,૮૫,૪૫૮ લાભાર્થીઓને અંદાજે રૂ. ૧૩.૪૩ કરોડ જેટલી સબસિડી ચૂકવવામાં આવી છે તેમ જ તે પૈકીના ૨૭,૯૮૬ લાભાર્થીઓની અંદાજે રૂ. ૨.૩૪ કરોડની માર્જિન મની ડિપોઝીટ જુદી જુદી બેન્કોમાં જમા કરવામાં આવેલ છે.

આરોગ્ય ક્ષેત્રે પ્રગતિ

ગુજરાત રાજ્યે આરોગ્ય ક્ષેત્રે હરણફાળ ભરી છે. છઠ્ઠી યોજનામાં આરોગ્ય અને તબીબી સેવાઓના માળખામાં ફેરફાર કરીને આવી સેવાઓ ગ્રામાભિમુખ બનાવી ગામડે ગામડે લોકોને ઘેર બેઠાં આરોગ્ય અને તબીબી સેવાઓ મળી રહે તેવાં પગલાં ભરવામાં આવ્યા છે. પ્રાથમિક આરોગ્ય સંભાળ, ગ્રામ આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, ક્ષય નિયંત્રણ, રક્તપિત્ત નિયંત્રણ, અંધત્વ નિવારણ, ચેપી રોગોની નાબૂદી, માતા અને બાળકનું સ્વાસ્થ્ય, કુટુંબ કલ્યાણ તથા આરોગ્ય શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમના લક્ષ્યાંકની સિદ્ધિ અર્થે સક્રિય અને અસરકારક પ્રયત્નો હાથ ધરવામાં આવ્યાં છે.

બાળકોને રોગો સામે રક્ષણ

બાળકો રાષ્ટ્રની સંપત્તિ છે. બાળકોને ધનુર, ઊંટાટિયુ, ડિપ્થેરિયા, ક્ષય, બાળલકવો જેવા જીવલેણ રોગો સામે રક્ષણ આપવા રોગ-પ્રતિકારક રસીઓ મુકવાનો કાર્યક્રમ અમલમાં છે. બાળકોને અંધત્વથી બચાવવા વિટામીન "એ"ના ડોઝ પીવડાવવામાં આવે છે.

હાલમાં દેશમાં બાળમૃત્યુ દર હજારે ૧૦૭ છે, જે ૨૦૦૦ના વર્ષમાં ઘટાડીને દર હજારે ૬૦ જેટલો લાવવાનો લક્ષ્યાંક છે.

માતૃ-બાળ કલ્યાણ

સરળ અને સલામત પ્રસૂતિ માટે સગર્ભા સ્ત્રીઓ શરૂઆતથી જ ડાકતરી સારવાર લે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આવી સ્ત્રીઓને તેમના તેમ જ ગર્ભસ્થ શિશુના આરોગ્ય તેમ જ પોષણને લગતું શિક્ષણ મળી રહે તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સરકારી ઈસ્પિતાલોમાં વ્યવસ્થા કરવામાં આવી છે. વળી જરૂર પડયે તાલીમ પામેલ દાયણની સેવાઓ ઉપલબ્ધ થાય તેવી ગોઠવણ કરવામાં આવી છે.

ચેપી રોગો

ભારતમાં મોટા ભાગના ચેપી રોગો પીવાના શુદ્ધ પાણીના અભાવે થાય છે. પીવાનું પાણી સલામત સ્થાનોએથી લેવા, પાણી બેવડા ગળણાથી ગાળવા તેમ રોગચાળા દરમિયાન પાણી ઉકાળીને જ પીવા વિષે લોકોને શિક્ષણ આપવામાં આવે છે. વાવનું પાણી પીવા-રાંધવાના ઉપયોગમાં લેવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૨૦૦૦ના વર્ષ સુધીમાં રાજયમાં દરેક ગામને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાનો લક્ષ્યાંક છે.

પોષણ

પોષણની ઉણપને કારણે થતા રોગો તેમ જ તેના નિવારણ અંગે શિક્ષણ, માર્ગદર્શન તથા સહાય આપવાના હેતુસર રાજયમાં પોષણ કાર્યક્રમો અમલી બનાવ્યા છે. મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાનાં બાળકોને બપોરે શાળામાં પોષક આહાર આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રાયોજિત પોષક આહાર યોજના, યુકતાહાર યોજના, સંકલિત બાળ વિકાસ યોજના વગેરે દ્વારા પણ પોષણ અંગેની સેવાઓ આપવામાં આવે છે. હાલમાં સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ૯૮ ઘટકોમાં ૧૩,૨૪૪ આંગણવાડીઓ અસ્તિત્વમાં છે, જેનો ૯,૨૫,૪૪૪ લાભાર્થીઓ લાભ લઈ રહ્યા છે. આંગણવાડીને ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં સાંકળી લેવામાં આવી છે.

કુટુંબ કલ્યાણ

બાળક તેમ જ કુટુંબના સર્વાંગી વિકાસ માટે નાનું કુટુંબ અનિવાર્ય છે. રાજયમાં કુટુંબ નિયોજન પધ્ધતિ હેઠળ આવરી લેવાયેલ લાયક દંપતીઓનું પ્રમાણ ૧૯૮૦-૮૧માં ૩૪.૬ હતું, જે વધીને ૧૯૮૦-૮૮માં ૫૫.૬ થયેલ છે. ગુજરાતમાં માર્ચ ૧૯૮૮ સુધીમાં ૪૧ લાખ સ્ત્રી-પુરુષ નસબંધી થયેલ છે, જયારે ૧૭.૬ લાખ મહિલાઓએ આંકડીની પધ્ધતિ અપનાવેલ છે. દરેક કુટુંબને સુખી અને સમૃધ્ધ બનાવવું હોય તો ૨,૦૦૦ ના વર્ષમાં હાલનો જન્મદર ૩૨ થી ઘટાડીને ૨૧ જેટલો નીચો લાવવો પડશે.

આરોગ્ય શિક્ષણ

આરોગ્ય સુરક્ષા તેમજ સુધારણામાં આરોગ્ય શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણી મોટાભાગની આરોગ્ય સમસ્યાઓ અજ્ઞાનતા, વહેમ અને ખોટી માન્યતાઓને કારણે સર્જાય છે.

અજ્ઞાનતાને કારણે લોકો રોગની શરૂઆતમાં જ સારવાર લેવા આગળ આવતા નથી. લોકોના વ્યકિતગત તથા સામાજિક સ્વાસ્થ્યની જાળવણી માટે આરોગ્ય-વિષયક શિક્ષણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

રાજય સરકાર દ્વારા લેવામાં આવેલ વિવિધ પગલાંને કારણે ચેપી રોગો પર કાબૂ મેળવી શકાયો છે. લોકોનું સ્વાસ્થ્યધોરણ સુધર્યું છે. બાળમૃત્યુ પ્રમાણ ૧૯૭૮માં દર હજાર જીવિત જન્મ દીઠ ૧૨૫ હતું, જે ઘટીને ૧૯૮૫માં ૧૦૭ થયું છે. મૃત્યુ પ્રમાણ ૧૪.૧ હતું, જે ઘટીને ૧૧.૬ થયું છે. આયુષ્યમર્યાદા પર વર્ષથી વધીને ૫૭ વર્ષ જેટલી થઈ છે.

ભારને આલ્મા આટા પરિષદના અનુરોધને સ્વીકારીને બે ધ્યેયો નક્કી કર્યા છે. એક તો ૨૦૦૦ના વર્ષમાં સૌ શારીરિક, માનસિક અને સામાજિક રીતે સ્વસ્થ જીવન જીવે અને પ્રજનન દર ઘટીને ૧.૦૦ થાય. આ બંને ધ્યેયોની પ્રાપ્તિ માટે ગુજરાત રાજ્યે કમર કસી નીચે દર્શાવેલી સિદ્ધિઓ હાંસલ કરી છે. હાલમાં રાજયની ૩.૯૧ કરોડની વસતિ માટે -

૧. ૬,૫૮૦ ગ્રામ આરોગ્ય માર્ગદર્શકો, ૨. ૨૯,૩૧૧ તાલીમ પામેલ દાયણો, ૩. ૧૦,૮૩૧ વિવિધલક્ષી આરોગ્ય કાર્યકરો, ૪. ૧,૨૪૧ આરોગ્ય નિરીક્ષકો, ૫. ૫,૯૧૧ પેટા કેન્દ્રો ૬. ૬૮૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૭. ૧૦૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૮. ૧૩૪ શહેરી કુટુંબ કલ્યાણ કેન્દ્રો અને ૯. ૯૯ પોસ્ટપાર્ટમ યુનિટ કાર્યરત છે, પરિણામે રાજયમાં બાળમૃત્યુ પ્રમાણ ઘટીને હજારે ૯૭, મૃત્યુ પ્રમાણ ઘટીને ૯.૮ અને જન્મ પ્રમાણ ૩૦.૭ થયું છે. માતૃ મૃત્યુ પ્રમાણ ઘટીને ૩.૧ થયું છે તેમ જ આયુષ્યમર્યાદા વધીને ૫૭ વર્ષ થઈ છે. આ ઉપરાંત અસરકારક કુટુંબ નિયોજન પધ્ધતિઓ દ્વારા આવરી લેવાયેલ લાયક દંપતિઓનું પ્રમાણ ૫૬.૦૦ તેમ જ કુટુંબનું કદ ૩.૮ . જેટલું થયું છે.

સગર્ભાવસ્થા દરમિયાન નોંધવામાં આવેલ સ્ત્રીઓનું પ્રમાણ ૫૦ થી ૬૦ ટકા થયું છે.

વન વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ અપાતા વ્યકિગત લાભો અને તેની સિદ્ધિઓ

રાહત દરે વાંસની ફાળવણી

જંગલમાં વસતા અને જંગલ બહારૂ વસતા વાંસફોડિયા તથા કોટવાળિયાઓને

વાંસકામ માટે પ્રતિ વાંસે રૂ. ૬૬ અને રૂ. ૮૧નો વધારો ૧૯૮૬ થી આપવામાં આવે છે. જંગલ વિસ્તારમાં વસતા કોટવાળિયાઓને ૧૯૮૭-૮૮ના વર્ષમાં અનુક્રમે ૯,૩૯,૦૦૫ ને ૩,૦૮,૯૧,૦૬૦ વાંસ ફાળવામાં આવ્યા. તેવી જ રીતે જંગલ બહારના વિસ્તારના કોટવાળિયાઓને ૧૯૮૬-૮૭, ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન અનુક્રમે ૫,૯૦,૩૭૫ અને ૬,૭૦,૮૭૫ વાંસ ફાળવવામાં આવ્યા.

રોજગારી

આદિવાસી મંડળીઓના સભાસદોને રોજી-રોટી મળી રહે તે હેતુથી આર.એલ.ઈ.

જી.પી. યોજના અને મોરાટોરિયમને લગતા આયોજન દ્વારા રૂ. ૩૦૫.૫૦ લાખના ખર્ચે ૨૫.૩૨ લાખ જેટલી માનવદિન રોજી ઊભી કરવામાં આવી. ચાલુ વર્ષના ચોમાસા બાદ ૨૮.૭૫ લાખ માનવદિન રોજી ઊભી કરવા માટે રૂ. ૪૪૦.૬૩ લાખનું આયોજન કરવામાં આવ્યું છે.

વનસંરક્ષણની કામગીરીમાં રોકાયેલા ખાતાના કર્મચારીઓનું ફરજ દરમિયાન મૃત્યુ કે શારીરિક ઈજાઓ થાય તો તેમના કુટુંબીજનોને નાણાકીય સહાય તાત્કાલિક પહોંચાડવા બેની વોલન્ટ ફંડ મંજુર કરવામાં આવ્યું છે. ભાગ અથવા વધુ રૂ. ૫,૦૦૦ એ બેમાંથી ઓછી હોય તે રમક સબસિડી પેટે. મંજૂર કરવામાં આવે છે.

સહાય

૧૯૮૫-૮૬ના વર્ષમાં હસ્તકલા કારીગરોની સહકારી મંડળીઓને ૬૬.૮૭૬ ધ.મી. જેટલું દધીકડાનું લાકડું. રૂ. ૪૪૦ના બજાર ભાવથી પૂરું પાડયું. તેમજ સુરત વર્તુળની જંગલ મંડળીઓમાંથી છૂટા કરાયેલા ૧,૧૩૫ કર્મચારી પૈકી ૬૦૦ કર્મચારીઓને વન ખાતામાં કામ ઉપર લેવામાં આવ્યા.

વન્ય રોપણી કાર્યક્રમ દ્વારા સામાજિક સલામતી

આ કાર્યક્રમ હેઠળ આદિવાસી ગામોની નજીકમાં આવેલ ૧૫૦ થી ૨૫૦ જેટલા પડનર વન્ય પટ્ટાઓ પસંદ કરવામાં આવે છે અને એ વિસ્તારમાં વસતાં જમીન વિહોણા આદિવાસી લાભાર્થી કુટુંબોને પસંદ કરી ૧૫ હેકટર જેટલી જમીન વન્ય રોપણી માટે લાભાર્થી કુટુંબોને ફાળવવામાં આવે છે. ૧૦ થી ૧૫ જેટલા નિરાધાર લાભાર્થી કુટુંબોને પાયાની સવલતો જેવી કે પીવાનું પાણી, શાળા, તબીબી સેવાઓ વગેરે આપવામાં આવે છે.

આવાં કુટુંબો ૧.૫ હેકટરથી ય વધુ પડનર જમીનમાં વનીકરણ કરે છે. અને તેના બદલામાં તેઓને સમગ્ર વર્ષ દરમિયાન પ્રતિમાસ રૂ. ૬૦ વેતન આપવામાં આવે છે.

આ કાર્યક્રમ હેઠળ ૧૯૭૮થી ૧૯૮૭ની વાવણી ઋતુના અંત સુધીમાં ભરૂચ, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાંથી ૪૨૬ જેટલાં કુટુંબોએ ૫,૧૩૪ હેકટર જેટલી પડનર જમીન ઉપર વનીકરણ કર્યું છે. આપત્તિના સમયે આદિવાસીઓને સહેલાઈથી અનાજ મળી રહે તે માટે આદિવાસી વિસ્તારોમાં અનાજ

બેન્ક સ્થાપવામાં આવી. અત્યાર સુધીમાં આવી બાવન જેટલી અનાજ બેન્કો સ્થાપવામાં આવી છે.

વિકેન્દ્રિત લોકનર્સરી યોજના દ્વારા બિયારણ વિતરણ

આ કાર્યક્રમ હેઠળ ૧૯૭૬-૭૭થી ૧૯૮૭-૮૮ સુધીમાં ૫૯૯ શાળા નર્સરીઓ દ્વારા ૬૬.૨૮૨ લાખ જેટલા બિયારણનું તથા ૩,૭૦૨ કિસાન નર્સરી દ્વારા કુલ ૨૧૪.૨૫૨ લાખ બિયારણ મળી રાજ્યની કુલ ૪,૩૦૧ નર્સરીઓ દ્વારા ૨૮૦.૫૩૪ લાખ બિયારણનું વિતરણ કરવામાં આવ્યું. આ યોજનાનો લાભ ૦.૮થી ૦.૯ લાખ જેટલા ખેડૂતોએ લીધો હતો.

પડતર ખેતજમીનોનું નવસાધ્યકરણ

રાજ્યની ખેડાણ કરેલ લગભગ ૦.૩૮ લાખ હેક્ટર જમીન સીમાંત અગર પેટા સીમાંત તરીકે નક્કી કરવામાં આવી છે. આવી જમીન રોકડિયા પાક માટે યોગ્ય હોતી નથી. આવી જમીન નવસાધ્ય કરવા ગરીબ આદિવાસી ખેડૂતોને આપવામાં આવે છે અને તેઓને રૂ. ૨૫૦નું નિર્વાહભથ્થું પણ અપાય છે. આ યોજના હેઠળ ૨૦,૦૦૦ હેક્ટર જમીન આવરી લેવામાં આવી છે.

તાલીમ યોજનાઓ

આદિવાસી યુવાનો તેમની રોજી મેળવી શકે તે માટે તેમને સુથારીકામની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમનો સમયગાળો ૨ વર્ષનો હોય છે. અને તે સમય દરમિયાન તેમને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે અને જરૂરી સાધનસામગ્રી પણ પૂરી પાડવામાં આવે છે.

સિંચાઈક્ષેત્રે પ્રદાન

સાતમી પંચવર્ષિય યોજનાના પ્રારંભે ૧૯૮૫-૮૬ દરમિયાન સરદાર સરોવર પ્રાયોજના સહિત મોટી અને મધ્યમ યોજનાઓ, ૯૦૦ નાની યોજનાઓ અને ૪૦૦ પાતાળકૂવાઓનું કાર્ય પ્રગતિમાં હતું. આ ઉપરાંત ભવિષ્યમાં ૨૮૦ જેટલી મોટી અને મધ્યમ યોજનાઓ અને ૪,૦૦૦ જેટલા પાતાળ કૂવાઓ માટેનાં કામો હાથ ધરવા માટેની શકયતાઓ નક્કી કરવા મોજણી અને તપાસણીનું કાર્ય હાથ પર લેવામાં આવ્યું છે. ગુજરાત સરકારે સાતમી પંચવર્ષિય યોજના દરમિયાન સિંચાઈ વિકાસનાં કાર્યો માટે રૂ. ૧,૪૬૨ કરોડની જોગવાઈ કરી છે. આમાં સરદાર સરોવર પ્રાયોજનાના બાંધકામ માટે વધુ નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે.

જુન ૧૯૮૮ના અંતે કુલ ૩૨.૨૫ લાખ હેક્ટર જેટલી સિંચાઈ શકિત ઊભી થઈ છે. જેમાંથી મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ દ્વારા ૧૧.૬૩ લાખ હેક્ટર, નાની યોજનાઓ દ્વારા ૧.૮૨ લાખ હેક્ટર અને સરકારી તેમજ ખાનગી પાતાળ કૂવાઓ અને ખુલ્લા કૂવાઓ દ્વારા ૧૮.૮૦ લાખ હેક્ટર જેટલી સિંચાઈ ઉપલબ્ધ થઈ છે.

જળ સંચાલન સુધારણા માટે પગલાં

રાજ્યમાં પાણીની અછતવાળા વિસ્તારોને સિંચાઈના વધુમાં વધુ લાભો મળે તે હેતુથી નહેર દ્વારા સિંચાઈ અંગેની નીતિમાં મોટા ફેરફારો કરવા માટે ગુજરાત સરકાર વિચારી રહી છે. આ હેતુ માટે ઉપલબ્ધ સિંચાઈ શકિતના મહત્તમ ઉપયોગ ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે રાજ્ય સરકારે ચાર પ્રાદેશિક સ્ત્રાવ વિસ્તાર વિકાસ સત્તામંડળની સ્થાપના કરી તેને કાર્યાન્વિત કર્યા છે, કે જે વિસ્તાર વિકાસ કમિશ્નર જેવા ઉચ્ચ અધિકારીઓના નિયંત્રણ હેઠળ કાર્યો કરે છે. આ કાર્યક્રમ હેઠળ ક્ષેત્રીય નહેર, ક્ષેત્રીય નાળાં, જમીન સુધાર વગેરે જેવાં ખેત વિકાસ કાર્યોના અમલ માટે નક્કર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ચક્રાકાર જળ વહેંચણી પદ્ધતિની રજૂઆતના હેતુસર પ્રારંભિક તબક્કે અતિ સૂક્ષ્મ કક્ષાએ પણ નહેર પદ્ધતિની સુધારણાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે બધા જ ખેડૂતો કે જેઓ આવા પ્રકારની સિંચાઈ પદ્ધતિનો લાભ મેળવવા હકકદાર છે. તેમને સમાન હકક બક્ષે છે. સાતમી પંચવર્ષિય યોજનાના અંતે મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાની કુલ ૧૨ લાખ હેક્ટર સિંચાઈ શકિતની ઉપલબ્ધિમાંથી લગભગ ૮.૫૦ લાખ હેક્ટર વિસ્તારને ક્ષેત્રીય નહેરો દ્વારા આવરી લેવામાં આવશે, તેવી જ રીતે ચક્રાકાર જળ વહેંચણીના નિર્દેશન માટે પદ્ધતિ સુધારણા હેઠળ ૮ લાખ હેક્ટર વિસ્તારને આવરી લેવામાં આવશે.

બધી જ નહેર પદ્ધતિઓને ૫ થી ૮ હેક્ટરના નાના બ્લોક સુધી વિસ્તારવામાં આવી રહી છે, જેમાંથી ક્ષેત્રીય પાંખ પદ્ધતિ દ્વારા દરેક ખેતરમાં પાણી મળી રહે છે. સિંચાઈ સંચાલનમાં ખેડૂતોને સાંકળવા માટે ખાસ કરીને સરકારી ઢાંચા તળે, લગભગ ૫ થી ૮ હેક્ટર જમીન ધરાવતા ખેડૂતોના નાના મંડળોની રચના કરવાનું અને કાયદામાં યોગ્ય સુધારાઓ કરીને આવા મંડળોને માન્યતા આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. ફકત આવાં મંડળો જ સિંચાઈ માટે પાણી મેળવવા અરજી કરવા માટે પાત્ર ગણાશે. જો ખેડૂતોના મોટા મંડળો સાથે મળીને આવશે, તો તેઓએ અંદાજે ૫૦૦ હેક્ટર વિસ્તારને આવરી લેતી જળ સહકારી મંડળીની રચના કરવાની રહેશે અને આવી મંડળીઓને લગભગ સમગ્ર વિસ્તારને નાની નહેર દ્વારા જલ સંચાલન અંગેનું કાર્ય સોંપી શકાશે.

એવું પણ માલૂમ પડયું છે કે સિંચાઈ માટે પાણીના દર આકારવાની પ્રવર્તમાન પદ્ધતિ પાક વિસ્તાર ઉપર આધારિત છે. આથી, ખેડૂત પાક તૈયાર કરવા માટે જે પાણીનો ઉપયોગ કરે છે તે સમગ્ર પાણીનો દર ખેડૂત પાસેથી લેવામાં આવતો નથી. નવી ઘડાયેલી નીતિ પ્રમાણે એવું નક્કી કરવામાં આવ્યું છે કે ઘનફળ (વોલ્યુમેટ્રીક) પદ્ધતિ પર આધારિત પાણીના દર આકારવા કે જેથી સિંચાઈના કિંમતી પાણીનો બગાડ ઘટાડી શકાય.

જળ સ્થળાંતર અને તેના ઝમવાથી થતા પાણીના બગાડને ઘટાડવા અને આવી પદ્ધતિની સમગ્રતયા કામગીરીની સુધારણાના હેતુથી સંપૂર્ણ થયેલ યોજનાઓના આધુનીકરણ માટેનો સંગીન કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો છે.

ઉપર જણાવ્યા પ્રમાણેના પગલાંની વ્યાપક અસરના કારણે પાણીનો સારા એવા પ્રમાણમાં બચાવ થઈ શકશે અને તેથી અંતરિયાળ વિસ્તારમાં સિંચાઈ દ્વારા ત્યાંના ખેડૂતો કે જેઓને અત્યાર સુધી આવો કોઈ જ લાભ મળ્યો નથી તેમને લાભ થશે.

મધ્યાહ્ન ભોજન યોજના

નબળી આર્થિક પરિસ્થિતિને કારણે ગામડાંઓમાં અને શહેરોમાં સેંકડો બાળકોને તક મળતાં શાળાને બદલે કમાવા મોકલવાની વાલીઓને ફરજ પડતી તે પરિસ્થિતિ અટકાવવા, અધવચ્ચે શાળા છોડી જનાર બાળકોને શાળાએ જવા પ્રેરવા અને તેમની હાજરીમાં સુધારો લાવી શિક્ષણનું પ્રમાણ ઊંચુ લાવવા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

વધતી ઉંમરના બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય તેવો પૌષ્ટિક અને સમતોલ આહાર પ્રાથમિક શાળાઓનાં બાળકોને બપોરના સમયે આપવામાં આવે છે.

હાલ રાજ્યમાં મધ્યાહ્ન ભોજન યોજનાનાં કુલ ૨૫,૮૮૭ કેન્દ્રો ચાલી રહ્યાં છે. તેમાં કુલ ૨૬,૪૮૩ પ્રાથમિક શાળાઓનાં આશરે ૫૩.૪૩ લાખ નોંધાયેલાં બાળકો આ યોજનાનો લાભ લઈ રહ્યાં છે.

'સૌ કોઈ માટે અનાજ' યોજના

અલ્પ પોષણની સમસ્યા હલ કરવા, સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકોને જીવનજરૂરિયાતની ચીજવસ્તુએ વાજબી ભાવે સુલભ બને તેવા આશયથી રાજ્ય સરકારે રાજ્યના રજત જયંતિ ઉજવણી દિન તા. ૧લી મે ૧૯૮૫થી આ યોજનાની જાહેરાત કરી અને તા. ૧૪મી ઑગસ્ટ, ૧૯૮૫થી અમલમાં મૂકી. જે કુટુંબોની બધાં જ સાધનોમાંથી ઊભી થતી બધા જ સભ્યોની કુલ વાર્ષિક આવક રૂ. ૫,૦૦૦ થી વધતી ન હોય તેવાં કુટુંબોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

આ યોજના હેઠળ વ્યકિત દીઠ માસિક ૨.૫ કિલોગ્રામ ઘઉં દર કિલોના રૂ. ૧.૪૦ અને ચોખા ૫૦૦ ગ્રામ દર કિલોના રૂ. ૧.૫૦ અને ઘઉંની અવેજીમાં બરછટ અનાજ ૨.૫ કિલોગ્રામ પ્રતિ કિલોના રૂ. ૧.૩૦ના રાહત ભાવથી વિતરણ કરવામાં આવે છે.

જુલાઈ, ૧૯૮૮ની સ્થિતિએ ૧૪,૧૫,૨૯૫ રેશન કાર્ડ પર આ યોજના હેઠળ ૭૨,૩૦,૦૪૨ લાભાર્થીઓ આવરી લેવાયા હતા.

ગૃહનિર્માણ પ્રવૃત્તિ

રાજ્ય સરકારે તમામ પ્રજાજનોની જીવન-જરૂરિયાતની પાયાની આવશ્યકતાઓ પૂરી પાડવા માટે અનેકવિધ યોજનાઓ હાથ ધરી છે. તેમાં તમામ વર્ગોને આવાસની સુવિધા મળી રહે તે માટે પણ કેટલીક જાહેર આવાસ એજન્સીઓ રચી છે. તેમાં રાજ્ય ગૃહ નિર્માણ બોર્ડ મુખ્ય છે. આ સંસ્થાએ જુદી જુદી આવક-મર્યાદા ધરાવતા અને જુદા જુદા તમામ વર્ગોના લોકોના જૂથો માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. તેની વિગતો નીચે મુજબ છે.

વીસ સૂત્રી કાર્યક્રમ હેઠળ કરાતી રહેણાંકની વ્યવસ્થા

૧. ભૂમિહીન મજૂરો માટે ઘરથાળના પ્લોટની ફાળવણી

આ યોજના હેઠળ જે લોકો પાસે પોતાની માલિકીની જમીન ન હોય અને પોતાની આજીવિકા શારીરિક શ્રમ દ્વારા રળતા હોય તેવા ભૂમિહીન મજૂરોને તેમ જ ગ્રામ કારીગરો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના તેમ જ અન્ય શ્રમજીવીઓને અગ્રતાક્રમે વિનામૂલ્યે ઘરથાળના પ્લોટ ફાળવવામાં આવે છે.

આ યોજના અન્વયે ૧૯૮૭-૮૮માં ૩૫,૦૦૦ના લક્ષ્યાંક સામે કુલ ૪૩,૫૩૬ જેટલા પ્લોટ ફાળવી ૧૨૪.૪ ટકા જેટલી સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી.

૨. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની ઈન્દિરા આવાસ યોજના

પછાત વર્ગના લોકોને રહેણાંકની સુવિધા પૂરી પાડવા 'ઇન્દિરા આવાસ યોજના' નામની ખાસ યોજના અમલમાં મુકવામાં આવી છે. ૧૯૮૭-૮૮ના વર્ષ માટે આ યોજના હેઠળ લગભગ ૮,૦૦૦ મકાનો બાંધવાનો લક્ષ્યાંક નિયત કરાયો હતો, તે સામે લગભગ ૮,૩૪૮ જેટલા આવાસો બાંધી આ ક્ષેત્રે ૧૦૪.૪ ટકા જેટલી માતબર સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી છે.

૩. ઘર બાંધકામ સહાય

આ યોજના અન્વયે ૧૯૮૭-૮૮માં લગભગ ૪૪,૦૦૦ જેટલા લોકોને લાભ આપવાનું આયોજન હતું, તેની સામે ૩૭,૬૮૮ જેટલા લોકોને ઘર બાંધકામ માટે સહાય પૂરી પડાઈ હતી.

પશુપાલન

* સાતમી પંચવર્ષિય યોજનામાં રાજ્ય સરકારે પશુપાલન પ્રવૃત્તિ માટે કુલ રૂ. ૧,૮૨૦ લાખની જોગવાઈ કરી છે, જેમાંથી રૂ. ૬૬૪.૩૦ લાખની જોગવાઈ આદિજાતિ વિસ્તાર માટે કરેલ છે, તેમ જ સ્પેશ્યલ સેન્ટ્રલ આસિસ્ટન્સ હેઠળ રૂ. ૧,૦૪૦.૧૦ લાખની જોગવાઈ છે.

* રાજ્યમાં કુલ ૧,૭૧૭ પશુપાલન સંસ્થાઓ આવેલ છે. જે પૈકી ૩૯૬ સંસ્થાઓ આદિજાતિ વિસ્તારમાં કામગીરી બજાવે છે.

* આદિવાસી મરઘાપાલકોને [illegible] ફાર્મ શરૂ કરવા ૫૦ પક્ષીના એકમો સ્થાપવાની યોજના હેઠળ એક [illegible] કિંમત રૂ. ૬,૩૪૧ના ૫૦% મુજબ કુલ રૂ. ૪.૧૧ લાખની સહાય ચૂકવવામાં આવી હતી. ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન ૧૦૦ એકમો સ્થાપવામાં આવ્યા.

* આદિવાસી વિસ્તારોમાં [illegible] આઈ. આર. પક્ષીના એકમો સ્થાપવા માટે ૨૫ પક્ષીના એકમ માટે એકમની કિંમત રૂ. ૧,૮૦૦ના ૫૦% મુજબ રૂ. ૯૦૦ની સહાય આપવામાં આવે છે. ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન આવા ૧,૦૦૦ એકમો સ્થાપી ૮.૭૬ લાખની રકમ ચૂકવવામાં આવી.

* દવાના રૂપમાં સહાય આપવાની યોજના હેઠળ રૂ. ૧.૪૮ લાખના ખર્ચે ૩.૧૯ લાખ પક્ષીઓને દવા પીવડાવવામાં આવી.

* અગાઉ સ્થપાયેલ ૮૩ એકમોને રીપ્લેસમેન્ટ સ્ટોક માટે રૂ. ૧૦.૦૫ લાખ સહાય પેટે ચૂકવવામાં આવ્યા.

* ૧૨૭ બતક એકમો સ્થાપવા ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન રૂ. ૦.૬૮ લાખ સહાય પેટે ચૂકવાયા.

* ૪ માસની ઉંમરથી ૩૨ માસની ઉંમર સુધી સંકર વાછરડીઓના ઉછેર માટે ખાણ-દાણ સહાય આપવામાં આવે છે. તે મુજબ ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન ૩,૨૧૦ લાભાર્થીઓને રૂ. ૧૩.૨૨ લાખ સહાય પેટે ચૂકવવામાં આવ્યા.

* ખાસ અંગભૂત યોજના હેઠળ ૨૫૦ મરઘાં એકમોને રૂ. ૨.૧૩ લાખની સહાય આપવામાં આવી.

* દૂધાળાં જાનવરોની ખરીદી યોજના હેઠળ નક્કી કરાયેલ ઓલાદોની એકમ કિંમતના ૫૦% સહાય પેટે ચૂકવવામાં આવે છે. તે મુજબ ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન ૨,૯૦૭ લાભાર્થીઓને રૂ. ૪૩.૯૦ લાખની સહાય કરવામાં આવી.

* દૂધાળાં જાનવરો અને ખાણ-દાણ ખરીદી માટે ૯,૭૧૦ લાભાર્થીઓને રૂ. ૨૦.૩૮ લાખની સહાય આપવામાં આવી. દુધાળાં પશુઓના સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ ૨૨,૯૧૧ લાભાર્થીઓને રૂ. ૨.૫૧ લાખની સહાય ચૂકવાઈ.

* મરઘાંપાલન તાલીમી કાર્યક્રમ હેઠળ ૧,૪૨૮ આદિવાસી મરઘાપાલકો તથા પશુપાલન વ્યવસાયની તાલીમ હેઠળ ૭૩૦ આદિવાસી પશુપાલકોને તાલીમ આપી સહાય આપવામાં આવી.

* ધાસચારા વિકાસ યોજના હેઠળ રાજ્યમાં ૧૯૮૭-૮૮માં ૨૦૦ લક્ષ્યાંક સામે ૫૩૧ જેટલાં ચાફકટર આપવામાં આવ્યાં. ૧૧૯ સાયલોપીટ તથા ૧,૦૫૩ નિદર્શન પ્લોટ બનાવવામાં આવ્યા.

* પશુપાલનની આયોજિત અને બિન-આયોજિત યોજનાઓ માટે ૧૯૮૭-૮૮મા અનુક્રમે રૂ. ૪૭ લાખ અને રૂ. ૧,૦૦૯.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી.

* ડેરી વિકાસ માટે આયોજિત યોજનામાં રૂ. ૨૮ લાખ [illegible]

...યોજિત યોજનાઓ માટે રૂ. ... લાખની જોગવાઈ કરવામાં ... હતી.

* પશુવિકાસ કાર્યક્રમ હેઠળ ...-૮૭માં પંચાયતો તથા વિવિધ ...ઓને પ્રજનન માટે ૧૧૭ ... સાંઠ આપવામાં આવ્યો.

* પશુચિકિત્સા અને પશુ આરોગ્ય ... નીચે રાજયમાં ૧૯૮૭-૮૮માં ... નવાં પશુદવાખાનાં શરૂ કરવામાં ...યાં, જેમાંનાં ૧૫ આદિવાસી ...ારમાં શરૂ કરાયાં છે. આમ, હવે ...ચિકિત્સા અંગે રાજયમાં કુલ ૨૮૮ ...દવાખાનાં, ૫૫૭ પ્રાથમિક ...ચારવાર કેન્દ્ર, ૪૧ મોબાઈલ ...-દવાખાનાં અને ૬ પોલિકિલનિક ...ગીરી કરી રહ્યાં છે. આ તમામ ...દ્રો દ્વારા જાન્યુઆરી, ૧૯૮૮ ...ધીમાં વિવિધ રોગના પ્રતિકાર માટે ... કરોડ ૨ લાખ ૪૫ હજાર જેટલું ...કસીનેશન કાર્ય થયું છે.

* ૧૯૮૭-૮૮માં રાજયની ...ચારવાર સંસ્થાઓ દ્વારા ...,૭૪,૪૮૦ પશુઓને સારવાર તથા ...૬,૨૫૦ પશુઓને વિવિધ રોગ ...મે રસી મૂકવામાં આવી હતી.

* રાજયમાં આવેલ ૧,૪૭૧ કેટલ ...મ્પ અને ૩૩૬ પાંજરાપોળ, ...શાળાઓમાં રહેલ ૧૨,૯૧,૦૨૪ ...શુઓને પશુ આરોગ્યની સવલતોથી ...આવરી લેવાયાં છે. રાજયના દુષ્કાળ, ...અછતગ્રસ્ત વિસ્તારમાં પશુપાલન ...ખાતા દ્વારા કુલ ૧૫,૯૩,૪૩૯ ...શુઓને સારવાર અને ૩૮,૨૮,૮૬૪ ...શુઓને જુદા જુદા પશુરોગ સામે ...ોગ પ્રતિકારક રસી મૂકવામાં આવેલ ...છે.

* રાજયમાં પાટણ અને મોરબી ...પાને ઘેટાં ઉછેર ક્ષેત્ર છે. રાજયનાં ...પાટણવાડી અને મારવાડી ઘેટાંનું ...ઊન કારપેટ અને ગાલીચા માટે ...પરાય છે. ૧૯૮૪-૮૫માં ઊનનું ...ઉત્પાદન ૨૫.૪૮ લાખ કિલોગ્રામ ...હતું, જે ૧૯૮૭-૮૮માં ૨૬ લાખ કિ. ...ગ્રામ જેટલું થયું છે.

* હાલમાં રાજયમાં ૩ સઘન ઘેટાં ...વિકાસ પ્રાયોજનાઓ અને ૬ ઘેટાં ...વિસ્તરણ કેન્દ્રો હેઠળનાં થઈ કુલ ...૨૩ ઘેટાં અને ઊન વિસ્તરણ કેન્દ્રો ...છે.

* ૧૯૮૭-૮૮માં ઘેટાંપાલકોનાં ...૫,૩૦,૭૭૨ ઘેટાંઓને ઉનીંગ ...કેમ્પ નીચે આવરી લેવાયાં હતાં. ...પારે રસીકરણ કાર્યક્રમ હેઠળ ...૫,૫૩,૦૯૫ ઘેટાંઓને રસી ...મૂકવામાં આવી હતી.

* અન્ય પશુધન વિકાસ કાર્યક્રમ ...હેઠળ ૧૯૮૭-૮૮માં ઈણાજ, જિ. ...જૂનાગઢમાં રૂ. ૧૩.૩૨ લાખની કેન્દ્ર ...પુરસ્કૃત યોજના નીચે અશ્વ ઉછેર ...કેન્દ્ર તૈયાર થયું હતું.

* રાજયમાં હાલ ૧૯ ડેરીઓ છે ...અને તેઓની સ્થાપિત શકિત ...૧૯૮૭-૮૮માં ૩૪.૭૩ લાખ લિટર ...થવી રહી હતી. રાજયમાં ૮,૦૦૦ ...જેવી દૂધ મંડળીઓ કાર્યાન્વિત છે.

* ૧૯૮૭-૮૮માં પશુ આહાર ...કારખાનાંઓમાં ૪,૦૬,૩૬૦ મેટ્રીક ...ટન પશુ આહાર ઉત્પન્ન કરાયો ...હતો, જે પૈકી ૪,૦૨,૯૫૪ મેટ્રિક ...ટનનું વેચાણ કરાયું હતું.

સહકારી પ્રવૃત્તિ

...ની પ્રવૃત્તિ હેઠળ ધિરાણ, મજૂર, બજાર અને પ્રક્રિયા મંડળીઓ, ગ્રાહક અને સહકારી શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો પાછળ ૧૯૮૭-૮૮ના વર્ષ દરમિયાન કુલ રૂ. ૧,૮૦૭.૬૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ વર્ષ દરમિયાન ૬૭ મજૂર મંડળીઓ, ૮ ખેની મંડળીઓ અને ૬૭ પ્રાથમિક ગ્રાહક ભંડારો, ૭૫ પિયત સહકારી મંડળીઓ, ૭૫ દૂધ મંડળીઓની રચના થઈ છે.

ખેડૂતોને ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાનું રૂ. ૨૮૬.૮૪ કરોડનું ધિરાણ કરાયું છે. અછતગ્રસ્ત વિસ્તારના ખેડૂતોના ટૂંકી મુદતના મુદતવીતી બાકી દેવાની પુનઃવસન માટેની યોજના અન્વયે રાહત સબસિડી પેટે કુલ ૯,૯૧,૯૩૯ લાભાર્થીઓને કુલ રૂ. ૧,૨૨૬.૮૭ લાખ ચૂકવવામાં આવ્યા. ૧,૯૮૬ મજૂર સહકારી મંડળીઓએ રૂ. ૩,૫૫૫ લાખનાં કામો કર્યા. જેને માટે તેમને રૂ. ૨,૦૧૫ લાખ પગાર પેટે ચૂકવાયા.

આજ દિન સુધી ૧,૨૩૪ ગ્રાહક ભંડારોની નોંધણી કરવામાં આવી. તેમાં ૩,૦૧,૦૦૦ સભાસદો નોંધાયા, જેનું કુલ વેચાણ રૂ. ૪૬.૩૯ કરોડનું હતું.

૪૪૭ ખેત સહકારી મંડળીઓની રચના થઈ, જેમાં ૧૭,૯૫૮ સભ્યો પૈકી ૧૬,૭૩૦ અનુસૂચિત જાતિના સભ્યો નોંધાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ દત્તક લીધેલાં ગામોનો વિકાસ

સમગ્ર દેશમાં પ્રથમવાર ગુજરાતમાં ૧૯૮૩માં રાજ્યના વધુ પછાત અને ઊંડાણના વિસ્તારમાં આવેલાં ગામોના સંકલિત વિકાસ માટે નવો અભિગમ અપનાવવામાં આવ્યો અને કુલ ૨૦૨ ગામો કે જેમાં મોટાભાગની વસતિ આદિવાસીઓની છે અને જેઓ હજુ સુધી વિકાસ કાર્યક્રમો, અંતઃસ્તરીય વિકાસ અને ન્યૂનતમ જરૂરિયાતની સુવિધાઓથી વંચિત રહ્યાં છે, તેવાં ગામો મુખ્યમંત્રીશ્રી દ્વારા દત્તક લઈને આ ગામોના વિકાસ અર્થે સંકલિત વિકાસ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ ૧૯૮૩-૮૪માં રૂ. ૫૫.૭૨ લાખ, ૧૯૮૪-૮૫માં ૧૭૩.૭૬ લાખ, ૧૯૮૫-૮૬માં અને ૧૯૮૬-૮૭માં અનુક્રમે રૂ. ૧૫૪.૪૯ લાખ અને રૂ. ૨૪૭.૭૨ લાખનો ખર્ચ આ ગામોના વિકાસ માટે કરવામાં આવ્યો હતા. રૂ. ૨૧૭.૭૨ લાખનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવ્યો છે.

સાતમી પંચવર્ષિય યોજનામાં પ્રથમ ૩ વર્ષમાં હાથ ધરેલ સર્વાંગી વિકાસ કાર્યક્રમો

છઠ્ઠી પંચવર્ષિય યોજનાની વિકાસની ગતિને ચાલુ રાખતા આ યોજનાનાં વર્ષ ૧૯૮૫-૮૬, ૧૯૮૬-૮૭ અને ૧૯૮૭-૮૮ દરમિયાન પસંદ કરેલાં ગામોમાં પણ કૃષિ, સિંચાઈ, ભૂમિ સંરક્ષણ, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, કુટિર ઉદ્યોગ, સમાજ કલ્યાણ, ગ્રામ વિજળીકરણ, પીવાના પાણીની સુવિધા, ગ્રામ રસ્તા વગેરે જુદા જુદા કાર્યક્રમોમાં કુલ રૂ. ૫૫૯.૨૨ લાખ ખર્ચવામાં આવ્યા છે.

પીવાના પાણી માટે સફળ આયોજન

સમગ્ર રાજયની ભૂરચના, વરસાદની અનિયમિતતા અને ભૂગર્ભમાં જળરાશિનો સંભવિત સંગ્રહ આ ત્રણેય બાબતોને લક્ષમાં લેતાં રાજયની પાણીની સમસ્યાની તીવ્રતાનો ખ્યાલ આવી જાય છે.

છેલ્લાં ત્રણ વર્ષોમાં સર્જાયેલી અછતની અભૂતપૂર્વ પરિસ્થિતિને કારણે રાજયના મોટાભાગના ગ્રામ અને શહેરી વિસ્તારોને પાણીની તીવ્ર તંગીનો અનુભવ કરવો પડેલો. રાજય સરકારે પીવાના પાણીની સમસ્યાનો મકકમ પ્રતિકાર કરવા ઘણું સફળ અને સુવ્યવસ્થિત આયોજન કરી, તેનો અમલ કરી સફળતા હાંસલ કરી છે. ગત વર્ષે કટોકટીના ધોરણે પાણીની અછતના માસ્ટર પ્લાનનો અમલ કરીને પાણીની તંગીવાળા વિસ્તારોમાં લઘુત્તમ પાણી પુરવઠો પૂરો પાડી શકાયો હતો.

આ વિસ્તારોમાં પાઈપલાઈન, મોટર ટેન્કરો, બળદગાડાં, ઊંટગાડી વગેરે મારફતે પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. ૧,૪૬૯ ગામોમાં ૩૬૩ ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવેલું. ૪૮૩ નવા કૂવા ગાળવામાં અને ૩,૦૦૦ જૂના કૂવા ઉંડા કરવામાં આવ્યા હતા. છ ઈંચના ચાર હજાર પાતાળકૂવા યુધ્ધના ધોરણે તૈયાર કરાયેલા. રાજયભરમાં કુલ ૩૫૦.૬૨ કિ.મી. લંબાઈની પાણી પુરવઠા પાઈપલાઈન નાંખવામાં આવી હતી.

૧૯૮૬-૮૭નું વર્ષ એટલે અછતનું બીજું વર્ષ. આ સમયમાં પાણીની સમસ્યાને હળવી કરવા માટે રૂ. ૯૪.૨૩ કરોડનો સમયબધ્ધ આયોજનવાળો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો. ૧૨,૧૮૮ ગામો અને ૨૬ શહેરો તથા ૬૦ નવા વિસ્તારોમાં પાણીની વિકટ તંગીની પરિસ્થિતિને પહોંચી વળવા માસ્ટર પ્લાનમાં જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫૦ મિ.મી.ના બોર દ્વારા ૨૦૦ જેટલાં ગામડાંમાં પાણી પૂરું પાડવામાં આવેલું. એકસો મિ.મિ.ના ૮,૬૪૯ બોર સારવાનું આયોજન હાથ ધરાયેલું. આ બોર ઉપર હેન્ડપંપ ગોઠવીને પાણી પૂરું પાડવામાં આવતું હતું. આ ઉપરાંત દોઢસો જેટલા ટયૂબવેલો તૈયાર કરાયેલા, ૩,૦૦૦ જેટલા નવા કૂવાઓ ઉંડા ઉતારાયેલા, ત્રણસો જેટલા કૂવા તૈયાર કરાયેલા. ૨,૦૦૦ જેટલાં ગામડાંને ૭૩૩ ટેન્કરો દ્વારા પાણી પૂરું પાડવા ઉપરાંત ૧,૨૭૨ ગામોમાં પાઈપલાઈન દ્વારા પાણી પુરવઠાની યોજનાઓ મંજૂર કરાઈ હતી.

સમગ્ર રાજયની ૪૧ નગર પંચાયતોની પાણી પુરવઠા યોજનાઓમાંથી ૩૭ને મંજૂરી આપવામાં આવી હતી, જયારે ૨૨ જેટલી શહેરી પાણી પુરવઠા યોજનાઓમાંથી ૧૮ને મંજૂરી આપવામાં આવી હતી. રાજયનાં ૧૬ જેટલાં શહેરોમાં માસ્ટર પ્લાન અન્વયે પાણી પુરવઠામાં વધારો કરવાનું શકય બન્યું હતું.

રાજકોટ, જામનગર, ભાવનગર તથા અમદાવાદ મહાનગરપાલિકાઓની પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે માસ્ટર પ્લાન હેઠળ તાકીદે હાથ ધરાયેલી વિવિધ પાણી પુરવઠા યોજનાઓ માટે રૂ. ૬૧૭.૨૭ લાખનો ખર્ચ કરાયો હતો તથા તે ઝડપથી પૂર્ણ કરી શકાય તે માટે રૂ. ૬૨૨ લાખની લોન પણ પૂરી પાડવામાં આવી.

મોટાં શહેરોની પાણીની સમસ્યા હળવી કરવા લેવાયેલાં પગલાં

રાજકોટ શહેરને ભાદર લૂપ લાઈન, ન્યારી-૨ પાઈપલાઈન તથા આજી-૩માંથી પાણી પહોંચાડવા માટેની પાઈપલાઈનનાં કાર્યો પૂર્ણ કરવામાં આવ્યાં હતાં. આ હેતુ માટે રૂ. ૨૨૬ લાખનો ખર્ચ કરવામાં અને રૂ. ૧૯૫ લાખની લોન પૂરી પાડવામાં આવી હતી.

જામનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડવા માટે માસ્ટર પ્લાનમાં રૂ. ૩૧૪ લાખની જોગવાઈ કરાઈ હતી. સસોઈ તથા પાનમ ડેમમાંથી શહેરને પાણી પહોંચાડવાનું આયોજન હાથ ધરાયું હતું. અમદાવાદ શહેરને પાણી પુરું પાડવા માટે માસ્ટર પ્લાનમાં રૂ. ૫૦૦ લાખની જોગવાઈ કરવામાં તેમજ રૂ. ૩૨૨ લાખની લોન આપવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ભાવનગર શહેરના ઊંચાઈવાળા વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે રૂ. ૨૨૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

સને ૧૯૮૫-૮૬માં પાણી પુરવઠાના કાર્યક્રમો માટે રૂ. ૮૬ કરોડ ખર્ચવામાં આવ્યા હતા, જેના કારણે રૂ. ૫૩ કરોડની કાયમી અસ્કયામતો ઊભી થઈ હતી. આ જ પ્રમાણે સને ૧૯૮૬-૮૭માં રૂ. ૪૭ કરોડના ખર્ચે હાથ ધરાયેલા પાણી પુરવઠા કાર્યક્રમો દ્વારા રૂ. ૨૮ કરોડની ઉપયોગી અસ્કયામતો ઉપલબ્ધ થઈ શકી હતી.

શિક્ષણ દ્વારા સમાજોન્નતિ

ઓપરેશન બ્લેક બોર્ડ

સમાજના ગરીબ વર્ગોને પણ પૂરતું શિક્ષણ મળી રહે તે માટે રાજય સરકારે ૧૯૮૭-૮૮માં 'ઓપરેશન બ્લેક બોર્ડ' જેવી મહત્વાકાંક્ષી યોજના અમલમાં મૂકી છે.

આ યોજના હેઠળ ૧૯૮૭-૮૮ના વર્ષના પ્રથમ તબકકામાં ૫,૪૦૦ તથા પછીનાં વર્ષોમાં રાજયની કુલ ૨૭,૦૦૦ શાળાઓનો આ યોજનાઓમાં સમાવેશ કરવામાં આવશે. દરેક પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે ઓરડાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જ રમતગમતનાં પૂરતાં સાધનો, બ્લેકબોર્ડ, જરૂરી નકશાઓ, ચાર્ટ તથા જરૂરી શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવશે.

સન ૧૯૮૭-૮૮ દરમિયાન બિન-આદિવાસી શાળાનાં ધોરણ ૧ થી ૪નાં ૩૬.૮૧ લાખ તથા આદિવાસી વિસ્તારની શાળાઓનાં ધોરણ ૧ થી ૭નાં ૧૦.૬૬ લાખ બાળકો સમેત કુલ ૪૭.૦૦ લાખ બાળકોને વિનામૂલ્યે પાઠયપુસ્તકો આપવામાં આવ્યાં હતાં. જયાં આવતા વર્ષે પ્રાથમિક શાળાનાં ૬૧.૨૩ લાખ બાળકોને પાઠયપુસ્તકો આપવાનો લક્ષ્યાંક રખાયો હતો.

અવૈધિક શિક્ષણનો નવો કાર્યક્રમ

આ કાર્યક્રમમાં અધ્યાપન કરતાં અધ્યયન પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. આ કેન્દ્રોમાં શિક્ષણનું વાતાવરણ સુધારવા અને રસમય બનાવવા માટે દૃશ્ય-શ્રાવ્ય સાધનો, રેડિયો, કેસેટ પ્લેયર્સ વગેરેનો ઉપયોગ કરવામાં આવશે.

આ કેન્દ્રોમાંથી શિક્ષણ લઈ બહાર આવતા વિદ્યાર્થીઓ માટે વ્યાવસાયિક અને ટેકનિકલ શિક્ષણના જુદા જુદા પ્રકારના અભ્યાસક્રમોની વ્યવસ્થા કરવામાં આવશે. અધ્યેતાઓને પાઠયપુસ્તકો, નોટો અને અન્ય સ્ટેશનરી વિનામૂલ્યે આપવામાં આવશે.

અશાલેય શિક્ષણ કેન્દ્રો

અધવચ્ચે શાળા છોડી જનાં તેમ જ શાળાએ નહીં આવતાં ૯-૧૪ વયજૂથનાં બાળકોને અશાલેય શિક્ષણ પધ્ધતિ હેઠળ આવરી લેવાશે. ખાસ કરીને રણવિસ્તાર (પછાત વિસ્તાર) અને પર્વતીય વિસ્તારમાં આવા પ્રોજેકટો હાથ ધરવામાં આયોજન છે. આ માટે રાજય સરકાર તરફથી ના. ૩૨.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ

સાતમી પંચવર્ષિય યોજના દરમિયાન શિક્ષણની ગુણવત્તા સુધારવા ૧૦ કિ.મી.ના અંતરમાં જયાં માધ્યમિક શાળા ન હોય ત્યાં નવી માધ્યમિક શાળાઓ ખોલવા પર ભાર મૂકવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારમાં છાત્રાલય સહિતની કુલ ૩ માધ્યમિક શાળાઓ શરૂ થઈ છે.

૧૯૯૦ના વર્ષ સુધીમાં દરેક જીલ્લામાં સાધન સાહિત્ય કેન્દ્ર સાથે ખુલ્લી અને મુકત એક શાળા પ્રસ્થાપિત કરવામાં આવનાર છે.

નિવાસી શાળાઓ

નવી શિક્ષણ નીતિના ભાગરૂપે ૧૯૮૬-૮૭ના પછાત વર્ગના મધ્યમ કક્ષાના તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપવાના હેતુથી દસ આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ, ભોજન, ગણવેશ, પુસ્તિકા, છાત્રાલય અને અન્ય સગવડો મફત આપવામાં આવે છે.

ચકલાસી (જિ. ખેડા), ગાંધીનગર, અમરેલી, ડુંગરડા (જિ. ડાંગ), રાજપીપળા (જિ. ભરૂચ), ધરમપુર (જિ. વલસાડ), દાહોદ (જિ. પંચમહાલ), એમ સાત કુમારશાળાઓ અને ભુજ, વ્યારા (જિ. સુરત), છોટાઉદેપુર (જિ. વડોદરા) એમ ત્રણ કન્યાશાળાઓ મળી કુલ દસ નિવાસી શાળાઓ ચાલુ વર્ષે શરૂ કરવામાં આવી.

નવોદય વિદ્યાલયો

આ વિદ્યાલયો ખોલવાનો મુખ્ય

ઉદ્દેશ તેજસ્વી વિદ્યાર્થીઓની બહુમુખી પ્રતિભા વિકસાવી સમાજને એક સદ્‌ગૃહસ્થ તેમ જ દેશના ચરણે ઉત્તમ નાગરિકની ભેટ આપવાનો તેમ જ રાષ્ટ્રીય એકતાની ભાવના જગાવવા ઉપરાંત વિદ્યાર્થીને ફક્ત ડિગ્રી સર્ટિફિકેટ નહીં, બલ્કે આદર્શ જીવન જીવવાની કેળવણી પૂરી પાડવાનો છે. આ વિદ્યાલયોમાં નિવાસ, ભોજન અને ધોરણ ૬ થી ૧૨ સુધીનું શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવશે. ચાલુ વર્ષમાં અલિયાબાડા (જિ. જામનગર), ડુમરા (જિ. કચ્છ), રૂપનગર (જિ. ભરૂચ), બોરખડી (તા. વ્યારા, જિ. સુરત) ખાતે નવાં ચાર વિદ્યાલયો શરૂ કરવાની કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળેલ છે.

પ્રૌઢ શિક્ષણ

નવી શિક્ષણ નીતિના સંદર્ભમાં ૧૯૮૭-૮૮માં નીચે મુજબની બે નવી વિકાસ યોજનાઓ શરૂ કરવામાં આવી હતી.

૧. જનશિક્ષણ કેન્દ્રોની સ્થાપના

ભારત સરકારે નક્કી કર્યા મુજબ તબક્કાવાર દર ૫,૦૦૦ની વસતિએ એક 'જનશિક્ષણ કેન્દ્ર' સ્થાપવામાં આવશે. નવસાક્ષરો અને નિરંતર શિક્ષણ લેવા માગતાં ભાઈ-બહેનો જનશિક્ષણ કેન્દ્રોનો ખાસ લાભ લઈ શકશે. આ કેન્દ્રો પ્રૌઢ શિક્ષણ લેનાર માટે એક પ્રકારની શાળાની (વર્ગની) ઔપચારિક રીતે ગરજ સારશે.

હાલમાં સરહદી વિસ્તારના કચ્છ જિલ્લામાં ૫ તાલુકાઓમાં ૬૫ જનશિક્ષણ નિલયમ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. બનાસકાંઠા જિલ્લાના વાવ અને સાંતલપુર તાલુકાઓમાં આવાં ૨૫ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે.

૨. મહાનગરોમાં સમાજ શિક્ષણ સમિતિની સ્થાપના

અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિની જેમ ગુજરાત રાજ્યમાં પાંચ મહાનગરો રાજકોટ, જામનગર, સુરત, વડોદરા અને ભાવનગરમાં પણ સમાજ શિક્ષણ સમિતિઓની સ્થાપના કરી શહેરના કામદાર વર્ગો અને સ્લમ વિસ્તારમાં રહેતા નિરક્ષરોને પ્રૌઢ શિક્ષણ અને સમાજ શિક્ષણ દ્વારા આવરી લેવામાં આવશે.

રાજ્યમાં નિરક્ષરતા નિવારણના કાર્યને વેગ મળે તે માટે ભારત સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસથી ૧૯૮૯-૯૦ના વર્ષમાં પ્રૌઢ શિક્ષણ ક્ષેત્રે નીચેની યોજનાઓ માટે નાણાકીય જોગવાઈ કરેલ છે.

સન ૧૯૮૯-૯૯માં નીચેની પ્રોત્સાહક યોજનાઓ શરૂ કરવામાં આવનાર છે :

૧. નિરક્ષર મહિલાઓ આ યોજનામાં વધુ જોડાઈ નિરક્ષરતા દૂર કરી સાક્ષરતા પ્રાપ્ત કરે તે માટે ગુજરાત સરકારે તાલીમને અંતે સાડી અને બ્લાઉઝ આપવાની યોજના મૂકેલ છે. આ યોજના હેઠળ રૂ. ૨૫ની કિંમતનાં જનતા સાડી અને બ્લાઉઝ આપવા માટે રૂ. ૨૫-૦૦ લાખની નાણાકીય જોગવાઈ પણ સૂચવેલ છે.

૨. ૧૦૦% સાક્ષરતા પ્રાપ્ત કરનાર ગામોને પ્રોત્સાહન રૂપે વસતિના ધોરણે ઇનામો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ૫૬ ગામોને આ યોજના હેઠળ આવરી લેવાનો અંદાજ છે. સંપૂર્ણ સાક્ષર થયેલ ગામોને પારિતોષિક આપવા માટે રૂ. ૪.૫ લાખની નાણાકીય જોગવાઈ સૂચવેલ છે.

૩. નિરક્ષર પ્રૌઢોમાં વ્યાવસાયિક અભિરુચિ કેળવાય અને વૈજ્ઞાનિક રીતે યોજનાનો અમલ થાય તે માટે હાલ અમદાવાદ ગ્રામ વિસ્તાર અને પંચમહાલ જિલ્લામાં ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેશન યોજના અમલમાં મુકાયેલ છે. આ યોજના હેઠળ ક્રમશઃ બધા જ જિલ્લાઓને આવરી લેવાશે.

સાક્ષરતા અભિયાન

નિરક્ષરતા નાબૂદીના સામૂહિક ક્રિયાત્મક સાક્ષરતાના વ્યાપક કાર્યક્રમની દિશામાં રાજ્ય સરકાર તેમજ ગુજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે મે, ૧૯૮૮થી 'સાક્ષરતા અભિયાન' નામના એક અતિ સઘન કાર્યક્રમના આયોજનની શરૂઆત કરવામાં આવેલ. તે સમયમાં ૧,૪૦,૦૦૦ નિરક્ષર પ્રૌઢોને સાક્ષર કરવામાં આવ્યા હતા.

બીજા તબક્કામાં આ અભિયાન હેઠળ એક લાખ નિરક્ષર પ્રૌઢોને સાક્ષર કરવાનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે.

વિકાસ કાર્યક્રમ

લોકો અને ઉદ્યોગો દ્વારા થતી વપરાશની માંગને પહોંચી વળવા વન માત્ર ઈમારતી લાકડું અને અનેક જાતની ગૌણ વન પેદાશો પૂરી પાડે છે. એટલું જ નહીં, પરંતુ પર્યાવરણ પર મહત્ત્વની અસર કરે છે તેમજ રક્ષણ સૌંદર્ય અને આરોગ્ય વિષયક બાબતમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ભૂમિ અને ભેજ સંરક્ષણ સિંચાઈ, જળાશયો પુરાઈ જવા ઉપર નિયંત્રણ, ખેતીની જમીનનાં ધોવાણ ઉપર નિયંત્રણ કરવું, વાયુ પ્રદુષણનું નિયંત્રણ અને લોકોને સુંદર અને સ્વાસ્થ વાતાવરણ પુરુ પાડવાના દ્રષ્ટિકોણથી તેનું અસ્તિત્વ વિશેષ મહત્ત્વનું છે.

સાતમી પંચવર્ષીય યોજના (૧૯૮૫-૯૬ થી ૧૯૮૯-૯૦) દ્વારા રાજ્યના વન વિભાગની યોજનાઓ પાછળ કુલ રૂ. ૧૨,૯૬૪ લાખ ખર્ચ કરવાની જોગવાઈ છે જેમાં પંચવર્ષીય યોજનાનાં પહેલાં ત્રણ વર્ષમાં આ યોજનાઓ પાછળ કુલ રૂ. ૬,૯૪૩.૭૭ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે ચાલુ વર્ષ માટે રૂ. ૩,૦૦૦ લાખની જોગવાઈ કરેલ છે. આમ વિકાસની ગતિ સારી છે. રાજ્યની યોજનાઓમાં મુખ્યત્વે નીચે મુજબની યોજનાઓનો ઉલ્લેખ કરવો જરૂરી છે.

વન સંરક્ષણ અને વિકાસ યોજનાઓ

આ યોજના હેઠળ ભૂમિ અને ભેજ સંરક્ષણ રાજ્યની રણ સરહદે વનીકરણ તથા રાજ્યના દરિયાકાંઠે વૃક્ષ વાવેતરનો સમાવેશ કરવામાં આવેલ છે અને ૭મી પંચવર્ષીય યોજના દરમિયાન રૂ. ૭૧૪ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

વૃક્ષ વાવેતરની યોજનાઓ

આ યોજના હેઠળ બળતણ તથા ઈમારતી લાકડા આપતાં વૃક્ષોનું વાવેતર સાગ, ખેર તથા વાંસ - જે આર્થિક રીતે મૂલ્યવાન વૃક્ષો છે તેનું વાવેતર, સંચિત વાવેતર, ગૌણ વન પેદાશ આપતાં વૃક્ષોનું વાવેતર તથા ઔષધિયુક્ત રોપાઓનો સમાવેશ થાય છે. આ માટે સાતમી પંચવર્ષીય યોજનામાં રૂ. ૧,૦૮,૯૯.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને છેલ્લાં ત્રણ વર્ષમાં ૧૪,૭૯૯ હેક્ટર જમીનમાં આવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

સામાજિક વનીકરણ યોજના

વિશ્વ બેન્કની સહાયથી સમૂહ વન નિર્માણ પરિયોજનામાં રસ્તા રેલ્વે માર્ગ તથા નહેર કાંઠાની બંને બાજુએ વૃક્ષ વાવેતર તેમ જ ગ્રામ વનમાં વૃક્ષ વાવેતર અને વાવેતર માટે રોપાઓ ઉછેરવાની બાબતનો સમાવેશ થાય છે. આ સિવાય વન મહોત્સવ ઉજવણી દરમિયાન રોપાઓની વહેંચણીના હેતુસર રોપા ઉછેરવાની કામગીરી કરવાની છે. આ અંગે સાતમી પંચવર્ષીય યોજનામાં રૂ. ૯,૮૪૮.૬૫ લાખની જોગવાઈ કરેલી છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ ૪૭,૫૬૭ હેકટરમાં વનીકરણની કામગીરી પૂરી કરવામાં આવી છે. જ્યારે ચાલુ વર્ષે ૧૦,૮૫૦ હેકટરમાં વૃક્ષ વાવેતર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રામજનોની બળતણના લાકડાં માટેની તદ્દન તાકીદની જરૂરિયાતને શક્ય તેટલા ઓછા સમયમાં પહોંચી વળવા આદિજાતિઓ, અનુસુચિત જાતિઓ અને ભૂમિહીન કામદારોને રોજગારીની વધારાની તકો પૂરી પાડવા માટે ગ્રામ વિસ્તારમાં ગ્રામ બળતણ માટેના વૃક્ષોના વાવેતરની યોજના ચાલુ રાખવામાં આવી છે. તેમાં છેલ્લા ત્રણ વર્ષે દરમ્યાન ૭,૬૦૧ હેકટર વિસ્તારમાં વાવેતર હાથ ધરેલ છે. જ્યારે ચાલુ વર્ષો રૂ. ૧૧૬.૨૧ લાખના ખર્ચે ૪,૧૦૦ હેકટરમાં આ યોજના હેઠળ વાવેતર કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

વન્ય પ્રાણીઓની યોજના

રાજ્યમાં વન વિસ્તાર ઓછો હોવા છતાં તે વિવિધ પ્રકારનાં વન્યપ્રાણીઓની અને પક્ષીઓથી સમૃદ્ધ છે, જેમાં ૪૦ સસ્તનીય (મેમલ્સ) પ્રાણીઓ તથા ૪૨૫ જાતનાં પક્ષીઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં વન્યપ્રાણીની વસતિની જાતોમાં અમુક જાતો - જેમ કે, એશિયાઈ સિંહ તથા જંગલી ખેર જેવી જાતો - જે એશિયા ખંડમાં કોઈ જગાએ મળતી નથી તે વસે છે. રાજ્ય સરકારે આ બાબતમાં જાગૃત રહી વન્યપ્રાણીઓને સંપૂર્ણ સંરક્ષણ મળી રહે તે હેતુથી રાજ્યમાં ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો તથા ૧૪ અભયારણ્યો સ્થાપવામાં આવ્યાં છે. ગીર વન્યપ્રાણી અભયારણ્ય, જે ૧,૪૧૨.૧૬ ચો. કિ. મી. વિસ્તારમાં પથરાયેલ છે, તેના અંદરના ૨૫૮.૭૧ ચો. કિ. મી.નો મુખ્ય વિસ્તાર રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. તે ઉપરાંત સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના દરિયા કિનારે દરિયાઈ જીવના રક્ષણ તેમજ વિકાસ અર્થે બની રહેલ દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન દેશભરમાં આવા પ્રકારનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન છે. પર્યાવરણના સંશોધન અને અભ્યાસ અર્થે સ્થાપવામાં આવેલ ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન અને રિસર્ચ ફાઉન્ડેશન, જે દેશમાં પ્રથમ સંસ્થા છે, તે ગાંધીનગર ખાતે સ્થાપવામાં આવી છે.

વન વસાહતોનો વિકાસ

ગુજરાત રાજ્યમાં ૧૯૪ ગામો વન વસાહત હેઠળ આવેલાં છે, જેનો અત્યાર સુધી મહેસૂલ ખાતામાં સમાવેશ કરવામાં આવેલ નથી. આ ગામો જંગલના અંદરના ભાગમાં આવેલાં છે. જેથી સદર ગામોમાં પીવાનું પાણી, ગામને જોડતા રસ્તાઓ, પ્રાથમિક શાળાનાં મકાનો વગેરે સગવડ ઉપલબ્ધ નથી. આથી આવાં ગામોનો વિકાસ કરવાની ખાસ જરૂર છે. એ માટે સને ૧૯૮૪-૮૫થી આ નવી યોજના દાખલ કરવામાં આવેલ છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન સને ૧૯૮૪-૮૫ થી ૧૯૮૭-૮૮ સુધી આ યોજના પાછળ રૂ. ૨૬૨.૨૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે, જ્યારે સને ૧૯૮૮-૮૯ દરમિયાન રૂ. ૭૮.૧૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

જંગલના કુપોની કામગીરી સ્થગિત કરવા બાબત

સમૃદ્ધ ગુજરાતમાં પર્યાવરણનું સમતુલન જાળવવાના ઉદ્દેશથી સને ૧૯૮૭-૮૮થી પાંચ વર્ષ માટે જંગલમાં કુપો ખેડવાની કામગીરી સદંતર બંધ રાખવાનું રાજ્ય સરકારે ઠરાવેલ છે. દર વર્ષે લગભગ ૧૦૦ જંગલ કામદાર મંડળીઓ મારફત ૩૦૦ કુપો ખેડવાની જે કામગીરી કરવામાં આવતી હતી તે બંધ કરવામાં આવી છે, જે બંધ થતાં રાજ્ય સરકારને લગભગ રૂ. ૨૨ કરોડની ખાધ ભોગવવા સંભવ છે અને આ બદલ આદિવાસીઓને રોજગારી ગુમાવવી પડે છે, તેના વિકલ્પ રૂપે બીજી રોજગારીની તકો ઊભી કરવાની રહેશે. આ માટે અંદાજે રૂ. ૨૨૯.૬૫ લાખના ખર્ચે આર. એલ. જી. પી. યોજના હેઠળ ૧૦ લાખ માનવદિન રોજગારી ઉત્પન્ન થાય તેવી યોજનાઓ તૈયાર કરવામાં આવી છે.

વન રક્ષણ ,

રાજ્યનાં જંગલોનાં લાકડાની ચોરી સાથે સંકળાયેલા અસામાજિક તત્ત્વોથી રક્ષણ આપવાની કામગીરી રાજ્યના વન વિભાગ માટે પડકારરૂપ છે. દર વર્ષે સરેરાશ બાર હજાર જેટલા વિવિધ પ્રકારના જંગલ ગુનાઓ નોંધાય છે અને અસામાજિક તત્ત્વો જંગલચોરી માટે કર્મચારીઓ ઉપર હુમલો કરતાં પણ અચકાતાં નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ ૨૪૩ હુમલાના કિસ્સા નોંધવામાં આવેલ છે, જેમાં ૨૯૨ કર્મચારીઓને ઈજાઓ પણ થઈ છે. સને ૧૯૮૭-૮૮માં રાજ્યના વન વિભાગે ૧૦,૨૬૮ ગુનાઓ નોંધેલ છે, જેમાં રૂ. ૪૬૩.૭૦ લાખની કિંમતના માલની ચોરી થવા પામેલ છે. જેની સામે રૂ. ૩૯૪.૪૫ લાખનો જંગલ ચોરીનો માલ પકડી પાડવામાં આવ્યો છે અને જંગલ ચોરી અંકુશમાં લાવવા માટે રાજ્યના વન વિભાગ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે.

આમ, ગુજરાત રાજ્યનો વન વિભાગ વન વિકાસ તથા વન સંરક્ષણને લગતી હેતુલક્ષી યોજનાઓનો અમલ કરી રહ્યું છે અને રાજ્યના લીલોતરીમાં દિન-પ્રતિદિન વધારો થાય તે માટે કટિબદ્ધ છે.

પ્રદૂષણ નિયંત્રણ ક્ષેત્રે પ્રગતિ

પર્યાવરણ સંરક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ ના ક્ષેત્રમાં આપણા રાજ્યે યશસ્વી કામગીરી બજાવી છે. રાજ્યના પ્રદૂષણને લગતા કાયદાઓની જોગવાઈઓના પાલન માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવામાં આવી છે. આ કાયદાઓ અન્વયે પ્રદૂષણ કરવાની ક્ષમતા ધરાવતા ઉદ્યોગોને પ્રદૂષણ નિયંત્રણનાં પગલાં લેવા બોર્ડ આદેશો પાઠવે છે. નવા ઉદ્યોગો શરૂઆતથી જ પ્રદૂષણ નિયંત્રણમાં પગલાં લે તે માટે ઉદ્યોગોએ બોર્ડનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવવાનું રહે છે તથા ઉદ્યોગનું સ્થળ યોગ્ય છે કે કેમ તે અંગે જમીન બિનખેતીની મંજૂરી પહેલાં બોર્ડનો અભિપ્રાય લેવાનો રહે છે. વિવિધ કાયદાઓની જોગવાઈઓના અમલીકરણ માટે બોર્ડ દ્વારા કરવામાં આવતી કામગીરીમાં બોર્ડે તા. ૩૦-૧૧-૧૯૮૮ સુધીમાં સાધેલ પ્રગતિનું વિવરણ નીચે મુજબ છે :

પાણી અધિનિયમ, ૧૯૮૪ હેઠળ ગંદા પાણીના નિકાલ માટે મળેલ ૪,૭૩૩ અરજીઓમાંથી ૪,૬૭૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે તથા હવા અધિનિયમ, ૧૯૮૧ હેઠળ વાયુઓના વાતાવરણમાં નિકાલ માટેની ૨,૦૪૯ અરજીઓમાંથી ૧,૯૩૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ઉદ્યોગો માટે જમીન બિનખેતીની મંજૂરી બાબતે બોર્ડના અભિપ્રાયને લગતી ૩,૨૮૯ અરજીઓમાંથી ૩,૨૫૯ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે અને બોર્ડના ના-વાંધા પ્રમાણપત્રને લગતી ૩,૯૬૯ અરજીઓમાંથી ૩,૮૮૯ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

પર્યાવરણના પ્રદૂષણ બાબતે જનજાગૃતિ લાવવી ખૂબ જરૂરી છે. આ માટે બોર્ડ તરફથી પરિસંવાદ કાર્યશિબિર, તાલીમ કાર્યક્રમો, વિડીયો શો, ફિલ્મ્સ શો સ્લાઈડ શો, પોસ્ટર પ્રદર્શન વગેરેનું આયોજન કરવામાં આવે છે. બોર્ડે પર્યાવરણના વિષય પર "માનવ અને પર્યાવરણ" તથા "પર્યાવરણ અને પ્રદૂષણ" નામની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી છે. તેમ જ પર્યાવરણ અધિનિયમોની જોગવાઈઓના પાલનમાં ઉદ્યોગોને મદદરૂપ થઈ પડે તે માટે "પર્યાવરણના પ્રદૂષણ નિયંત્રણ માટેની માર્ગદર્શિકા" પ્રસિદ્ધ કરી છે.

વડોદરા અને ઔદ્યોગિક વિકાસ

આઈ.પી.સી.એલ. વિશાલ ઔદ્યોગિક સંકુલ

વડોદરાને દેશના ઔદ્યોગિક નકશામાં આગવું સ્થાન અપાવનાર ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશનની માર્ચ ૧૯૬૯માં સ્થાપના થઈ અને ગણતરીનાં વર્ષોમાં વિવિધ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી ઉભા કરાયેલા પ્લાન્ટોથી આઈપીસીએલનું વડોદરા ખાતે આવેલ સંકુલ પ્રવૃત્તિમય બની ગયું.

નજીકમાં જ આવેલ ગુજરાત રિફાઈનરીમાંથી મેળવવામાં આવતા નેફ્થાના રિફોર્મીંગ દ્વારા ઝાયલીન્સ અને ડામીથાઈલ ટેરેફથલેટ જેવા એરીમેટિકસ કમ્પાઉન્ડઝનું ઉત્પાદન કરતા પ્લાન્ટો ૧૯૭૩માં કાર્યરત થયા. ૧૯૭૮-૭૯ના ગાળામાં નેફ્થા કેર્કીંગની પ્રક્રિયા પર આધારિત ઓલિફિન્સ પ્રોજેકટ અને અન્ય ડાઉનસ્ટ્રીમ એકમો શરૂ થયાં. આ સાથે આઈપીસીએલનું વડોદરા સંકુલ એશિયાનું સૌથી વિશાળ સંકલિત પેટ્રોકેમિકલ્સ સંકુલ બન્યું.

ભારતની વૈજ્ઞાનિક, ટેકનીકલ અને સંચાલક શકિત માટે આઈપીસીએલ ઉભું કરી તેને કાર્યરત કરવાનો એક મોટો પડકાર હતો. મોટાભાગનાં ઉત્પાદનો નવીન પ્રકારનાં હતાં, ટેકનોલોજી, જટિલ હતી, આ ઉત્પાદનો માટે માર્કેટ ઉભું કરવાનું હતું અને આ નવા જ ક્ષેત્ર માટેની ટેકનીકલ ક્ષમતા મર્યાદિત હતી. ભારતીય ઈજનેરો, વૈજ્ઞાનિકો અને ટેકનોલોજીસ્ટોએ આ પડકાર સુપેરે ઝીલી લીધો અને વિવિધ પ્લાન્ટોમાં ઉપયોગમાં લેવાયેલ વિદેશી ટેકનોલોજી આત્મસાત કરી ડીસ્ટીલેશન કોલમ્સ, રીએકટરો, હીટ એક્ચેંજર્સ કેકર અને રિફોર્મર સહિતના ચૌદ પ્લાન્ટવાળું વિશાળ સંકુલ જોતજોતામાં સાકાર કરી દીધું.

આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર પ્લાસ્ટિકસ, સિન્થેટીક ફાઈબર, રબર, રસાયણો, સર્ફેકટન્ટસ અને સોલ્વન્ટસનું ઉત્પાદન શરૂ થયું. આઈપીસીએલને તેના લિનિયર આલ્કીલ બેન્જીન પ્લાન્ટ અને એકીલોનાઈટ્રાઈલ પ્લાન્ટમાં અદ્યતન ટેકનોલોજી આત્મસાત કરવા બદલ આઈપીસીએમએ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે.

આઈપીસીએલની એક વિશિષ્ટતા રહી છે કે તેના પ્લાન્ટો સ્થાપવાની સાથે સાથે જ સંશોધન અને વિકાસ કેન્દ્ર પણ ઉભું કરવામાં આવ્યું. રૂ. ૩૦ કરોડને ખર્ચે ઉભા કરાયેલ આ કેન્દ્રમાં કેટાલીસીસ, ઓર્ગેનિક કેમેસ્ટ્રી, મટીરીયલ સાયન્સ, કેમિકલ એન્જિનિયરીંગ, કેમિકલ ફિઝીકસ અને એનાલીટીકલ સ્પેટ્રોસ્કો જેવા ક્ષેત્રોમાં સંશોધનકાર્ય થાય છે. આ ઉપરાંત દેશના અન્ય પ્રતિષ્ઠિત સંશોધન - કેન્દ્રો સાથે પણ આદાનપ્રદાનના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પુનાની નેશનલ કેમિકલ લેબોરેટરી અને મુંબઈની એસોસિએટેડ સિમેન્ટ કંપનીઝ સાથેના આઈપીસીએલના સંયુકત સંશોધનને પરિણામે ઝાયલીન આઈસોમરાઈઝેશન માટે એન્સીલાઈટ કેટલીસ્ટ વિકસાવવામાં આવ્યો. ટેકનોલોજી આત્મસાત કરવાના આ વિશિષ્ટ પ્રયાસ બદલ ૧૯૮૫માં બીજી વખત આઈપીસી એલ આઈસીએમએ પારિતોષિક મેળવવાપાત્ર બન્યું.

આ ચાર વર્ષના ટૂંકા ગાળામાં પ્લાન્ટોની ઉત્પાદનક્ષમતા કરતાં ઉત્પાદનોનું વેચાણ વધી ગયું. આઈપીસીએલે ગ્રાહકો સુધી ઉત્પાદનો પહોંચાડવા માટે સુવ્યવસ્થિત વિતરણ વ્યવસ્થા ઉભી કરી છે. દેશભરમાં એકસરખા ભાવને કારણે ઉત્પાદનોની માંગ હંમેશાં વધતી રહી છે.

ગૃહ - વપરાશની પ્લાસ્ટિકની અનેકવિધ ચીજો ઉપરાંત પ્લાસ્ટિકસનો એક મહત્ત્વનો ઉપયોગ છે કૃષિક્ષેત્રે. અનાજના સંગ્રહ માટે કેપ કવર્સ, દૂધના પેકીંગ માટે, નહેરના લાઈનીંગ, ડ્રીપ સિંચાઈ તેમજ ફળોના પેકીંગ માટે પ્લાસ્ટિકસનો બહોળો ઉપયોગ થાય છે. ખેતીવાડીમાં પ્લાસ્ટિકસના ઉપયોગ અંગેની રાષ્ટ્રીય સમિતિની ભલામણમાંથી ઉભાં થનાર ૨૧ પ્લાસ્ટિકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટરોમાંનું પ્રથમ કેન્દ્ર આઈપીસી એલ ખાતે આકાર લઈ રહ્યું છે. ખેતી અને જળ - વ્યવસ્થા, બાગાયત, વનવિકાસ અને અન્ય સંબંધિત ક્ષેત્રોમાં પ્લાસ્ટિકસના ઉપયોગને પ્લાસ્ટિકલ્ચર કહેવામાં આવે છે. ખેતીવાડીની ઉત્પાદકતા વધારવા તેમજ ઉપલબ્ધ કુદરતી સાધનોની બચત કરવા આ પ્લાસ્ટિકલ્ચર પ્રવૃત્તિઓનો આઈપીસીએલ દ્વારા પ્રચાર અને પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

આઈપીસીએલનું અન્ય પ્રદાન છે ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં. તેની એક બનાવટ પોલીબ્યુટીડાઈન રબર ટાયર ઉદ્યોગ અને અન્ય રબરની ચીજવસ્તુઓ બનાવવામાં વપરાય છે. આઈપીસીએલનાં રસાયણો, ડીટર્જન્ટ, રંગો, જંતુનાશક દવાઓ, ફાર્માસ્યુટીકલ્સ વગેરેમાં વપરાય છે. બજારમાં મળતાં રંગબેરંગી ગૂંથેલાં સ્વેટરો, હોઝીયરી, વર્સ્ટેડ સૂટીંગ્ઝ, ધાબળા, ગાલીચા વગેરેમાં વપરાતું એક્રીલિક ફાઈબર એ આઈપીસી એલની પેદાશ છે. આઈપીસીએલનો માર્કેટીંગ વિભાગ પ્રોડકટ એપ્લીકેશન સેન્ટર દ્વારા ફાઈબર, પ્લાસ્ટિક અને રબરના પ્રોસેસરોને માર્ગદર્શન - સેવા પૂરી પાડે છે અને નવીન બનાવટોનાં વિકાસ - સંશોધન કરે છે.

પર્યાવરણની શુધ્ધિ પરત્વે સજાગતા

આઈપીસીએલ પર્યાવરણની જાળવણી અંગે સંપૂર્ણ સજાગ છે. તેના દરેક પ્લાન્ટમાંના પ્રદૂષિત જળને પ્લાન્ટમાં જ શુદ્ધ કરવામાં આવે છે અને ત્યારબાદ સેન્ટ્રલ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં તેને વધુ શુધ્ધ કરી સંકુલની બહાર નિકાલ કરવામાં આવે છે. વડોદરા આસપાસના ઉદ્યોગોમાંના પ્રદૂષિત જળનો નિકાલ કરવા માટે બનાવવામાં આવેલ "વડોદરા એફ્લુઅન્ટ ચેનલ"માં પણ મોટો ફાળો આપીને આઈપીસીએલ ભાગીદાર બન્યું છે.

નૈસર્ગિક સંપત્તિને તેના મૂળ સ્વરૂપમાં જાળવી રાખવાના આશયથી એક તળાવ અને પક્ષી ઓનું અભ્યારણ્ય ઉભું કરવામાં આવ્યું છે. પક્ષીઓના કિલકિલાટ, નયનરમ્ય પુષ્પો અને આસપાસનાં લીલાંછમ વૃક્ષો પ્રવાસીઓને આકર્ષવા અહીં મોજૂદ છે. પાસે જ મહીનાં કોતરોવાળા પ્રદેશમાં અનેકવિધ વૃક્ષોવાળું ગાઢ વન પણ વિકસાવવામાં આવ્યું છે. આઈપીસીએલના શુધ્ધ કરેલા પ્રદૂષિત જળના ઉપયોગથી જુદા જુદા પાક ઉગાડવામાં આવે છે. કુદરતી સંપત્તિની રક્ષા કરવા આઈપીસીએલ કટિબધ્ધ છે એ વાતની તેના આ પ્રયોગો પ્રતીતિ કરાવે છે.

સુરક્ષા કામગીરી :

સુરક્ષા ક્ષેત્રે આઈપીસીએલની કામગીરી નોંધપાત્ર રહી છે. સુરક્ષાને અગ્રિમ સ્થાન આપવામાં આવ્યું છે. પ્રત્યેક વર્ષે ૩૦ લાખ કરતાં વધુ અકસ્માતરહિત માનવકલાકો નોંધાવીને સતત ત્રણ વખત અમેરિકાની નેશનલ સેફ્ટી કાઉન્સિલ તરફથી પ્રદાન થતો એવોર્ડ ઓફ ઓનર આઈપીસીએલે મેળવ્યો છે.

મહારાષ્ટ્ર ગેસ ક્રેકર કોમ્પ્લેક્ષ :

વિશાળ સંકુલના સફળ સંચાલનની સુંદર કામગીરીને પરિણામે મહારાષ્ટ્રમાં અંબા નદીને કાંઠે આવેલ નાગોઠણે ખાતે રૂ. ૧૧ કરોડના મૂડીરોકાણથી પેટ્રોકેમિકલ્સ સંકુલ ઉભું કરવાની જવાબદારી આઈપીસીએલને સોંપવામાં આવી છે. આ સંકુલમાં હાથ ધરવામાં આવનાર લો ડેન્સિટી પોલીએથીલીન (એલડીપીઈ), લિનિયર લો ડેન્સિટી પોલીએથીલીન (એલએલડીપીઈ), હાઈ ડેન્સિટી પોલીએથીલીન (એચડીપીઈ) અને પોલીપ્રોપીલીન (પીપી) જેવી થર્મોપ્લાસ્ટિક રેઝીન્સની શ્રેણીનું ઉત્પાદન દેશમાં વધતી જતી માંગને મહદંશે પહોંચી વળશે.

આ ઉપરાંત ઝાયલીન્સ પ્લાન્ટની ઉત્પાનક્ષમતા બેવડી કરવાની વિસ્તરણ યોજના અને કોપોલીમર પોલીપ્રોપીલીન પ્લાન્ટ અને બાયકમ્પોનન્ટ એક્રિલિક ફાઈબર પ્લાન્ટ વડોદરા સંકુલ ખાતે આકાર લઈ રહ્યો છે.

આઈપીસીએલે ગામડું, કપાસ, ઊન અને તેલ જેવાં દુર્લભ થતાં જતાં કુદરતી સાધનોના વિકલ્પો પૂરા પાડીને, ઠીકઠીક પ્રમાણમાં વિદેશી હુંડિયામણની બચત કરીને તેમજ દેશના અર્થતંત્ર માટે મહત્ત્વના કૃષિક્ષેત્રે પાણીની બચત અને અનાજના સંગ્રહ માટે પોતાના નોંધપાત્ર પ્રદાન દ્વારા અર્થતંત્રને સબળ ટેકો પૂરો પાડયો છે.

ગોરવા

- શ્રી દલસુખ સી. પ્રજાપતિ (મેયર)

સૃષ્ટિના સર્જનહારે સર્જન નવસર્જન અને વિસર્જનની પ્રક્રિયાને સાહજિક બનાવી દીધી છે. સમગ્ર સમયનું કામ કર્યે જાય છે, અને આપણે નિમિત્ત બનીએ છીએ. ૧૯૬૧ની વસ્તીગણત્રી પ્રમાણે વડોદરા શહેરની વસ્તી ત્રણેક લાખની હતી. આજે વડોદરા શહેર ૧૦ લાખની વસ્તી ધરાવતું રાજય અને દેશનું અગ્રીમ શહેર ગણાય છે.

૧૯૫૭થી શરૂ થયેલ બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન વડોદરા શહેરને ઔદ્યોગિક શહેર તરીકે વિકસાવવાનો નિર્ણય રાજયસરકારે કરતાં વડોદરાને વિકસાવવા માટેની અનેક તકો પ્રાપ્ત થઈ છે.

૧૯૬૪ સુધી વડીવાડી એ શહેરનો છેવાડેનો ભાગ ગણાતો અને તે પણ ગ્રામ્ય વિસ્તાર જ રહ્યો હતો. ત્યાં વિકાસની કોઈ વિશિષ્ઠ પરિસ્થિતિ સર્જાઈ ન હતી.

૧૯૬૪માં વડીવાડીથી આથમણો ગ્રામ્ય વિસ્તાર પણ શહેરના વિસ્તારમાં ઉમેરવામાં આવ્યો જેમાં ગોરવા ગ્રામ પણ શહેરમાં સમાવિષ્ટ થયું. અને ૧૯૬૬થી વડોદરા શહેર સુધરાઈને વહીવટી ક્ષેત્રે મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવામાં આવ્યો. નગરરચના અને શહેર આયોજન દ્વારા ગોરવાને ઔદ્યોગિક ઝોનમાં મૂકવામાં આવેલ વિસ્તાર હતો.

૧૯૬૬ પહેલાં વડીવાડીથી આથમણા વિસ્તારમાં પહોંચવું દુષ્કર હતું. રસ્તાઓનો અભાવ, ઝાડી, ખેતરો અને ગામડાં તેનું મૂળ સ્વરૂપ હતું. કોઈ એકલ-દોકલ વટેમાર્ગુ ભાગ્યે જ અવર-જવર કરી શકે ! વાહનવ્યવહારની કલ્પના તો કરાય જ કેવી રીતે ?

૧૯૬૬માં વડોદરા શહેરનું આયોજન - ટાઉન પ્લાનીંગ - કરવામાં આવ્યું ત્યારે ૧૯૯૦ સુધીમાં વડોદરા શહેરની વસ્તી ત્રણ લાખથી વધીને ૧૫ લાખની થાય તો પણ તે વસ્તીને પ્રા. શિક્ષણ, પાણી, ગટર, વીજળી, રસ્તા, નાગરિક પુરવઠો વગેરે પ્રાથમિક સગવડોની સુવિધાઓ પણ અંદાજવામાં આવેલ હતી.

વડોદરા શહેરને આંગણે ગુજરાત રીફાઈનરી, આઈ. પી. સી. એલ., પેટ્રોકેમીકલ સંકુલ, નંદિસરી, ગોરવા, મકરપુરાની જી. આઈ. ડી. સી. અનેક નાનાંમોટાં કારખાનાં નંખાતા ગયાં તેમ તેમ વડોદરા શહેરનો વિકાસ કુદકે ને ભુસકે થતો ગયો.

ગોરવા ગ્રામ ૧૯૬૪માં ત્રણેક

હજારની વસ્તી ધરાવતો વિસ્તાર હતો. પશુપાલન અને ખેતીનો મુખ્ય વ્યવસાય લોકો કરતા, ગ્રામજનો સંપીને રહેતા. આજે તેની સીકલ બદલાઈ ગઈ છે. ગોરવા વિસ્તારમાં અને તેની રેવન્યુ હદમાં આજે ૧૦,૦૦૦ પરિવારો અને ૪૦,૦૦૦ની વસ્તી છે.

ગોરવા વિભાગના વિકાસ માટે ગોરવા રેવન્યુ વિસ્તારની જમીનો જે ઔદ્યોગિક ઝોનમાં હતી તેને સર્વપ્રથમ રહેઠાણના ઝોનમાં પલટવી પડી. અને રહેઠાણો માટે વિવિધ પ્રકારની સોસાયટીઓમાં આયોજનો થવા માંડયાં.

ઔદ્યોગિક વિસ્તારના કારણે ગુજરાત રાજય હાઉસીંગ બોર્ડે પણ ગોરવા વિસ્તારમાં રસ દાખવીને ફ્લેટસ સીસ્ટમનાં હજારો મકાનો બાંધ્યાં છે. જેમાં લો કોસ્ટ હાઉસીંગ સ્કીમ, ફ્લેટ્સ, ટવીન ફ્લેટ્સ, સ્વાતંત્રય સેનાનીઓ માટેની સ્કીમનાં મકાનો અને હટ્સનો સમાવેશ થાય છે.

૧૯૬૪થી જ મને એક કાર્યકર તરીકે ગોરવામાં કંઈક કરવાની તમન્ના હતી. પરિણામે ૧૯૭૦-૭૧માં મેં અને મારા સાથીઓએ હા. સોસાયટીઓ ઓર્ગેનાઈઝ કરવાનું તેમજ મકાનો બાંધવાનું કામ હાથ પર લીધું.

૧૯૮૦ સુધીમાં તો અમે આ ક્ષેત્રમાં ગણનાપાત્ર કામ કર્યું ત્યારે બીજા પણ અનેક પ્રશ્નો ઉભા થતા ગયા.

ગોરવા વિસ્તારમાં માત્ર નગરપાલિકાની ધો-૭ સુધીની શાળા માત્રથી શિક્ષણ અંગે સંતોષ માની શકાય તેમ ન હતો. તેથી અમને ગોરવા વિભાગના કાર્યકરોએ અમે ઓરગેનાઈઝ કરેલી સોસાયટીઝના સભ્યશ્રીઓ, સોસાયટીઝના હોદ્દેદારો આગેવાનો સર્વેને સાથે રાખીને ગોરવા હાઉસીંગ સોસાયટી એજયુકેશન ટ્રસ્ટ નામની સંસ્થા ઊભી કરી હતી.

ગોરવા વિભાગમાં એક માત્ર મહાદેવનું મંદિર હતું. છેલ્લાં પચ્ચીસ વર્ષમાં સાંસ્કૃતિક વિકાસની દૃષ્ટિએ શ્રી અંબાજી માતાનું મંદિર, શ્રી સત્યનારાયણ ભગવાનનું મંદિર, રામેશ્વર મહાદેવનું મંદિર, શ્રી ગોરખનાથજી મહાદેવનું મંદિર વગેરે ધાર્મિક સ્થાનોનું સર્જન થયું છે. અહીં તમામ મંદિરોએ વાર - તહેવાર તેમજ નવરાત્રી, શ્રાવણ માસ, ચૈત્ર માસમાં વિશિષ્ટ ઉત્સવોનું આયોજન થાય છે અને સત્કર્મીઓ પરમાર્થનું ભાથું પણ બાંધે છે.

ગોરવા વિસ્તારમાં ૧૪૦ કરતાં વધુ સોસાયટીઓ છે. મુળ ગ્રામ પણ છે. સોસાયટીના તેમજ મૂળ ગામના વિસ્તારમાં પાણીની પાઈપલાઈન, નળ, વીજળી, ડ્રેનેજની સગવડો છે. વરસાદી ગટરની વ્યવસ્થા માટેનું પણ સમગ્ર વિસ્તાર માટે આયોજન થયેલું છે.

ગોરવા વિસ્તાર મૂળ શહેરના વિસ્તારથી થોડો જુદો પડે છે. અહીં શહેર - સભ્યતા તેમજ ગ્રામસંસ્કૃતિનું સંમિશ્રણ ધરાવતી પ્રજા છે. જેમાં આજે પણ એકતાનાં દર્શન થાય છે.

ગોરવા વિસ્તારમાં ઝૂંપડપટ્ટીઓ પણ છે. તેમને પણ સસ્તાં અને પાકાં મકાનો બને તેવાં આયોજનો સરકારશ્રીમાં રજૂ કરેલાં છે. ગોરવા વિસ્તારના રસ્તાઓનું કામ રાબેતા મુજબનું થતું જાય છે. પરંતુ નવિન વિસ્તારોનું બાંધકામ અને તેની ટી. પી. સ્કીમ પ્રમાણે સૂચવાયેલા રસ્તાઓની ભૂમિ સમતલ નહીં હોવાના કારણે માખણીયા રસ્તા બની શકયા નથી, પરંતુ ભવિષ્યના આયોજનમાં તે કામ પણ થઈ થકશે.

ગોરવા ગ્રામની ભાગોળે વૃન્દાવનબાગ બનાવવાનો નિર્ણય કોર્પોરેશને કર્યો છે, જે એક સીમાચિહ્ન રૂપ છે.

ગોરંવા વિસ્તારના અમારા સાથી કાર્યકરો, આગેવાનો અને વડીલોએ ગોરવા વિસ્તારના વિકાસ માટે પુરતો સહકાર, સૂચનો અને માર્ગદર્શન આપ્યાં છે. કયારેક કેટલાક પ્રશ્નોના ઉકેલો માટે આંતરિક અવરોધો પણ નડયા છે, તેમ છતાં પણ ગોરવા વિસ્તારની વિકાસકૂચ જારી છે.

ગોરવાના વિસ્તાર સાથે સંકળાયેલા ગોત્રી, સુભાનપુરા, ધર્માપુરા, ઓધવપુરા, લક્ષ્મીપુરા વગેરે ગ્રામ્ય વિસ્તારોની પણ કાયાપલટ સંપૂર્ણપણે થઈ શકે તેમ છે. આ બધા જ વિસ્તારોમાં સંખ્યાબંધ હાઉસીંગ સોસાયટીઓ બની ગઈ છે અને હજી પણ બની રહી છે. રહેઠાણો સાથે ડ્રેનેજ, નળ, પાણીની પાઈપ લાઈન, વરસાદી ગટર, લાઈટ, રસ્તાઓ તેમજ પ્રાથમિક શિક્ષણને લગતા વિવિધ પ્રશ્નો હાથ ધરાઈ રહ્યા છે. ગોત્રી, સુભાનપુરા, ઓધવપુરા, લક્ષ્મીપુરા વગેરે ગામોના કાર્યકરો પણ શહેર વિકાસ અને સુવિધાઓની દૃષ્ટિએ લોકપ્રશ્નો ઉકેલવામાં ખૂબ સારો રસ લઈ રહ્યા છે. અને તેમનો સાથ-સહકાર પણ ગણનાપાત્ર છે જ.

ગોરવા ગામનો વિકાસ તે વિસ્તારમાં વસતી જનતાને આભારી છે. તેના વિકાસમાં ગોરવા વિસ્તારની જનતાની વિભાવનાઓ-લાગણીઓ, તેમના ગમા-અણગમા,, સૂચનો, માર્ગદર્શનો હંમેશાં ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. તેમ છતાં પણ જાહેર જીવનના હિતમાં જે જરૂરી હોય તે અંગેની રજૂઆતો સાથેના નિર્ણયો પણ લેવાયા છે.

ગોરવા વિસ્તારનો વિકાસ ગોરવા ગૌરવને વધારે તે રીતે થાય તેવી અપેક્ષા વર્ષોથી સેવાઈ રહી છે અને તે પ્રમાણે કાર્યવાહી ચાલુ છે. ગોરવા એ વડોદરા શહેરનું ગૌરવ બને તેવી લાગણીઓ જાહેર જનતા અને કાર્યકરોમાં અભિપ્રેત છે.

સહકારની ગંગોત્રી "અન્યોન્ય" બેંક

પુણ્યશ્લોક કે. શ્રીમંત સયાજીરાવ મહારાજ ગાયકવાડજીની વડોદરા નગરી સંસ્કારી ગણાતી તેનું કારણ પ્રૌઢ શિક્ષણ, સ્ત્રીશિક્ષણ, સહકાર મંડળીની શરૂઆત, પ્રજા માટે વિવિધ સુવિધાઓ આવી વિવિધ સમાજલક્ષી યોજનાઓનો ઉગમ અને વિકાસ આ રાજયમાં થયો.

સહકારી ચળવળના હિમાયતી કે. ભાઉસાહેબ કવઠેકરજી પ્રખર અર્થશાસ્ત્રી હતા. તેઓ સને ૧૮૭૨માં વડોદરામાં આવ્યા. તેઓશ્રી લોકમાન્ય ટિળકજીના સહાધ્યાયી હતા. આધુનિક આર્થિક વિચારોથી, પ્રેરાયેલા હતા. શાહુકારના સકંજામાંથી ગરીબ અને મધ્યમ વર્ગ મુકત થાય એવો પ્રબળ વિચાર તેમને અસ્વસ્થ કરતો. તેમનો મિત્રપરિવાર બહોળો હતો, અને જયારે તેઓ મિત્રો સાથે મળતા ત્યારે આ શાહુકારનાં શોષણોની ચર્ચા થતી. આપણે ભેગા મળીને કંઈ બચત કરીએ અને તેમાંથી જરૂરિયાતવાળા લોકોને આર્થિક મદદ પુરી પાડીએ તો તે આવકારદાયક છે એવું વારંવાર કહેતા. પરંતુ આવી ચર્ચા વખતે પરંતુ આવી મંડળી કોણ ચલાવશે ? વર્ગણીદાર કોણ થશે ? મંડળી બરાબર ન ચાલે ને નુકસાન થાય તો શું ? આવા સવાલો ઊભા થતા અને કવઠેકરજી બધા જ સવાલના જવાબ વ્યવસ્થિત રીતે આપતા. એક વખત આવી જ ચર્ચા વિચારણા ચાલી રહી હતી ત્યારે શ્રીરામ કૃષ્ણપંત ગાનુએ હાથમાં કાગળ અને હોલ્ડર લઈ કહ્યું. "ભાઉ સાહેબ, તમે મંડળી માટેનો ઠરાવ કહો હું લખી નોંખું છું" એમ કહ્યું અને મંડળી ચાલુ કરવા નીચેના સભ્ય સંમત હોઈ તે દર માસે તેઓના નામ સામે લખેલી જમા કરશે તેવો ઠરાવ લખવામાં આવ્યો. એકત્ર થયેલી રકમ બેંકમાં જમા કરવી અને તેની પાસબુક રા. રા. હરિ લક્ષ્મણ કવઠેકર એમની પાસે મૂકવી આ મંડળીનું નામ "અન્યોન્ય સહાય્યકારી મંડળી લિ." રાખવું.

આ ઠરાવ લખવામાં આવ્યો તે વખતે તે લોકોને ખ્યાલ સુધ્ધાં ન હોય કે આ રીતે આપણે દેશની સર્વપ્રથમ સહકારી મંડળીની સ્થાપના કરી ચુકયા છીએ. આ દિવસ હતો વસંત પંચમી અને તારીખ હતી ૫-૨-૧૮૮૯.

સો વરસ પહેલાં શરૂ થયેલ આ સંસ્થાના શરૂઆતમાં ૨૩ વર્ગણીદાર હતા અને રૂા. ૭૫/- ભંડોળ ભેગું થયું. વર્ષના અંતે રૂા. ૮૭૩/-નું ભંડોળ હતું. પ્રથમ ધીરાણ તા. ૯-૩-૧૮૮૯ના દિવસે વૈયકતીક જામીન ઉપર અપાયું, જયારે તા. ૧૫-૮-૧૮૮૯ના દિવસથી અન્ય વર્ગણીદારના જામીનકી ઉપર રૂા. ૧૭૫/-નું ધીરાણ અપાયું. પછી તો ધરિ ધરિ ઘરેણાની તારણ સામે, જમા બચતની તારણ સામે ધીરાણો આપવાની શરૂઆત થઈ.

સને ૧૯૧૨માં સહકારી કાયદો અમલમાં આવ્યો ત્યારે વર્ગણીદારનું રૂપાંતર સભાસદોમાં થયું અને મંડળીનું સંચાલન સહકારી કાયદાન્વયે થવા લાગ્યું. ૧૯૯૫ સુધી વર્ગણીદારમાંથી જ કાઉન્સીલરોની નિમણુંક થઈ હતી, જે ૧ ની સંખ્યાથી ચાલુ થઈ પાંચ સુધીની થઈ હતી. આ કાઉન્સીલરો વિના વેતન કામ કરતા અને વાર્ષિક સમારંભમાં તેઓને ભેટ આપી સત્કારિત કરવામાં આવતા. ૧૯૯૮-૯૯નાં વર્ષથી સંચાલક મંડળ અસ્તિત્વમાં આવ્યું ત્યારે તેના પ્રથમ કાર્યકારી વ્યવસ્થાપક શ્રી વિઠ્ઠલ ઉર્ફે ભાઉસાહેબ લક્ષ્મણ કવઠેકરજી હતા.

સને ૧૯૧૨ના કાયદા પછી મંડળીના સંચાલનમાં વધારે સુત્રતા આવી. સભાસદોની સંખ્યા વધવા લાગી તેમજ થાપણોની વિવિધ યોજનાઓ અસ્તિત્વમાં આવી જેમાં ફરજીયાત બચત, સેવીંગ્સ બેંક, લાંબી મુદતની થાપણ, કરંટ વિગેરેનો સમાવેશ હતો. મંડળીના કુશળ વહીવટના લીધે સભ્યસંખ્યામાં નોંધપાત્ર વધારો થવા લાગ્યો તેમજ ધીરાણની માગણીઓ પણ વધવા લાગી. તેથી આ માંગણીઓ સંતોષવા માટે તા. ૫-૧૧-૧૯૩૯થી બિનસભાસદોની થાપણો સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી.

મંડળીનો વધતો જતો વિકાસ અને થાપણોનું વધતું પ્રમાણ જોઈ વ્યવસ્થાપક મંડળે ૧૯૨૫ના વર્ષમાં મકાનની સામે અને ૧૯૨૬માં વેપાર માટેનું ધીરાણ શરૂ કર્યું.

મંડળીની શરૂઆત કે. કવઠેકરજીના મકાનમાં થઈ અને ત્યાંથી કે. દાજીસાહેબ તાંબેના મકાનમાં ગઈ. સને ૧૯૩૭માં મંડળીની પોતાની "પ્રતાપ" બિલ્ડીંગ બંધાઈ અને તેમાં કામકાજ શરૂ થયું. આ જે પણ બેંકની મુખ્ય કચેરી આજ બિલ્ડીંગમાં છે.

અન્યોન્ય સહાય્યકારી મંડળી લિ.નો હીરક મહોત્સવ સને ૧૯૪૯માં અને અમૃત મહોત્સવ સને ૧૯૬૪માં ઉજવાયા. તે વખતે મંડળીની સભાસદ સંખ્યા, કુલ ભંડોળ અને ધીરાણ અનુક્રમે ૪૯૬૯, ૬૯૨૯, રૂા. ૨૮,૦૭,૧૬૬ અને રૂા. ૪૨,૮૬,૬૫૧, રૂા. ૧૪,૮૧,૫૦૧ અને રૂા. ૨૩,૪૩,૦૩૬ હતું.

સને ૧૯૬૬માં ભારત સરકારે બેંકીંગ રેગ્યુલેશન એકટમાં ફેરફાર કરી સહકારી મંડળીઓને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અંકુશ હેઠળ લાવી તેથી અન્યોન્ય સહાય્યકારી મંડળી લી.નું રૂપાંતર અન્યોન્ય સહાય્યકારી મંડળી કો. ઓપરેટીવ બેંક લી.માં થયું. ૧૯૬૯માં પ્રમુખ વેપારી બેંકોનું રાષ્ટ્રીયકરણ થયા પછી સમગ્ર દેશમાં નાગરિક સહકારી બેંકોનો ઝડપથી વિકાસ થયો. સહકારી બેકીંગ પ્રવૃત્તિને વેગ મળ્યો. સંચાલક મંડળ પણ રીઝર્વ બેંક તરફથી મળતા આવકારથી પ્રેરાઈ બેંકોની શાખાઓ ખોલી વધુ લોકોને બેંકીંગનો લાભ મળે તેવા પ્રયત્ન કરવા લાગ્યું, જેના ફળસ્વરૂપે આજે "અન્યોન્ય"ની મુખ્ય ઓફિસ સાથે સાથે ત્રણ શાખાઓ પણ કાર્યરત છે.

અન્યોન્ય સહાય્યકારી મંડળી કો. ઓપ. બેંક લી. આ સંસ્થાએ વડોદરાની જનતાનો અપાર સ્નેહ અને વિશ્વાસ સંપાદન કર્યો છે. બેંકનું કાર્યકારી ભંડોળ આજની તારીખે રૂા. ૨૫ કરોડ ઉપરાંત હોઈ રૂા. ૨૨ કરોડની થાપણો છે. રૂા. ૧૨ કરોડનું ધિરાણ હોઈ ૧૫૦૦૦ ઉપરાંત બેંકના સભ્યો છે. લોકમાનસમાં "અન્યોન્ય બેંક"નું સભાસદ હોવું એ વિશેષ ગૌરવરૂપ છે. એવી ભાવના-લાગણી છે. સંસ્થાની પ્રગતિનો ખ્યાલ નીચે જણાવેલા ચાર્ટ પરથી આવી શકશે.

રિઝર્વ બેંકે રાષ્ટ્રીય વિકાસમાં સહકારી બેંકોનો ફાળો હોય તે હેતુથી વિવિધ વ્યવસાયલક્ષી ધીરાણો સહકારી બેંકોએ કરવાં જોઈએ તેવી નીતિ નકકી કરેલ હોઈ આપણી બેંકે આવા હેતુ માટે ૫૦% સુધીનું ધીરાણ આપેલ છે.

જયારે જયારે જિલ્લા સ્તરે અથવા રાજય સ્તરે કોઈ નૈસર્ગિક આપત્તી આવે છે ત્યારે બેંક ઉદારતાથી ફાળો આપી સામાજિક ઋણ અદા કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી કારમા દુષ્કાળમાં પીડાતા લોકોને મદદ કરવા મુખ્યમંત્રી રાહત ફાળામાં બેંકે રૂા. દોઢ લાખનો ફાળો આપી શતાબ્દિ વર્ષના કાર્યક્રમની શરૂઆત કરેલ છે.

અમૃત મહોત્સવની કાયમી યાદ રહે એ હેતુથી બેંકે એક અલગ ફંડ ઊભું કરેલ હોઈ તેના વ્યાજમાંથી સભાસદોના પાલ્યોને પુસ્તકોની અને ફીની મદદ કરવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપો આપવામાં આવે છે.

શતાબ્દિ મહોત્સવની કાયમી યાદ માટે પણ સભાસદોને અન્ય લાભ આપવાની યોજના વિચારાધીન છે.

બેંકનું સંચાલક મંડળ અને કર્મચારીગણ તેમજ બેંકના જાગરૂક સભાસદો બેંકનો સર્વાંગી વિકાસ થાય, વધુ શાખાઓ ખોલી વધુ ને વધુ લોકોને બેંકીંગ સેવાનો લાભ મળે તે માટે અથાગ પ્રયત્ન કરી રહ્યા છે.

સને ૧૮૮૯માં સ્થપાયેલ આ સહકારી બીજનું વટવૃક્ષમાં રૂપાંતર કરવામાં ઘણાખરા માજી સંનિષ્ઠ કાર્યકરોનો અમૂલ્ય ફાળો છે, જેમાં સંસ્થાપક કે. વિ. લ. કવઠેકર, કે. નથૂ હરી શેવ, કે. દાદાસાહેબ ઘોરપડે, કે. મેજર જાધવ, કે. દાજીસાહેબ તાંબે, કે. ચિ.ગો. જોશી, કે. વિ. પાં. નેને , કે. ડૉ. બા. ત્રિ. આંભેગાંવકર, કે. ભા. ચ. કાનિટકર, કે. જી. વી. વણીકર, આ મહાનુભાવોનો ઉલ્લેખ કરવો અગત્યનો છે. આ મહાનુભાવોની સ્મૃતિ કાયમી અને પ્રેરણારૂપ છે.

બેંકના ખાતેદારો અને સભાસદોએ જે અતૂટ સ્નેહ અને વિશ્વાસ બેંક ઉપર મુકેલ છે તે માટે સંસ્થા તેઓની ખૂબ ખૂબ આભારી છે.

નિયોમર

નિયોમર એ A.C.W. કંપની લિ.નું ડિવિઝન છે. કે જે આપણા દેશમાંનં પ્રોબીપ્રોપલીન સ્ટેટલ ફાઈબરનો એક માત્ર ઉત્પાદક છે. અને નિયોમર એ સિન્થેટીક ફાઈબર કુટુંબમાં એક પ્રવેશક છે. આ પ્લાન્ટ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના પાનેલાવ ગામની બાજુમાં આવેલો છે.

પ્રોપ્લોનના નામ નીચે પ્રોલિપ્રોપલીન સ્ટેપર ફાઈબરનું ઉત્પાદન કરનાર નિયોમર એ ગુજરાતમાં આ પ્રકારના ઉત્પાદન માટે મોખરાનું સ્થાન ભોગવે છે. પ્રોપલીનમાંથી ઈન્ડસ્ટ્રીયલ ફિલ્ટર ફેબ્રિકસ, નીટીંગ અને હોજયરી | યાર્ન કારપેટ અને ગારમેંટ બલેન્કેટર્સ કારચેનલર્સ ફરફેબ્રિકસ વિગેરે બનાવવામાં આવે છે. પ્રોપલોન ફાયબરના સ્વાભાવિક રીતે અજોડ ગુણધર્મને કારણે એના આટલા બધા ઉપયોગો થાય છે. નિયોમરના પ્લાન્ટમાં પ્રોપલોન ફાયબરના સ્વભાવિક રીતે અજોડ ગુણધર્મને કારણે એના આટલા બધા ઉપયોગો થાય છે. નિયોમરના

પ્લાન્ટમાં પ્રોપલોન ફાઈબર 3 Dnn થી ૬૦ Dnn સુધીની રેંજવા ળા બનાવવામાં આવે છે.

આ ફાઈબર ૩૦, ૪૦, ૫૦, ૬૦,

૮૦, ૯૦, ૧૦૦, ૧૨૦, ૧૫૦ (M.M.) મિલીમીટરની સ્પેટલ લંબાઈમાં મોકલવામાં આવે છે. પ્રોપલોન ફાઈબરની બનાવવાની પદ્ધતિ આઈસોટેકનિક પ્રોલીપ્રોપલીન રેઝીનની મેલ્ટ સ્પિનીંગ પદ્ધતી છે. પ્રોપલીન ફાઈબરને રેશામાં રૂપાંતર કરતા પહેલાં પોલીમરમાં એન્ટી ઓકસીડન્ટ (Anti Oxieant) (Dalustrants) ઉમેરવામાં આવે છે. રેષામાં રૂપાંન્તરીત ફિલામેન્ટ પિગળેલી સ્થિતિમાં હોવાથી તેમને ઠંડા પાડવામાં આવે છે. ખેંચવામાં આવે છે. એનિલિંગ કરવામાં આવે છે. કકરા કરવામાં આવે છે. (Criuped) અને પછી સ્ટેપલર્સના સ્વરૂપમાં કાપવામાં આવે છે.

પ્રોપલીન ફાઈબરના ગુણધર્મો નીચે મુજબ છે.

નિયોમરની ૬૦૦ મેટ્રિક ટનની લાઈસન્સ ઉત્પાદકક્ષમતા છે અને દર વર્ષે ૪૩૦૦ મેટ્રિક ટન જેટલા પોલિપ્રોપલિન સ્ટેપલ ફાઈબરનું ઉત્પાદન કરવાની સ્થાપિત ક્ષમતા છે. નિયોમરનું ઉત્પાદન ૧૯૭૭ના વર્ષમાં શરૂ થયું હતું. આ ફાઈબરનું વેચાણ શરૂઆતમાં ઘણુ ઓછું હતું. કારણ કે આ ફાઈબર આપણા દેશ માટે તદ્દન નવો છે. નીચે આપેલા વેચાણના આંકડા છેલ્લા પાંચ વર્ષના ચાર્ટ બતાવે છે. જે આ કંપનીના વિકાસની પારાશીશી સમાન છે.

નિયોમર સૌથી સુંદર ઝડપી પ્રગતિ હાંસલ કરી છે. તેમ છતાં અમુક કારણને લીધે નિયોમરના વિકાસનો દર ઉપર અસર પડે છે. જે નીચે મુજબ છે.

(૧) એકસાઈઝ ડયુટી પ્રોલીપોપલીન સ્ટેપલ ફાઈબર એકસાઈઝ ટેરીફના "હેડ" રૂપમાં

આવરી લેવામાં આવ્યા છે અને અલગ રીતે વર્ગીકરણ કરવામાં આવતું નથી. નિયોમરની નિયમિત વિનંતિને માન આપી .ગવર્મેન્ટ ૧૯૮૬ના વર્ષ સુધી એકસાઈઝ ડયુટીમાંથી મુકિત આપી છે. પણ આ મુકિત કાયમના માટે મળશે નહિ. તે ટુંક સમય માટે આપવામાં આવી હતી. એકસાઈઝ ડયુટીની અચોકકસતા ફાયબરના બજારમાં વિકાસ માટે વાંધારૂપ છે. ૧૯૮૬માં સરકારે દર કિલો ૫ રૂ. ૬૮ પૈસા પ્રમાણે એકસાઈઝ ડયુટી વસુલ કરી ૧૯૮૭ના વર્ષમાં દર કિલોએ ૭ રૂ. ૯૮ પૈસા સુધી વધારી અને ૧૯૮૮માં દર કિલોએ ૮ રૂ. ૩૦ પૈસા સુધી વધારી ૧૯૮૮માં સરકારે માનવ સર્જિત સેવાઓમાં એકસાઈઝ ડયુટીના દરને ઘટાડયો જ્યારે પોલીપ્રોપલીન સ્ટેપલ ફાઈબરના કેસમાં કોઈપણ જાતની છુટછાટ મુકવામાં આવી નહીં આના લીધે નીયોમર વાંધાજનક સ્થિતિમાં મુકાઈ ગયું. આ પરિસ્થિતને કારણે વપરાશકારો તેમની પોતાની જરૂરિયાતો માટે બીજા સસ્તા રેષાઓ શોધવા પડયા. નિયોમરના ત્રિકોણિયા આડછેદવાળા ફાઈબર આ

ઉદ્યોગોમાં સારી રીતે સ્વીકારવામાં આવ્યા છે.

(૩) જ્યો-ટેકસટાઈલ્સ

પૃથ્વીના પેટાળમાંથી મેળવવામાં આવતા સોઈલ મટીરીયલ સાથે જ્યો ટેકસટાઈલ્સ ઉપયોગમાં લેવામાં આવે છે. ફેબ્રિકસને વણી શકાય છે. આ ફેબ્રિકસનું અલગ પાડવાની પ્રક્રિયામાં ડ્રેનેજમાં ફિલ્ટ્રેશનમાં ઉપયોગ થાય છે. પોલી પ્રોપલીન જ્યોટેકસટાઈલ ખાસ કરીને યુ.એસ.એ., યુરોપ, યુ.કે. અને અન્ય વિકાસશીલ દેશોમાં વધુ વપરાય છે. આપણા દેશમાં રેલ્વેએ આ ફેબ્રિકસની અજમાયશ કરી છે. અને અજમાયશ સફળ સાબિત થઈ છે. દક્ષિણ ઉત્તર, મધ્ય અને બીજી રેલ્વે સત્તાવાળાઓએ પોલીપ્રોપલીન જ્યા ટેક્ષટાઈલ ફેબ્રિકસના પોતાના વપરાશ માટેની સતત માંગણીઓ મુકવા માંડી છે.

એલેમ્બિક લિ.

એલેમ્બિક કેમીકલ વર્કસએ ભારતના નકશામાં એક જાણીતું ઔદ્યોગીક સંકુલ તરીકે સ્થાન મેળવેલ છે. આ કંપનીની સ્થાપના કરવામાં મહાન સાયન્ટીસ્ટ શ્રી ટી.કે. ગજજરનો ઘણો મોટો ઉમદા ફાળો છે.

એલેમ્બિક · એટલે "Distiling Aparates' એટલે કે વરાળીકરણ અને ઘનીકરણથી મોટા પાયા પર સ્પીરીટ બનાવતુ સાધન એટલે એલેમ્બિક.

સ્થાપનાના વિકાસમાં પ્રો. ટી.કે. ગજજર ઉપરાંત તેમના શિષ્યો પ્રો. ભાસ્કર કે જે બોમ્બે યુનિ. ગોલ્ડ મેડાલિસ્ટ હતા. ઉપરાંત ભાઈલાલભાઈ અમીનનો પણ ઘણો મોટો ફાળો છે. ૧૯૦૭માં ઉભી થયેલી ફાર્મસ્યુટીકલ કંપની આગળ વધતા જતા હિન્દુસ્તાનની ત્રીજી મોટામાં મોટી ફાર્મસ્યુટીકલ કંપની બની ગઈ છે. અત્યારે એની પ્રોટીન્યુલ્સ, રબેકસ, ટ્રાક્રાસો, ક્રારકકુટીર, ગ્લાઈકોડીન વિ. જેવી ત્રણસો જેટલી દવાઓ બને છે.

ઈ.સ. ૧૯૦૭માં સ્પીરીટની નાની એવી કં. શરૂ કરેલી-અત્યારે ગુજરાતમાં ફાર્માસેટીકલના ક્ષેત્રે એલેમ્બિક એક મોખરાનું સ્થાન ભોગવે છે. છેલ્લા ૫૦ વર્ષ કરતા પણ વધુ સમયથી રમણભાઈ અમીન જેવા સફળ ઉદ્યોગપતિઓનું માર્ગદર્શન મળે છે તેમની ફિલોસોફી એવું માને છે કે મેડિકલ સાયન્સના જે લાભો છે તે બહુ જ સહેલાઈથી પોતાને તથા દરેકને મળવા જોઈએ, કે જેથી માણસ, દવા, વાતાવરણ એકબીજા સાથે સંકળાયેને રહે પૈસા કમાવવાની લાલચમાં નહીં પણ લોકહિતને ધ્યાનમાં રાખીને ઉત્પાદન કરવું.

આ યુનિટ ઘણું મોટુ ૩,૯૧,૫૩૯ સ્કવેર ફીટ જેટલો એરિયા વડોદરામાં કવર કરે છે. એલેમ્બિક એ ૩૮૫૦૦ શેર હોલ્ડર ધરાવતી પબ્લિક લિ. કંપની છે. ૩૦૦૦ જેટલા ટેકનીકલ - નોન-ટેકનીકલ સ્ટાફ ધરાવતી આ કંપની પાસે ૬ જેટલી કવોલીટી કન્ટ્રોલ લેબોરેટરીઓ છે જે તેની પ્રોડકટનું તેમજ મટીરીયલનું ટેસ્ટીંગ કરે છે. I.C.C. -૧૯૦૧ ". માર્કાના થર્ડ જનરેશન અને ૨૯૦૪ જનરેશનના કોમ્પ્યુટર્સ ધરાવતું કોમ્પ્યુટર સેન્ટર છે. કે જે તેણે મેનેજરોને માર્કેટીંગ પ્રોડકશન ઈનવેન્ટરી કન્ટ્રોલ માટે જરૂરી ડેટા અને ઈનફોરમેશન પૂરી પાડે છે. એલેમ્બિક પાસે પોતાના સ્ટાફને અલગ અલગ કેટેગરી પ્રમાણે તાલીમ આપવા માટે ટ્રેનીંગ સેન્ટરો છે જે તેના લેબોરેટરીમાં પ્રોડકશનમાં ઓવરેશનમાં મેન્ટેનન્સમાં અને વેચાણના ક્ષેત્રમાં કાર્યશીલ એવા દરેક સ્ટાફ મેમ્બરને તાલીમ આપે છે.

એલેમ્બિકની પોતાની પ્રોડકસ માટે દેશભરમાં ૪૦ એક જેટલા વેચાણ કેન્દ્ર છે કે જે એલેમ્બિકની બધી જ પ્રોડકટસનો સમસ્ત નાનામાં નાના ગામડા સુધી પહોંચાડે છે મધ્યપૂર્વના દેશોમાં પણ એલેમ્બિકની પ્રોડકર્સનાં વિકાસ થયો છે. એલેમ્બિક કોમ્પલેક્ષ કમ્પાઉન્ડમાં ૩૫૦ જેટલા કુટુંબ રહી શકે તેવી કોલોની છે ઉપરાંત એક કોઓપરેટીવ સ્ટોર, બેકરી, ૫૦૦ વ્યકિતઓ એકી સાથે બેસી લન્ચ લઈ શકે તેવી એરકન્ડીશન કેન્ટીન ઉપરાંત શ્રી ભાઈલાલભાઈ અમીન જનરલ હોસ્પીટલના નામ હેઠળ અદ્યતન સજ્જવડવાળું વિશાળ મેડીકલ સેન્ટર છે. આ ઉપરાંત કોલોનીની બાજુમાં એલેમ્બિક વિદ્યાલય એ નામ હેઠળ ગુજરાતી, અંગ્રેજી માધ્યમની હાઈસ્કૂલ છે.

નવી બિલ્ડીંગનો ફાઉન્ડેશન સ્ટોન પ્રો. ટી.કે. ગજજરના નાના પુત્ર કિષ્ણલાલએ નાખ્યો કે જે પાછળથી મુંબઈના બહુ જ જાણીના ડૉ. બેકટેરીયોલોજીસ્ટ બન્યા. ફ્રેન્ચ ડિસ્ટીનરી પ્લાન્ટ એક લાખની કિંમને ઈગ્લેંડમાંથી ખરીદવામાં આવ્યો. આ પ્લાન્ટમાંથી બેકટીફાઈડ સ્પીરીટનું ઉત્પાદન શરૂ થયું. બીજી બે લાખ રૂપિયા જેટલી કિંમતની ફાર્મસ્યુટિકલ મશીનરી ખરીદીને ઈન્સ્ટોલ કરવામાં આવી. એલેમ્બિકનો હેતુ ઉત્પાદનની નવી પધ્ધતિઓ પ્રાપ્ત કરવાનો છે.

ધી ન્યુ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીઝ

ધી ન્યુ ઈન્ડિયા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્થાપના ૧૯૪૨માં સ્વ. શ્રી એમ. સી. ધીયા દ્વારા કરવામાં આવી હતી.

કંપની કોટન હીલ્ડઝ અને પીચ બાઉન્ડ રીડ ઉત્પાદનથી શરૂ કરી. ૧૯૫૪માં કંપનીએ ટવીસ્ટેડ અને ઈન્સરટેડ વાળા હીલ્ડઝના ઉત્પાદન માટેનો પ્લાન્ટ નાખ્યો. ૧૯૫૮માં ઓલ મેટલ રીડનું ઉત્પાદન શરૂ કર્યું. ઉંચી ગુણવત્તાવાળી ફાઈન અને સુપરફાઈન કાપડના ઉત્પાદનને યોગ્ય એવી રીડનું ઉત્પાદન કંપની દ્વારા કરવામાં આવે છે. વિકસતા કલા વિજ્ઞાન સાથે સ્વયં સંચાલિત કાઠલા વજરની શાળો માટે જેવી કે સુલઝર, ડોરનીઅર, રૂદ્દીસી, પિકાનોલ વગેરે જાતની રીડઝનું ઉત્પાદન થાય છે. ૧૯૮૧માં કંપની એ જાપાનની ટાકયામા રીડ કંપની સાથે ટેકનિકલ સહયોગ કર્યો.

સ્પિનીંગ -

૧૯૪૫માં કોટન હીલ્ડઝના ગુણવત્તાયુકત કેબલ યાર્નના ઉત્પાદન માટે ૪૨૦૦ સ્પિન્ડલનો પ્લાન્ટ શરૂ કર્યો. હાલની ક્ષમતા ૨૫,૦૦૦ સ્પિન્ડલની છે. કંપનીએ સુતર તથા સિવવાના સુતરના દોરા બજારમાં વેચવા માટે મુકયા છે.

૧૯૭૭માં કંપનીએ આધુનિક યાર્ન પ્રોસેસીંગ પ્લાન્ટ શરૂ કર્યો.

કેમેરા

ઈ.સ. ૧૯૫૯માં કંપનીએ મેસર્સ આગ્ફા ગેવર્ટ એ. જી. પશ્ચિમ જર્મનીના ટેકનીકલ સહયોગથી કેમેરાનું ઉત્પાદન શરૂ કર્યું, ૧૯૬૫માં કલીક કેમેરા બજારમાં મુકયો. ૧૯૭૦માં સુંદર નમૂનારૂપ આઈસોલી કેમેરાનું ઉત્પાદન શરૂ થયું. હાલમાં કંપની ૧૧૦ સ્નેળર કેમેરા અને સ્નેવર ૩૫ કેમેરા સ્થાનિક તેમજ પરદેશ માટે નિકાસ કરે છે. અત્યાર સુધીમાં કંપનીએ ૮૧-૭૪ લાખ કેમેરાનું ઉત્પાદન કર્યું છે. ૫૪.૨૮ લાખ કેમેરાની પરદેશમાં નિકાસ કરી છે. ૧૬૫.૬૦ મિલિયનનું વિદેશી હુડિયામણ મેળવ્યું છે.

ફોટોગ્રાફિક પ્રિન્ટિગ પેપર

કંપનીએ પશ્ચિમ જર્મનીના સહયોગથી મુંબઈ-મુલુંડમાં ફોટોગ્રાફીક પેપરનું ઉત્પાદન શરૂ કર્યું. ઉત્પાદન ક્ષમતા ૧.૨ મિલિયન ચોરસ મીટરમાંથી ૩.૩૭૫ ચોરસ મીટરનો વધારો થયો છે. ઉપરાંત ફોટો ટાઈપસેટીંગ, પી.ઈ. બેઝડ બ્રોમાઈડ પેપર બજારમાં મુકયા છે. જેની અત્યાર સુધી વિદેશ માંથી આયાત કરવામાં આવતી હતી. અત્યાર સુધીમાં કંપનીએ કુલ ૨.૧૬ મિલિયન ચો. મી. ફોટોગ્રાફિક પ્રિન્ટીંગ પેપરની નિકાસ કરીને રૂ. ૩૭.૬૩ મિલિયનનું વિદેશી હુડિયામણ કમાવી આપ્યું છે.

વિશિષ્ટતા

કંપનીએ વડોદરા ખાતે એક આઈ.ડી. એમ. પી.સી/ એટી અને બે આઈ.ડી.એમ. પી. સી. કોમ્પ્યુટર જોઠવ્યા છે.

With Best Compliments From

BAKUL CHEMICALS PRIVATE LIMITED

REGD. OFFICE
PNB House, 4th Floor
P. Mehta Road
Fort, Bombay-400001
Ph. : 2860823, 298191

FACTORY & OFFICE
108, GIDC Estate,
Nandesari-391 340
Dist. Baroda (Gujarat)
60-210/60-410

Gram : BAKULCHEM

Manufacturers of
ORGANIC FINE CHEMICALS

ERDA

ઈલેકટ્રીકલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસીએશન (ERDA) એ તેની રજૂઆત કરનાર સંસ્થા ઈન્ડીયન ઈલેકટ્રીકલ એન્ડ ઈલેકટ્રોનીકલ મેન્યુફેક્ચર્સ એસોસીએશન (IEEMA) દ્વારા ભારતીય ઈલેકટ્રિક ઉદ્યોગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા છે. ઈલેકટ્રીકલ ઉપકરણો, માલસામગ્રી અને પદ્ધતિઓની ગુણવત્તા અને વિશ્વસનીયતાના આધારે ઉદ્યોગોના ટેકનોલોજીકલ વિકાસ અને જરૂરિયાતને પહોંચી વળવા માટે આ સંસ્થાની સ્થાપના થઈ છે.

ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના કાઉન્સીલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)ની માન્ય સંસ્થા છે કે જેના માટે ગ્રાન્ટ પણ મળે છે.

એવી રીતે આયોજન કરવામાં આવ્યું છે કે જેના કારણે નાના - મધ્યમ અને મોટા ઉદ્યોગોના બધા જ વિભાગોને મદદ નેમજ માર્ગદર્શન મળી રહે.

ERDના હેતુઓ નીચે મુજબ છે.

૧. હાલની માલસામગ્રીનો સૌથી વધુ ઉપયોગ નેમજ માલસામગ્રીમાં સુધારો અને દુર્લભ અને ખર્ચાળ માલસામગ્રીની અવેજીમાં બીજી માલસામગ્રીની શોધખોળ.

૨. છેલ્લામાં છેલ્લી શોધખોળનાં પરિણામો માટે વિકાસશીલ કાર્ય.

૩. ઉત્પાદકો અને વપરાશકર્તાઓ દ્વારા આયોજીત કરવામાં આવતા શોધખોળ નેમજ વિકાસ માટેના કાર્યક્રમ ચલાવવા.

૪. વિદ્યુત ઉપકરણોના વિકાસ માટેના પ્રયોગો અને વિદ્યુત ઉપકરણોનું કેલિબ્રેશન.

૫. ટેકનીકલ સેવાઓ અને દસ્તાવેજીકરણ, પેટન્ટ કઢાવવા માટેનાં શોધખોળ કેન્દ્ર

૬. ભવિષ્યના વિકાસ માટે ઉદ્યોગોની જરૂરીયાત માટે જવાબ આપવો.

૭. ઈલેકટ્રીકલ ઉપકરણોની ગુણવત્તા અને પ્રમાણભૂતના વધારવા માટેનાં પગલાં લેવા.

૮. સાધનસંપત્તિના આશાવાદને ચોક્કસ કરવા માટે બીજી રીસર્ચ સંસ્થાઓ સાથે નજીકનો સંપર્ક રાખવો.

૯. ગુણવત્તાના પુરવઠા માટે વપરાશ કરતી સંસ્થાઓ સાથે તેમની જરૂરિયાતને પહોચી વળવા નજીકનો સંપર્ક રાખવો.

ERDAનો વિકાસ ત્રણ તબક્કામાં નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે.

પ્રથમ તબક્કો :- ડોકયુમેન્ટેશન સેન્ટરની સાથે ઈલેકટ્રીકલ ઈન્ડસ્ટ્રીને લગતી માલ સામગ્રી અને ઉત્પાદનને અનુકૂળ એવી પરિક્ષણ સવલત નેમજ બેઝીક રીસર્ચ અને ડેવલપમેન્ટ માટેની સવલત ઉભી કરવી.

દ્વિતીય તબક્કો :- એલ. વી. કોન્ટેકટર્સ અને એલ. વી. સ્વીચ ગિયર, ફયુઝ ગિયર, MCCB'S (Oucts) સ્વીચબોર્ડ, સ્વીચીસ વિગેરે ઉત્પાદન ઉપર ટાઈપ ટેસ્ટ માટે હાઈપાવર લો વોલ્ટેજ શોર્ટ સરકીટ લેબોરેટરી શરૂ કરવી.

તૃતીય તબક્કો :- ૬૬ કેવી (૬૬ કેવી) કલાસ અને ઉચ્ચ ટેક વિસ્તારના ઉપકરણો માટે શોર્ટ સરકીટ ટેસ્ટ કરવા માટે હાઈપાવર હાઈવોલ્ટેજ લેબોરેટરીની શરૂઆત કરવી.

ERDAની સ્થળ પસંદગી સમિતિએ બોમ્બે, બરોડા, પૂના, નાસિક વિગેરે સ્થળોની મુલાકાત સંપૂર્ણપણે તપાસ નેમજ અભ્યાસના અંતે ERDA લેબોરેટરીની સ્થાપના કરવા માટે વડોદરાના સૌથી યોગ્ય સ્થળ તરીકે ભલામણ કરી. તેવી જ રીતે ગુજરાત સરકારે પણ GIDC એસ્ટેટ, મકરપુરા, બરોડા ખાતે ૨૫ એકર જમીનનું અનુદાન કર્યું અને ERDA લેબોરેટરીની સ્થાપના નેમજ વિકાસ માટે રૂ. ૯૦ લાખ જેટલી નાણાકીય સહાય આપી, ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડે પણ ERDAના માનવંતના સભ્યો હોવા ઉપરાંત ડીસ્ટ્રીબ્યુશન ઈકવીપમેન્ટ લેબોરેટરીની સ્થાપના તેમજ વિકાસ માટે રૂ. ૧૫,૦૦,૦૦૦ની નાણાકીય સહાય કરી. આ લેબોરેટરી પ્રોકકટસ ડિવિઝન તરીકે ઓળખાય છે.

ERDના આંતરિક માળખાનો વિકાસ ઈ. સ. ૧૯૮૨ની સાલમાં ઔદ્યોગિક પ્રકારના બાંધકામ સાથે થયો અને ત્યારબાદ ત્રણ માળના આર. સી. સી. મકાનમાં હાઉસ મટીરીયલ્સ લેબોરેટરી અને ઓફિસો ઉભેરવામાં આવી.

*** ટેકનીકલ સહયોગ :-**

ERDA એ તેની મટીરીયલ્સ લેબોરેટરીના આયોજન અને વિકાસ માટે નેમજ ઈજનેર અને વૈજ્ઞાનિકોને તાલિમ આપવા માટે ફ્રાન્સના પેરિસ શહેરમાં આવેલી લેબોરેટરીની સેન્ટર દેશ ઈન્ડસ્ટ્રીઝ ઈલેકટ્રીકસ (LCIE) સાથે ટેકનીકલ સહયોગના કરાર કરેલા છે.

*** માન્યતા :-** ERDAની સવલતોને કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી ના વિભાગે નેમજ ચીફ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટર (ગુજરાત સરકાર), ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ નેમજ ઈન્ડિયન રેલ્વે વિગેરેએ માન્યતા આપેલી છે.

***** ઘરવપરાશના વિદ્યુતકિય ઉપકરણો (ક્વોલીટી કંટ્રોલ) ઓર્ડર :-

ગુજરાત સરકારે ઉપર મુજબનો ઓર્ડર અમલમાં મુકયો છે અને ગુજરાત સરકારના ચીફ ઈલેકટ્રીકલ ઈન્સ્પેકટરને એ ઓર્ડરના અમલ કરાવવા માટે યોગ્ય સત્તા આપવામાં આવેલી છે. ગુજરાત સરકારે ERDA લેબોરેટરીને ટેસ્ટીંગ માટેની સવલતો નેમજ ઘરઘથ્થુ વિદ્યુતકીય ઉપકરણોની પ્રમાણિતના માટે નવા ઓર્ડરને અમલમાં મુકવા માટે માન્ય કરેલ છે. [illegible] પાસે ૨૧ જેટલાં વિદ્યુતકિય ઉપકરણો ટેસ્ટીંગ કરવાની સવલતો છે.

ઈન્ડિયન સ્ટાન્ડર્ડ પ્રમાણે ઉત્પાદન ના ટેસ્ટીંગ અને પ્રમાણિત કરવા ઉપરાંત ERDA ઉત્પાદકોને તેમની ઉત્પાદક ડિઝાઈન, ગુણવત્તા અને ઉત્પાદન સુધારવા માટે ટેકનીકલ માર્ગદર્શન પૂરૂ પાડે છે.

*** સવલતો અને વિકાસ :-**

પ્રથમ તબક્કાની આગેકૂચમાં લેબોરેટરી સવલતોમાં ઈન્સ્યુલેશન અને ઈન્સ્યુલેટીંગ પધ્ધતિના ક્ષેત્રમાં નેમજ મટીરીયલ્સ અને પ્રોડકટસ ક્ષેત્રમાં રૂ. ત્રણ કરોડના ખર્ચે સ્થાપિત કરવામાં આવી છે જેમાં ડોકયુમેન્ટશન અને માહિતી કેન્દ્રનો સમાવેશ થાય છે. [illegible]માં નીચેની પ્રોડકટ નેમજ મટીરીયલ્સની શોધખોળ નેમજ વિકાસ અને મૂલ્યાંકન માટેની સવલતો વિકસીત કરવામાં આવી છે.

ઈન્સ્યુલેશન :- (૧) એનેમલ્ડ વાયર્સ અને કવર્ડ કન્ડકટર્સ (૨) ઈન્સ્યુલેટીંગ પેપર્સ અને પ્રેસ બોર્ડસ (૩) માઈકા અને માઈકાનાં ઉત્પાદનો (૪) ઈન્સ્યુલેટીંગ ટેપ, વોરનીશ, પેઈન્ટ, અને એનેમલ્સ (૫) ગ્લાસ રેનફોસ્ડ પ્લાસ્ટીક (૬) પુટ્ટીસ અને પોટીંગ કમ્પાઉન્ડસ (૬) ટ્રાન્સફરમર ઓઈલ, વેકસીસ, ગ્રીસ અને લુબ્રીકન્ટસ

મટીરીયલ્સ :-

(૧) કન્ડકટીંગ એન્ડ કોન્ટેકટ મટીરીયલ્સ :- કોપર અને કોપરની મિશ્ર ધાતુ, એલ્યુમિનીયમ અને એલ્યુમિનીયમની મિશ્ર ધાતુ, ચાંદી અને ચાંદીની મિશ્ર ધાતુ.

(સ્ટ્રકચરલ મટીરીયલ્સ :- સ્ટીલકાસ્ટીંગ, કમ્પોનન્ટસ, એમ. એસ. બા,૨ પાટા, બોલ્ટસ વિગેરે.

(૩) મેગ્નેટીક મટીરીયલ્સ :- સીટ સ્ટીલ નેમજ પરમેનન્ટ મેગ્નેટસ

(૪) પદાર્થના ગુણધર્મો :- હાર્ડનેસ, ટેન્સાઈલ, કોમ્પ્રેસર, બેન્ડ અને ઈમ્પેક ટેસ્ટ.

(૫) ડિસ્ટ્રીબ્યુશન હાર્ડવેર્સ :- AAC ACSIR

કોપર કન્ડકટર્સ, બસ બાર્સ, રોપ, ઈન્સ્યુલેટર્સ વિગેરે.

(૬) કાર્બન બ્રશ અને કાર્બન બ્લોકસ.

પ્રોડકટસ :

(૧) ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોરમર
(૨) [illegible]T કેપેસીટર્સ
(૩) ઈન્સ્યુલેટર્સ
(૪) રિવાયરેબલ ફયુઝ, સ્વીચ ફયુઝ યુનિટ, ડીસ્ટ્રીબ્યુશન બોકસ.
(૫) કેબલ્સ
(૬) બુશીંગ્સ
(૭) CT અને PT
(૮) કન્ટ્રોલગીયર અને સ્વીચગીયર
(૯) રોટેરિંગ મશીન અને પંપ
(૧૦) ડોમેસ્ટીક એપ્લાયન્સીસ.

નીચે મુજબના વિશિષ્ટ પ્રકારના ટેસ્ટ અને મૂલ્યાંકનનો અભ્યાસ કરી શકાય છે.

૧ હાઈ વોલ્ટેજ
૨ ઈમ્પલ્સ
૩ ટેમ્પરેચર રાઈઝ
૪ એકસીલરેટેડ એન્ડયુરન્સ
૫ પાર્શીયલ ડિસચાર્જ
૬ પ્રોટેકશન અને પોલ્યુશન
૭ કન્ડીશન મોનીટરીંગ
૮ વાતાવરણનો અભ્યાસ
૯ મિશ્રિત ગેસનું પૃથકકરણ
૧૦ વાયબ્રેશન સ્ટડીઝ (ધ્રુજારીને લગતો અભ્યાસ)
૧૧ મેટલોગ્રાફી (ધાતુશાસ્ત્ર)
૧૨ કોરોઝન (કાટ ખાવો)
૧૩ સ્પ્રિ
૧૪ ફેઈલ્સ એનાલીસીસ
૧૫ ફિલ્ડ મેઝરમેન્ટસ

*** રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (શોધખોળ અને વિકાસ) :**

ERDA એક અથવા એક કરતા વધુ કલાયન્ટો માટે સ્પોન્સર્ડ કરેલ રિસર્ચ કામ હાથમાં લે છે. જે તે ઈન્ડસ્ટ્રી સાથેની સતત કાર્યવાહી તે ઈન્ડસ્ટ્રીની રીસર્ચ અને ડેવલપમેન્ટની જરૂરીયાતો જાણવા માટે ઘણું જરૂરી છે.

ERDA એ છ જેટલા ટેકનોલોજી ડેવલપમેન્ટ માટેના ઈન્ડસ્ટ્રીના અલગ અલગ વિભાગો માટે કામ કરતા ગ્રુપ નકકી કરેલા છે. જેમ કે (૧) ટ્રાન્સફોરમર (૨) સ્વીચ ગીયર (૩) રોટેટીંગ મશીન (૪) કેબલ કન્ડકટર અને કેપેસીટર (૫) ટ્રાન્સમીશન અને ડિસ્ટ્રીબ્યુશન નેમજ (૬) મટીરીયલ્સ.

આ બધાં ગ્રુપો જુદી જુદી ઈન્ડસ્ટ્રીમાંથી નિષ્ણાતોનાં બનેલ છે કે જેઓ નિયમિત રીતે ઈન્ડસ્ટ્રીની જરૂરિયાતોના વિકાસ માટે મળતા રહે છે. તેનેદરેકERDAરિસર્ચ પ્રોજેકટોની સવલત પૂરી પાડે છે.

અત્યાર સુધી ERDA એ ૧૮ (18) જેટલી ઈન્ડસ્ટ્રીઓના સ્પોન્સર્ડ રિસર્ચ પ્રોજેકટ સંપૂર્ણપણે સફળ કર્યા છે જે નીચે મુજબ છે.

૧. સંગ્રહાયેલી સ્થિતિમાં સ્વદેશી રીતે બનાવવામાં આવેલા ટ્રાન્સફોરમર ઓઈલના ગુણધર્મોમાં ઝડપી ફેરફારનું મૂલ્યાંકન.

૨. 10 Amp (૧૦ એમ્પીયર)ના ડ્રોપાઉટ ફયુઝ એલીમેન્ટનો વિકાસ

૩. સ્વદેશી રીતે ઉત્પાદન કરવામાં આવેલા એનેમલ્ડ વાયરનું મૂલ્યાંકન અને ઝડપી કવોલીટી કન્ટ્રોલ ટેસ્ટનો વિકાસ.

૪. જનરલ સર્વીસ ફિલામેન્ટ લેમ્પને વારે વારે ચાલું બંધ કરવાથી તેના આયુષ્ય પર પડતી અસરનો અભ્યાસ.

૫. નકકી કરેલાં ઘરેલુ ઉપકરણોનું ગુણવત્તા નેમજ સલામતીની દ્રષ્ટિએ મૂલ્યાંકન.

અત્યારે પણ ઘણા સ્પોન્સર્ડ રિસર્ચ પ્રોજેકટ પ્રગતિમાં છે.

*** સ્ટાન્ડરાઈઝેશન વર્ક :-** (Standardisation work)

ERDA એ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના બ્યુરો સાથે પ્રયત્નશીલ જોડાણ ધરાવે છે અને પ્રમાણિત કરવામાં આવતા કાર્યોમાં ભાગ લે છે. [illegible] અલગ અલગ વિભાગો/ ERDA માટે હાઈવોલ્ટેજ ટેકનીક મર્જ, / લાઈટનીંગ એરેસ્ટર એલ.વી. સ્વીચ ગીયર અને કંટ્રોલ ગીયર, ટ્રાન્સફરમર નેમજ ઈલેકટ્રીકલ ઈન્સ્યુલેશન સીસ્ટમ માટે રજૂઆત કરી છે. ઈલેકટ્રીકલ હેતુઓ માટે વાપરવામાં આવતા રબરના હેન્ડ ગ્લોવ્ઝ પર પ્રાયોગાત્મક કાર્ય થયેલ છે. તેનો ઉપયોગ રબર હેન્ડ ગ્લોવ્ઝ માટેના સૂચિત સુધારા સ્ટાન્ડર્ડમાં કરવામા આવેલ છે.

ઘણી બધી સવલતો જેવી કે કેપેસીટર, પમ્પ, લેમ્પસ સ્વીચીઝ, કોન્ટેકટર્સ વિગેરે માર્કિંગ સ્કીમ હેઠળ ટેસ્ટીંગ માટે પ્રમાણિત કરવામાં આવી છે.

*** ડોકયુમેન્ટેશન સેન્ટર :-**

ટેકનીકલ માહિતીનો પ્રચાર એ પણ ERDAની એક પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ હેઠળ ERDA પુસ્તકો, સ્ટાન્ડર્ડસ કોન્ફરન્સ પ્રોસિડિંગ્સ, ટેકનિકલ રિપોર્ટસ, મેન્યુફેકચરર્સ લિટરેચર વિગેરેનો સમાવેશ કરતા દસ્તાવેજોનું વિશિષ્ટ પ્રકારના સંગ્રહની એક ટેકનીકલ લાઈબ્રેરી ધરાવે છે અને ERDAની પ્રવૃત્તિને લગતી સો (૧૦૦) જેટલી વિશિષ્ટ પ્રકારની જરનલો મંગાવે છે.

કેન્દ્ર હાલના ઉપયોગી વિષયોના ટેકનીકલ સંદર્ભગ્રંથોની યોગ્ય સેવા દર મહિને આપે છે. બીજી માહિતી અને સેવાઓ જેમ કે લિટરેચર સર્વે રીપોર્ટ, સ્ટેટ ઓફ આર્ટ રીપોર્ટસ, વિદેશી ભાષાનું ભાષાન્તર, કોપી સર્વીસ વિગેરે પૂરી પાડવામાં આવે છે. ERDA સમયાંતરે સેમીનાર, કોંસિસ, કોન્ફરન્સ, વર્કશોપ વિગેરેનું ઈન્ડસ્ટ્રીઓની જરૂરીયાત અને વિકાસના પ્રવાહને સમજવા માટે અને જ્ઞાનને વધારવા માટે સંચાલન કરે છે. ERDA પોતાની હાલની તેમજ ભવિષ્યની પ્રવૃત્તિ પરની માહિતી દર ત્રણ મહિને ∞ERDA NEWS† સમાચારના સ્વરૂપમાં પ્રકાશિત કરે છે.

*** ERDA અને લઘુ ઉદ્યોગો :-**

ઘણી મોટી સંખ્યામાં ઈલેકટ્રીકલ મટીરીયલ, કમ્પોનન્ટસ અને ઉપકરણોનું લઘુ ઉદ્યોગો દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે, અને જાહેર નેમજ ખાનગી ઉદ્યોગો, વિદ્યુત બોર્ડો અને સરકારી સંસ્થાઓમાં ખરીદવામાં આવે છે. અલગ અલગ ઉત્પાદકો દ્વારા ઉત્પાદન કરવામાં આવેલી વસ્તુઓની ગુણવત્તા અને વિશ્વસનીયતા એ ઉત્પાદકોની ટેકનીકલ આવડત ઉપર વધુ પડતી આધારિત હોઈ અને તેથી તેની ગુણવત્તા અલગ અલગ રહે છે. આ સંજોગોમાં ગુણવત્તાની સુધારણા નેમજ ભવિષ્યના ટેકનીકલ વિકાસ માટે આર્થિક નેમજ ટેકનીકલ મુશ્કેલીઓ નડતરરૂપ બને છે.

R & D (રિસર્ચ અને ડેવલપમેન્ટ)ની સેવાઓ ઉપરાંત નીચે મુજબની ટેકનીકલ સેવાઓ પુરી પાડે છે.

૧. કાચા માલ અને ઉત્પાદન સામગ્રીનું ટેસ્ટ નેમજ મૂલ્યાંકન નકકી કરેલા સ્ટાન્ડર્ડ મુજબ કરવું.

૨. કાચા માલસામગ્રીની પસંદગીમાં નેમજ ડિઝાઈન, ઉત્પાદનની પ્રક્રિયામાં, ગુણવત્તાની ખાત્રી અને ઉર્જા જાળવણી વિગેરેમાં પણ મદદ કરે છે.

૩. કાચા માલસામગ્રીની પસંદગીમાં પ્રમાણિત કરેલ વસ્તુઓનો ઉપયોગ અને તેના એપ્લીકેશનમાં મદદ કરે છે.

૪. ટેકનીકલ સ્પેસિફિકેશનની તૈયારી કરવામાં નેમજ ઉત્પાદન કરવામાં આવની વસ્તુઓના ડ્રોઈંગ તૈયાર કરવામાં મદદ કરે છે.

૫. કાર્ય નેમજ સલામતીના સ્ટાન્ડર્ડ ફોરમ્યુલેશનમાં મદદ કરે છે.

૬. કર્મચારીઓને તાલીમ આપવાનું કાર્ય કરે છે.

૭. ઈન્સ્ટ્રમેન્ટનું ફેબ્રિકેશન કરવામાં આવે છે.

૮. ટેકનીકલ માહિતી પૂરી પાડવામાં આવે છે.

ERDA સગવડો અને સેવાઓ અસંખ્ય નાના નાના ઉદ્યોગોને આપવામાં આવે છે. મોટા ભાગના કલાયન્ટો આ નાના ઉદ્યોગોમાંથી જ હોય છે.

જી.એ.સી.એલ.

ગુજરાત આલ્કલિઝ એન્ડ કેમીકલ્સ લિમીટેડ GACL એ ભારતનો મોટામાં મોટો આધુનિક કોસ્ટિક ક્લોરીન પ્લાન્ટ ધરાવતી કંપની છે. ભારતભરમાં સૌપ્રથમ સોડિયમ સાઈનાઈડ પ્લાન્ટ ધરાવતી કંપની છે. મિથેન રૂટમાંથી ક્લોરોમિથેન બનાવતો સર્વપ્રથમ પ્લાન્ટ આ કંપની પાસે છે. અત્યારે ભારતના નકશામાં કેમીકલ ક્ષેત્રે અગત્યનું સ્થાન ભોગવે છે. દેશભરમાં ઈલેકટ્રિક પાવરનો ઓછામાં ઓછો વપરાશ રાખીને વધુમાં વધુ ક્ષમતાવાળું ઉત્પાદન આ કંપનીએ આપેલું છે. વડોદરાની બાજુમાં IPCL અને ગુજરાત રીફાઈનરી જેવા મોટા સંકુલોની બાજુમાં આવેલી આ કંપનીને ગુજરાત ગવર્નમેન્ટ તેમજ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિ. આ કંપનીને માર્ચ-૭૩માં પ્રમોટ કરેલી છે. નવેમ્બર-૭૪માં કોસ્ટિક ક્લોરિન પ્લાન્ટની શિલારોપણ વિધિ થઈ. ઓકટોબર-૭૬માં ૩૭,૪૨૫ મેટ્રીક ટનની ક્ષમતાવાળા કૉસ્ટિક ક્લોરિન પ્લાન્ટનો આરંભ થયો.

અત્યારે GACL દેશના ઔદ્યોગિક વિકાસ માટે ક્લોરીન ગેસ, ક્લોરીન પ્રવાહી, હાઈડ્રોકલોરિક એસિડ, હાઈડ્રોજન ગેસ, સાઈનાઈડ સૉલ્ટ, મિથાઈલ ક્લોરાઈડ, મિથિલિન ક્લોરાઈડ, ક્લોરોફોર્મ અને કાર્બન ટેટ્રાક્લોરાઈડ ભારતભરને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝ, રેયોન, પેપર, પલ્પ ઈન્ડસ્ટ્રીઝ, એલ્યુમિનિયમ ફર્ટીલાઈઝર, પેસ્ટીસાઈડ, ફાર્માસ્યુટિકલ ડાયઝ, અને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં GACL ઉત્પાદનનો વપરાશ છે. આ ઉપરાંત વિદ્યુત મથકો, કાર્બોનિક-અકાર્બનિક, સાબુ, ડીટરજન્ટ, ડેરી ઈન્ડસ્ટ્રીઝ, રબર, તેમજ પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ, એરકન્ડીશન તેમજ રેફ્રીજરેશન પ્લાન્ટ, ઓક્ઝો-આલ્કોહોલ, કૉસ્મેટિકસ, ફોન ફોટોગ્રાફીક ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ વગેરેમાં પણ ઢુંવાનાં ઉત્પાદનો વપરાય છે.

અત્યારના કામ પરના તેમજ વિસ્તરણ માટેના પ્રોજેકટસ

(૧) ૨૧,૭૮૦ મેટ્રીક ટનની વાર્ષિક ક્ષમતા ધરાવતો ઈલેકટ્રોનીક ગ્રેડનો સોડાએશ પ્લાન્ટ

(૨) ૧૬,૫૦૦ મેટ્રીક ટનની વાર્ષિક ક્ષમતા ધરાવતો પોટેશ્યમ હાઈડ્રોકસાઈડ પ્લાન્ટ અને ૧૫,૦૦૦ મેટ્રિકટનની વાર્ષિક ક્ષમતા ધરાવતો પોટેશ્યમ કાર્બોનેટ પ્લાન્ટ

(૩) સેકન્ડરી આલ્કેન સલ્ફોનેટ પ્લાન્ટ.

(૪) રૂા. ૩૯ કરોડના ખર્ચે મેમ્બ્રેરેઈન સેલ ટેકનોલોજીનો ઉપયોગ.

(૫) ગુજરાત સ્ટેટ પેટ્રોકેમીકલ કોમ્પલેક્ષમાં હિસ્સો તેમજ સહયોગ.

GACL આગામી વર્ષોમાં રૂા. ૩૦૮ કરોડનું રોકાણ કરવા ધારે છે. ઢુંવા અત્યાર ભારતભરમાં કોસ્ટિક ક્લોરીનનું સૌથી વધુ ઉત્પાદન અનેન વેચાણ ધરાવે છે. ભારતના બધા જ ક્લોર આલ્કલી ઈન્ડસ્ટ્રીઓમાં મરકયુરીયુકત હાઈડ્રોજન ગેસ તેમજ મરકયુરીમુકત હાઈડ્રોકલોરીક એસીડના ઉત્પાદન માટેGACLએ સર્વપ્રથમ કંપની છે. અહીંયાં દર મેટ્રીક ટન કોસ્ટિક સોડાના ઉત્પાદનમાં ઈલેકટ્રીક પાવર ઓછામાં ઓછો વપરાય છે.

રીસર્ચ અને ડેવલપમેન્ટ :

લેબોરેટરીઓ, પાઈલોટ પ્લાન્ટસ અને ઈકવપમેન્ટ વગેરે થઈને લગભગ ૧ કરોડ રૂા.નું કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ ૧૯૮૧ના વર્ષ સુધી હતું.

મુખ્ય હેતુઓ :

(૧) ટેકનોલોજીને ઊંચા પ્રમાણમાં સ્વીકારીને અમલમાં મુકવી.

(૨) વિકાસના દરને વધુ ઉંચે લઈ જવો.

(૩) વિદેશી ટેકનોલોજીનું સંપૂર્ણ ભારતીયકરણ કરવું અને વિદેશી આમાત માટેનો વિકાસ કરવો.

મુખ્ય સિધ્ધિઓ :

(૧) મરકયુરીમુકત હાઈડ્રોજન ગેસ અને હાઈડ્રોકલોરીક એસિડનું ભારતભરમાં સર્વપ્રથમ ઉત્પાદન કરતી ટેકનોલોજીનો વિકાસ.

(૨) ભારતભરમાં સર્વપ્રથમ એનો સંપૂર્ણપણે કોમ્પ્યુટર વડે નિયંત્રિત કરવામાં આવે તો એવો ક્લોરો મિથેન પ્લાન્ટનો વિકાસ.

કાર્યશકિતની જાળવણી :-

કોસ્ટિક સોડાના ઉત્પાદનમાં વિદ્યુત એનર્જી એ મુખ્ય વસ્તુ છે. વિદ્યુત શકિતનો સંયમિત વપરાશ રાખવા માટે સખ્ત પ્રયત્ન કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

(૧) વિદ્યુત કોષોમાં ગ્રેફાટ એનોડનું ટિટ્રોનિયમ એનોડમાં રૂપાંતર કરવું.

(૨) પાવર ફેકટર સુધારવા માટે કેપસિટર બેંકર્સની સ્થાપના કરવી.

(૩) કેન્ટીન માટે સોલર હોટ વોટર સિસ્ટમનો ઉપયોગ કરવો.

(૪) બધી જ ઈકવપમેન્ટની નિયમિત રીતે જાળવણી કરવી.

(૫) મેમ્બ્રેરિન સેલ ટેકનોલોજીને અમલમાં મુકવી

વિદેશી નિકાસ :

GACL ના માર્કેટીંગ ડિવિઝને ભારતભરમાં તેમજ ભારતદેશના સીમાડાઓની બહાર તેની પાંખો પ્રસારેલી છે. મલ્ટી નેશનલ કંપનીઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં ગળાકાપ તીવ્ર સ્પર્ધા વચ્ચે ઢુંવા એ વિદેશમાંથી મોભાદાર ઓર્ડર્સ મેળવી એક અગત્યનું આગવું સ્થાન ઊભું કર્યું છે. ઓસ્ટ્રેલિયામાં સોડિયમ સાઈનાઈડની નિકાસ કરવામાં આવે છે. દુબઈ, બેલ્જીયમ, ફ્રિલીપાઈન્સ, મલેશિયા, રશિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ તેમજ આફ્રિકાના ઘણા દેશોમાં મિથાઈલ ક્લોરાઈડની નિકાસ કરવામાં આવે છે. તાઈવાન, દક્ષિણ કોરિયા કેમજ હોંગકોંગમાં નિકાસ કરવામાં આવે છે. અત્યાર સુધી સોડિયમ સાઈનાઈડ અને મિથિલિન ક્લોરાઈડની મોટા પાયા પર આયાત કરવામાં આવતી હતી.GACL એ આના કરતાં એક વિપરીત અસરકારક પરિસ્થિતિનું નિર્માણ કરેલ છે.

આમGACLએ ઘણું જ કિંમતી એવું વિદેશી હુંડિયામણ બચાવ્યું છે અને દેશને સ્વાવલંબી બનાવવામાં પોતાનો કિંમતી ફાળો આપ્યો છે તેમજ દેશ માટે વિદેશી હુંડિયામણ કમાવી આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

તવારીખ અને ઈતિહાસ

(૧) ૨૯ માર્ચ ૧૯૭૩	- કંપનીની શરૂઆત
(૨) ૨૯ નવેમ્બર ૧૯૭૪	- કોસ્ટિક ક્લોરીન પ્લાન્ટની શીલારોપણ વિધિ
(૩) ૧૯ ઓકટોબર ૧૯૭૬	- વાર્ષિક ૩૭,૪૨૫ મેટ્રીક ટનની ક્ષમતા ધરાવતા કોસ્ટિક ક્લોરીન પ્લાન્ટની શરૂઆત
(૪) ૨૨મી ઓકટોબર ૧૯૮૧	- કોસ્ટિક ક્લોરીન પ્લાન્ટની વાર્ષિક ક્ષમતા ૭૦,૪૫૨ મેટ્રીક ટન સુધી વધારી
(૫) ૨૯મી ઓગસ્ટ ૧૯૮૨	- મરકયુરી અલગ કરવા એફ્લ્યુ એન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટની શરૂઆત
(૬) ૩૧મી ડીસેમ્બર ૧૯૮૨	- સોડિયમ સાઈનાઈડ પ્લાન્ટની શરૂઆત થઈ. જેની ૨૦૦૦ મેટ્રીક ટનની વાર્ષિક ક્ષમતા છે.
(૭) ૨૩મી ઓકટોબર ૧૯૮૩	- કોસ્ટિક ક્લોરીન પ્લાન્ટની વાર્ષિક ક્ષમત ૧,૦૩,૪૨૫ મેટ્રીક ટન સુધી વધારી. દ્વિતીય તબકકાનું વિસ્તરણ કર્યું.
(૮) ૧૨મી માર્ચ ૧૯૮૬	- મિથાઈલ ક્લોરાઈડ, મિથીલી ક્લોરાઈડ, ક્લોરોફોર્મ, કાર્બન ટેટ્રાકલોરાઈડના ઉત્પાદન માટેના ક્લોરોમિથેન પ્લાન્ટની શરૂઆત કરી.
(૯) ૩૧મી માર્ચ ૧૯૮૭	- ૨૬૪૦૦ મેટ્રીક ટનની વાર્ષિક ક્ષમતા ધરાવતા કોસ્ટિક સોડા ફ્લેકસ પ્લાન્ટની શરૂઆત.



વડોદરા જિલ્લા પંચાયતનાં વિકાસ કાર્યો

એક બાળકનું ધ્યેય મહાન, દિકરો દિકરી એક સમાન.

જરાસી સાવધાની, જીંદગીભર આસાની.

-: પધ્ધતિ :-

- નવદંપતિને	- નિરોધ
- એક બાળકવાળા દંપતિને	- નિરોધ, કોપર ટી ઓરલપીલ્સ.
- બે કે તેથી વધુ બાળક વાળા દંપતિન	- પુરૂષ નશબંધી, લેપ્રો સ્કોપીક, ટયુબેકટોમી ઓપરેશન

જીલ્લાના દરેક આરોગ્ય કેન્દ્રો પર આરોગ્ય, પરિવાર કલ્યાણ અને માતૃબાળ કલ્યાણ કાર્યક્રમોની સેવાઓ અને માર્ગદર્શન ઉપલબ્ધ છે તેમજ યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમના અન્વયે લાભાર્થી સગર્ભા બહેનોને તથા બાળકોને યોગ્ય સમયે સક્ષમ રસી વિનામૂલ્યે આપવામાં આવે છે.

જે દંપતિઓને ફકત એક કે બે દીકરીઓ હોય તેઓને દીકરા સમાન ગણી, આબાદીના પંથે લઈ જવા શસ્ત્રક્રિયા અપનાવો અને સરકારશ્રીએ કાન્તીકારી યોજના બનાવી છે તેનો અનેરો લાભ મેળવો અને ઘડપણનો સથવારો પામો.

ફકત દીકરીવાળા દંપતિઓ માટે ખાસ યોજના :

- **૧ (એક) છોકરીવાળા દંપતિ જો ઓપરેશન કરાવે તો રૂ. ૬૦૦૦/- ના સમાજ સુરક્ષા બચત પત્રો ૧૦ વર્ષે ત્રણ ગણા રૂ. ૧૮૦૦૦/- ચોકકસ.**
- **૨(બે) છોકરીવાળા દંપતિ જો ઓપરેશન કરાવે તો રૂ. ૫૦૦૦/- ના સમાજ સુરક્ષા બચત પત્રો ૧૦ વર્ષે ત્રણ ગણા રૂ. ૧૫૦૦૦/- ચોકકસ.**

તમોને ઘડપણની ચિંતા સતાવે છે ? તો આ તક ઝડપી ઘડપણ સલામત બનાવો :

જીલ્લા પંચાયત વડોદરા દ્વારા વિકાસનાં વિવિધ કાર્યો :

દુષ્કાળ દરમ્યાન ખેડૂતોને વિશ્વાસમાં લઈને મુંગા ઢોરને બચાવવા સક્રિયારો પ્રયાસ.

૧,૭૫,૦૦૦ હજાર એકરમાં ઘાસનું વાવેતર સૌના સહકારથી કચ્છી-ગુજરાત રાજ્યના અન્ય વિભાગમાં રોજનું અંદાજે ૫ હજાર ટન ઘાસ સૌથી ઓછા એટલે કે રાજ્ય સરકારના બાંધેલા ભાવે ઘાસનો પુરવઠો પુરો પાડયો. દુષ્કાળમાં આને લઈને વડોદરા જીલ્લાની દુધના પુરવઠાની પરિસ્થિતિમાં સુધારો થયો અને ૧,૨૦,૦૦૦ લીટરની ક્ષમતા સામે દુધનો પુરવઠો અંદાજે એક લાખ લીટર વધુ થયો. સારા આયોજનને અંતે બીલા ઘાસચારાની સતત જરૂરિયાત દુધ ઉત્પાદકોને પરિણામ દ્વારા ખબર પડી. આને લઈને કાયમી દુધ ઉત્પાદન ક્ષમતા વધુ રહે છે.

પીવાના પાણી અંગે દુષ્કાળમાં અંદાજે ૨૫૦૦ જેટલા હેન્ડ પંપ, ટયુબવેલ, કચ્છી ટેન્કરો દ્વારા અપાતા પાણી કરતાં ચોખ્ખું પાણી લોકોને પ્રાપ્ત થયું અને આની સારી અસર આરોગ્ય ઉપર પડી. ૮૭ ના દુષ્કાળ કરતાં ૮૮ ના દુષ્કાળમાં રોગચાળાના તથા કોલેરાના કેસો ઓછા થયા. જે પાણી પૂરવઠાના સારા પ્લાનીંગનું પરિણામ છે.

સતત નાણાંકીય ભીડ દુષ્કાળને લઈને હોવા છતાં ગરીબ લોકોને મકાનોના ચાર હજાર ઘર બાંધવાના કાર્યક્રમને અગ્રીમતા તથા અંદાજે ચાલુ વર્ષમાં ૩૦૦૦ (ત્રણ હજાર) ઘર પુરા કરી રાજ્યમાં અન્ય જીલ્લાની સરખામણીમાં આગવું સ્થાન.

નાનીબચત લક્ષ્યાંક અંગે_____

જીલ્લા પંચાયત દ્વારા નાની બચતની ગ્રામ વિસ્તારની કામગીરી કરવામાં આવે છે. જીલ્લાનો ૧૦૦ ટકા સાક્ષી રોકાણો દ્વારા લક્ષ્યાંક સિધ્ધ થતાં સરકારશ્રી તરફથી નાની બચતની એડહોક ગ્રાન્ટ જીલ્લાના વિકાસના કામો હાથ ધરવા અપાય છે. ગ્રામ પંચાયતોને ૩ ટકા પ્રમાણે પ્રોત્સાહક ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. રોકાણદારોને ઈન્કમટેક્ષમાંથી પણ રાહત અપાય છે. નાની બચત દ્વારા રોકાણદારોને લાભ સાથો સાથ જીલ્લાના, રાજ્યના, અને દેશના વિકાસનો પણ હેતુ સમાયેલ હોઈ, નાની બચતની વિવિધ ઓજનામાં ફાળો આપી પશ્ચાત્રી બનો.

કુટુંબ કલ્યાણ :

૧૯૮૫-૮૬, ૧૯૮૬-૮૭ અને ૮૭-૮૮ માં સતત ત્રણ વર્ષમાં ૧૦૦ ટકા કરતાં વધુ શસ્ત્રક્રિયાના કેસો કરી જીલ્લાએ પશસ્વી કામગીરી બજાવેલ છે. ગુજરાત ભારતમાં પ્રથમ અને ગુજરાતમાં વડોદરા જીલ્લાએ પ્રથમ સ્થાન એક વખત મેળવી જીલ્લાએ ગૌરવભર્યુ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જીલ્લા પંચાયત દ્વારા હાથ ધરાતા વિવિધ વિકાસ કાર્યોનો લાભ ત્યારેજ મળે જ્યારે તમારું કુટુંબ સિમિત હોય, જીલ્લાની તેમજ દેશની વસ્તી વધારો અટકાવવા જીલ્લા પંચાયત હસ્તક ચાલતા કુટુંબ કલ્યાણ કાર્યક્રમને અપનાવો - તમે પોતે અને દેશને આબાદ બનાવો.

જીલ્લા પ્રચાર બ્યુરો, જી. પં. વડોદરા દ્વારા પ્રકાશિત

ગુજરાત વિદ્યુત બોર્ડ

જીઈબીની સર્વગ્રાહી પ્રગતિ

૧૯૬૦માં જ્યારથી ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારથી રાજ્યનો જે સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે એના ઉપક્રમે ગુજરાતમાં વિદ્યુત ઉર્જાની માંગણી ફૂદકે ને ભૂસકે વધી રહી છે. ૧૯૬૦-૬૧માં રાજ્યમાં વીજળીનો માથાદીઠ વપરાશ જે માત્ર બાવન યુનિટ હતો તે હવે ૧૯૮૬-૮૭માં વધીને માથાદીઠ ૩૦૦ યુનિટ થયો છે.

કૃષિક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં વીજમાંગ જે ઝડપે વધી રહી છે એના પરિણામે જરૂરિયાતને પહોંચી વળવા માટે વીજ-પુરવઠાની એટલી હદે ખાધ ૧૫૬ની રહે છે કે રાજ્ય વિદ્યુત બોર્ડ દ્વારા સમયાંતરે વીજનિયંત્રણનાં પગલાં લેવાની ફરજ પડે છે. આના પરિણામે લોડશેડીંગ કરવું પડે છે જેની માઠી અસર ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદન પર પડે છે. આથી એ બાબત સ્પષ્ટ બને છે કે આગામી વર્ષોમાં રાજ્યમાં કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસનો દર જાળવી રાખવા માટે પુરતો વીજપુરવઠો મહત્ત્વનું પરિબળ બની રહેશે.

રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષથી સતત જે દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તમાન હતી એના કારણે પાવર પ્રોજેકટસને માટે નાણાંની ફાળવણી બાબતમાં ઘણું સહન કરવું પડયું છે. આમ છતાં મર્યાદિત ઉપલબ્ધ નાણાંકીય સાધનો વડે પણ ગુજરાત વિદ્યુત બોર્ડ નિમ્નલિખિત યોજનાઓ કે જેનાં કામકાજ ચાલી રહ્યાં છે એની સાથે પ્રગતિની રાહ પર આગળ ધપી રહ્યું છે.

વીજ પ્રવહનતંત્ર

નિમ્નલિખિત ૪૦૦ કવી વીજપ્રવહન રેષાઓનું કામકાજ ચાલી રહ્યું છે, જે કાર્યાન્વીત થવાનું સમયપત્રક નીચે મુજબ છે.

વણાકબોરી - નારદીપુર ટ્રિનિય સરકીટ ૬૬ કે. વી. જુન-૮૮.

આસોજ-ઉકાઈ - ૧૫૦ કે. વી. માર્ચ-૧૯૮૮

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૦૦ કી.મી.ની ૪૦૦ કેવી. વીજરેષાઓ કાર્યાન્વિત છે. અન્ય ૫૫૦ કી.મી. જેટલી ૨૨૦ કે.વી. વીજરેષાઓના કામકાજ હાથ ઉપર છે, જેમાંથી ૨૫૦ કી.મી.. જેટલું કામકાજ પૂર્ણ થઈ ગયેલ છે. વર્ષ દરમ્યાન ૬૦૦ કી.મી. જેટલી ૬૬ કે.વી. વીજરેષા ઓનું કામ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાંથી ૩૦૦ કી.મી. જેટલું કામકાજ અત્યારે પૂર્ણ થઈ ગયેલ છે.

દુર્ગમ સ્થળોએ પણ ખેડૂતોને વીજપૂરવઠો પહોંચતો કરવા માટે લાંબા અંતરની ૪૦૦ કેવી અને ૨૨૦ કેવી વીજરેષાઓ નાંખવી જરૂરી બની રહે છે, કેમ કે તો જ ગ્રાહકોને જાહેર કર્યા મુજબના દબાણે વીજપુરવઠો આપી શકાય જેથી વીજપ્રવાહ દરમ્યાન થતા વીજવ્યયમાં પણ ઘટાડો કરવામાં મદદ મળી રહે છે. જીઈબીએ આ મુદ્દો લક્ષમાં રાખીને એ મુજબ વીજપ્રવાહનરેષાઓ તથા સબસ્ટેશનોનું આયોજન કર્યું છે. જો કે અપૂરતા નાણાંની ફાળવણીના કારણે આ યોજનામાં અમલમાં થોડો વિલંબ થયો છે.

તંદુરસ્ત વીજપ્રવહન માટે યોગ્ય સ્થળોએ પૂરતા રીએકટીવ કેપેન્સેશન પુરા પાડવામાં આવે એ જરૂરી છે અને ગુજરાત વિદ્યુત બોર્ડે છેલ્લા ૪ વર્ષમાં યોગ્ય સ્થળોએ કેપેસીટર બેન્કસની સ્થાપના કરીને ૨૦૦ એમવીએ આર જેટલા રીએકટીવ કમ્પેન્સેશન પુરાં પાડયા છે.

ભરુચ જિલ્લામાં ચાંધાર ખાને ગેસ આધારિત ૬૦૦ મે. વો.ની સૂચિત યોજના સાથે જરૂરી એવા ૪૦૦ કેવી અને ૨૨૦ કેવી વીજરેષાઓના પ્રોજેકટ રીપોર્ટ પણ તૈયાર કરીને કેન્દ્રીય વિદ્યુત સત્તા મંડળની મંજૂરી માટે મોકલવામાં આવ્યા છે.

૧૯૮૭-૮૮ના વર્ષમાં ૧૫૮૬૪.૩૯૩ મીલીયન યુનિટસનું વીજઉત્પાદન થયું હતું. એમાંથી ૧૪૪૮૭.૯૮૯, ૩૫૬.૭૧૬, ૨૮૦.૮૬૦, અને ૭૩૭.૬૮૯ મીલીયન યુનીટસનું વીજઉત્પાદન અનુક્રમે કોલસા + ઓઈલ, જળ વિદ્યુત, ગેસ તથા અણુ દ્વારા થયું હતું.

બિનપ્રણાલિકાગત ઉર્જા સ્ત્રોતો :

બીન પ્રણાલિગત ઉર્જા સ્ત્રોતોના ક્ષેત્રમાં ગુગુરાત વિદ્યુત બોર્ડે સૌર ઉર્જા બાયોગેસ તથા પવન ઉર્જાના ઉપયોગની દિશામાં કેટલાંક મહત્ત્વનાં પગલાં લીધાં છે. બોર્ડનાં અતિથિગૃહોમાં તેમજ વીજમથકોમાં સૌર ઉર્જા દ્વારા પાણી ગરમ કરવાની પદ્ધતિઓ અમલમાં મુકવામાં આવી છે. રાજ્યના

કેટલાક દુર્ગમ વિસ્તારોમાં લગભગ ૨૦૦ ગામોને ૯૦૦ જેટલી સૌર ઉર્જા સંચાલિત સ્ટ્રીટ લાઈટોની સુવિધા પુરી પાડવામાં આવી છે.

પ્રત્યેક ૧૦૦ કી.વો.ના બાયોગેસ પાવર પ્લાન્ટ ભાવનગર નજીક સુરેન્દ્રબાગ ખાને તેમજ ડાંગ જિલ્લામાં વઘાઈ ખાને સ્થાપવામાં આવ્યા છે. જે ગુજરાત વિદ્યુત બોર્ડ અને ગુજરાત ડેવલપમેન્ટ એનરજી એજન્સી (ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા)નું સંયુકત સાહસ છે.

૩૦ મે. વોટનું સૌર ઉર્જા થર્મલ વીજ મથક પણ સ્થાપવાની બાબત વિચારણા હેઠળ છે. જે કચ્છ જિલ્લામાં સ્થપાશે.

એલ કે -૯૧

ઓખા ખાને સ્થપાયેલ ૫૫૦ મે.વો.ની ક્ષમતા ધરાવતા વીન્ડફાર્મ દ્વારા અત્યાર સુધીમાં ૧૮ લાખ કી.વોટ/ પ્રત્યેક કલાક દીઠ વીજળીનું ઉત્પાદન થયું છે. આ વીન્ડફાર્મને પણ ગુજરાત વિદ્યુત બોર્ડ અને "જેડા" (ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થાનું સંયુકત સાહસ છે.) ૫૫૦ કી.વો. ના અન્ય એક વીન્ડફાર્મની વિસ્તરણ યોજના પણ દરખાસ્ત હેઠળ છે.

૪૦ કી.વો.નું પોલાંકોની બનાવટનું તેમજ ૫૫ કી.વો.નું વેસ્ટાસની બનાવટનું વીન્ડમીલ અનુક્રમે જુન ૮૫ અને માર્ચ ૮૬માં સ્થાપવામાં આવેલું, જેમણે અત્યાર સુધીમાં ૯૫૦૦૦ કી.વો./ પ્રત્યેક કલાક દીઠ વીજળીનું ઉત્પાદન કર્યું છે.

ખાનગી સાહસિકો દ્વારા વીન્ડફાર્મ સ્થાપવાની કેટલીક દરખાસ્તો પણ બોર્ડની સક્રિય વિચારણા હેઠળ છે.

કૃષિક્ષેત્ર તેમજ વીજ વપરાશના અન્ય ક્ષેત્રોમાં ગુજરાત વિદ્યુત બોર્ડ ઉર્જા બચતની બધા જ પ્રકારની પધ્ધતિઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. ગુજરાત વિદ્યુત બોર્ડનું એનર્જી કન્ઝર્વેશન સેલ (ઊર્જા બચત એકમ) ઈચ્છુક ઉદ્યોગોમાં એનર્જી ઓડીટ કરે છે. અને એમાં સહભાગી બનનાર ઉદ્યોગો દ્વારા આ કામગીરીની પ્રસંશા પણ થઈ રહી છે. અત્યાર સુધીમાં ૧૨૦ વિવિધ પ્રકારના ઉદ્યોગોનું આ પ્રકારનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. ઔદ્યોગિક વસાહતો અને ઔદ્યોગિક મહામંડળો ખાતે ગુજરાત વિદ્યુત બોર્ડના ઈજનેરો દ્વારા પ્રાદેશિક પરિસંવાદો ગોઠવવામાં આવે છે અને સફળતાપૂર્વક ચલાવવામાં આવે છે.

ઉત્તમ ગુણવત્તાના ફુટવાલ્વ્સ, રીજીડ પીવીસી પાઈપ અને સુયોગ્ય પંપસેટના સફળ નિર્દેશન દ્વારા વિવિધ પધ્ધતિઓનો ઉપયોગ કરીને ગુજરાત વિદ્યુત બોર્ડ કૃષિક્ષેત્રમાં પણ ખેડૂતોને તેમજ વિદ્યુત બોર્ડને નિર્ણયાત્મક રીતે લાભકારક પુરવાર થાય એવી ઉર્જા બચતની પધ્ધતિઓનો અમલ કરવામાં ગુજરાત અગ્રેસર રાજ્ય બની રહ્યું છે. આ પ્રક્રિયા દરમ્યાન ૪૦૦૦ જેટલા પંપસેટના વીજ સ્થાપનોની ચકાસણી કરીને ઉતારવામાં આવ્યા છે, અને એના પરિણામે દર વર્ષે ૬ મીલીયન યુનીટસની વીજબચત પણ શકય બની છે. આ ઉપરાંત પ્રવર્તમાન કૃષીબીજ સ્થાપનોમાં પણ ગ્રામવીજળીકરણ નિગમ અને "જેડા" (ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા)ના સહયોગ દ્વારા યોગ્ય સુધારા વધારા કરીને કૃષિ વિષયક પંપસેટના વીજવપરાશમાં લગભગ ૨૦ ટકા જેટલી બચત થઈ શકે એવા પ્રયાસોનો પણ એક બૃહ વિચારાઈ રહ્યો છે.

સ્વાતંત્રયનાં ૪૦ વર્ષો દરમ્યાન ગુજરાત વિદ્યુત બોર્ડ સરકારની નીતિને અનુલક્ષીને ગ્રામોધ્ધારના કાર્યમાં પણ અગત્યની ભૂમિકા ભજવી રહ્યું છે.

ગુજરાત વિદ્યુત બોર્ડે જેટલા હોર્સ પાવર મોટર વપરાની હોય તેના આધારે વીજવપરાશ માટે કૃષિ વિષયક ગ્રાહકોને ફ્લેટરેટ લાગુ પાડવાનો ઉલ્લેખનીય નિર્ણય પણ ગુજરાત વિદ્યુત બોર્ડે લીધો છે. તાજેતરનાં વર્ષોમાં ઉપરાઉપરી દુષ્કાળ પડયા એ સ્થિતિમાં આ નિર્ણયને ખેડુત સમાજે વધાવી લીધો છે. એ જ રીતે ગ્રામાભિમુખ નીતિના અનુસંધાને જ્યારે પણ એકીસાથે ઘણા બધા વીજએકમો ખોટકાઈ જાય ત્યારે ઔદ્યોગિક ક્ષેત્રો પર ૫૦ ટકાથી ૧૦૦ ટકા સુધીનો વીજકાપ લાદીને પણ ગ્રામ વિસ્તારોને તો સતત ૧૨ કલાક વીજપુરવઠો પુરો પાડવામાં આવ્યો છે. તેમજ ૧૬ કલાક સુધી આ વીજપુરવઠો લંબાવી શકાય એ માટેના પ્રયાસો પણ થયા છે.

છેલ્લાં ત્રણ વર્ષથી સતત [illegible] રાજ્યોની જેમ ગુજરાતમાં [illegible] ચોમાસુ લગભગ નિષ્ફળ ગયું [illegible] આના કારણે પાણીની [illegible] સર્જાઈ છે. બોર્ડે પોતાના [illegible] ખેડૂતોની તકલીફ ઘટાડવા [illegible] પગલાં રૂપે કૂવાઓના વીજળીકરણનો મૂળ લક્ષ્યાંક જે ૨૦ હજારનો [illegible] તે વધારીને ૪૦ હજાર કરી [illegible] છે. આના કારણે સાધનસામગ્રીની ખરીદી તેમજ કર્મચારીઓની ફાળવણી સહિત સમગ્રપણે [illegible] કાર્યબોજ વધી જવા છતાં [illegible] જીઈબીના કર્મચારીઓ આ પડકારને ઝીલી લેવા અને ૪૦ હજાર કૂવાઓના વિજળીકરણના લક્ષ્યાંકને સિધ્ધ કરવા કટીબધ્ધ બન્યા. બોર્ડે પણ ખાસ કરીને પીવાના પાણીની જરૂરિયાત તેમજ ઊભા પાકને સિંચાઈ પુરી પાડવાના હેતુ સમગ્ર ખોદાયેલા કૂવાઓને નવાં વીજ જોડાણો આપવામાં અગ્રીમતા આપવાનું વલણ અપનાવ્યું. ઉપરાંત વિલંબિત ચુકવણીના દર દુર કરવા, સહકારી મંડળીઓને પણ હોર્સ પાવર આધારિત વીજદર લાગુ પાડવા તેમજ જ્યાં પ્રવર્તમાન કૂવામાં પાણી સુકાઈ ગયું હોય ત્યાં બાજુમાં નવા કૂવા માટે વીજ જોડાણની મંજુરી અગ્રતાના ધોરણે આપવી એવા કેટલાક વિશેષ લાભો પણ બોર્ડ દ્વારા ખેડૂતોને અપાયા છે.

આ ઉપરાંત રૂ. ૨૫ કરોડના અંદાજિત ખર્ચે ૪૯ જેટલી સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમને પણ મંજૂરી અપાઈ છે, જે પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે. વધુ ૨૯ યોજનાઓ પણ તૈયાર કરાઈ છે. જે પરીક્ષણ હેઠળ છે. જ્યારે આ યોજનાઓ પૂર્ણ થઈ જશે ત્યારે ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં પણ વીજદબાણની ગુણવત્તા સુધરશે અને ખેડૂતો સહિત અન્ય લોકોને પણ વિશ્વસનીય વીજપુરવઠો પ્રાપ્ત થશે.

રાજ્યમાં લગભગ બધાં જ ગામોને વીજળીની સુવિધા મળવા લાગી છે. જેમાં ૫૩૦૦ જેટલા આદિવાસી ગામોનો પણ સમાવેશ થાય છે. અલબત્ત, જંગલમાં કે ડુબાણમાં કે પુનર્વસવાટ વિસ્તારો હેઠળના કેટલાક ગામોને બાદ કરતાં સમગ્ર રાજ્યમાં કુલ ૩ લાખ ૬૬ હજારથી પણ વધુ ખેડૂતોને વીજળીની સુવિધા ઉપલબ્ધ બની છે.

ઉપરોકત લક્ષ્યાંક સિધ્ધ કરવામાં ગ્રામવીજળીકરણ નિગમનું પ્રદાન મહત્ત્વનુ બની રહ્યું છે. અત્યાર સુધીમાં લગભગ રૂ. ૨૫૦ કરોડથી પણ વધારે કિંમતની લગભગ ૭૦૦ જેટલી યોજનાઓને આરઈસી (ગ્રામ વીજળીકરણ નિગમ) દ્વારા લોન સહાય પ્રાપ્ત થઈ છે. ગુજરાત વિદ્યુત બોર્ડે ૧૯૮૭થી એવી પણ કેટલીક યોજનાઓ હાથ ધરી છે કે જેથી સામાન્ય માનવીને પણ મહત્તમ લાભ મળી શકે.

માનવીય ઉર્જાને રચનાત્મક અભિવ્યકિત ઉપલબ્ધ થાય, વિદ્યાત્મક મનોરંજન પ્રાપ્ત થાય અને રચનાત્મક વલણ વિકસી શકે તેમજ સંઘ ભાવના અને સમજણનું વાતાવરણ સર્જાય એ હેતુથી ગુજરાત વિદ્યુત બોર્ડ સમાજ કલ્યાણ પ્રવૃત્તિઓ પણ વિકસાવી રહ્યું છે.

Gujarat State Forest Development Corporation Limited
for the welfare and uplift of tribals

We endeavour to create a better to-morrow for tribal and rural poor masses through our activities such as :

.... Collection & marketing of over fifty Minor Forest Products.
.... Establishment of 'Vanil Udyog' - An integrated Wood Working Unit in tribal area.
.... Establishment of Cottage Industries.
.... Intensive Plantation with the help of institutional finance.
.... Charcoal making in rural areas.

Employment opportunities have thus increased manifold in tribal and forest areas of Gujarat.

Gujarat State Forest Development Corporation. Ltd.
'Vanganga' 78, Alkapuri Society,
Vadodara- 390 005

પ્રગતિનું પ્રતિક ગુજરાત રિફાઇનરી

સ્વતંત્રતા પછી વિકાસ પામેલા ોગોમાં ખનીજ તેલનું સંશોધન ને ઉત્પાદન દ્વારા ઓઈલ એન્ડ રલ ગેસ કમીશન તથા ઓઈલ ન્ડીયા લીમીટેડે મહત્વનું સ્થાન ર કર્યું છે. દેશના પૂર્વ અને ્ચિમ વિભાગ તથા દરીયાના ાળમાંથી ખનીજતેલ-કાળું ેનું-ની શોધખોળ અને મેળવવામાં બંને સંસ્થાઓનું યોગદાન વિશેષ છે. વિવિધ ક્ષેત્રોમાંથી પ્રાપ્ત નું અને વિદેશમાંથી આયાત કરેલ ખનિજતેલનું પેટ્રોલીયમ દાર્થોમાં રૂપાંતર કરવા માટે દેશમાં ેર ક્ષેત્ર અને ભારી સરકારના ્યુક્ત સાહસમાં ૧૨ રિફાઇનરીઓ ની કરવામાં આવી છે, જેમાં ાર્ષિક ૩૭૮ લાખ મેટ્રીક ટન નીજ તેલનું રૂપાંતર પેટ્રોલીયમ દ્યોમાં કરવામાં આવે છે. આમાંથી ૨૦૪.૫ લાખ ટન એટલે કે ૫૫% નીજ તેલનું શુદ્ધિકરણ ઈન્ડીઅન ોઈલ કોર્પોરેશનના ૬ તેલ શોધક રખાનાઓમાં કરવામાં આવે છે. જરાત રિફાઇનરી જે વડોદરા લ્લામાં વડોદરા શહેરથી ૧૦ ોલોમીટર દૂર આવેલી છે તે ન્ડીઅન ઓઈલ કોર્પોરેશન અને ાની સૌથી મોટી રિફાઇનરી છે માં વાર્ષિક ૭૩ લાખ ટન નિજતેલનું શુધ્ધિકરણ કરવામાં આવે છે. આપણા દેશમાં થતા નિજતેલના શુધ્ધિકરણના ૨૦% ેટલું ખનિજતેલ શુધ્ધ કરી આ રિફાઇનરી દેશના આર્થિક વિકાસમાં ત્વનો ફાળો આપે છે.

ગુજરાત રિફાઇનરીનો શિલાન્યાસ ો, ૧૯૬૩માં દેશના લાડીલા સ્વર્ગીય ડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના રદહસ્તે કરવામાં આવેલ અને તેના ત્પાદન એકમો એક પછી એક રૂ કરવામાં આવેલ. ૨૦ વર્ષ પહેલા ેની વાર્ષિક ક્ષમતા ૩૦ લાખ ેટ્રીક ટન હતી તે આજે ભારતીય ેન્જીનીયરો અને વૈજ્ઞાનિકોની હાયથી ક્રમશ: વધતા વધતા ૭૩ ાખ ટન સુધી પહોંચી છે. આ ોગદાન સ્થાનિક લોકોનો ફાળો પણ ાનોસુનો નથી તેમના સાથ, હકાર અને સહયોગથી જ આ રિફાઇનરી દિનપ્રતિદિન પ્રગતીના થે વણથંભી કૂચ કરી રહી છે જે આપણા સૌના માટે ગૌરવરૂપ છે.

ગુજરાત રિફાઇનરીમાં રોજનું ૬૩૦૦૦ ટન જેમાં ૮૦% સ્થાનિક અને ૨૦% આયાતી ખનીજતેલનો સમાવેશ થાય છે તેને શુધ્ધ કરી ીને ઉપયોગી એવો રાંધવાનો ગેસ, રોસીન, પેટ્રોલ, કેરોસીન, ડીઝલ, ્નેસ વગેરે તથા અન્ય વિશિષ્ટ ્લરના પેટ્રો પદાર્થો જેવા કે ેન્ઝીન, ટોલ્વીન, નોરમલ, હેપ્ટેઈન, એવીએશન ટરબાઈન ફ્યુલ વગેરે ઉત્પાદીત કરવામાં આવે છે.

જેના રોજબરોજના ઉપયોગથી આપ માહિતગાર છો જ એવા રાંધવાના ગેસના લગભગ ૬૦ લાખ સીલીન્ડરો આધુનિક યંત્રસામગ્રીથી સુસજ્જ એવા ગેસ બોટલીંગ પ્લાન્ટમાં વર્ષ દરમિયાન ભરવામાં આવે છે. એટલું જ નહીં પણ તદુપરાંત ૧ લાખ ટન ગેસ રેલ્વે વેગન તથા રોડ ટેન્કર મારફત દેશના વિવિધ ભાગોમાં વિતરણ કરવામાં આવે છે.

અન્ય ઉત્પાદન જેને આપણે પેટ્રોલ તરીકે જાણીએ છીએ અને વાહનવ્યવહારમાં ખાસ કરીને મોટર, સ્કુટર, રીક્ષા વગેરેમાં જેનો મહત્તમ ઉપયોગ થાય છે તેનું વાર્ષિક ઉત્પાદન લગભગ ૪ લાખ ૭૦ હજાર ટન છે.

કેરોસીન એ તો ઘરવપરાશની કાયમી જરૂરીયાતની વસ્તુ છે જેનો ઉપયોગ દીવાબત્તી તથા રાંધવા માટે બળતણ તરીકે કરવામાં આવે છે, તેનું વાર્ષિક ઉત્પાદન ૯ લાખ ૭૦ હજાર છે.

મુસાફરી તથા માલસામાનની ફેરવણી માટે ઉપયોગમાં લેવાતી બસો, રેલ્વે અને ભારદારી વાહનો માટે ઈંધણ તરીકે ઉપયોગી ડીઝલ પણ એક વર્ષમાં ૨૩ લાખ ટન અહીં ઉત્પાદીત કરવામાં આવે છે જે આ રિફાઇનરીના વાર્ષિક ઉત્પાદનના ૩૦% જેટલું છે.

ખાતર અને પેટ્રોરસાયણમાં જેનો કાચામાલ તરીકે ઉપયોગ કરવામાં આવે છેને નેફ્થા ૮ લાખ ટન, રસ્તાના બાંધકામ અને અન્ય ઔદ્યોગિક ઉપયોગમાં વપરાતો ડામર ૧ લાખ ૭૦ હજાર ટન, રંગ રસાયણ અને યુધ્ધમાં વપરાતા સ્ફોટક પદાર્થોના ઉત્પાદન માટે ઉપયોગી બેન્ઝીન-ટોલ્વીન ૭૦ હજાર ટન અને જેટપ્લેન તથા લડાયક વિમાનોમાં ઈંધણ તરીકે વપરાતુ એવીએશન ટરબાઈન ફ્યુઅલ ૪ લાખ ટન આ રિફાઇનરીની અન્ય બનાવટો પૈકી મહત્વની બની રહે છે.

આ ઉપરાંત ખાતરના કારખાનામાં પાયાના કાચામાલ તરીકે વપરાતા અને રાજ્યની જીવાદોરી સમા ગણાતા થર્મલ પાવર સ્ટેશન માટે જરૂરી ઈંધણ તરીકે વપરાતા લો સલ્ફર હેવી સ્ટોક પણ અહીં વરસે દહાડે ૧૬ લાખ ટન બને છે.

ઉપરોકત મહત્વની પેદાશો તથા અન્ય બનાવટો મેળવી લીધા પછી બાકી રહેલા પદાર્થનું "કેર્કીંગ" પ્રક્રિયા દ્વારા રાસાયણિક વિભાજન કરી ગેસ, કેરોસીન, ડીઝલ વગેરે વધારાના પદાર્થો મેળવવામાં આવે છે.

ગુજરાત રિફાઇનરી - સૌથી વધુ શકિત ધરાવતી રિફાઇનરી પેટ્રોલીયમ પદાર્થોના ઉત્પાદનમાં મહત્વનું સ્થાન ધરાવે છે એટલું જ નહીં પણ દેશના ખાસ કરીને ગુજરાતના પેટ્રો રસાયણ ઉદ્યોગો માટે જરૂરી કાચો માલ પુરો પાડે છે અને અન્ય ઉદ્યોગોની "મધર ઈન્ડસ્ટ્રી" (માતૃ સંસ્થા)નું અદકુ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત રિફાઇનરીની સ્થાપના સાથે જ રાજ્યમાં રાસાયણિક યુગનાં મંડાણ થયાં. રિફાઇનરીની આજુબાજુના વિસ્તારોમાં પાંગરેલા વિશાળકાય પેટ્રોરાસાયણિક અને રાસાયણિક ઉદ્યોગો જેવા કે ઈન્ડીયન પેટ્રોકેમીલ્સ કોર્પોરેશન લીમીટેડ, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની, ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર પેટ્રોફીલ્સ, ગુજરાત આલ્કલીઝ તથા નદિસરીમાં રાજ્ય સરકાર મારફત સ્થપાયેલ રાસાયણિક ઔદ્યોગિક વસાહત આના પ્રતિક રૂપ છે.

રિફાઇનરીમાં ઉત્પન્ન થતી બધી જ પેદાશ અને તેના ઉપયોગની સાર્થકતા સ્વિકારાતી હોવાથી રિફાઇનરીનો વિકાસ અવિરતપણે આગળ વધતો રહે અને ભવિષ્યની માંગને પહોંચી વળવા તથા વિદેશી હુંડીયામણ બચાવવા માટે હાલના એકમોને આધુનિક ટેકનોલોજી વડે સુસજ્જ કરવામાં આવી રહ્યા છે જેનાથી આ ઉદ્યોગની વાર્ષિક ક્ષમતા ૧૯૮૩ના અંત સુધીમાં ૭૩ લાખ ટનથી વધી ૯૫ લાખ ટન પ્રતિ વર્ષ થવાની છે. આ ઉપરાંત આપણા દેશમાં પ્રથમ એવો હાઈડ્રોક્રેકર પ્લાન્ટ રૂ. ૬૦૦ કરોડના ોકાણથી સ્થાપવા માટેનાં ચક્રો ગતિમાન થઈ ચૂક્યાં છે. આ ઉત્પાદન એકમનું આધુનિક યંત્રીકરણને લીધે મહત્વનું યોગદાન એ રહેશે કે તેમાં ઉત્પાદીત થતી પેદાશો ઉચ્ચકક્ષાની ગુણવત્તા ધરાવશે.

ઈન્ડિયન ઓઈલ કોરપોરેશન સંચાલીત આ રિફાઇનરીનું આર્થીકમુલ્ય પણ ભારત માટે ગૌરવપ્રદ છે. તેના સમગ્ર સંચાલન સબબ થતી રહેતી ૮૫-૮૬ની વાર્ષિક ચોખ્ખી બચત રૂ. ૬૫ કરોડ છે જે માતૃસંસ્થા ઈન્ડિયન ઓઈલ કોરપોરેશનના કુલ નફ્રાના ૪૦% જેટલી છે અને ઉત્પાદનો મારફત ભારત સરકાર આબકારી જકાત દ્વારા પ્રતિ વર્ષ રૂ. ૫૧૧ કરોડ જેટલી આવક મેળવી છે. આ રીતે પણ રિફાઇનરીનું કાર્યક્ષેત્ર રાષ્ટ્રહિતને સઘન રીતે પોષતું રહ્યું છે.

એન. જી. પટેલ
ડે. મેનેજર, (પબ્લીક રિલેશન્સ),
ગુજરાત રિફાઇનરી

પોષક લિ.

પ્રારંભ :

(પ્રાયવર્સીફાય એન્ડ સરવાઈવ) ના સૂત્ર અનુસાર એન્ટિબાયોટીક, ફાર્માસ્યુટીકલ્સ અને કેમીકલ્સના ક્ષેત્રમાં અગ્રગણ્ય એલેમ્બિક કેમીકલ વર્કસ કું. લિ. સન ૧૯૫૧માં એગ્રોકેમીકલ્સ અને એનીમલ ફીલ્ડઝ ડીવીઝનની શરૂઆત કરી, તેની પ્રોડક્ટસમાંથી ૩૬૦૦ મેટ્રિકટન સલ્ફ્યુરીક એસિડ અને ૨૧૦૦ મેટ્રિકટન સિંગલ સુપર ફોસ્ફેટ મેળવવાનો પ્રારંભ થયો.

સન ૧૯૫૯માં સપ્રમાણ મિશ્ર ખાતરો (NPK) 'આલ્કોમફોસ'ના નામથી બનાવાયું અને પાકના સંરક્ષણ માટે જંતુનાશક દવાઓનું ઉત્પાદન શરૂ કર્યું.

હાલમાં પૌષક લિ. ને કોર્પોરેટ એકમ તરીકે તા. ૨૪-૪-૬૮ના રોજ તબદીલ કરવામાં આવ્યું અને સન ૧૯૭૮માં પૌષક લિ. એલેમ્બિક કેમીકલ વર્કસ કું. લિ.ની અંગીભૂત કંપની તરીકે અસ્તિત્વમાં આવી

.બોર્ડ ઓફ ડાયરેકટર્સમાં શ્રી સી. આર. અમીન ચેરમેન તથા શ્રી બી.ડી. પટેલ અને ડો. જે.સી. દેસાઈને સામેલ કરવામાં આવ્યા.

હાલમાં ભરપાઇ થયેલી મૂડી રૂ. ૮૪,૯૦,૦૦૦/- છે. આજે એલેમ્બિકની લૂકથી પૌષક દિન પ્રતિદિન પ્રગતીની સીડી હાંસલ કરી રહ્યું છે.

ક્વોલિટી કંટ્રોલ :-

દરેક પ્રોડકટની ક્વોલીટી કંટ્રોલ અને સ્ટાન્ડર્ડ એ સતત પ્રકીયા પૌષકની રહી છે. આ ફીનીશ પ્રોડકટસના બજારમાં વેચાણ અંગેના પૃથકકરણ ઉપરાંત તેમાં વપરાતા કાચા માલની ગુણવત્તા તથા ક્વોલીટી કંટ્રોલ ઉપર કાબૂ ધરાવે છે. આ અંગેની લેબોરેટરીઝ નિષ્ણાત માણસો દ્વારા સંભાળી દરેક પ્રોડકટસની ક્વોલીટી તથા સ્ટાન્ડર્ડમાં નિયમિતના રાખે છે.

માર્કેટીંગ :-

ભારતભરમાં ૨૫ જેટલાં વિતરણ કેન્દ્રો દ્વારા પૌષક તેની એગ્રો ઈમ્પુટ પ્રોડકટસ બજારમાં વેચે છે. દરેક ખેડૂતને સમય પ્રમાણે અને માફકસર દરથી દરેક પ્રોડકટસ વપરાશના સ્થળે મળી રહે. જેથી ખેડૂતવર્ગમાં નવીન ખેતી પધ્ધતિ માટે જાગૃતિ લાવી શકાય છે.

વેચાણ વિભાગ માટે ડાયનેમિક ડિવિઝનલ મેનેજર અને તેમને મદદકર્તા સેલ્સ સુપરવાઈઝર સેલ્સ રીપ્રેઝન્ટેટીવ અને ફિલ્ડ આસીસ્ટન્ટ દ્વારા દરેક પ્રોડકટે છેલ્લામાં છેલ્લા ખેડૂત સુધી માલ પહોંચે તેની તકેદારી રાખે છે.

(૩) અમારી સબ ડીસ્ટ્રીબ્યુશનની કામગીરીને ગવર્નમેન્ટ સેકટરે ગ્રાહ્ય ગણી છે. 'ધી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પો. લિ.' તેમની પોતાની પ્રોડકટસ જંતુનાશક દવા ઓની ડિસ્ટ્રીબ્યુશનની કામગીરી ભારતભર માટે સોંપી છે.

હાલમાં શાંવોલેશ કું. લિ. એક આંતરરાષ્ટ્રીય કું. એ તેમના એગ્રો કેમીકલ્સના ગુજરાતભરમાં વેચાણ માટે કામગીરી સોંપી છે.

રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ :-

સતત એકધારી પ્રવૃત્તિએ પૌષકના રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગની મુખ્ય પ્રક્રિયા રહી છે. સમય પ્રમાણે સ્વાયત્ત રીતે કામગીરી કરીને આ સંસ્થાએ નામ દીપાવ્યું છે. પૌષક એ રીસર્ચ અને ડેવલપમેન્ટ વિભાગના માર્ગદર્શક છે. તદ્પરાંત પૌષકે બુધ્ધિપૂર્વક સાધન સંપન્ન સ્ટોર હાઉસ બનાવીને મૂળભૂત રીતે ઓર્ગેનિક કેમીકલ સિન્થેથીસની જરૂરિયાતને હાથવત્તી બનાવી છે. અને ઉત્પાદન ક્ષેત્રે આશ્ચર્યજનક સંતોષકારક પરિણામો મેળવેલ છે. એગ્રો કેમીકલ્સની જરૂરિયાતો લક્ષ્યમાં રાખીને ખેતી વિષયક રસાયણો બનાવીને ખેની તથા ઉદ્યોગોને સાથોસાથ મદદકર્તા રહી છે.

ઓર્ગેનિક કેમીકલ સિન્થેથીસ માટેની મૂળભૂત જાણકારીના ભંડારમાં વધારો કરવાના કામ કુનેહથી શરૂ કરેલ છે.

ભવિષ્ય :- અદ્યતન લાયકાતવાળા વૈજ્ઞાનિકોની કાયમ માટે મદદ લઈને ભવિષ્યના સોપાન પૌષકે માંડેલા છે. વિકાસ એ પૌષકની બાય પ્રોડકટ છે. ને નિર્વિવાદ છે. નૈસર્ગિક વિકાસ એ જ અમારો વેપાર છે.

મેગાફેર

મેગાફેરએ વડોદરા ખાતે આવેલ એલેમ્બિક કેમીકલ વર્કસ કું. લિ. નું એક ફાર્માસ્યુટીકલ વિભાગ છે.

મેગાફેર એ એલેમ્બિકનો નવો વિભાગ છે. જેનો ફાર્માસ્યુટીકલ વિશ્વમાં અગત્યનો ફાળો છે. નવીન અદ્યતન ટેકનોલોજી તેમજ અત્યંત વેચાણ એ ફાર્માસ્યુટીકલ કંપની માટે ઈચ્છવા યોગ્ય વાતાવરણ છે. ભારતમાં વિકસતા તબીબી વિજ્ઞાનને કારણે ફાર્માસ્યુટીકલ ઉદ્યોગોને એક કાર્યશીલ ઉત્પાદન મળે છે. મેગાફેર તેનું નામ સુચવે છે કે સૌથી સારી તંદુરસ્તીની કાળજી રાખવામાં આવે. માનવજાત તેમજ પ્રદુષણ મુકત વાતાવરણ વચ્ચેની કડીરૂપ તેવું મેગાફેર બંને વચ્ચેના તંદુરસ્ત સમતુલા જાળવવા માટેના ડોકટરોના પ્રયત્નોને મદદ કરે છે.

મેગાફેર ગુણવત્તા તેમજ અચોકકસ માંગ માટેની ટેકનોલોજીના નવા સીમાડા પાર કરી ગયું છે. નવી નવી વધુ અસરકારક દવાઓનું સંશોધન કરીને તેમજ તેને માર્કેટમાં મૂકીને ઘણી બધી મદદ કરે છે. આમ 'મેગાફેર' એ આપણા રાષ્ટ્રના લાંબા સ્વપ્ન ને કે જે "ઇ.સ. ૨૦૦૦ વર્ષ દરમિયાન દરેકની તંદુરસ્તી બક્ષવી" આ સ્વપ્નને સાકાર કરે છે.

સંકલન

અંગ્રેજીમાં ' કે ર્ન નો વપરાશ ક્યારે અને કેમ કરવો ? એ જાણવા માટે ત્રણ દિવસો સુધી મોડી રાતે મને બોલાવે. પ્રવાસમાં યે આ ટેવ. પૂરપમાં ગણિત શીખવાની મહેનત કર્યા કરે. સંસ્કૃત પણ શીખે... શ્રી અરવિંદબાબુએ તૈયાર કરી આપેલું એક ભાષણ જોઈ મહારાજા (સયાજીરાવ-ત્રીજા) કહે કે "આ તો એટલું સરસ છે કે એ મારું ભાષણ જ ન લાગે..." જરા હળવું ન કરી આપો !" અલીગઢ યુનિવર્સિટીએ એમને નિમંત્રણ આપ્યું. ત્યાં ભાષણ કરવાનું હતું... મને એમણે કહ્યું કે મારે (લેખકે) શ્રોતાવૃંદમાં પાછળ મુસ્લિમ વેશ પહેરી બેસવું. ભાષણ બરાબર સાંભળવું. અવાજ બરાબર તપાસવો. હાવભાવ અને મુદ્દાઓ પણ ધ્યાનમાં લેવા અને પછી ઘેર આવીને સ્પષ્ટ અભિપ્રાય આપવો, એમ પણ મહારાજા સાહેબે સૂચના આપી. કહે, "તો જ, ખામી સુધારી શકાય ને !"

- ગોવિંદસખારામ સરદેસાઈ કૃત "શ્રી સયાજીરાવ ગાયકવાડ ચાંચ્યા સહવાસાંત", પ્ર. ઈ. સ. ૧૯૫૬માંથી

ઓ.એન.જી.સી.

ખંભાતના અખાતમાં થયેલ તેલ તથા ગેસની શોધને કારણે દેશમાં ગુજરાતનું મહત્ત્વનું સ્થાન અંકિત થયું છે. ૧૯૯૬ કરોડના રોકાણ દ્વારા એક નવી આર્થિક સધ્ધરતા ઊભી કરી છે. ઓ.એન.જી.સી. દ્વારા પ્રારંભથી જ ગુજરાત સરકારને ૫૪૪ કરોડ રૂપિયા રોયલ્ટી રૂપે અને ૨૨૧ કરોડ રૂપીયા વેચાણવેરા રૂપે ચૂકવે છે. અને વિશેષે ૧૦૦૭ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારને ચૂકવે છે.

પશ્ચિમ વિભાગમાં ઉર્જા જરૂરિયાત માટે સેવા આપતા ૧,૫૪૦૦ કર્મચારીઓનું વાર્ષિક વેતન લગભગ ૫૭ કરોડ રૂપિયા થાય છે. આનો મોટો ભાગ ગુજરાતના બજારોમાં જાય છે. આ કર્મચારીઓમાં ૫૨ ટકા કર્મચારીઓ સ્થાનિક છે. આ ઉપરાંત ઓ.એન.જી.સી. ડામરના રસ્તા બનાવવામાં પણ ખર્ચ કરે છે. જે રસ્તાઓનો ઉપયોગ જાહેર જનતા પણ કરે છે.

આ રીતે ૩૦૦ કી.મી.ના ઓ.એન.જી.સી.એ બનાવેલા ડામરના રસ્તાઓએ એકબીજા ગામને નિકટ લાવી દીધા છે.

હજીરા અને અંકલેશ્વરના એલ.પી.જી. પ્લાન્ટ શરૂ થઈ જતાં રાંધણગેસનો પ્રશ્ન સરળ બન્યો છે. અને હાલમાં ૬૦,૦૦૦ મકાનો અને વડોદરાની મોટા ભાગની હોટેલોમાં રાંધણગેસ પુરો પાડવામાં આવે છે. આ ગેસ રાસાયણિક ખાતરો, પેટ્રોલિયમ અને વીજ ઉત્પાદન કરતા મોટા ઉદ્યોગોમાં પણ કાચા માલ તરીકે વપરાય છે. વડોદરા, અમદાવાદ, કડી, મહેસાણા, ભરૂચ, ખંભાત અને હજીરાના ૩૩ ઔદ્યોગિક એકમો માટે કોલસાની અછત સામે આ ગેસ આશીર્વાદરૂપ નીવડયો છે.

ઓ.એન.જી.સી. અંકલેશ્વર, મહેસાણા તથા ખંભાત ક્ષેત્રમાં કેન્દ્રીય વિદ્યાલયના નેજા હેઠળ શાળાઓ પણ ચલાવે છે. વડોદરા ઓ.એન.જી.સી. કેમ્પસમાં બરોડા હાઈસ્કૂલ ચાલે છે, આ રીતે સ્ટાફના બાળકોના ભણતરની જવાબદારી પણ ઉપાડી લીધી છે. અને શાળાઓ માટે મકાન તથા અનુદાન પણ ફાળવી આપ્યા છે. રમતગમતને પણ પ્રોત્સાહન અપાય છે. ઉપરાંત અવસાન પામેલ કર્મચારીના પરિવારના સભ્યો માટે રોજગારીની તકો ઉપરાંત મફત સારવારની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

હાલમાં અંકલેશ્વરના તેલક્ષેત્રોમાંથી સરેરાશ ૬૬૦૦ ટન તેલ અને ૯,૦૦,૦૦૦ ક્યુબિક મિટર ગેસ પ્રાપ્ત થયો છે. દહેજ બંદર ખાતે ગેસનો મોટો જથ્થો ઉપલબ્ધ થયો છે. ખંભાતમાંથી રોજનું ૧.૬ લાખ ક્યુબિક મીટર ગેસ અને ૧૨૦ ટન તેલ મળે છે. અમદાવાદ ખાતે ૧૯૬૧માં શરૂ કરાયેલ ફિલીકામ રોજનું ૨૦૦૦ ટન કુડ ઓઈલ આપે છે. મહેસાણા ખાતેનું ૧૯૬૭થી કાર્યરત પ્રોજેકટ દ્વારા રોજનું ૨૦૦૦ ટન જેટલું ખનીજ તેલ મળે છે. મહેસાણાની સાગર ડેરીને અહિંથી ગેસ અપાય છે.

ઓ.એન.જી.સી.ની આ તમામ શાખાઓને સાંકળી લેતી પ્રાદેશિક વડી કચેરી વડોદરા ખાતે છે અને અહિં જ સેન્ટ્રલ અધિકારી જનરલ મેનેજર છે અને એક એકટોપોગ્રાફીકલ ટુકડી -૭ જિયોલોઝીકલ ટુકડી અને ૧૨ જેટલી લોગીંગ ટુકડી છે.

મી. પાણીગ્રહી
(ડી.ડી.ઓ. ઓ.એન.જી.સી.)

WITH
BEST COMPLIMENTS
From

GCEL

Gujarat Communications
& Electronics Limited

Anurag Commercial Centre,
Race Course, Baroda-390 005.
Phone: 324514, 324495
Telex: 0175-596

પ્રગતિના પ્રતીકો- જી.સી.ઈ.એલ.

સંસ્કૃતિના વિકાસની સાથે માણસે પ્રગતિનાં નવાં પ્રતીકો સિધ્ધ કર્યાં છે. અન્ય ક્ષેત્રોની જેમ ઔદ્યોગિક ક્ષેત્રે પણ ઘણી જ પ્રગતિ થઈ છે. જુદા જુદા અનેક પ્રકારના આધુનિક ઉદ્યોગો વિકાસ પામ્યા છે અને આ ઉદ્યોગક્ષેત્રો સાચા અર્થમાં આધુનિક યાત્રા સ્થાનો બની રહ્યાં છે.

ઈજનેરી, રાસાયણિક, ટેક્ષટાઈલ જેવા અનેક ઉદ્યોગોમાં મોખરે રહેલા ગુજરાત રાજયમાં વિજાણુ અને સંદેશાવ્યવહારનાં સાધનોનું ઉત્પાદન અને ફેલાવો કરવા માટે સને ૧૯૭૫ની સાલમાં રાજય સરકારે, ગુજરાત કોમ્યુનિકેશન્સ એન્ડ ઈલેકટ્રોનિકસ લિમિટેડની સ્થાપના કરી. આ કંપનીએ છેલ્લા દાયકામાં અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે અને પ્રગતિની નવી ક્ષિતિજો આંબી છે.

હવાઈમથક પર વિમાનને સલામત રીતે ઉતરાણ કરવા માટે વિશ્વમાં અનેક પધ્ધતિઓ વિકસાવવામાં આવેલી છે. ઈન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ એ એક અત્યંત આધુનિક અને વિશ્વાસનિય પધ્ધતિ છે. આ સાધનો બનાવવાની તાંત્રિક જાણકારી હાંસલ કરી જી. સી. ઈ. એલ.એ આ પધ્ધતિ મોટા પ્રમાણમાં ઉત્પાદિત કરી છે અને સંરક્ષણ વિભાગને તેમજ નાગરિક ઉડ્ડયન વિભાગને પૂરી પાડેલ છે. આ સાધનો તદ્દન ન દેખી શકાય તેવા (ઝિરો વિઝિબિલીટી) વાતાવરણમાં વિમાન ચાલકને સલામત ઉતરાણ કરવામાં સહાય પૂરી પાડે છે. દેશમાં આ સાધનો ઉત્પાદિક કરતી જી. સી. ઈ. એલ. એકમાત્ર કંપની છે.

કંપની નાના પાયા ઉપર આ પધ્ધતિના ભાગોની નિકાસ કરવામાં સફળ રહી છે.

મથુરા-જલંધર વચ્ચે આવેલી આશરે ૫૦૦ કિ.મિ. લાંબી ઓઈલ પાઈપ લાઈનને કન્ટ્રોલ કરવા માટે જરૂરી સંદેશાવ્યવહારનાં સાધનો સ્થાપવા માટેની કામગીરી કંપની બજાવી રહી છે. રૂ. ૪.૫ કરોડના ખર્ચે સ્થપાનારી આ પધ્ધતિનાં કારણે ઓઈલ લીકેજ થયા અંગેની તેમજ અન્ય જરૂરી માહિતી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધિકારીઓ ચોક્કસપણે મેળવી શકશે અને આમ લીકેજ તેમજ ઓઈલની ચોરી, તેનો જથ્થો, તેનું વિતરણ વગેરે જેવી બાબતોનું નિર્ધારીત સ્થળેથી નિયંત્રણ કરી શકાશે.

ભારત સરકારનાં સેન્ટ્રલ વોટર કમિશન વિભાગે યુ. એન. ડી. પી. પ્રોગ્રામના ભાગરૂપે યમુના નદી ઉપર પુર આગાહી માટેની પધ્ધતિ સ્થાપવા માટે દેશ-વિદેશની કંપનીઓ પાસેથી ટેન્ડરો મંગાવ્યાં હતાં. જી. સી. ઈ. એલ.એ આપેલી ઓફરની યુ. એન. ડી. પી.ના નિષ્ણાતો દ્વારા સફળ ચકાસણી પછી આ પધ્ધતિ સ્થાપિત કરવાનું કામ કંપનીને સોંપવામાં આવ્યું. યમુના નદીના મૂળથી તે દિલ્હીમાં આવેલા યમુના પુલ સુધીનાં ૪૦૦ કિ. મિ.થી વધુ વિસ્તારમાં આ પધ્ધતિની ગોઠવણી કરવાની હતી. આ માટે આ સમગ્ર વિસ્તારની મોજણી કરી કયા પ્રકારનાં સાધનો, ક્યાં આગળ અને કેટલી ઉંચાઈએ ગોઠવવા તે નકકી કરવું જરૂરી હતું. જી. સી. ઈ. એલ.નાં ઈજનેરોએ ઉંડાણથી અભ્યાસ કરી તેમજ અથાગ પરિશ્રમથી અનેક મુશ્કેલીઓ વેઠીને આ પધ્ધતિની સ્થાપનાનું કાર્ય ૧૯૮૬ની સાલમાં પૂર્ણ કર્યું, આ પધ્ધતિમાં યમુના નદીના તટમાં આશરે ૨૩ જેટલાં આગવાં સ્થળોએ સંદેશાવ્યવહારનાં સ્લેવ ટેલી-પ્રોસેસર, સેન્સર અને સંદેશાવ્યવહારના સાધનોની સ્થાપના કરવામાં આવી છે. આના કારણે દિલ્હીમાં રાખવામાં આવેલ "સેન્ટ્રલ કોમ્પ્યુટર"માં જયારે જોઈએ ત્યારે નદીના પાણીનો પ્રવાહ, ઝડપ વિગેરે તમામ માહિતી મેળવી શકાય છે અને તેના આધારે નદીમાં આવનાર પૂર અંગે આધારભૂત આગાહી થઈ શકે છે. કંપનીએ સ્થાપેલી આ પધ્ધતિ સફળતાપૂર્વક કામ કરી રહેલ છે. એશિયાભરમાં આ પ્રકારની આ એકમાત્ર પધ્ધતિ છે.

તેલ અને કુદરતી વાયુ પંચ, આસામમાં આવેલ પહાડી વિસ્તારોમાં તેલ સંશોધનની કામગીરી બજાવી રહેલ છે. આ માટે પહાડો તેમજ જંગલો વચ્ચે ખોદવામાં આવેલા આશરે ત્રીસ જેટલા કૂવાઓને સંદેશાવ્યવહાર પધ્ધતિથી સાંકળી લેવા જરૂરી હતા. જી. સી. ઈ. એલ.એ આ માટે મલ્ટી એકસેસ રેડિયો ટેલિફોન કે જે રેડીયો મોજાંઓ દ્વારા ટેલિફોન સંદેશાઓનું વહન કરે છે, તેવી સંદેશા વ્યવહારની આગવી પધ્ધતિ પૂરી પાડી છે. તેલનાં કૂવાઓનાં ખોદકામ અંગેની કામગીરીનું નિયંત્રણ અને સંકલન કરવા માટે આ પધ્ધતિનો ઓ. એન. જી. સી. સફળતાપૂર્વક ઉપયોગ કરી રહી છે.

વધુમાં, કંપનીએ ભારત સરકારનાં જાહેર સાહસ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનને તેનાં એકબીજાથી હજારો માઈલ દુર આવેલા થર્મલ પાવર સ્ટેશનોને સાંકળની સંદેશાવ્યવહારની અત્યંત આધુનિક ડિજિટલ સીંગલ ચેનલ પર-કેરીઅર પધ્ધતિ પૂરી પાડી છે. આ પધ્ધતિમાં સંદેશાવ્યવહાર માટે ઉપગ્રહનો ઉપયોગ કરવામાં આવે છે.

આજે દેશમાં મોટાભાગના વિસ્તારોમાં દૂરદર્શનના કાર્યક્રમોનું પ્રસારણ નિયમિત રીતે ખૂબ સરળતાથી થઈ રહ્યું છે. દૂરદર્શનનાં મુખ્ય ઉપરથી પ્રસારીત કરેલ ટીવી કાર્યક્રમો સામાન્ય રીતે ૧૦૦ કિ.મી.થી વધારે રેન્જમાં જોઈ શકાતા નથી. આથી આ કાર્યક્રમોને સેટેલાઈટ મારફતે ફરી પ્રસારીત કરવા જરૂરી બને છે. આ કામગીરી શકય બનાવવા માટે જુદી જુદી કેપેસીટીવાળા ટ્રાન્સમીટરોની જરૂર પડે છે. દૂરદર્શનનાં કાર્યક્રમોનું દેશભરમાં પ્રસારણ કરવા માટે જી. સી. ઈ. એલ.એ આજ સુધીમાં ૯૫ જેટલાં ૧૦૦ વોટની કેપેસીટીવાળાં ટીવી ટ્રાન્સમીટરો દૂરદર્શનને પૂરા પાડયાં છે જે આજે દેશમાં જુદા જુદા ભાગોમાં સફળતાપૂર્વક કાર્યક્રમો પ્રસારીત કરી રહ્યાં છે

દૂરના વિસ્તારોમાં દૂરદર્શનનાં કાર્યક્રમોના પ્રસારણ માટે ખુબ ઓછી ક્ષમતાવાળાં ટ્રાન્સમીટરોની જરૂર પડે છે. લક્ષદ્વિપ, આંદામાન-નિકોબાર જેવા ટાપુઓ તેમજ અનેક દુર્ગમ સ્થળોએ કાર્યક્રમોનું પ્રસારણ કરવા માટે જરૂરી વેરી લો-પાવર ટ્રાન્સમીટર્સ કંપનીએ બનાવ્યાં છે. આ સાધનો અંગેની તાંત્રિક જાણકારી જી. સી. ઈ. એલ.નાં એન્જિનિયરોએ પોતે વિકસાવેલી છે અને સાધનો એવા બનાવવામાં આવ્યાં છે કે જેથી કાર્યક્રમ પ્રસારણ વખતે અને ત્યાર બાદ તેને ચાલુ કે બંધ કરવા માટે કોઈ વ્યકિતની જરૂર પડતી નથી. ઉપરાંત, આ સાધનો સૌરશકિતનો ઉપયોગ કરતાં હોઈ વીજળી ઉપલબ્ધ ન હોય એવા વિસ્તારોમાં પણ સ્થાપિત કરી શકાય છે. જી. સી. ઈ. એલ.ના સંશોધન અને વિકાસ વિભાગના એન્જિનિયરોની આ સિધ્ધિ પાછળ તેમની કુશળતા, નિષ્ઠા અને અથાગ મહેનત જવાબદાર છે. એ ગૌરવની વાત છે કે આ સાધનો દેશભરમાં માત્ર જી. સી. ઈ. એલ. બનાવે છે.

દૂરદર્શન ઉપર રજૂ થતા સમાચાર રેકોર્ડ કરવા માટે, જુદી જુદી રમતોનાં કાર્યક્રમો રેકોર્ડ કરવા માટે તેમજ અન્ય મનોરંજન કાર્યક્રમો, ધારાવાહિકો બનાવવા માટે જી. સી. ઈ. એલ. એ ૩/૪" વિડિઓ ટેપ રેકોર્ડર, હાઈબેન્ડ વી. સી. આર., વિડિયો ઈફેકટસ જનરેટર્સ, કેરેકટર જનરેટર્સ, ટાઈમ બેઈઝ કેરેકટર જેવાં અનેક સાધનો બનાવ્યાં છે. આ સાધનોનો ઉપયોગ સ્ટુડીયોમાં તેમજ આઉટડોર શુટીંગ કરવા અને તેનું એડિટીંગ કરી ફાઈનલ પ્રોગ્રામની વિડિઓ કેસેટ તૈયાર કરવામાં થાય છે. આ સાધનોનો ઉપયોગ એશિયાડ સમયે રમતગમતોના કાર્યક્રમોનું રેકોર્ડિંગ તેમજ પ્રસારણ કરવામાં તેમજ ગયા વર્ષમાં રમાયેલ વર્લ્ડ ક્રિકેટ કપના કાર્યક્રમોનું આંતરરાષ્ટ્રીય ધોરણે પ્રસારણ કરવામાં આવ્યો હતો.

કંપનીએ આર્થિક દૃષ્ટિએ પણ સતત પ્રગતિ દર્શાવી છે. ઉત્પાદન વધવા સાથે કંપનીનું ઉત્પાદન વધવા સાથે નફાનું પ્રમાણ પણ જળવાઈ રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી કંપની નિયમિત રીતે ડિવિડન્ડ ચૂકવી રહી છે, ૩૧મી માર્ચ ૧૯૮૮નાં રોજ પૂરા થયેલ વર્ષમાં કંપનીએ રૂ. ૭૭ કરોડનાં વેચાણ હાંસલ કર્યા છે.

બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન ક્ષેત્રે અગ્રેસર

– શ્રી એસ.એસ.આનંદ

રાવલપિન્ડીથી વડોદરા સુધી વિસ્તરતી આનંદની સ્થાપત્યક કારકિર્દીની અફાટ વ્યાપકતામાં ભારત અને પાકિસ્તાન જેવા બે દેશોના કાર્યક્ષેત્રનો એકધારો સમન્વય કેળવાયો છે. દેશનું વિભાજન થયું ત્યારે રાવલપિન્ડી (પાકિસ્તાન)માં બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો ધીકતો ધંધો અને લાખો રૂપિયાની સ્થાવર મિલ્કતો છોડીને પોતાના પરિવાર સાથે ભારતમાં ઉતરી આવ્યા. દેશનું વિભાજન થયું, દેશની સરજમીનમાં તીરાડ પડી પરંતુ ડૉ. આનંદના ઉદ્યમી પુત્ર એસ.એસ. આનંદની મહત્ત્વાકાંક્ષામાં કયાંય તીરાડ પડી નહિ. પાકિસ્તાનમાં બધું જ છોડીને સાવ ખાલી હાથે આવેલા શ્રી આનંદે અહીં પણ કન્સ્ટ્રકશન ક્ષેત્રે પોતાનું સામ્રાજ્ય ઉભું કર્યું છે, એ વિનમ્રભાવે કહે છે, માણસે પોતાનું કર્તવ્ય નિરંતર જારી રાખવું જોઇએ, બાકી પૈસા તો પ્રભુની દેણ છે.

શ્રી એસ.એસ. આનંદ મૂળ પંજાબના છે, પરંતુ વર્તમાન પંજાબનો સળગતો પ્રાદેશિકવાદ એમને સહેજે સ્પર્શ્યો નથી. બધા જ પ્રદેશોમાં એમણે અખંડ ભારત જ જોયો છે. અને જ્ઞાતિવાદથી પર રહીને એમણે માણસને માણસ તરીકે જ જોયો છે. અને એટલે જ વડોદરામાં એમના આગમનને પાંચ-છ વર્ષ જ થયાં છે. ને એટલા ટૂંકા સમયમાં જ એમણે વડોદરાને પોતીકું શહેર બનાવીને "પંજાબ-ગુજરાત કલ્ચરલ એસોસિએશન"ની સ્થાપના કરી છે.

પાકિસ્તાનમાં બધું છોડીને આવેલા શ્રી એસ.એસ. આનંદે અહીં નાના પાયે કારકિર્દીનો એકડો ઘૂંટવાનું શરૂ કર્યું, જેમ જેમ એકડો ઘૂંટાતો ગયો તેમ-તેમ એ વિરાટ બનતો ગયો અને આજે વડોદરામાં નિઝામપુરામાં 'આનંદ હોમ્સ' 'આનંદ નિવાસ' અને 'આનંદ - જનતા' પ્રતાપગંજમાં 'આનંદ મહલ' સમા વિસ્તારમાં 'આનંદ વિહાર' અને ફતેગંજમાં 'આનંદ હાઉસ' વિગેરે ભવ્ય એપાર્ટમેન્ટસ ઉભા કરી શહેરમાં ૨૦૦ ફલેટોનું નિર્માણ તેઓએ કર્યું છે. અને પ્રભુ સેવામાં ગુરુદ્વારાઓમાં પણ બનાવી પોતાની ધર્મ પ્રત્યેની આસ્થા પ્રગટ કરી છે.

એકધારી સફળતા માટે શ્રી એસ.એસ. આનંદ કહે છે કે, વ્યવસાયિક પ્રમાણિકતા અને લોકોનો વિશ્વાસ ભેગા થાય તો પ્રગતિને કોઇ અવરોધી શકે નહીં. એસ.એસ. આનંદની વાત સો ટકા સાચી છે. તેઓ કર્તવ્ય પરાયણતામાં માને છે. બાંધકામ ક્ષેત્રે સારામાં સારો સિમેન્ટ, સારામાં સારું વલસાડી સાગનું લાકડું અને સારા ચણતરના આગ્રહી છે, તેઓ કહે છે કે, લોકોએ મારું કામ જોઇને મારામાં વિશ્વાસ મૂકયો છે. અને એ વિશ્વાસને પ્રમાણિક રહેવા હું પ્રયાસ કરું છું. નફો ઓછો મળે તેનો વાંધો નથી. પણ બાંધકામમાં દિલચોરી કરવાની મારી નીતિ નથી. નફાનું ધોરણ ભલે ન જળવાય પણ ગુણવત્તાનું ધોરણ જળવાવું જ જોઇએ. ગુણવત્તાની બાબતમાં તેઓ કદી બાંધછોડ કરતા નથી. ચોકકસ સમય મર્યાદામાં જ બાંધકામ પૂરું કરી દેવાના તેઓ આગ્રહી છે. એટલું જ નહીં પણ બધે જે ભાવ ચાલતાં હોય તેના કરતાં ઓછા ભાવે ફલેટ વેચવાની નીતિ પણ તેઓએ જાળવી રાખી છે. સામાન્ય માણસને પોષાય તેવા ફલેટોનું નિર્માણ કરે છે.

આજે છોતેર વર્ષની વયે પહોંચ્યા પછી પણ શ્રી એસ.એસ. આનંદ યુવાનોને શરમાવે એટલી સ્ફૂર્તિ અને ચપળતા ધરાવે છે. મહેનત, નિષ્ઠા અને ધગશ એ એમની પ્રગતિના માધ્યમો છે. છોતેર વર્ષની મજલ કાપનાં એમના જીવનમાં આવેલા વળાંકો અને ચડાવ-ઉતારને તેઓ સાચવી રાખવા જેવા અનુભવ તરીકે સ્વીકારે છે. બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના તેમના કાર્યમાં મદદરૂપ થવા એમને પડખે ઉભા થઇ જતા એમના પુત્ર સતીન્દરપાલ ને પણ તેઓ શ્રમ અને નિષ્ઠાનો પાઠ શીખવે છે અને, સતીન્દરપાલ પણ પિતાની વાતને બ્રહ્મવાકયની જેમ ગળે બાંધે છે. બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું એમનું કાર્યક્ષેત્ર, કે જેના મૂળ તેમણે વડોદરામાં રોપ્યાં હતાં તેની વડવાઇઓ વિસ્તરીને હાલમાં સુરત, મુંબઇ જેવા મહાનગરોમાં પહોંચી છે, અને તેને ઘટાદાર વટવૃક્ષની માફક ફેલાવવામાં વડોદરા શહેરના જ નામાંકિત આર્કિટેકટ શ્રી નવિનભાઇ સોની, સ્ટ્રકચરલ સ્પેશીયાલીસ્ટ શ્રી એમ.એન. કંથારીયા તથા તેમના યુવાન પુત્ર સતીન્દરપાલ આનંદ તેમની મહેનત, નિષ્ઠા અને ધગશ સિંચી રહ્યા છે.

વડોદરા શહેરની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને ફકત તેમના રહેવા માટે ફલેટો બાંધીને જ પોતાની ફરજ પૂરી થઇ ગઇ છે, તેમ સમજીને એસ.એસ.આનંદ બેસી રહેવામાં નથી માનતા. પરંતુ વધતી જતી વસ્તીને એ જુના વડોદરાની ભવ્યતા, કે જે વિશ્વમાં અજોડ હતી, તે ભવ્યતા પર ટ્રાફીકનાં ભારણ રૂપી જે હુમલો કર્યો છે, તે હુમલાને મહદઅંશે મારી હટાવવા અને વડોદરાને તેની જૂનીપુરાણી ભવ્યતા પાછી અપાવવા, પ્રદુષણરૂપી રાક્ષસને શહેરની વસ્તીની બહાર ધકેલવા એકલા હાથે શુભયજ્ઞની શરૂઆત કરી રહ્યા છે.

WITH BEST COMPLIMENTS FROM

Muslim TOURS & TRAVELS

મુસ્લિમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

PROP: HAJI IQBAL HAJI MUSAJI MASTER
Special Tour For: HAJ UMRA & JIYARAT

Post Box No. 296

Gollimda, Opp. New Anjuman High School
ASTODIA ROAD, Ahmedabad 380 001

Gram MUSTOUR

Phone Office 354158 352721
Resi. 353433

વડોદરાની પંચતારક હોટલ

★★★★★

-શ્રી સી.ડી.ત્રિવેદી

જૂનું અને નવું વડોદરા શહેર તેની રૂઢિગત હાથ-બનાવટની વસ્તુઓ, સંસ્કૃતિ અને અવશેષો કે જે આ ભૂમિ પર રાજય કરી ગયેલા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને કારણે અત્યારે પણ ધબકતું લાગે છે. આજે એક અસરકારક વિરોધાભાસ તરીકે એક વિશાલકાય ઉદ્યોગો અને આધુનિક ધંધાકીય પ્રવૃત્તિઓના યુગની શરૂઆત થયેલી છે અને વડોદરા શહેર ગુજરાતમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામતા ઔદ્યોગિક કેન્દ્ર તરીકે જાણીતું થયું છે.

૧૯૮૬ના ૨૧મી જુલાઈએ ITC Ltd. ના હોટેલ-વિભાગ

વેલકમ ગ્રુપે નવા સાહસની શરૂઆત કરી, સરકારી માલિકીના 'ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન' (ઔદ્યોગિક રોકાણ નિગમ) સાથે સહયોગના પરિણામ રૂપે ગુજરાત હોટેલ્સ લિમિટેડ અને વેલકમ ગ્રુપ વડોદરાએ પ્રથમ પંચતારક હોટલ શરૂ કરી છે.

તેના ધંધાદારી વલણ, ફેરફાર કરવા માટે સદા તત્પર તેમજ સારી સેવા માટે કટિબધ્ધ એવા ભારતમાં સૌથી ઝડપથી વિકાસ પામતી હોટલ શૃંખલાની આ આકાર લેતી વેલકમ ગ્રુપની ૨૧મી હોટલ છે.

વેલકમ ગ્રુપ વડોદરાની સૌથી વધુ વૈભવી વ્યવસાયી સમુદાયમાં આવેલું છે.

વેલકમ ગ્રુપે રૂઢિગત સ્થાપત્યકલા તેમજ આધુનિક સગવડોનો એક અનોખો સુમેળ છે. તેની વિવિધ સગવડો કાયમી વ્યવસાયી-પ્રવાસીની જરૂરિયાતો વધારે કેન્દ્રીત છે. હાલમાં હોટલમાં ૧૦૨ જેટલા ખંડ છે. એમાં એકઝીકયુટીવ ક્લબરૂમ, ડીલક્ષરૂમ, અને રેગ્યુલર રૂમનો સમાવેશ થાય છે.

કાઠી, રજપૂત અને સયાજીરાવ નામના તેમના નામ પ્રમાણે વિશિષ્ટતા ધરાવતા સુંદર તેમજ અદ્‌ભુત રીતે સજાવેલા સ્યૂટ એ વેલકમ ગ્રુપની ખાસ સગવડ છે. દા.ત. 'સયાજીરાવ સ્યૂટ'એ સૌથી વધુ પશ્ચિમના દેશોની અસરવાળો સ્યૂટ છે, કારણ, યુરોપિયન અને ફ્રેન્ચ સંસ્કૃતિ માટે એમનો વિશિષ્ટ અભિગમ હતો. એવા મહારાજા સયાજીરાવ ગાયકવાડનું નામ અપાય છે. તેવી જ રીતે કાઠી સ્યૂટમાં કરેલી સજાવટ ગુજરાતના તેમજ કાઠિયાવાડના શાસનકર્તા વર્ગની મૂળ રીતભાતો પ્રમાણે કરેલી છે. ગોઠવણી સજાવટમાં ભરતકામ લોટા કરંડિયા વગેરે જેવી વસ્તુઓ કે જે મૂળભૂત રીતે કાઠી દરબારના મહેલમાં સુશોભિત કરે છે. રજપૂત સ્યૂટની સજાવટમાં નાના નાના અરીસાઓનું ભરતકામ (આભલા ભરત), ચાકડા અને રજપૂત દરબાર પેલેસ મહેલમાં મૂળભૂત રીતે રાખવામાં આવતી ઘણી બધી હાથ બનાવટની વસ્તુનો સમાવેશ થાય છે. બધી જ રૂમોમાં વાતાનુકૂલિત અલગ રીતે ટેમ્પરેચર કન્ટ્રોલ, એટેરડ બાથ, ટેલીફોન, કલોઝ સરકીટ ટી.વી. ચાર ચેનલ મ્યુઝીક ધરાવતી સવલતો છે.

હોટલમાં રેસ્ટોરન્ટ ઉપરાંત વિશિષ્ટ વાનગીઓ પિરસવામાં આવે છે. દરેક વાનગીઓ "રૂચિકામાં" વેલકમ ગ્રુપના વાનગી નિષ્ણાતો મારફતે કલાત્મક રીતે બનાવવામાં આવે છે રૂચિકા એ નદ્દન ભારતીય રેસ્ટોરન્ટ છે કે જે મોગલાઇ વાનગીઓ પીરસે છે અને કેર/યકેઇડ એ ચોવીસ કલાક ચાલતુ કોફી શોપ છે કે જે લીલોતરીમાં અને પાણીના ફુવારા વચ્ચે આવેલું છે. આ રેસ્ટોરન્ટ ચાઇનીઝ તેમજ કોન્ટીનેંટલ ડીસ માટેની વિશિષ્ટતા ધરાવે છે. ભાષણ સાથેનો ભોજન સમારંભ અને કોન્ફરન્સ માટે હોટલ પાસે 'ચંદરવા' નામ ધરાવતો વિશાળ જગ્યાવાળો બેંકવેટ હોલ છે. અને 'શિખર' તેમજ 'ઝરુખા' નામ ધરાવતા બે કમીટી રૂમ છે કે જે કોન્ફરન્સ માટે ૧૭૫ અને રિસેપ્શન માટે ૨૫૦ માણસોનો સમાવેશ કરી શકે તેમ છે. વિશાળ ભોજન સમારંભ લગ્ન સમારંભ માટે સુંદર રીતે સજાવેલ આદર્શ જગ્યાઓ પણ ઉભી થઇ છે. હોટલે છેલ્લા કેટલાક મહિનાઓથી અહીંની સ્થાનિક જનતાના રસને કેળવવા માટે વિશિષ્ટ પ્રકારની પ્રવૃત્તિઓનું પણ આયોજન કરેલ છે. વધુ પડતી સમૂહ પ્રવૃત્તિમાં દીવાળીની ઉજવણી નવું વર્ષ મકરસંક્રાંતિ ઉજવણી વખતે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવે છે. સ્ત્રીઓ તથા બાળકો માટે વિશિષ્ટ રીતે આયોજીત પ્રવૃત્તિઓ પણ ચલાવવામાં આવે છે. નજીકના ભવિષ્યમાં બીજા ૩૮ રૂમોની અંદર હેલ્થ ક્લબ શોપિંગ સેન્ટરનો ઉમેરો કરવામાં આવશે.

હોટલે તેના નદ્દન સ્પર્ધાત્મક ભાવ રાખ્યા છે, હાલના રૂમના ભાવ સિંગલ્સ માટે ૪૫૦-૭૦૦ રૂ., ડબલ માટે ૫૫૦-૮૦૦ રૂ., સ્યૂટર્સ ૧૫૦૦ ચાર્જ છે.

સર્વિસ ચાર્જ લગાડવામાં આવતો નથી.

ઉપરના દર ઉપરાંત ટેકસીસ અલગ ચાર્જ કરવામાં આવે છે.

બરોડાના સંજોગોને લક્ષમાં રાખી મોટા ભાગના બીઝનેસ મેન તે જ દિવસે પાછા ફરવા માંગતા હોય તો એવા કસ્ટમર કે જે એક જ દિવસ માટે રૂમ રાખવા માંગતા હોય તેમના માટે હોટલ ઉપર મુજબના દરમાં ૫૦% ડિસ્કાઉન્ટ આપે છે. વધારાની સવલતોમાં હોટલે બધી જ ફ્લાઇટસ માટે એરપોર્ટ કોચની સગવડ શરૂ કરી છે. તેની વિવિધ તાજની સભર સગવડમાં હોટલે મોટા સ્વીમીંગ પુલની શરૂઆત કરી છે જે બરોડાની બધી જ હોટલમાં સર્વપ્રથમ છે. ગુજરાતમાં દાખલ થનાર મુખ્ય હોટલ શૃંખલાની પ્રથમ કડી વેલકમ ગ્રુપ છે કે જે નજીકના ભવિષ્યમાં નવી હોટલ અમદાવાદમાં શરૂ થાય એવું ભવિષ્યનું આયોજન છે. વેલકમ ગ્રુપના ચેરમેન શ્રી વાય. સી. દેવેશ્વરે હમણાં જ ભારપૂર્વક કહ્યું કે " આપણા ગ્રાહકો એ આપણી મોટામાં મોટી મૂડી છે" અને વેલકમ ગ્રુપ વડોદરાએ તેના સ્પષ્ટ બનાવટ માટે ગૌરવ લઇ શકે એમ છે અને તેના મહેમાનોને ઉચ્ચ પ્રકારની સેવા આપવાનો ખાસ આગ્રહ રાખે છે.

એઇમ્સ ઓકસીજન

એઇમ્સ ઓકસીજન પ્રા. લિ.ના પ્રણેતા સ્વ. રાવજીભાઇ કાશીભાઇ પટેલ મૂળ નડિયાદના વતની. યુવાવસ્થામાં પૂજય બાપુ તથા સરદાર પટેલના સંપર્કમાં આવીને, તન, મન, ધનથી દેશસેવા કરી લોકચાહના મેળવેલી.

વ્યવસાય ક્ષેત્રે તેઓએ મફતલાલ શેઠ સાથે પાંચ મિલોના ગ્રુપ મેનેજર તરીકે લગભગ ૧૦ વર્ષ સુધી સેવા ઓ બજાવી. ઉદાર સ્વભાવને લીધે અને કામની ધગશને કારણે માલિકો અને કામદારોની ચાહના મેળવી.

કંઇક કરી છુટવાના સ્વભાવને કારણે શ્રી મોનીભાઇ અમીનના માર્ગદર્શનથી કાગળની આયાતનો વ્યવસાય શરૂ કર્યો. તેઓ દ્વારા સ્થપાયેલ મે. અશોક બ્રધર્સ પ્રા. લિ. કંપની જોતજોતામાં મુંબઇની અગ્રગણ્ય કાગળનો વેપાર કરતી પેઢીઓમાં ગણવા લાગી. એ સમયે ભારતના વડાપ્રધાનને અશોક બ્રધર્સ મારફત કાગળ મોકલાતો. શ્રી રાવજીભાઇએ આયાત કરેલ કાગળ ચલણી નોટોના વપરાશમાં ઉપયોગ કરવા પ્રસ્તાવ મૂકાયો હતો.

સન ૧૯૫૮-૫૯માં કાગળની આયાત પર પ્રતિબંધ આવતાં તે ઓની મહત્વાકાંક્ષાએ જુદો વળાંક લીધો અને તેમણે ઉદ્યોગપતિ બનવાનું પસંદ કર્યું. વડોદરાની ધરતીને કર્મભૂમિ બનાવી ૧૯૬૧ની ૩૦મી નવેમ્બરે પોતાના મૂળભૂત સિધ્ધાંત Aim is serviceને સાકાર કરતી ઔદ્યોગિક ગેસ બનાવતી કંપની (જે વડોદરામાં આ પ્રકારની પ્રથમ કંપની હતી) 'એઇમ્સ ઓકસીજન પ્રા. લિ.' ની સ્થાપના કરી.

કંપનીની શરૂઆત ઘણાં જ કપરાં વર્ષોમાં થઇ. રાવજીભાઇએ પોતાની પૂરેપૂરી મૂડી હોડમાં મૂકી હતી. પરંતુ તેમના ઉત્સાહને કારણે તથા પુત્રો શ્રી અશોકભાઇ અને શ્રી નાનજીભાઇના સહકારથી કંપની મુશ્કેલીમાંથી બહાર આવી અને પ્રગતિ કરવા લાગી.

કંપનીએ વડોદરા ઉપરાંત અમદાવાદ, રાજકોટ અને ઉધનામાં ડેપો શરૂ કર્યા છે. ગુજરાતમાં મહત્ત્વનાં કેન્દ્રોમાં પગદંડો જમાવ્યો છે. કંપનીનાં ૩૯ વાહનોનો કાફલો રાવજીભાઇના સિધ્ધાંતને અનુસરવા તત્પર રહે છે.

શ્રી રાવજીભાઇના સ્વર્ગવાસ પછી એમના પુત્ર અશોકભાઇએ કંપનીનો વહીવટ સંભાળ્યો. હાલ અશોકભાઇના પુત્રો અલર્કભાઇ તથા સિધ્ધાર્થભાઇ આ જ કંપનીમાં સેવાઓ આપી રહ્યા છે. બહોળા પુરૂષાર્થથી કંપનીએ ગુજરાતમાં ગેસ ઉત્પાદનના ચાર એકમો જૂદે જૂદે સ્થળે ઉભા કર્યા છે. આ સફળતામાં તેઓના ગુરુ પૂ. પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદનું ફળ છે તેવી આખા કુટુંબની માન્યતા છે. ધાર્મિક ક્ષેત્રે પણ આ કુટુંબનું મહત્વનું યોગદાન છે.

વડોદરા ક્ષેત્રે એઇમ્સ ઓકસીજને હરણફાળ પ્રગતિ હાંસલ કરી છે.

With Best Compliments From :

SIGIL (INDIA) SERVICES Pvt. Ltd.

P.O. Atladra
Dist. Baroda
P.O. Box : 240
BARODA-390001

વડોદરાનું ગૌરવ
બેંકીંગ ક્ષેત્રે મહિલા સહકારી બેન્ક લી. ની હરણફાળ

સહકારી ક્ષેત્રોમાં નાગરિક સહકારી બેન્કોનું મહત્વનું સ્થાન છે. આ કથનને યથાર્થ કરતી મહિલા સહકારી બેન્કે સંસ્કારી નગરી વડોદરાનું ગૌરવ વધાર્યું છે. શહેરી પ્રજાજનોની યથાશકિત સેવા કરી લોકપ્રિયતા પ્રાપ્ત કરેલ.

શ્રીમતી લીલાબેન ચાંદોરકર ૧૯૭૫ની સાલમાં જયારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ પદે હતાં ત્યારે શહેરની સામાજિક, આર્થિક, શૈક્ષણિક દૃષ્ટિએ નબળા વર્ગની બહેનો તથા તેમના કુટુંબના વિકાસ માટેનો વિચાર કર્યો અને જીવનક્ષેત્રે સ્વાવલંબી અને સ્વાશ્રયી બની શકે તે માટે સંસ્કારનગરીમાં મહિલા બેન્કની સ્થાપના કરી તેનો લાભ બહેનોને આપવા માટેનું એક ભગીરથ કાર્ય હાથ ધર્યું.

સમાજમાં બહેનોને માટે જટિલ સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. બહેનો ગૃહિણી તરીકેની પોતાની પવિત્ર ફરજ અદા કરતાં, કુટુંબની અને ખાનદાનની આબરૂને જાળવી રાખવા પોતાના સૌભાગ્ય ચિન્હોરૂપ બનેલાં આભુષણો ગીરવે મૂકી આબરૂ સાચવવા માટે મજબૂર બનતી હોય છે. આવા અનેક ઉદાહરણો આજના ભદ્ર ગણાતા સમાજમાં જોવા, જાણવાને અનુભવવા મળતાં હોય છે. પરંતુ વિટંબણામાં ફસાએલી બહેનો માટે મહિલા બેંકે બીડું ઝડપ્યું અને ૫-૨-૭૬ ના રોજ મહિલા સહકારી બેન્કની સ્થાપના નિષ્ઠાવાન મહિલા સમાજ સેવિકા શ્રીમતી લીલાબહેન ચાંદોરકરની અધ્યક્ષતામાં થઈ. જે બેંક દોઢ દાયકાની યશસ્વી કારકીર્દિમાં ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાન સર કારી રહી છે. અને બહેનોની આર્થિક ગૂંચો ઉકેલવા માટે એક આશીર્વાદ રૂપ બની ગઈ છે.

બેંકનો વહીવટ અને સફળ સંચાલનમાં સહકારીના તેમજ લોકશાહી તત્ત્વને જાળવી રાખી બેકીંગ જેવા જ ધોરણે કાર્ય શરૂ કરી પ્રથમ શરૂઆતમાં નાના પાયા પર બેંકના શ્રીગણેશ કરામા હતા. સપ્ટેમ્બર ૧૯૭૫માં માત્ર ૧૧ બહેનોના સંગઠને રૂ. ૧૬.૫૦૦નું ભંડોળ એકઠું કરી બેંકનો શુભારંભ કર્યો હતો. પરંતુ ધીમાં છતાં મકકમ ડગલાં ભરી આત્મવિશ્વાસ પ્રમાણિકતા અને નિષ્ઠાથી કાર્યની શરૂઆત કરી સ્ત્રીમાં રહેલી અદ્‌ભૂત શકિતનો સમગ્ર ગુજરાતને પરિચય કરાવી દીધો. જેનો યશ શ્રીમતી લીલાબેન ચાંદોરકર તથા તેમના પડખે રહેલા સહકાર્યકર બહેનોને ફાળે જાય છે.

ધીરાણ અને વર્કીંગ કેપીટલ ક્ષેત્રે હરણફાળ વિકાસ સાધી રહેલી મહિલા સહકારી બેંક 'અ' વર્ગનો હોદો ભોગવી રહી છે. બહેનોના સંગઠનનું આ અદમ્ય સાહસ, નિષ્ઠા અને કરકસર ભર્યા વહિવટના ફળ સ્વરૂપે અન્ય બેંકોની હરોળમાં મહિલા સહકારી બેંકે સધ્ધરતા મેળવી જે સહકારી બેંકોના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયું છે.

મહિલા સભ્યો, મહિલાઓ કર્મચારી સભ્યો અને બોર્ડ ઓફ ડીરેકટર્સ ને સમિતિઓમાં પણ મહિલાઓનું સ્થાન ભોગવતી બેંકે અનેક વિધ યોજનાઓ હાથ ધરી નારી ઊત્થાન માટેનો અભિગમ અપનાવી સફળતા પ્રાપ્ત કરી છે. લોનની જરૂરિયાત વાળી બહેનોની અરજી પર તૂર્ત નિર્ણય લઈ, સ્થળની ધરની કે કુટુંબની મુલાકાત લઈ બહેનોના દુઃખમાં સહભાગી બનતી બેંકમાં ઉત્તરોત્તર સભ્યોની સંખ્યા વધવા માંડી અને ભંડોળ પણ છલકાવા માંડયું. બેન્કની કેટલીક શેરહોલ્ડર બહેનો સ્વાવલંબી બનીને જીવનમાં સ્થિર ડગે ખુમારી ભર્યું જીવન જીવી રહી છે.

આ બેન્કની વર્કિંગ કેપીટલ શેર હોલ્ડર્સની સંખ્યામાં વધારો એજ એની સદ્ધરતા પૂરવાર કરે છે.

પ્રમુખ શ્રીમતી લીલાબેન ચાંદોરકર, ઉપ-પ્રમુખ શ્રીમતી શુભાંગિની દેવી ગાયકવાડ, મે.ડી. શ્રીમતી ગાયત્રીદેવી ગાયકવાડ મંત્રી શ્રીમતી પ્રભાબેન ગુપ્તે, સહ.મે.ડી શ્રીમતી વિમલબેન નિંબાળકર અને સહ-મંત્રી શ્રીમતી જયશ્રીબેન ઉપાધ્યાયના નેતૃત્વમાં અને નિષ્ઠાવાન ડાયરેકટરોના સહકારથી બેંક ઉત્તરોત્તર પ્રગતિનાં શિખરો સર કારી રહી છે.

ઉન્નતિ કો.ઓપરેટિવ બેન્ક લિ.

કોઠી પોળ, રાવપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન : ૫૪૧૭૩૨, ૬૬૨૭૩

તા. ૩૧.૩.૮૯ની આંકડાકીય માહિતી

વસુલ આવેલ શેર ભંડોળ	રૂા. ૧૮,૮૨,૪૪૦/-
રીઝર્વ અન્ય ફંડો	રૂા. ૩૬,૫૦,૦૫૭/-
થાપણો	રૂા. ૩૪૮,૭૭,૬૭૧/-
ધિરાણો	રૂા. ૩૩૦,૪૬,૯૩૮/-
કામકાજનું ભંડોળ	રૂા. ૪૭૯,૭૮,૯૩૧/-

● તમામ પ્રકારનું બેંકીંગ કામ કરવામાં આવશે

શ્રી ત્રીભોવનદાસ ટી. પટેલ (ચેરમેન)
શ્રી કીરીટકુમાર એ. અમીન (વાઈસ ચેરમેન)
શ્રી શશીકાન્ત આઈ. પટેલ (મેને.ડીરેકટર)
શ્રી રમેશ ભાઈ સી. પટેલ (મેનેજર)

LIC's new, children's plan

Go For It!
Make Your Baby Smiles



Gift your child happiness
through LIC's Jeevan Balya

Life Insurance Corporation of India
Baroda Division

નવી ધરતી

હાલમાં જ્યાં જ્યુબિલી બાગ છે ત્યાં પહેલાં રાણા લોકોનો વસવાટ હતો. જ્યુબિલી બાગમાં કબીર મંદિરના અસ્તિત્વ રૂપે - કબીરની સમાધિ અને પગલાં છે. રાણા જ્ઞાતિમાં કબીરનું માહાત્મ્ય વિશેષ છે.

સયાજીરાવ મહારાજા ૧૯૦૫ માં લંડનથી વડોદરા આવ્યા પછી શહેરના આયોજન વિશે વિચાર્યું. પોતાની હયાતિ બાદ ૫૦ કે ૭૫ વર્ષ પછી વડોદરા કેવું હશે એ પણ એમણે વિચાર્યું.

જ્યુબિલિબાગ બનાવવા મહારાજાએ રાણા લોકોને નાગરવાડા પાસે જમીન આપી જે હાલ નવી ધરતી તરીકે ઓળખાય છે. હાલ ત્યાં રાણા કુટુંબનાં લગભગ ૭૦૦ ઘર છે. ઈતર વસતિ પણ છે.

જ્યુબિલિબાગની પાછળ હજીયે રાણાવાસ છે. મુખ્ય રસ્તાપર આવેલ કબીર નિવાસમાં ૧૯૪૧માં રાણા સહાયક સહકારી મંડળી શરૂ કરવામાં આવેલી જે આજે ૪૮વર્ષથી કાર્યરત છે. મંડળી જ્ઞાતિજનોને સારા-માઠા પ્રસંગોએ, મકાન બાંધવા તથા વેપાર ધંધા માટે ધિરાણ કરે છે. શ્રી ચંદુભાઈ રાણા છેલ્લા ૭ વર્ષથી ઉપરોક્ત મંડળીના પ્રમુખ છે અને એમની દોરવણી હેઠળ કરકસરભર્યો વહીવટ ચાલે છે. તેઓ અખિલભારત રાણા સમાજના મહામંત્રી, વડોદરા રાણાસમાજના પ્રમુખ અને કબીર મંદિરના મુખ્ય કારભારી છે.

ચંદુભાઈ રાણા

With Best Compliments From

BHAGYODAY BUILDERS

Phone
(O) 541921
(R) 558221
(R) 559532

A-71, Vrundavan Park
Housing Soc,VIP Road,
Karelibaug
BARODA-390018

WITH BEST COMPLIMENTS FROM .....

Narendra P.Vora

ATUL TILES & MARBLE

Off: 2/12, Shahid Bhagatsingh Rood,
Opp Town Hall Post Office, Fort,
Bombay-400023

Res: 94, Dariya Mahal, B, 16th Floor,
80, Nepeansea Road, Bombay-400006.
Ph. (R) 828-1980, 828-1981,882-1982

Add a new dimention to your product packing

STRAPOLY®

NON-METALLIC SUPER-TUF STRAP

Strap by **STRAPOLY**
- Tested by SASMIRA & IPCL
- Available in 6 Colours & 5 Sizes
- Could be printed in your name
- Better grip ● Less freight
- Safety to packer & package
- Rust proof ● Greater Savings
- Less storage space
- Duty drawback for exporters

STRAPOLY
First plant in India
to work on Air-orientation

WINNERS OF GOLD MEDAL

926/A, GIDC, Makarpura,
Baroda-390 010 Tel. : 42220

નૂતન સહકારી બેંક લિ.
'નૂતન'
બરાનપુરા મેઈન રોડ, વડોદરા. ૩૯૦૦૦૧

● થાપણો : ૨,૬૮,૪૩,૦૦૦ ● ધીરાણ : ૨,૧૬,૫૨,૦૦૦
● વર્કિંગ કેપીટલ : ૩,૪૨,૩૪૦૦૦ ●

બેંકની આકર્ષક યોજનાઓ :
- સેફ ડીપોઝીટ લોકર્સની વ્યવસ્થા છે. જૂજ લોકર્સ બાકી છે.
- 'પબ્લિક ટ્રસ્ટ' ની થાપણો સ્વીકારવાનો ગુજરાત સરકાર તરફ પરવાનગી ધરાવતી બેંક.
- યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના યુનીટસ ખરીદવા નાણા સ્વીકારવામાં આવે છે.
- રૂા. 30,000/- સુધી દરેક પ્રકારની ડિપોઝીટ રીઝર્વ બેંકની ઇનસ્યુરન્સ સ્કીમ હેઠળ સુરક્ષિત.
- લઘુ ઉદ્યોગ, વેપાર અને ઓટોરીક્ષા ખરીદવા માટે ધીરાણની યોજનાઓ.
- પોતાનું ઘર બનાવવા માટે ધીરાણની વ્યવસ્થા.
- ધીરાણની વિવિધ લક્ષી યોજનાઓ અને આકર્ષક લઘુતમ વ્યાજના દર.

એસ.આર.જોષી (ચીફ એક્ઝીક્યુકેટીવ) ● ઉ.શં.શેજવલકર (મેનેજીંગ ડીરેક્ટર) ● વ.ચ.મૂળે (ઉપાધ્યક્ષ) ● દ.કૃ.પારેખ (અધ્યક્ષ)

IPB 89

નૂતન સહકારી બેંક 'પાંચ દાયકાની વિકાસગાથા"

નૂતન સહકારી બેંક બરાનપુરાએ તેની વિકાસગાથાનાં પચાસ વર્ષ પૂરા કર્યા છે. આ બેંકની સ્થાપના ચૈત્ર સુદ ૧, સંવત ૧૯૯૩ તારીખ ૧૨-૪-૧૯૩૭ ના શુભ દિને કરવામાં આવી હતી. ઓછી આવકવાળા મધ્યમવર્ગીય લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે શહેરના આ વિસ્તારનાં લોકોની જરૂરિયાતોને પહોંચી વળવાની ઘણી જરૂર હતી તે સમયની પરિસ્થિતિનો અભ્યાસ કરી આ હિસ્સાના અગ્રગણ્ય નાગરિકોએ એકત્ર મળીને ચર્ચા-વિચારણા કરીને ઉપર્યુકત નિર્ણય લીધો.

આ કાર્યમાં પ્રારંભમાં તે સમયના બાહોશ સુધરાઈ કામદાર શ્રી રૂપનારાયણ કાનુન્ગો સાથે શ્રી જયવંતરાવ આંબેગાવકર, શ્રી નારાયણરાવ શિંદે, સરદાર શ્રી પાંઢરે, સરદાર શ્રી ઢમઢેરે અને સરદાર શ્રી ફડનીસ જેવા ઉચ્ચ પદસ્થ સેવાભાવિ વ્યકિતઓ હતી. શ્રી નારાયણરાવ શિંદે સહકારી અધિકારી હતા, તે કારણે તેમની સેવા ખૂબ મહત્ત્વની બની હતી તે સમયે શ્રી ના.કૃ પુરાણિક, શ્રી ગ.મ. ખાનવિલકરે પણ ઘણા પરિશ્રમ કર્યા મધ્યમ અને ઓછી આવકો ધરાવતા લોકો પાસેથી થાપણે એકત્ર કરી તેમાંથી ધિરાણનું કામકાજ શરૂ કર્યું .મંડળીનો ઉદ્દેશ સભાસદોમાં નિયમિતરીને બચત કરવાની ટેવપાડી તેમાંથી થયેલ ભંડોળ દ્વારા તેમનો આર્થિક વિકાસ સાધવાનો છે એ ઉમદા હેતુ નજર સમક્ષ રાખી આ સદ્‌ગૃહસ્થોએ મંડળીની સારીરીતે સંભાળ રાખીને તેને વિકાસ તરફ દોરી જવાના પ્રયત્નો આદર્યા.

થોડાજ દિવસોમાં ભાગદારોની સંખ્યા પણ વધવા લાગી. શરૂઆતમાં મંડળીનું ભંડોળ રૂ. ૨૫,૦૦૦ નું ઉભુ કરવામાં આવ્યું. પાંચ રૂપિયાનો એક ભાગ નકકી કરવામાં આવ્યો. આમ મંડળીની પ્રગતિ થતા ૧૯૪૭ માં ભાગ ની કિંમત રૂ.૧૦/- નકકી કરી મંડળીની કાયદેસરની નોંધણી તારીઅ ૧૦-૬-૧૯૩૭ નારોજ કરવામાં આવી. તેપછી મંડળીનું કામ સહકારી કાયદા અને ધારાધોરણ મુજબ શરૂ થયું. તારીખ ૪-૮-૧૯૩૭ ના પ્રથમ દિવસે બે સભાસદો તરફથી ભાગ પેટે રૂ. ૩૦/- અને માસિક બચત પેટે રૂ.૧/- મળી કુલ રૂ. ૩૧/- જમા થયા મંડળીએ પ્રથમ જામીન કરજ ઑકટોમ્બર ૧૯૩૭માં ત્રણ સભાસદોને ન મળી કુલ રૂ. ૭૦૦/-અને પોણાપટનું પ્રથમ કરજ રૂ. ૩-૧૨-૦ એક સભાસદને તા. ૩૦-૧૨-૩૭ના રોજ ધિરાણ કરવામાં આવ્યું.

પ્રથમ વર્ષ પુરૂં થતાં જુલાઈ ૧૯૩૮ની આખર ભાગદારોની સંખ્યા ૮૪ અને ભાગની સંખ્યા ૧૩૦ ની હતી અને માસિક બચતની રકમ રૂ. ૪૭૯-૪-૦ હતી. ફકત ૧૪ ભાગદારોને જામીન અને પોણાપટ કરજ મળી કુલ રૂ. ૨૨૩૭-૧૨/- ૦નું ધિરાણ આપવામાં આવ્યું હતું. આમ હેવડદેવડ થતાં પ્રથમવર્ષમાં આખરે સિલક રૂ. ૧૩૮૦-૧૦-૧૦ જમા ખાતે હતી. બીજા વર્ષે સભાસદ સંખ્યા વધીને ૯૭ થઈ અને મંડળીનો નફો રૂ. ૫૦/- થયો. તેમાંથી રૂ. ૭/- રિઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવ્યા.

આ મંડળીના સહુ પ્રથમ પ્રમુખ બનવાનું બહુમાન શ્રી રૂપનારાયણ મુનંદન કાનુન્ગોને પ્રાપ્ત થયું. તેઓશ્રી બેરીસ્ટર હતા, ઉપરાંત બાહોશ અમલદાર તરીકે તેમણે પ્રજાની પ્રશંસા મેળવી હતી. તેઓશ્રીના અનુગામી તરીકે આવ્યા શ્રી ભાઈલાલભાઈ જેસીંગભાઈ પટેલ શ્રી. પટેલ તે સમયે ગુજરાતમાંજ નહીં પણ જે સારાય દેશમાં જાણીતા સહકારી કાર્યકરોમાં અગ્રણી હતા. સતત બે દાયકાઓ સુધી તેઓશ્રીની સેવાઓ બેંકને મળી.અને બેંકનો પ્રગતિકમ વિકાસોન્મુખ બન્યો. તે સમય ગાળામાં ભાગદારોની સંખ્યા૧૧૪ થી વધીને ૧૩૦૬ સુધી પહોંચી અને ભાગની સંખ્યા ૧૬૦ ની ૪૪૦૧ થઈ. નફો રૂ.૯૧/- હતો તે રૂ. ૩૪૧૧/- થયો તે પછી બેંકનું સુકાન શ્રી રામચંદ્ર નારાયણ પુરંદરે સંભાળવા લાગ્યા. વકીલાતનો વ્યવસાય સંભાળીને તેઓએ અન્ય સામાજીક કાર્ય સાથે બેંકનું સફળ સંચાલન કર્યું ત્યારબાદ પ્રમુખસ્થાને હતા. ડૉ.ત્રિબક કૃષ્ણ જેજુરીકર, ડૉકટરસાહેબના સૌમ્યતાશીલ અને મિલનસાર સ્વભાવના કારણે અને એકધારી કાર્યદક્ષતા અને શુભનિષ્ઠા વિગેરે ગુણો દ્વારા બેંકે અનેક મુશ્કેલીઓ પાર કરી. ત્યારપછી પ્રમુખ સ્થાન શોભાવ્યું શ્રી અચ્યુત શંકર ભાવે સાહેબે બેંકના વહીવટમાં અને સંચાલનમાં તેઓશ્રીનો નવોજ ધંધાકીય દૃષ્ટિકોણ રહ્યો. બેંકને વ્યાપારી બેંકોની હરોળમાં લાવવાની તેમની નેમ હતી. આ સમય દરમ્યાન મંડળીની ઓફીસનું કામકાજ સંભાળનાર શ્રી રામચંદ્ર ત્રિબક અભોણકર, શ્રી ભાલચંદ્ર કુલકર્ણી, શ્રી કરંજગાવકર, શ્રી ધાસકડવી અને શ્રી એમ. આર. બક્ષી હતા. બેંકના ઉત્કર્ષ અને વિકાસમાં તેઓનો પણ અમુલ્ય ફાળો રહ્યો છે.

મંડળીની સ્થાપના થઈ ૨૫ વર્ષ પુરા કર્યા તે સમયે તા. ૧૩ જુન ૧૯૬૫ ના રોજ સંસ્થાની રજતજયંતિ ઉજવવામાં આવી.

પ્રથમ કાર્યકારી વ્યવસ્થાપક હતા શ્રી. ના. કૃ. પુરાણિક પછી આમ પ્રગતિ થતા મંડળીને હિસાબી કામનું અને મંડળીના વ્યવહારનું સારૂ જ્ઞાન ધરાવતા હોય એવા વ્યકિતની જરૂર હતી. અને સદ્‌ભાગ્યે તે સમયે શ્રી પુ. ખં ગોત્રીની સાહેબની સેવાઓ બેંકને પ્રાપ્ત થઈ. તે પછી વહીવટનાં સૂત્રો તા. ૧-૧-૧૯૩૯ ના દિવસે તેઓશ્રીની સોંપવામાં આવ્યા. સતત વીસ વર્ષ સુધી શ્રી ગોત્રીસાહેબે બેંકના વિકાસમાં અમુલ્ય ફાળો આવ્યો. તેઓશ્રીની નિવૃત્તિબાદ તે કામ સંભાળનાર હતા શ્રી. સુંદરનાથ માધવ રાજાપુરકર. તેમના અનુગામી તરીકે શ્રી યશવંત ભાઊરાવ કાળુસ્કર સાહેબે મંડળીનો કાર્યભાર સંભાળ્યો. તેમના અનુભવ અને સચોટ માર્ગદર્શન મળવાથી મંડળી પ્રગતિમાં પંથે આગેકુચ કરતી રહી તે પછી મંડળીની ધુરા સંભાળનાર હતા યુવાન અને તે પછી શ્રી શરદકુમાર ભાનુરાવ કાનેટકરે તેઓશ્રીએ ઉપપ્રમુખ તરીકે પણ સેવા આપેલ છે. તેમની નિષ્ઠા અને ઉત્સાહી વૃત્તિથી બેંકીંગના સંદર્ભમાં નવી ક્ષિતિજો વિસ્તરી તેઓશ્રીના સમયમાં વડોદરા શહેરની અગ્રગણ્ય બેંકોની હરોળમાં આ બેંકે સ્થાન પ્રાપ્ત થયું શ્રી મધુસુદન ગજાનન પુરાણિકની આ બેંકને કાર્યકારી વ્યવસ્થાપક તરીકે સેવાઓ પ્રાપ્ત થઈ અને તેઓ હાલ પણ વ્યવસ્થાપક તરીકે સેવાઓ આપી રહ્યા છે.

બેંકનો ખૂબ ઝડપથી વિકાસ થવા લાગ્યો. અને જગ્યાના અભાવે તમામ પ્રકારની બેંકીંગ સુવિધાઓવાળું મકાન જે એક પાયાની જરૂરીયાત હતી. અને તેવું મકાન બનાવવા માટે બાંધકામ કરવાનો નિર્ણય કરી વ્યવસ્થાપક મંડળે જમીન ખરીદી લીધી. અને ચૈત્ર શુ.૧ સંવત ૨૦૩૯ ના શુભદિને બેંકે પોતાના કારકીર્દીનાં ૪૬ વર્ષ પુરા કર્યા તે દિવસે આપણા અદ્યતન, સંપૂર્ણ સગવડોવાળા મકાનનું ઉદ્‌ઘાટન થયુ. નવા મકાનમાં સેફ ડિપોઝીટવોલ્ટની પણ વ્યવસ્થા કરવામાં આવી. બેંકે પોતાની માલિકીનું અદ્યતન મકાન સંપાદન કરી બેંકની સદ્ધરતાના પ્રતીક તરીકે ગ્રાહકો અને ભાગદારોના પ્રેમ, શ્રધ્ધા અને વિશ્વાસનું એક માનચિન્હ સમાન ઉદાહરણ પુરૂ પાડયું છે.

આ બેંકે વેપાર ઉદ્યોગોને લગતા ધિરાણ આપવાનું શરૂ કર્યું. નાના ઉદ્યોગોના વિકાસને વેગ મળે, નાની મૂડી સાથે ધંધો કરનારને પ્રોત્સાહન મળે તે માટે બેંક તરફથી આર્થિક સહાય આપી મદદ કરવામાં આવે છે. વાહનો માટે હાયર પરચેસના ધોરણે લોન, કૌટુંબિક અને સામાજિક કાર્યો માટે લોન, નવીન મકાનો બાંધવા માટે લોન અને બાજા અનેક પ્રકારની નાણાંકીય સહાય લોન દ્વારા કરી બેંકના અનેક ભાગદારોમાટે આ બેંક એક આશિર્વાદ રૂપ બની છે. હાલમાંજ બેંકે નબળી આવકવાળા પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓને આર્થિક મદદ મળે અને ભણતરમાં પ્રોત્સાહન મળે તે હેતુથી વિદ્યાર્થી સહાયનિધિ ઊભો કરવાનું વિચારેલ છે. તેમજ સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે તેની સ્મૃતિ રૂપે દરવર્ષે બેંકીંગને સબંધિત વિષયોપર એક કાયમી વ્યાખ્યાનમાલાનું આયોજન કરેલ તે અનુસાર અત્યારસુધી બેંકે નામાંકિત વકતાઓના બે વ્યાખ્યાનોનું આયોજન કરેલું છે. ૧૨ જુન ૧૯૮૭ની સાલમાં મુંબઈસ્થિત શ્રી એસ. એસ. ચંગણેકર (શરૂચંગણેકર) એમનું મેનેજમેંટ ઈન અર્બન કોઓ બેંક વિષયપર વ્યાખ્યાન રાખવામાં આવેલ. ત્યારપછી ૨૯ એપ્રિલ ૮૯ રોજ શ્રી જહોન ડીસિલ્વા મેનેજીંગ ડીરેકટર અભ્યુદય કો-ઓપ-બેંક લી. મુંબઈ એમનું ડેવલપમેન્ટ ઑફ ઑર્ગેનાયઝેશન સ્ટ્રકચર ઈન અર્બન કો. ઓ બેંક વિષય આ પર વ્યાખ્યાન યોજવામાં આરેલ બેંકના ગ્રાહકો, મિત્રો, શુભેચ્છકો સભાસદો વિગેરેએ આનો સારો પ્રમાણમાં લાભ લીધો હતો.

બેંકને લાયસન્સ મળે તે માટેના પ્રયત્નો સને ૧૯૬૬ થી ચાલુ હતા. તે માટે બેંકનું સંચાલન, ભંડોળ, રિકવરી, નફો આર્થિક સદ્ધરતા વિગેર અનેક પાસાંઓ ધ્યાનમાં લેવામાં આવે છે. અંતમાં બેંકને લાયસન્સ મળી ગયું છે. . સુવર્ણજયંતિમહોત્સવ વર્ષમાં સદર બેંકીંગનું લાયસન્સ મળ્યું તે એક સુભગ યોગાનુયોગ કહી શકાય.

With Best Compliments From.....

AIMS OXYGEN PRIVATE LIMITED

Old Padra Road, Vadodara - 390 020
Tel. Ph : 324261, 62, 83

Manufacturers and Dealers In INDUSTRIAL GASES,
OXYGEN - NITROGEN - ACETYLENE -
MEDICAL OXYGEN AND HYDROGEN

With Best Compliments From.....

ASOK JYOT OXYGEN PVT. LTD.

7101, GIDC, Sachin,
Dist : SURAT Tel . No. : 98

Manufacturers and Dealers In INDUSTRIAL GASES,
OXYGEN - NITROGEN - ACETYLENE -
MEDICAL OXYGEN - HYDROGEN & ARGON

With Best Compliments From.....

PRAMUKH OXYGEN PVT. LTD.

Survey No. 57/3(12), Daman-Bhenslor Road
Village Dunetha, Nani Daman.

Manufacturers and Dealers In INDUSTRIAL GASES,
OXYGEN - NITROGEN - ACETYLENE -
MEDICAL OXYGEN - HYDROGEN & ARGON

With Best Compliments From.....

ASOK AIR PRODUCTS PVT. LTD.

L-50, GIDC, Odhav, Ahmedabad - Tele No. : 887963
Manufacturers And Dealers In Industrial Gases
Oxygen - Nitrogen - Acetylene - Medical Oxygen - Hydrogen

Branch : Shahiada Mansion, Opp. Gujarat Samachar, Near Tele;phone Office,
Khanpur, Ahmedabad - 380 001. Tele No. : 351073

With Best Compliments From.....

AKSHAR ACETYLENE PVT. LTD.

1022-23, GIDC, VAGHODIA, Dist. BARODA.
Phone : 387

Manufacturers of :
DISSOLVED ACETYLENE GAS

જીવન વીમા નિગમ

વડના વૃક્ષોની વચ્ચે વસેલું વડોદરા 'સંસ્કારી નગરી' તરીકે ઓળખાય છે. સાથે સાથે છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતના નકશામાં વિકસતી ઔદ્યોગિક નગરી તરીકે પણ ધ્યાનાકર્ષિત થાય છે. ગુજરાત રીફાઇનરી, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર કું. ઇન્ડીઅન પેટ્રોકેમિકલ્સ અને બીજા ઘણા કેમીકલના મોટા ઉદ્યોગો વડોદરાની આસપાસના વિસ્તારોમાં વિકસ્યા છે. મોટા ઉદ્યોગોને મદદરૂપ થવા બીજો સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝનો પણ વડોદરામાં વિકાસ થઇ રહ્યો છે. વડોદરા ઉચ્ચ શિક્ષણ માટે પણ એક આગવું કેન્દ્ર છે. સંગીત અને નૃત્યકલા માટે અહીં યુનિવર્સિટી સંચાલિત ડીગ્રી કોર્સીસ છે. પરિણામ સ્વરૂપે વડોદરા જિલ્લા અને વડોદરા શહેરની આબાદીમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે.

વડોદરા શહેર અને જિલ્લાની વીમાના વેચાણ માટે ક્ષમતા ઘણી ઉંચી ગણાય. વીમાની જરૂરિયાતની દૃષ્ટિએ અને લોકોની આબાદી-આવક અને સમૃધ્ધિની દૃષ્ટિએ પણ બચતક્ષમતા ઘણી ઉંચી છે.

આમ બધી જ રીતે જોઇએ તો વડોદરામાં જીવન વીમા નિગમની વિભાગીય કચેરી હોવી જોઇએ તેવું ઘણા લાંબા સમયથી લાગ્યા કરતું હતું. ૧૯૭૩-૭૪માં વડોદરા ડિવિઝનની સ્થાપના માટે પ્રયત્ન કરવામાં આવેલા પણ એક-યા બીજા કારણસર તેમ બન્યું નહીં, અંતે ૨૮-૮-૧૯૮૬ના રોજ વડોદરા શહેરને 'જીવન વીમા નિગમ'ની વડોદરા ડિવિઝન ઓફિસની ભેટ મળી. જે વડોદરાની ગઇકાલમાં ન હતી તે આજના વડોદરામાં છે.

આ અગાઉ વડોદરા શહેરની શાખાઓ અને ડભોઇ શાખાની સેવાઓ સુરત ઓફિસ દ્વારા આપવામાં આવતી હતી. ખેડા અને પંચમહાલ જિલ્લાને અમદાવાદ ઓફિસ દ્વારા સેવા આપવામાં આવતી હતી. વડોદરા ડિવિઝનના કાર્યક્ષેત્રમાં વડોદરા, ખેડા અને પંચમહાલ જિલ્લાનો સમાવેશ થાય છે. વડોદરા જિલ્લામાં વડોદરા, ડભોઇ અને કરજણ તાલુકાના ક્ષેત્રને બાદ કરતા આદિવાસી અને આર્થિક રીતે પછાત વસ્તીનું પ્રાધાન્ય છે. જો કે ખેડા જિલ્લો ખેતીવાડીની દૃષ્ટિએ સમૃધ્ધ વિસ્તાર છે. પંચમહાલમાં થોડોક ઔદ્યોગિક વિસ્તાર છે. ખેતીવાડી પણ છે છતાં તે પણ પછાત વિસ્તાર તો ગણાય જ છે. આમ વસ્તીની વિવિધતા, ઔદ્યોગિક સમૃધ્ધિ, ખેતીવાડી અને આર્થિક અસમાનતાવાળા વિસ્તારમાં વડોદરા ડિવિઝને 'જીવન વીમા નિગમ'ના મૂળભૂત હેતુઓ સિધ્ધ કરવાનું ઉત્તરદાયિત્વ છે.

'જીવન વીમા નિગમ'ની સ્થાપના ૧૯૫૬માં નાની મોટી ૨૭૦ કંપની ઓનું રાષ્ટ્રીયકરણ કરીને કરવામાં આવેલી પ્રથમ પંચવર્ષિય યોજના બાદ દ્વિતીય પંચવર્ષિય યોજના ૧૯૫૨માં મોટા ઉદ્યોગો અને ગ્રામ્ય વિસ્તારોના વિકાસ અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા. આ માટે બચતોનો લાંબાગાળામાં રોકાણ કરવા માટે અને, ઉદ્યોગોને મૂડીમાળખું પૂરું પાડવાની જવાબદારી 'જાહેરક્ષેત્ર'ને સોંપાઇ. આ યોજનાના ભાગરૂપે રાષ્ટ્રીયકૃત જીવનવીમા વ્યવસાયનું સંચાલન કરવા 'જીવિકો' અસ્તિત્વમાં આવ્યું, જેનો મૂળ હેતુ 'વીમા આરક્ષણ' દેશના ખૂણે ખૂણે જઇને પુરું પાડવું અને 'બચતો'નો રાષ્ટ્રીય સામાજિક ઉત્કર્ષ યોજનામાં ઉપયોગ કરવાનો.

'જીવિકો'ની સ્થાપના થઇ ત્યારે તેનો વાર્ષિક નવો ધંધો રૂ. ૩૩૬ કરોડ હતો જે આજે ૧૯૮૮-૮૯ના વર્ષાન્તે રૂ. ૧૭,૫૦૦ કરોડનો આંક વટાવી ગયો છે. આ વર્ષે કુલ ૬૦ લાખ પોલીસીઓનું કામકાજ થયું છે જેમાં વડોદરા વિભાગે રૂ. ૨૩૪ કરોડનું નવુ કામ ૮૩,૦૦૦ પોલીસીઓ હેઠળ કર્યું છે.

ગ્રામ્ય વિસ્તારની વધતી જતી આબાદી જોતાં વીમાનું વેચાણ ગ્રામ્ય વિસ્તારમાં થવું જોઇએ. વીમાની જરૂરિયાતની દૃષ્ટિએ પણ તેઓ અગ્રેસર છે. આ વર્ષે ૧૯૮૮-૮૯માં જીવિકોના કુલ નવા ધંધાનો ૩૪% ભાગ ગ્રામ્ય વિસ્તારમાંથી છે.

'વ્યક્તિગત વીમા'ની સામે સામાન્ય રીતે જેઓ વીમો નથી લઇ શકતા. આર્થિક રીતે પછાત હોવાના કારણે એવા લોકો માટે જીવિકોએ 'સામૂહિક વીમા યોજના' 'Group Insurance Scheme' બનાવી છે. આ યોજના દ્વારા સંગઠિત અને બિનસંગઠિત કર્મચારીઓ જેવા કે ખેડૂતો, સફાઇ કામદારો, બીડી કામદારો વિગેરેને સામૂહિક વીમાનો લાભ અપાયો છે. આર્થિક રીતે નબળા કામદારોને પણ નજીવા પ્રીમીયમના દરોએ 'વીમાની સુરક્ષા' ઉપલબ્ધ બને છે. ગુજરાત અને તામીલનાડુ આ યોજનાના લાભો સમાજના નબળા વર્ગો સુધી લઇ જવામાં અગ્રેસર છે.

વીમેદારોને ઉત્કૃષ્ટ સેવાઓ મળી રહે તે માટે શાખા કચેરીઓમાં હવે 'નવા વીમાથી દાવાની પતાવટ' સુધીના બધા જ કામકાજ થઇ શકે તેવી વ્યવસ્થા કરાઇ છે. વિકેન્દ્રીકરણના ભાગરૂપે હવે દરેક શાખાને પોતાનું આગવું કોમ્પ્યુટર પણ આપવામાં આવી રહ્યું છે, જેથી વધતા જતા કાર્યભાર ક્ષતિરહિત અને ત્વરિત નિપટાવી શકાય. વીમા વ્યવસાયની સેવાઓ કેટલી ઉત્કૃષ્ટ છે તેનો માપદંડ તેના બાકી રહેલા દાવાઓ ગણી શકાય.

વડોદરા વિભાગના ૧૯૮૮-૮૯ના વર્ષાન્તે ચૂકવવા પાત્ર દાવામાંથી માત્ર થોડાગણા જ દાવાઓ બાકી છે. જે સિધ્ધ કરે છે, કે વડોદરા ડિવિઝન તેને સોંપાયેલી જવાબદારી સિધ્ધ કરવા સક્ષમ છે એટલું જ નહીં, આવી રહેલા દિવસોમાં આથી પણ વધુ સુંદર સેવાઓ આપવા વચનબધ્ધ છે.

વડોદરા ડિવિઝન ઓફિસના કાર્યક્ષેત્ર હેઠળની શાખાઓમાં દાવાઓની ચુકવણી આ મુજબ રહી હતી.

વર્ષ	પાકતી પોલીસીના દાવાઓ	મૃત્યુના દાવાઓ	પોલીસી નહીં ચૂકવાયેલ દાવાની ટકાવારી	પોલીસીઓ નહીં ચૂકવાયેલ દાવાની ટકાવારી
૧૯૮૮-૮૯ (ફેબ્રુ. ૮૯ સુધી)	૨૭૫૨૯	૫.૧૫%	૧૪૪૮	૫%

દાવાઓની ચૂકવણી બાબતમાં જીવિકોની કાર્યવાહી આંતરરાષ્ટ્રીય વીમા કંપનીઓમાં સરખામણીમાં સરાહનીય રહી છે, જેમ કે પાકતી પોલીસીના ૬૫% દાવાઓ તો પાકતી તારીખ પહેલા જ ચૂકવાય છે. મૃત્યુના દાવાની બાબતમાં પણ ૭૯%૭ જેટલા દાવાઓ તો અરજી મળ્યાના ૭૫ દિવસમાં જ ચૂકવાઇ જાય છે.

તાજેતરના વર્ષોમાં 'જીવિકો' દ્વારા લોકોની જરૂરિયાતો મુજબ નવી નવી વીમા યોજનાઓ રજુ કરવામાં આવી છે. રૂઢિગત વીમા યોજનાઓની સાથે સાથે નોકરી કરતા દંપતિઓ માટે 'જીવનસાથી', ત્રિવિધ લાભો ધરાવતી 'જીવનમિત્ર', અપેક્ષિત હયાતીની વીમા યોજના, વીમા સંદેશ, નૂતન જનરક્ષા વીમા યોજના, અને વૃધ્ધાવસ્થાના આરે પહોંચેલી વ્યક્તિઓ માટે 'જીવનધારા' અને 'જીવનઅક્ષય' યોજનાઓ રજુ કરી છે. નહેરુ શતાબ્દિ નિમિત્તે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે 'બાલ્યજીવન' યોજના પણ બનાવી છે.

* 'જીવન વીમા નિગમ' દ્વારા આપનું ઘર વસાવો' યોજના હેઠળ મકાનના બાંધકામ અને ખરીદી માટે વીમેદારોને લોન આપવામાં આવે છે. આ કાર્યક્ષેત્રમાં વડોદરા ડિવિઝન ઓફિસે રૂ. ૧,૬૫,૯૨,૦૦૦ની લોન ૨૬૦ મકાનો માટે આપી છે. આ રીતે પણ 'જીવિકો' ઘર વસાવવા માટે વીમેદારોને ધિરાણ આપે છે.

'જીવિકો'નું મૂલ્યાંકન હવે વાર્ષિક ધોરણે થાય છે. ગત વર્ષે હયાતીના વીમા પર રૂ. ૬૫ અને આજીવન વીમા પર રૂ. ૭૨-૫૦નું વિક્રમ બોનસ જાહેર કર્યું છે. ઉંચા બોનસના કારણે જીવન વીમો હવે વધુ આકર્ષક બન્યો છે. અન્ય 'બચત'ની જેમ 'આવકવેરા'માં વીમામાં ભરેલા પ્રીમીયમો પર રાહત મળે છે.

આમ જીવનવીમો 'વ્યક્તિ' માટે જરૂરી છે - તો રાષ્ટ્રની ઉન્નતિ માટે પણ એટલો જ જરૂરી છે. લાભદાયી છે. 'જીવિકો'એ વડોદરા ડિવિઝનના કાર્યક્ષેત્રમાં રૂ. કરોડનું ધિરાણ કર્યું છે.

આમ વડોદરા શહેરને ડિવિઝન ઓફિસ મળવાથી વીમેદારોને ઉત્કૃષ્ટ સેવાઓ ઓ અને કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારો ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોને વીમાનું રક્ષણ પૂરું પાડી શકાશે. લોકોનાં નાણાં લોકોના કલ્યાણ માટે પણ ડિવિઝન ઓફિસ વડોદરા વિસ્તાર માટે લાવી શકશે.

વડોદરા ડિવિઝન
વર્ષ ૧૯૮૮-૮૯

કાર્યક્ષેત્ર	૧. વડોદરા જિલ્લો ૨. ખેડા જિલ્લો ૩. પંચમહાલ જિલ્લો
કાર્યક્ષેત્ર ચો. કિમી.	ગ્રામ્ય વિસ્તાર ૨૩૧૭૦ ચો.કિ. શહેરી વિસ્તાર ૬૮૪ ચો.કિ.
કુલ વિસ્તાર	૨૩૮૫૪ ચો.કિ.
શાખાઓ	કુલ ૨૦ નવી સૂચિત ૪ - ખેડા, ઉમરેઠ, હાલોલ, વડોદરાની ઔદ્યોગીક વસાહત મકરપુરા
વિકાસ અધિકારીઓ	૨૧૭
એજન્ટો	૪૫૦૦
ગ્રામ્ય વિસ્તારના કેરીયર એજન્ટસ	૩૧
નવો ધંધો	
એન્યુઇટી સાથે	૨૪૦ કરોડ
નવી પોલીસીઓ	૮૫,૫૦૦
ગ્રામ્ય વિસ્તારમાં વીમા વેચાણ	રૂ. ૭૫ કરોડ
પોલીસીઓ	૨૮,૦૦૦

AUTHORISED DEALER
RAVI CORPORATION
10, Avanti Chember, Alkapuri, BARODA
PHONE : 323535
S.V. ROAD, GODHRA
PHONE: 2929

શુભેચ્છાઓ...
વડોદરા શહેરમાં સ્પાદિષ્ટ ફરસાણ ખરીદવા માટે નું એક માત્ર સ્થળ
• નાયલોન ખમણ • ભાખરવડી
• લીલો ચેવડો
• મીક્ષ ચવાણું
• કચોરી
• કાજુ પકડા વિ.
નરસિંહજીની પોળ, વડોદરા ફો. ૫૫૪૫૨૮
એસ.ટી. ડેપોની બાજુમા, વડોદરા.
બેંક રોડ, વડોદરા ફો: ૫૫૨૭૨૨
નવરંગ સિનેમા પાસે.
ચોખંડી ચાર રસ્તા.
જગદીશ
ફૂડ્સ પ્રા.લી.
જગદીશ હાઉસ, કોઠી ચારરસ્તા,વડોદરા.
ફોન.૬૬૦૮૮.

ગુજરાત ટ્રેકટર કોર્પોરેશન લિ.

૧૯૭૮માં હિંદુસ્તાન ટ્રેકટર લિમિટેડનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને ગુજરાત ટ્રેકટર કોર્પોરેશન લિમિ.ના નવા નામ હેઠળ નવી એન્જીનીયરીંગ કંપની અસ્તિત્વમાં આવી. ૧૯૭૮ના વર્ષ સુધી અદ્દમ ખાનની મેનેજમેન્ટના હાથ નીચે હતી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ધિરાણ કરવામાં આવતું હતું. પણ પાછલા વર્ષમાં મુશ્કેલીઓ ઉભી થતાં ૧૯૭૨ના વર્ષમાં ઉત્પાદન બંધ કરવામાં આવ્યું અને આ એકમને ૧૯૭૩ના વર્ષમાં કેન્દ્ર સરકારે પોતાના હસ્તક લઈ લીધું. ૧૯૭૩ અને ૧૯૭૮ના સમય દરમ્યાન કેન્દ્ર સરકાર વતી ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી કોર્પોરેશનની મેનેજમેન્ટના હસ્તક આ એકમ હતું.

આ એકમે ગુજરાતમાં આ પ્રકારના ઉત્પાદન માટે ગુજરાતમાં પ્રથમ ઓટોમોટીવ યુનીટ છે. આ એકમ ૧૯૬૩ની સાલથી ખેતીવાડીને લગતા ડેવીડયુટી ટ્રેકટર્સનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું. આ ટ્રેકટર્સ ગામડાઓની અંદર ખેતીવાડીને લગતાં બધાં જ કાર્ય માટે વપરાય છે. કંપનીનું ઈસ્યુ કરવામાં આવેલું અને ચુકવાયેલાં શેરભંડોળ લગભગ ૧ કરોડ રૂપિયાનું છે. આ કંપની પાસે દર વર્ષે ૫૦ હોર્સ પાવરના ૫૦૦ નંગ અને ૩૫ હોર્સ પાવરના ૨૦૦૦ નંગ ઉત્પાદન કરવાનું લાયસન્સ છે. ૧૯૭૩ના વર્ષ સુધી કંપનીની મેનેજમેન્ટ મેસર્સ પશાભાઈ તરીકે ઓળખાતી હતી.

ટ્રેકટર્સના અમુક સ્પેરપાર્ટસનું જોડાણ કરવામાં આવતું હતું. ૧૯૬૯ના વર્ષ પછી ઉત્પાદન થવા માંડયું અને દર વર્ષે આર્થિક રીતે નુકસાન થવા માંડયું. આ એકમમાં ઉત્પાદન બંધ કરવાના કારણે તેમજ મોટા પાયા પર કર્મચારીઓને છુટ્ટા કરવાના કારણે ઈન્ડસ્ટ્રી એકટના નેજા હેઠળ કેન્દ્ર સરકારે આ તપાસ શરૂ કરી અને તપાસ અહેવાલના આધારે ૧૯૭૩ માર્ચમાં ઈન્ડસ્ટ્રીયલ એકટના સેકસન 18-A ના અનુસાર આ ટ્રેકટર કંપનીની મેનેજમેન્ટ બદલવામાં આવી અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ. અમદાવાદ (ગુજરાત રાજય) પાંચ વર્ષના સમય માટે સત્તાવાર કંટ્રોલર તરીકે નિમવામાં આવી. આ પાંચ વર્ષના સમય દરમિયાન નવી મેનેજમેન્ટે કંપનીની બધી જ પ્રવૃત્તિઓમાં બધાં જ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ સાધી.

(૧) ઉત્પાદન :- ૫૦ હોર્સ પાવર ઉત્પાદનમાં દર વર્ષે ૫૦૦ નંગના ઉત્પાદન પરથી ૨૦૦૦ નંગના ઉત્પાદન સુધી લઈ જવામાં આવ્યું. અત્યારે દર વર્ષે કંપની ટ્રેકટર (૫૦ હોર્સ પાવર) નું ઉત્પાદનનું લક્ષ્યાંક છે. અત્યારે ઉત્પાદન બજાર માટે આધુનિક સવલતો ધરાવતા અગત્યની મશીનરીના આધારે ૧૯૭૮ માર્ચ પછી દર મહિને ૨૦૦ ટ્રેકટરનું ઉત્પાદન લક્ષ્યાંક સિધ્ધ થયું. ૧૯૬૭ સુધી મોટા ભાગના સ્પેરપાર્ટ બહારથી આયાત કરવા પડતા હતા. ૧૯૭૭ના વર્ષમાં આયાતી સ્પેરપાર્ટસની જગ્યાએ સંપૂર્ણ ભારતીય બનાવટના સ્પેરપાર્ટસ ટ્રેકટરની એસેમ્બલીમાં વાપરવામાં આવ્યા.

૧૯૭૭ ડીસેમ્બર માસમાં કંપની એ ૨૫૦ ટ્રેકટરના માસિક ઉત્પાદન કરીને અત્યાર સુધીના પ્રોડકશન રેકોર્ડમાં સૌથી ઊંચું પ્રોડકશન લક્ષ્યાંક સિધ્ધ કર્યું.

(૨) સ્વદેશી બનાવટનો વિકાસ :- આ પહેલાના સંચાલન વખતે ટ્રેકટરના ઉત્પાદન માટે લગભગ ૧૨ જેટલા અગત્યના વિભાગો માટે તેના વિદેશી સહયોગ કરતાં (ઝેકોસ્લાવેકિયા) પર સંપૂર્ણપણે આધાર રાખવો પડતો હતો. કન્ટીન્ગ રોડ, ક્રાઉન વ્હીલ, પીનીઅન, સ્પાયલન્ટ શાફ્ટર, સ્ટીયરિંગ એસેમ્બલી, હાઈડ્રોલિક પાવર લીફ્ટ વગેરે અગત્યના ભાગોનું ઉત્પાદન અહીંના જ એકમમાંથી બનાવવામાં આવે છે. અત્યારે વાર્ષિક ૫૬૦૦ ટનનું ઉત્પાદન લક્ષ્યાંક સિધ્ધ થયો. હોઈ વાર્ષિક આવક ૨૫ કરોડ સુધી પહોંચેલી છે આમ ૫૦ HP ટ્રેકટર્સનું સંપૂર્ણ ભારતીયકરણ કરવામાં આવેલું છે. ૧૯૭૮ના વર્ષમાં ૩૫ HP ટ્રેકટર્સનું પણ સંપૂર્ણ ભારતીયકરણ કરવામાં આવ્યું.

૧૯૭૮ના વર્ષમાં હિન્દુસ્તાન ટ્રેકટર્સ લી. કંપનીનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને (૩) ગુજરાત ટ્રેકટર્સ કોર્પોરેશન લીમીટેડ કંપની અસ્તિત્વમાં આવી. કેન્દ્ર

સરકારે આ દરમ્યાન આ કંપનીના દરેક લેણદારોના કલેઈમ ચુકવવા માટે કમીશ્નર ઓફ પેમેન્ટની નિમણુંક કરી. આ કલેઈમ ચુકવવા માટે કેન્દ્ર સરકારે કમીશ્નર ઓફ પેમેન્ટ અમુક રકમનું ફંડ પણ આપ્યું. ૧૯૮૦-૮૧ ના વર્ષ સુધી GTCL સતત ખોટ કરતું હતું. તેની કુલ ખોટ ડિસેમ્બર-૮૬ સુધીની ૧૬.૩૬ કરોડ છે.

સતત ખોટને કારણે કીર્લોસ્કર કન્સલટન્ટને GTCLની કાર્યવાહીના અભ્યાસ માટે રોકવામાં આવ્યા. સપ્ટે. ૮૬માં કિર્લોસકર કન્સલન્ટટે તૈયાર કરેલા રિપોર્ટમાં જી. ટી. સી. એલ.ને આર્થિક રીતે ધીમે ધીમે પગભર થતાં એકમ તરીકે દર્શાવવામાં આવ્યું. આ ઉપરાંત કિર્લોસ્કર કન્સલન્ટરે જી. ટી. સી. એલ.ના નીચે મુજબના પ્રશ્નો તરફ અંગુલી નિર્દેશ કર્યો.

(૧) ૪૫ હોર્સ પાવર તેમજ ૪૫ હોર્સ પાવલ ઉપરની ક્ષમતાવાળાં ટ્રેકટરોની માંગ કુલ વેચાણના ફકત ૧૮૧ હતી. જયારે ૨૫ થી ૩૫ હોર્સ પાવરની રેન્જ વાળાં ટ્રેકટરની માંગ માર્કેટમાં ૬૦ થી ૭૦ ટકા હતી. આમ જી.ટી.સી.એલ.એ ઓછી રેન્જવાળા ટ્રેકટર્સની માંગને અનુલક્ષી ઉત્પાદન કરવું જોઈએ.

(૨) જી.ટી.સી.એલ. પાસે ૩૦૦૦ ટ્રેકટરોનું વાર્ષિક ઉત્પાદન ધરાવતા પ્રોડકશન શોપ છે અને વાર્ષિક ૪૦૦૦ ટ્રેકટરોનું એકત્રીકરણ પામી શકે એવી ઉત્પાદક બજાર છે. છેલ્લા પાંચ વર્ષના ઉત્પાદનના આંકડા જોતાં જણાય છે કે ઉત્પાદનના ક્ષમ્ય સંપૂર્ણ ઉપયોગ થતો નથી.

(૩) ફાઉન્ડરી શોપમાં ફ્રિજેકસનના વધારે પ્રમાણના કારણે તેમજ મશીનશોપમાં વધારે પ્રમાણાં રિજેકટના કારણે તેમજ બિનકરકસરદાયક ખરીદીના કારણે કાચી માલસામગ્રીમાં તેમજ સ્પેરપાર્ટસમાં વધુ ખર્ચાળ થયેલા છે. છેલ્લાં ઘણાં વર્ષોથી આર્થિક મુશ્કેલીઓના કારણે ઘણી બધી માલ મોકલનાર કંપનીઓને તેમના પૈસા ચૂકવવામાં આવ્યા નથી. જેને કારણે પ્રોકયોરમેન્ટ કોસ્ટ વધવા માંડી છે.

(૪) પગરખાં તેમજ કુલ ટર્ન ઓવરનું ઉચ્ચ પ્રમાણ થવા માંડયું. મયોદિત ટર્ન ઓવરમાં જી.ટી.સી. એલ.પાસે ૧૨૫૦ જેટલા કમર્ચારીઓ હોવાને કારણે ૨૪ થી ૩૦ ટકા જેટલું પગાર તેમજ ટર્ન ઓવર વચ્ચે પ્રમાણ રહ્યું છે.

(૫) વેચાણ વિભાગ પાસે ફકત ૨૮ જેટલા કાર્યશીલ કર્મચારીઓ હતા અને લગભગ ૨૫ થી ૩૦ જેટલા કાર્યશીલ ડીલરો હતા. આમ બિનકાર્યક્ષમ

વેચાણની આર્થિક પરિસ્થિતિ વધારે કથળવા માંડી.

(૬) ઘણી બધી વસ્તુઓમાં માલ સામગ્રીની ખરીદીમાં ઘણો વધારો થયો. વધુ પડતો સ્ટોક કરવામાં આવ્યો. જેથી આર્થિક પરિસ્થિતિ પર પણ અસર પડી.

કિર્લોસ્કર કિલસન્ટે જી. ટી. સી. એલ. આર્થિક સંકળામણમાંથી બહાર આવવા માર્કેટ વધારવા નીચે મુજબના ઉપાયો સૂચવ્યા.

(૧) જી. ટી. સી. એલ.નો ૬ વર્ષમાં છથી સાડા છ હજાર ટ્રેકટરનો ઉત્પાદન આંક પહોંચવો જોઈએ.

(૨) જી. ટી. સી. એલ. ઓછી રેન્જના ટ્રેકટરનું ઉત્પાદન વધારવું કે જેની માર્કેટમાં વધુ માંગ છે.

(૩) નવું આર્થિક ભંડોળ ઉભું કરવું.

(૪) વેચાણ વધારવા માટે અસરકારક પગલાં લેવાં.

(૫) વધારાના કર્મચારીગણને છૂટા કરવા.

આ ઉપરાંત ગુજરાત સરકાર પાસે સેલ્સ ટેકસ એકસાઈઝમાં રાહત

આપવા માટે સૂચનો કર્યા તેમજ જી. ટી. સી. એલ. જેવા માંદા યુનિટને પગભર થવા માટે કેન્દ્ર સરકારની રિઝર્વ બેન્ક પાસેથી ચોકકસ પ્રકારનું માર્ગદર્શન મેળવી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા પાસેથી આર્થિક મદદ મેળવવી તેમજ મેનેજિંગ ડાયરેકટર તરીકે પૂર્ણ સમયના એક IAS ઓફિસરની નિમણુંક કરવી જોઈએ તેમજ બોર્ડ ઓફ ડાયરેકટરની પુનઃરચના કરવી.

ગુજરાત સરકારે જી. એસ. એફ. સી., જી. એન. એફ. સી. સાથે જી. ટી. સી. એલ. અંગે ઘણી બધી ચર્ચાવિચારણા કરી અને એવું નક્કી કરવામાં આવ્યું કે જી. એન. એફ. સી.એ આ એકમનો વહીવટ સંભાળવો. અત્યારે I. D. B. I.ના ચેરમેન સાથે આ બાબતની ચર્ચાવિચારણા ચાલે છે. દરેક પ્રકારની

જવાબદારીઓ અંગે સમજૂતીનો અહેવાલ ગુજરાત સરકારે એપ્રિલ ૮૬માં પસાર કર્યો. ને અહેવાલ મુજબ નીચે મુજબની બાબતોની છણાવટ કરવામાં આવી.

(૧) કર્મચારીઓની સંખ્યા ઘટાડવા માટે તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ માટેની પધ્ધતિ સ્થાપવી.

(૨) ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્ટીટયુટ એકટ અને છટણીના નિયમ મુજબ નજીકના ભવિષ્યમાં ઉત્પાદન લક્ષ્યાંક માટે જરૂરી એવા કર્મચારીઓને નવેસરથી ભરતી માટે ઓફર આપવી.

(૩) જી. એસ. એફ. સી. અને જી. એન. એફ. સી. પાસે ૧૦% વ્યાજે આર્થિક રીતે પગભર થવા માટે સાડા ત્રણ કરોડ રૂપિયા એડવાન્સ તરીકે લેવા.

(૪) ગુજરાત સરકારે પહેલા વર્ષ માટે આર્થિક ખોટ આવે તો ભોગવી લેવી.

(૫) જી. ટી. સી. એલ.ની કાચી માલસામગ્રી તેમજ છુટા ભાગો માટેની ખરીદી પર વેચાણવેરામાંથી મુકિત આપવી.

(૬) જી. એન. એફ. સી. બોર્ડ ઓફ ડાયરેકટરની નવેસરથી નિમણુંક કરવી.

(૭) એન. ટી. ટેકસ તેમજ ઓકટ્રોયમાંથી મુકિત.

કિર્લોસ્કર કન્સલ્ટન્ટની ભલામણના આધારે વધુ અસરકારક નફો મેળવવા જી. ટી. સી. એલે. નીચે મુજબ પગલાં લીધાં.

(૧) જુલાઈ ૮૭ પછી માર્કેટમાં ૩૦ હોર્સ પાવર ટ્રેકટર્સ મુકયા.

નાના ટ્રેકટરોની વધુ માંગના કારણે ૩ હોર્સપાવર ટ્રેકટરનું વેચાણ વધુ રહ્યું.

(૨) જી. ટી. સી. એલ.એ ટ્રેકટર્સ ઉપરાંત જનરેટર્સ તેમ ડીઝલ એન્જીનો એસેમ્બલ કરી વેચાણ કરવાનું શરૂ કર્યું. જી. ટી. સી. એલ. દરેક પ્રકારના રેન્જવાળા ટ્રેકટર્સનું ઉત્પાદન શરૂ કરેલ હોઈ વેચાણ વધારવા વધુમાં વધુ ડીલર્સની નિમણુંક કરેલ છે.

(૩) સ્વૈચ્છિક નિવૃત્તિ-યોજનાને આધારે ઘણા બધા કર્મચારીઓએ સ્કીમનો લાભ લીધો. કારણ અત્યારે જી. ટી. સી. એલ. પાસે ૮૯૫ જેટલા કર્મચારીઓ છે.

(૪) ૧૯૮૬ના વર્ષની સરખાણીમાં ઉત્પાદન આંક બમણો થયો.

(૫) ઉત્પાદનના વેચાણકર્તા ડીલરોને તેમના કમિશન ઉપરાંત વધારાનું ઈન્સેન્ટીવ આપવાની સ્કીમ રજૂ થઈ.

હાર્દિક અભિનંદન

અલવી કો.ઓપરેટીવ બેંક લિ.

ચાકી ચોખંડી, વડોદરા - ૩૯૦ ૦૧૭

	રૂ.
મંજુર થયેલ શેર ભંડોળ :	૩૦,૦૦,૦૦૦/-
ભરપાઈ થયેલ ભંડોળ :	૧૪,૯૬,૩૩૦/-
ડીપોઝીટ ..... :	૨,૬૧,૪૮,૭૭૯/-
ધીરાણ ..... :	૨,૦૮,૯૧,૭૭૭/-
રીઝર્વ ફંડ ..... :	૯,૧૮,૮૫૧/-
અન્ય ફંડ ..... :	૨૪,૫૩,૩૩૨/-
કાર્યકારી ભંડોળ ..... :	૩,૨૮,૩૪,૫૭૧/-

બોર્ડ ઓફ ડીરેકટર્સ

જ. નજમુદ્દીન ના. બાકરઅલી કાચવાલા (ચેરમેન)
જ. મહમદી હાજી જુબ્યાબુદ્દીન બુક બાઈન્ડર (વાઈસ ચેરમેન)
જ. હાજી સૈયદઅલી રજબઅલી વ્હોરા (મે.ડીરેક્ટર)
જ. ઈબ્રાહીમ હાજી ઈમામુદ્દીન વ્હોરા (ચકીલ્ટ)
જ. અસગરઅલી હુસામુદ્દીન સૂરતી.
જ. શબ્બીર એમ. કાચવાલા.
જ. તાલીબહુસેન અબ્બાસભાઈ લોખંડવાલા
જ. અકબરી બદરુદ્દીન ચારણીવાલા
જ. દીલાવર એફ. વ્હોરા.

મુનીર એ. બાન
(જનરલ મેનેજર)

IPB.89

WITH
BEST COMPLIMENTS FROM

Natubhai Makwana & Partners

DEVELOPERS OF:

- Freehold Schemes, Geet Gunjan: Harni Ring Road.
- Purnima Society: Harni Ring Road.
- Tirupati Nagar Gotri Road
- Pratishtha Nagar Waghodia Road

Contact For
Duplex Type Bunglow, Tenaments, Row Houses & Free hold Open Plots, Fully-Loan Papers Available

Phone:63188

WITH BEST COMPLIMENTS FROM

HINDUSTAN BROWN BOVERI LIMITED

* મહારાજા મીક્સર *

તૂટે નહી તેવો ડોમ, પાંચ બ્લેડ, ઘસાય નહીં તેવા કપલર, લાઈટ ઈન્ડીકેટર, ચારસ્પીડ, ૫૦૦ વોટની કાર્યક્ષમ મોટર, બે વર્ષની સંપૂર્ણ ગેરંટી, કિફાયત ભાવ છતાં ઓવર લોડ કટ ઓફ સુવિધા, તુરંત મળતી સર્વિસ

MIXER WITH 3 JARS

મહારાજા ફક્ત એકજ એવું મીક્સર કે જે કપચી પણ દળી શકે છે. જ્યુસર, સ્લાઈઝર, આટાનિડર, સાઈન્ટીક જ્યુસરના સંપૂર્ણસેટ સાથે ઉપલબ્ધ

ત્રિમૂર્તિ એન્ટરપ્રાઈઝીસ

'લક્ષ્મીસદન', ૧ લે માળે, લેઉવા શેરી, અમદાવાદી પોળ, વડોદરા ફોન:૬૭૩૩૯

ENVIRONMENT AND EXCELLENCE
OUR PRIME CONCERNS

GUJARAT ALKALIES AND CHEMICALS LTD.

P.O. PETROCHEMICALS-391346
DIST. BARODA.
Telephone : 72681-72682 * Telex : 0175-216 *
Gram : GALWORKS

Product Range :

Rayon Grade Caustic Soda Lye & Flakes, Liquid Chlorine, Mercury-Free Commercial Hydrochloric Acid, Mercury-Free Compressed Hydrogen Gas, Sodium Cyanide and Chloromethanes consisting of Methylene Chloride, Methyl Chloride, Chloroform & Carbon Tetrachloride

સ્ટાન્ડર્ડ પ્રીશીસન બિલોઝ

હિન્દુસ્તાનનાં તમામ શહેરોમાં વડોદરાનું સ્થાન નિરાળું છે. એને સાંપડેલો સાંસ્કૃતિક વારસો, કલાના અભ્યાસ માટેનું શૈક્ષણિક કેન્દ્ર, તેમજ સંગીત અને પ્રણાલિગત મૂલ્યાંકનમાં વડોદરા વિશેષ સ્થાન ધરાવે છે. વડોદરા શહેર ભારતમાં આગવી પ્રતિભા ધરાવે છે. આ શહેરનાં આગવાં લક્ષણો પ્રતિભા ધરાવે છે. આ શહેરનાં આગવાં લક્ષણોમાં શહેરનો ઔદ્યોગિક વિકાસ. સર્વધર્મ સમભાવના અને સરળ વ્યવસાયની ગણત્રી કરી શકાય.

વડોદરા શહેરમાં અને તેનાં આસપાસના વિસ્તારોમાં રાક્ષસીકાય ઔદ્યોગિક સંકુલોએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. જેમકે પેટ્રોકેમિકલ્સ કોર્પો. લિ. ગુજરાત રિફાઈનરી, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર, પેટ્રોફિલ્સ, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ લિમિટેડ જેવી જાહેર સાહસો ધરાવતી અનીઓ છે. જ્યારે ખાનગી સાહસો ેની કંપનીઓ જેવી કે બ્રાઉન પાવરી લિમિટેડ, સારાભાઈ કેમિકલ્સ, એલેમ્બિક કેમિકલ્સ અને બીજી અનેક કંપનીઓનો સમાવેશ થાય છે.

વિશાળ ઔદ્યોગિક સંકુલોની સહાય માટે વડોદરામાં લગભગ ૨૫૦૦થી પણ વધુ નાના ઉદ્યોગો પોતાનું અસ્તિત્વ ધરાવે છે.

લઘુ ઉદ્યોગોમાં સ્ટાન્ડર્ડ પ્રીશીશન બિલોઝ નામની કંપનીએ વડોદરાના સૌથી જૂના ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં ૧૯૮૬ના નવેમ્બર માસથી પ્રારંભ કર્યો. બેલો ટાઈપ એક્ષપાનસન પેઈન્ટસની માંગને પહોંચી વળવા અને ઉદ્યોગોના વ્યાપક પ્રમાણમાં થયેલા વિસ્તરણને ધ્યાનમાં રાખીને આ કંપનીની સ્થાપના કરવામાં આવી. માત્ર બે જ વર્ષના ગાળામાં માત્ર દેશમાં જ નહિ. પરંતુ વિદેશમાં પણ આ કંપનીએ ઉત્પાદન ક્ષેત્રે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

કાર્યદક્ષ સ્ટાફ, અને અદ્યતન યંત્રો વડે કંપનીનો પ્રારંભ થયો છે.

આ પૂર્વે એક્ષપાનશન જોઈન્ટ શું છે, ને કેવી રીતે કામ કરે છે અને તેનો ઉપયોગ વિવિધ ઉદ્યોગોમાં કેવી રીતે થાય છે તે જાણવું જરૂરી છે. કોઈપણ પાઈપીંગ સિસ્ટમમાં તેના પ્રસારણ અને સંકોચનમાં હવાને અનુરૂપ થતા ફેરફારો, પ્રવાહોની વ્યવસ્થા કરવામાં આવી હોય છે.



પાઈપીંગ સિસ્ટમમાં અયોગ્ય એલાઈન્મેન્ટ, ડીસ્ટોરેશન અને એમાં ઉઠતા તરંગોની સંભાળ લેવા વિશેષ ધ્યાન ખેંચે છે.



આજે બેલો ટાઈપ એક્ષપાનસન જોઈન્ટસ અદ્યતન ટિક્નોલોજીની ધોરણે રચાયાં છે. જે એની ગતિ પર નિયંત્રણ રાખે છે અને પાઈપીંગ સીસ્ટમ માટે મીસ એલાઈટમેન્ટ ડીસ્ટોરેશન અને તરંગો માટે સજાગ હોય છે. ઉપરાંત આ જોઈન્ટસ વિવિધ પ્રકારની મુવમેન્ટસને પણ શમાવી લે છે.

મલ્ટીપ્લાય બાંધકામ અને સ્ટાનફ્લેક્ષ બેલોઝમાં જડતાનો અભાવ એક નવી કેડી ચીંધે છે. મલ્ટીપ્લાય બેલોઝમાં તમામ પ્રકારની શક્તિ સંગ્રહિત થયેલી છે. જે અંદર જાગેલા દબાણમાં ગતિશીલતા લાવે છે.

આ બન્નેની માત્ર બે વર્ષના ગાળામાં વ્યાપક સ્તરે માંગ ઉઠી છે. કોમ્પ્યુટરની સહાયથી સફળતા સુલભ બની છે. આ કામગીરી અંગેનાં કોમ્પ્યુટરોનું નિર્માણ પણ આજ કંપનીમાં થાય છે. વેલ્ડીંગ ટેકનીકમાં પણ અદ્યતન પધ્ધતિ પ્રયોજાઈ છે. જે માઈક્રો પ્લાઝમા તરીકે ઓળખાય છે.

સુંદર કાર્યક્ષમતા અને ગ્રાહકોના સંબંધોને સમજવા માટેના કંપનીના પ્રયાસોનો ચોકકસ સફળતાની વાતમાં ઉલ્લેખ કરી શકાય. કંપની એ ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કર્યો છે. લોકો સમક્ષ અદ્યતન અને આંતરરાષ્ટ્રીય સ્તરની ડીઝાઈનો વાજબી ભાવે આપવાનો પ્રયાસ કર્યો છે.

પ્રથમ તબક્કામાં વેચાણનો દર લગભગ ૧૨ લાખ રૂપિયા જેટલો પહોંચ્યો હતો; જે આજે એક કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. સમસ્ત દેશમાં લગભગ ૪૦૦ જેટલાં સ્થળોએ આ યોજના અમલમાં આવી છે.

દેવી પાવરગેસ ઈન્ડિયા પ્રા. લિ., હમ્ફ્રીઝ એન્ડ ગ્લાસગો કન્સલટન્ટસ પ્રા. લિ., એન્જિનિયર્સ ઈન્ડિયા લિ., યુ.એચ.ડી.ઈ. ઈન્ડિયા લિ., લોઈડ્ઝ, મેકોન (મેટલર્જીકલ એન્ડ એન્જિનિયરીંગ કન્સલ્ટન્ટસ ઈન્ડિયા લિમિટેડ) જેવા પ્રોજેકટોમાં કંપની ભાગ લે છે. ડીઝાઈનો અને માર્ગદર્શન પણ આપે છે. ઉપરાંત અંસાર લિમિટેડ, સ્પોન્જ આયર્ન પ્લાન્ટ, વિક્રમ સિમેન્ટ, હિન્દુસ્તાન શીવયાર્ડ લિ., રિફાઈનરી, પેટ્રોકેમિકલ્સ યુનિટ, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ, ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર્સ, ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ, ઈન્ડિયન રેલવેઝ, સંરક્ષણાત્મક સંકુલો વગેરે કંપનીના માનવંતા ગ્રાહકો છે.

રાષ્ટ્રના ઉત્થાન અને વિકાસ માટે વિદેશી હુંડિયામણ બચાવી કંપની પ્રગતિ કરી રહી છે

હાર્દિક શુભેચ્છા સહ !

વિજય એમ. મિસ્ત્રી

B.E. (Civil), M.I.E., M.A.C.I.

ડિઝાઈનર, એન્જીનિયર અને બીલ્ડર

ઓફિસ :
જે-૧, આસોપાલવ, કામા હોટલ સામે, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.
ટેલીફોન: (O) ૨૦૮૩૭, ૨૦૪૬૬ (R) ૪૦૭૮૬૬

શાખા : જૈન સોસાયટી, નવસારી ટેલીફોન: ૨૧૬

GPB

With Best Compliments From :

GUJARAT POLLUTION CONTROL BOARD

Old Assembly Building,
Sector 17, GANDHINAGAR 382 017

Gram: CLEANWATER
Telex: 1203-230 GPCB-IN

GPB

પ્રગતિનું પ્રતિક જી.એસ.એફ.સી.

દેશના ઔદ્યોગિક વિકાસમાં જી. એસ.એફ.સી.નો ફાળો અનન્ય છે. આજે ગુજરાતનાં ગામડાંમાં ઘેરઘેર આ નામ ગુંજે છે. ૧૯૬૨માં સ્થપાયેલ આ સાહસમાં રાજય સરકારનું શેરભંડોળ ૪૯ ટકા અને અન્ય સંસ્થાઓ તથા ખેડૂતો તરફથી ૫૧ ટકા જેટલું શેર મૂડીમાં રોકાણ છે.

ફર્ટીલાઈઝર ક્ષેત્રે આ કંપની યુરિયા, એમોનિયમ સલ્ફેટ, ડાય એમોનિયમ ફોસ્ફેટની વિવિધ પેદાશો ઉત્પન્ન કરે છે. ૧૯૬૭ અને ૧૯૬૯માં ફર્ટીલાઈઝર્સ પ્લાન્ટ ૬૩ કરોડના ખર્ચે કાર્યાન્વિત થયા પછી પેટ્રોકેમિકલ્સ, ઔદ્યોગિક ગેસ અને કૃત્રિમ રેષાઓ ક્ષેત્રે પદાર્પણ કર્યું. ૧૯૭૪માં દેશમાં પ્રથમ એવો કંપ્રોહેકટમ પ્લાન્ટ ઉભો કર્યો. કેપ્રોલેકટમ એ ટાયરકોર્ડ કૃત્રિમ રેસાઓ અને ફીશીંગ નેટસ માટેનો કાચો માલ છે. વાર્ષિક ૨૦,૦૦૦ ટનની સ્થાપિત શકિત ધરાવતો આ પ્લાન્ટ રૂ. ૩૫ કરોડના ખર્ચે નાંખવામાં આવ્યો છે.

૧૯૮૦માં રૂ. ૮ કરોડના ખર્ચે ૨૮ લાખ કયુબીક મીટરની સ્થાપિત શકિત ધરાવતો પર્જ ગેસ રીકવરી પ્લાન્ટ નાખ્યો. જે દેશમાં વધુ ઉત્પાદન શકિત ધરાવતો એકમાત્ર પ્લાન્ટ છે.

૧૯૮૧માં ૧૪ કરોડના ખર્ચે વાર્ષિક ૪૦૦૦ ટનની શકિત ધરાવતો નાયલોન-૬ પ્લાન્ટની સ્થાપના કરી. નાયલોન-૬ ઈજનેરી પ્લાસ્ટીક છે. જે ઉદ્યોગોમાં ફેરસ અને નોનફેરસ ધાતુઓના વિકલ્પ તરીકે વપરાય છે.

૧૯૮૨માં ૧૮ કરોડના ખર્ચે ૫૦૦૦ ટનની ઉત્પાદનશકિત ધરાવતો મેલામાઈન્ડ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો. ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર્સ કંપની જી.એસ.-એફ.સી.નું જ બાળક છે. આ ઉદ્યોગમાં જી.એસ.એફ.સી.એ ૨૫ ટકા રોકાણ કર્યું છે. સૌરાષ્ટ્રમાં જામનગર પાસે સિક્કા ખાતે રૂ. ૧૦૫ કરોડના ખર્ચે વાર્ષિક ૨૦,૦૦૦ ટનની ઉત્પાદનશકિત ધરાવતો ડી. એ.પી. પ્લાન્ટ ૧૯૮૬માં કાર્યાન્વિત થયો.

વીજળી ઉત્પાદન ક્ષેત્રે એક અભિનવ પ્રયોગ શરૂ થયો છે. જી. એસ.એફ.સી., જી.એ.સી.એલ., આઈ.પી.સી.એલ. અને પેટ્રોફિલ્સના સંયુકત ઉપક્રમે રૂ. ૨૦૦ કરોડના અંદાજીત ખર્ચે ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપનીના નેજા હેઠળ વાર્ષિક ૧૩૫ મેગાવોટની શકિત ધરાવતો કમ્બાઈન્ડ સાઈકલ ગેસ ટર્બાઈન પાવર પ્લાન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉદ્યોગો જરૂર પ્રમાણે પ્લાન્ટમાંથી વીજળી લેશે. આ પ્લાન્ટની સ્થાપનામાં જી.એસ. એફ.સી. અગ્રેસર છે.

૧૯૬૮માં કંપનીએ જી.આઈ આઈ.સી. સંચાલિત પોલીમર્સ કોર્પોરેશન ઓફ ગુજરાતનો વહીવટ સંભાળી લીધો છે. તાજેતરમાં નાયલોન્સ લિમિટેડનો વહીવટ પણ હસ્તગત કર્યો છે. આ પ્લાન્ટ આવતા વર્ષના પ્રારંભે કાર્યાન્વિત થવાની સંભાવના છે. એ માટે ૧૨૦ કરોડનો અંદાજીત ખર્ચ થશે.

કો - જનરેશન પ્લાન્ટ દ્વારા વાર્ષિક ૪૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવામાં આવશે. આ યોજનાનો પ્રથમ તબકકો ચાલુ વર્ષના અંતે કાર્યાન્વિત થવાની સંભાવના છે.

ખાતર અને કૃષિ સેવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં ૨૫૦ જેટલાં કૃષિ માહિતી કેન્દ્રો અને ૩પો ખેડૂતોની અનેકવિધ સેવાઓ આપવાની કામગીરી કરે છે. ઘણાં કેન્દ્રો આદિવાસી વિસ્તારમાં પણ વિસ્તાર્યા છે. તાલીમબધ્ધ કૃષિ સ્નાતકો દ્વારા આ કેન્દ્રોનું સંચાલન કરવામાં આવે છે. આ કેન્દ્રો પાક નિદર્શન, ખાતર, જંતુનાશક દવાઓ, બિયારણ, ઓજારોનો પુરવઠો, જમીન અને પાણીના નમુનાઓનું પૃથ્થકરણ માટેનું સંકલન, ટ્રેકટરોની ખરીદી અંગે માર્ગદર્શન, યુનિટ ટ્રસ્ટ દ્વારા બચત વગેરે સેવાઓ પૂરી પડાય છે.

આદિવાસી અને પછાત ખેડૂતોના ઉત્થાન માટે પંચમહાલ, સુરેન્દ્રનગર અને સુરત જિલ્લામાં યોજનાઓ અમલમાં મૂકી છે. રાજસ્થાનમાં ડુંગરપુર અનેઅ મધ્યપ્રદેશમાં ધાર ખાતે યોજનાઓ મૂકાઈ છે. કંપનીએ કેન્દ્ર અને રાજય સરકારના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લાઓમાં સઘન ફર્ટીલાઈઝર વપરાશની ઝુંબેશ યોજના અમલમાં મૂકી હતી. જે હવે નેશનલ ફર્ટીલાઈઝર યોજના તરીકે ઓળખાય છે. જે રાજસ્થાનમાં ઉદયપુર અને બાંસવાડા જિલ્લા ઓમાં વિસ્તારવામાં આવી છે. આ યોજનાનાં પરિણામો સુંદર રહ્યાં છે.

શુધ્ધ બિયારણ માટે બીજ સંશોધન ફાર્મમાં બીજ ઉત્પાદન યોજના શરૂ કરી છે. જે કેન્દ્રો દ્વારા ખેડૂતોને અપાય છે. કંપનીએ રાજયમાં ૧૦૦૦ ઉપરાંત ગોબરગેસ પ્લાન્ટની સ્થાપના કરી છે. કંપનીએ બાયોફર્ટીલાઈઝરના વિકાસ અને વિતરણ દ્વારા કૃષિ સંશોધન ક્ષેત્રે મોટું પ્રદાન કર્યું છે. સંશોધન કેન્દ્ર જુદા જુદા પ્રયોગો દ્વારા ખેડૂતોને મદદરૂપ થવા તત્પર રહે છે.

કંપની દ્વારા એક ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટની સ્થાપના કરવામાં આવી છે. વારંવાર કર્મચારીઓને અનુરૂપ એવા તાલીમ કાર્યક્રમો ઘડાય છે. કર્મચારીઓ ફાજલ સમયમાં અભ્યાસ કરી વિષયમાં વધુ શૈક્ષણિક લાયકાત મેળવે તે માટે જરૂરી સુવિધા આપવામાં આવે છે. ૩૫૦ જેટલા યુવા ખેડૂતોને પણ કંપનીએ તાલીમ આપી છે.

કર્મચારીઓની સુવિધા માટે ફર્ટીલાઈઝર નગર સ્થપાયું છે જયાં અનેક સુવિધાઓ કર્મચારીઓને આપવામાં આવે છે.

કંપનીને સુંદર કામગીરી માટે કેન્દ્ર સરકારનો રાષ્ટ્રીય કક્ષાનો સુરક્ષા રત્ન-૫ એવોર્ડ પ્રદાન થયો છે. અત્યાર સુધી કંપનીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ૧૬ જેટલા પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે.

પ્રદૂષણ નિવારણ પાછળ કંપનીએ રૂા. ૧૨ કરોડ જેટલો ખર્ચ કર્યો છે.

જીએસએફસીએ આગામી પાંચ વર્ષો દરમ્યાન તેના વિકાસનો કોર્પોરેટ પ્લાન અમલમાં મુકયો છે. આ પ્લાન હેઠળ રૂા. ૪૦૦ કરોડના અંદાજિત ખર્ચે કેપ્રોલેકટમ પ્લાન્ટનું વિસ્તૃતિકરણ હાથ ઉપર લીધું છે. જેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૫૦ હજાર ટન કેપ્રોલેકટમની રહેશે. એમોનિયા શકિતનું વિસ્તૃતિકરણ પણ હાથ ઉપર લીધું છે. જેમાં રૂા. ૪૦૦ કરોડના અંદાજિત ખર્ચે દૈનિક ૧૩૫૦ ટન ક્ષમતાનો એમોનિયા પ્લાન્ટ નાખવામાં આવશે. વળી મેલામાઈનની ઉત્પાદનક્ષમતાની વિસ્તરણ યોજના પણ સક્રિય વિચારણા હેઠળ છે. વાર્ષિક ૧૦ હજાર ટનની ઉત્પાદન ક્ષમતાનો મેલામાઈન પ્લાન્ટ નાખવાનું આયોજન ચાલી રહ્યું છે. આ ઉપરાંત કંપની હજીરા ખાતેના સૂચિત પેટ્રોકેમિકલ્સ સંકુલમાં ભાગ લેવાનું વિચારી રહી છે અને તેમાં વાર્ષિક એક લાખ ટનની ઉત્પાદન ક્ષમતાના એલએલડીપી પ્લાન્ટ અંદાજિત રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે નાંખવાનું આયોજન વિચારાઈ રહ્યું છે. આ બધી યોજનાઓ કાર્યાન્વિત થતાં જીએસએફસીનું કુલ ટર્નઓવર રૂા. એક હજાર કરોડના જંગી આંકડાને આંબી જશે.

WITH BEST COMPLIMENTS FROM

MANGLA
LAND DEVLOPMENT
CORPORATION

103,K.P. TRADE CENTRE. KARELI BAUG ,BARODA-390018
TELEX:0175 566 GSCF IN PHONE:550680 557142 553058

IPB/MLDC

વડોદરાના નગરપતિઓ અને વહીવટદારો (૧૯૬૬ થી ૧૯૮૯)

અ.નં.	નામ	મુદત
(૧)	શ્રી નાનાલાલ ડાહ્યાલાલ ચોકસી (મેયર)	૧-૪-૧૯૬૬ થી ૩૦-૬-૧૯૬૮
(૨)	ડૉ. ઠાકોરભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (મેયર)	૧-૭-૧૯૬૮ થી ૨૩-૭-૧૯૭૩
(૩)	શ્રી લલીનચંદ મગનભાઈ પટેલ (મેયર)	૪-૮-૧૯૭૩ થી ૧૧-૨-૧૯૭૪
(૪)	શ્રી એચ. કે. ખાન (આઈ.એ.એસ.) (એડમીનીસ્ટ્રેટર)	૪-૩-૧૯૭૪ થી ૧-૪-૧૯૭૫
(૫)	શ્રી જી. એન. ડિકે (આઈ.એ.એસ.) (એડમીનીસ્ટ્રેટર)	૨-૪-૧૯૭૫ થી ૩૦-૪-૧૯૭૫
(૬)	શ્રી આર. પાર્થસારથી (આઈ.એ.એસ.) (એડમીનીસ્ટ્રેટર)	૧-૫-૧૯૭૫ થી ૯-૧૨-૧૯૭૫
(૭)	શ્રી રમણભાઈ હરિભાઈ પટેલ (મેયર)	૧૦-૧૨-૧૯૭૫ થી ૫-૧૨-૧૯૮૦
(૮)	શ્રી વિઠ્ઠલભાઈ કાળીદાસ પટેલ (મેયર)	૬-૧૨-૧૯૮૦ થી ૧૫-૫-૧૯૮૧
(૯)	ડૉ. જતીનભાઈ વેણીલાલ મોદી (મેયર)	૧૬-૫-૧૯૮૧ થી ૧૦-૧-૧૯૮૩ ૧૪-૨-૧૯૮૫ થી ૧૨-૨-૧૯૮૭
(૧૦)	ડૉ. વિઠ્ઠલભાઈ છોટાભાઈ પટેલ (મેયર)	૩-૨-૧૯૮૩ થી ૧-૮-૧૯૮૩
(૧૧)	શ્રી જયંતીભાઈ રાવજીભાઈ પટેલ (મેયર)	૧૧-૮-૧૯૮૩ થી ૨૪-૧-૧૯૮૫
(૧૨)	શ્રી જસપાલ સિંગ (મેયર)	૧૨-૨-૧૯૮૭ થી ૧૭-૨-૧૯૮૮
(૧૩)	ડૉ. રાજેન્દ્રસિંહજી સૂર્યસિંહજી રાઠોડ (મેયર)	૧૭-૨-૧૯૮૮ થી ૯-૨-૧૯૮૯
(૧૪)	શ્રી દલસુખભાઈ સી. પ્રજાપતિ	૯-૨-૧૯૮૯ થી મેયર પદે છે.

With Best Compliments From

GYPSOCHEM

79/B G.I.D.C. ESTATE,
1st PHASE VATWA,
AHMEDABAD — 382 445
PHONE (F)832784

JPB

WITH BEST COMPLIMENTS FROM

GUJARAT CARBON LIMITED

Manufacturers of : **CARBON BLACK**

Plant at Palej, Dist. Bharuch, Gujarat

Regd. Office :
Offtel Towers, 6th floor,
R.C. Dutt Road, Baroda 390 005.
Cable : TUFBLACK
Telex: 175-376 Tel: 326406-7

JPB

GIIC

Gujarat Instruments Ltd.
Gujarat Hotels Ltd.
CHCL
Gujarat Heavy Chemicals Ltd.
Gujarat Alkalies & Chemicals Ltd.
અંબુજા સિમેન્ટ
Gujarat Ambuja Cements Ltd.
Propack FILMS
Gujarat Wind Farms Ltd.
Gujarat Propack Ltd.
GPL
Gujarat Petrosynthese Ltd.
Gujarat Lease Financing Ltd.
Gujarat Lyka Organics Ltd.
GUJARAT OIL
Cement Corporation of Gujarat Ltd.
Gujarat Olland Industries Ltd.

All these companies have one thing in common GIIC : The Catalyst Promoter

GIIC. Instrumental in setting up and implementing 28 projects in the joint and associate sectors, involving investment of Rs. 685 crores. Another 30 projects in the pipeline, expected to generate investment of over Rs. 1200 crores.

The projects cover a wide range of products—from Chemicals, Petrochemicals, Drugs & Electronics to Non-convential Energy Sources like Wind Energy and Distribution of Gas.

GIIC's involvement is not limited to equity participation. It also undertakes to guide its partners through the maze of necessary formalities & procedures.

This guidance includes facilitating procurement of land, import licences, tie-ups, getting the required clearances from the Government or other concerned bodies.

In short, GIIC not only can help you raise the finance, it can also ensure that your finance becomes productive in the shortest possible time.

GIIC : Entrepreneur, Promoter, Catalyst

GIIC
Gujarat Industrial Investment Corporation Ltd.
Chunibhai Chambers, Ashram Road, Ahmedabad 380 009 Phone : 401302 to 401307

Navnit 292/88

વિકાસ જ્યોત

વિકાસ જ્યોત

નાગરવાડા ચાર રસ્તા
વડોદરા-૩૯૦૦૦૧.

ધ્યેય

- મહિલાઓનો અને બાળકોનો સંર્વાગી વિકાસ થાય
- સ્વાવલંબી ભાવના કેળવાય,
- સ્વાશ્રયી બને,
- વ્યક્તિત્વમાં નિડરતા,
- આત્મવિશ્વાસ અને દેશદાઝની ભાવના પાંગરે તેવી પ્રવૃત્તિઓ ઉપાડવી અને તાલીમ આપવી.

પ્રશ્નો

- અમારા ઘરમાં શાંતિ થાય એવુ ના કરો ?
- પતિની મારઝુડ થી થાકી ગઇ શું કરુ ?
- મારી પત્ની પિયરથી પાછી આવતી નથી.
- અતિશય ત્રાસથી આપઘાતનો વિચાર આવે છે ?
- મોંઘવારીમાં બે છેડા ભેગા કરવા શુ કરવું ?

પ્રવૃત્તિઓ

- કુટુંબ સલાહ કેન્દ્ર
- શિવણ વર્ગ
- ભરત ગુંથણ વર્ગ
- ઉત્પાદન કેન્દ્ર
- મધ્યસ્થ સંસ્થા
- વ્યવસાય કરતી બહેનોનું છાત્રાલય
- ગ્રામ વિકાસ યોજના

ફોન નં. ૫૫૮૫૩૦

IPB

જ્યોતિ-રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન

જ્યોતિની સ્થાપના ૧૯૪૩માં એલેમ્બિક કંપનીના યાંત્રિક વિભાગ તરીકે થયેલી. હાઈડ્રોલિકસ, ઈલેકટ્રીકલ્સ, ઈલેકટ્રોનિકસ, અને કંટ્રોલ સીસ્ટમ્સ, એનર્જી સીસ્ટમ્સ, લેસર, કૃષિયંત્રો, સિંચાઈ પધ્ધતિઓ, સીરેમીકસ તેમજ ફાઉન્ડ્રી જેવી વિવિધ ઉત્પાદન પ્રવૃત્તિઓ જ્યોતિએ હાથ ધરી છે. સમયના પડકારને ઝીલી યંત્ર સામગ્રીનું ઉત્પાદન કરવા જરૂરી ટેકનોલોજી માટે વિદેશો પર આધાર ન રાખતાં ઘર આંગણે જ તે અંગેનું સંશોધન અને વિકાસ હાથ ધરવાનો કાર્યક્રમ જ્યોતિએ અપનાવ્યો છે.

૧૯૬૮ થી વિકલાંગોને રોજગારલક્ષી તાલીમ આપવાનું શરૂ કર્યું. હાલ એકસોથી વધુ વિકલાંગો જ્યોતિનાં વિવિધ કાર્યક્ષેત્રોમાં સેવાઓ આપે છે અને અન્ય ૩૦ વિકલાંગો જ્યોતિમાં તાલીમ લઈ અન્ય ક્ષેત્રોમાં સેવા આપે છે. આ માટે 'અભિલાષ' હોસ્ટેલનું નિર્માણ પણ થયેલું છે. ગ્રામ્ય યુવકોને તાલીમ આપવા સ્વૈચ્છિક ધોરણે કાર્ય કરતી કૃપાલુ સેવા સમિતિ, મલાવ, કાયાવરોહણ તીર્થ સેવા સમાજ સંચાલિત શ્રી ડાહ્યાભાઈ હીરાભાઈ પટેલ ગ્રામ્ય વ્યવસાય તકનીકી તાલીમ સંસ્થા જેવી સંસ્થાઓને તકનીકી માર્ગદર્શન અને અન્ય સહાય જ્યોતિએ આપ્યાં છે. ઉપરાંત એગ્રિકલ્ચર પ્રોડેકશન એન્ડ પ્રોડકટીવીટી સર્વિસ કો-ઓપરેટીવ યુનિયન, ભારતીય કૃષિ વિકાસ પરિષદ, ભાઈલાલ અમીન કૃષિ સેવા ટ્રસ્ટની પ્રવૃત્તિઓને પ્રેરણા અને માર્ગદર્શન જ્યોતિએ પૂરાં પાડયાં છે.

હાશ !

હવે આપની વ્યથાની કથાનું કોઇ કારણ નથી.
વેદનાની વાતોને કોઇ અવકાશ નથી.
ચિંતાના ચિંતનની કોઇ જરૂર નથી
આવો,
અમારી સાથે મૈત્રી કરાર કરો.
જેમાંથી .... આપને મળશે આપના જીવનની નિરાંત.
અને તે છે .... પોતીકું ઘરનું ઘર

સંપર્ક : રમેશભાઇ સી. પ્રજાપતિ
સત્યનારાયણ ટ્રેડર્સ
રિફાઇનરી રોડ,
ગોરવા
વડોદરા-૧૬

IPB 89.

લગ્ન પ્રસંગે પાર્ટી-મિલન સમારંભ માટે

Kwality
ICE CREAM
-a dream with cream

સ્વાદિષ્ટ ફૂડ માટે

ઉપાસના રેસ્ટોરાં

ગાંધીબાગ-સૂરત-ટે.નં. ૨૯૫૧૨-૩૯૩૩૯.

ધી વડોદરા શહેર રાણા સહાયક સહકારી મંડળી લિ.
વડોદરા
જયુબીલીબાગ પાછળ સદ્‌ગુરૂ કબીર નિવાસ,
વડોદરા

સ્થાપના : ૧-૭-૩૯

● વ્યવસ્થાપક સમિતિ ●

શ્રી ચંદુલાલ નારણ દાસ રાણા (પ્રમુખ)
શ્રી અંબાલાલ મગનલાલ રાણા (ઉપપ્રમુખ)

વ્યવસ્થાપક સમિતિના સભ્યો

- શ્રી મંગળદાસ ત્રિકમલાલ રાણા
- શ્રી નટવરલાલ ત્રિભોવનદાસ રાણા
- શ્રી અંબાલાલ શંકરલાલ રાણા
- શ્રી પુનમચંદ અંબાલાલ રાણા
- શ્રી સુરેશભાઇ ભીખાભાઇ રાણા
- શ્રી નગીનભાઇ જેઠાભાઇ રાણા
- શ્રી શાંતિલાલ શંકર લાલ રાણા

IPB

With Best Compliments From .....

Ajitbhai H. Desai
B.A.
Chairman - P.W.D. Committee
Ex. Deputy Mayor
SURAT MUNICIPAL CORRPORATION

JPS

બરોડા ડેરી

વડોદરા શહેરમાં જોવાલાયક સ્થળોની યાદીમાં પ્રાચીન-અર્વાચીન સ્થળો, ઇમારતોઓ ઉપરાંત શહેર અને જીલ્લાને સાંકળતો એક માત્ર ઉદ્યોગ છે, એ ઉદ્યોગ એટલે વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. બરોડા ડેરી. શહેરના નાગરિકોને જંતુરહિત દૂધ પાડી જનઆરોગ્યની સંભાળ લેનાર અને જિલ્લાના દૂધ ઉત્પાદન વાસદોને આર્થિક રીતે ઉન્નત કરવામાં બરોડા ડેરીનો ફાળો ખૂબ મોટો છે. બરોડા ડેરી શરૂ કરવાનો મુખ્ય હેતું જીલ્લાના દૂધ ઉત્પાદકોને સામાજીક તેમજ આર્થિક રીતે સધ્ધર બનાવવાનો તથા એ સાથે શહેરના દૂધ ઉપભોકતાઓને યોગ્યપ્રદ દૂધનો પૂરવઠો પુરો પાડવાનો છે.

સન ૧૯૫૦ પછીના દાયકાનો સમયચક્રનો ગાળો ખૂબ કપરો હતો. દૂધ ઉત્પાદકો ખૂબ કઠણાઈ ભોગવતા હતા. વચેટીયા દલાલો તેમની પાસેથી ઊંચી ગુણવત્તાવાળુ દૂધ ખૂબજ ઓછાભાવે ખરીદી આર્થિક રીતે તેમનું શોષણ કરતા હતા અને ખરીદેલા દૂધમાં ભેળસેળ કરીને શહેરના ઉપભોકતાઓને ખૂબ ચઢાભાવે વેચી આ દલાલો બન્ને રીતે શોષણ કરતા અને એ સમયે તેમનો એક સપ્થુ વહિવટ હતો.

૨૪ મી ડિસેમ્બર-૧૯૫૩, વડોદરા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, બરોડા ડેરીની સ્થાપના થઈ અને એ સાથેજ દલાલોના એકહથ્થુ વહિવટનો અંત આવ્યો. સંઘનો મૂળભૂત ધ્યેય દૂધ ઉત્પાદકોની આર્થિક તેમજ સામાજીક સ્થિતિના ઉત્કર્ષનું હતું જે સાકાર થઈ શકયું. દૂધ ઉત્પાદકોએ ખભેખભા મિલાવીને સંઘના સહકારી નેજાહેઠળ સંગઠન બળથી દૂધ ઉત્પાદન, સંપાદન, પ્રક્રિયા અને વેચાણ વ્યવસ્થાનું કામ ઉપાડીને ગામ સુધારણાના કાર્યમાં પ્રેરક બળ પ્રદાન કર્યું.

આજે નાના બીજમાંથી વિશાળ વૃક્ષ બની ને બરોડા ડેરી અનેક વિધ પ્રવૃત્તિ ઓ થકી દૂધ ઉત્પાદકો અને દૂધ ઉપભોકતાઓની અને તે દ્વારા સમાજની મહત્ત્વની સેવાબજાવી રહેલ છે. ત્રણ દાયકા ઉપરાંતની આ મંજિલમાં પ્રગતિના પંથે અનેક સારામાઠા અનુભવો પસાર કરી, દૃઢતાપૂર્વક ઉપાડેલ કાર્યમાં અતૂટ શ્રધ્ધા અને મહેનતના પરિણામે સંઘે સિદ્ધિના અનેક સોપાનો સર કર્યા છે.

શરૂઆતના તબક્કે વાઘોડીયા તાલુકાના કામરોલ ગામમાં ખેડૂતોએ ઉભા કરેલા ફાર્મમાંથી દૂધ ખરીદીને વડોદરા શહેરમાં વેચાણ શરૂ કરવામાં આવેલું હતું. પાદરા તાલુકામાં જિલ્લાની પ્રથમ ૬ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચના કરવામાં આવી. વર્ષ ૧૯૬૫ માં શહેરને સતત એકધારી ગુણવત્તાવાળુ દૂધ આપી શકાય તે માટે અદ્યતન ડેરી પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો. ૧૯૬૫માં કુલ ૧૩ મંડળીઓમાંથી બેહજાર લીટર જેટલું દૂધ એકત્રીત કરવામાં આવતું હતું આજે લગભગ ૮૫૦ જેટલી મંડળીઓમાંથી સરેરાશ પોણા બે લાખ ૭૦ લીટર કરતા પણ વધુ દૂધ એકત્રિત કરવામાં આવે છે.

સંઘનો હેતું ફકત દૂધ એકત્રિત કરવાનો નહતો. પરંતુ એ સાથે જિલ્લાના દૂધ ઉત્પાદક સભાસદોના દૂધાળાં જાનવરનું સ્વાસ્થ્ય જળવાય સારી ઓલાદો તૈયાર થાય તથા એ થકી દૂધ ઉત્પાદન વધારી આર્થિક સદ્ધરતા ઉત્પાદકોને પ્રાપ્ત થાય એ મુખ્ય હતું. સંઘે એ માટે અનેક વિધ પ્રવૃત્તિઓ શરૂ કરી.

પ્રથમ જરૂરિયાત હતી. પશુસારવારની, દૂધાળાં જાનવરોને નિયમિત સારવાર મળે તે માટે વર્ષ ૧૯૬૭માં ફરતાં દવાખાનામાં ઓ ચાલુ કરવામાં આર્યા જે બીમાર પશુઓની એમના ગામ બેઠા સારવાર આપી શકે. આ સેવા વધુ ઝડપી બને તે માટે તેનું વિકેન્દ્રીકરણ કરી બરોડા ડેરી ઉપરાંત ડભોઈ, સાવલી અને બોડેલીથી આવાં કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા.અને આ તમામ કેન્દ્રો ને વાયરલેસ સંદેશા વ્યવહાર પધ્ધતિથી સમગ્ર જિલ્લાને સાંકળી લેવામાં આવ્યો છે જે બીમાર પશુઓની સારવારને ઝડપી બનાવવામાં ખૂબ મદદરૂપ રહેલ છે.

પશુ સારવાર બાદ સૌથી વધુ પ્રાધાન્ય પશુ સંવર્ધનને આપવામાં આવ્યું. જિલ્લામાં દૂધાળાં પશુઓ તો હતા પરંતુ પશુદીઠ દૂધ ઉત્પાદન આંક ખૂબ નીચો હતો. અને એ ઓછું દૂધ ઉત્પાદન આપનાર જાનવરો થકી જન્મની પાડી કે વાછરડી પણ પુખ્ત થતાં દૂધ ખૂબજ ઓછું આપની ઓલાદ સુધારણા માટે ૧૯૬૫ માં કૃત્રિમ બીજદાન યોજના શરૂ કરવામાં આવી. આ કાર્યવાહી માટે શરૂ આતમાં ૩૦ કેન્દ્રોથી કરવામાં આવી હતી જે વધીને આજે ૨૦૦ ઉપર થઈ છે. સારી તેમજ સિધ્ધ થયેલ પાડા અને સાંઢની ઓલાદો ઉછેરી એમનું વીર્ય એકત્રિત કરી નાના ડોઝ બનાવી આવા કેન્દ્રોને મોકલવામાં આવે છે જ્યાં ગાયો ! ભેંસોને કૃત્રિમ રીતે બીજદાન કરી ફેળવવામાં આવે છે અને એ થકી જન્મેલ પાડીઓ વાછરડીઓ પુખ્ત થતાં એની મા કરતાં ખૂબ અદ્યતન વૈજ્ઞાનિક પધ્ધતિના કારણે જાતવાન ઓલાદો પેદાકરવા પ્રેરક બળ મળ્યું અને આજે જિલ્લામાં વર્ષ લગભગ ૧૫,૦૦૦ ઉપરાંત પશુઓને આ યોજનામાં આવરી લેવામ છે અને એ માટે સંઘના ઈંટોલામાં આવેલ સીમેન સ્ટેશનનો પ્રોજેકટ ચલુ કરવામાં આવ્યો જ્યાં જાતવાન સિધ્ધ થયેલ પાડા અને સાંઢ ઉછેરી એમનું વીર્ય એકત્રિત કરવામાં આવે છે.

દૂધ ઉત્પાદનમાં અગત્યનું પાસુ છે એનો ઉત્પાદન ખર્ચ, દૂધાળા જાનવરને અપાતા ખોરાકમાં કપાસીયા ખોળ વગેરેની કિંમત વધારે હોવાથી દૂધ ઉત્પાદન ખર્ચ વધુ આવતાં સરવાળે નફાનું પ્રમાણ નહિવત રહેતું. સંઘે ઈંટોલા ખાને પશુઓને સમતોલ આહાર "દાણ" રહે તે માટે ૧૦૦ ટનની ક્ષમતાવાળો કેટલફીડ પ્લાન્ટ શરૂ કર્યો. આ દાણમાં દૂધાળા પશુઓને જરૂરી એવા બધાજ તત્ત્વો જેવા કે મકાઈ, જુવાર, જવ બંટી, ઘઉ, બાજરી, જુવાર ભરડો, તુવેરચુની, પૂવાડના બી, સોયાબીન, ફોતરી, ઈસબગુલ, ક્ષારો, વીટામીનો, પ્રોટીન વગેરેને જરૂરી પ્રમાણમાં ભેળવી ગાંગડી સ્વરૂપે બરોડાદાણ અને સમૃધ્દ્દાણ તૈયાર કર્યું. બરોડાદાણ સામાન્ય પશુઓના ઉછેર તથા વૃદ્ધિમાં ખૂબ મહત્વનું છે જ્યારે વધુ દૂધ આપતા જાનવરો માટે સમૃધ્દ્દાણ ખૂબ ઉપયોગી થઈ રહે છે. અને આ બન્ને દાણ બજારમાંથી જાનવરોને ખવડાવવામાં આવતા કોઈપણ અનાજ કે ખોળ કરતાં કિંમતમાં સોંઘા છે અને જાનવરને જરૂરી એવા દરેક પદાર્થોનું સપ્રમાણ મિશ્રણ હોવાથી જાનવરના સ્વાસ્થ્ય અને દૂધ ઉત્પાદન જાળવવામાં ખૂબ ઉપયોગી થઈ રહ્યા છે.

સંઘની પ્રવૃત્તિઓનો વ્યાપ હવે આદિવાસી વિસ્તાર સુધી પહોંચાડવામાં આવ્યો છે. લાંબા અંતરેથી દૂધ એકત્રિત કરવામાં મુખ્ય મુશ્કેલી દૂધને બગડયાવગર વડોદરા ખાતે લાવવાની હતી ખાસકરીને ગરમીની ઋતુમાં લાંબા અંતરેથી ખાટું થયા વગરનું દૂધ લાવવું અશકય બની જાય છે અને એ કારણે જિલ્લામાં દૂરના વિસ્તારમાં આવેલા આદિવાસી વિસ્તારને ડેરી ઉદ્યોગનો પૂરતો લાભ મળી શકતો નહતો. વર્ષ ૧૯૮૧ માં સંઘે બોડેલી ખાતે શીત કેન્દ્ર ઉભું કર્યું અને ત્યાની આસપાસની ૨૦૦ ઉપરાંત દૂધ મંડળી ઓમાંથી દૂધ એકત્રિત કરવામાં આવે છે.

આ મંડળીઓમાં ૭૦ ટકા ઉપરાંતની મંડળીઓ આદિવાસી વિસ્તારમાં આવેલ છે. ૨૦ હજાર લીટર દૂધ એકત્રિત કરવામાં આવ્યું છે અત્યારે આ કેન્દ્રની દૈનિકક્ષમતા ૬૦ હજાર લીટરની કરવાના પ્રયત્ન લગભગ પુરા થવા આવ્યા છે. આ શીતકેન્દ્ર થકી આદિવાસી વિસ્તારના લોકોની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતી સુધારવામાં ફાળો આપી શકાયો છે અને એ થકી આ વિસ્તારમાં રોજગારીની તકો પણ વધી રહી છે. સાથે સાથે આ વિસ્તારમાં ઓલાદ સુધારણા અને ચિકિત્સાકાર્ય ધનિષ્ટ રીતે થઈ શકે તે માટે અદ્યતન સાધનોવાળુ પશુચિકિત્સાલય પણ શરૂ કરવામાં આવ્યું છે.

દૂધ ઉત્પાદનની આ પ્રક્રિયામાં બહેનોનું પ્રદાન ખૂબ મોટું છે જાનવરને દોહવાની અને ખોરાક-પાણી તથા એની મોટાભાગની વ્યવસ્થામાં ગામડાની મહિલાઓ હસ્તક રહ્યુ છે. આ મહિલા ઓને પશુપાલન તથા દૂધ ઉત્પાદનના વિષયોની આધુનિક વૈજ્ઞાનિક માહિતી વિગતવાર મળી શકે તે માટે સંઘ તરફથી ગામડાઓમાં મહિલા સહકારી ડેરી અને પશુપાલન શિક્ષણ યોજના અંતર્ગત ત્રણ દિવસ દરમ્યાન દૂધ ઉત્પાદન તથા

With Best Compliments From

Capsules Corporation Of India

DEALERS IN:
EMPTY HARD GELATINE CAPSULES

5- B Gangotri Society, Behind St. Xavier's College
Ellisbridge Ahmedabad- 380 006
PHONE : 463962, 333761

JPB

WITH BEST COMPLIMENTS

Troikaa

Office :
'Saurabh' Asarwa Blocks,
behind national chambers,
ashram road, Ahmedabad-9
phone: 441538 gram: Troikaa

Resi :
'Aditya' 12, Nandi Hill,
Opp. Space Applications
Centre, Jodhpur Tekra,
Ahmedabad-15
Phone: 462064

JPB

VIDEO SHOOTING
COMMERCIAL PHOTOGRAPHY
SLIDES/TRANSPARANCIES
LAMINATION/GLOSS/ MATT
& INDUSTRIAL PHOTOGRAPHY

Ruchika
PHOTOGRAPHERS
IPB House, Kothipole, Raopura, Baroda - 390 001
Ph. : (O) 554323/555389

WITH BEST COMPLIMENTS FROM

SHAH ADVERTISERS.

* ADVERTISING AGENTS *
* & PUBLICITY EXPERTS *

SHANTILAL.B.SHAH
KIRAN.S.SHAH
HARISH.S.SHAH

PIONEER HOUSING.
SOCIETY DEVELOPERS.
BUILDERS & CONTRACTORS.

17, LAXMI ESTATE
BAHUCHARAJI ROAD BARODA 390 018
TEL: 558324(O) ... 558360 (R)

પશુપાલન અંગેની વિસ્તૃત માહિતી વાર્તા, ગીત, દૃશ્યશ્રાવ્ય વગેરે સાધનો મારફતે આ વિષયોમાં તાલીમ પામેલા બહેનો મારફતે આપવામાં આવે છે અને આ શિક્ષણથી ગામડાઓમાં દૂધ ઉત્પાદનનો ચોકકસ વેગ મળ્યો છે.

જિલ્લામાંથી એકત્રિત થતાં દૂધને સંઘમાં લાવ્યાબાદ એના ઉપર થતી પ્રક્રિયાઓમાં દૂધને જંતુરહિત બનાવવા માટે સંઘનો આધુનિક પ્લાન્ટ અવિરત ચાલુ રહે છે અહિ. દૂધને પાશ્ચ્યુરાઈઝ કરી ૫૦૦ ગ્રામ પોલીથીનની કોથળીમાં પેક કરી શહેરના ઉપભોકતાઓને શહેરના લગભગ ૩૫૦ જેટલા વિતરણ કેન્દ્રો મારફતે સવાર: સાંજ બે સમય વિતરણ કરવામાં આવે છે. કેન્દ્રના સંચાલકોમાં પણ વિધવા, ત્યકતા અથવા બેસહારા બહેનોને પ્રાધાન્ય આપવામાં આવે છે. પ્રવાહી દૂધ ઉપરાંત બરોડા ડેરીની દૂધની કેટલીક બનાવટો શહેરમાં તથા રાજયમાં ખૂબ પ્રચલિત થઈ છે. અત્યાર સુધી દૂધમાંથી બનતી મિઠાઈઓ તથા ગુણવત્તા અલગ રહે છે જયારે બરોડા ડેરીના સુગમ પ્લાન્ટમાં તૈયાર થતી દૂધની બનાવટો જેવી કે સુગમ શ્રીખંડ, ગુલાબજાંબુ, પેંડા, વગેરે બનાવટોની ચોકકસ ગુણવત્તાના કારણે આ બનાવટો ખૂબ પ્રચલિત થઈ રહી છે એક જમાનામાં વડોદરા શહેરનો સોલાપુરી ચેવડો પ્રખ્યાત હતો આજે વડોદરા શહેર સુગમ શ્રીખંડ માટે પ્રખ્યાત છે અને એટલીજ ખ્યાતિ સુગમ આઈસ્ક્રીમને મળી રહી છે.

ઉંચી ગુણવત્તા અને ખૂબજ નિયમિત અને પુરતા પૂરવઠાને લઈને બરોડા ડેરીની દૂધ તથા દૂધની બનાવટોને વિતરણ માટે વિતરણ કેન્દ્રો ઉપરાંત શહેરમાં આવેલ જાણીતા ઉદ્યાનોમાં મીલ્કબારો શરૂ કરવામાં આવ્યા છે. કમાટીબાગ, જયુબિલીબાગ, સૂર્યનારાયણ બાગ, ડેરીગેટ ઉપરાંત રેલ્વેસ્ટેશન ઉપરના મીલ્કબારે ઘણી લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે.

હજુ કેટલું બધુ કરવાનું બાકી છે. વિસ્તરણ, વિકાસ, વૃદ્ધિ અને ઘણું બધુ નિસ્વાર્થ સેવા, સન્નિષ્ઠતાના મજબૂત પાય ઉપર સ્થપાયેલી આ સંસ્થા જિલ્લાના દૂધ ઉત્પાદક સભાસદોના આર્થિક તથા સામાજીક ઉત્કર્ષ માટે સહાય કાર્યરત છે.

હેમેન્દ્ર ૨. ધોળકિયા
મેનેજીંગ ડીરેકટર
બરોડા ડેરી વડોદરા

With Best Compliments From.
Gram:"COMET-382330" Phone:810455, 810341
COMET PHARMACEUTICALS PVT. LTD.
Fact. & Regd. Office:
Opp. Naroda Station, Naroda.
Ahmedabad-380 022
OFFICE: UL/49, Vijay Plaza,
Opp. Abad Dairy Kankaria Road.
Ahmedabad-380 022 Phone: 53625
IPB

With Best Compliment From
MASCOT LABORATORIES (P)LTD.
Regd. Office: TEL(O) 22090 (R) 353507
260, Sarvoday Commercial Centre, Salapas Road,
Near G.P.O AHMEDABAD-380 001
Works: 1712, G.I.D.C. Phase-III, Vatwa, A'bad.
IPB

સંકલન

• • •

ધર્મનો હેતુ - ધર્મનું કામ એકંદર સંગ્રહ થાય તેમ કરવાનું છે, ઐક્યથી સમાજનું હિત થાય એ ખરો ધર્મ છે. છતાં સંગ્રહને બદલે વિગ્રહ થાય, અને મતભેદોથી કે ખોટી સમજથી આપણે વહેંચાઈ જઈએ તો તેથી ઉન્નતિ ન થાય અને આપણે પ્રગતિ કરી ન શકીએ એ અનુભવથી સમજવું જોઈએ. ધર્મ બધાનો છે અને એક છે. જુદા જુદા નથી. મહારાજા સાહેબ તે સિંહાસન ઉપર બેઠા છે માટે નહિ, પણ પ્રજામાં ઐક્ય વધે, એકત્ર થાય અને બધાનું કલ્યાણ થાય એ હેતુ છે. આપણે સમય વિચારવો જોઈએ. તમે વિચાર કરો કે હિંદુમાંથી કેટલા લોકો ધર્મ છોડીને જાય છે ? તેનું કારણ ? કારણ એ જ કે ખરો ધર્મ શું તે આપણે સમજતા નથી. નાની છોકરીઓ વિધવા થાય છે. તેમને આર્થિક મુશ્કેલી પડે છે અને જીવન બગડે છે. ફરજિયાત વૈધવ્યથી લગ્નની સગવડ નહીં હોવાથી - તેવી ઘણી વિધવાઓ લાચારીથી ફાવે ત્યાં જાય છે એવા ઘણા દાખલાઓ બને છે. છતાં આપણે વસ્તુસ્થિતિ ન જોઈએ, ખરો ધર્મ શું છે તે ન સમજીએ અને લાભ - ગેરલાભ કે સારાસારના વિચાર વગર માત્ર રૂઢિને જ પકડી રાખીએ તો તેનું નુકશાન વેઠવું પડે આ બધી સ્થિતિનો વિચાર કરી મારે એટલું જ કહેવાનું કે ધર્મનું પાલન કરો, પણ તેમાં અસ્વાભાવિક અહિતકર તત્ત્વ જ હોય તે હિંમતથી છોડી દો, જૂના રિવાજ છોડતાં પ્રથમ મનને લાગે, પણ આપણા હિત માટે. ખોટું હોય તે છોડયે જ છુટકો. તે વિના સમાજની ઉન્નતિ કે સુધારો થશે નહીં. હિંદમાં ૩૩માં કોટી લોકવસ્તી છે. તેમાં કેટલા મતભેદ છે ? તેથી આપણી પ્રગતિ થઈ શકતી નથી એ સત્ય આપણે સમજવું જોઈએ અને સમય સ્થિતિ અનુસાર સુધારા કરવા જોઈએ. ધર્મ સારૂં કહે છે. તેના ઉદ્દેશ સારા છે પણ સત્ય સમજી આચરણ કરીએ તો લાભ થાય, આપણે સત્ય સમજવું જોઈએ. હુ પોતે તમારા પૈકીનો જ છું. તમને વટલાવવા કહેતો નથી. પણ આપણું હિત થાય, કલ્યાણ થાય તે માટે હુ કહુ છું એમ ન માનશો. દેશનું કલ્યાણ થાય, લોકનું હિત થાય તે જ મારો કહેવાનો હેતુ છે. આપણે સત્ય સમજશું નહીં તો ધર્મમાંથી સારો ભાગ જશે. અને નઠારો રહેશે, તેથી સમંજસપણે સારાસાર વિચારી કરો. સારૂં હોય તે રાખો, પણ નઠારો ભાગ હોય તે છોડી દેવાની જરૂર છે. હુ નાનો બાળક હતો ત્યારે મારી માતા અને વડીલ વર્ગ મને પણ એમ જ કહેતાં અને આવી આભડછેટની વાતો કરતાં. પણ સમજણો થયો, વસ્તુસ્થિતિ વિચારવા લાગ્યો ત્યારે સત્ય સમજાયું. સુધારા માટે બળથી નહીં પણ સમજાવીને કહીએ તો સુધારો થાય. અને વૃદ્ધો પણ સમજી શકે કે સુધારામાં આપણું શ્રેય છે અને વાંધો ન લે. તમારી પણ એ જ ફરજ છે. ખોટું લાગે તેની સમજ આપો અને સાચું તે સુધારો કરી હિંમતથી અમલમાં મુકો. તે સિવાય આપણી ઉન્નતિ નથી."

(સયાજીવિજય તા. ૧૦-૧૨-૧૯૩૬ અન્વયે)

• • •

બહેનપણી મિસ વેસ્ટ ફ્રાંસિસ વડોદરાના રાજમહેલમાં મહારાણીની અંગત સેવામાં નોકરીએ હતી. એણે લખ્યું કે, હિંદ જોવું હોય તો ઈ. સ. ૧૯૧૧નો દિલ્હી દરબાર જોવાય એમ આવ ! હુ તરત જ નક્કી કરી ઈંગ્લેંડથી ભારત જવા નીકળી... વડોદરા સ્ટેશનેથી મારો સામાન ગાડામાં રાજમહેલ લવાયો... મહારાણી ચાંલ્લો કરતાં બીજી અંગ્રેજ બહેનો જેમ હુ યે ચાંલ્લાને રત્ન જ માનતી... વડોદરાની ખાસ વિશેષતા... સ્પેશ્યાલિટી, તે એની ઘોડાગાડી, દિલ્હી દરબાર વખતે બધા કડક ચાંપની નજરે જ મહારાજાને જોતા હતા. (સયાજીરાવ ત્રીજા, એ ગરવી સાદાઈથી રહેતા, પણ દરબાર વખતની એમની વગોવાયેલી સાદાઈ વસ્તુત: ખર્ચાળ શાહી ઠાકની હતી.) પછીથી મહારાજા સામે ઉઠેલા ઉહાપો બીજા રાજાઓ પણ ચકિત થઈ ગ હતા... (મારા પિતરાઈ ભાઈ) જ્યોર્જ લેફ્રોયે પછી કહ્યું દિલ્હીદરબારમાં મહારાજાના વર્તન મને કંઈ જ ખોટું દેખાયું ન પછીના ક્રમે આવતા નવાબોમાંના ઘણા વધુ કઠગી સમ્રાટને નમતા હતા; આટ-આટ લોકો અને તેમાં યૂરોપીઅન ઘણા..., તે વચ્ચે જો સયાજી-રા સમ્રાટ સાથે ઈરાદાપૂર્વક અવિન થયા હોત, તો એ હિંમત દાદ એવી... આ (૧૯૧૧ના) દિ દરબાર પછીથી યૂરોપીયનોમ મહારાજાનો મોટોભાગનો વિશ્વ ચાલ્યો ગયો હતો... મહારા (સયાજીરાવ ત્રીજા)એ મને એક વાતચીતમાં કહેલું કે, જો મને જિંદગી નવેસર જીવવા મળે તો આની એની એ રાખું પણ આની ફેર કરું.

- કુ. ઈલિઝાબેથ ટોરેનહેમ (હિ હાઈનેસ ઓફ હિંદોસ્તાન ૧૯૩૪માંથી)

• • •

તટસ્થ એટલે અતડા જવાનો વખત હવે નથી આપણે એકબીજા તરફ મિત્રો મદદગારની માફક રહેવું જોઈએ જાણે કે આપણે એક જ ઈમારતન જુદા જુદા ભાગ હોઈએ હુ મા પોતાની વાત તમને કહી દઉં કે તો હિંદુ અને મુસલમાન વચ્ચે ક ભેદ રાખતો નથી, અને મને એમ લાગે છે કે જેટલો હુ હિન્દુઓ સભ્ય છું તેટલો જ હુ મુસલમાન પણ સભ્ય છું."

શ્રીમંત સયાજીરાવ

• • •

"રાજયકારભારના અ સુધીનો અનુભવ પરથી એવું લ છે કે સુરાજયમાં પ્રજા બાબતની અપેક્ષા રાખે - (૧) કર બોજો હલકો હોવો જોઈએ (૨) અને પ્રજા વચ્ચે જેમ બને અંતરાય ઓછો જોઈએ અને ઓછા ખર્ચે વહેલો ન્યાય મળવા પધ્ધતિ હોવી જોઈએ. આ બાબતો સધાય એટલે એ રાજયતં રૈયતને સુખાવહ લાગે"

શ્રીમંત સયાજીરાવ

• • •

શ્રી મહાલક્ષ્મી મર્કન્ટાઈલ કૉ.ઓ.બેંક લિ.
ડભોઈ
(રજી.નં.સે-૨૭૫૫) (સ્થાપના :- ૧૧-૧-૩૨)
● હેડ ઓફીસ : દર્ભાવતી ચેમ્બર્સ, પટેલવગા, ડભોઈ.
● શાખા : વણખલા તા. નસવાડી | સાદલી તા. શિનોર
કાયા વરોહણ તા. ડભોઈ | છોટાઉદેપુર તા. છોટાઉદેપુર
:- વડોદરા :-

તા.30-૬-૮૮ આખરની આંકડાકીય માહિતી		રૂા. લાખમાં
શેર ભંડોળ	: ૫૦.૪૦	સભાસદ સંખ્યા : ૧૦૪૪૯
રીઝર્વ તથા અન્ય ફંડ	: ૭૧.૧૮	સભાસદ ધીરાણ : ૯૬૨.૬૮
થાપણો	: ૧૩૧.૪૫	કામકાજનું ભંડોળ : ૧૫૯૯.૬૫

બેન્કના કાર્યવિસ્તારની સર્વાંગી પ્રગતિ માટે ઉત્સુક ગ્રામ્ય વિસ્તાર માંથી શહેર વિસ્તારમાં શાખા ધરાવતી આ બેંક ને વડોદરા માં પણ અનન્ય સહકાર મળ્યોછે, તેમજ સભ્યો, થાપણદારો અને ગ્રાહકોનો અતુટ વિશ્વાસ સંપાદન કર્યો છે, તે બદલ બોર્ડ ઓફ ડીરેકટર્સ ગૌરવ અનુભવે છે અને વડોદરા સમાચાર ને શુભેચ્છા પાઠવતા આનંદ અનુભવીએ છીએ.

શ્રી ઓચ્છવલાલ અંબાલાલ કંસારા (ચેરમેનશ્રી)
શ્રી અંબુભાઈ શંભુભાઈ પટેલ (વાઈસ ચેરમેનશ્રી)
શ્રી પ્રવિણચંદ્ર ચુનીલાલ પટીક (મેનેજીંગ ડીરેકટરશ્રી)
શ્રી અંબુભાઈ મોતીભાઈ પટેલ (કા.મેનેજર શ્રી)



With Love From
babubhai's
PURE GHEE SWEETS
Varacha Road
SURAT

સંદર્ભ સૂચિ

(૧) The Rulersot of Baroda F.A.H. Eloit
(૨) His Highness Sayajirao (1912) G. B. Natesan
(૩) A year with the Gaekwar of Baroda (1911) Rv. E. G. Cair
(૪) Life of Sayajirao, III, Maharaja of Baroda 1-2; (1931) Stanley Rice
(૫) Maharaja Gaekead of Baroda, Sayajirao - III (1967) K. H. kamdar
(૬) વડોદરાનો વૈભવ (1920) જગજીવનદાસ દ. મોદી
(૭) વડોદરા રાજ્યનો ઈતિહાસ (૧૯૨૬)- ચુનીલાલ મગનલાલ દેસાઈ
(૮) શ્રી સયાજીરાવ મહારાજા સાહેબનું જીવનચરિત્ર (1933) - યશવંત રૂમચંદ્ર દાંને
(૯) શ્રી સયાજીરાવ ગૌરવ ગ્રંથ (કઝટટ) સં. સમિતિ પ્રમુખ રામચંદ્ર શા. માને પાટિલ (૭૧મી જન્મજયંતિ પ્રસંગે)
(૧૦) આપણા મહારાજા સાહેબ (1936) -ચંદ્રશંકર ભટ્ટ
(૧૧) શ્રી મહારાજા સયાજીરાવ ગાયકવાડ નિસરે ૧, ૨, ૩ (કઝટઢ) દાજી નાગેશ આપ્ટે
(૧૨) પ્રગતિપંથે વડોદરા (1939) -વિષ્ણુ પાંડુરંગ નેને
(૧૩) વડોદરાની સામાજિક સેવાઓ (કઝઠક) -રમેશનાથ રંગનાથ ગૌતમ
(૧૪) વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજા ૧, ૨ (૧૯૪૩) -ચિમનલાલ મગનલાલ ડૉકટર
(૧૫) સર સયાજીરાવ (1964) -ધનવંત ઓઝા
(૧૬) વડોદરા (1964) ધનવંત ઓઝા
(૧૭) સમાજ દર્પણ (1965) -ડૉ. સુમંત મહેતા
(૧૮) આત્મકથા -ડૉ. સુમંત મહેતા (1971) -સં. ભોગીલાલ ગાંધી
(૧૯) વડોદરા આ વડોદરા (1984) -હસિત હ. બૂચ
(૨૦) મહારાજા સયાજીરાવ ત્રીજા (1988) -હસિત હ. બૂચ
(૨૧) ડૉ. રાજેન્દ્રસિંહ ગાયકવાડની અંગત - અપ્રગટ નોંધો - વડોદરા (1986)
(૨૨) શ્રી અશોક રાજે ગાયકવાડ તથા દેવ્યાની રાજે ગાયકવાડની અંગત મુલાકાત
(૨૩) શ્રી મહારાજા સયાજીરાવ ગાયકવાડ તેઓશ્રીના વ્યાખ્યાનો તથા ભાષણો ૧-૨-૩ (1935, 1925 1938) -સ. ગોકુળદાસ મ. શાહ
(૨૪) ડીપાર્ટમેન્ટ ઓફ હિસ્ટરી -મહારાજા સયાજીરાવ યુનિ.
(૨૫) મહારાજા ખાનગી ઑફિસમાંથી મળેલી કેટલીક વિગતો.
(૨૬) સેન્ટ્રલ લાયબ્રેરી માંડવી.

With Best Compliments From
AHMEDAEAD Off: 385090
Resi: 448705
MEHSANA Off: 21039
Resi: 22029
ALPS LABORATORIES PVT. LTD.
Factory: 250, G.I.D.C. MODHERA ROAD, MEHSANA (N.G.)
Office : 3rd Floor H.K. Trust Bldg. Ratan Pole Naka, Relief Road Ahmedabad-380 001 IPB

WITH BEST COMPLIEMENTS FROM
HOVERT
BOILERS & CHEMICAL EQUIPMENTS
Boiler, Tray Dryers, Ball Mills Vessels & Pulverisers
OFF/WORKS
Plot No. 3704/E Phase IV G.I.D.C. Behind NIRMA Valva, AHMEDABAD 382445 phone: 830127 IPB

With Best Compliments From...
IVEE INJECTAA PVT. LTD.
Factory:
Survey No. 47, Sabalpur, Junagadh - 362 001
PHONE: 21079 IPB

સંકલન

* * *

૦ ઈ. સ. ૧૯૩૨ની તેઓશ્રીની યુરોપની યાત્રા દરમિયાન કાઠિયાવાડના પ્રસિધ્ધ મોભાદાર વ્યકિત શ્રી પ્રભાશંકર પટ્ટની તથા ઈન્ટરનેશનલ લેબર ઓફિસના ડૉ. દાસ અને તમના કામમાં અહર્નિશ સાથે રહેનાર કામ કરતાં થાકતાં જ નહિ તેવાં તેમના પત્નિ આવ્યા. અભિવાદન કર્યા. મહારાજા જ્યારે પણ વધુ ભણેલી વ્યકિતને કે અજાણી વ્યકિતને મળતા ત્યારે તેમને વ્યવસ્થિત કોલેજ ભણતર નહિ

સાંજે સૂરત - મનુભાઈને ત્યાં પહોંચ્યા. મહારાજા સાહેબે, સૂરત અંગ્રેજ હસ્તકનું હોઈ, ભોજન સમારંભને બનતો મર્યાદિત અને સાદો કરવા મનુભાઈને કહેલું. રાતે ભોજનમાં પંચોતેર-સો જણ હશે. મહારાજા પોતાને ત્યાં આવે ત્યારે સાવ મર્યાદિત સંખ્યા પણ એટલી તો હોય ને ! થાળીમાં "સૂરતનું જમણ" એટલે શું હોય શું ન હોય ! પણ બધું પીરસાઈ ગયું છતાં મહારાજા તો આજુબાજુનાઓ સાથે વાતો જ કર્યે જાય. સમય વીતતો જાય. વાનગી ઠંડી થયે જાય. છેવટે મુંઝાતા સર મનુભાઈએ બાજુમાં જઈ મહારાજા સાહેબના અંગત મંત્રીને કહ્યું, "મહારાજા સાહેબ શરૂ કરે તો જમવાનું શરૂ થાય. એ તો વાતોમાં જ મશગુલ છે... જરા એમને તમે યાદ આપો તો..!" પોતાથી આવી વાત કેમ થાય - એની મંત્રીને ય વિમાસણ - તો યે છેવટે એમણે સયાજીરાવની નજીક પાછળ રહી ધીમેથી વિનંતી કરી, "મહારાજા આતા શરૂ કરા !" આજુબાજુ જોઈ મહારાજાએ પણ મંત્રીને કાનમાં કહેતા હોય એમ ધીમે સાદે પૂછ્યું કે "પણ... બાજરીનો રોટલો કયાં છે આમાં ?" રાત આગળ વધી ચૂકી હતી. મંત્રીએ દિવાન મનુભાઈ ઉભા હતા ત્યાં જઈ મહારાજાની વાત કહી. દુકાનો તો બધી બંધ. શું થાય હવે ? છતાં સૂઝયું : આજુબાજુનાં ઘરોમાં તપાસ કરાવી. લોટ મળ્યો. ઝટ ઝટ બે-ત્રણ ગરમાગરમ બાજરીના રોટલા તૈયાર થયા. તૈયાર થયે જ બે-એક રોટલામાંનો એક મહારાજાના તાટ પાસે એક તાસકમાં મૂકાયો. મહારાજાસાહેબ (સયાજી - ત્રીજા) ધીમું હસ્યા. અને આજુબાજુ સહુને કહેવા માંડયા, " અરે, આપણે વાતો જ કર્યા કરી ! ચાલો ચાલો, હવે ભોજનને ન્યાય આપીએ."

- હરિરાય ભ. બૂચ. (પ્રસંગે હાજર પત્રકાર - લેખક)ની વાતચીતમાં ઘણીવાર સંભળાયેલ પ્રસંગ

• • •

તઆશ્રી દાસ ફેમીલી સાથે બપોરનું જમણ લેવા ગયા. જ્યારે તેમને વાઈન (માદક પીણું) પીરસવામાં આવ્યો ત્યારે તેમણે વિવેકથી શ્રીમતિ દાસને કહ્યું, "મને માફ કરશો. હજી હુ જરૂર કરતાં વધુ એડવાન્સ નથી બન્યો." સર પટ્ટની સ્વભાવિક રીતે ભારતની રાજકિય પરિસ્થિતિ વિષે વાતો કરવા લાગ્યા. મહારાજાશ્રીને પૂછપરછ કરતાં ખબર પડી કે નવા "રેજીવ"માં ભારતીય નાગરિકત્વ ધરાવતા શ્રી પટ્ટણી ગવર્નર જનરલ બની શકે ! જવાબ નકારમાં જ હતો. એક ક્ષણ માટે તેઓ ક્રોધિત થયા, બોલ્યા "તમે આ પોજીશન નથી મેળવી શકતા તેથી સાબિત થાય છે કે આ બધો દેખાવ છે."

• • •

૦ તેઓશ્રી ખૂબ જ વાંચનપ્રિય હતા. ખાસ કરીને સામાજિક, રાજકીય અને બધા જ ધર્મ ઉપરના પુસ્તકો તેઓ અચૂક વાંચતા. "પત્ર" એ એમનો પ્રિય વિષય હતો. પ્રાર્થનાના પુસ્તકો વિષે તેઓશ્રીને ખાસ અહોભાવ રહેતો કારણ કે તેમાં બધા જ પ્રકારના લોકોનો મન ભળેલો હોય છે.

• • •

વડોદરાના બગીચાઓ

ક્રમ	બાગ	ક્ષે.ફળ	સ્થળ
૧.	સયાજી બાગ	૧૧૩.૦૦	સયાજી બાગ
૨.	લાલ બાગ	૯.૩૧	લાલબાગ રેલ્વે ક્રોસીંગ પાસે
૩.	હીરક બાગ	૦.૧૧	રેલ્વે સ્ટેશન
૪.	નવરોજી બાગ	૧.૦૮	યુનિવર્સિટી સામે
૫.	સરદાર બાગ (વડી વાડી)	૬.૦૬	સારાભાઈ કેમીકલ્સ સામે
૬.	સૂર્યનારાયણ બાગ	૧.૩૬	રાવપૂરા જી.પી.ઓ. સામે
૭.	ખાસવાડી-સ્મશાન બાગ	૪.૧૮	બહુચરાજી રોડ
૮.	રામનાથ સ્મશાન બાગ	૧.૦૭	ગાજરાવાડી
૯.	સરસિયા બાગ	૦.૧૨	સરસિલિયા તળાવ પાસે
૧૦.	કેવડા બાગ	૦.૨૬	શિયાબાગ પાસે
૧૧.	શંકર ટેકરી બાગ	૧.૨૪	ટેકનીકલ કોલેજ પાસે
૧૨.	માર્કેટ બાગ	૧.૩૩	ખંડેરાવ માર્કેટ
૧૩.	જયુબીલી બાગ	૩.૦૦	અમદાવાદી પોળ પાસે
૧૪.	આગ્બાદ બાગ	૦.૯૨	મોટી તંબોળી સામે-ખારવાવાડ
૧૫.	શાસ્ત્રી બાગ	૨.૭૪	વાડી-મહમદ તળાવ
૧૬.	પ્રેમાનંદ હોલ બાગ	૧.૦૦	મહમદ તળાવ
૧૭.	વારસિયા બાગ	૦.૯૦	સંતકંવર કોલોની
૧૮.	મહર્ષિ ઉદ્યાન	૨.૨૦	ફતેગંજ
૧૯.	સરોવર ઉદ્યાન	૨૨.૧૦	આજવા સરોવર પાસે
૨૦.	નિમેટા બાગ	૫.૦૦	નિમેટા ફિલ્ટ્રેશન પ્લાન્ટ
૨૧.	નવાપૂરા બાગ	૦.૬૬	નવાપૂરા માર્કેટ
૨૨.	મકરપૂરા બાગ	૧.૦૬	મકરપૂરા ગામ પાસે
૨૩.	માણેજા બાગ	૦.૧૪	માણેજા ગામ પાસે
૨૪.	નવી ધરતી બાગ	૦.૦૩	નવી ધરતી - નાગરવડા
૨૫.	હરી ઓમ નગર બાગ	૦.૦૮	હરીઓમ નગર-ગોત્રી રોડ
૨૬.	મોની બાગ	૦.૧૦	રાજમહેલ રોડ
૨૭.	અટલાદરા કમ્પોસ્ટ પ્લાન્ટ બાગ	૩.૦૦	અટલાદરા
૨૮.	મહી વોટર ઈન્ટેક વોલ-બાગ	૩.૦૦	વાસદ
૨૯.	છાણી જકાત નાકા બાગ	૪.૦૨	છાણી જકાત નાકા
૩૦.	તરસાલી સુએઝ-બાગ	૨.૨૦	તરસાલી-સુએઝ
૩૧.	તરસાલી હાઉસીંગ-બાગ	૩.૩૦	તરસાલી હાઉસીંગ શરદનગર
૩૨.	હરણી હાઉસીંગ-બાગ	૧.૩૦	હરણી રોડ
૩૩.	યુ. સી. એ. બાગ	૦.૧૦	ફતેગંજ-યુ.સી.એ. ઓફીસ
૩૪.	શાંતિનગર હાઉસીંગ બાગ	૦.૧૦	શાંતિનગર
૩૫.	વાડી સુએઝ બાગ	૩.૦૦	વાડી
૩૬.	ચંદન બાગ	૧.૦૦	શંકર બાગસોસાયટી-માંજલપુર
૩૭.	છાણી જકાત નાકા પાસેનો ટાપુ	૦.૪૨	ગૂંઠા છાણી જકાત નાકા
૩૮.	ફતેગંજ ટાપુ	૦.૮૪	ફતેગંજ
૩૯.	કારેલી બાગ ટાપુ	૦.૪૦	કારેલી બાગ

આ તમામ બાગોની વડોદરાની ગાર્ડન અને માર્ક શાખાના વહીવટી અહેવાલ સન ૧૯૭૯-૮૦ થી ૧૯૮૪-૮૫ સુધીમાંથી પ્રાપ્ત થયેલ છે.

મુગટ પર જાઉં વારી

જોયા ભગવી ધજામાં ગુણ ભારી,
મુગટ પર જાઉવારી, એ તો
અધર્મોને લે છે ઉધારી "નમે છે"
સહુએ નરનારી ...ટેક દીન દયાળુ
નૃપતિ જ્યારે ગાદીએ આવ્યાં, ને
વારીનો ત્રાસ જોયો ભારી, સયાજી
નામનું સરોવર બંધાવી, દીધી પ્રજાની
તૃષ્ણાને ટાળી. વિલાયતથી આપે વૈદ્ય
બોલાવી - વેદ્ય શાળા કરાવી ઘણી
સારી, દુઃખીનાં દુઃખડાંને વેગે વિદારી.
એથી અમર છે કીર્તિ તમારી. ધન્ય
ધન્ય મહારાજા હમારા, પૂર્ણ પ્રજાના
છો હિતકારી. ધન ખર્ચીને આપે
વિદ્યા વધારી દીધાં બાળકોનાં જીવન
સુધારી. મનુષ્યજીવન વિદ્યાથી શોભે
ગ્રહેજો ગુણલા હિતકારી. કળા
ઉદ્યોગને બુદ્દિ કેળવવા કર્યું
કલાભવન ગુણકરી. અજ્ઞાનતાના
અંધારાને ટાળવા, લાયબ્રેરી છે ઘણી
ભારી. ગામે ગામ ઘણી શાખા વધારી
જૂની રીતને સંહારી. પતિતો પ્રત્યે
પ્રેમ કરીને આત્મરામજી તેડયાં
ધર્મધારી. ભોજન ભવન આપી,
વિદ્યા ભણાવી લેતા અંતરની આશિષ
હમારી. કરજોડીને કહે નાનજી
કીર્તિનાં કર્મ જોઈ ભારી. હમારી
રહેજો રાજદંપતી વેલ વધજો
પ્રતાપીની ભારી.

સદ્. નાનજીભાઈ દે. મકવાણા

કુરમ્ કુરમ્ કુરમ્ કરમ્....

મજેદાર લિજ્જતદાર સાત સ્વાદમાં લિજ્જત...

લિજ્જત પાપડ

કરકરાં ને લસલસતાં સાત સાત સ્વાદિષ્ટ પ્રકારનાં

અડદ, અડદ સ્પેશિયલ, મગ, મગ સ્પેશિયલ,
પંજાબી સ્પેશિયલ, લસણ, મરચાં.

SYMBOL OF WOMAN'S STRENGTH

શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડ

ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન દ્વારા માન્ય

ક્રિકેટ ક્ષેત્રે ફતેસિંહરાવનું પ્રદાન

ઉમેશ જોબનપુત્રા



વીસમી સદીના ત્રીજા દાયકામાં ક્રિકેટની રમત ગુજરાત અને તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્રની શાળા, મહાશાળા અને કલબ, જીમખાનામાં ખૂબ પ્રચલિત હતી. આ રમત ત્યાં જ રમાતી હતી. બાળપણથી રમતગમત માં ઉમદા રસ ધરાવતા કે. પ્રતાપસિંહરાવ ગાયકવાડે ક્રિકેટની રમતને વધુ પ્રોત્સાહિત કરવા તેમજ પ્રચલિત કરવા ૧૯૩૯ના એપ્રિલ માસની ૧૬મી તારીખે "સેન્ટ્રલ બોર્ડ ઑફ ક્રિકેટ, બરોડા" ની રચના કરી હતી. જેના પ્રથમ પ્રમુખ તરીકે કર્નલ કુમાર શિવરાજ સિંહની વરણી કરવામાં આવેલી. જ્યારે માનદમંત્રી પદે પ્રો. એસ. વી. શેવડે અને હરકાની દેસાઈની નિમણુંક કરવામાં આવી હતી.

વડોદરાના ક્રિકેટને જીવંત બનાવવામાં સરદાર ડબલ્યુ એમ. (દાદા સાહેબ) ધોરપડે નો ફાળો ઘણો જ મહત્વનો છે. દાદા સાહેબ ધોરપડે ટેનિસ અને ક્રિકેટના કુશળ ખેલાડી હતા. અને પુના એગ્રીકલ્ચર કોલેજમાં અભ્યાસ પૂરો કરીને વડોદરા આવ્યા હતા. વડોદરાના ક્રિકેટ જગતમાં અંગત રસ દાખવીને તેમણે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

દર્શકોની દૃષ્ટિએ એવી જ ક્રિકેટ મેચો મહત્વની હોય છે કે જેનું પરિણામ આવતું હોય અને તેના માટે વિકેટ ઉપર તરખાટ મચાવા માટેનો મહત્વનો ફાળો ગ્રાઉન્ડસ મેનનો હોય છે. વડોદરા ના મોતીબાગ મેદાન ઉપર કે જ્યાં અત્યાર સુધી અનેક મેચો રમાઈ છે. અને પ્રથમ કક્ષાની રમાઈ છે આ મોતીબાગ મેદાનની જાળવણી શરૂઆતમાં સ્વ. યાકુબ શેખ કરતાં હતા. પરંતુ જ્યારે ૧૯૬૦ માં પાકિસ્તાનની ટીમ વડોદરા આવી તે વખતે અચાનક તેમના ઉપર પક્ષાઘાતનો હુમલો થતાં મોતીબાગ મેદાનની જાળવણી સ્વ. ફતેસિંહરાવ ગાયકવાડે ગુલાબરાવ થોરાતને સોંપી હતી.

કે. પ્રતાપસિંહરાવ ગાયકવાડ બાદ તેમના પુત્ર કે. ફતેસિંહરાવ ગાયકવાડે પણ વડોદરાના તેમજ દેશના ક્રિકેટ જગતમાં ખૂબ મોટો ફાળો આપ્યો છે. તેમણે વડોદરા ના નવોદિત ખેલાડીઓને રણજી મેચો તેમજ ટેસ્ટ મેચોમાં રમાડવામાં અંગત રસ લીધો છે તેઓ સારા ક્રિકેટર ઉપરાંત સારા એડમીનિસ્ટ્રેટર પણ હતા. જ્યારે તેમની ઉમર ફક્ત ૨૯ વર્ષની હતી. ત્યારે તેઓ વિદેશના પ્રવાસે ગયેલા ભારતીય ટીમના મેનેજર તરીકે ગયા હતા. તેમજ આ સિધ્ધિ ઓછી હોય તેમ તેઓએ ફકંત ૩૩ વર્ષની ઉમરમાં ભારતીય ક્રિકેટ બોર્ડના પ્રમુખ તરીકે પોતાની બેનમૂન અને સેવાઓ આપી હતી.

પાકિસ્તાનના પ્રવાસે જતી ભારતીય ટીમની સાથે મેનેજર તરીકે તેઓને અવશ્ય લઈ જવામાં આવતા હતા. અને પાકિસ્તાનના ખેલાડીઓ સાથે પણ તેમને એટલું જ ફાવતું હતું.

તેમણે મોતીબાગ ગ્રાઉન્ડ નો વિકાસ કરવા તેમજ આ ગ્રાઉન્ડ ઉપર દુનિયાની દરેક ટીમને રમવા માટે બોલાવતા હતા. વડોદરાની નગરીના મહારાજાના નાતે તેઓ વડોદરાની પ્રજા મેચ નજરે નિહાળી શકે તેમાટે વિદેશી ટીમના પ્રવાસમાં વન-ડે મેચ અથવા તો ત્રણ દિવસીય મેચનું આયોજન વડોદરા માટે ગોઠવતા હતા.

તેઓને જેટલો પ્રેમ ક્રિકેટની રમત ને જોવાનો હતો તેના કરતાં અનેક ગણો વધુ રસ રમવામાં તેઓ લેતા હતા. તેઓ ૧૯૪૬-૪૭ થી ૧૯૫૭-૫૮ સુધીમાં વડોદરા તરફથી ૧૯ રણજી ટ્રોફી રમ્યા હતા. જેમાં સૌથી વધુ રન ૯૯ અણનમ રહી નોંધાવ્યા હતા. તેમજ કુલ ૬૨૪ રન કર્યા હતાં તેમા ત્રણ અર્ધી સદી પણ ફટકારી છે. રણજી ટ્રોફીમાં ૫ મેચોમાં તેમણે સુકાનીપદ સંભાળ્યું હતું. જેમાં બે મેચોમાં વિજય મેળવ્યો હતો. અને ત્રણ મેચો ડ્રોમા પરિણામી હતો.

૧૯૫૦-૫૧ તેમજ ૧૯૫૩-૫૪માં ભારતના પ્રવાસે આવેલ કોમનવેલ્થ ટીમો સામે વડોદરાની ટીમમાંથી રમ્યા હતાં. ફ્રેન્ક વોરલ, એડ્રીચ, રોય, માર્શલ, સોની રામાધીન અને રમણ સુબારાવ જેવા ધરખમ ખેલાડીઓની બનેલી ટીમ સામે તેમણે ૩૩ અને અણમન ૬૩ રન ફટકાર્યા હતા. ૧૯૬૪માં તેઓ છેલ્લી ક્રિકેટ મેચ રણજીન ફર્નાન્ડોની સિલોનની ટીમ સામે રમ્યા હતા. અલબત તે છેલ્લી મેચમાં તે ઓ શૂન્ય રનમાં આઉટ થયા હતા. પરંતુ બોલીંગમાં તેમણે પરાક્રમ બતાવી ૭ ઓવર માં ૧૬ રન આપીને બે વિકેટો ઝડપી પાડી હતી.

વડોદરાના ક્રિકેટમાં તેમની સાથે બીજા કેટલાક ખેલાડીઓનો પણ સારો એવો ફાળો છે. 'સેન્ટ્રલ બોર્ડ ઑફ ક્રિકેટ ની સ્થાપના કરી હોવા છતાં તેને સંલગ્નતા મળી ન હતી. ત્યારે વડોદરાના ખેલાડી પ્રો. એસ.એસ. જોષી, પ્રિન્સ ખંડેરાવ ગાયકવાડ, યાકુબશેખ અને હરકાની દેસાઈ ગુજરાત તરફથી રણજી ટ્રોફી રમ્યા હતા.

ફરી વખત ૧૯૩૬ માં ગુજરાત તરફથી વડોદરાના સાત ખેલાડી રમ્યા હતા. અને તેમાં સુંદર દેખાવ કર્યા હતો. તેથી ક્રિકેટ બોર્ડ વડોદરા ક્રિકેટની પ્રગતિની કદર કરીને તેમને સંલગ્નતા આપવાનું નક્કી કર્યું. હતું.

સને ૧૯૩૭માં " બરોડા સ્ટેટ ક્રિકેટ એસોસિએશન " ની સત્તાવાર રીતે સ્થાપના કરવામાં આવી હતી. જોકે થોડા સમય બાદ રજવાડા ચાલ્યા જતાં તેમાંથી 'સ્ટેટ" શબ્દ કાઢી નાખવામાં આવ્યો હતો. અને તેનું નામ "બરોડા ક્રિકેટ એસોશિએશન" રાખવામાં આવ્યું હતું જે નામ આજે પણ ચાલે જ છે.

વડોદરાના ક્રિકેટરો પ્રો. એસ. વી. શેરડે, હેમ. અધિકારી, ડબ્લ્યુ એન. ધોરપડે, નારાયણ કરમરકર (મામા) રાવ સાહેબ નિમ્બાલકર, એમ. એચ. નાયડું, વિજય હજારે. દત્તાજીરાવ ગાયકવાડ. યાકુબ શેખ, ચંદુ બોરડે. જયોતીન્દ્ર ધોરપડે, સંગ્રામસિંહ ગાયકવાડ. જી. કિસનચંદ, રોસીલ વિલિયમ્સ અંશુમાન ગાયકવાડ, નારાયણ સાઠમ, કિરણ મોરે, દશરથ પરદેશી, રસીદ પટેલ, જેવા સારા ખેલાડી ઓ આપ્યા છે.

આજવા સરોવર

મોહનભાઈ પટેલ

આજથી બરોબર ૧૦૫ વર્ષ પહેલાં આજે જેને આપણે આજવા સરોવર અથવા સયાજી સરોવરને નામે ઓળખીએ છીએ એનો ઈતિહાસ મળી આવે છે. ૧૮૮૫ માં સૂર્યા નામે નાનકડી નદી હતી. એની આસપાસ આજવા, બાલાપુર, વાંટા, જાંબવાંઈ, રામપુર, કરમસીમા વગેરે ગામો વસેલાં હતા. ત્યાં ઉકાર નદીપણ સૂર્યા નદીને આજવા પાસે મળતી હતી. આ નદી પાણીગેટથી ૧૩ માઈલ દૂર હતી.

મહારાજા સયાજીરાવ ત્રીજાએ વડોદરા શહેરને પાણી પૂરું પાડવા ખૂબ ચર્ચાઓ કરી. મુંબઈ સરકાર પાસેથી પ્રોજેકટો માટે અનુભવી માણસોની માગણી કરી જુદા જુદા રિપોર્ટો એકત્ર કર્યા.

મહારાજાએ ૧૮૮૫ માં એક અલગ હંગામી વિભાગ ગેરવી વર્ક માટે શરૂ કર્યો અને રાજયમાં આવેલાં તમામ સરોવરોનું રિપેરિંગ કરાવ્યું.

ત્યારબાદ સૂર્યા નદી આડે ડેમ બાંધવાનો નિર્ણય લેવાયો. તળાવમાં ડૂબતા તમામ ગામોને સ્થળાંતર કરવા તેઓની જમીનોનું વળતર ચૂકવવા તેમજ પુનઃ વસવાટ માટે સૌ પ્રથમ હજુર હુકમ બહાર પાડેલ અને જે ગામો ડૂબમાં આવતાં હોય તેનો વિગતવાર રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપેલ. જેઓને નવી જમીન ન્હોતી જોઈતી એમને ૨૦ વર્ષની ઉપજનું વળતર આપવાનું નકકી કર્યું.

આજવા સરોવરની પશ્ચિમ તરફ આવેલ ડેમની લંબાઈ ૩.૫ માઈલ છે. અને ડેમની ઉપરની પહોળાઈ ૧૫ ફૂટ છે. પૂરેપૂરું સપ્લાય માટેનું લેવલ ચાર-૨૧૧ ફૂટ છે. સૌથી વધારે પાણીની ઉંડાઈ ૨૩ ફૂટ થાય. પરંતુ તળાવની સરેરાશ ઉંડાઈ ૧૧ ફૂટ થાય છે. અને પાણી ૫.૫ ચોરસ માઈલમાં પથરાય છે. આ તળાવમાંથી ૩૦ ઈંચ વ્યાસવાળી પાઈપની મુખ્ય નળીકા મારફતે નિમેટા જે આજવા તળાવથી પાંચ માઈલ દૂર છે. ત્યાં લાવવામાં આવે છે. જ્યાં બે સેટલીંક ટેંક જેનો દરેકનો વિસ્તાર ૪૦૦ ફૂટ x ૪૦૦ ફૂટ x ૧૦ ફૂટમાં લાવવામાં આવે છે.

આ તળાવ બનાવતા પહેલાં આગળનાં વીસ વર્ષના વરસાદના આંકડા ધ્યાનમાં લેવામાં આવ્યા હતાં. સામાન્ય રીતે સરેરાશ ૩૦ ઈંચ વરસાદ ગણતરીમાં લીધેલ.

આ યોજના પાછળ કુલ ૩૧ લાખ રૂપિયા ખર્ચ એ વખતે થયો હતો અને એમાંથી થતી આવક એ વખતે બરોડા સુધરાઈમાં જમા થતી હતી જે સરેરાશ રૂ.૧ લાખ ૨૫ હજારની હતી

સૂર્યા તળાવનું ખાત મુહૂર્ત ૮-૧-૧૮૮૫માં થયું અને ૧૮૯૦ માં કામ પુરૂં થતાં વડોદરા શહેરમાં પાણીનો પૂરવઠો શરૂ થયો. તા. ૨૩-૯-૧૯૯૨ ના દિવસે ઔપચારિક ઉદઘાટન કરી પાણી શહેરમાં લવાયું. ૧૯૦૮માં આજવા ખાતે પોલીસ થાણું અને પોલીસ લાઈનની આઠ રૂમો તૈયાર કરવામાં આવી. ૧૯૪૦ માં નિમેટા - પાણીગેટ સુધીની ૩૦ ઈંચની ચેઈન પાઈપ લાઈન નાખવાનું કામ પૂરૂં થયું કલ ખર્ચ રૂ.૮,૪૬,૩૪૫ થયો આ ખર્ચ સુધરાઈ અને સરકારે સરખા ભાગે ભોગવેલ હતો તા. ૧-૫-૪૯ ના રોજ વડોદરા રાજયનું મુંબઈ રાજયમાં વિલીનીકરણ થતાં આજવા અને આસપાસની જમીન અને મિલકતો બરોડા સુધરાઈને સોંપાઈ. ૧૯૬૬ માં બરોડા સુધરાઈનું મ્યુનિસિપાલિટી કોર્પોરેશનમાં રૂપાંતર થયું. ૧૯૮૦ માં ૨૨ એકરમાં સરોવર ઉદ્યાન તૈયાર કરવામાં આવ્યો જેનું ઉદઘાટન ૧૨-૧૦-૮૦ ના રોજ થયું. ૧૯૮૨-૮૩માં વૃન્દાવન બાગનો પ્રથમ નબકકો પૂર્ણ થયો અને ૧૯૮૪માં બીજે તબકકે પૂર્ણ થયો. ૧૯૮૫માં આજવા ખાતે ગાર્ડન ઑફિસ તૈયાર કરવામાં આવી અને એજ વર્ષ વૃંદાવન બાગનો ત્રીજો તબકકો પણ પૂરો થયો.

આમ આજવા આજે એક રમણીય સ્થળ બન્યું છે પ્રવાસધામ તરીકે વિકસાવવાની યોજનાઓ કાર્યરત છે.

